જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી ૨૩

૧૫
માનવવિદ્યા શાખા

# વિચાર દર્શન-૨

## [વિશ્વ તત્ત્વચિંતન-રૂપરેખા-૧]



SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR
शीलवृत्तफलं श्रुतम्

સંયોજક : પ્રો. કે. એન. શાહ

મુખ્ય સંપાદક : ભોગીભાઈ ગાંધી

## તંત્રીમંડળ

શ્રી કે. એન. શાહ • શ્રી આર. એમ. પટેલ • શ્રી આર. ડી. પટેલ • શ્રી રમેશ સુમંત મહેતા • શ્રી ઈશ્વરભાઈ પટેલ • શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ • શ્રી ઉમાશંકર જોષી • શ્રી એચ. એમ. પટેલ • શ્રી વી. એચ. ભણોત • શ્રી યશવંત શુક્લ • શ્રી નીરુભાઈ દેસાઈ • શ્રી વિજયગુપ્ત મૌર્ય • શ્રી પી. સી. વૈદ્ય • શ્રી ભોગીલાલ સાંડેસરા • શ્રી અંબુભાઈ પટેલ • શ્રી જે. જી. ચૌહાણ • શ્રી દિલાવરસિંહ જાડેજા • શ્રી જશવંત એમ. પટેલ (શેખડીવાળા)

## પરામર્શકો

• શ્રી રામપ્રસાદ બક્ષી • શ્રી અનંતરાય રાવળ • શ્રી ચંદ્રવદન મહેતા • શ્રી હંસાબહેન મહેતા • શ્રી ઉમાશંકર જોષી • શ્રી શાંતિલાલ મહેતા • શ્રી ડી. ટી. લાકડાવાલા • શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી • શ્રી એમ. એલ. દાંતવાળા

૨૩
જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી

# વિચાર દર્શન : ૨

[વિશ્વ તત્ત્વચિંતન-રૂપરેખા-૧]

અરુણોદય જાની : એસ્તરબેન સોલોમન
રણછોડભાઈ પટેલ : દિનેશ શુક્લ

સરદાર પટેલ યુનિવર્સિટી—વલ્લભવિદ્યાનગર

**અરુણોદય જાની** : નિવૃત્ત નિયામક : પ્રાચ્યવિદ્યા મંદિર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરા

**એસ્તરબેન સોલોમન** : અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ, ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ

**રણછોડભાઈ પટેલ** : તત્ત્વચિંતન ક્ષેત્રના વિદ્વાન 'બોધિ'ખ્યાત-વડોદરા

**દિનેશ મૂ. શુક્લ** : વ્યાખ્યાતા : રાજ્યશાસ્ત્ર, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ

**યોજના દાન : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ**

**શ્રી રામચંદ્ર રણછોડલાલ ગાંધી તથા શ્રી લક્ષ્મણદાસ રણછોડલાલ ગાંધી**
(વાડીલાલ આઇસ્ક્રીમવાળા) **ના શ્રેયાર્થે**

**અનુદાન** : કેન્દ્ર સરકાર શિક્ષા મંત્રાલય, દિલ્હી; ગુજરાત સરકાર, ગાંધીનગર

**પ્રકાશન** : જાન્યુઆરી, ૧૯૮૪

**પહેલી આવૃત્તિ** : પ્રત : ૨૯૦૦

**કિંમત** : રૂ. ૪૦.૦૦ (Rs. 40.00)

**પ્રકાશક** : રતિલાલ સી. ઠક્કર, કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ૩૮૮ ૧૨૦ (INDIA)

**મુદ્રક** : યુનિવર્સિટી પ્રેસ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ૩૮૮ ૧૨૦

# નિવેદન

સ્વરાજ આવ્યા પછી આપણા દેશમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણને કારણે જ્ઞાનવિસ્તારની નવી તકો ઊભી થઈ છે. ટૅક્નૉલૉજીના ક્ષેત્રે પણ આપણે મોટી ફાળ ભરી રહ્યા છીએ. આમ છતાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા સામાન્ય વિદ્યાર્થીનું જ્ઞાનસંસ્કારનું ભાથું અનેક કારણોસર પર્યાપ્ત નથી અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીનો જ્ઞાનવ્યાપ વામણો ભાસે છે.

વળી સ્વાધીન લોકશાહી સમાજના સર્વાંગી વિકાસ દરમિયાન સર્વસાધારણ શિક્ષિત પ્રજાજનને પડકારતી અપરંપાર જટિલ સમસ્યાઓ ઉપસ્થિત થતી રહે એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે બૌદ્ધિક તાલીમનું ભાથું અપર્યાપ્ત રહી જતાં સુસજ્જ નાગરિક તરીકેની તેની અધૂરપ વૈયક્તિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ અસરકારક પૂર્તિ માગી લે છે.

સરદાર પટેલ યુનિવર્સિટીએ પોતાની મર્યાદામાં રહીને યથાશક્તિ આ ઊણપની પૂર્તિ કરવાના ઉદ્દેશથી એક અદનો સન્નિષ્ઠ પ્રયાસ આદર્યો છે અને 'જ્ઞાનગંગોત્રી' દ્વારા માનવવિદ્યા શાખાના ૨૦ અને વિજ્ઞાનવિદ્યા શાખાના ૧૦ એમ કુલ ૩૦ ગ્રંથોની શ્રેણીની યોજનાથી પ્રારંભ કર્યો છે.

આ ગ્રંથશ્રેણી કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોને લક્ષમાં રાખી તૈયાર કરવાનું નિર્ધાર્યું છે. આ શ્રેણી પાછળની નેમ એ છે કે (૧) અભ્યાસવાંછુઓ આ ગ્રંથો થોડાક પરિશ્રમે છતાં રસપૂર્વક વાંચે, એમની જ્ઞાનપિપાસા પ્રદીપ્ત બને; (૨) આ વાચનને અંતે બહુવિધ વિકાસના મુખ્ય તબક્કા વાચકના ચિત્તપટ સમક્ષ ઊપસી આવે; (૩) વાચકો માહિતી અને વિગતોની અનેકવિધતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિની ચાવી હસ્તગત કરે; અને (૪) અભ્યાસીઓના ચિત્તમાં મૂળભૂત સત્ય અને મૂલ્યોની શ્રદ્ધાનાં બીજ રોપાય.

આ દૃષ્ટિએ ઇતિહાસ, ચિંતન, સાહિત્ય, લલિતકલા અને વિજ્ઞાન જેવાં વિવિધ ક્ષેત્રોનાં વિભિન્ન પ્રકારનાં આલેખન પાછળ કેટલીક આધારશિલાઓ સ્વીકારીને અમે ચાલ્યા છીએ, જેવી કે—

૧. માનવ-વિકાસ પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે; પરંતુ અંતે તો પરિસ્થિતિના પરિવર્તનમાં માનવીય ચેતના પ્રમુખ ભાગ ભજવે છે; અને વૈયક્તિક માનવના વ્યક્તિત્વના શક્ય-પૂર્ણ વિકાસના પાયા ઉપર જ સામાજિક-સામુદાયિક વિકાસની ઇમારત રચાવી જોઈએ.

૨. વિજ્ઞાનનું રહસ્ય સતત પરિવર્તનશીલતામાં રહેલું છે અને તેની ચાવી અખંડ સંશોધનવૃત્તિમાં છે. વિજ્ઞાનની વિલક્ષણતા હકીકતોના ભંડાર સંચિત કરવામાં નથી પરંતુ બાહ્ય વિશૃંખલતાઓની અંતર્નિહિત સંવાદિતા શોધી કાઢવામાં છે.

૩. સંશોધનની આ પ્રક્રિયામાં માનવીની ચેતના અને કલ્પનાશક્તિનું યોગદાન અસાધારણ છે; અને આ વૈજ્ઞાનિક સત્ય મુક્ત માનવનિર્ણયનું જ પરિણામ છે.

૪. અંતિમ વિશ્લેષણમાં વિજ્ઞાન પણ બીજાં માનવીય ક્ષેત્રોની જેમ મૂલ્યોના નિર્ણય વિના કેવળ યાંત્રિક પ્રવૃત્તિરૂપે ટકી શકે નહીં. આ સંદર્ભમાં વિજ્ઞાનો અને માનવવિદ્યાઓ વચ્ચેના જ્ઞાનસીમાડા એકરૂપ બનતા વરતાય છે.

૫. જીવનની સમગ્રતા સાથે આદિયુગથી સમરસ બનેલી સર્જન પ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ અભિમુખતા અને આત્મીયતા કેળવવી ઘટે. આપણો વિદ્યાર્થી અને નાગરિક સૌંદર્ય નીરખતો થાય, ઓળખતો થાય અને આસ્વાદતો થાય, એટલે કે પરમાનંદી ઘૂંટ પીતો થાય, એ પ્રકારે ચૈતસિક સર્જનશક્તિનું રહસ્ય છતું કરવું જોઈએ.

૬. અંતે તો, જ્ઞાન એ કેવળ માહિતી નથી; વિજ્ઞાન એ કેવળ ભૌતિક-પ્રાકૃતિક હકીકતોનું સંકલન કે પૃથક્કરણ નથી; અનુભૂતિ કેવળ ઘટનાઓનો બાહ્ય સ્પર્શ નથી. જ્ઞાનાનુભૂતિ આ ઉપરાંત ઘણું વિશેષ છે. આ રહસ્ય અવગત કરાવવાનું આ ગ્રંથશ્રેણીનું લક્ષ્ય છે.

આ સિદ્ધ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર છે એવી સભાનતા અમે હંમેશ અનુભવીએ છીએ. એક બાજુ, યુવકો ને નાગરિકોની કક્ષા—તેમની અભિરુચિ, વાચનશક્તિ અને સમજશક્તિ—ની મર્યાદાઓ છે; તો બીજી બાજુ, ઇતિહાસવિકાસ અને ઘટનાવિકાસ, વિચારવિકાસ અને મૂલ્યવિકાસની ઝાંખી કરાવવાનું કાર્ય કઠિન છે. ગંભીર અને કઠણ ગણાતા વિષયોને ગંભીરપણે છતાં આસ્વાદ્ય બનાવીને રજૂ કરવાનું કાર્ય લેખકો માટે કસોટીરૂપ છે. સંપાદકોની મર્યાદાઓય હોવાની. આ પ્રયાસ મહત્ત્વાકાંક્ષી અને દુરારાધ્ય લેખાય તેવો હોવા છતાં અતિમહત્ત્વાકાંક્ષી કે અસાધ્ય નથી; અને ગંગાવતરણ કરવાનો નહીં તોય ગંગોદકનું આચમન કરાવવા જેટલો તો યશ મળશે, એવી શ્રદ્ધાએ અમે આ યાત્રા આરંભી છે. વળી પરભાષાના ગ્રંથોનાં ભાષાંતરો વા રૂપાંતરો રજૂ કરવાને બદલે શક્ય એટલો મૌલિક અભ્યાસ અને ચિંતન રજૂ કરવાનો પણ હેતુ છે.

અમારા પ્રયાસમાં સદ્‌ગત પૂજ્ય શ્રી મોટા તેમજ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, ગુજરાત રાજ્ય તથા અન્ય સદ્‌ગૃહસ્થો અને સંસ્થાઓ તરફથી જે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે તે માટે અમે સૌના અંતઃકરણપૂર્વક આભારી છીએ. વાસ્તવમાં એની બીજભૂમિકાનું યથાયોગ્ય શ્રેય પૂ. મોટાને ઘટે છે. હરિઃ ૐ આશ્રમ, નડિયાદ અને રાંદેરના પોતાના ભક્તો ને પ્રશંસકો દ્વારા રૂપિયા એક લાખનું દાન પૂ. મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને આપી 'જ્ઞાનગંગોત્રી'ના આ કાર્યનું પદારોપણ કર્યું હતું અને બીજા એક લાખ રૂપિયાના વિશેષ દાન વડે તેને સુદૃઢ બનાવ્યું હતું. અમારા પ્રયત્નની વાસ્તવિકતાને આથી ભારે શ્રેય અને બળ પ્રાપ્ત થયાં છે. બળ એ અર્થમાં કે યોજનાદાન બેવડાવાથી અમારો ઉત્સાહ દ્વિગુણ થયો છે અને શ્રેય એ અર્થમાં કે ગુજરાતની જનતાએ 'જ્ઞાનગંગોત્રી'ના ભગીરથ કાર્યને નાનીમોટી સખાવતો તેમજ સભ્ય-લવાજમો દ્વારા બિરદાવ્યું છે.

'જ્ઞાનગંગોત્રી'ની યોજનામાં પરામર્શકો તરીકે યા તંત્રવાહકોના રૂપમાં ગુજરાતના શ્રેષ્ઠ ચિંતકો અને વિદ્વાનોના તથા લેખનકાર્યની જવાબદારી સ્વીકારી અમારી યોજનાને મૂર્તસ્વરૂપ આપનાર અભ્યાસી લેખકોના અમને જે સહકાર સાંપડયો છે તે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ અને સાંપડેલી સેવા માટે સૌનો ઋણસ્વીકાર કરીએ છીએ.

અમને નોંધ લેતાં દુઃખ થાય છે કે આ ગ્રંથ-શ્રેણીના પરામર્શકોમાંના સર્વશ્રી રસિકલાલ છો. પરીખ, હરિનારાયણ આચાર્ય તથા બાપાલાલ વૈદ્ય, જેઓ આ શ્રેણીના સ્વાસ્થ્ય દર્શન ગ્રંથના એક લેખક પણ હતા તે, અને તંત્રીમંડળના શ્રી બી. સી. પટેલ—આ ચાર મહાનુભાવોનું અવસાન થતાં અમે તેમની હૂંફ ગુમાવી છે.

છેલ્લે, યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને વહીવટી સેવકોએ દાખવેલા ઉત્સાહપૂર્વકના ટેકા માટે તેમનો તથા યોજનાના પ્રવાહને વહેતો રાખવાની નૈતિક કામગીરી અંગે મુખ્ય સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધીનો આભાર માનું છું.

**પ્રો. કે. એન. શાહ**
કુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

**વલ્લભ વિદ્યાનગર**

# પ્રવેશક

## તત્ત્વચિંતકોની અનન્યતા
## અને તત્ત્વચિંતકોની एकता

જગતના મહાન તત્ત્વચિંતકો વિષે વિચારતી અને લખતી વેળાએ આપણો પ્રયાસ એ દરેક મહાપુરુષની અનન્યતાને બહાર આણવાનો અને તેમના વૈયક્તિક ચિંતનના વાયુમંડળને સ્ફુટ કરવાનો હોવો જોઈએ. સ્થળ અને કાળના જે બિન્દુ પર પગ ટેકવીને તેમણે વિચાર્યું હોય તેમના વિચારોની ગહરાઈનો તાગ મેળવવો એ જેટલો જરૂરી છે તેટલું તેમની દરેકની વૈચારિક સિદ્ધિઓનાં આકલન અથવા તુલના દ્વારા તેમને આ કે તે જૂથમાં જકડી દેવાનું જરૂરી નથી. આ મહાન ચિંતકોને સ્થળ-કાળનાં બંધનોથી મુક્ત, ઇતિહાસથી પર હસ્તીઓ તરીકે જોવા જોઈએ. તેમની વિચારવાની અને વર્તવાની પદ્ધતિનું ઝરણું એવી ગંગોત્રીમાંથી પ્રગટે છે, જે તમામ વિશેષ વસ્તુઓને એકસાથે આવરી લેનારું અને સર્વના કેન્દ્રરૂપ સત્‌તત્ત્વ (Being) છે. સૌને એકસૂત્રમાં બાંધનારું આ જે અંતિમ તત્ત્વ છે, તેની ભાળ પણ આપણને અહીં જ મળે છે; અને મહાન તત્ત્વચિંતકો દ્વારા થતો એનો ઐતિહાસિક આવિષ્કાર હમેશાં અનન્ય અથવા અદ્વિતીય હોય છે.

મહાન તત્ત્વચિંતકોનાં લખાણોમાં આપણને આ મૂળભૂત એકતાનો જે અણસાર મળે છે, તેને પામવા આપણે એક તત્ત્વચિંતકથી બીજા તત્ત્વચિંતક તરફ 'બાઈ બાઈ ચાયણી' કરતા ફરીએ છીએ, પણ તેની વ્યાખ્યા કરવી અત્યંત મુશ્કેલ છે. બધા તત્ત્વચિંતકોની મુલાકાત લઈને આપણે આ પ્રશ્ન પૂછવા પર આવીએ છીએ : શું ખરેખર આ બધા તત્ત્વચિંતકો મૂળભૂત એકતાના સત્તાના સત્યના, કેન્દ્રબિન્દુ પર ભેગા થાય છે ખરા? આવા પ્રશ્નનો કોઈ જવાબ હોઈ શકે નહિ, પણ એ પ્રશ્નમાં જ એવું કશુંક બળ છે, જે આપણને एक ભણી જવા ઉત્તેજિત કરે છે.

મહાન તત્ત્વચિંતકોના સત્સંગથી અને તેમના વિચારોમાં સહભાગી થવાથી ઉચ્ચ પ્રકારના પ્રસાદની અનુભૂતિ થાય છે. પણ આટલું પર્યાપ્ત નથી. માત્ર આટલું કરવાથી આપણી અને મહાન તત્ત્વચિંતકો દ્વારા મુખરિત થતી શક્તિઓ વચ્ચે કોઈ સંવાદ રચાતો નથી. ખરેખર તો તત્ત્વજ્ઞાનનું વાચન ત્યારે જ ફળદાયી બને જ્યારે આપણે એવા સંવાદમાં ઊતરીએ, જેમાં તત્ત્વચિંતકોના ચિંતનમાં જે તદ્દન આવશ્યક છે, તે જાતે પામી શકીએ અને તેનો 'સ્વીકાર' યા 'અસ્વીકાર' ખુદ કરી શકીએ. તત્ત્વ-ચિંતકોના વિચારો સંબંધના નિર્ણયોથી આપણે આ સિદ્ધ કરી શકતા નથી, પણ જે પ્રકારના જીવનનું તેઓ ઉદ્‌ઘાટન કરે છે, તેવું જીવન જીવીને જ આપણે તે સિદ્ધ કરી શકીએ.

*

તત્ત્વચિંતકોનું અર્થઘટન કરવાની કોઈ નિશ્ચિત પદ્ધતિ ન હોઈ શકે. અલબત્ત, આપણે અર્થઘટન કરવામાં કેટલીક સર્વસામાન્ય સંકલ્પનાઓ અને અન્વેષણની સુસંગત પદ્ધતિઓનો ઉપયોગ કરી શકીએ. પણ સર્વસામાન્ય સંકલ્પનાઓથી ન પકડાય એવું કંઈક વિશેષ જે દરેક તત્ત્વચિંતકમાં હોય છે, તેને સમજવા-સમજાવવાનો ઉપક્રમ અર્થઘટને કરવો જોઈએ.

દરેક મહાન તત્ત્વચિંતકના વિચારો સમજવા અને તેમનું અર્થઘટન કરવા સારુ પ્રથમ તો આપણે તેમનો **સારસંક્ષેપ** આપવો જોઈએ, જેથી તેની વિચારણામાં ભાગીદાર થવાનો આરંભ કરી શકીએ.

તત્ત્વચિંતકોના વિચારોનો સારસંક્ષેપ એ કોઈ ટેકનિકલ જાણકારી કે સમજણનો વિષય નથી. તેમના વિચારોની રજૂઆતમાં તત્ત્વચિંતકોની ઉત્તમ દાર્શનિક અંત:સ્ફુરણાઓને બને તેટલી સરળતાથી અને સ્પષ્ટતાથી રજૂ કરવી જોઈએ અને એમ કરવામાં તેમના અર્થ અને જીવંત આવેગો જળવાય એ જોવું જોઈએ. ઉપરાંત, આવા સારસંક્ષેપો તેમના વિચારોની ગહરાઈ તરફ **અંગુલિનિર્દેશ** કરનારા હોવા જોઈએ.

*

તત્ત્વજ્ઞાનનું કોઈ વિશિષ્ટ, નિષ્ણાત જ્ઞાન ન ધરાવનારને પણ સમજાય તે રીતે આ વિચારો રજૂ કરવા જોઈએ. વાચકને પહોંચે એટલી સરળતાથી અને નક્કરતાથી જે વિચારો રજૂ ન થઈ શકે તેવાને રજૂ કરવાનો લોભ ટાળવો જોઈએ. કેટલાક અત્યંત આવશ્યક મુદ્દાઓની સરળ રજૂઆત કરવામાં કેટલીક સૂક્ષ્મતાની અવગણના થાય એમ બને, પણ બાકીના મુદ્દાઓ સમજાયા પછી વાચકમાં એટલો રસ જાગ્રત થવાનો કે તે તત્ત્વચિંતકનાં મૂળ લખાણો તરફ વળ્યા વિના રહેવાનો નહિ.

અલબત્ત, તત્ત્વજ્ઞાનીઓના વિચારોની મહાનતા જોતાં આપણો પ્રયાસ આપણને એટલો નબળો અને અપૂરતો જણાય અને એમ વિચારવા મન લલચાય કે ક્યાં આ બધી પળોજણમાં પડયા? પણ જાણવાનો અને તેથી પામવાનો જે આનંદ છે તે ફરીફરીને એ બાબત પર ભાર મૂકે છે કે આવી પળોજણોમાં પડવાનો પ્રયાસ કરવા જેવો તો છે ખરો.

[કાર્લ યૅસ્પર્સના ગ્રંથ 'ધ ગ્રેટ ફિલૉસૉફર્સ'ની પ્રસ્તાવનામાંથી]

# સંપાદકીય

જ્ઞાનગંગોત્રી શ્રેણીનો આ ૨૩મો ગ્રંથ છે; માનવ વિદ્યાશાખાનો ૧૫મો અને 'વિચાર દર્શન'નો બીજો.

આ ગ્રંથ વિશ્વનાં તત્ત્વચિંતનો (World–Philosophies)ની રૂપરેખા રજૂ કરતા બે ભાગોમાંનો પહેલો ગ્રંથ છે. તેમાં ભારતીય, ચીની અને પશ્ચિમી પ્રાચીન ગ્રીક તત્ત્વચિંતનોનો સમાવેશ કર્યો છે. આ પછીના ૨૪મા ગ્રંથમાં પશ્ચિમી (ખ્રિસ્તીથી માંડી અદ્યતન પ્રશિષ્ટ તથા અસ્તિત્વવાદ સુધીનાં), ઉપરાંત ભારતીય-બૌદ્ધ-તિબેટી તંત્રમાર્ગ, ઝેન અને શ્રી અરવિંદ, શ્રી રમણ મહર્ષિ, શ્રી કૃષ્ણમૂર્તિનાં દર્શનો ઉપરાંત ઇસ્લામ અને જરથુષ્ટ્રનાં તત્ત્વચિંતનોનો સમાવેશ થશે.

વિશ્વની વિવિધ પ્રજાઓની અંતરતમ નિપજણમાં ચિંતનો જેટલાં અપાર છે એટલાં અગાધ છે. મુખ્ય અને આધારસ્તંભ જેવાં– ઉપર જણાવ્યાં તેટલાંય – લક્ષમાં રાખીને, અતિશય સંક્ષેપમાં તેમના આલેખનનો પ્રયાસ 'મહત્ત્વાકાંક્ષી' છે, એ જાણવા છતાં હામ ભીડી. અને બે એક વરસના પરિશ્રમને અંતે માત્ર રૂપરેખાત્મક આલેખન આપવાનો પ્રયાસ ઠીક ઠીક પ્રમાણમાં કરી શકાયો છે, એનું શ્રેય આપણા વિદ્યાવ્યાસંગીઓના સહૃદય ઉમળકાભર્યા સહકારને આભારી છે.

'તત્ત્વચિંતન'નો વિષય જ ગહન અને અમૂર્ત—સર્વસાધારણ શિક્ષિત નાગરિકને ચંચૂપાત કરતાંય ઘણો 'ક્લિષ્ટ' અને 'ગજાબહારનો' લાગે તેવો—છતાં એની જ્ઞાનપિપાસા ખરી જ. બીજી બાજુ વિદ્વાનોની જ્ઞાનસમૃદ્ધિ, લેખન પરિપાટી નિશ્ચિત સ્વરૂપે ઘડાયેલી હોય... આ બન્નેનો મેળ ખવડાવવો રહ્યો. અમારા સદ્‌ભાગ્યે, સન્માન્ય જાની સાહેબ, એસ્તેરબેન, રણછોડભાઈ અને ભાઈ યાજ્ઞિક તથા બક્ષી જેવાએ અમારી નેમ સ્વીકારીને તેને અનુકૂળ થવા માટે ખાસ એવી માનસિક ઉદારતા સાથે જહેમત ઉઠાવી. આમ, ગ્રંથનો પિંડ બંધાયો; અને યુવાપેઢીના પ્રાધ્યાપક મિત્રો— દિનેશભાઈ શુક્લ અને પ્રશાંત દવે જેવાની અભ્યાસનિષ્ઠા લેખામાં લાગતાં એ પુષ્ટ બન્યો. આ લાભ જેવો તેવો નથી. ઉપરાંત આ લાંબા ગાળા દરમ્યાન મનેય આ ક્ષેત્રે થોડુંક ઘૂંટવાનો લહાવો મળ્યો અને જાની સાહેબે તંત્રમાર્ગનું પ્રકરણ તપાસી આપ્યું તે વધારામાં.

આવો બધો સુયોગ લાધ્યો છે, તેમ છતાં વિશ્વતત્ત્વચિંતન જેવા દુઃસાધ્ય વિષયને ન્યાય આપી શકાયો છે કે કેમ તે તો પરીક્ષકો જ કહી શકશે. પરંતુ જે ઊણપો રહી હશે તેમાં વિદ્વાનોની કસર નહિ, પણ આ ગ્રંથશ્રેણીના સંપાદકની સમજ અને ઉમેદ અંગેની મર્યાદાને કારણરૂપ લેખવી રહી. સદ્‌ભાગ્યે, આ ગ્રંથના 'પ્રવેશકની' ગરજ સારે—અમારી નેમ અને મથામણને બોલતી કરે—એવું કાર્લ યેસ્પર્સનું થોડુંક લખાણ 'પ્રવેશક'માં જ પ્રસ્તુત કરી શકાયું છે.

આ ગ્રંથની માવજતમાં મદદગાર બનવા માટે દિનેશભાઈ શુક્લ અને ગિરધરભાઈ તલાટીનો, સુઘડતા અને પ્રૂફશુદ્ધિ અંગેની કાળજી માટે પ્રો. જશવંત શેખડીવાળાનો હું આભારી છું. ભાઈ હર્ષદ દવેએ હસ્તપ્રતથી માંડી, ચિત્રો, સૂચિ, ગોઠવણી સહિતની પ્રકાશનની સમગ્ર પ્રક્રિયામાં, મારા સંપર્કમાં રહીને, મને ખાસી નિરાંત આપી છે. વળી આગળના ગ્રંથની જેમ આ ગ્રંથ પણ સરદાર પટેલ યુનિવર્સિટીના પોતાના પ્રેસની પ્રશસ્ય ઊપજ હોઈ, તેના પ્રકાશન વિભાગ અને પ્રેસના કાર્યકરોની મમતા અને ચીવટની સહર્ષ નોંધ લઉં તો તે અસ્થાને નથી.

વડોદરા　　　　　　　　　　　　　　　　　　　　　　　　ભોગીભાઈ ગાંધી

૧૮–૧૨–૮૩　　　　　　　　　　　　　　　　　　　　　　　　(મુખ્ય સંપાદક)

## અનુક્રમણિકા


**પ્રવેશક : કાર્લ યેસ્પર્સ**

### ખંડ ૧ : ભારતીય તત્ત્વચિંતન-૧ (વૈદિક)

**અરુણોદય જાની**

વૈદિક તત્ત્વચિંતન ૧ : ૧
સાંસ્કૃતિક ચિંતન ૨ : ૨૧
સમગ્ર જીવનદર્શન—ભગવદ્ગીતા ૩ : ૩૫

### ખંડ ૨ : ભારતીય તત્ત્વચિંતન-૨ (ઇતર દર્શનો)

**એસ્તરએન સોલોમન**

લોકાયત દર્શન ૪ : ૪૭
સાંખ્ય દર્શન ૫ : ૫૬
જૈન દર્શન ૬ : ૬૮
બૌદ્ધ દર્શન ૭ : ૭૮

### ખંડ ૩ : ચીનીય તત્ત્વચિંતન

**રણછોડભાઈ પટેલ**

ભૂમિકા ૮ : ૯૫
લાઓ-ત્સે ૯ : ૯૭
કન્ફ્યૂશિયસ ૧૦ : ૧૦૮
મો-સંપ્રદાય ૧૧ : ૧૧૭
ચ્યાંગ-ત્સુ ૧૨ : ૧૧૯
મેન્શિયસ ૧૩ : ૧૨૯
નૈયાયિક અને વૈધાનિક સંપ્રદાયો ૧૪ : ૧૩૪
મધ્યયુગી તત્ત્વચિંતન ૧૫ : ૧૩૭
અર્વાચીન કાલ ૧૬ : ૧૪૦
ચીનીય તત્ત્વમીમાંસાની વિશિષ્ટતાઓ ૧૭ : ૧૪૨

### ખંડ ૪ : પશ્ચિમી તત્ત્વચિંતન (ગ્રીક)

**દિનેશ શુક્લ**

ગ્રીક ચિંતન : સૉક્રેટિસ પૂર્વે ૧૮ : ૧૪૭
સૉક્રેટિસ ૧૯ : ૧૬૫
પ્લેટો ૨૦ : ૧૭૪
ઍરિસ્ટોટલ ૨૧ : ૧૮૮
સૂચિ : ૧


**પૃષ્ઠસંખ્યા : viii+૨૦૨+૪+૪ (ખંડ પ્લેટો)+૪ (ફોલ્ડર પાનાં)=૨૨૨**




સૂર્યદેવતા

# ૧ : ભારતીય તત્ત્વચિંતન - ૧






અગ્નિદેવતા : ઇન્દ્રદેવતા



અગસ્ત્ય ઋષિ
(જાવામાંથી મળેલી મૂર્તિ)



# ૧ : વૈદિક તત્ત્વચિંતન

## (૧) વૈદિક પરંપરા

ભારતીય તત્ત્વચિંતનની ગંગોત્રીનો આરંભ વેદોથી થાય છે. વેદો માત્ર ભારતવર્ષનું જ નહિ પરંતુ સમગ્ર વિશ્વનું પ્રાચીનતમ સાહિત્ય છે. કોઈ વ્યક્તિ કે પુરુષવિશેષ એનો રચયિતા ન હોવાથી આ સાહિત્ય 'અનાદિ' અને 'અપૌરુષેય' ગણાયું છે. સામાજિક, આર્થિક કે અન્ય કોઈ પ્રકારની ઉપાધિઓ વગરના સુખસમૃદ્ધિથી ભરપૂર કાળમાં, પવિત્ર વાતાવરણમાં, પ્રકૃતિની ગોદમાં ઊછરનારા વૈદિક ઋષિઓને ચિંતનની સમાધિ-દશામાં પવિત્ર મંત્રોનાં દર્શન થયાં. આ મંત્રો તેમણે કર્ણોપકર્ણ સાંભળી અનેક પેઢીઓ સુધી જીવંત રાખ્યા. આમ શ્રુતિ (કાન) દ્વારા આ સાહિત્ય સચવાઈ રહ્યું હોવાથી શ્રુતિ તરીકે ઓળખાવા લાગ્યું. જે જે મંત્રનાં દર્શન જે જે ઋષિને થયાં તે તે ઋષિ તે તે મંત્રના દ્રષ્ટા તરીકે ઓળખાવા લાગ્યો. આમ આ સાહિત્ય તેની પ્રાચીનતાને કારણે અને અલૌકિકતાને કારણે પવિત્ર અને આધારભૂત મનાયું. વળી તે પછીના કાળમાં સાહિત્ય, તત્ત્વચિંતન કે અન્ય ક્ષેત્રની જે જે વિચારસરણીઓનો પ્રાદુર્ભાવ થયો તેમનાં બીજ આ વૈદિક સાહિત્યમાં મળતાં હોવાથી વેદ (જ્ઞાન, જ્ઞાનરાશિ) એવું તેનું નામ સાર્થક થયું.

આ બધા મંત્રો એક જ કાળમાં પ્રગટ થયા ન હતા. 'જૂના અને નવા ઋષિઓ' એ રીતનો ઉલ્લેખ એ મંત્રોના પ્રાગટ્યના ભિન્ન ભિન્ન તબક્કાઓનો સૂચક છે. હજારોની સંખ્યામાં પ્રગટ થયેલો આ મંત્રરાશિ જ્યારે એક વ્યક્તિથી યાદ કરી શકાય તેવી સ્થિતિમાં ન રહ્યો ત્યારે તે કાળની એક વિભૂતિએ (અથવા અનેક વિભૂતિઓએ) આ મંત્રોને એમના બાહ્ય અને આંતરિક સ્વરૂપની દૃષ્ટિએ ચાર વિભાગોમાં વિભક્ત કર્યા. ઋક્ નામના છંદોબદ્ધ મંત્રોના વિભાગને 'ઋગ્વેદ'સંહિતા (ઋચાઓનો સંગ્રહ) નામ આપ્યું. ગદ્યાત્મક યજુષ્ નામના મંત્રોના સમૂહને છૂટો પાડી તેને 'યજુર્વેદ'સંહિતા નામ આપ્યું. યજ્ઞયાગાદિક કર્મ વખતે સુસ્વર ગાવાના સામન્ નામના મંત્રોના સમૂહને 'સામવેદ'સંહિતા નામ આપ્યું; અને રોગનિવારણ, ધન, ધાન્ય, સંતતિ વગેરેની પુષ્ટિ કરનારા 'અથર્વન્' શબ્દથી ઓળખાતા ઉપકારક મંત્રો તથા શત્રુનાશ, વશીકરણ, ઉચ્ચાટન (ઉચાટ કરાવવો) જેવા અપકારક 'અંગિરસ્' નામના મંત્રોને જુદા પાડી તેમના સંગ્રહને 'અથર્વાંગિરોવેદ'સંહિતા (ટૂંકાણમાં 'અથર્વવેદ-સંહિતા') એવું નામ આપ્યું અને આ ચાર સંહિતાઓના અધ્યયન-અધ્યાપનની જવાબદારી એ વિભૂતિએ પૈલ, વૈશંપાયન, જૈમિની અને સુમન્તુ નામના પોતાના ચાર શિષ્યોને સોંપી. એ વિભૂતિએ આ રીતે વેદમંત્રોનો વ્યાસ (વિભાગ, વહેંચણી) કર્યો તેથી તેઓ એક વ્યક્તિ સ્વરૂપે **વેદવ્યાસ** કહેવાયા.

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચારેય સંહિતાઓ પૈકી 'ઋગ્વેદસંહિતા' પ્રાચીનતમ મનાય છે. વિદ્વાનોએ બાહ્ય અને આંતર પ્રમાણોની મદદથી વેદનો કાળ નક્કી કરવાના પ્રયત્નો કર્યા છે. પરંતુ તે બધામાં એકમતી નથી. કેટલાક તેનો કાળ ઈ. સ. પૂર્વે ૬૦૦૦ માને છે; તો બીજા વળી તેને ઈ. સ. પૂર્વે ૧૨૦૦ સુધી નીચે ખેંચી લાવવા પ્રયત્ન કરે છે. [આપણે ઋગ્વેદનો રચનાકાળ ઈ. પૂ. ૨૦૦૦નો અને અથર્વવેદનો અંતિમ રચનાકાળ ઈ. પૂ. ૮૦૦નો સ્વીકાર્યો છે. ગ્રંથ ૨૨ (ભારતદર્શન-૧ ઇતિહાસ : આદિયુગ)]

સાહિત્યનો વિચાર કરો કે સંગીતનો, તત્ત્વજ્ઞાનનો વિચાર કરો કે ગણિતનો, સમાજશાસ્ત્રનો વિચાર કરો કે રાજનીતિશાસ્ત્રનો—ભારતીય સમગ્ર વિચારધારાઓના સ્રોતનું મૂળ ઋગ્વેદમાં સાંપડશે. તેથી તમામ વિદ્યાશાખાઓના અભ્યાસીઓને વેદનું શરણ લીધા વગર ચાલતું જ નથી. ભારતીય સાહિત્યમાં તેથી જ વેદોનું સ્થાન સંમાન્ય, અદ્વિતીય અને પ્રમાણભૂત મનાયું છે.

વેદકાળમાં ઋષિઓએ ઇંદ્ર, અગ્નિ, વરુણ, આદિત્ય જેવાં પ્રાકૃતિક તત્ત્વોને દેવ માનીને તેમની સ્તુતિ કરવા માંડી અને તેમને પ્રસન્ન રાખવા અગ્નિ પ્રગટ કરી તે તે દેવને ઉદ્દેશી ઘી જેવા પદાર્થો હોમવાની પદ્ધતિ શરૂ કરી. આ પદ્ધતિ यज्ञ તરીકે ઓળખાવા લાગી અને કાળક્રમે તેના અનુષ્ઠાનમાં વિવિધ વિધિઓનો એટલો બધો ઉમેરો થયો કે તેમાં મતમતાન્તર અને વાદવિવાદો ઊભાં થવા લાગ્યાં. તે અંગે ચર્ચા કરી નિષ્ણાત પુરોહિતો ચોક્કસ નિર્ણય ઉપર આવતા. આવા નિર્ણયોનો સંગ્રહ તે **ब्राह्मणग्रंथो.**

સમય જતાં કર્મકાંડનાં શુષ્ક અને યાંત્રિક અનુષ્ઠાનથી કંટાળેલા કેટલાક બૌદ્ધિકોએ જંગલમાં જઈ યજ્ઞયાગાદિને બદલે તત્ત્વચિંતન રૂપી આંતરયજ્ઞના માર્ગનો આરંભ કર્યો, જેને પરિણામે 'आरण्यक' નામના ઉપાસનાના આરંભિક ગ્રંથો અસ્તિત્વમાં આવ્યા. આ તત્ત્વચિંતન પ્રણાલીમાંથી તેના પરિપાક રૂપે ઉપાસનાનાં આંતરિક રહસ્યોનું પ્રતિપાદન કરનારા उपनिषद् ગ્રંથોનું નિર્માણ થયું. (જ્ઞા. ગં. ગ્રંથ ૧૭, પ્ર. ૧ ઉપનિષદચિંતનનું છે.) ભારતીય તત્ત્વચિંતનના એ જ આધાર ગ્રંથો છે.

આ રીતે, વૈદિક સાહિત્યનો જ્યારે એક બાજુ વિકાસ થઈ રહ્યો હતો ત્યારે બીજી બાજુ વેદમંત્રોનો યજ્ઞયાગાદિકમાં વિનિયોગ અને મંત્રોના ઉચ્ચારણની પદ્ધતિ તથા 'અર્થો કરવાની ભિન્ન ભિન્ન પદ્ધતિઓમાંથી તત્સંબદ્ધ આનુષંગિક સાહિત્યનો વિકાસ થયો. એ સાહિત્ય वेदांग તરીકે ઓળખાયું. તેના છ વિભાગો છે :

**(૧) શિક્ષા (શિક્ષણ) :** આ સાહિત્યમાં મુખ્યત્વે વેદની તે તે શાખા અનુસાર તેના ઉચ્ચારણની પદ્ધતિઓ તેમજ સંસ્કૃતિના મૂળાક્ષર રૂપ ધ્વનિઓ અને તેમની ઉત્પત્તિની ચર્ચા કરવામાં આવી છે.

**(૨) કલ્પ :** આ કર્મકાંડનું સાહિત્ય છે અને તે સૂત્રશૈલીમાં લખાયેલું છે. તેના ચાર પેટાવિભાગો છે: (અ) શ્રૌત સૂત્ર—આમાં મોટા પાયા ઉપર કરવામાં આવતા વૈદિક યાગોનાં વિધિવિધાનની ચર્ચા છે. (આ) ગૃહ્યસૂત્ર—આમાં નાના પાયા પર ઘરમાં કરવામાં આવતા યજ્ઞો તથા સંસ્કારોનાં વિધિવિધાનોનો સમાવેશ છે. (ઇ) ધર્મસૂત્રો—આમાં વર્ણાશ્રમના ધર્મો તથા સમાજમાં ન્યાય અને કાયદાને લગતી બાબતોની ચર્ચા છે. પછીના કાળમાં રચાયેલા સ્મૃતિ તરીકે ઓળખાતા ધર્મશાસ્ત્રના આ આધારભૂત ગ્રંથો છે. (ઈ) શુલ્વસૂત્ર—યજ્ઞની વેદીઓનાં માપ તથા તેમની રચનાને લગતાં વિધિવિધાનોનો આમાં સંગ્રહ છે. ભૂમિતિશાસ્ત્રનો વિકાસ આ ગ્રંથોને આધારે થયો.

**(૩) વ્યાકરણ :** વેદના અંગભૂત વ્યાકરણમાં વૈદિક શબ્દોનો વ્યાકરણની દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે અને તે દ્વારા વેદનો અર્થ કરવાનો પ્રયત્ન થયો છે.

**(૪) નિરુક્ત :** આમાં વૈદિક શબ્દોનું નિર્વચન (પૃથક્કરણ—ખુલાસો) તથા તે દ્વારા અર્થ કરવાના સિદ્ધાંતોની તેમજ વૈદિક દેવતાઓના સ્વરૂપની ચર્ચા છે.

**(૫) છંદ :** વૈદિક સાહિત્યમાં વપરાયેલા છંદોનાં સ્વરૂપ અને બંધારણનો વિચાર આમાં પ્રસ્તુત થયો છે. ઉત્તરકાલીન છંદઃશાસ્ત્રના વિકાસનું મૂળ આ ગ્રંથોમાં છે.

**(૬) જ્યોતિષ :** કર્મકાંડના અનુષ્ઠાન વખતે આકાશી ગ્રહો અને નક્ષત્રોની અમુક ચોક્કસ સ્થિતિ જરૂરી હોવાથી ગ્રહ-નક્ષત્રોની ચાલના અભ્યાસમાંથી આ શાસ્ત્રનો ઉદ્‌ભવ થયો. પશ્ચાત્કાલીન ગણિત-જ્યોતિષ (astronomy) અને ફલિત-જ્યોતિષ(astrology)નો વિકાસ વેદાંગ જ્યોતિષમાંથી થયો છે.

વૈદિક સાહિત્યના નિર્માણનો તબકકો પૂરો થતાં તેના આધારે અન્ય ગ્રંથસાહિત્યના નિર્માણનો બીજો તબક્કો શરૂ થયો. આ સાહિત્ય મૂળભૂત ન હોવાથી, વૈદિક સાહિત્યને આધારે લખાવાના કારણે ગૌણ હોવાથી અને 'શ્રુતિ' તરીકે ઓળખાતા વૈદિક સાહિત્યમાં પ્રતિપાદિત સિદ્ધાંતોને સ્મરણમાં રાખી રચાયું હોવાથી, તેને 'સ્મૃતિ' સંજ્ઞા આપવામાં આવી.

ઉપર જણાવેલાં શ્રુતિગત શ્રૌતસૂત્રો, ગૃહ્યસૂત્રો અને ધર્મસૂત્રોના આધારે મનુ જેવા સમાજશાસ્ત્રીએ મનુસ્મૃતિ નામનો શ્લોકબદ્ધ ગ્રંથ રચ્યો (ઈ. પૂ. ૨જી સદીથી ઈ. સ. ની ૨જી સદી), જે 'ધર્મશાસ્ત્ર' તરીકે વિખ્યાત છે. ત્યાર બાદ, વિકાસશીલ સમાજની તત્કાલીન અપેક્ષાઓને લક્ષમાં રાખી નવી નવી સ્મૃતિઓની રચના થઈ. તે પૈકી યાજ્ઞવલ્કય સ્મૃતિ (ઈ. સ. ની પ્રથમ/દ્વિતીય સદી) આજ સુધી પ્રમાણભૂત મનાઈ છે.

## રામાયણ – મહાભારત

ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ જેવાં આ બે રાષ્ટ્રીય મહાકાવ્યોનો પણ ભારતીય તત્ત્વચિંતનમાં અને ભારતીય જીવનઘડતરમાં મહત્ત્વનો ફાળો છે.

રતિક્રીડામાં રત ક્રૌંચ યુગલ પૈકી એકનું વ્યાધના બાણ વડે મરણ થતાં અન્યનો તરફડાટ જોઈ દ્રવી ઊઠેલા મુનિ વાલ્મીકિનો શોક 'मा निषाद प्रतिष्ठां त्वम्' ઇત્યાદિ શ્લોક રૂપે પ્રગટ થાય છે. વૈદિક સાહિત્યમાં પ્રયુક્ત અનુષ્ટુભ છંદનું વૈદિકેતર લૌકિક સાહિત્યમાં પ્રથમ વાર અવતરણ થવાથી બ્રહ્મા વાલ્મીકિને 'આદિ કવિ'નું બિરુદ આપી શ્રી રામચંદ્ર(ઈ. પૂ. ૧૫૦૦ આસપાસ)નું ચરિત્ર રચવાની આજ્ઞા કરે છે. આ રીતે ૨૪૦૦૦ શ્લોકવાળા રામાયણની ઉત્પત્તિ થઈ. પિતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-ભાઈ, સેવ્ય-સેવક, રાજા-પ્રજા ઇત્યાદિ કૌટુંબિક, સામાજિક અને રાજકીય ઉચ્ચ આદર્શોની પ્રતિષ્ઠા કરી હજારો વર્ષોથી ભારતીય સમાજમાં તેમને જીવંત રાખનારો આ ગ્રંથ માત્ર ઇતિહાસ કે કાવ્ય તરીકે નહિ પરંતુ મૂલ્યપ્રતિષ્ઠાની દૃષ્ટિએ પણ એટલો જ અગત્યનો છે. વિદ્વાનો આ ગ્રંથના અંતિમ રચના-કાળ તરીકે ઈ. પૂ. ૪ થી સદીથી ઈ. સ. ૩જી સદી સુધીના ગાળાને ગણાવે છે. (વડોદરાની ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટે એની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરી છે.)

ભારતવર્ષના ઉત્તર પ્રદેશમાં કુરુ અને પાંડુ નામનાં રાજકુળોના વંશજો વચ્ચે થયેલ યુદ્ધ(ઈ. પૂ. ૧૩૦૦ની આસપાસ)ની કથાને પ્રસ્તુત કરતો મહાભારત ગ્રંથ ઇતિહાસ ઉપરાંત તત્ત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર જેવી અનેક બાબતોનો 'સર્વસંગ્રહ' (encyclopaedia) હોવાથી અત્યંત મહત્ત્વનો ગ્રંથ છે. મૂળમાં પરસ્પર યુદ્ધ કરતા બે પક્ષો પૈકી વિજેતા પક્ષના જયનો ઇતિહાસ પ્રસ્તુત કરતું આ ઐતિહાસિક કાવ્ય 'જય' એ નામથી ઓળખાયું. એના મૂળ રચયિતા વ્યાસ મનાયા છે. પરંતુ રાષ્ટ્રવ્યાપી આ કાવ્યમાં ભિન્ન ભિન્ન તબક્કે ભિન્ન ભિન્ન પ્રદેશોમાં તત્ત્વજ્ઞાન, નીતિ, ધર્મશાસ્ત્ર વગેરેને લગતી બાબતોનો ઉમેરો થતો ગયો. આવા ભાર(ઉમેરા)ને કારણે તેનું 'ભારત' એ રીતે નામપરિવર્તન થયું. વળી આગળ જતાં એમાં વધુ ઉમેરો થયો. એક લાખ શ્લોકસંખ્યાનો ભાર થવાથી તે 'મહાભારત' તરીકે ઓળખાયું. આ રીતે હાલનું મહાભારત ત્રણ તબક્કે વિકસી પૂર્ણ સ્વરૂપને પામ્યું. તેના વિકાસનો ગાળો ઈ. પૂ. ૪ સદીથી ઈ. સ. ૨જી સદી સુધીનાં વર્ષોનો માનવામાં આવે છે. (પૂનાની ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે એની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરી છે.)

ભારતીય સંસ્કૃતિનાં મૂળભૂત તત્ત્વોનું સંક્ષેપમાં વિશદ વિવેચન કરનારો, ઉપાસનાના જ્ઞાન, ભક્તિ અને કર્મના ત્રણે માર્ગોના સમન્વયને સાધનારો અને ભારતીય જીવનને વર્ષોથી આધ્યાત્મિક માર્ગદર્શન કરાવનારો તત્ત્વજ્ઞાનનો ભગવદ્ગીતા નામનો અદ્વિતીય ગ્રંથ આ મહાભારતનો જ ભાગ છે એ હકીકત નોંધપાત્ર છે.

## પુરાણો અને તંત્રો

ભારતીય ધર્મ અને તત્ત્વચિંતનના મુખ્ય ત્રણ તબક્કાઓ છે. વૈદિક કાળમાં વિકસેલો ધર્મ તે 'શ્રૌત' ધર્મ, ત્યાર પછીના સ્મૃતિકાળમાં વિકસેલો ધર્મ તે 'સ્માર્ત' ધર્મ અને તે પછી પુરાણોના કાળમાં વિકસેલો ધર્મ પુરાણોક્ત યા 'પૌરાણ' ધર્મ તરીકે ઓળખાય છે.

પુરાણોના વિકાસનું બીજ પણ વૈદિક સાહિત્ય જ છે. ખાસ કરીને બ્રાહ્મણગ્રંથોમાં કેટલાંક આખ્યાનો પ્રસંગોપાત્ત ગૂંથી લેવામાં આવ્યાં છે. આ પ્રકારનાં અનેક આખ્યાનો ઉપરાંત રાજાઓની વંશાવલીઓ અને રાજાઓનાં ચરિત્રો જેવી ઐતિહાસિક સામગ્રી લોકોમાં પ્રચલિત હતી. સૂત નામના લોકો (હાલના ભાટ-ચારણોની માફક) આ સાહિત્ય કંઠસ્થ રાખી લોકોનું મનોરંજન કરતા. આ પ્રકારનાં જનસમાજમાં પ્રચલિત દેવ-દેવીઓનાં આખ્યાનો, રાજાઓની કથાઓ, વંશાવલીઓ ઇત્યાદિ સામગ્રીના આધારે પુરાણોની રચના થઈ. તેમાં મુખ્યત્વે (૧) સૃષ્ટિની ઉત્પત્તિ, (૨) લય, (૩) ઉત્પત્તિ અને લયનાં બે બિન્દુઓની વચમાં રહેલા સ્થિતિકાળમાં શાસન કરતા ચૌદ મનુઓના મન્વન્તરનું નિરૂપણ, (૪) ચંદ્ર અને સૂર્ય વંશમાં ઉત્પન્ન થયેલી રાજાઓની વંશાવલીઓ અને (૫) વંશના મુખ્ય પ્રભાવી પુરુષોનાં ચરિત્રો—આ પાંચ મુખ્ય બાબતો ઉપરાંત બીજી ઘણી બાબતોની આનુષંગિક ચર્ચાઓ સમાવાઈ છે. તેથી ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પુરાણોનું મહત્ત્વ ઓછું નથી. અઢાર મહાપુરાણો ઉપરાંત બીજાં અઢાર ઉપપુરાણો પણ રચાયાં છે. મુખ્ય પુરાણોમાં પણ વિષ્ણુ, વાયુ અને મત્સ્ય જેવાં પુરાણો રામાયણ-મહાભારતના સમાંતર કાળમાં રચાયાં હોવાનું મનાય છે. મોટા ભાગનાં પુરાણો ગુપ્તકાળ સુધીમાં રચાઈ ગયાં હોવાની માન્યતા છે. આમ ઈ. પૂ. ૪૦૦થી માંડી ઈ. સ.ની છઠ્ઠી સદી સુધીના હજાર વર્ષના ગાળામાં આ સાહિત્યનો વિકાસ થયો છે.

તંત્રોનું મૂળ ખાસ કરીને અથર્વવેદનાં આભિચારિક (ગુહ્ય) સૂક્તોમાં અને કેટલાક બ્રાહ્મણ-ગ્રંથોમાં સ્પષ્ટ જણાઈ આવે છે. તેમાં તત્ત્વચિંતન ઉપરાંત મનુષ્યમાં સુષુપ્ત રહેલી ગૂઢ શક્તિઓને જાગ્રત કરવાની સાધનાપ્રણાલી (occultism)નું વિવરણ છે. વૈષ્ણવતંત્રો 'પાંચરાત્રસંહિતા' તરીકે, શૈવતંત્રો 'આગમ' તરીકે અને શાક્તતંત્રો 'તંત્રો' તરીકે જાણીતાં છે. શાક્તતંત્રોનો સમાજમાં વ્યાપક પ્રચાર હોવાથી તંત્ર એટલે શક્તિની ઉપાસનાનો માર્ગ એમ પ્રચલિત માન્યતા છે. અથર્વવેદના અથર્વ અને અંગિરસ્ ભેદો અનુસાર આમાં પણ વામમાર્ગ અને દક્ષિણમાર્ગ એવા બે ભેદો છે. વામમાર્ગમાં મત્સ્ય, માંસ, મદિરા, મુદ્રા અને મૈથુન એ પંચ-મકારનું સેવન અને અન્યના અપકાર કરવાની પ્રવૃત્તિ સવિશેષ હોવાથી દુર્ભાગ્યે સમસ્ત તંત્રમાર્ગ નિંદાપાત્ર ગણાયો છે. દક્ષિણમાર્ગ શુદ્ધ વૈદિક માર્ગ છે. આ માર્ગોને અનુક્રમે 'કૌલાચાર' અને 'સમયાચાર' એવી પણ સંજ્ઞાઓ આપવામાં આવી છે.

તંત્રોમાં મુખ્યત્વે મંત્રો અને યંત્રોની મદદથી આંતરિક શક્તિને જાગ્રત કરી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ઉપાસનાપદ્ધતિનું નિરૂપણ છે. યંત્રોના વિકાસની અવધિ પણ ઈશુની છઠ્ઠી સદી માનવામાં આવી છે.

ઉપનિષદોમાં આરંભાયેલી તત્ત્વજ્ઞાનની પ્રણાલીનો પૂર્ણ વિકાસ 'દર્શન' નામથી ઓળખાતી તત્ત્વ-જ્ઞાનની શાખાઓમાં થયો છે. તેમાં વૈદિક ચિંતન પરંપરાને અનુસરનારાં છ દર્શનો આસ્તિક દર્શનો કહેવાય

છે અને વેદનિરપેક્ષ અન્ય ચિંતન પરંપરામાં વિકસેલાં લોકાયત—ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનો નાસ્તિક દર્શનો કહેવાય છે. અહીં આસ્તિક દર્શનોનો જ ઉલ્લેખ કરીશું.

છ 'આસ્તિક' દર્શનો આ પ્રમાણે છે : (૧) સાંખ્ય, (૨) યોગ, (૩) ન્યાય, (૪) વૈશેષિક, (૫) પૂર્વમીમાંસા અને (૬) ઉત્તરમીમાંસા. તે પૈકી સાંખ્ય અને યોગ, ન્યાય અને વૈશેષિક તેમજ પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એકબીજાંનાં વિરોધી નહિ કિન્તુ પૂરક છે. એક જ વસ્તુનું પ્રતિપાદન તેઓ બે ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી કરે છે.

**(૧) સાંખ્ય :** તેના પ્રણેતા કપિલ મુનિ છે. પરંતુ તેમણે લખેલો ગ્રંથ ઉપલબ્ધ નથી. ઈશ્વરકૃષ્ણ રચિત સાંખ્યકારિકા (ઈ. સ.ની પ્રથમ સદી) આ દર્શનનો પ્રધાન ગ્રંથ મનાય છે. સાંખ્યસૂત્રો પ્રમાણમાં અર્વાચીન છે. સાંખ્યો કુલ ૨૫ તત્ત્વો સ્વીકારે છે. તે પૈકી મુખ્ય તત્ત્વ બે છે : પ્રકૃતિ અને પુરુષ. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણે ગુણોની સામ્યાવસ્થાને પ્રકૃતિ કહે છે. ગુણોમાં વૈષમ્ય થતાં પ્રકૃતિમાંથી મહત્ (બુદ્ધિ) તત્ત્વ અને મહત્‌માંથી અહંકાર તત્ત્વ જન્મે છે. આ અહંકારમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય અને પાંચ તન્માત્રાઓ વિકસે છે. તે પૈકી પાંચ સૂક્ષ્મ તન્માત્રાઓમાંથી પાંચ સ્થૂળ મહાભૂતો(પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ)નો જન્મ થાય છે. એમાંથી પાંચભૌતિક (પાંચ ભૂતોનાં મિશ્રણથી બનેલ) જગતની રચના થાય છે. સૃષ્ટિની પ્રક્રિયામાં પુરુષ માત્ર સાક્ષી રૂપે હોવા છતાં ગુણોના પ્રભાવને લીધે તે પોતાને કર્તા, ભોક્તા અને બદ્ધ જીવ માને છે. પ્રકૃતિ પુરુષના સ્વરૂપના ચિંતન દ્વારા તે બંને વચ્ચેના વિવેક(પાર્થક્ય)નું ગ્રહણ થાય ત્યારે જીવાત્માને પોતાના અકર્તા અને અભોક્તા એવા સાચા સ્વરૂપનું જ્ઞાન થાય છે અને તે મુક્ત બને છે—મોક્ષ પામે છે. આ દર્શનમાં ઈશ્વરને સ્થાન નથી. તેમાં પ્રકૃતિને જ જગતનું કારણ માનવામાં આવી છે.

**(૨) યોગ :** પતંજલિ-પ્રણીત યોગદર્શન (ઈ. સ. બીજી સદી) સાંખ્ય તત્ત્વજ્ઞાનને અનુસરે છે. પરંતુ વાસ્તવિક રીતે તે મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે, અને તેમાં સાંખ્યનાં મૂળભૂત પચીસ તત્ત્વો ઉપરાંત ઈશ્વરનો છવીસમા તત્ત્વ તરીકે સ્વીકાર કરેલો છે; જોકે આ 'ઈશ્વર' જગત્કર્તા નથી, માત્ર એક 'પુરુષવિશેષ' છે. યોગમાં પ્રકૃતિ અને પુરુષને અનુક્રમે 'દૃશ્ય' અને 'દ્રષ્ટા' એવી સંજ્ઞા આપવામાં આવી છે. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે એમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગો સ્વીકારાયાં હોવાથી એને અષ્ટાંગયોગ પણ કહેવામાં આવે છે.

યમનિયમના પાલનથી શરીર અને મન શુદ્ધ થવાથી સાધક આસન સિદ્ધ કરી શકે છે. ત્યાર બાદ પ્રાણાયામના અભ્યાસથી એ મનને સ્થિર કરવા માંડે છે. પ્રત્યાહારથી (ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાં ભટકતી અટકાવી) મનને ધારણા (ચિત્તને મર્યાદિત ક્ષેત્રમાં રોકી રાખવું તે) દ્વારા વધુ સ્થિર કરી ધ્યાન-(પ્રત્યયની એકતાનતા—એક જ વિષયમાં મનને સતત પરોવી રાખવું તે)ની સ્થિતિ પ્રાપ્ત થયે સાધક જ્યારે સમાધિ પ્રાપ્ત કરે ત્યારે તે પોતાના મૂળ સ્વરૂપમાં અવસ્થિત થાય છે. આનું જ નામ મોક્ષ. આમ ચિત્તની વૃત્તિઓના નિરોધ રૂપી મનની કેળવણી દ્વારા પોતાના મૂળ સ્વરૂપને પામવાની પ્રક્રિયા યોગદર્શન આપે છે.

**(૩) ન્યાય :** ગૌતમ મુનિ પ્રણીત ન્યાયદર્શન(ઈ. સ.ની પ્રથમ સદી)માં પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ અને નિગ્રહસ્થાન—આ સોળ પદાર્થોને સ્વીકારી તેનું વિવેચન કરવામાં આવ્યું છે. આ સોળ પદાર્થોનું સાચું સ્વરૂપ સમજવાથી મોક્ષ મળે છે એવી માન્યતા છે.

**(૪) વૈશેષિક :** કણાદ મુનિ વિરચિત વૈશેષિક દર્શન(ઈ. સ.ની પ્રથમ સદી)માં દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એ છ 'ભાવપદાર્થો' મૂળ છે અને સાતમો અભાવ પોતે જ-એક પદાર્થ છે એમ ગણીને કુલ સાત પદાર્થો સ્વીકારવામાં આવ્યા છે અને એમના તત્ત્વજ્ઞાનથી મોક્ષપ્રાપ્તિ માનવામાં આવી છે.

ન્યાય અને વૈશેષિક પરમાણુઓને જગતનું કારણ માને છે. પૃથ્વી, જળ, તેજ અને વાયુ—આ ચાર તત્ત્વોના અત્યંત સૂક્ષ્મ પરમાણુઓને નિત્ય માન્યા છે. બે પરમાણુઓના સંયોગથી એક 'દ્વયણુક' અને ત્રણ દ્વયણુકના સંયોગથી એક 'ત્ર્યણુક' ઉત્પન્ન થાય છે. ત્ર્યણુક એ પરમાણુઓનું નાનામાં નાનું દશ્ય સ્વરૂપ છે. ચાર ત્ર્યણુકના સંયોગથી એક ચતુરણુક એમ ક્રમે ક્રમે સ્થૂળ પૃથ્વી, સ્થૂળ જળ, સ્થૂળ તેજ અને સ્થૂળ વાયુ ઉત્પન્ન થઈ જગતની રચના થાય છે. આમ ન્યાય-વૈશેષિકમાં પણ ઈશ્વરને સ્થાન નથી.

**(૫) પૂર્વમીમાંસા :** જૈમિનિ રચિત પૂર્વમીમાંસા(ઈ. પૂ. બીજી સદી)માં યજ્ઞયાગાદિકનાં અનુષ્ઠાનની વિધિઓની ચર્ચા કરવામાં આવી છે. તેથી તેને 'કર્મમીમાંસા' કે 'ધર્મમીમાંસા' પણ કહે છે. તેમાં યજ્ઞયાગાદિકનાં અનુષ્ઠાન ઉપરાંત વૈદિક કર્મપ્રતિપાદક વાક્યોના અર્થનો નિર્ણય કરવાના સિદ્ધાંતો પણ નક્કી કરવામાં આવ્યા છે. પૂર્વમીમાંસાનું સાધ્ય મોક્ષ નહિ કિન્તુ સ્વર્ગ છે. કર્મના શુભઅશુભ ફળનું નિયમન કરનારું 'અપૂર્વ' નામનું તત્ત્વ આ મીમાંસકોએ સ્વીકાર્યું છે. તેથી આ દર્શનમાં પણ ઈશ્વરની અપેક્ષા રહેતી નથી.

**(૬) ઉત્તરમીમાંસા :** બાદરાયણ પ્રણીત ઉત્તરમીમાંસા(ઈ. પૂ. બીજી સદી)નું બીજું નામ 'બ્રહ્મસૂત્ર' છે. તેમાં જ્ઞાનનો વિષય હોવાથી તેને 'જ્ઞાનમીમાંસા', શરીરમાં રહેલા જીવાત્માની ચર્ચાને કારણે 'શારીરમીમાંસા' અને બ્રહ્મના નિરૂપણને લીધે 'બ્રહ્મમીમાંસા' પણ કહેવામાં આવે છે.

આધ્યાત્મિક સાધનામાં કર્મ પૂર્વે (પ્રથમ) અને જ્ઞાન ઉત્તરે (પછી) આવતું હોવાથી કર્મની મીમાંસા કરનાર જૈમિનિ દર્શનને 'પૂર્વમીમાંસા' અને જ્ઞાનની મીમાંસા કરનાર આ બાદરાયણ દર્શનને 'ઉત્તરમીમાંસા' કહે છે.

ઉત્તરમીમાંસાનો આધાર ઉપનિષદો છે. આ ગ્રંથમાં ઉપનિષદોમાં આવેલાં પરસ્પર વિરોધી ભાસતાં વાક્યોની એકવાક્યતા સિદ્ધ કરવામાં આવી છે. ઉપનિષદો કાલાનુપૂર્વી પ્રમાણે વેદના અંતે આવતાં હોવાથી 'વેદાંત' કહેવાય છે. તેથી ઉપનિષદોની શાસ્ત્રીય મીમાંસા કરનાર ઉત્તરમીમાંસા પણ 'વેદાંત' તરીકે જ ઓળખાય છે.

ઉત્તરમીમાંસાનાં સૂત્રો ચાર અધ્યાયમાં વિભક્ત કરાયાં છે. પ્રથમ 'સમન્વયાધ્યાય'માં બ્રહ્મના પર્યાય તરીકે વપરાયેલાં આકાશ, પ્રાણ, ઈત્યાદિ શબ્દોનો બ્રહ્મમાં કેવી રીતે સમન્વય થાય છે તે બતાવ્યું છે. 'વિરોધ' નામના દ્વિતીય અધ્યાયમાં પ્રકૃતિ યા પરમાણુ જેવા અન્ય પદાર્થોને જગતનું કારણ માનનારાં સાંખ્ય, વૈશેષિક જેવાં દર્શનોનું ખંડન કરી, 'બ્રહ્મ-જગત્કારણવાદ'ના સિદ્ધાંત સામે અન્ય મતોનો વિરોધ ટકી શકતો નથી એમ સાબિત કરાયું છે. 'સાધનાધ્યાય' નામના તૃતીય અધ્યાયમાં બ્રહ્મ પ્રાપ્તિનાં સાધનોની મીમાંસા છે અને ચોથા 'ફલાધ્યાય'માં બ્રહ્મજ્ઞાનના ફળ રૂપી મોક્ષના સ્વરૂપની અને જીવાત્માની ગતિનું વર્ણન છે.

ભારતીય તત્ત્વચિંતનની પરંપરામાં ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને ભગવદ્ગીતા એ ત્રણ પાયાના ગ્રંથ હોવાથી તેમને 'પ્રસ્થાનત્રયી' એવી સંજ્ઞા અપાઈ છે. શંકરાચાર્યે (ઈ. સ. ૭૮૮-૮૨૦) આ ત્રણેય ગ્રંથો પર ભાષ્ય લખી બ્રહ્મ જ કેવળ એક અને અદ્વિતીય તત્ત્વ છે એવું સિદ્ધ કર્યું છે તેથી તેમનું તત્ત્વજ્ઞાન

કેવલાદ્વૈત તરીકે ઓળખાય છે. માત્ર ભારતમાં જ નહિ પરંતુ જગતની તમામ ચિંતન પરંપરામાં કેવલાદ્વૈતનું ઉચ્ચ સ્થાન સ્વીકારાયું છે.

**શંકરાચાર્યના અનુગામી આચાર્યોએ પણ પોતાના મતની સ્થાપના માટે પ્રસ્થાનત્રયી પર ભાષ્યો રચ્યાં છે. રામાનુજાચાર્યે (ઈ. સ. ૧૦૧૭ – ૧૧૩૭) 'વિશિષ્ટાદ્વૈત', નિમ્બાર્કાચાર્યે (૧૨ મી સદી) 'દ્વૈતાદ્વૈત', મધ્વાચાર્યે (૧૩ મી સદી) 'દ્વૈત' અને વલ્લભાચાર્યે (ઈ. સ ૧૪૭૩ – ૧૫૨૫) 'શુદ્ધાદ્વૈત'ની સ્થાપના કરી છે.**

**ભારતીય તત્ત્વચિંતન પરંપરામાં આ પાંચ આચાર્યોની અસર વિશેષ પ્રમાણમાં હોવાથી—અન્ય ઘણા વાદો હોવા છતાં—આ પાંચ વાદોને જ મુખ્ય માનવામાં આવ્યા છે.**

**શંકરાચાર્ય પ્રધાનતયા જ્ઞાનમાર્ગવાદી છે, જ્યારે એમના અનુગામી આચાર્યો મુખ્યત્વે ભક્તિમાર્ગના પુરસ્કર્તા છે.**

## (૨) સૃષ્ટિ અને તેની ઉત્પત્તિ

જગતના તમામ ચિંતકોને આ સૃષ્ટિ એક અદ્ભુત અને આશ્ચર્યકારક ઘટના જણાઈ છે. વેદકાળમાં સૃષ્ટિની ઉત્પત્તિ અંગેના વિચારોનો ઇતિહાસ જોઈ શકાય છે. એમાં મુખ્યત્વે બે પ્રકારો સ્પષ્ટ જણાય છે: (૧) આરંભમાં વિચારકો વ્યવહાર પર આધારિત કથા (mythology) દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ સમજાવવા પ્રયત્ન કરે છે. (૨) આગળ જતાં વિચારોમાં પકવતા આવતાં ચિંતકો તત્ત્વજ્ઞાન કે ફિલસૂફી (philosophy) દ્વારા સૃષ્ટિઉત્પત્તિના અણઉકલ્યા ભેદ ઉકેલવાનો પ્રયત્ન કરે છે.

**ઋગ્વેદ**

કથા આધારિત સૃષ્ટિઉત્પત્તિવાદના આ વિચારપ્રવાહનું મૂળ સામાન્ય વ્યવહારમાં જોઈ શકાય છે. એક નાનકડી ઝૂંપડી બનાવવા માટે લાકડું વગેરે જેવા અનેક પદાર્થોની જરૂર પડે છે એમ અનુભવ-ગોચર હોવાથી વૈદિક ચિંતક પ્રશ્ન કરે છે (ઋગ્વેદ-૧૦-૮૧-૪): "એ કયું લાકડું હતું, કયું વૃક્ષ હતું, જેમાંથી આ આકાશ અને પૃથિવી ઉત્પન્ન કરાયાં?"

ઋગ્વેદ(૨-૧૫ અને ૪-૫૬)માં સ્વર્ગ અને પૃથિવી સ્તંભોને આધારે ટકી રહ્યાંનો ઉલ્લેખ છે. કોઈક સ્થળે પૃથિવી અને સ્વર્ગને જગતનાં માતાપિતા તરીકે ઓળખાવાયાં છે, તો અન્યત્ર અદિતિ અને દક્ષને જગતનાં માતાપિતા તરીકે ઉલ્લેખ્યાં છે.

આ રીતે આ સૂક્તમાં લાકડું, ટેકા માટે લાકડાના થાંભલા, તથા તેમને જોડીને એક માળખું તૈયાર કરનાર 'તક્ષા' (છોલનાર, મિસ્ત્રી) વગેરેની કલ્પના કરી સૃષ્ટિ–ઉત્પત્તિ અંગે પ્રશ્નો પુછાયા છે.

હવે, તત્ત્વજ્ઞાન પર આધારિત સૃષ્ટિ-ઉત્પત્તિવાદનો વિચાર કરીએ.

(અ) આ બાબતનો ખુલાસો આપણને ઋગ્વેદના જાણીતા 'પુરુષસૂક્ત'માં (૧૦-૯૦) સર્વપ્રથમ ઉપલબ્ધ થાય છે. આ સૂક્તમાં વિરાટપુરુષનો બલિ આપીને તેમાંથી સૃષ્ટિ–ઉત્પત્તિ થતી દર્શાવાઈ છે.

જે જમાનામાં જે વસ્તુઓ અત્યંત પ્રચારમાં હોય છે તે સામાન્ય લોકોના રોજિંદા જીવનમાં નિત્ય અનુભૂત હોવાથી તત્ત્વચિંતકો પોતાની ફિલસૂફી સમજાવતાં દષ્ટાંત વા રૂપક રૂપે તે જ વસ્તુઓનો ઉલ્લેખ

કરતા હોય છે. આથી સામાન્ય લોકો તેમના કથનને વગરમુશ્કેલીએ તત્કાળ સમજી શકે છે. દા. ત. વેદકાળમાં યજ્ઞસંસ્થા અત્યંત પ્રચલિત હોવાથી વૈદિક તત્ત્વચિંતકો સૃષ્ટિની ઉત્પત્તિ સમજાવવા માટે યજ્ઞના રૂપકનો આશ્રય લે છે.

હજાર માથાવાળો, હજાર આંખોવાળો, હજાર પગવાળો એક પુરુષ આ પૃથ્વીને સંપૂર્ણ રીતે વ્યાપીને તેનાથી દસ આંગળ ઉપર રહેલો છે. તે પુરુષ જ આ બધું છે. તે જ અમૃતત્વનો ઈશાન (શાસનકર્તા, માલિક) છે. જગતનાં તમામ પ્રાણીઓ તો તેનો એક પાદ ($\frac{1}{4}$ ભાગ) છે, જ્યારે તેના અમૃત (અવ્યક્ત, ફેરફાર નહિ પામનાર) ત્રણ પાદ ($\frac{3}{4}$ ભાગ) સ્વર્ગમાં છે.

આવા આ પુરુષમાંથી 'વિરાટ પુરુષ' ઉત્પન્ન થયો. તે 'વિરાટ'માંથી 'અધિપુરુષ' નામે ઓળખાતો પુરુષ ઉત્પન્ન થયો.

દેવો, સાધ્યો (ગણ-દેવતાઓ) અને ઋષિઓએ આ અધિપુરુષનું બલિદાન આપી યજ્ઞ કર્યો. આ પુરુષના મુખમાંથી બ્રાહ્મણ, બંને હાથમાંથી ક્ષત્રિય, બંને સાથળોમાંથી વૈશ્ય અને બંને પગમાંથી શૂદ્ર ઉત્પન્ન થયા. તેના મનમાંથી ચંદ્ર, આંખમાંથી સૂર્ય, કાનમાંથી વાયુ અને પ્રાણ તથા મુખમાંથી અગ્નિ પ્રગટ થયા. એની નાભિમાંથી અંતરિક્ષ, મસ્તકમાંથી સ્વર્ગ, બંને પગમાંથી ભૂમિ અને કાનમાંથી બીજા લોકો (ભુવનો) ઉત્પન્ન થયા.

સૃષ્ટિ-ઉત્પત્તિ સંબંધી ઉપર્યુક્ત પ્રકાર ઉપરાંત ઋગ્વેદમાં બીજા પણ કેટલાક પ્રકારોનો ઉલ્લેખ છે. દા. ત. :

(આ) ઋગ્વેદ(૧-૧૧૫)માં સ્થાવર જંગમના આત્મા (ઉત્પાદક) તરીકે સૂર્યને વર્ણવ્યો છે.

( ઇ ) ઋગ્વેદ(૧૦-૧૨૧)માં જગતમાં ઉત્પન્ન થયેલાં તમામ પ્રાણીઓના એકમાત્ર પતિ તરીકે 'હિરણ્યગર્ભ'નો ઉલ્લેખ છે અને તે જ આ પૃથ્વી અને સ્વર્ગને ધારણ કરે છે એમ દર્શાવાયું છે. આ હિરણ્યગર્ભ તે જ 'પ્રજાપતિ' અને તે જ પુરાણોના 'બ્રહ્મા' છે.

(ઈ) બીજી એક જગાએ બ્રાહ્મણસ્પતિ(બૃહસ્પતિ)એ લુહારની માફક બધી વસ્તુઓ ઘડી એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

(ઉ) સૃષ્ટિ-ઉત્પત્તિ અંગેનો ઊંડો વિચાર ઋગ્વેદના 'નાસદીય સૂક્ત' તરીકે ઓળખાતા 'સૃષ્ટિ સૂક્ત'(૧૦-૧૨૯)માં સંગૃહીત થયેલો જોવા મળે છે. આમાં ઋષિ કહે છે :

સૃષ્ટિના આરંભમાં 'असत्' પણ ન હતું કે 'सत्' પણ ન હતું. ન રજ (પૃથિવી) હતી, ન આકાશ હતું. તો પછી આ બધું શેનાથી ઢંકાયેલું હતું? ક્યાં ઢંકાયેલું હતું? કોના આશ્રયમાં હતું? શું ગહન અને ગંભીર એવું જળ (આરંભમાં) હતું? આરંભમાં મૃત્યુ ન હતું તેમ અમૃત પણ ન હતું. દિવસ અને રાતનો ભેદ પણ ન હતો.

આરંભમાં માત્ર અંધકારથી વીંટળાયેલો અંધકાર એટલે કે ગાઢ અંધકાર જ હતો (કશું કળી શકાય તેમ ન હતું). આ આખું વિશ્વ અગાધ જળ રૂપે હતું. તેમાંથી તપ (તપશ્ચર્યાની ગરમી અથવા અદમ્ય ઉત્સાહ)ના બળે 'एकम्' એ શબ્દ વડે ઓળખાતું તત્ત્વ ઉત્પન્ન થયું, જે વાયુના અભાવમાં પણ પોતાની શક્તિથી શ્વાસ લેતું હતું. તેનાથી પર બીજું કાંઈ જ હતું નહિ. આ એકના મનના પ્રથમ ફણગા રૂપે કામ (કામના – ઇચ્છા) ઉત્પન્ન થયો. (એકના મનમાં ભોગેચ્છા પ્રગટ થઈ) અને કવિઓ(તત્ત્વચિંતકો)એ આ કામતત્ત્વ દ્વારા असत् (અનૂ-અસ્તિત્વ)માં सत्(અસ્તિત્વ)નો સંબંધ જોયો. (કામનાને કારણે असत्માંથી सत् ઉત્પન્ન થયું.)

આટલું કહ્યા પછી પણ નાસદીય સૂક્તનો પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ નિખાલસપણે પોતાનું અજ્ઞાન પ્રગટ કરતાં કહે છે : આ બધું ક્યાંથી આવ્યું? આ શેમાંથી ઉત્પન્ન થયું? એ કોણ જાણે? એ કોણ કહી શકે? બીજી બાબતમાં 'દેવ જાણે' એમ કહી શકીએ; પરંતુ અહીં તો એમ પણ કહી શકાય તેમ નથી, કારણ કે દેવો પોતે સૃષ્ટિ પછી અસ્તિત્વમાં આવ્યા છે.

આ સૃષ્ટિ ક્યાંથી ઉત્પન્ન થઈ? કેવી રીતે ઉત્પન્ન થઈ? પરમ વ્યોમમાં રહેનારો આ સૃષ્ટિનો અધ્યક્ષ પણ શું આ જાણતો હશે કે નહિ?

*ટૂંકાણમાં ઋગ્વેદમાં सृज्=સર્જન કરવું, બહાર ફેંકવું; धा=ધારણ કરવું; मा=માપવું; तक्ष्=છોલવું; तन्=તાણવું; यज्=યજ્ઞ કરવો; तप्=ચિંતન, ધ્યાન કરવું; वच् (वाक्)=બોલવું—ઇત્યાદિ ધાતુઓથી સૂચિત સૃષ્ટિના તે તે પ્રકારોની કલ્પના રજૂ કરવામાં આવી છે.

**બ્રાહ્મણગ્રંથો**

બ્રાહ્મણગ્રંથોમાં ઉપરની કલ્પનાઓમાં વધુ વીગતોના રંગો પૂરવામાં આવ્યા છે.

શતપથ બ્રાહ્મણમાં વેદના एकને બદલે, એક સ્થળે (૧૧-૨-૩-૧), ब्रह्मને તમામ વસ્તુઓનું મૂળ બતાવ્યું છે. બીજે સ્થળે (૧૩-૬-૧-૧) पुरुष नारायणને સર્વોપરિ અને સર્વ થવાની ઇચ્છાવાળો વર્ણવ્યો છે. પરંતુ મોટે ભાગે સ્રષ્ટા તરીકે प्रजापतिનો ઉલ્લેખ મળે છે.

શતપથ બ્રાહ્મણના ૧૦-૫-૩-૧ વિભાગમાં નાસદીય સૂક્તનું વ્યાખ્યાન જોવા મળે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, સૃષ્ટિના પ્રારંભમાં असत् પણ ન હતું કે सत् પણ ન હતું. માત્ર मनस् હતું. આ મને સૃષ્ટિના આરંભે વ્યક્ત થવા ઇચ્છા કરી. દેહપ્રાપ્તિ માટે તેણે તપ કર્યું અને દૃઢતા પ્રાપ્ત કરી (૧૦-૫-૩-૧).

તે જ ગ્રંથ અન્યત્ર (૬-૧-૧-૧) કહે છે : "સૃષ્ટિના આરંભમાં असत् હતું. દેવોએ પ્રજાપતિને ઉત્પન્ન કર્યા. તેણે જળ ઉત્પન્ન કરી તેમાં પ્રવેશ કર્યો; પછી તેમાંથી ઈંડાના આકારનું વિશ્વ (બ્રહ્માંડ) પ્રગટ થયું."

શતપથબ્રાહ્મણમાં અન્યત્ર (૧૧-૧-૬-૧) ઉપર આપેલો ક્રમ ઉલટાવાયો છે: "પાણી અંડ ઉત્પન્ન કરે છે, અંડમાં પ્રજાપતિ જન્મે છે અને તે ભૂરાદિ (ભૂ:, ભુવ:, સ્વ:, પૃથિવી, અંતરિક્ષ અને સ્વર્ગ) લોકો અને દેવોને ઉત્પન્ન કરે છે."

પુરાણોમાં વિષ્ણુના દશાવતાર દ્વારા ઉત્ક્રાંતિની કથાની રજૂઆત કરવામાં આવી છે. તે પૈકી વામન અવતારની કલ્પનાનું મૂળ ઋગ્વેદ(૧-૨૨-૧૮)માં સૂર્ય (વિષ્ણુ) ત્રણ પગલાં(ઉદય, મધ્યાહ્ન, અસ્ત)માં વિશ્વમાં ફરી વળે છે એ વર્ણનમાં મળે છે; જ્યારે શતપથ બ્રાહ્મણ(૩-૪-૩-૫)માં 'પ્રજાપતિ કાચબાનું રૂપ ધારણ કરી પ્રજા ઉત્પન્ન કરે છે', એ રીતના વર્ણનમાં વિષ્ણુના કચ્છપાવતારની કલ્પનાનું મૂળ નિહિત છે.

**ઉપનિષદો**

ઉપનિષત્કાળમાં બીજી વીગતોનો ઉમેરો થાય છે. છાન્દોગ્ય ઉપનિષદ (૩-૧૯) કહે છે: "પહેલાં આ જગત असत् હતું. તે सत् બન્યું, તે અંકુરિત થયું. તેમાંથી અંડ (ઈંડું) બન્યું. તે ઈંડું એક વર્ષ પડયું રહ્યું. પછી તે ફાટયું. તેના બે ટુકડા પૈકી એક રજતનો અને બીજો સુવર્ણનો બન્યો. રજત ભાગમાંથી પૃથિવી અને સુવર્ણ ભાગમાંથી સ્વર્ગ બન્યું. એની ઓરમાંથી પર્વતો, ઓરના સૂક્ષ્મ ભાગમાંથી ધૂમસ સહિતનો મેઘ, ધમનીઓમાંથી નદીઓ અને અંદરના પ્રવાહીમાંથી સમુદ્રો ઉત્પન્ન થયા. હવે તે ઈંડામાંથી સૂર્ય (આદિત્ય) બહાર આવ્યો. તે સૂર્ય તે જ બ્રહ્મ."

સૃષ્ટિઉત્પત્તિવાદના ઉત્તરકાલીન તબક્કામાં પંચમહાભૂતોની ઉત્પત્તિની જે કલ્પના છે તે પૈકી જળ, પૃથિવી અને તેજ (આદિત્ય) એ ત્રણ તત્ત્વોનો ઉલ્લેખ ઉપર જોવા મળ્યો. પરંતુ તે ત્રણ મહાભૂતોની ક્રમિક ઉત્પત્તિનો ઉલ્લેખ પણ સર્વપ્રથમ છાન્દોગ્ય ઉપનિષદ(૬-૨)માં મળે છે.

અહીં બીજી એક વિશિષ્ટતા ધ્યાન ખેંચે છે. અત્યાર સુધીમાં જગતના આરંભમાં 'असत्' હતું એમ કહેવામાં આવ્યું છે. પરંતુ 'असत्' માંથી 'सत्' કેવી રીતે ઉત્પન્ન થાય ? એમ પ્રશ્ન કરી આ મતનો છેદ ઉડાડી શ્વેતકેતુના પિતા અરુણ પોતાના પુત્રને નિશ્ચયપૂર્વક કહે છે: હે સોમ્ય, આ વિશ્વ આરંભમાં 'सत्' જ હતું. તે एक અને અદ્વિતીય (એકમાત્ર) હતું. તેણે ઈક્ષા (દર્શન—વિચાર) કરી: 'એક એવું હું બહુ બનું ('એકોઽમ્ બહુસ્યામ્')—અને પ્રજા ઉત્પન્ન કરું'. આ પછી તેણે તેજ ઉત્પન્ન કર્યું. પછી તેજે તે પ્રમાણે જ વિચાર કરી જળ ઉત્પન્ન કર્યું. પછી જળે તે જ પ્રમાણે વિચારી અન્ન (અન્ન ઉત્પન્ન કરનારી પૃથિવી) ઉત્પન્ન કર્યું. આ રીતે સત્‌માંથી તેજ-જળ-પૃથિવી આ ત્રણ મહાભૂતોના ક્રમિક વિકાસનો વિચાર અહીં સર્વ પ્રથમ મળે છે.

પરંતુ પાંચેય મહાભૂતો તથા જીવનના ક્રમિક વિકાસની રેખા આપણને તૈત્તિરીય ઉપનિષદ(૨-૧)માં મળે છે. તે કહે છે: "આ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું. આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ (તેજ), અગ્નિમાંથી જળ, જળમાંથી પૃથિવી, પૃથિવીમાંથી ઔષધિઓ (વનસ્પતિ), ઔષધિઓમાંથી અન્ન અને અન્નમાંથી પુરુષ ઉત્પન્ન થયો.

* આમ સાકાર પરમતત્ત્વમાંથી આકાશથી માંડી માનવ સુધીની સૃષ્ટિના ક્રમિક વિકાસની રેખા આપણને આ ઉપનિષદમાં સર્વપ્રથમ મળે છે.

બૃહદારણ્યક ઉપનિષદના પ્રથમાધ્યાયના પ્રથમ પ્રકરણ શતપથ બ્રાહ્મણ(૧૦-૬-૪)માં વિશ્વનાં ભિન્ન ભિન્ન અંગોને અશ્વમેધના અશ્વનાં ભિન્ન ભિન્ન અંગો સાથે ઘટાવ્યાં છે. (આ કલ્પનાનું મૂળ અથર્વવેદ (૯-૭)માં વૃષભની વિશ્વ સાથે કરવામાં આવેલી સરખામણીમાં મળે છે.)

બૃહદારણ્યક ઉપનિષદ(૧-૨)માં સૃષ્ટિ-ઉત્પત્તિનો વળી જુદો પ્રકાર આપ્યો છે: "આરંભમાં કશું ન હતું. આ બધું મૃત્યુ વડે આવૃત (ઢંકાયેલું) હતું. તે મૃત્યુએ વિચાર કર્યો: 'હું દેહવાળો બનું.' તે મૃત્યુએ ચારે બાજુ ફરવા માંડ્યું. ત્યારે તે મૃત્યુમાંથી (પરસેવાનું જ) પાણી ઉત્પન્ન થયું. તે પાણીનું ફીણ ઘટ્ટ બન્યું. તેમાંથી પૃથિવી થઈ. મૃત્યુ તે પૃથિવી પર તપ કરવા લાગ્યું. તેના તપને લીધે, તેનાં ગરમી અને રસમાંથી અગ્નિ ઉત્પન્ન થયો. તેણે પોતાની જાતને $\frac{1}{3}$ અગ્નિ, $\frac{1}{3}$ આદિત્ય અને $\frac{1}{3}$ વાયુમાં વિભક્ત કરી. ત્રણ જાતનો પ્રાણ પણ તે જ છે" ઇત્યાદિ.

પરંતુ આના કરતાં કંઈક બુદ્ધિગમ્ય અને વૈજ્ઞાનિક રીતે સ્વીકાર્ય થાય એવી કલ્પના બૃહદારણ્યક ઉપનિષદમાં અન્યત્ર (૧-૪) મળે છે: "સૃષ્ટિના આરંભમાં પુરુષના આકારનો આત્મા હતો. એકલો હોવાથી તેને ગમ્યું નહિ. તેણે બીજાની ઇચ્છા કરી. સ્ત્રી અને પુરુષ એકબીજાંને ચોંટેલાં હોય તેટલો મોટો તેનો દેહ હતો. તેણે પોતાની (આ સંયુક્ત) કાયાનાં બે ફાડચાં જુદાં પાડયાં. તેમાંથી પતિ અને પત્ની ઉત્પન્ન થયાં."

* આ રીતે ઉભય-જાતિ-આત્મક એક ઘટક(Unitary cell)માંથી સ્ત્રી અને પુરુષ એવી જુદી જુદી જાતિના બે ઘટકોની ઉત્પત્તિની વૈજ્ઞાનિક કલ્પના આપણને અહીં સર્વપ્રથમ દૃષ્ટિગોચર થાય છે.

સૃષ્ટિ-ઉત્પત્તિની કલ્પનાના વિકાસની આગળની કડી શ્વેતાશ્વતર ઉપનિષદ(૧-૧-૩)માં મળે છે. તે સમયમાં ભિન્ન ભિન્ન મતો વિદ્યમાન હતા. સૃષ્ટિના કારણ તરીકે કાળ, સ્વભાવ, નિયતિ, યદૃચ્છા,

મહાભૂતો, યોનિ (સ્ત્રીની) અને પુરુષ આટલાં તત્ત્વોનો ઉલ્લેખ ભિન્ન ભિન્ન ચિંતકો કરતા હતા. કેટલાકના મતે આ તમામ તત્ત્વોનો સંયોગ સૃષ્ટિનું કારણ હતું. પરંતુ આ ઉપનિષદના ઋષિ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપે છે : "આ બધાથી જુદું એવું આત્મતત્ત્વ જ સૃષ્ટિનું કારણ છે. ધ્યાન અને યોગની મદદથી ઋષિઓએ સ્વગુણોથી નિગૂઢ એવી આત્માની શક્તિનાં દર્શન કર્યાં અને નક્કી કર્યું કે આ આત્મા જ એકલો કાળ વગેરે (ઉપર જણાવેલાં) તત્ત્વો ઉપર અધિષ્ઠિત છે."

આમ શ્વેતાશ્વતર ઉપનિષદમાં 'સાંખ્યદર્શન'નાં બીજ આપણને જોવા મળે છે.

**સાંખ્ય-યોગ**

સાંખ્યશાસ્ત્ર પ્રમાણે સમગ્ર વિશ્વના મૂળ કારણ રૂપ બે જ તત્ત્વો સ્વીકારાયાં છે : પુરુષ (spirit) અને પ્રકૃતિ (matter).

પ્રકૃતિ સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણોની બનેલી છે. આ ત્રણે ગુણો જ્યારે સમ પ્રમાણમાં હોય છે ત્યારે પ્રકૃતિ 'અવ્યાકૃત' (અપ્રગટ) કહેવાય છે. પરંતુ પુરુષને માટે જ્યારે પ્રકૃતિ સક્રિય બને છે ત્યારે પોતાના ગુણોમાં વૈષમ્ય (વત્તાઓછાપણું) ઉત્પન્ન થાય છે. પ્રકૃતિની આ સ્થિતિ 'વ્યાકૃત' (પ્રગટ) કહેવાય છે. રજોગુણ એક બાજુથી સત્ત્વગુણને અને બીજી બાજુથી તમોગુણને સક્રિય બનાવે છે. પરિણામે આદિ પ્રકૃતિમાંથી નીચે પ્રમાણે તત્ત્વો ઉત્પન્ન થાય છે :

પ્રકૃતિ
મહત્ (વૈશ્વિક બુદ્ધિ — Cosmic Intellect)
અહંકાર (ego)
(૩ મુખ્ય તત્ત્વો)

| સાત્ત્વિક અહંકાર | રાજસ અહંકાર | તામસ અહંકાર |
|---|---|---|
| માનસિક સૃષ્ટિનાં ૧૧ તત્ત્વો | | ભૌતિક સૃષ્ટિનાં ૧૦ તત્ત્વો |
| ૫ જ્ઞાનેન્દ્રિયો | | ૫ તન્માત્રાઓ |
| ૫ કર્મેન્દ્રિયો | | ૫ મહાભૂતો |
| ૧ મન | | |
| ૧૧ | | ૧૦ |

[ ૩+૧૧+૧૦=૨૪ તત્ત્વો ]

આ રીતનાં ૨૪ તત્ત્વોમાં 'પુરુષ' ઉમેરાતાં કુલ ૨૫ તત્ત્વોમાંથી માનસિક અને ભૌતિક સૃષ્ટિની ઉત્પત્તિ સાંખ્યદર્શને સમજાવી છે.

યોગશાસ્ત્ર 'પુરુષ' સહિતનાં આ ૨૫ તત્ત્વો ઉપરાંત 'ઈશ્વર'ને પણ સ્વીકારે છે. પરંતુ આ ઈશ્વરને સૃષ્ટિ-ઉત્પત્તિ સાથે કોઈ જાતનો સંબંધ નથી. એ તો માત્ર એક વિશિષ્ટ પ્રકારનો 'પુરુષ' જ છે.

**ન્યાય વૈશેષિક મત**

ન્યાયશાસ્ત્રમાં ૧૬ તત્ત્વો સ્વીકારવામાં આવ્યાં છે (વીગત આગળ પર). પરંતુ વૈશિષિકો મૂળ ૭ પદાર્થોને સ્વીકારે છે. આ ૭ પદાર્થો પૈકી પ્રથમ પદાર્થ 'દ્રવ્ય' છે. એ દ્રવ્યમાં ૯ તત્ત્વો છે. તે પૈકી એક આત્મા છે, જેના બે પ્રકાર કલ્પ્યા છે : (૧) જીવાત્મા (૨) પરમાત્મા. પરંતુ સૃષ્ટિના કારણ તરીકે તો તેઓ પરમાણુને જ સ્વીકારે છે. તેમના મતે પૃથિવી, જલ, તેજ અને વાયુ આ ૪

મહાભૂતોના ભિન્ન ભિન્ન પરમાણુઓ છે. પરમાણુઓની સંખ્યા વધતાં સ્થૂલ પૃથિવી, સ્થૂલ જળ, સ્થૂલ તેજ અને સ્થૂલ વાયુ ઉત્પન્ન થાય છે. સંહાર વખતે આ પરમાણુઓના સંયોગનો નાશ થાય છે.

**પૂર્વમીમાંસા**

પૂર્વમીમાંસા પણ જગતના સ્રષ્ટા તરીકે ઈશ્વરનો સ્વીકાર કરતી નથી. તેના મતે માત્ર અપૂર્વ (કર્મ) જ જગતનું નિયંત્રણ કરે છે.

**ઉત્તરમીમાંસા**

ઉત્તરમીમાંસા અથવા વેદાંતમાં ઈશ્વર અને તેના કાર્ય વિષે તલસ્પર્શી ચર્ચા કરવામાં આવી છે અને તે સર્વગ્રાહ્ય બની છે. આ મત પ્રમાણે સગુણ ઈશ્વર જ જગતનું ઉપાદાન (સમવાયી–material) તેમજ નિમિત્ત (efficient) કારણ છે; એટલે કે તે પોતામાંથી જ સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. તેને બહારના કોઈ પદાર્થની જરૂર પડતી નથી.

રામાયણ, મહાભારત, ધર્મશાસ્ત્ર (સ્મૃતિઓ) તથા પુરાણોમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવને અનુક્રમે જગતના સર્જક, પાલક અને સંહારક કલ્પવામાં આવ્યા છે. આ ગ્રંથોમાં સાંખ્યદર્શનનો પ્રભાવ સ્પષ્ટ જણાઈ આવે છે. ઉપરાંત ઈશ્વરને બદલે બ્રહ્મા, પ્રજાપતિ (બ્રહ્માના ૧૦ માનસપુત્રો) વગેરે દ્વારા સૃષ્ટિ-રચના સમજાવવામાં આવી છે.

## (૩) બ્રહ્મ–પરમાત્મા

આગળ જોઈ ગયા તેમ, ઋગ્વેદમાં एक એ સંજ્ઞા વડે ઓળખાતા સૃષ્ટિના સર્જક સત્ તત્ત્વને ઉપનિષત્કાળમાં ब्रह्म (મોટું, વ્યાપક) એ શબ્દથી ઓળખાવવામાં આવ્યું. જગતને ઉત્પન્ન કરનાર અને તેનું વ્યવસ્થિત સંચાલન કરનાર આ સત્(બ્રહ્મ)ની ઓળખાણ આપતાં તૈત્તિરીય ઉપનિષદ કહે છે: જેમાંથી ખરેખર આ ભૂતો (પ્રાણીઓ) ઉત્પન્ન થાય છે, જેના વડે ઉત્પન્ન થયેલા જીવે છે અને અંતે જેમાં પ્રવેશે છે—લય પામે છે—તેને તું જાણવાની ઇચ્છા કર. તે બ્રહ્મ છે.

આ રીતે જગતની ઉત્પત્તિ વગેરે કરનાર તરીકે બ્રહ્મનું જે લક્ષણ આપવામાં આવ્યું તે 'કાર્યલક્ષણ' કહેવાય છે, કારણ કે તે આપણને બ્રહ્મની ઓળખાણ તેના કાર્ય દ્વારા આપે છે. આ લક્ષણને 'તટસ્થ-લક્ષણ' એવી સંજ્ઞા પણ વેદાંતશાસ્ત્રમાં આપવામાં આવી છે, પરંતુ જેમ વ્યક્તિનું કાર્ય તે કંઈ તેનું સાચું સ્વરૂપ નથી તેમ બ્રહ્મનું ઉપર્યુક્ત કાર્યલક્ષણ પણ તેના સ્વરૂપનું પરિચાયક નથી. તેથી ઉપનિષદ તેનું 'સ્વરૂપલક્ષણ' આપતાં કહે છે: "सत्यं ज्ञानमनन्तं ब्रह्म" (તૈત્તિ. ઉપ.-૨-૧). બ્રહ્મ સત્ય છે. ભૂત-કાળમાં તે હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ તે રહેવાનું જ છે. આમ ત્રણે કાળમાં એની સત્તા અબાધિત હોવાથી બ્રહ્મ 'સત્યસ્વરૂપ' છે, તે 'જ્ઞાનસ્વરૂપ' છે, 'પ્રકૃતિની માફક જડ ન હોવાથી તે 'ચૈતન્યસ્વરૂપ' છે. વળી વિશ્વના તમામ પદાર્થોની માફક તે અંતવાળું ન હોવાથી 'અનંતસ્વરૂપ' છે.

બીજી જગ્યાએ એને 'સચ્ચિદાનંદસ્વરૂપ' કહ્યું છે. સત્ એટલે સત્ય, ચિત્ એટલે જ્ઞાન (ચૈતન્ય-સ્વરૂપ) અને આનંદ એટલે અનંત: સત્-ચિત્-આનંદ !

આ પ્રકારના ગુણો—જે બ્રહ્મના નિત્યધર્મો છે—દ્વારા જે બ્રહ્મનું વર્ણન કરાય છે તે 'સગુણ બ્રહ્મ' કહેવાય છે. સગુણ એટલે ગુણસહિતનું અર્થાત્ ગુણોવાળું. પરંતુ આ 'ગુણો' બ્રહ્મમાં દર્શાવવાનું કારણ માત્ર એટલું જ છે કે ઉપનિષદના ઋષિઓ આ રીતે, 'બ્રહ્મ' જગતથી વિલક્ષણ (જુદું, વિપરીત લક્ષણ-વાળું) છે એમ સિદ્ધ કરવા માંગે છે. બલ્કે, આપણી આસપાસનું વિશ્વ અસત્—અનિત્ય—છે, જ્યારે બ્રહ્મ સત્-નિત્ય-છે; વિશ્વ જ્ઞાન કે ચૈતન્ય રહિત છે જ્યારે બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ અથવા ચિદાત્મક છે; વિશ્વ

અંત(નાશ)વાળું અને તેથી દુ:ખમય છે, જ્યારે બ્રહ્મ નાશરહિત હોવાથી અનંત અને આનંદ-સ્વરૂપ છે.

આમ ભાવાત્મક ગુણો દ્વારા બ્રહ્મ આપણને પરિચિત હોવા છતાં—તે ગુણોથી યુક્ત 'ગુણી' (ગુણવાળો પદાર્થ) હોવા છતાં—આપણે એ બ્રહ્મને જોઈ શકતા નથી. 'ધોળી ગાય' એમ કોઈ કહે તો ધોળા રંગના ગુણવાળી ગાયને જેમ આપણે જોઈ શકીએ છીએ તે રીતે આપણે સત્ય, જ્ઞાન અને આનંદ ગુણવાળા બ્રહ્મને જોઈ શકતા નથી. તેથી આ 'સગુણ લક્ષણ' યુક્ત બ્રહ્મનો પરિચય કરાવવામાં ચિંતકો નિષ્ફળ જાય છે; કારણ કે વિશ્વનો આ ઉત્પાદક, સંચાલક અને વિધ્વંસક આ વિશાળ વિશ્વથી ઘણો પર (महत: परं) છે.

આંખ, કાન, નાક, જીભ અને ચામડી આ પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા મનુષ્ય અનુક્રમે રૂપ, શબ્દ, ગંધ, રસ (સ્વાદ) અને સ્પર્શનો અનુભવ કરી તે તે પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. પરંતુ બ્રહ્મને કોઈ પણ પ્રકારનું રૂપ (આકાર) ન હોવાથી તેને આંખ જોઈ શકતી નથી. તેનામાં શબ્દ ન હોવાથી કાન તેને સાંભળી શકતા નથી. તેનામાં ગંધ ન હોવાથી નાક દ્વારા તે પરખાતું નથી. કોઈ પણ પ્રકારનો સ્વાદ તેનામાં ન હોવાથી જીભ પણ તેને સમજવામાં અસમર્થ બને છે. તે જ પ્રમાણે ઠંડા કે ગરમ સ્પર્શરહિત હોવાથી ચામડી દ્વારા પણ તેનો અનુભવ થતો નથી. તેથી ઉપનિષદ તેને અરૂપ, અશબ્દ, અગંધ, અરસ અને અસ્પર્શ ઇત્યાદિ શબ્દો વડે તે ગુણરહિત, અભાવાત્મક (ગુણ કે ધર્મોના અભાવવાળું) અથવા નિર્ગુણ છે એમ એનું વર્ણન કરે છે.

સર્વ પદાર્થોથી વિલક્ષણ (જુદા પડતા) એવા આ બ્રહ્મની ઓળખાણ, 'તેના સિવાયના અન્ય તમામ પદાર્થોથી તે જુદું છે', એમ કહીને જ આપી શકાય છે. દા. ત., તે બ્રહ્મ 'પૃથ્વી નથી, પાણી નથી, અગ્નિ નથી, વાયુ નથી, આકાશ નથી' એમ તેના સિવાયના (अ–तत्) તમામ પદાર્થોથી તેની વ્યાવૃત્તિ એટલે કે બાદબાકી કરીને જે બાકી રહે તે બ્રહ્મ એ જ એકમાત્ર રીતે એને ઓળખાવી શકાય છે. આ પદ્ધતિનું શાસ્ત્રીય નામ अत्तद्—व्यावृत्ति (તેના સિવાયની તમામ વસ્તુઓથી તેને છૂટું પાડવું તે) છે. ટૂંકમાં, શાસ્ત્ર नेति नेति ('તે આ નથી, તે આ નથી') એમ નકારાત્મક રીતે એને ઓળખાવવાનો પ્રયત્ન કરે છે.

ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કોઈ પણ પ્રકારના ગુણ વગરનું (નિર્ગુણ) કે ધર્મ (લક્ષણ) રહિત (નિર્ધર્મ) બ્રહ્મ જો સામાન્ય કાર્ય પણ ન કરી શકે તો વિશ્વોત્પત્તિ કેવી રીતે કરી શકે?

આનો ઉત્તર આપતાં ઋષિઓ આ બ્રહ્મની અચિન્ત્ય, અકલ્પ્ય શક્તિનો મહિમા ગાતાં કહે છે :

* "તે એક (માત્ર) છે. હલનચલનરહિત હોવા છતાં તે મન કરતાંય વેગીલું છે. તેની પાછળ દોડતા (ઇન્દ્રિયોના) દેવો પણ તેને પકડી શકતા નથી. તે ઊભું રહેલું હોવા છતાં બીજા આગળ દોડનારાઓને પાછળ પાડી દે છે" (ઈશા. ઉપ. ૪). "તે કંપનવાળું છતાં કંપનરહિત છે. તે દૂર છે છતાં પાસે છે. તે આ બધાની અંદર હોવા છતાં બધાથી બહાર છે" (ઈશા. ઉપ. ૫). "બેઠેલો છતાં તે દૂર જાય છે. સૂતેલો હોવા છતાં બધી દિશાઓમાં ગમન કરે છે" (કઠોપનિષદ ૧-૨-૨૧).

પોતાના આવા અચિન્ત્ય, અકલ્પ્ય સામર્થ્યને કારણે તે कर्तुम्, अकर्तुम्, अन्यथाकर्तुम् (ઉત્પન્ન કરવા માટે, ઉત્પન્ન કરેલાનો નાશ કરવા માટે અને હોય તે કરતાં જુદી રીતે કરવા માટે દા. ત., મૂંગાને બોલતો કરવા માટે) સમર્થ છે.

વિશ્વને ઉત્પન્ન કરનાર આ બ્રહ્મપુરુષ વિશ્વરૂપ છે. તે માત્ર વિશ્વવ્યાપી (immanent) છે એટલું જ નહિ, તે વિશ્વાતીત (transcendent) છે. સમસ્ત વિશ્વમાં વ્યાપ્યા પછી પણ દશ અંગુલ

(એક વલેંત) બાકી રહે છે. તમામ પ્રાણીમાત્રમાં તે ચૈતન્ય રૂપે વિદ્યમાન છે. પોતે અરૂપ, અરસ, અગંધ, અશબ્દ અને અસ્પર્શ હોવા છતાં મનુષ્ય તેના અસ્તિત્વને લીધે જ રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શને જાણી શકે છે. નિરાકાર એવા તેને આંખ ન હોવાથી તે જોઈ શકતો નથી, પરંતુ માનવીની આંખ તેના વડે જ જોઈ શકે છે. તેથી તે આંખની પણ આંખ છે. તે જ પ્રમાણે તે કાનનો પણ કાન, વાણીની પણ વાણી, મનનું પણ મન અને પ્રાણનો પણ પ્રાણ છે.

આવા સ્વયંભૂ(બ્રહ્મ)એ મનુષ્યોની તમામ ઈન્દ્રિયો બહાર પડતી રચી છે. અગાસીમાં બહાર પડતાં મૂકેલા ભૂંગળામાંથી અગાસીનું પાણી જેમ બહાર વહી જાય છે, તેમ મનુષ્યના આંતરિક ચૈતન્યનો પ્રવાહ આ બહાર પડતી ઈન્દ્રિયો દ્વારા સતત બહાર જ વહેતો રહે છે. તેથી મનુષ્ય બહિર્મુખ જ રહે છે. કોઈક વિરલો જ ઇન્દ્રિયોરૂપી ખાળને ડૂચા મારી ચૈતન્ય પ્રવાહને અંતર્મુખ વહેવડાવીને બંધ આંખે જ્યારે એને જોવાનો પ્રયત્ન કરે છે ત્યારે જ એને પામી શકે છે.

## (૪) વિકાસ સંચલન

આ વિશ્વને ચલાવનારી કોઈ એક અકળ શકિત છે. તેને કોઈ એક ચોક્કસ નામ આપવાથી વાદવિવાદ—વૈમત્ય—ના ઝંઝાવાતો થવાની શક્યતા છે. તેથી જ વેદે આ પરમશકિતને 'सत्' એવી સંજ્ઞા આપી. આ શકિત વિશ્વનું સંચલન ખૂબ નિયમિત અને સુપેરે કરી રહી છે. વૈદિક ઋષિઓએ જોયું કે સૂર્ય દરરોજ નિયમિત રીતે પૂર્વ દિશામાં ઊગે છે અને પશ્ચિમમાં આથમે છે. તે જ પ્રમાણે ચંદ્ર, તારા, દિવસ, રાત, ઉષા, નદીઓ, વૃક્ષો ઇત્યાદિ સૃષ્ટિના તમામ પદાર્થો કોઈ એક અકળ નિયમનું પાલન કરીને જ પોતપોતાના માર્ગે જાય છે. તેથી આ નિયમને ऋ=જવું એ ધાતુ ઉપરથી ऋत એવું નામ આપ્યું. ઋતના આ નિયમનું પાલન થાય છે કે નહિ તે જોવાનું કામ વૈદિક ઋષિઓના મતે વરુણનું હોવાથી તેઓ વરુણને ऋतस्य गोपाः (ઋતનું રક્ષણ કરનારો) કહે છે. આમ ઋત=વિશ્વનું સમ્યક્ સંચાલન કરનારો વૈશ્વિક નિયમ.

જડ સૃષ્ટિના જેવી બીજી ચેતન સૃષ્ટિ છે. તેને પણ ઋતનું પાલન જરૂરી છે. આમ વૈયકિતક અને સામાજિક જીવનમાં પણ નિયમસર ચાલવું (ઋતનું પાલન) જરૂરી ગણાયું. આ નિયમનું ઉલ્લંઘન થાય તો अनृत (अन्+ ऋत) જન્મે. નીતિનિયમો અને સદાચરણનું મુખ્ય માધ્યમ वचस् (વાણી) હોવાથી આગળ જતાં ખાસ કરીને 'અનૃત' શબ્દ વચનનું વિશેષણ બન્યો [अनृतं वचः = નિયમથી વિરુદ્ધ (ખોટું) વચન], અને પછી આગળ જતાં વિશેષણ જાતે જ નામ તરીકે વપરાવા લાગતાં अनृत શબ્દ જૂઠું એ અર્થમાં પ્રચલિત થયો.

માનવના નૈતિક જીવન ઉપરાંત વ્યાવહારિક જીવનમાં—આરોગ્ય, શારીરિક સ્વચ્છતા ઇત્યાદિમાં—આ વૈશ્વિક નિયમોનો ભંગ થતાં જલ-પ્રદૂષણ, સ્થળ-પ્રદૂષણ, વાયુ-પ્રદૂષણ, ધ્વનિ-પ્રદૂષણ ઇત્યાદિ અનેક પ્રદૂષણો અસ્તિત્વમાં આવ્યાં. આ પ્રદૂષણોને દૂર કરવાં હોય તો મનુષ્યે વૈયકિતક-સામાજિક સ્તરે ઋતનું પાલન કરવું જ રહ્યું.

सत्‌થી ઓળખાતા વિશ્વનિયંતાએ સર્વપ્રથમ પૃથિવી, જળ, તેજ જેવાં જડ મહાભૂતો ઉત્પન્ન કર્યાં. પરંતુ પછી તેને વિચાર થયો—"લાવ હું ચૈતન્ય રૂપે (जीवेन आत्मना) આમાં પ્રવેશ કરી તેમને જુદાં જુદાં નામો અને રૂપો આપું." આમ તેના પ્રવેશથી ચૈતન્યસૃષ્ટિનો વિકાસ થયો. પ્રાણીઓના સ્થૂળ દેહમાં પ્રવેશેલું આ ચૈતન્ય અનુભવના પ્રકાશાનુસાર જુદી રીતે વ્યકત થાય છે. આ चित् અથવા ચિત્તશકિત જ મનુષ્યને જડથી જુદું પાડે છે. જ્યારે એ સંકલ્પ-વિકલ્પનો અનુભવ કરતું હોય છે ત્યારે તેને मनस् સંજ્ઞા આપવામાં આવે છે. જ્યારે તે નિશ્ચય ઉપર આવે છે ત્યારે તેને बुद्धि એવી સંજ્ઞા આપવામાં આવે છે.

મનુષ્યમાં રહેલી હુંપણાની ભાવનાને પ્રગટ કરનાર આ શક્તિને અહંકાર સંજ્ઞા આપવામાં આવી છે. જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન માનસિક ભૂમિકામાં વિશ્લેષિત થઈ અંતે અહંવૃત્તિ દ્વારા રજૂ થાય છે. તેથી આ ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર આ ચારેયને अन्तःकरण (શરીરની અંદર રહેલી જ્ઞાનેન્દ્રિય) એવું સામાન્ય નામ અપાયું છે. અનેક વૃત્તિઓ દ્વારા પ્રગટ થતા આ મન કે ચિત્તના તત્ત્વ ઉપર મનુષ્ય વૃત્તિઓના કાબૂ દ્વારા વિજય મેળવી તેને જ્યારે સ્થિર કરી શકે છે, ત્યારે જ એનાથી પર રહેલા સત્ (અંતર્યામી) તત્ત્વને જાણી શકે છે. પોતાના મૂળસ્વરૂપમાં યોગ દ્વારા સ્થિર થવાની આ સ્થિતિને શાસ્ત્રકારો स्वरूपावस्थान કહે છે. યોગની આ ચરમ સીમા છે. એ જ વેદાન્તનો तत्त्वसाक्षात्कार છે અને એ જ માનવજીવનનું ચરમ ધ્યેય—અંતિમ લક્ષ્ય—છે.

## (૫) કેવલાદ્વૈત–વેદાંત

આદ્ય શંકરાચાર્ય (ઈ. સ. ૭૮૮-૮૨૦) ભારતભરના જ નહિ પરંતુ સમસ્ત જગતના એક પ્રખર તત્ત્વજ્ઞાની છે. પશ્ચિમના અનેક વિદ્વાનોએ પણ તેમને 'પ્રખર બૌદ્ધિક' ('intellectual giant') કહીને તેમની અપ્રતિમ તર્કશક્તિને સુયોગ્ય અંજલિ આપી છે.

શંકરાચાર્યના આગમન સાથે ભારતીય તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં એક નવા યુગનો આરંભ થાય છે. તેમની પહેલાં તેમના પરમ ગુરુ ગૌડપાદાચાર્ય ઉપરાંત બીજા અનેક તત્ત્વચિંતકો થઈ ગયા; પરંતુ શંકરાચાર્યની વિલક્ષણ પ્રતિભાએ તેમને ઝાંખા પાડી દીધા છે.

શંકરાચાર્યની તત્ત્વપ્રતિપાદનની શૈલી તેમના પુરોગામીઓ કરતાં વિલક્ષણ છે. 'તર્કમૂલકસિદ્ધાંત' અને 'શાસ્ત્રમૂલકસિદ્ધાંત' એમ બે વિભિન્ન પરંપરાઓ તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં પરાપૂર્વથી ચાલતી આવે છે. શંકરાચાર્યે મુખ્ય ઉપનિષદો, ભગવદ્‌ગીતા અને બાદરાયણનાં બ્રહ્મસૂત્રો—એ પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય લખી 'તર્કમૂલકસિદ્ધાંત' પણ 'શાસ્ત્રમૂલકસિદ્ધાંત'નું જ પ્રતિપાદન કરે છે એમ સિદ્ધ કર્યું છે. બલ્કે, શંકરાચાર્ય 'તર્ક'ની મદદથી 'સિદ્ધાંત' ઉપર આવી તેને 'શાસ્ત્ર' દ્વારા સમર્થિત કરે છે. આમ કરવામાં તેઓ કેટલે અંશે સફળ થયા છે તે અંગે વિદ્વાનોમાં મતભેદ છે. પરંતુ એટલું તો નક્કી જ છે કે તેમના અનુગામી આચાર્યોમાંથી અન્ય કોઈ આચાર્ય એમની બુદ્ધિપ્રતિભાને કે તર્કશક્તિને આજ સુધી આંબી શકયા નથી.

શંકરાચાર્યના 'કેવલાદ્વૈત' તત્ત્વજ્ઞાનને કેટલાક 'વિવર્તવાદ' કહે છે, તો કેટલાક માયા સંજ્ઞાનો ભળતો જ અર્થ કરીને તેને 'માયાવાદ' કહીને ઉતારી પાડવાનો પણ પ્રયત્ન કરે છે અને તેના આધાર માટે શંકરાચાર્યના શ્લોકાર્ધને આગળ ધરવામાં આવે છે: ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः । પરંતુ, આચાર્યશ્રીનું આ વિધાન ગહન અને માર્મિક છે. આ શ્લોકાર્ધમાં જ તેમનાં બ્રહ્મ, જગત અને જીવ એ તત્ત્વજ્ઞાનનાં મુખ્ય ત્રણ તત્ત્વો અંગે ટૂંકાણમાં ઘણું કહેવાયું છે.

**(૧) ब्रह्म सत्यम् :** છેક વેદ અને ઉપનિષદકાળથી બ્રહ્મના સ્વરૂપની ચર્ચા ચાલી આવી છે. एकं सद् विप्रा बहुधा वदन्ति । (૧-૧૬૪-૪૬) એમ કહીને ઋગ્વેદ પરમતત્ત્વને सत् નામથી ઓળખાવી તેની સત્યતા સૂચવે છે. પરંતુ ઉપનિષદકાળમાં આવતાં સુધીમાં તે તત્ત્વને કેટલાક असत् તરીકે પણ ઓળખાવવા લાગ્યા હતા. તેથી છાન્દોગ્યોપનિષદમાં ઉદ્દાલક આરુણિ પોતાના પુત્ર શ્વેતકેતુને ઉપદેશ આપતાં કહે છે कथमसतः सज्जायेत ? —અસતમાંથી સત્ કેવી રીતે ઉત્પન્ન થાય?—(૬-૨-૨). આ વાદ તર્કસંગત ન હોવાથી સૃષ્ટિના આરંભમાં सत् જ હતું એમ ઉદ્દાલક સિદ્ધ કરે છે.

શંકરાચાર્ય તેથી જ તે બ્રહ્મને सत्य (ત્રણે કાળમાં અબાધિત રહેનાર सत्) તરીકે વર્ણવે છે.

ઉપનિષદમાં બ્રહ્મના વર્ણન પ્રસંગે બે ભિન્ન ભિન્ન અને પરસ્પર વિરોધી એવાં વર્ણનો ઉપલબ્ધ થાય છે.

अद्रेश्यम् अग्राह्यम् अगोत्रम् अव्रणम्
अचक्षु:श्रोत्रम् तद् अपाणिपादम् ।
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं
तद् अव्ययं यद् भूतयोनिं
परिपश्यन्ति धीराः ।।

(મુંડકોપનિષદ, ૧-૧-૬)

આ મંત્રમાં પૂર્વાર્ધમાં બ્રહ્મના ઇન્દ્રિયોને અગોચર અને અવયવરહિત એવા નિર્ગુણ સ્વરૂપનું વર્ણન છે; જ્યારે ઉત્તરાર્ધમાં નિત્ય, વિભુ વગેરે વિશેષણો દ્વારા એના સગુણ સ્વરૂપનો નિર્દેશ છે.

તે જ રીતે "यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति, यत्प्रयन्त्यभिसंविशन्ति तद् विजिज्ञासस्व, तद् ब्रह्म ।।" (તૈત્તિરીય ઉપનિષદ, ૩-૧) જેવાં સૃષ્ટિપ્રતિપાદક વાક્યો પણ બ્રહ્મના કર્તૃત્વનો નિર્દેશ કરતાં હોવાથી સગુણ બ્રહ્મપ્રતિપાદક છે.

પરસ્પર વિરોધી આ બે પ્રવાહોનો સમન્વય સાધવા શંકરાચાર્ય નિર્ગુણ વાક્યોને મહત્ત્વ આપી નિર્ગુણ બ્રહ્મને મુખ્ય માને છે અને સૃષ્ટિપ્રતિપાદક સગુણ વાક્યોને ગૌણ માની સગુણ બ્રહ્મને પણ તે ત્રિગુણાત્મિકા માયાથી મિશ્રિત હોવાથી ગૌણ માને છે.

સમસ્ત સંસારમાં ત્રણે કાળમાં વિદ્યમાન કેવળ એક જ તત્ત્વ છે અને તે નિર્ગુણ બ્રહ્મ. તે એક છે, એટલું જ નહિ, અદ્વિતીય છે. (તેના સિવાય બીજું કંઈ નથી.) આ રીતે, જગતમાં ભાસમાન થતું વૈવિધ્ય તો વિવર્ત(મિથ્યાભાસ)ને કારણે — માયાને કારણે — હોવાથી તે તેટલા પૂરતું મિથ્યા છે. આ રીતે શંકરાચાર્યની દૃષ્ટિએ દ્વૈત (બેપણું) ક્યારેય નથી; અને કેવળ બ્રહ્મની જ સત્તા ત્રિકાળમાં સ્ફુરે છે. તેથી જ તેમના મતને 'કેવલાદ્વૈતવાદ' કહેવામાં આવે છે.

*નિર્ગુણ છતાં નિત્ય, શુદ્ધ, બુદ્ધ અને મુક્ત એવું બ્રહ્મ જ કેવળ સત્ય છે. તેના સિવાયના તમામ પદાર્થોનું પૃથક્ અસ્તિત્વ મિથ્યાભાસ છે એવો આ 'બ્રહ્મસત્યતા'નો સિદ્ધાંત શંકરાચાર્યના બાકીના બે સિદ્ધાંતોનો પાયો છે.

**(૨) जगत् मिथ्या :** આ સૂત્ર સમજવાને માટે શંકરાચાર્યના 'અધ્યાસવાદ'ને અથવા 'વિવર્તવાદ'ને સમજવો જરૂરી છે. શંકરાચાર્ય એને रज्जुसर्पन्याय ના દૃષ્ટાંત વડે સ્પષ્ટ કરે છે. આછા અજવાળામાં મનુષ્યને દોરડીનું સાચું જ્ઞાન થવાને બદલે, તેના આકારની સદૃશતાને કારણે, દોરડી સર્પ રૂપે ભાસે છે. આમ વાસ્તવિક રીતે જે સર્પ નથી, (દોરડી છે), તેમાં સર્પની બુદ્ધિ થવી — એટલે કે પારિભાષિક શબ્દોમાં જે વસ્તુ તે નથી (अ-तस्मिन्) તેમાં તેની બુદ્ધિ (तद् बुद्धि) થવી; Non-x માં x ની બુદ્ધિ થવી — તેનું નામ જ 'અધ્યાસ'.

હવે આ દૃષ્ટાન્તને આપણે 'સિદ્ધાંત'માં ઘટાવીએ. શંકરાચાર્યની દૃષ્ટિએ 'सर्वं खलु इदं ब्रह्म'. इदम्=આપણી સામે દેખાતું આ सर्वं=તમામ જગત 'બ્રહ્મ' છે. વાસ્તવિક બ્રહ્મમય જગતને આપણે અવિદ્યા-(અજ્ઞાન)ને કારણે બ્રહ્મ રૂપ ન જોતાં तद् तद् પદાર્થ — તે તે વસ્તુઓ — ના રૂપે જોઈએ છીએ. આમ, વ્યવહારમાં આપણે 'બ્રહ્મ'ને — જે જગત નથી તેને — જગત રૂપે જોઈએ છીએ. આમ, अ-जगत्માં આપણી जगद् बुद्धि કામ કરે છે. આ અજ્ઞાન-બુદ્ધિને લીધે આપણે अ-जगत् 'બ્રહ્મ' ઉપર जगत्નો અધ્યાસ કરીએ છીએ.

શંકરાચાર્યના આ સિદ્ધાંત ઉપર એમના પરમ ગુરુ ગૌડપાદાચાર્યની અસર સ્પષ્ટ છે. ગૌડપાદાચાર્યના સમયમાં બૌદ્ધ ધર્મનો મધ્યાહ્‌ન કાળ હતો; તેથી તે સમયની તમામ વિચારસરણીઓમાં બૌદ્ધ ધર્મની અસર વર્તાય એ સ્વાભાવિક છે. બૌદ્ધો ત્રિસ્વભાવવાદ સ્વીકારે છે. તેમના મતે, સત્તા(અસ્તિત્વ)ની નીચે મુજબની ત્રણ ભૂમિકાઓ છે :

**(अ) પરિકલ્પિત અથવા પ્રાતિભાસિક :** મનુષ્યની સ્વપ્નસૃષ્ટિ આનું ઉદાહરણ છે. માણસ નિદ્રા દરમ્યાન સ્વપ્નમાં જાતજાતનાં દશ્યો જુએ છે અને ભોગો ભોગવે છે. પરંતુ તે જ્યારે જાગીને સ્વપ્નસૃષ્ટિમાંથી બહાર આવે છે ત્યારે તેને સાચું જ્ઞાન થાય છે કે સ્વપ્નમાં જોયેલા અને ભોગવેલા પદાર્થો મિથ્યા હતા, માયાપરિકલ્પિત હતા, સાચા ન હતા. આમ તે મન વડે પરિકલ્પિત અને સ્વપ્નાવસ્થા દરમ્યાન જ પ્રતિભાસિત હોવાથી અસ્તિત્વની આ ભૂમિકાને બૌદ્ધો 'પરિકલ્પિત' કે 'પ્રાતિભાસિક' કહે છે.

**(ब) પરતંત્ર અથવા વ્યાવહારિક :** જેમ, જાગ્રત અવસ્થા પ્રાપ્ત થતાં સ્વપ્નમાં દષ્ટિગોચર થયેલ પ્રાતિભાસિક અસ્તિત્વ મિથ્યા ઠરે છે, તેમ 'अहं ब्रह्मास्मि' એ પ્રકારના જ્ઞાનનો ઉદય થતાં મનુષ્ય વિલક્ષણ અને સાચી (पर – transcendental) જાગ્રદવસ્થા(જ્ઞાનાવસ્થા)નો અનુભવ કરે છે ત્યારે ચાલુ (अ-पर) જાગ્રદવસ્થા દરમ્યાન પોતે અનુભવેલા વૈવિધ્યને 'મિથ્યા' સમજે છે. વ્યવહારમાં અનુભવાતી આ અવસ્થા ઇન્દ્રિયો ઉપર આધારિત હોવાથી તેને 'પરતંત્ર' અથવા 'વ્યાવહારિક' અવસ્થા કહે છે. આ મર્યાદિત અર્થમાં જ તેનું અસ્તિત્વ છે.

**(क) પરિનિષ્પન્ન અથવા પારમાર્થિક :** માણસને જ્યારે अहं ब्रह्मास्मि એ પ્રકારના બ્રહ્મભાવનો અનુભવ થાય છે ત્યારે તે પરિનિષ્પન્ન (પૂર્ણ) અવસ્થાને પામે છે. પરમ-અર્થની રીતે (ખરા અર્થમાં) આ જ સાચી અવસ્થા હોવાથી એને 'પરિનિષ્પન્ન' અથવા 'પારમાર્થિક' અવસ્થા કહે છે.

બૌદ્ધો ઈશ્વરનો સ્વીકાર કરતા ન હોઈને આ 'પારમાર્થિક' અવસ્થાને 'શૂન્યવાદ' તરીકે સ્થાપે છે. ગૌડપાદ તેને સ્થાને 'પૂર્ણ બ્રહ્મ'ની સત્તા સ્વીકારી 'અજાતિવાદ'નો ઉપદેશ કરે છે; ત્યારે શંકરાચાર્ય 'કેવલાદ્વૈતવાદ'ને સિદ્ધ કરે છે.

* આ રીતે શંકરાચાર્ય 'પ્રાતિભાસિક', 'વ્યાવહારિક' અને 'પારમાર્થિક' એમ ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ એવી ત્રણ ભિન્ન ભિન્ન સત્તાઓ સમજાવી 'સાપેક્ષ સત્યવાદ'ના સિદ્ધાંતના આધારે અદ્વૈત બ્રહ્મનો અને દ્વૈતમૂલક વ્યવહારનો તાર્કિક રીતે સમન્વય સિદ્ધ કરે છે.

જેમ દોરડીના અધિષ્ઠાન ઉપર આપણને અજ્ઞાન દશામાં સર્પનું મિથ્યા જ્ઞાન થાય છે અને દોરડી સર્પના વિશિષ્ટ (કે વિવિધ) રૂપે વર્તમાન બને છે, તેમ આપણી વ્યાવહારિક દશામાં એકમાત્ર (કેવળ) બ્રહ્મ જ આપણને અનેક રૂપે—વિશિષ્ટ કે વિવિધ રૂપે—દષ્ટિગોચર થાય છે. આમ, વિવિધ રૂપ વડે એક જ બ્રહ્મ વિદ્યમાન હોવાથી આ વાદને વિવર્તવાદ (રૂપાંતરવાદ) કહેવામાં આવે છે. જેમ મૂળ એકમાત્ર પાણી જ હોવા છતાં તે ફીણ, તરંગ અને પરપોટો આદિ વિવિધ રૂપાંતરો રૂપે દેખાય છે, તેમ કેવલ એક બ્રહ્મ જ વિવિધ રૂપે અનુભવાય છે. આમ, વિવિધતા પ્રાતિભાસિક છે—મિથ્યા છે, એકમાત્ર બ્રહ્મ જ અંતિમ સત્ય છે. આ રીતે जगन्मिथ्या નો સિદ્ધાંત એ ब्रह्म सत्यं એ સિદ્ધાંતનો ઉપસિદ્ધાંત (corollary) જ છે અને તેને આ રીતે જ સમજવાનો છે. 'જગતમાં અનુભવાતા પદાર્થો છે જ નહિ' એવી રીતે જે સમજાવવામાં આવે તે મૂળ સાચા અર્થની વિકૃતરૂપે રજૂઆત છે.

**(૩) जीवो ब्रह्मैव नापरः** જગત અને બ્રહ્મનો સંબંધ જોયા પછી આપણે જીવ અને બ્રહ્મના સંબંધનો વિચાર કરીએ. જીવોની ઉત્પત્તિનું વર્ણન કરતી વખતે બૃહદારણ્યક ઉપનિષદ (૨-૧-૨૦) કહે

છે કે અગ્નિમાંથી જેમ વિસ્ફુલિંગો (તણખાઓ) ચારે બાજુ ફેલાય છે, તેમ આ આત્મા(બ્રહ્મ)માંથી તમામ પ્રાણો, તમામ લોકો, તમામ દેવો અને તમામ ભૂતો (પ્રાણીઓ) ઉત્પન્ન થાય છે. આ દૃષ્ટાંતમાં તણખાઓ અગ્નિના અંશો હોવાથી કેટલાક પંડિતો આ શ્રુતિવચનના આધારે બ્રહ્મને અગ્નિસ્થાનીય ગણાવી તેને 'અંશી' અને જીવોને વિસ્ફુલિંગને સ્થાને માની તેમને અંશો કહી તે બન્ને વચ્ચે 'અંશાંશિભાવ' સંબંધ હોવાનું જણાવે છે. પરંતુ વાસ્તવિક રીતે આ સંબંધ બરોબર નથી, કારણ કે અંશાંશિભાવ સંબંધ સ્વીકારીએ તો નિરવયવ બ્રહ્મને 'અવયવો' હોવાનું સૂચવાશે, જે ઉચિત નથી, કારણ કે જે અવયવવાળું હોય તેને જ 'અંશ' હોઈ શકે. તેથી શંકરાચાર્ય જીવોનાં સ્વરૂપની બાબતમાં પણ વિવર્તવાદ સ્વીકારી એક જ બ્રહ્મ અનેક જીવોના રૂપમાં (એક જ પાણી જેમ ફીણ, તરંગ અને પરપોટા રૂપે દેખાય તેમ) ભાસે છે એમ કહી, તે બંને વચ્ચે તાદાત્મ્ય (indentity) સંબંધ સ્વીકારીને કહે છે કે 'જીવ બ્રહ્મ જ છે, અપર (જુદો) નથી.'

બલ્કે, જીવોની વિવિધતાનો ખ્યાલ પણ અવિદ્યામૂલક હોવાથી મિથ્યા છે.

* આ રીતે जगन्मिथ्या અને जीवो ब्रह्मैव नापरः એ બે સિદ્ધાંતો ब्रह्म सत्यम् એ મૂળ સિદ્ધાંતનું જ જુદી રીતે પ્રતિપાદન છે.

*

બ્રહ્મ, જગત અને જીવ વિષેના શંકરાચાર્યના વિચારો જોયા પછી આપણે તેમના મોક્ષ અંગેના વિચારો જોઈએ.

ઉપર જોયું તેમ શંકરાચાર્યના મતે એકમાત્ર બ્રહ્મ સત્ય હોવાથી પરિનિષ્પન્ન કે પારમાર્થિક અવસ્થામાં મનુષ્યને વેદનિષ્ઠ–બ્રહ્મનિષ્ઠ (સાક્ષાત્કારી) ગુરુ तत् त्वम् असि–'તું તે બ્રહ્મ છે' —એવું જ્ઞાન આપે છે, અને શિષ્યને એ જ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ (સાક્ષાત્કાર) થાય છે ત્યારે તે अहं ब्रह्मास्मि એમ પોતાની જાતને 'પોતા તરીકે' (ઉદ્દેશ્ય–subject તરીકે) ભૂલીને બ્રહ્મરૂપે જોતો થાય છે. પોતાની સામે વિદ્યમાન આ જગતને પણ વિધેય (object) તરીકે ન જોતાં 'सर्वं खलु इदं ब्रह्म' એ રીતે બ્રહ્મમય જુએ છે. આમ પારમાર્થિક જ્ઞાનનો ઉદય થતાં જ્ઞાની પુરુષનો ઉદ્દેશ્યવિધેય ભાવ—એ પ્રકારનું દ્વૈતનું જ્ઞાન—દૂર થાય છે. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની ત્રિપુટીનો લય થતાં અંદર-બહાર સર્વત્ર એક બ્રહ્મતત્ત્વના અભેદનો જ અનુભવ થાય છે. આ પ્રકારની 'બ્રાહ્મી સ્થિતિ' (બ્રહ્મમય ભાવ) એનું જ નામ મોક્ષ.

આ મોક્ષની સ્થિતિ બ્રહ્મના સાચા સ્વરૂપના જ્ઞાન સિવાય અન્ય કોઈ સાધનથી સિદ્ધ ન થતી હોવાથી શંકરાચાર્ય 'ज्ञानाद् एव कैवल्यम्, ज्ञानाद् एव मोक्षः' એમ કેવળ તત્-ત્વ(તે-પણાના)ના જ્ઞાનને જ માત્ર સાધન તરીકે સ્વીકારે છે.

આનો અર્થ એ નથી કે આચાર્યશ્રી 'કર્મ'નો ઉચ્છેદ સૂચવે છે. કર્મ તેમની દૃષ્ટિએ અવાન્તર —વચગાળાનું—સાધન છે. કર્મથી મનુષ્યના ચિત્તની શુદ્ધિ થાય છે. ચિત્તશુદ્ધિ થયા પછી તેને વિવિદિષા (બ્રહ્મને જાણવાની ઇચ્છા) થાય છે. ત્યાર પછી તે ગુરુ દ્વારા વેદાંતવાક્યનું શ્રવણ કરી તેના મનન અને નિદિધ્યાસન વડે પ્રત્યક્ષાનુભવ કરી બ્રાહ્મી સ્થિતિ મેળવે છે. આ સ્થિતિ પ્રાપ્ત થયા પછી તેને કોઈ પણ કર્મ કરવાનું તથા કર્મ કરવામાં 'બંધન' રહેતું નથી. તેથી આ સિદ્ધિને 'નૈષ્કર્મ્યસિદ્ધિ' તરીકે ઓળખાવી છે.

મોક્ષપ્રાપ્તિના અંતિમ સાધન તરીકે શંકરાચાર્ય માત્ર જ્ઞાનને સ્વીકારે છે. તેમની પહેલાંના (ભર્તૃપ્રપંચ) તેમજ પછીના (રામાનુજ જેવા) આચાર્યોએ સ્વીકારેલા જ્ઞાનકર્મ સમુચ્ચયવાદ(જ્ઞાન અને કર્મ સંયુક્ત રીતે મોક્ષનાં સાધન છે એ સિદ્ધાંત)નું તેમણે અનેક જગ્યાએ અકાટ્ય દલીલો દ્વારા ખંડન કર્યું છે.

*

હવે, શંકરાચાર્યની દૃષ્ટિએ બ્રહ્મજ્ઞાનનો અધિકારી કોણ થઈ શકે, એનો વિચાર કરીએ.

આ અધિકાર પ્રાપ્તિ માટે શંકરાચાર્યે ચાર સાધનો ઇષ્ટ માન્યાં છે; અને તે સાધનચતુષ્ટય તરીકે ઓળખાય છે. ટૂંકામાં, તેમને વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્ક અને મુમુક્ષુત્વ એ રીતે ઓળખાવ્યાં છે. તેમને વીગતે જોઈએ.

**(૧) નિત્યાનિત્યવસ્તુ વિવેક :** સર્વપ્રથમ માણસે નિત્ય અને અનિત્ય પદાર્થોનો વિવેક (અલગ છે તેવો વિચાર) કેળવવો જોઈએ; કારણ કે જ્યાં સુધી મનુષ્ય એકમાત્ર બ્રહ્મ જ નિત્ય (સત્ય) છે અને તે સિવાયની તમામ વસ્તુઓ (જગત) અનિત્ય (મિથ્યા) છે એમ સમજતો નથી ત્યાં સુધી તેની બુદ્ધિ અનિત્ય વસ્તુઓને છોડી નિત્ય તરફ આકૃષ્ટ થતી નથી. આ રીતે નિત્યાનિત્ય વસ્તુવિવેક એ જ્ઞાનનું પ્રથમ સોપાન છે. આ પ્રકારની વિવેકની ભૂમિકામાં બુદ્ધિતત્ત્વ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી આચાર્ય આનંદશંકર એને બૌદ્ધિક (intellectual) ભૂમિકા કહે છે.

**(૨) ઇહામુત્રફલોપભોગ વિરાગ :** ઇહ(આલોક)નાં અને અમુત્ર(પરલોક)નાં ફળોના ઉપભોગ પ્રત્યે વૈરાગ્ય ભાવના.

મનુષ્યને પોતાના જીવનકાળ દરમ્યાન અનેક પ્રકારના ભોગો પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. વળી, મૃત્યુ પછી સ્વર્ગનાં સુખો ભોગવવાની તેની લાલસા પણ એટલી જ સ્વાભાવિક છે. પરંતુ નિત્ય વસ્તુ(બ્રહ્મ)ને જાણ્યા પછી આલોક અને પરલોકનાં અનિત્ય ફળોના ઉપભોગ પ્રત્યે તેને વૈરાગ્ય થાય એ સ્વાભાવિક છે. આ ભૂમિકાએ લાગણીનું તત્ત્વ પ્રબળ હોવાથી આનંદશંકરભાઈ એને 'ઊર્મિશીલ (emotional) ભૂમિકા' તરીકે ઓળખાવે છે.

**(૩) શમદમાદિ સાધન સંપત :** (અ) શમ = વિષયો દોષયુક્ત હોવાથી તેમાં વૈરાગ્ય કેળવી પોતાના મનને બ્રહ્મ રૂપી લક્ષ્યમાં સ્થિર અને શાંત કરવું તે. (આ) દમ (દમન) = પાંચ જ્ઞાનેન્દ્રિયોને અને પાંચ કર્મેન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી પાછી વાળી તેમને પોતાનાં સ્થાનમાં સ્થાપવા રૂપી તેમનું દમન કરવું તે જ 'દમ'. (ઇ) ઉપરતિ = ચિત્તવૃત્તિને બહારના વિષયોમાં ભટકતી અટકાવવી તેનું જ નામ 'ઉપરતિ' અથવા 'ઉપરમ' (અટકવું તે). (ઈ) તિતિક્ષા (સહન કરવાની શક્તિ) = જે કંઈ પ્રકારનાં દુ:ખો આવી પડે તે અંગે ચિંતા કે વિલાપ ન કરતાં તેમને સહન કરવાં તે. (ઉ) શ્રદ્ધા = બ્રહ્મની પ્રાપ્તિ કરવામાં ઉત્તમ સાધન રૂપ શાસ્ત્ર અને ગુરુનાં વચનો સાચાં છે એ પ્રકારની માન્યતા (બુદ્ધિ) સ્થિર કરવી તે. (ઊ) સમાધાન (सम् + आ + धा = સારી રીતે મૂકવું) = ચિત્તને તેની ઇચ્છાનુસાર વર્તવા નહિ દઈને તેને શુદ્ધ બ્રહ્મમાં જ કાયમને માટે સારી રીતે સ્થિર કરવું તે.

શમદમના આ ષટ્ક માણસની નૈતિકતા ઉપર આધારિત છે. તેથી આનંદશંકરભાઈ એને નૈતિક (moral) ભૂમિકા કહે છે.

**(૪) મુમુક્ષુત્વ :** (મોક્ષ પામવાની ઇચ્છા કરવી તે) પોતાના સાચા સ્વરૂપના જ્ઞાન દ્વારા અહંકારથી માંડી દેહ સુધીનાં તમામ અજ્ઞાન કલ્પિત બંધનોમાંથી છૂટવાની ઇચ્છા. આનંદશંકરભાઈ આને ધાર્મિક (religious) ભૂમિકા કહે છે.

આ છેવટની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે, કારણ કે જ્યાં સુધી મુમુક્ષુત્વ નથી ત્યાં સુધી ઉપરનાં તમામ સાધનો નકામાં છે.

આ પ્રકારનાં ચાર સાધનોની રચનામાં શંકરાચાર્યનું માનસશાસ્ત્રનું ઊંડું અવલોકન સ્પષ્ટ જણાઈ આવે છે.

*

હવે, છેવટે એક પ્રશ્ન વિચારીએ :

શંકરાચાર્યને અને તેમના ગુરુ ગૌડપાદાચાર્યને તેમના પછીના ભાસ્કરાચાર્ય, રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્ય જેવા આચાર્યો 'પ્રચ્છન્ન બૌદ્ધ' કહીને તેમની ટીકા—નિંદા કરે છે તેમાં કેટલું તથ્ય છે? વાસ્તવમાં તે બંનેનાં તત્ત્વચિંતન ઉપર બૌદ્ધ અસર છે. પરંતુ તત્ત્વવિચાર એ ઉત્તરોત્તર વિકાસશીલ હોવાથી પૂર્વના કે સમકાલિક તત્ત્વવેત્તાઓની અનુગામી તત્ત્વજ્ઞાનીઓના તત્ત્વજ્ઞાન ઉપર અસર પડે એમાં દૂષણ છે જ નહિ, બલ્કે ભૂષણ છે. બૌદ્ધ ચિંતક નાગાર્જુનના ગ્રંથ 'મૂલમધ્યમ કારિકા'ના કેટલાય શ્લોકોનો અનુવાદ ગૌડપાદની કારિકાઓમાં સ્પષ્ટપણે થયેલો છે. પરંતુ તેથી તેઓ બૌદ્ધ વિચારવાદી બની જતા નથી.

ગૌડપાદે શૂન્યવાદ તરફ ઘસડાઈ જતા બુદ્ધિવાદીઓને 'અજાતિવાદ' આપી પૂર્ણ બ્રહ્મવાદ તરફ વાળ્યા. સિંહના બચ્ચાને છોડાવવા જેમ ભરતને 'મૃત્તિકા મયૂર' (માટીનું રમકડું) જેવી નિર્દોષ અને રમણીય વસ્તુ આપવામાં આવે અને તે સિંહના હિંસક બચ્ચાને મૂકી દે, તેમ શૂન્યવાદ રૂપી ભ્રામક સિદ્ધાંતથી તત્કાલીન બૌદ્ધિકોને છોડવવા ગૌડપાદે અને શંકરાચાર્યે તત્સદશ છતાં તદ્ભિન્ન એવો ઉચ્ચતર 'પૂર્ણ બ્રહ્મવાદ'નો સિદ્ધાંત આપી બૌદ્ધિકોને સાચા વૈદિક માર્ગ ઉપર લાવવાનું ભગીરથ અને પ્રશસ્ય કાર્ય કર્યું છે.

---

## ભક્તિ અને જ્ઞાનના ફળમાં ભેદ

**જ્ઞાનમાર્ગ**

(अ) સાધનભૂમિકા
- (૧) વિવેક
- (૨) વૈરાગ્ય
- (૩) શમાદિ છ દૈવી સંપત્તિ
- (૪) મુમુક્ષુતા

(ब) યત્નસાધ્ય ભૂમિકા
- (૫) શુભેચ્છા (શ્રવણાધિકાર)
- (૬) સુવિચારણા (મનનાધિકાર)
- (૭) તનુમાનસા (નિદિધ્યાસનાધિકાર)

(क) અયત્નસાધ્ય ભૂમિકા (સિદ્ધ જ્ઞાનીની)
- (૮) સત્ત્વાપત્તિ (બ્રહ્મવિદ્)
- (૯) અસંસક્તિ (બ્રહ્મવિદ્વર)
- (૧૦) પદાર્થાભાવિની (બ્રહ્મવિદ્વરીયાન્)
- (૧૧) તુરીય (બ્રહ્મવિદ્વરિષ્ઠ)

**ભક્તિમાર્ગ**

(अ) સાધનભૂમિકા
- (૧) મહત્સેવા
- (૨) મહદ્દયાપાત્રતા
- (૩) ભગવદ્ધર્મનિષ્ઠા
- (૪) હરિગુણ શ્રુતિ

(ब) યત્ન સાધ્ય ભૂમિકા
- (૫) રત્યંકુરોત્પત્તિ
- (૬) સ્વરૂપનું જ્ઞાન
- (૭) પ્રેમવૃદ્ધિ

(क) અયત્નસાધ્ય ભૂમિકા (સિદ્ધ ભક્તની)
- (૮) ભગવદ્ સાક્ષાત્કાર
- (૯) ભગવદ્ ધર્મનિષ્ઠા
- (૧૦) ભગવદ્ ગુણશાસિતા
- (૧૧) ભગવદ્ પરાભક્તિ

જે પરમાત્મા જ્ઞાનમાર્ગમાં છે તે જ પરમાત્મા ભક્તિમાર્ગમાં ભગવદ્ શબ્દવાકય ભજનીય છે. જ્ઞેય અને ભજનીયમાં વસ્તુભેદ નથી, પણ જ્ઞાની અને ભક્તની દષ્ટિના ભેદ વડે તે એક જ વસ્તુ બે રૂપે અનુભવાય છે.

[“ધર્મતત્ત્વવિચાર” (ભાગ-૨) દી. બ. નર્મદાશંકર મહેતા]

---

# ૨ : સાંસ્કૃતિક ચિંતન

## (૧) ધર્મ

ધર્મ શબ્દ ધૃ=ધારણ કરવું એ ધાતુમાંથી બનેલો છે; તેથી તેનો અર્થ 'સમાજને જે ધારણ કરે, ટકાવી રાખે તે ધર્મ' એવો થાય છે. આવા સંદર્ભમાં ધર્મશાસ્ત્રોમાં તેનાં ત્રણ અંગો — આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્તની ચર્ચા કરવામાં આવી છે.

'આચાર'માં મનુષ્યે વ્યક્તિગત રીતે પોતાના લૌકિક કલ્યાણ (પ્રેય) અને પારલૌકિક કલ્યાણ (શ્રેય) માટે કેવું આચરણ કરવું જોઈએ એની ચર્ચા કરવામાં આવી છે. તેથી આમાં વર્ણોના ધર્મો અને આશ્રમોના ધર્મો ઉપરાંત મનુષ્યે ધાર્મિક જીવનમાં સ્વાધ્યાય, જપ, દેવપૂજન, શ્રાદ્ધ વગેરે કર્મો કેવી રીતે કરવાં એનું નિરૂપણ કરવામાં આવે છે (code of conduct). આમ આચાર ભાગમાં મનુષ્યના વૈયક્તિક જીવનના પ્રશ્નો અને માનવના ઊર્ધ્વીકરણનો સમાવેશ થાય છે.

'વ્યવહાર'માં મનુષ્ય એ વિચારવંત — બુદ્ધિશાળી પ્રાણી છે. તેને સમાજમાં રહેવાનું છે, તેથી એક સામાજિક વ્યક્તિ તરીકે અન્ય વ્યક્તિઓની સાથેના તેના સંબંધોમાં તેણે કેવી રીતે વર્તવું તેની ચર્ચા છે. મનુષ્ય બીજાની વસ્તુ ચોરી લે કે તેને ઈજા કરે અથવા સમાજને નુકસાન થાય એવું વર્તન કરે ત્યારે કાયદો અને વ્યવસ્થા જાળવવા શાસકતંત્રે ગુનાપાત્ર વ્યક્તિને કેવી સજા કરવી તે બધી બાબતોનો સમાવેશ આમાં થાય છે. આને આપણે Law અને Jurisprudence કહી શકીએ.

'પ્રાયશ્ચિત્ત'માં મનુષ્યે પોતાની ભૂલોનું પોતાની જાતે નૈતિક સ્તરે કેવી રીતે સંમાર્જન — ક્ષાલન — કરવું તે અંગેનું માર્ગદર્શન મળે છે. આમાં વ્યક્તિએ ખુલ્લા દિલથી પોતાની ભૂલ કબૂલ કરીને ધર્મશાસ્ત્રોમાં વિહિત નિયમો મુજબ પોતે જ પોતાની જાતને સજા કરી, વ્રત-ઉપવાસ જેવા નૈતિક માર્ગે, પાપમુક્ત થવાનો પ્રયત્ન કરવાનો છે; અને સાથે સાથે એ પ્રકારનાં પાપ — ભૂલ — ફરીથી ન થાય તેનો મનોમન સંકલ્પ કરવાનો રહે છે. प्रायो नाम तपः प्रोक्तं चित्तं निश्चय उच्यते । तपोनिश्चयसंयोगात् प्रायश्चित्त मितीर्यते ॥ (હેમાદ્રિનો શ્લોક) प्रायः = તપ; અને चित्त = નિશ્ચય: આ બંનેના સંયોગથી બનેલો પ્રાયશ્ચિત્ત શબ્દ 'વ્રતોપવાસ રૂપી તપ દ્વારા ફરીથી એવું પાપ ન કરવાનો નિશ્ચય કરવો' એમ સૂચવે છે.

ધર્મમાં વ્યક્તિના આચરણનું મહત્ત્વ હોવાથી आचारः परमो धर्मः (આચરણ જ પરમ ધર્મ છે) એમ ધર્મનું લક્ષણ વર્ણવાયું છે. શ્રુતિ (વેદ), સ્મૃતિ (મનુ વગેરેએ લખેલા ધર્મશાસ્ત્રના ગ્રંથો), સદાચાર (સત્પુરુષોનું વર્તન) અને આત્મસંતોષ આ ચારને મનુસ્મૃતિમાં (૨-૧૨) ધર્મનાં આધાર — ગંગોત્રી— માન્યાં છે.

વેદના મર્મને જાણનારા વિદ્વાનો, રાગદ્વેષ રહિત અને હૃદયમાં પોતે લીધેલા નિર્ણય પ્રત્યે જરાય શંકા વગરના ધાર્મિક (મનુ. ૨-૧) એવા, મનુ અને યાજ્ઞવલ્ક્ય જેવા સદાચારી અને શ્રદ્ધેય ઋષિમુનિઓ ધર્મના પ્રણેતાઓ છે.

સમાજમાં પોતે આદર્શ બનીને ધર્મનું આચરણ કરનારા અને અન્યને તે દ્વારા માર્ગદર્શન કરાવનારા આવા પુરુષો સમાજમાં સંત તરીકે પણ ઓળખાય છે.

## કર્મ અને પુનર્જન્મ

સમાજમાં જુદા જુદા મનુષ્યોમાં ગરીબ-તવંગર, બુદ્ધિમાન-ઠોઠ ઇત્યાદિ આર્થિક કે બૌદ્ધિક દષ્ટિએ જે વૈષમ્ય દષ્ટિગોચર થાય છે તેના મૂળમાં તે તે વ્યકિતનું તેના પૂર્વજન્મનું કર્મ રહેલું છે એમ ઋષિમુનિઓએ માન્યું છે. જેમ વ્યવહારમાં મનુષ્ય પોતાના ખેતરમાં જે વાવે છે તે જ લણે છે, તેમ અધ્યાત્મ જીવનમાં મનુષ્ય સારાં-ખોટાં જે કર્મો કરે છે તેનું તે સારું ખોટું-ફળ મેળવે છે. पुण्यः पुण्येन कर्मणा भवति पापः पापेन— સારાં કર્મથી સારો અને ખોટાં કર્મોથી ખોટો બને છે. (બૃહદારણ્યક ઉપ. ૪-૪-૫)

ભારતીય સંસ્કૃતિમાં કર્મનો આ સિદ્ધાંત અત્યંત મહત્ત્વનો અને પાયાનો સિદ્ધાંત છે. બ્રાહ્મણ, શ્રમણ (જૈન) અને બૌદ્ધ—આ ત્રણેય પરંપરાઓએ આ સિદ્ધાંતને સ્વીકાર્યો છે અને વિકસાવ્યો છે.

કર્મનો સિદ્ધાંત ભારતીય ચિંતનપરંપરાને ક્ષત્રિયો દ્વારા મળેલી અપૂર્વ અને અદ્વિતીય ભેટ છે. છાન્દોગ્ય (૫-૩-૧૦) અને બૃહદારણ્યક (૬-૨) ઉપનિષદમાં પ્રવાહણ જૈવલિ નામના ક્ષત્રિય તત્ત્વજ્ઞાની ગુરુ પાસે 'પંચાગ્નિવિદ્યા' ભણવા આવેલા શ્વેતકેતુના પિતા ગૌતમ આરુણિને ગુરુ કહે છે—"હે ગૌતમ! તારા પહેલાં આ વિદ્યા કોઈ બ્રાહ્મણ પાસે ગઈ નથી તેથી જ સર્વ લોકોમાં ક્ષત્રિયોનું પ્રશાસન હતું." આમ કહીને તે ક્ષત્રિય તત્ત્વજ્ઞાની જિજ્ઞાસુ બ્રાહ્મણને આ વિદ્યા શીખવે છે. તે કહે છે : મૃત્યુ પામીને પિતૃયાન (કૃષ્ણગતિ) દ્વારા ચંદ્રલોકમાં ગયેલો જીવાત્મા ફરીથી આ લોકમાં પાછો ફરે છે, ત્યારે જેમનાં આચરણ આ લોકમાં રમણીય હોય તેવા આ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય યોનિ જેવી રમણીય યોનિમાં જન્મે છે. જેમનું આચરણ અહીં કપૂય (ગંધાતું) હશે તેવાઓ કૂતરાની, ડુક્કરની કે ચંડાળની ગંધાતી યોનિમાં જન્મે છે.

ભગવદ્ગીતા(૧૮-૧૨)માં આ સિદ્ધાંતનું સમર્થન કરતાં જરાક જુદો ઝોક આપ્યો છે. ત્યાં કર્મનું ફળ ત્રણ પ્રકારનું વર્ણવ્યું છે : (૧) ઇષ્ટ, (૨) અનિષ્ટ અને (૩) મિશ્ર. શંકરાચાર્ય વગેરે આચાર્યોએ એને સમજાવતાં કહ્યું છે કે, 'ઇષ્ટ' એટલે મનુષ્ય કરતાં કંઈક ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરવી, એટલે કે સ્વર્ગમાં જવું યા દેવ, ગંધર્વ જેવી ઉત્તમ યોનિમાં જન્મવું તે. પુણ્યનું પલ્લું નમતું હોય તો આવું ફળ મળે. 'અનિષ્ટ' એટલે મનુષ્ય કરતાં નીચલી સ્થિતિ પ્રાપ્ત કરવી, એટલે કે નરકમાં જવું અથવા કૂતરા, ગધેડા જેવી હલકી યોનિમાં જન્મવું તે. પાપનું પલ્લું નમતું હોય તો આવું ફળ મળે છે. 'મિશ્ર' એટલે પુણ્ય-પાપનાં પલ્લાં એકસરખાં હોય તેવી સ્થિતિ; ત્યારે જીવાત્માનો જન્મ મનુષ્ય-યોનિમાં થાય છે.

ઉપનિષદના સિદ્ધાંતાનુસાર પુણ્યની ગુણવત્તાનુસાર મનુષ્ય-યોનિમાં પણ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જેવી યોનિનું તારતમ્ય સ્વીકારાયું છે.

આ રીતે વ્યકિતના શુભાશુભ કર્મના તારતમ્ય પ્રમાણે તેનો ઉચ્ચ-નીચ યોનિમાં પુનર્જન્મ થાય છે.

મનુષ્ય પોતાની સાત્ત્વિક, રાજસિક કે તામસિક પ્રકૃતિ અનુસાર તે તે પ્રકારનાં કર્મો કરે છે. આ રીતે પુનર્જન્મનો સિદ્ધાંત ત્રિગુણાત્મક છે. મનુષ્યજીવનનું પરમ ધ્યેય વા ચરમ લક્ષ્ય જન્મમરણના આ ચક્રમાંથી મુક્ત થવું તે છે. ત્રિગુણાત્મક પ્રકૃતિજન્ય આ વિષચક્રમાંથી મુક્ત થઈ ત્રિગુણાતીત થવાની સ્થિતિને 'મુકિત' અથવા મોક્ષ એવું નામ આપવામાં આવ્યું છે.

### સાધનાના ત્રણ માર્ગ

મોક્ષ રૂપી ચરમ લક્ષ્ય પ્રાપ્ત કરવાને માટે મનુષ્યની બૌદ્ધિક અને સ્વાભાવિક પ્રકૃતિ અનુસાર મુખ્યત્વે ત્રણ માર્ગો વિહિત કરાયા છે: (૧) જ્ઞાનમાર્ગ, (૨) કર્મમાર્ગ, અને (૩) ભકિતમાર્ગ.

**જ્ઞાનમાર્ગ :** શંકરાચાર્ય જેવા જ્ઞાનમાર્ગવાદી વેદાંતીઓ જ્ઞાનને સાધ્ય માનતા નથી. એમના મતે જ્ઞાન વિધેયાત્મક (positive) નથી કિંતુ અભાવાત્મક કે નકારાત્મક (negative) છે. જ્ઞાન એટલે અજ્ઞાનની

નિવૃત્તિ. તેથી આ જ્ઞાન શાબ્દિક એટલે કે શબ્દગમ્ય નથી. એની માત્ર અનુભૂતિ કરવાની હોવાથી તે અનુભવાત્મક જ છે.

સાંખ્યમત પ્રમાણે જગતમાં બે જ તત્ત્વો છે : 'પ્રકૃતિ' અને 'પુરુષ'. વાસ્તવિક રીતે પુરુષ બદ્ધ ન હોવા છતાં અજ્ઞાનને કારણે પોતાને પ્રકૃતિના બંધનમાં જકડાયેલો—બદ્ધ—માને છે. તેનું સાચું સ્વરૂપ અકર્તા અભોક્તા છે. પરંતુ પ્રકૃતિના સંયોગથી તે પોતાને કર્તા, ભોક્તા માને છે, તેથી જ્યારે પુરુષને "પોતે પ્રકૃતિ નથી, તે તેનાથી તદ્દન જુદો છે; કર્તા, ભોક્તા તો પ્રકૃતિ છે, પોતે નહિ; પોતે તો પ્રકૃતિના ત્રણ ગુણોથી પર છે—કેવલ છે" એ પ્રકારનું પ્રકૃતિ-પુરુષ વિવેકનું જ્ઞાન-ભાન થાય છે, ત્યારે તેને સ્વરૂપનું સાચું જ્ઞાન થઈ તેને 'કૈવલ્યપ્રાપ્તિ' થાય છે. આ રીતે પ્રકૃતિ-પુરુષ વિવેકના જ્ઞાન દ્વારા પોતાના યથાર્થ સ્વરૂપનું—કૈવલ્યનું—જ્ઞાન એટલે જ મોક્ષ.

વેદાંતની દષ્ટિએ જીવ-બ્રહ્મના ઐક્યના જ્ઞાનને 'મોક્ષ' એવું નામ આપવામાં આવ્યું છે. (આગલા પ્રકરણમાં આનું વિશેષ વિવરણ આપણે જોઈ ગયા છીએ.)

**કર્મમાર્ગ :** કર્મ શબ્દ કૃ=કરવું એ ધાતુ પરથી નિષ્પન્ન થયેલો છે. તેથી મન વડે, વાણી વડે અને શરીર વડે (મનસા-વચસા-કર્મણા) જે કાંઈ કરવામાં આવે તે બધું કર્મ, એવો કર્મ શબ્દનો વ્યુત્પત્તિલભ્ય વ્યાપક અર્થ થાય છે.

વૈદિક કાળના પ્રજાજનો કૃતજ્ઞ વૃત્તિથી વા વિસ્મય વા ભય વૃત્તિથી પૃથ્વી, સૂર્ય, ઉષા, પર્જન્ય, વરુણ જેવાં પ્રાકૃતિક તત્ત્વોની પ્રાર્થના કરતા, અને તેમની પાસે દ્રવ્ય, પશુઓ, પુત્રો વગેરે ભૌતિક સંપત્તિની તથા ભય અને દુ:ખમાંથી રક્ષણ કરવાની યાચના કરતા. પછી તે તે દેવને રાજી કરવા તેમણે અગ્નિ સળગાવી તે તે દેવને આહુતિ આપવાનું શરૂ કર્યું. આમ યજ્ઞ સંસ્થાનું બીજ રોપાયું. કાળક્રમે તેનો અદ્ભુત વિકાસ થયો. બ્રાહ્મણગ્રંથોમાં તેના અનેક પ્રકારોનું વીગતે વર્ણન મળે છે. તેમાં એક દિવસથી માંડીને અનેક વર્ષો સુધી ચાલનારા 'યાગો'(જેમને 'સત્ર' કહેવામાં આવતા)નું તેમજ હુત દ્રવ્યના પ્રકારને કારણે પાક યજ્ઞો (જેમાં ધાન્ય હોમાય છે); સોમ યાગો (જેમાં સોમ કે સુરા જેવું પ્રવાહી દ્રવ્ય હોમાય છે) વગેરે યાગો, તેમજ રાજસૂય, અશ્વમેધ, પુરુષમેધ જેવા અનેક પ્રકારના યજ્ઞયાગો અસ્તિત્વમાં આવ્યા. આ બધા યાગો શ્રુત્યુક્ત (શ્રુતિમાં કહેલા) હોવાથી 'શ્રૌતયાગો' કહેવાય છે. આને શ્રૌત કર્મ પણ કહે છે. પૂર્વમીમાંસામાં આની શાસ્ત્રીય ચર્ચા મળે છે.

આગળ જતાં મનુ વગેરે ઋષિઓએ શ્રુતિને આધારે સ્મૃતિઓ રચી અને 'પંચમહાયજ્ઞ' જેવા યુગાનુકૂળ નાના પાયાના યાગોનું વિધાન કર્યું. એ 'સ્માર્તકર્મ' કહેવાય છે.

વળી, સમય જતાં પુરાણો અસ્તિત્વમાં આવતાં યુગપરિવર્તનનો ત્રીજો તબક્કો શરૂ થયો. ગણેશ, શિવ, શક્તિ, સૂર્ય અને વિષ્ણુ એમ પાંચ દેવોના પંચાયતનની અને દક્ષિણમાં સ્કન્દ=કાર્તિકેય સહિત ષણ્મતની પ્રસ્થાપના થતાં તેમને ઉદ્દેશીને કરાતા ગણેશયાગ, વિષ્ણુયાગ જેવા પૌરાણિક (પુરાણમાં પ્રતિપાદિત) યાગો પ્રચારમાં આવ્યા. વળી, જાતજાતનાં વ્રતો, ઉપવાસો અને દાન વગેરે જેવાં સામાજિક કર્મો પણ પુરાણકાળમાં વિકસ્યાં.

આ રીતે 'શ્રૌત', 'સ્માર્ત' અને 'પૌરાણિક' કર્મનો વિકાસ થયો.

*

વૈદિક કાળથી કર્મના બે પ્રકારો પ્રચલિત થયા છે. 'માણસે આમ કરવું જોઈએ' એમ કહીને વેદમાં જે કર્મોનું વિધાન કરવામાં આવતું તે કર્મો 'વિહિત કર્મો' કહેવાયાં, અને 'માણસે આમ ન કરવું જોઈએ' એમ કહીને જે કર્મોનો વેદમાં નિષેધ કરવામાં આવતો તે કર્મો 'નિષિદ્ધ કર્મો' કહેવાયાં.

'વિહિત કર્મો'ના પેટાવિભાગો પણ પડયા. જે કર્મો નિત્ય કરવાનાં હોય તે કર્મો 'નિત્યકર્મ' તરીકે ઓળખાયાં. દા.ત., બ્રાહ્મણોનું સંધ્યાકર્મ; તો વળી, પુત્રજન્મ, ઉપનયન કે માતાપિતાનું મૃત્યુ થયે તે તે નિમિત્તને ઉદ્દેશીને કરવામાં આવતાં કર્મો 'નૈમિત્તિક' કર્મો કહેવાયાં અને પુત્રની કામનાથી કે ધન, સ્વર્ગ વગેરે ઇષ્ટ વસ્તુની કામનાથી કરવામાં આવતાં કર્મો 'કામ્ય' કર્મો કહેવાયાં.

મનુષ્યે કરેલાં કર્મોનું ફળ તેને અવશ્ય ભોગવવું પડે છે. કર્મના ભોગ દ્વારા જ તે કર્મનો ક્ષય (નાશ) થાય છે. આ 'ભોગ' કે 'ક્ષય'ની દૃષ્ટિએ કર્મના ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે: (૧) સંચિત, (૨) ક્રિયમાણ અને (૩) પ્રારબ્ધ.

–પૂર્વજન્મમાં માણસે કરેલાં શુભ-અશુભ કર્મોનું સરવૈયું એટલે 'સંચિત' (ભેગાં કરેલાં) કર્મો;

–વર્તમાન જન્મમાં મનુષ્ય જે સારાં-નરસાં કર્મો આચરે છે તે 'ક્રિયમાણ' (કરવામાં આવતાં) કર્મો;

–સંચિત કે ક્રિયમાણ કર્મો પૈકી જે કર્મો પોતાનું સારું-ખોટું ફળ માણસને આપવાનું શરૂ કરે તે 'પ્રારબ્ધ' (આરંભાયેલાં) કર્મો.

કર્મમાર્ગમાં કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડતું હોવાથી તે માર્ગ બંધનકારક મનાયો છે. પરંતુ ભગવદ્‌ગીતામાં ભગવાને 'કર્મયોગ'નો ઉપદેશ આપી આ દોષમાંથી મુક્ત થવાનો માર્ગ સૂચવ્યો છે. કામ્ય અને નિષિદ્ધ કર્મોનો સદંતર ત્યાગ કરી, નિત્ય અને નૈમિત્તિક કર્મો જો ફળની આસક્તિ વગર કરવામાં આવે—એટલે કે તે તે કર્મનું ફળ 'પરમાત્માને અર્પણ કરું છું' એવી ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવામાં આવે—તો તેવાં કર્મો બંધનકારક રહેતાં નથી. કર્મોનું આ રીતનું કુશળ આચરણ એટલે જ કર્મયોગ.

શંકરાચાર્ય બે માર્ગો માને છે: (૧) પ્રવૃત્તિ-માર્ગ અને (૨) નિવૃત્તિ-માર્ગ. આજીવન કર્મમાં પ્રવૃત્ત જ રહેવું તે 'પ્રવૃત્તિ-માર્ગ' અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તમામ કર્મોનો ત્યાગ કરી દેવો તે નિવૃત્તિ-માર્ગ'. ગીતામાં આ માર્ગોને અનુક્રમે 'યોગ' અને 'સાંખ્ય' એવું નામ આપવામાં આવ્યું છે. યોગ એટલે અનાસક્ત ભાવે કર્મ કરવાનો કર્મયોગ અને સાંખ્ય એટલે કર્મસંન્યાસમાં પરિણમતો જ્ઞાનયોગ. આ બંને માર્ગો પરસ્પર નિરપેક્ષ, સ્વતંત્ર અને તુલ્ય બળ છે. પરંતુ ભગવદ્‌ગીતા તો જ્ઞાનીને માટે પણ લોકસંગ્રહાર્થ કર્માચરણ ઇષ્ટ માને છે.

*ત્યાગપુર:સર મનુષ્ય 'કામ્ય' અને 'નિષિદ્ધ' કર્મનાં 'નિત્ય', 'નૈમિત્તિક' કર્મોનું અનાસકત ભાવે (ફલાભિસંધિ રહિત અને કર્તૃત્વ આદિ અભિમાન રહિત) આચરણ કરે તો તે કર્મના ફળરૂપે સંસારનાં બંધનથી મુક્ત થઈ 'મોક્ષ' પ્રાપ્ત કરી શકે છે.

**ભક્તિમાર્ગ :** ભકિતમાર્ગનું બીજ પણ વૈદિક કાળમાં જોઈ શકાય છે. વૈદિક ઋષિઓ ઇંદ્ર જેવા દેવની પિતા-માતા તરીકે સ્તુતિ કરે છે. ખાસ કરીને વરુણ દેવનાં સૂક્તોમાં ઋષિઓની ભાવપ્રવણતા વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. બ્રાહ્મણકાળમાં યજ્ઞયાગાદિ કર્મો પ્રબળ બનતાં મંત્રાધીન દેવો ગૌણ મનાવા લાગ્યા. કાળક્રમે કેટલાક ચિંતકોએ યજ્ઞયાગાદિની બાહ્ય, શારીરિક, સ્થૂલ વિધિઓથી કંટાળી જંગલમાં જઈ માનસિક સૂક્ષ્મ ચિંતનનો આરંભ કર્યો. આના ફળ રૂપે 'આરણ્યક' ગ્રંથો મળ્યા. આ માનસિક ઉપાસનાનો પ્રકાર ઉપનિષદોમાં ચરમ કક્ષાએ પહોંચ્યો. શ્વેતાશ્વતર ઉપનિષદના

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ।। (६-२३)

(જેને દેવમાં ઉત્તમ ભક્તિ છે અને દેવની માફક ગુરુમાં પણ (તેવી) ભક્તિ છે તે મહાન આત્માને જ આ કહેલા અર્થો સમજાય છે.) એ અંતિમ મંત્રમાં 'ભક્તિ' શબ્દ સર્વપ્રથમ પ્રાપ્ત થયો. ગુપ્તકાળમાં

કાલિદાસે વિક્રમોર્વશીયમ્ નાટકની નાન્દીમાં ભગવાન શિવને **સ્થિરભક્તિયોગસુલભ:** (સ્થિર ભકિતયોગ વડે સુલભ) એવા આપેલા વિશેષણમાં સર્વપ્રથમ ભકિતયોગનો ઉલ્લેખ મળે છે. શંકરાચાર્યની પૂર્વે 'પાંચરાત્ર' સંહિતાઓમાં ભકિતનું વિશ્લેષણ અને વિવેચન જણાય છે. (પાંચરાત્ર અનેક રીતે સમજાવવામાં આવ્યાં છે : ૧. પાંચરાત્ર = પાંચરાત(= દિવસ)માં આપવામાં આવતું શિક્ષણ. ૨. વૈખાનસ, સાત્ત્વત, શિખી, એકાન્ત અને મૂલક— આ પાંચના મતોની સંહિતા.) શંકરાચાર્ય પછી રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ અને વલ્લભ જેવા આચાર્યોએ ભકિતને શાસ્ત્રીય રૂપ આપ્યું. ઉત્તરમાં સૂરદાસ, કબીર, તુલસીદાસ વગેરેએ, પશ્ચિમમાં નરસિંહ અને મીરાંએ, પૂર્વમાં ચંડીદાસ, ચૈતન્ય અને તેમના મતાનુયાયી જીવ ગોસ્વામી અને તથા રૂપ ગોસ્વામીએ અને દક્ષિણમાં જ્ઞાનેશ્વર, તુકારામ, એકનાથ જેવા ભકતોએ ભકિતમાર્ગ પોષ્યો અને વિકસાવ્યો. આમ મધ્યકાળમાં ભકિતમાર્ગ ભારતના ચારે ખૂણે વ્યાપી ગયો (વધુ માહિતી, જ્ઞા. ગં., ગ્રંથ ૨૧)

ભકિતસૂત્રમાં નારદે "ઈશ્વરમાં પરાનુરકિત (પરમ અનુરાગ) એ ભકિત" એવી ભકિતની વ્યાખ્યા આપી છે. આ સૂત્રાત્મક ટૂંકી વ્યાખ્યાનું વિવરણ અન્ય ગ્રંથોમાં મળે છે. માહાત્મ્ય જ્ઞાનપૂર્વક પરમાત્મામાં થયેલો સુદૃઢ અને સર્વથી અધિક એવો સ્નેહ તે ભકિત કહેવાય છે. તેનાથી જ મોક્ષ મળે છે, અન્ય ઉપાયથી નહિ.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાનનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એવી નવધા ભકિત વર્ણવી છે; જ્યારે નારદરચિત ભકિતસૂત્રમાં અન્ય દૃષ્ટિએ નીચે પ્રમાણે અગિયાર 'આસકિત' (ભકિત)ના પ્રકારો ગણાવ્યા છે : (૧) ગુણમાહાત્મ્યાસકિત, (૨) રૂપાસકિત, (૩) પૂજાસકિત, (૪) સ્મરણાસકિત, (૫) દાસ્યાસકિત, (૬) સખ્યાસકિત, (૭) વાત્સલ્યાસકિત, (૮) કાન્તાસકિત, (૯) આત્મનિવેદનાસકિત, (૧૦) તન્મયાસકિત, અને (૧૧) પરમવિરહાસકિત.

પરંતુ ભકિતના મુખ્ય પ્રકારો બે જ કહી શકાય : (૧) 'ગૌણી' અને (૨) 'પરા'. 'ગૌણી' ભકિત આરંભનું સોપાન છે. એમાં ભકત ભગવાનના મહિમાને જાણીને પોતાના કોઈક હેતુને પાર પાડવા અર્થે તેનું ભજન કરે છે. ભકતની પ્રકૃતિની દૃષ્ટિએ આ ગૌણીભકિતના સાત્ત્વિકી, રાજસી અને તામસી એવા ત્રણ પેટાવિભાગો માનવામાં આવ્યા છે. કેટલાક લોકો ગીતોક્ત 'આર્ત', 'જિજ્ઞાસુ' અને 'અર્થાર્થી' એ રીતે— ભકતના હેતુને લક્ષમાં રાખી— તેના ત્રણ પ્રકારો ગણાવે છે. આ પ્રકારની ભકિત સહેતુક (હેતુ-વાળી) અને ભકતના સ્વાર્થવાળી હોવાથી તેને ગૌણી (ઊતરતી કોટિની) માની છે. વળી પ્રકૃતિના ત્રણ ગુણો (સત્ત્વ, રજસ, તમસ)થી યુકત હોવાથી પણ તેને 'ગૌણી' (ગુણોથી બનેલી) કહી છે.

'પરા' ભકિતમાં ભકત ભગવાનના માહાત્મ્યને જાણીને પરમાત્મામાં કોઈ પણ સ્વાર્થની અપેક્ષા વગર નિર્વ્યાજ, નિર્હેતુક, નિરતિશય પ્રેમ કરવા માંડે છે. આ પ્રેમ ત્રણ ગુણોથી પર હોવાથી ત્રિગુણાતીત કહેવાય છે. તે કામના રહિત હોવાથી ક્ષણે ક્ષણે તેની વૃદ્ધિ થાય છે. આવો ભકત એક ક્ષણ માટે પણ ભગવાનનું વિસ્મરણ સહન કરી શકતો નથી. તેની સ્થિતિ ગોપીઓ જેવી થાય છે. તેથી આ ભકિત ગોપીભકિત અથવા પ્રેમલક્ષણાભકિત કહેવાય છે. આ પ્રકારની ભકિત અનિર્વચનીય હોવાથી માત્ર અનુભવૈકગમ્ય જ હોય છે. આવી અનન્ય અને અવ્યભિચારિણી ભકિત 'ગૌણી' કરતાં ચઢતી કોટિની હોવાથી તેને 'પરા' (ઉત્તમ, શ્રેષ્ઠ) કહેવામાં આવે છે.

આ પ્રકારની જ્ઞાનોત્તર ભકિત શંકરાચાર્યના મતે અશકય છે; જ્યારે રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્ય જેવા ભકિતમાર્ગના આચાર્યો તેમજ જ્ઞાનેશ્વર જેવા પરમજ્ઞાની ભકતની દૃષ્ટિએ આ પ્રકારની ભકિત શકય છે; એટલું જ નહિ, પરંતુ આ જ સાચી ભકિત છે.

ઉપર જણાવેલા જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણ પૈકી ભક્તિમાર્ગને— ખાસ કરીને કલિયુગમાં – શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે; કારણ કે ભગવાનને પ્રસન્ન કરવા માટે ભક્તિ જેવું અત્યંત સરળ અન્ય કોઈ સાધન નથી, એટલે કે ઈશ્વર 'ભક્ત્યૈક-ગમ્ય' અને પ્રેમસ્વરૂપ છે એમ માનવામાં આવે છે. વળી, આ ભક્તિ-માર્ગમાં ન્યાત, જાત, વર્ણ, આશ્રમ, જ્ઞાન, વય, સંપત્તિ ઇત્યાદિ કોઈ વિશેષ અધિકારને સ્થાન નથી. આ માર્ગ અકિંચન, નિ:સાધન, શૂદ્ર, સ્ત્રી કે પાપી તમામને માટે ખુલ્લો છે. અંતમાં, આ માર્ગમાં કોઈ બાહ્ય સાધનસામગ્રીની ખાસ જરૂર ન હોવાથી તે શ્રેષ્ઠ છે; ઉપરાંત કલિયુગમાં તે આચરવો સહેલો છે.

## (૨) નીતિમૂલ્યપ્રતિષ્ઠા

ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં 'ધર્મ' શબ્દનો અર્થ ખૂબ વ્યાપક છે. જેમ શ્રૌત, સ્માર્ત અને પૌરાણોક્ત યજ્ઞયાગાદિના અનુષ્ઠાનનો ધર્મમાં સમાવેશ થાય છે તેમ ચાર વર્ણના લોકો અને ચાર આશ્રમોનું પાલન કરનારા લોકોની ફરજોનો સમાવેશ પણ ધર્મમાં જ કરવામાં આવ્યો છે. વળી નૈતિક અને આધ્યાત્મિક સાધકના આચાર-વ્યવહારનો સમાવેશ પણ 'ધર્મ' શબ્દમાં જ કરવામાં આવ્યો છે. આ રીતે જેને એકંદરે 'સંસ્કૃતિ' કહેવાય છે તે તમામ બાબતોનો સમાવેશ 'ધર્મ' શબ્દમાં થાય છે.

સમાજ વ્યક્તિઓનો બનેલો હોવાથી દરેક વ્યક્તિ પોતાના આચરણની શુદ્ધિ પ્રત્યે જેટલા પ્રમાણમાં સભાન રહે તેટલા પ્રમાણમાં સમાજનું આચરણ સુધરે. જગતભરના માનવસમાજે પોતાને ઉન્નત બનાવવા અને સુખ મેળવવા કેટલાંક સામાજિક મૂલ્યોને સ્વીકાર્યાં છે. આ મૂલ્યોનું આચરણ એ સમાજની પ્રત્યેક વ્યક્તિની 'નૈતિક' ફરજ છે. આ સામાજિક મૂલ્યોને મનુસ્મૃતિ 'યમ' અને 'નિયમ' એ શબ્દો દ્વારા ઓળખાવે છે.

'યમ' એટલે (૧) અહિંસા, (૨) સત્ય વચન, (૩) બ્રહ્મચર્ય, (૪) અકલ્કતા (નિષ્કપટતા) અને (૫) અસ્તેય; 'નિયમ' એટલે (૧) અક્રોધ, (૨) ગુરુશુશ્રૂષા, (૩) શૌચ (શુદ્ધિ), (૪) આહારલાઘવ (અલ્પાહાર) અને (૫) અપ્રમાદ.

આ પછી યાજ્ઞવલ્ક્યસ્મૃતિ(પ્રાયશ્ચિત્તાધ્યાય ૫-૩-૧૨-૧૩)માં 'યમ' અને 'નિયમો'માં સમયા-નુસાર અન્ય આવશ્યક ગુણોનો ઉમેરો થયો છે. દા.ત., યમની યાદીમાં દયા, ક્ષાન્તિ (ક્ષમા), ધ્યાન, માધુર્ય અને દમ; અને નિયમની યાદીમાં સ્નાન, મૌન, ઇજ્યા (યજ્ઞ-પૂજા), સ્વાધ્યાય અને ઉપસ્થનિગ્રહ.

યમનિયમોની યાદીનું આલોચન કરતાં જણાશે કે નિયમોમાં મોટે ભાગે શૌચ, ગુરુશુશ્રૂષા, આહારલાઘવ ઇત્યાદિ શારીરિક અથવા બાહ્ય ગુણોનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે યમોમાં અહિંસા, સત્ય, અકલ્કતા જેવા મોટે ભાગે માનસિક અથવા આંતરિક ગુણોનો સમાવેશ કરવામાં આવ્યો છે, એટલે કે યમોમાં નૈતિક ગુણો પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. તેથી જ મનુસ્મૃતિ(૪-૨૦૪)માં મનુ પોતે નિયમ કરતાં યમના પાલન ઉપર વધુ ભાર મૂકે છે. નિયમોના ચુસ્ત પાલનની સરખામણીમાં યમોનું ચુસ્ત પાલન તેમણે જરૂરી ગણ્યું છે. આ દૃષ્ટિએ યમોનો વિચાર કરીએ તો બ્રહ્મચર્ય (વેદાભ્યાસ અને વીર્ય-રક્ષણ એ બંને અર્થોમાં) વ્યક્તિગત રીતે ઉપકારક છે; જ્યારે અહિંસા, સત્ય, અકલ્કતા અને અસ્તેય સમાજને સુરક્ષિત રાખવા માટેના પાયાના ગુણો છે, આધારસ્તંભ છે; કારણ કે તે માત્ર વ્યક્તિ સાથે નહિ કિંતુ સમસ્ત સમાજ સાથે સંબંધ ધરાવે છે.

ઉત્તરકાળમાં ઉમેરાયેલા બીજા પાંચ ગુણો પૈકી 'ધ્યાન' અને 'દમ' એ વ્યક્તિગત રીતે ફાયદાકારક છે; ત્યારે 'દયા', 'ક્ષમા' અને 'માધુર્ય' સામાજિક સ્તરે ઉપકારક છે.

*આ રીતે ધર્મશાસ્ત્રકારોએ સત્ય, અહિંસા, પ્રેમ (દયા) અને સદાચાર જેવા સમાજકલ્યાણ સાધનારા નૈતિક ગુણોનું વ્યક્તિગત અને સામાજિક મહત્ત્વ સમજી સમાજમાં તેમની પ્રતિષ્ઠા કરવા તેમનું

વિધાન કર્યું છે. જેટલા પ્રમાણમાં સમાજમાં આ નૈતિક મૂલ્યોનું આચરણ થશે તેટલા પ્રમાણમાં સમાજમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાપ્તિ થશે અને રામરાજ્યની કલ્પના સાકાર થશે.

## (૩) વર્ણાશ્રમવ્યવસ્થા

વર્ણાશ્રમવ્યવસ્થા ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે—મેરુદંડ છે. એમ જણાય છે કે ઋગ્વેદકાળમાં આરંભે ત્રણ વર્ણો હતા. પાછળથી ઋગ્વેદના પુરુષસૂક્ત(૧૦-૯૦)માં ચાર વર્ણનો સર્વપ્રથમ ઉલ્લેખ ઉપલબ્ધ થાય છે. તેમાં વિરાટ પુરુષ (cosmic man)ના મુખમાંથી બ્રાહ્મણ, બાહુમાંથી ક્ષત્રિય, ઊરુ(સાથળ)માંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્રની ઉત્પત્તિનું રૂપક પ્રસ્તુત થયું છે. મુખ દ્વારા અધ્યયન-અધ્યાપન થતું હોવાથી મુખ એ શિક્ષણ કાર્યનું પ્રતીક છે. રક્ષણનું કામ બાહુ વડે થતું હોવાથી બાહુ રક્ષણકાર્યનું પ્રતીક છે. ઊરુ (શબ્દશઃ અર્થ વિસ્તૃત, પહોળું) શરીરનો પુષ્ટતમ ભાગ હોવાથી સમાજમાં વિસ્તૃત વેપારધંધાનું પ્રતીક છે. જ્યારે પગ આખા શરીરનો ભાર ઉપાડી તેને એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જવાનું સેવાકાર્ય કરતા હોવાથી સેવાના પ્રતીક છે. સમાજમાં શિક્ષણકાર્યની જવાબદારી ઉપાડનાર વર્ગ બ્રાહ્મણ; રક્ષણકાર્યની જવાબદારી ઉપાડનાર ક્ષત્રિય; વેપારધંધાની જવાબદારી ઉપાડનાર વર્ગ વૈશ્ય. પાછળથી શ્રમિકોનો ચોથો વર્ગ શૂદ્ર પેદા થયો. તે આ ત્રણે વર્ગની શારીરિક સેવા કરવાની જવાબદારી ઉપાડનાર વર્ગ હતો. આ સમૂહ બૌદ્ધિક રીતે પછાત હોવાથી, શારીરિક શ્રમ સિવાય અન્ય કાર્ય કરવા અશક્ત હતો. પરંતુ આ શૂદ્ર વર્ગ પણ ત્યારે 'અસ્પૃશ્ય' ન હતો.

આ રીતે આરંભયુગમાં સમાજનું ચાતુર્વર્ણ્યમાં વિભાજન તેમના 'જન્મ'ને કારણે નહિ પણ ગુણોનાં તારતમ્ય અને અમુક કર્મ કરવાની કુશળતાના ધોરણે કરવામાં આવ્યું હતું તે સ્પષ્ટ છે. ધીમે ધીમે પિતાની પાસેથી પુત્ર વારસામાં પરંપરાગત કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવા માંડતાં ગુણ અને કર્મના ધોરણ પર મંડાયેલા આ સિદ્ધાંતમાં આનુવંશિકતાનું ધોરણ દાખલ થયું. આમ છતાં પરશુરામ જેવા બ્રાહ્મણની ક્ષાત્ર-કાર્યમાં કુશળતા જાણીતી છે અને વિશ્વામિત્ર જેવા ક્ષત્રિયે બ્રહ્મર્ષિ પદ પ્રાપ્ત કરી બ્રાહ્મણત્વ મેળવ્યું હતું એ પણ જાણીતું છે. આવાં ઢગલાબંધ દૃષ્ટાંતો સિદ્ધ કરે છે કે આદિયુગમાં તો ચાતુર્વર્ણ્યના સિદ્ધાંતમાં આનુવંશિકતા કરતાં ગુણોનું જ મહત્ત્વ વધુ અંકાતું રહ્યું હતું. (વધુ માહિતી જ્ઞાન ગં. ગ્રંથ ૨૧).

ચાર વર્ણોમાં પણ બૌદ્ધિક કક્ષાની ઉચ્ચાવચતાનો વિચાર કરતાં બે વિભાગો સ્પષ્ટ દેખાઈ આવે છે : (૧) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો બનેલો સુવિકસિત બૌદ્ધિક કક્ષાવાળો વર્ગ અને (૨) બૌદ્ધિક રીતે પછાત શૂદ્ર વર્ગ. પ્રથમ વર્ગ ત્રણ વર્ણોનો બનેલો હોવાથી ત્રૈવર્ણિક તરીકે ઓળખાય છે. શૂદ્ર વર્ગ પોતાની બુદ્ધિમત્તાની દરિદ્રતા સ્વીકારીને વેદાભ્યાસ, યજ્ઞાનુષ્ઠાન અને વાણિજ્ય જેવાં બૌદ્ધિક કામોમાં પોતાની શારીરિક સેવાઓ દ્વારા સહયોગ આપતો.

ધર્મશાસ્ત્રકારોએ ચાર વર્ણોનાં કર્તવ્યોનું વિભાજન નીચે પ્રમાણે દર્શાવ્યું છે (મનુ.૧-૮૮-૯૧) :

બ્રાહ્મણોનાં છ કર્મ : (૧) અધ્યયન, (૨) અધ્યાપન, (૩) યજન, (૪) યાજન, (૫) દાન અને (૬) પ્રતિગ્રહ (દાનનો સ્વીકાર). ક્ષત્રિયોનાં પાંચ કર્મ : (૧) પ્રજાનું રક્ષણ, (૨) દાન, (૩) યજ્ઞ, (૪) અધ્યયન અને (૫) વિષયોમાં અ-પ્રસક્તિ (અત્યંત આસક્તિનો અભાવ). વૈશ્યોનાં સાત કર્મ : (૧) પશુપાલન અને તેમનું રક્ષણ, (૨) દાન, (૩) યજ્ઞ, (૪) અધ્યયન, (૫) વેપાર, (૬) ધીરધાર અને (૭) ખેતી. શૂદ્રનું એકમાત્ર કર્મ ઉપરની ત્રણે વર્ણોની, અદેખાઈ કર્યા વગર, સેવા કરવી તે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ ચાતુર્વર્ણ્ય ભગવાને પોતે ગુણ અને કર્મના ધોરણે જ ઉત્પન્ન કર્યા છે એવું સ્પષ્ટ પ્રતિપાદન છે (૪-૧૩).

ગીતાની વિશિષ્ટતા એ છે કે ચાતુર્વર્ણ્યનાં કર્મોની ગણતરી કરાવતી વખતે શારીરિક કર્મો કરતાં સ્વભાવગત નૈતિક-બૌદ્ધિક ગુણો પર તે વધારે ભાર મૂકે છે. (૧૮-૪૨-૪૪). આમ ગીતાની દૃષ્ટિએ તેમનાં કર્મો આ પ્રમાણે છે : બ્રાહ્મણનાં કર્મ શમ, દમ, તપ, શૌચ, ક્ષાન્તિ (ક્ષમા), આર્જવ (ઋજુતા), જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિક્ય. ક્ષત્રિયનાં કર્મ શૌર્ય, તેજ, ધૃતિ, દાક્ષ્ય (દક્ષતા), યુદ્ધમાં અપલાયન, દાન અને ઈશ્વરભાવ (પોતે રાજા—માલિક છે એવો દૃઢ વિશ્વાસ). વૈશ્યનાં કર્મ ખેતી, પશુપાલન અને વાણિજ્ય. શૂદ્રનું કર્મ સેવા.

મનુસ્મૃતિમાં ગણાવેલાં ચાતુર્વર્ણ્યનાં કર્મોને ગીતામાં ગણાવેલાં કર્મો સાથે સરખાવતાં સ્પષ્ટ જણાશે કે ગીતા ચાતુર્વર્ણ્યના ઘડતરમાં ગુણોને વધુ મહત્ત્વ આપે છે. વળી આ બધાં કર્મોની ગણતરી કરાવ્યા પછી ગીતા ઉપદેશ આપે છે કે પોતપોતાનાં કર્મોનું પાલન એ જ પરમાત્માનું પૂજન છે. તેથી દરેક માનવે પોતપોતાના વર્ણનાં કર્મોમાં જ અભિરતિ રાખવી. પોતાથી અન્ય વર્ણનાં કર્મ દેખીતી રીતે સારાં હોય તોપણ સ્વકર્મને ભોગે પરકર્મની લાલચમાં પડવું નહિ. જેને તેને માટે વિહિત થયેલાં કર્મ જ જેને તેને માટે શ્રેયસ્કર છે. પોતાને માટે વિહિત થયેલાં કર્મો અન્યની દૃષ્ટિએ દોષવાળાં હોય છતાં તેમનો ત્યાગ કરવો જોઈએ નહિ. આમ સ્વકર્માનુષ્ઠાન દ્વારા સમાજનું અર્ચન (કલ્યાણ) કરનાર માનવ જ સિદ્ધિ મેળવે છે (૧૮-૪૫-૪૮).

**આશ્રમધર્મો**

ધર્મશાસ્ત્રકારોએ शतायुर्वै पुरुषः (પુરુષનું આયુષ્ય સો વર્ષનું છે) એ શ્રુતિને આધારે મનુષ્યના જીવનના ગાળાને સો વર્ષનો સ્વીકારી તેના ચાર ભાગો કલ્પી પ્રત્યેક ભાગમાં મનુષ્યે કેવું આચરણ કરવું અને તે દ્વારા ઉત્તરોત્તર કેવી રીતે પ્રગતિ સાધવી તેના નિયમો આપ્યા છે. સામાન્ય રીતે એના ચાર ભાગ પાડતાં દરેક ભાગ પચીસ વર્ષનો થાય. પરંતુ આવું જડ ધોરણ આ વિભાજનમાં સ્વીકારાયું નથી.

મનુષ્યજીવનના આ ચાર તબક્કાને આશ્રમ એવી સંજ્ઞા આપવામાં આવી છે. તે ચાર આશ્રમોનાં નામો સ્વઅર્થ પ્રતિપાદક છે.

**(૧) બ્રહ્મચર્યાશ્રમ :** બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના પુત્રને અનુક્રમે ૮, ૧૧ અને ૧૨ વર્ષે ઉપનયન-સંસ્કાર સંપન્ન થતાં ગુરુકુળમાં અભ્યાસ માટે મોકલવામાં આવતો. તે ત્યાં રહી ઓછામાં ઓછું ૧૨ વર્ષ સુધી વેદાધ્યયન કરતો. અપવાદ રૂપે, ત્રણે વેદોના અભ્યાસની ઈચ્છાવાળાને તો ૩૬ વર્ષ ગુરુકુળમાં રહેવું પડતું.

આ આશ્રમ જીવનનો પાયો હોવાથી તેમાં વિદ્યાર્થીને જીવનઘડતર માટે શારીરિક અને બૌદ્ધિક રીતે આવશ્યક તમામ કેળવણી પૂરી પાડવામાં આવતી હતી. સ્નાન, સંધ્યા, ગાયત્રી જપ, પ્રાણાયામ જેવી શારીરિક અને માનસિક ક્રિયાઓ દ્વારા ઈન્દ્રિયો પર જય મેળવવાનો તે પ્રયત્ન કરતો. સાથે સાથે વેદાધ્યયન અને હોમ વગેરે કાર્યો જાતે કરતો અને ગુરુને તેમનાં અનુષ્ઠાનમાં સહાય કરતો. ગુરુસેવા, ભિક્ષાટન, ગુરુના આશ્રમની સંભાળ અને અધ્યયન એનાં મુખ્ય કર્તવ્ય હતાં.

ભપકાદાર વસ્ત્ર, ગંધ, માલ્ય, અભ્યંગ, અંજન, છત્રી, જોડા, ગીત, નૃત્ય, વાદન વગેરે સુખચેનનાં સાધનો તેને માટે વર્જ્ય હતાં. તેનો ખોરાક પણ સાત્ત્વિક અને શુદ્ધ રહેતો. સ્ત્રીઓનો સંગ, હિંસા અને કામ, ક્રોધ, લોભ જેવાં દૂષણોથી દૂર રહેવાની તેણે કાળજી રાખવી પડતી. રોજ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી સ્નાન, સંધ્યા, તર્પણ અને દેવપૂજન કરી સમિધ લેવા નીકળતો. ત્યાર બાદ ભિક્ષા લાવી ગુરુને અર્પણ કરતો અને ગુરુની આજ્ઞાથી સાદું ભોજન કરતો.

*આમ, બ્રહ્મચારીનું જીવન સાદું, ત્યાગમય અને કષ્ટપૂર્ણ રહેતું.

આ રીતના નિયમોનું પાલન કરી શારીરિક, માનસિક અને બૌદ્ધિક રીતે ઘડાઈ, ગુરુની આજ્ઞાથી, 'સમાવર્તન સંસ્કાર' પછી તે પોતાના ગૃહે પાછો ફરી સંસારમાં પ્રવેશ કરતો.

**(૨) ગૃહસ્થાશ્રમ :** ગુરુને ઘેર વિદ્યાભ્યાસ કરીને સ્વગૃહે પાછા ફરેલા સ્નાતકે ખોડખાંપણ વગરની સુંદર કન્યા સાથે લગ્ન કરવું. ઉચ્ચ વર્ણવાળો જો પોતાના વર્ણની અથવા પોતાનાથી નીચલી વર્ણની કન્યા સાથે લગ્ન કરે તો તે પ્રકારનું લગ્ન 'અનુલોમ' ગણાતું. એનાથી ઊલટું, નીચલી વર્ણનો યુવક પોતાથી ઉપલી વર્ણની કન્યા સાથે લગ્ન કરે તો તે પ્રકારનું લગ્ન 'પ્રતિલોમ' ગણાતું. રક્તશુદ્ધિ અને સુપ્રજનનની દૃષ્ટિએ અનુલોમ લગ્ન ઉત્તમ હોવાથી ધર્મશાસ્ત્રે તેને માન્યતા આપી છે અને પ્રતિલોમને નિષિદ્ધ ગણ્યું છે. આ રીતે બ્રાહ્મણ સ્નાતક નિયમાનુસાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર વર્ણની કન્યા સાથે; ક્ષત્રિય સ્નાતક ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર કન્યા સાથે; અને વૈશ્ય સ્નાતક વૈશ્ય અને શૂદ્ર કન્યા સાથે લગ્ન કરી શકતો. શૂદ્રનું લગ્ન શૂદ્ર કન્યા સાથે જ ઈષ્ટ મનાતું. આમ, 'અનુલોમક્રમ'થી ત્રૈવર્ણિકને શૂદ્ર કન્યા સાથેના લગ્નનો નિષેધ ન હોવા છતાં મનુ બ્રાહ્મણ અને ક્ષત્રિય માટે શૂદ્ર કન્યા સાથેના લગ્નને ઈષ્ટ નથી લેખતા. (૩ - ૧૪)

મનુસ્મૃતિમાં લગ્ન પછી પતિ માટે ઋતુકાળમાં (રજસ્વલા થવાના ચોથાથી સોળમા દિવસ સુધીનો ૧૩ દિવસનો ગાળો) તથા પર્વ (આઠમ, પૂનમ, અમાસ ઈત્યાદિ દિવસો) સિવાયના દિવસોમાં મૈથુનની સલાહ આપી છે. વળી, બેકી દિવસે ગર્ભધારણ થતાં પુત્ર અને એકી દિવસે ગર્ભધારણ થતાં પુત્રીનો જન્મ થાય છે, એવો પણ ઉલ્લેખ થયો છે.

ધર્મશાસ્ત્રકારોએ મૈથુનકર્મને પશુની માફક એક જાતીય કર્મમાત્ર માન્યું નથી. તેમના મતે આ એક સંસ્કાર છે. મૈથુનકાર્યથી સ્ત્રીના શરીરમાં ગર્ભ ધારણ થતો હોવાથી એ ક્રિયાને 'ગર્ભાધાન' એવું નામ આપ્યું છે. મનુષ્યના જન્મની પૂર્વે થતી ગર્ભાધાનની ક્રિયાથી માંડીને તેના મૃત્યુ બાદ કરવાની અગ્નિસંસ્કારાદિ 'ઔર્ધ્વદૈહિક' (દેહ છૂટ્યા પછીની) ક્રિયા સુધીની એકંદરે સોળ ક્રિયાઓને—કર્મોને 'સંસ્કાર' એવી સંજ્ઞા આપવામાં આવી છે. એકમાત્ર ભારતીય સંસ્કૃતિ સિવાય જગતની કોઈ પણ સંસ્કૃતિમાં આ પ્રકારના સંસ્કારની પવિત્ર ભાવના દૃષ્ટિગોચર થતી નથી. આ સંસ્કારોની વિભાવનામાં મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ વિષે ઋષિ-મુનિઓએ કેટલું અગાધ ચિંતન કર્યું છે તે જણાઈ આવે છે.

મનુષ્યનો દેહ પિતાના શુક્ર (વીર્ય) અને માતાના શોણિતના સંમિશ્રણથી ઘડાય છે. આ બંને ઘટકોમાં દોષ હોવાનો સંભવ છે; તેથી તે દોષના અપાકરણ માટે ધર્મશાસ્ત્રકારોએ ૧૬ સંસ્કારોનું આયોજન કર્યું છે. આ સંસ્કારોનાં અનુષ્ઠાનથી માનવી સંસ્કૃત (refined) — શુદ્ધ — બને છે. સોળ સંસ્કારોમાં આજે ઉપનયન, વિવાહ અને 'ઔર્ધ્વદૈહિક' (મરણોત્તર) એ ત્રણ સંસ્કારો જ વધુ પ્રચલિત છે. પરંતુ આજે તો આ સંસ્કારો પણ વગર સમજ્યે માત્ર ઔપચારિક રીતે જ કરવામાં આવે છે. તેનો આત્મા લુપ્ત થઈ ગયો છે.

### ગૃહસ્થના ધર્મો

ગૃહસ્થે પ્રાત:કાળે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી દંતધાવન, સ્નાન, સંધ્યા, ગાયત્રીજપ, પ્રાણાયામ, બ્રહ્મયજ્ઞ (વેદાધ્યયન), દેવપૂજન, તર્પણ, બલિ, વૈશ્વદેવ ઈત્યાદિ નિત્યકર્મોનું અનુષ્ઠાન કરવું જોઈએ. ત્યાર બાદ ભોજનાદિ કરી શકાય.

ઘરમાં ચૂલો, નિસાતરો, ખાંડણી-પરાઈ, જળકુંભ અને સાવરણી જેવી પાંચ વસ્તુઓનો ઉપયોગ કરતાં ગૃહસ્થને અજાણ્યે જીવજંતુની હિંસાનું પાતક લાગે છે. પાંચ રીતે થતાં પાતકને દૂર કરવા માટે

ધર્મશાસ્ત્રકારોએ નીચે જણાવેલા પાંચ મહાયજ્ઞોની કલ્પના કરી છે. : (૧) બ્રહ્મયજ્ઞ : પોતે કરેલો વેદાભ્યાસ કે પ્રાપ્ત કરેલી અન્ય વિદ્યા ભૂલી ન જવાય તે માટે રોજ તેનું આવર્તન કરવું તે. (૨) પિતૃયજ્ઞ : પોતાના મૃત પૂર્વજોનું સંસ્મરણ કરી તેમને જલાંજલિ અર્પણ કરી તૃપ્ત કરવા તે. (૩) દેવયજ્ઞ : તે તે દેવને ઉદ્દેશીને યજ્ઞ કરવો તે. (૪) ભૂતયજ્ઞ : ગાય, કૂતરાં અને કાગડા આદિ જીવોને રાંધેલાં અન્નમાંથી થોડો ભાગ અપવો તે. (૫) નૃયજ્ઞ : આંગણે આવેલા અતિથિને ભોજન આપી તૃપ્ત કરવો તે.

આ પાંચ યજ્ઞોને બીજા ઋષિઓએ જુદાં નામો પણ આપ્યાં છે—દા. ત., (૧) અહુત : જેમાં હોમનો અભાવ છે તે = બ્રહ્મયજ્ઞ; (૨) હુત : જેમાં હોમ કરવામાં આવે છે તે = દેવયજ્ઞ; (૩) પ્રહુત : જેમાં અનેક ભૂતો(જીવો)ને ઉદ્દેશી બલિ રૂપી હોમ થાય છે તે = ભૂતયજ્ઞ; (૪) બ્રાહ્મહુત : બ્રાહ્મણ અતિથિને જમાડવા રૂપી હોમ = નૃયજ્ઞ; (૫) પ્રાશિત = શ્રાદ્ધક્રિયામાં બ્રાહ્મણોને જમાડી કરાતું પિતૃતર્પણ = પિતૃયજ્ઞ.

મનુષ્યનો સંબંધ માત્ર મનુષ્ય પૂરતો જ મર્યાદિત નથી; કિન્તુ તેનાથી ઊતરતી કોટિનાં પ્રાણીઓ સાથે તેમજ તેનાથી ઉપર રહેલાં પિતૃઓ અને દેવો જેવાં અતિમાનુષ તત્ત્વો સાથે પણ છે. તેથી એ તમામની તૃપ્તિ કરવી તે તેનો ધર્મ છે. આ રીતે પંચ મહાયજ્ઞની ભાવનામાં ગૃહસ્થાશ્રમની વ્યાપકતાનો ખ્યાલ આવે છે.

### ગૃહસ્થની આજીવિકા

ગૃહસ્થે પોતાની આજીવિકા માટે અન્ય ભૂતોને પીડા ન થાય અથવા જેમ બને તેમ ઓછી થાય એ રીતે વર્તવું જોઈએ. તેણે જીવનયાત્રા દરમ્યાનના સ્વધર્મોના પાલન પૂરતું ધન અનિંદ્ય કર્મો દ્વારા અને શરીરને વધુ પડતું કષ્ટ ન પડે તે રીતે ભેગું કરવું જોઈએ.

ધર્મશાસ્ત્રકારોએ જીવનોપાયના છ પ્રકારો દર્શાવ્યા છે : (૧) ઋત : ઉંછ (ખેતરમાં, ખળામાં કે અન્ય જાહેર સ્થળે વેરાયેલા દાણામાંથી એકેક દાણો ઊંચકી ભેગો કરવો તે) અને શિલ (એકેક દાણાને બદલે ડૂંડું ઊંચકી સંગ્રહ કરવો તે; (૨) અમૃત : અયાચક વૃત્તિથી ગુજરાન ચલાવવું તે; (૩) મૃત : ભિક્ષાયાચના વડે જીવનનિર્વાહ કરવો તે (સરખાવો—'માગવું અને મરવું બરાબર'); (૪) પ્રમૃત : ખેતીથી ગુજરાન ચલાવવું તે (આમાં જમીનમાં રહેલા અસંખ્ય જીવોની હિંસા થતી હોવાથી તેને પ્ર-મૃત સંજ્ઞા અપાઈ છે); (૫) સત્યાનૃત : વાણિજ્ય અને ધીરધારથી આજીવિકા પ્રાપ્ત કરવી તે. આમાં સાચા-ખોટાનું મિશ્રણ હોય છે; (૬) શ્વવૃત્તિ : નોકરી કરીને ગુજરાન ચલાવવું. આમાં મનુષ્ય કૂતરાની જેમ હડધૂત થાય છે.

બીજા મત પ્રમાણે ધાન્ય-સંચયની માત્રા પ્રમાણે ગૃહસ્થના ચાર પ્રકારો બનાવ્યા છે—(૧) કુસૂલ-ધાન્યક : ત્રણ વર્ષ સુધી ચાલે તેટલું અનાજ ભરી રાખનાર; (૨) કુંભી ધાન્યક : એક વર્ષ ચાલે તેટલું ધાન્ય સંગ્રહનાર; (૩) ત્ર્યહૈહિક (त्रि + अहन् = ત્રણ + इक = त्र्यैहिक > त्र्यहैहिक) : ત્રણ દિવસ ચાલે તેટલું ધાન્ય સંગ્રહનાર; (૪) અશ્વસ્તનિક : રોજેરોજ જરૂર પૂરતું ધાન્ય સંગ્રહનાર; આવતી કાલની ચિંતા નહિ રાખનાર અપરિગ્રહ વૃત્તિવાળો ગૃહસ્થ.

—આ ચાર પ્રકારોમાં પછીનો પ્રકાર પૂર્વના કરતાં વધારે સારો મનાયો છે.

આમ, ઉપર દર્શાવેલા બંને મતોથી ફલિત થાય છે કે ગૃહસ્થે સ્વધર્મની મર્યાદામાં રહીને જરૂરિયાત પૂરતું જ ધન કે ધાન્ય સંગ્રહવું જોઈએ, જેથી સમાજમાં અસમાનતા ન ઉદ્ભવે.

### ગૃહસ્થના અન્ય ધર્મો

ગૃહસ્થે પોતાના કુટુંબનું અને પોષ્ય વર્ગનું ભરણપોષણ કરવું જોઈએ; કુટુંબમાં સુખશાંતિ સ્થાપવાં જોઈએ. પતિપત્નીમાં પરસ્પર સંતોષ હશે તો જ કુટુંબનું કલ્યાણ થશે. (મનુ. ૩-૬૦). તેથી ગૃહસ્થે

પરસ્ત્રીનું સેવન કરવું નહિ. પરસ્ત્રીનું સેવન આયુષ્યનો ક્ષય કરનારું છે (મનુ. ૪-૧૩૩-૩૪). તેથી ઇન્દ્રિયો પર કાબૂ રાખવો (૪—૨૨).

ગૃહસ્થે પ્રિય અને સત્યવચન બોલવું; અપ્રિય સત્ય ન બોલવું તેમજ 'પ્રિય અસત્ય' પણ ન બોલવું. ગૃહસ્થે શ્રુતિ અને સ્મૃતિમાં નિરૂપિત સદાચારનું અતન્દ્રિત થઈને પાલન કરવું, કારણ કે 'આચાર જ ધર્મનું મૂળ છે.' આચારના પાલનથી માણસને ધન, સંતતિ અને દીર્ઘ આયુષ્ય મળે છે. દુરાચારી માણસ અલ્પાયુ, રોગી અને દુ:ખી બને છે (મનુ. ૪-૧૫૫-૧૫૭).

ગૃહસ્થે 'અધર્મ'નું આચરણ ક્યારેય કરવું નહિ. જે મનુષ્ય હિંસા દ્વારા અને અધર્મનું આચરણ કરી લાંચ રુશવતથી અન્યાયનું ધન કમાય છે તેને સુખ મળતું નથી. ભલે, ગાય જેમ તુરત દૂધ આપે છે તેમ અધર્મ તુરત ફળતો નથી; પરંતુ કાળક્રમે ફળીને તેના આચરનારનાં મૂળ કાપી નાખે છે. જો અધર્મ કદાચ તેના આચરનારને ન ફળે તો તેણે કરેલા અધર્મનું ફળ તેના પુત્રોને અગર પૌત્રોને પણ ભોગવવું પડે છે. અધર્મ ફળ આપ્યા વગર રહેતો નથી. ત્રણ પેઢી સુધી તેનું ફળ મળી શકે છે. તેથી અધર્મનું આચરણ ક્યારેય કરવું નહિ (મનુ. ૪-૧૭૦-૧૭૩).

ગૃહસ્થે આરોગ્યના નિયમોનું પાલન કરવું જોઈએ. તેણે ગમે ત્યાં મળમૂત્રનું વિસર્જન કરવું જોઈએ નહિ. ખાસ કરીને માર્ગમાં, ગમાણમાં, ભસ્મમાં, ખેડેલા ખેતરમાં, જળમાં, પર્વત ઉપર, જીર્ણ દેવાલયમાં, રાફડામાં, પેશાબ કરવો જોઈએ નહિ (મનુ. ૪-૪૫-૪૭).

ચારેય આશ્રમોમાં ગૃહસ્થાશ્રમનું સ્થાન મહત્ત્વનું કહી શકાય, કારણ કે બાકીના ત્રણ આશ્રમોનું પાલનપોષણ ગૃહસ્થ કરતો હોવાથી એ ત્રણેનો એ ઉપજીવ્ય-આધાર છે. મનુ કહે છે : "જેમ હવાને આશરે બધાં જંતુઓ જીવે છે તેમ ગૃહસ્થને આશરે બધા આશ્રમો રહ્યા છે" (૩-૭૭).

**(૩) વાનપ્રસ્થાશ્રમ :** જીવનના ત્રીજા તબક્કામાં ગૃહસ્થે વનમાં પ્રયાણ કરવું. ગૃહસ્થ જ્યારે માથે પળિયાં, મુખ ઉપર કરચલીઓ અથવા છોકરાનાં છોકરાંને (ત્રીજી પેઢીને) જુએ ત્યારે તેણે વન-પ્રવેશ કરવો. ઘરબાર, સંપત્તિ વગેરેનો ત્યાગ કરી, પોતાની પત્નીને પણ પુત્રોને સોંપી અગર પત્ની ઇચ્છે તો સાથે લઈને તેણે ઇન્દ્રિયસંયમ રાખી, અગ્નિહોત્ર અને તેનાં સાધનોને લઈને જંગલમાં વાસ કરવો. ત્યાં નીવાર જેવા પવિત્ર અન્ન વડે અથવા શાક કે ફળમૂળ વડે પંચમહાયજ્ઞોનું અનુષ્ઠાન ચાલુ રાખવું. તેણે મૃગચર્મ અથવા વલ્કલ પહેરવું, જટા ધારણ કરવી, દાઢી અને નખ વધવા દેવાં; સવારસાંજ સ્નાન કરી સ્વાધ્યાય કરવો; શમ, દમ, પરોપકાર, દાન અને પ્રાણીમાત્ર પ્રત્યે દયાની ભાવના કેળવવી. ગૃહસ્થાશ્રમની માફક અહીં પણ દર્શપૂર્ણમાસ (અમાવાસ્યા—પૂર્ણિમા), નક્ષત્રેષ્ટિ (નક્ષત્ર યજ્ઞ), આગ્રહાયણ (आग्रहायण–अग्र+हायन; अग्र=શરૂઆતનો ભાગ+हायन=વર્ષ; અર્થાત્ દરેક ઋતુમાં પાકતા નવધાન્યથી તે તે ઋતુના આરંભમાં કરવામાં આવતા યાગ), ચાતુર્માસ્ય, તુરાયણયાગ અને દાક્ષાયણ યાગ ઇત્યાદિ શ્રૌત કર્મોનું અનુષ્ઠાન ચાલુ રાખવું. ઉપવાસોથી અને તપશ્ચરણથી શરીરને કૃશ કરવું. આમ તમામ પ્રકારની મમતા છોડી આત્મસાક્ષાત્કાર માટે ઉપનિષદોનાં વાક્યોનું ચિંતન કરવું. વાનપ્રસ્થીએ પ્રાજાપત્યેષ્ટિ કરીને (સ્ત્રી-પુત્રોને તેમનો ભાગ વહેંચી દઈ, પોતાનો ભાગ દક્ષિણામાં આપી દઈ) અગ્નિહોત્રના અગ્નિનું પોતાના આત્મામાં સમારોપણ કરી અનિકેત (ગૃહરહિત) બની જવું; એટલે કે સંન્યાસ લેવો. દૈવવશાત્ અચિકિત્સિત વ્યાધિ થાય તો અન્નનો ત્યાગ કરી માત્ર જળ અને વાયુ ઉપર રહીને દેહ પડતાં સુધી ઈશાન દિશામાં ચાલ્યા કરવું (મનુસ્મૃતિ, ૬-૧-૩૧).

**(૪) સંન્યાસાશ્રમ :** જીવનના છેલ્લા તબક્કામાં વાનપ્રસ્થીએ શિખા, સૂત્રનો ત્યાગ કરવો; પત્નીની મમતા છોડી તેનો પણ ત્યાગ કરવો; અગ્નિહોત્ર પણ છોડી દેવું. આમ તમામ સંગોથી મુક્ત

થઈ જવું. બધી વસ્તુઓનો આમાં આ રીતે 'સંન્યાસ' (ત્યાગ) થતો હોવાથી તેને 'સંન્યાસાશ્રમ' કહે છે. વળી તેમાં સંન્યાસી એક સ્થળે ન રહેતાં એક આશ્રમથી બીજા આશ્રમે એમ ચારેબાજુ ફરતો રહે છે. તેથી તેને 'પરિવ્રાજકાશ્રમ' પણ કહે છે.

સંન્યાસીનું વર્તન એવું હોવું જોઈએ કે જેથી કોઈને તેના તરફથી રજ માત્ર પણ ભય ન રહે. તેણે કોઈનાય સહારા વગર એકલા જ નીકળી પડવું; અનગ્નિ અને અનિકેત બની, માત્ર ભિક્ષા પૂરતું ગામમાં જવું. શરીરની ઉપેક્ષા કરવી પણ 'બુદ્ધિ' સ્થિર રાખવી અને 'મૌન' ધારણ કરવું. ફાટેલાં વસ્રો અથવા કંથા ધારણ કરવી. ભિક્ષા માટે માત્ર માટીનું વાસણ રાખવું. વૃક્ષનાં મૂળ પાસે સૂવું અને સર્વત્ર સમભાવ કેળવવો. તેણે 'જીવન' કે 'મરણ' પ્રત્યે પણ આસક્તિ ન રાખવી. નોકર જેમ માલિકના હુકમની રાહ જુએ તેમ યમના તેડાની તેણે રાહ જોવી. જોઈને પગલું મૂકવું, વસ્રથી ગાળેલું જળ પીવું, સત્યપૂત વાણી બોલવી અને મનઃપૂત સમાચરણ કરવું. વાદવિવાદમાં પડવું નહિ, કોઈનું અપમાન કરવું નહિ. કોઈ સાથે વેર કરવું નહિ. કોઈ ગુસ્સે થાય તોય ગુસ્સે ન થવું. ગાળો દેનારનું પણ ભલું ઇચ્છવું અને માત્ર બ્રહ્મસંબંધી જ વાત કરવી. અધ્યાત્મમાં જ મશગુલ રહેવું.

**જ્યોતિષવિદ્યા કે અન્ય કોઈ વિદ્યાના ચમત્કારો બતાવી બદલામાં ભિક્ષાની આશા રાખવી નહિ.** એક વાર ભિક્ષા માંગવી. ભિક્ષા મળે તો રાજી ન થવું અને ન મળે તો વિષાદ ન કરવો. માત્ર પ્રાણ ટકી રહે તેટલું જ અન્ન જમવું.

*આ રીતે ઇન્દ્રિયોના નિરોધથી, રાગદ્વેષના ક્ષયથી અને અહિંસાના આચરણથી તે મોક્ષનો અધિકારી બને છે. 'પ્રાણાયામ' વડે ઇન્દ્રિયોના દોષોને બાળી, 'ધારણા' વડે પાપોનો નાશ કરી, 'પ્રત્યાહાર' વડે વિષયોના સંસર્ગોને ટાળી, ધ્યાન વડે ક્રોધ, લોભ આદિ દુર્ગુણોને બાળી, 'ધ્યાનયોગ' વડે અંતરાત્માની જુદી જુદી ગતિઓ જોઈને બ્રહ્મજ્ઞાનનિષ્ઠ થવું; અને વૃક્ષ જેમ નદીકાંઠો છોડે, પંખી જેમ વૃક્ષ છોડે તેમ સ્વદેહને છોડવો. આ રીતે તમામ સંગોનો ત્યાગ કરીને સર્વ દ્વંદ્વોથી મુક્ત થયેલો સંન્યાસી બ્રહ્મમાં જ અવસ્થિત થાય છે (મનુસ્મૃતિ, ૬-૩૩-૭૮).

ઉપર જણાવેલા નિયમોનું આચરણ જે પરિવ્રાજક કરે છે તે પાપોને ફગાવી પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. (મનુસ્મૃતિ, ૬-૮૫).

●

## ૐ કાર

| વાચક પ્રણવાંગ | અવસ્થા | અધ્યાત્મ ભોક્તા વા બોદ્ધ | અધિભૂત ભોગ્ય અથવા સાક્ષ્ય | અધિદૈવ સત્તા | અધિદૈવ ગુણ | અધિદૈવ કર્મ |
|---|---|---|---|---|---|---|
| ૧ अ | જાગ્રત | વિશ્વ | વિરાટ (મૂર્ત) | વિષ્ણુ | સત્ત્વ | પાલન |
| ૨ उ | સ્વપ્ન | તૈજસ | હિરણ્યગર્ભ અમૂર્ત ) | બ્રહ્મા | રજસ્ | સર્જન |
| ૩ म | સુષુપ્તિ | પ્રાજ્ઞ | અવ્યાકૃત | રુદ્ર | તમસ્ | પ્રલય |
| ૪ અર્ધ માત્રા | તુરીય | સાક્ષી | — | સદાશિવ. મહેશ્વર | ગુણાતીત પદ | સ્વયં-પ્રકાશત્વ |

[ "ધર્મતત્ત્વવિચાર" (ભાગ-૩) દી. બ. નર્મદાશંકર મહેતા ]

## પ્રસ્થાનત્રય

- અદ્વૈતમત (૧ થી ૫)
  - સમુચ્ચયવાદી ભર્તૃપ્રપંચ (૬૫૦) હાલ લુપ્ત છે
  - કેવલાદ્વૈત (શાંકરમત) બ્રાહ્મ (૧) (૭૮૮-૮૨૦)
  - શુદ્ધાદ્વૈત (વલ્લભમત) વૈષ્ણવ (૨) (૧૪૭૯-૧૫૩૦)
  - વિશિષ્ટાદ્વૈત
    - (રામાનુજ) વૈષ્ણવ (૩) (૧૦૧૭-૧૧૩૭)
    - (શ્રીકંઠમત) શાક્તશૈવ (૪) (૧૩૦૦)
  - અવિભાગાદ્વૈત (વિજ્ઞાનભિક્ષુમત) બ્રાહ્મ (૫) (૧૬૫૦)
- દ્વૈતમત (૬)
  - મધ્વમત વૈષ્ણવ (૬) (૧૦૩૯-૧૧૨૦)
- દ્વૈતાદ્વૈતમત (૭ થી ૮)
  - ઔપાધિક ભેદાભેદવાદ (ભાસ્કરમત) બ્રાહ્મ (૭) (૧૦૦૦)
  - સ્વાભાવિક ભેદાભેદવાદ (નિંબાર્કમત) વૈષ્ણવ (૮) (૯૯૦)

●

## અધ્યાત્મશાસ્ત્ર

અધ્યાત્મશાસ્ત્ર પરમાત્માના ત્રણ ભૂમિકાના અને ચતુર્થ અથવા તુરીય ભૂમિકાના સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. નીચેનું કોષ્ટક તે સ્વરૂપોનો સંગ્રહ કરે છે.

* પરમાત્મા = નિષ્કલ

તુરીયબ્રહ્મ = પરબિંદુ

- પ્રેરક બલ: કામ
- અંતર્યામી ઈશ્વર–અથવા અપર બિંદુ
  - વાસના
  - હિરણ્યગર્ભ–અથવા પ્રથમ શરીરી
    - અમૂર્ત
    - વિરાટ અથવા વિષ્ણુ
    - મૂર્ત
  - લિંગ
- પ્રેરાતું દ્રવ્ય: અવ્યાકૃત દ્રવ્ય

* ઉપરની વિચારશ્રેણીની પુષ્ટિમાં જુઓ બૃ. આ. ઉ. ૪ અધ્યાય, ત્રીજું બ્રાહ્મણ

[ "ધર્મતત્ત્વવિચાર" (ભાગ-૪), દી. બ. નર્મદાશંકર મહેતા ]

## ધાર્મિક જીવન

(૧) બુદ્ધિના પર ભાગમાં એક વ્યાપક તત્ત્વ ('ભૂમા') રહેલું છે, જે વડે આ સંપૂર્ણ પ્રપંચનાં અસ્તિત્વ અને શોભા છે.

(૨) તે તત્ત્વ સાથે આપણા આત્માનો અભેદ સંબંધ છે.

(૩) તે સંબંધને જાગ્રત કરવાની કલા પ્રાપ્ત કરવી એ જ ધર્મમય જીવન છે.

(૪) આ કલાને યોગ અથવા સંયમ કહે છે.

(૫) યથાર્થ યોગી ઉત્તમ ચારિત્ર્યવાન, સુદૃઢ આરોગ્યવાન અને વિશ્વ પ્રતિ અનુકંપાની દૃષ્ટિવાળો (નીતિધર્મી) હોય છે.

(૬) તેનામાં વિશ્વજ્ઞપ્તિ પ્રકટ થાય છે અને અંતમાં ઉત્થાન સમયે તે જ્ઞપ્તિથી અસાધારણ બળ પ્રકટ થયેલું અનુભવાય છે.

["ધર્મતત્ત્વવિચાર" (ભાગ-૪) દી. બ. નર્મદાશંકર મહેતા]

●

## હિંદુ અને ખ્રિસ્ત પરમેશ્વરવાદ

"હિંદુઓ ખ્રિસ્ત-ચર્ચના ખ્રિસ્ત-ધર્મને કદાચ ભિન્ન દેશકાળમાં ઊછરેલા હોવાથી ન માને તોપણ જિસસ ક્રાઇસ્ટના જીવનમાં ગૂંથાયેલી ધર્મભાવનાને તો પોતાની જ કરી માની શકે એમ છે. પરમેશ્વરવાદને(ના) નીચે પ્રમાણે પાંચ મુદ્દાઓમાં ખ્રિસ્તીઓ હિંદુઓના સમાન ગોત્રવાળા ગણાય તેમ છે :

(૧) પતિ અથવા પરમેશ્વરનું અસ્તિત્વ બંનેને સંમત છે.

(૨) પરમેશ્વર દેહધારી થાય છે અને પુરુષોત્તમભાવ જિસસ ક્રાઇસ્ટમાં જેવો મૂર્તધારી થયાનું ખ્રિસ્તીઓનું પવિત્ર મંતવ્ય છે, તેમ પરમેશ્વર નાના મોટા અવતારી થાય છે અને જીવોનો ઉદ્ધાર કરવા તે મથે છે, એવી હિંદુઓની ભૂમિકા પાયામાં એક છે; જો કે બંને મત ઉપર બંધાયેલી ઇમારત ભિન્ન દેશકાળને લઈને ભિન્ન ભાસે છે.

(૩) પરમેશ્વરનું જગત્કર્તૃત્વ ખ્રિસ્તીઓ અને સેશ્વરવાદી હિંદુઓનું સમાન કક્ષાનું છે.

(૪) પરમેશ્વર અથવા ભગવાન અનેક કલ્યાણ-ગુણોના આધાર છે એ નિર્ણય જેવો ખ્રિસ્તીઓનો છે તેવો હિંદુઓનો, શૈવોનો અને ભાગવતોનો, પણ છે.

(૫) પરમેશ્વર મનુષ્યના આત્માનો ઉદ્ધાર પ્રેમ અને કરુણાથી જિસસ ક્રાઇસ્ટના દ્વાર વડે કરે છે એ મંતવ્ય જેમ ખ્રિસ્તીઓનું છે, તેમ પરમેશ્વર ગુરુદ્વારથી શક્તિપાત અથવા અનુગ્રહ કરી જીવને શિવ સાયુજ્ય આપે છે, એ હિંદુઓનો સમાન કક્ષાનો સિદ્ધાંત છે.

આ પાંચ મુદ્દા ખ્રિસ્ત-સંપ્રદાય સાથે એકમતવાળા હોવાથી ભગવાન જિસસ ક્રાઇસ્ટની જયંતીમાં મુદિતાની ભાવનાથી જોડાઈ પોતાના ધર્મજ્ઞાનની વિશુદ્ધિ હિંદુઓ કરી શકે એમ છે.

["ધર્મતત્ત્વવિચાર" (ભાગ-૨), દી. બ. નર્મદાશંકર મહેતા]

# ૩ : ભગવદ્‌ગીતા : સમગ્ર જીવનદર્શન

આપણે વૈદિક તત્ત્વચિંતન અને તેના ધાર્મિક-સાંસ્કૃતિક જીવનના સિદ્ધાંતોનું માળખું જોઈ ગયા. એ લખાણમાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાના તત્ત્વજ્ઞાન અને આચારસંહિતાના સિદ્ધાંતોનું સમર્થન પણ અવારનવાર ઉદ્ધૃત કર્યું છે. આમ છતાં, આ ખંડના સમગ્ર દર્શનની દૃષ્ટિએ, જો કોઈ પણ એક આધારભૂત ગ્રંથ હોય તો તે ભગવદ્‌ગીતા જ છે. આથી, ઉપસંહાર તરીકે, થોડુંક પુનરાવર્તન વહોરી લઈનેય તેના સાર્વદેશિક જીવનદર્શન પર આંખ ઠેરવવી જરૂરી છે.

સાક્ષાત્ શ્રીકૃષ્ણના સ્વમુખે ઉપદેશાયેલ 'ગીતા' જ જો 'સુગીતા' (સારી રીતે અધ્યયન કરાયેલી) થાય તો અન્ય કોઈ શાસ્ત્રના અધ્યયનની જરૂર નથી, એ પ્રકારનું એક સુભાષિત એની મહત્તા તરફ ધ્યાન દોરે છે.

તો ભગવદ્‌ગીતામાં એવું શું છે? એ સમજવું હોય તો તેની 'પુષ્પિકા' (ઇતિશ્રી) સમજવી જોઈએ. સંસ્કૃત ગ્રંથોની રચનાશૈલીની એક વિશિષ્ટતા એ છે કે તેમાં ગ્રંથને અંતે કે પ્રત્યેક પ્રકરણ યા અધ્યાયને અંતે પુષ્પિકા આપવામાં આવે છે. તે પુષ્પિકામાં તે ગ્રંથના સ્વરૂપ યા પ્રકાર વિષે તથા ગ્રંથ કે પ્રકરણ કે અધ્યાયમાં પ્રતિપાદ્ય વિષયની અત્યંત સ્વલ્પાક્ષરી ભાષામાં માહિતી આપવામાં આવે છે. આ પુષ્પિકા "ભગવદ્‌ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયામ્ યોગશાસ્ત્રે..." પ્રમાણે ભગવદ્‌ગીતા (૧) ઉપનિષદ છે, (૨) બ્રહ્મવિદ્યા છે અને (૩) યોગશાસ્ત્ર છે.

**(૧) ગીતા ઉપનિષદ તરીકે**

વૈદિક સાહિત્યના અંતકાળમાં લખાયેલા ગ્રંથો 'ઉપનિષદ્' કહેવાય છે. ઉપનિષદ્ શબ્દનો અક્ષરશ: અર્થ उप + नि + सद् ઉપરથી 'અત્યંત નજીકમાં બેસવું' એવો થાય છે. પછી લક્ષણાથી એનો અર્થ 'રહસ્ય (ગુપ્ત) વિદ્યા' એવો થયો. આ ગ્રંથોમાં બ્રહ્મ, જગત, જીવ તથા બ્રહ્મપ્રાપ્તિ માટેની જાતજાતની ઉપાસનાઓની ચર્ચા મળે છે. ઉપનિષદો ભારતીય તત્ત્વજ્ઞાનના આધારગ્રંથો છે. આ ઉપનિષદોમાં ક્યાંક ક્યાંક પરસ્પર વિરોધી ચર્ચાઓ પણ જોવામાં આવે છે. આ વિરોધ સાચો વિરોધ નથી પરંતુ વિરોધાભાસ છે એમ પ્રતિપાદન કરવા અને ઉપનિષદોની એકવાક્યતા સિદ્ધ કરવા બાદરાયણ મુનિએ બ્રહ્મસૂત્રની રચના કરી.

આમ, ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને ગીતા આ ત્રણે ગ્રંથો ભારતીય તત્ત્વજ્ઞાનના પાયાના ગ્રંથો હોવાથી તેમને પ્રસ્થાનત્રયી એવું નામ આપવામાં આવ્યું છે.

ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો જેવા ગ્રંથોની કોટિમાં મુકાયેલ 'ગીતા' મૂળમાં તો એક લાખ શ્લોકવાળા મહાભારતમાં ૭૦૦ શ્લોકોમાં સમાવિષ્ટ છે. તેમાં યુદ્ધભૂમિ પર થયેલો શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ છે. આ સંવાદમાં આત્મતત્ત્વ અને તેની નિત્યતાના પ્રતિપાદન માટે શ્રીકૃષ્ણે મુખ્યત્વે ઉપનિષદમાંથી જ વિચારો લીધા છે. ઉપનિષદ જ ગીતાની મુખ્ય ગંગોત્રી છે. કેટલેક સ્થળે તો ઉપનિષદના શ્લોકો જેવા ને તેવા જ ઉદ્‌ધૃત કર્યા છે. ક્યાંક ક્યાંક તેમાં પ્રસંગોચિત અથવા છંદની જરૂરિયાત મુજબ ફેરફાર કર્યા છે. (જુઓ પૃ. ૪૨, ૪૩)

આમ ભગવદ્‌ગીતા મુખ્યત્વે ઉપનિષદ છે.

ઉપનિષદના આ ઋણને આપણા ઋષિઓએ એક સુંદર રૂપક આપીને સ્પષ્ટ કર્યું છે. ઉપનિષદો એ ગાયો છે. અર્જુન વાછરડો છે. તેને નિમિત્ત બનાવી શ્રીકૃષ્ણે બુદ્ધિમાન મનુષ્યો માટે આ ગાયોમાંથી ગીતા રૂપી અમૃત દોહી લીધું. મતલબ કે ગીતા એ ઉપનિષદોનો જ નિચોડ છે.

સ્વામી વિવેકાનંદે પરદેશીઓને આ વાત સમજાવવા બીજું રૂપક પ્રયોજ્યું. તેમણે કહ્યું–ગીતા એટલે ઉપનિષદના બગીચામાંથી ચૂંટી કાઢેલાં જાતજાતનાં સુગંધીદાર પુષ્પોની કલગી.

**(૨) ભગવદ્‌ગીતા બ્રહ્મવિદ્યા તરીકે**

ગીતાના આરંભમાં જ આત્માનું નિત્યત્વ સમજાવતાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે––આત્મા એવો છે કે જેને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી, અને પવન સૂકવી શકતો નથી. આમ પૃથ્વી (પાર્થિવ આયુધો), તેજ, જળ અને વાયુ આ મહાભૂતો પૈકી કોઈ પણ મહાભૂત તેને કોઈ રીતે ઈજા કરવા સમર્થ નથી. તેથી તે અચ્છેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય અને અશોષ્ય હોવાથી—એટલે કે સર્વ રીતે 'અવિનાશી' હોવાથી — 'અમર' છે. દેહ હણાય છે પણ આત્મા હણાતો નથી. માણસ જેમ જૂનું વસ્ત્ર કાઢી નાખી નવું ધારણ કરે તેમ આત્મા દેહાન્તર પ્રાપ્ત કરે છે.

તેરમા અધ્યાયમાં ક્ષેત્રક્ષેત્રજ્ઞની ચર્ચાના પ્રસંગે જ્ઞેય બ્રહ્મનું વર્ણન શ્રીકૃષ્ણ આ પ્રમાણે આપે છે :

'જ્ઞેય' એટલે 'જાણવા યોગ્ય પદાર્થ 'બ્રહ્મ'. તે અનાદિ (હોવાથી અનંત પણ) છે. તેને સત્ (અસ્તિત્વ) કહી શકાય એમ નથી, તેમ અસત્ (અનસ્તિત્વ) પણ કહી શકાય તેમ નથી. તેનાં હાથ, પગ, આંખ, મુખ, કાન, મસ્તક વગેરે સર્વત્ર વ્યાપ્ત છે. તે બધું વીંટીને રહ્યો છે. તે તમામ ઇન્દ્રિયોથી રહિત છે છતાં તેમાં ઇન્દ્રિયો અને ગુણોનો આભાસ થાય છે. 'અસક્ત' (આસક્તિ રહિત) છતાં તે સર્વને ધારણ કરે છે. 'નિર્ગુણ' હોવા છતાં તે ગુણોનો ઉપભોગ કરે છે. તે પ્રાણીઓની બહાર તેમ અંદર પણ છે. 'જડ' પણ તે છે અને 'ચેતન' પણ તે છે. તે અત્યંત સૂક્ષ્મ હોવાથી જાણી શકાય તેવો નથી. તે ખૂબ દૂર રહેલો હોવા છતાં અત્યંત નજીક છે. અવિભક્ત હોવા છતાં ભૂતોમાં વિભક્ત થયેલો દેખાય છે. ભૂતોને ઉત્પન્ન કરનાર, તેમનું પોષણ કરનાર અને અંતે તેમનો કોળિયો કરી જનાર પણ તે જ છે. તમામ જ્યોતિઓની તે 'જ્યોત' છે. તે અંધકારથી પર છે. 'જ્ઞાન' પણ તે જ છે અને 'જ્ઞેય' પણ તે જ છે. દરેકના હૃદયમાં પણ તે જ રહેલો છે. (૧૩. ૧૨—૧૭)

આ રીતે ઉપનિષદમાં વર્ણવેલાં બ્રહ્મનાં સગુણ અને નિર્ગુણ એમ બંને સ્વરૂપોનું વર્ણન શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવ્યું છે.

પરંતુ ગીતાની ખૂબી એ છે કે આ પરબ્રહ્મ તે શ્રીકૃષ્ણ પોતે જ છે એમ અનેક જગાએ સ્પષ્ટ રીતે પ્રતિપાદિત કરાયું છે. અગિયારમા અધ્યાયમાં તો પોતાના વિરાટ સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન કરાવીને અર્જુનને શ્રીકૃષ્ણે પોતે જ 'બ્રહ્મ' હોવાની ખાતરી કરાવી દીધી છે.

આ રીતે ગીતા એ પરબ્રહ્મની વાણી છે. ગીતા બ્રહ્મવિદ્યાનું જ્ઞાન આપતી હોવાથી બ્રહ્મવિદ્યાનો ગ્રંથ છે.

**(૩) ગીતા યોગશાસ્ત્ર તરીકે**

ભગવદ્‌ગીતાના છઠ્ઠા અધ્યાયમાં ધ્યાનની પ્રક્રિયાનું વર્ણન કરતાં રાજયોગની ધ્યાનપ્રણાલીનું ટૂંકાણમાં છતાં વિશદ રીતે વર્ણન પ્રસ્તુત થયેલું છે. (૬. ૧૦-૧૭)

પરંતુ ગીતાને એટલા માત્રથી જ યોગશાસ્ત્ર માની લેવી તે ભૂલ છે. ગીતાને યોગશાસ્ત્ર બીજી દૃષ્ટિથીય કહેવામાં આવી છે.

ગીતાના દરેક અધ્યાયને સંજ્ઞા આપવામાં આવી છે. દા. ત. પ્રથમ અધ્યાય 'અર્જુનવિષાદયોગ', દ્વિતીય 'સાંખ્યયોગ', તૃતીય 'કર્મયોગ', ચતુર્થ 'કર્મબ્રહ્માર્પણયોગ' ('જ્ઞાનકર્મસંન્યાસયોગ'), પંચમ 'કર્મસંન્યાસયોગ', ષષ્ઠ 'આત્મસંયમયોગ', સપ્તમ 'જ્ઞાનવિજ્ઞાનયોગ', અષ્ટમ 'અક્ષરબ્રહ્મયોગ', નવમ 'રાજવિદ્યારાજગુહ્યયોગ', દશમ 'વિભૂતિયોગ', એકાદશ 'વિશ્વરૂપદર્શનયોગ', દ્વાદશ 'ભકિતયોગ', ત્રયોદશ 'ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ', ચતુર્દશ 'ગુણત્રયવિભાગયોગ', પંચદશ 'પુરુષોત્તમયોગ', ષોડશ 'દૈવાસુરસંપદ્‌વિભાગયોગ', સપ્તદશ 'શ્રદ્ધાત્રયવિભાગયોગ' અને અષ્ટાદશ અધ્યાય 'મોક્ષસંન્યાસયોગ'. ગીતાના દરેક અધ્યાયના અંતે આપેલા નામની સાથે 'યોગ' શબ્દનો પ્રયોગ એ ગીતાની વિશિષ્ટતા છે, જો કે ત્યાં યોગ શબ્દ પ્રચલિત અર્થમાં વપરાયો નથી. એનો 'યૌગિક' અર્થ છે.

**આ રીતે જોતાં ગીતાનો જ્ઞાનયોગ એટલે જે જ્ઞાન મનુષ્યને પરમાત્મા સાથે જોડી આપે તે; 'કર્મયોગ' એટલે જે કર્મ મનુષ્યને પરમાત્મા સાથે જોડી આપે તે; અને 'ભક્તિયોગ' એટલે જે મનુષ્યોની વિષયોમાં રહેલી ભક્તિને પરમાત્મામાં જોડી આપે તે.**

આ રીતે આ જ્ઞાન, કર્મ, ભકિતયોગ સંજ્ઞા ભારતીય વિચારકોની રહસ્યગ્રહણ શકિતનું દર્શન કરાવે છે.

આ શકિતનું બીજું દર્શન અષ્ટાદશશ્લોકી ગીતામાં પણ થાય છે. આમાં પ્રત્યેક અધ્યાયમાંથી એકેક શ્લોક પસંદ કરી માત્ર ૧૮ શ્લોકોમાં જ સમગ્ર ગીતાનો સાર આપી દેવાનો પ્રયાસ કરાયો છે. (જુઓ પૃ. ૪૧)

## ગીતા : સર્વ શાસ્ત્રોનો સમન્વય

ગીતાનો મુખ્ય આધાર ઉપનિષદો છે; પરંતુ ગીતાએ બીજાં શાસ્ત્રોમાંથી પણ કેટલીક બાબતો લીધી છે.

**ગીતા અને સાંખ્ય :** કપિલમુનિ પ્રણીત 'સાંખ્યશાસ્ત્ર' અત્યંત પ્રાચીન છે. મૂળ કપિલમુનિનો ગ્રંથ હાલ ઉપલબ્ધ નથી. ઈશ્વરકૃષ્ણ વિરચિત સાંખ્યકારિકા આજે સાંખ્યદર્શનનો પ્રમાણભૂત ગ્રંથ મનાય છે. આપણે આગલાં પ્રકરણોમાં જોઈ ગયા છીએ તેમ સાંખ્યદર્શન મુજબ પ્રકૃતિ અને પુરુષ એ બે જ તત્ત્વો છે. પ્રકૃતિ ત્રિગુણાત્મક છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણે ગુણોની સામ્યાવસ્થાને અવ્યાકૃત પ્રકૃતિ કહેવામાં આવી છે. પુરુષના સાન્નિધ્યથી પ્રકૃતિમાં ક્ષોભ થવાથી ગુણોની સામ્યાવસ્થા નષ્ટ થઈ વૈષમ્ય ઉત્પન્ન થાય છે અને વૈષમ્ય થવાથી સૃષ્ટિની ઉત્પત્તિનો આરંભ થાય છે.

ભગવદ્‌ગીતાની વિશિષ્ટતા એ છે કે તેણે સાંખ્યદર્શનના પાયાના આ સિદ્ધાંતો સ્વીકાર્યા છે, પરંતુ તેમાં કેટલાક મહત્ત્વના ફેરફારો કર્યા છે. દા. ત., સાંખ્યદર્શનમાં ઈશ્વરને સ્થાન નથી. પરંતુ ગીતામાં શ્રીકૃષ્ણ પોતાને 'પ્રકૃતિના અધ્યક્ષ' ગણાવે છે. અને તેમની અધ્યક્ષતામાં જ પ્રકૃતિ ચરાચર જગતને ઉત્પન્ન કરે છે (૯. ૧૦). 'પ્રકૃતિ' અને 'પુરુષ' બંને અનાદિ છે. વિકારો અને ગુણો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. શરીર અને કરણના કર્તૃત્વનો હેતુ પ્રકૃતિ છે; જ્યારે સુખદુ:ખના ભોક્તૃત્વમાં હેતુ પુરુષ છે. પુરુષ પ્રકૃતિમાં રહીને જ પ્રકૃતિના ગુણોને ભોગવે છે. અને સારીખોટી યોનિમાં પુરુષનો જન્મ થવાનું કારણ આ ગુણોનો સંગ જ છે. દેહમાં રહેલા 'પર પુરુષ' જ ઉપદ્રષ્ટા (સાક્ષી) અનુમન્તા (અનુમતિ આપનાર), ભર્તા, ભોક્તા, મહેશ્વર અને પરમાત્મા વગેરે નામોથી ઓળખાય છે. (૧૩. ૧૯-૨૩)

—ગીતા 'પ્રકૃતિ'નાય બે ભાગો પાડે છે : પરા અને અપરા. પંચમહાભૂત, મન, બુદ્ધિ અને અહંકાર આ આઠ તત્ત્વોને તે 'અપરા' પ્રકૃતિ કહે છે અને જીવસૃષ્ટિને 'પરા' પ્રકૃતિ કહે છે. (૭. ૪-૫) આ રીતે ગીતાની દૃષ્ટિએ ભૌતિક જગત (જડ સૃષ્ટિ) 'અપરા' પ્રકૃતિમાંથી અને જીવાત્માઓ

(ચર સૃષ્ટિ) 'પરા' પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે, શ્રીકૃષ્ણ–ઈશ્વર એ બંનેમાં સૂત્રમાં મણકાની માફક પરોવાયેલા છે. (૭. ૭)

આ જ વસ્તુને અન્યત્ર (૮. ૩-૪-૨૦-૨૧) ગીતા જુદી રીતે સમજાવે છે.

| અધિભૂત | અધિદૈવ | અધ્યાત્મ અથવા અધિયજ્ઞ |
|---|---|---|
| **વ્યક્ત અથવા ક્ષર** | **અવ્યક્ત** | **સનાતન અવ્યક્ત અથવા અક્ષર** |
| આમાંથી વ્યષ્ટિ એટલે કે વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે. | આમાંથી સમષ્ટિ બ્રહ્મદેવ ઉત્પન્ન થાય છે. | સર્વમાં અનુસ્યૂત એવું આ પરમ બ્રહ્મ છે. |

આમ સૃષ્ટિ-ઉત્પત્તિની વીગતો આપ્યા પછી 'સમષ્ટિ'ની દૃષ્ટિએ ગીતા નીચે પ્રમાણે ત્રણ વિભાગો પાડે છે (૧૩. ૧૯–૨૨):

| **પ્રકૃતિ** | **પુરુષ** | **મહેશ્વર** |
|---|---|---|
| 'કર્તૃત્વ'માં હેતુ છે | 'ભોક્તૃત્વ'માં હેતુ છે | આ પરમાત્મા એ બંનેથી પર અને છતાં એમાં અનુસ્યૂત છે. |

'વ્યષ્ટિ'ની દૃષ્ટિએ આ ત્રણ વિભાગો ગીતા નીચે પ્રમાણે આપે છે (અ. ૧૩):

| **ક્ષેત્ર** | **ક્ષેત્રજ્ઞ** | **સર્વ ક્ષેત્રોનો ક્ષેત્રજ્ઞ** |
|---|---|---|
| =શરીર | =જીવાત્મા | =શ્રીકૃષ્ણ |

ચૌદમા અધ્યાયમાં (૩-૪) આને ગીતા બીજા શબ્દોમાં રજૂ કરતાં કહે છે:

| **મહદ્ બ્રહ્મ** | **મૂર્તયઃ** | **શ્રીકૃષ્ણ** |
|---|---|---|
| =(પ્રકૃતિ)<br>=જન્મદાતા યોનિ | =જીવાત્માઓ | =બીજપ્રદ પિતા |

પંદરમા અધ્યાયમાં (૧૬-૧૮) આ જ વસ્તુને જુદી રીતે રજૂ કરી છે:

| **ક્ષર પુરુષ** | **અક્ષર પુરુષ** | **પુરુષોત્તમ** |
|---|---|---|
| =તમામ ભૂતો | =કૂટસ્થ | =ક્ષર અને અક્ષરથી અતીત શ્રીકૃષ્ણ |

*આ રીતે ગીતાએ બે 'પ્રકૃતિ', બે 'પુરુષ' અને તે બંનેથી પર 'સગુણ ઈશ્વર'—શ્રીકૃષ્ણને રાખીને નિરીશ્વર સાંખ્યને સેશ્વર બનાવ્યું છે.

**ગીતા અને યોગ :** ગીતાએ છઠ્ઠા અધ્યાયમાં પાતંજલ યોગશાસ્ત્રનું નવનીત આપી દીધું છે. ગીતા 'યોગ'ની વ્યાખ્યા આપતાં કહે છે—समत्वं योग उच्यते । (૨. ૪૮). સિદ્ધિ-અસિદ્ધિ જેવાં દ્વંદ્વોમાં સમતા કેળવવી તેનું નામ યોગ. મનની આવી સામ્યની સ્થિતિને પ્રાપ્ત કરવાનો માર્ગ ગીતા ચીંધે છે:

પવિત્ર સ્થાનમાં બહુ ઊંચું નહિ અને બહુ નીચું નહિ એવું સ્થિર આસન (દર્ભાસનની ઉપર મૃગચર્મ અને તેની ઉપર રેશમી આસન) પાથરી તેના ઉપર બેસી ઈન્દ્રિયો અને મનની ક્રિયાઓને કાબૂમાં રાખી મનને એકાગ્ર કરવું. ધડ, માથું અને ડોક સીધી લીટીમાં સ્થિર રાખીને નાકનાં ટેરવાં પર દૃષ્ટિ

સ્થિર કરવી. આમ મનને સ્થિર કરીને મારામાં ચિત્ત જોડીને યોગ-સાધના કરનાર 'યોગી' નિર્વાણની શાંતિ પ્રાપ્ત કરે છે (૬. ૧૧—૧૫).

ગીતાએ યોગ-સાધના માટે કેટલાંક વ્યવહારુ સૂચનો પણ આપ્યાં છે :

યોગીએ વધુ પડતું ખાવું નહિ, તેમ જ અત્યંત ઓછું પણ ખાવું નહિ. બહુ ઊંઘવું નહિ, તેમ બહુ ઉજાગરાય કરવા નહિ. યોગ્ય આહારવિહાર કરનાર, કર્મોમાં યોગ્ય ચેષ્ટાવાળા અને યોગ્ય પ્રમાણમાં ઊંઘ લેનારને યોગ 'દુખ-હા' (દુઃખને હણનારો) બને છે. (૬. ૧૬-૧૭)

વાયુરહિત સ્થાનમાં રહેલા દીવાની જ્યોત જેમ નિશ્ચલ હોય છે તેમ યોગાભ્યાસથી યોગીનું મન તદ્દન નિશ્ચલ બને છે અને આત્યંતિક સુખને પામે છે. આવી રીતે જે સ્થિતિમાં દુઃખના સંયોગનો સદંતર વિયોગ હોય છે તેને જ યોગ કહેવામાં આવે છે. (૬. ૧૯—૨૩)

આ રીતે મનુષ્યના દૈનંદિન જીવનમાં માનસિક સમતુલા પ્રાપ્ત કરવાના યોગમાર્ગનું વ્યવહારુ માર્ગ-દર્શન ગીતાએ પ્રસ્તુત કર્યું છે.

**ગીતા અને પૂર્વમીમાંસા :** 'પૂર્વમીમાંસા' એ કર્મકાંડનું અથવા યજ્ઞોનું શાસ્ત્ર છે તે આપણે અગાઉના પ્રકરણમાં જોઈ ગયા છીએ. એમાં 'વિહિત', 'નિષિદ્ધ' અને 'કામ્ય' એ ત્રણ પ્રકારનાં કર્મોનું વર્ણન કરવામાં આવ્યું છે. મનુષ્યે અવશ્ય કરવાનાં કર્મો તે 'વિહિત' કર્મો છે; નહિ આચરવાનાં કર્મો તે 'નિષિદ્ધ' કર્મો છે અને જાતજાતની કામનાઓની પૂર્તિ માટે કરવામાં આવતાં કર્મો 'કામ્ય' કર્મો છે.

ભગવદ્‌ગીતાએ આ કર્મો અંગે પોતાનો આગવો મત રજૂ કર્યો છે. ગીતા 'નિત્ય' કર્મને 'નિયત' (૩. ૮, ૧૮. ૭, ૯, ૨૩) અથવા 'કાર્ય' (૩. ૧૯, ૬. ૧, ૧૮. ૯) અથવા 'સહજ' (૧૮. ૪૮) અથવા 'સ્વભાવજ' (૧૮. ૬૦) અથવા 'સ્વભાવ નિયત' (૧૮.૪૭) અથવા 'શાસ્ત્રવિધાનોક્ત' (૧૬. ૨૪) કહે છે. 'નિયત' કર્મ અને યજ્ઞ, દાન તથા તપ જેવાં મનુષ્યોને પાવન કરનારાં કર્મો મનુષ્યે અવશ્ય કરવાં જોઈએ એમ ગીતા કહે છે. પરંતુ ગીતાની વિશિષ્ટતા એ છે કે આ કર્મો પણ 'અનાસક્ત' ભાવે (ફળની આસક્તિ વગર) અને 'કર્તૃત્વપણા'ના અભિમાન વગર કરવાં જોઈએ એવું તે અનેક જગાએ રજૂ કરે છે. ગીતા કહે છે કે મનુષ્યે તમામ કર્મો ભગવદ્-અર્પણ બુદ્ધિથી કરવાં. આમ કરવાથી મનુષ્ય તે તે કર્મોનાં સારાં-નરસાં ફળોથી મુક્ત બને છે. **ભગવદ્‌ગીતાનો આ અનાસક્તિયોગ તે જ ભગવદ્‌ગીતાનો 'કર્મયોગ'. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ગીતાનો આ અમૂલ્ય અને અદ્વિતીય ફાળો છે.**

## ગીતાની યજ્ઞભાવના

ભારતીય સંસ્કૃતિમાં 'યજ્ઞ'નું ઘણું મોટું મહત્ત્વ છે. યજ્ઞમાર્ગનો આરંભ આદિવેદ (સંહિતા) કાળમાં છે. બ્રાહ્મણગ્રંથોના કાળમાં તેનો સંપૂર્ણ વિકાસ થયો. તેના પ્રકારો, તેનાં વિધિવિધાનો ઇત્યાદિ આ કાળમાં નિશ્ચિત થયાં. 'ષડ્‌દર્શન'માંના 'મીમાંસાશાસ્ત્ર'માં આ કર્મકાંડનું સાંગોપાંગ નિરૂપણ કરવામાં આવ્યું છે. પરંતુ કાળક્રમે આ કર્મકાંડમાં જડતા આવવાથી 'ઉત્તરમીમાંસા'એ કર્મમાર્ગનું ખંડન કરી 'જ્ઞાનમાર્ગ'નો પ્રચાર કર્યો.

ગીતાએ યજ્ઞોની ઉત્પત્તિ તથા મહત્ત્વ આ પ્રમાણે સમજાવ્યાં છે :

* પ્રજાપતિએ સૃષ્ટિના આરંભમાં પ્રજા ઉત્પન્ન કરી. તેની સાથે જ યજ્ઞો પણ ઉત્પન્ન કર્યા અને લોકોને કહ્યું, આ યજ્ઞ તમારે માટે કામધેનુ છે. એ તમારી તમામ કામનાઓને સફળ કરશે. તમે યજ્ઞો દ્વારા

દેવોને પ્રસન્ન કરો અને યજ્ઞથી પ્રસન્ન થયેલા દેવો તમારું કલ્યાણ કરશે. યજ્ઞથી તુષ્ટ થયેલા દેવો તમને ઇષ્ટ ભોગો આપશે. તેમણે આપેલા ભોગોને તેમને અર્પણ કર્યા વગર તમે ભોગવશો તો તમે ચોર ગણાશો. (૩. ૧૦-૧૩)

ગીતાએ 'યજ્ઞચક્ર'ની કલ્પના આપી છે, અને એ ચક્ર સતત ચાલુ રાખવાનો અનુરોધ કર્યો છે. પરંતુ ગીતા માત્ર દ્રવ્યમય યજ્ઞોની જ વાત નથી કરતી. ગીતાએ યજ્ઞની ભાવનાને વધુ વ્યાપક રૂપ આપ્યું છે. ગીતા 'દ્રવ્યયજ્ઞ' ઉપરાંત 'તપોયજ્ઞ', 'યોગયજ્ઞ', 'સ્વાધ્યાયયજ્ઞ', અને 'જ્ઞાનયજ્ઞ' (૪. ૨૮) પણ સૂચવે છે અને 'જ્ઞાનયજ્ઞ'ને સર્વશ્રેષ્ઠ માને છે, કારણ કે તમામ કર્મોનું જ્ઞાનમાં સમાપન થાય છે.

*** અંતે ગીતાની દૃષ્ટિએ તમામ કર્મોનું નિષ્કામ આચરણ એ જ સાચો યજ્ઞ છે. ગીતાની આ વ્યાપક યજ્ઞભાવના એ ગીતાનું ભારતીય તત્ત્વજ્ઞાનમાં અદ્વિતીય પ્રદાન છે.**

મનુષ્યનાં તમામ કર્મોને યજ્ઞ ગણાવીને અને તેમને નિષ્કામ ભાવે કરવાનો ઉપદેશ આપી ગીતાએ તે જમાનામાં પ્રચલિત 'કર્મસંન્યાસના નિષ્ક્રિયતાવાદ'નું ખંડન કરી 'કર્મયોગ'નો પ્રચાર કર્યો; કર્મોની સર્વાંગીણ મીમાંસા કરી. સારાં-ખોટાં કર્મોના વિવેક માટે ગીતાએ ત્રણ કસોટી પ્રસ્તુત કરી: (૧) સ્વધર્મ અથવા નિયત કર્મ; (૨) દૈવાસુર સંપત્; (૩) ગુણત્રય વિભાગયોગ. આનો અર્થ એ છે કે મનુષ્યે સ્વધર્મ સમજી સ્વભાવ-નિયત કર્મો અનાસક્ત ભાવે, ધર્મવૃત્તિથી, સાત્ત્વિક ભાવે, પ્રપત્તિ દ્વારા ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવાં અને ગુણાતીત થવા પ્રયત્ન કરવો. આ પ્રકારે કર્મોનું આચરણ એ જ પરમાત્માનું અર્ચન છે અને તે દ્વારા જ મનુષ્ય સિદ્ધિ મેળવી શકે છે. (૧૮. ૪૬)

### ભગવદ્ગીતાની પ્રસ્તુતતા

ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે સર્વ શાસ્ત્રોમાંથી ઉત્તમ સિદ્ધાંતો તારવી સારગ્રાહી પદ્ધતિથી સમગ્ર માનવજાતને માટે એક સમન્વયવાદી માર્ગ ચીંધ્યો છે. તેમાં પ્રતિપાદિત સિદ્ધાંતો સાર્વદેશિક અને સાર્વ-કાલિક છે. ગીતા એ માત્ર 'તત્ત્વજ્ઞાન' નથી. એમાં 'નીતિ' પણ છે. દૈવાસુર સંપદ્‌ના વર્ણન દ્વારા મનુષ્યને દૈવી ગુણોની અભીપ્સા કરવાનું સૂચવી ગીતાએ બીજા અધ્યાયમાં 'સ્થિતપ્રજ્ઞ'નાં, બારમા અધ્યાયમાં 'ભક્ત'નાં અને ચૌદમા અધ્યાયમાં 'ગુણાતીત'નાં લક્ષણો આપી અનુક્રમે બુદ્ધિપ્રધાન, ભાવના-પ્રધાન અને કર્મપ્રધાન મનુષ્યને માટે આદર્શ કે ઉત્તમ પુરુષનું ચિત્ર રજૂ કર્યું છે અને જ્ઞાન, ભક્તિ કે કર્મનો પોતાને અનુકૂળ માર્ગ સ્વીકારી આદર્શ પુરુષ—પુરુષોત્તમ (Ideal man) બનવાનું સૂચન કર્યું છે.

પરંતુ ગીતાની ખૂબી તો એ છે કે સચોટ માર્ગદર્શન કર્યા પછી પણ એ તો મનુષ્યને કહે છે: "મેં જે કહ્યું છે તેનો સંપૂર્ણ વિચાર કરીને તને યોગ્ય લાગે તેમ કરજે." (૧૮. ૬૩)

આમ ગીતાના ઉપદેશક શ્રીકૃષ્ણે અર્જુનને નિમિત્ત બનાવી **બૌદ્ધિક** સમજાવટ દ્વારા સર્વાંગી સત્ય પ્રસ્તુત કરવાનો અભૂતપૂર્વ અને સફળ પ્રયત્ન કર્યો છે. તેથી જ ગીતા આજે જ નહિ પણ ભવિષ્યમાંય, ભારતીયોને જ નહિ, પણ તમામ માનવજાતનેય ઊર્ધ્વગામી કલ્યાણમાર્ગનો ઉપદેશ આપતો ગ્રંથ બની રહેશે એવી અપેક્ષા અસ્થાને નથી.

●

॥ श्री ॥

# अष्टादशश्लोकी गीता

न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।
किं नो राज्येन गोविन्दं किं भोगैर्जीवितेन वा ॥ १–३२
न जायते म्रियते वा कदाचि–
न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ २–२०
तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥ ३–२८
ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्म कर्म समाधिना ॥ ४–२४
विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥ ५–१८
शनैः शनैरुपरमेद् बुद्धया धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् ॥ ६–२५
भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ७–४
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन् ।
यः प्रयातित्यजन् देहं स याति परमां गतिम् ॥ ८–१३
अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ ९–२२
अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ १०–४२
स्थाने हृषीकेश तव प्रकीर्त्या
जगत् प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवन्ति
सर्वे नमस्यन्ति च सिद्धसंघाः ॥ ११–३६
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥ १२–१६
यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥ १३–३२
प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति ॥ १४–२२
अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥ १५–१४
इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ १६–१३
मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतद् तपो मानसमुच्यते ॥ १७–१६
नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाऽच्युत ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥ १८–७३

## गीता

(१) य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ (२–१९)

(२) न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ (२–२०)

(३) आश्चर्यवत् पश्यति कश्चिदेन-
माश्चर्यवद् वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाऽप्येनं वेद न चैव कश्चित् ॥ (२–२९)

(४) इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्त सः ॥ (३–४२)

(५) यदक्षरं वेदविदो वदन्ति
विशन्ति यद् यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत् ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥ (८–११)

(६) सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ (१३–१३)

(७) सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणमोक्तृ च ॥ (१३–१४)

(८) ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् (१५–१)

(९) न तद् भासयते सूर्यो न शशांको न पावकः
यद् गत्वा न निवर्तन्ते तद् धाम परमं मम ॥ (१५–६)

(१०) सर्वभूतस्थमात्मानं सर्वं भूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ (६–२९)

(११) वेदैश्च सर्वैरहमेव वेद्यो
वेदान्त कृद् वेदविदेव चाऽहम् ॥ (१५–१५)

# उपनिषद्

(१) हन्ता चेन्मन्यन्ते हन्तुं हतश्चेन्मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ (कठोपनिषत् १—२—१९)

(२) न जायते म्रियते वा विपश्चि
न्नायं कुतश्चिन्न बभूव कश्चित्
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ (कठोपनिषत् १—२—१८)

(३) श्रवणायाऽपि बहुभिर्यो न लभ्यः
शृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।
आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा
आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ॥
(कठोपनिषत् १–२–७)

(४) इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ।
मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान् परः ॥ (कठोपनिषत् १—३—१०)

(५) सर्वे वेदा यत् पदमामनन्ति
तपांसि सर्वाणि च यद् वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत् ते पदं संग्रहेण ब्रवीमि ॥
ओमित्येतत् ॥ (कठोपनिषत् १—२—१६)

(६) सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥
(श्वेताश्वतर ३–१६)

(७) सर्वेन्द्रिय गुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
सर्वस्य प्रभुमीशानं सर्वस्य शरणं बृहत् ॥
(श्वेताश्वतर ३–१७)

(८) ऊर्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः ।
तदेव शुक्रं तद् ब्रह्म तदेवामृतमुच्यते ॥
(कठोपनिषत् २—३—९)

(९) न तत्र सूर्यो भाति न चन्द्रतारकम् ।
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ॥ (कठोपनिषत् २–२—१६
मुंडकोपनिषत् २–२–१०
श्वेताश्वतर ६–१४)

(१०) सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
संपश्यन् ब्रह्म परमं याति नान्येन हेतुना ॥ (कैवल्य १—१०)

(११) वेदैरनेकैरहमेव वेद्यो ।
वेदान्तकृद् वेदविदेव चाऽहम् ॥ (कैवल्य १–२२)

## ષડ્દર્શનના નિર્માતાઓ



કપિલ　ગૌતમ　કણાદ　બાદરાયણ　પતંજલિ　જૈમિની

## શ્રૌત ચિંતનો

| | અધિભૂત દષ્ટિબિંદુ | અધિદૈવ દષ્ટિબિંદુ | અધ્યાત્મ દષ્ટિબિંદુ |
|---|---|---|---|
| (૧) | જગદ્બીજ–સદ્ અથવા બ્રહ્મ ભૂતરૂપે પરિણમે છે; તેમાં વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે, અને પોતે વિશ્વમય બને છે. | જગદ્બીજ વિશ્વમય બને તે ખરું, પરંતુ તેના મૂર્ત તથા અમૂર્ત મર્ત્ય-અમર્ત્ય, સત્ તથા ત્યત્–એવા વિભાગ પડે છે, અને પ્રાણ સૃષ્ટિનો ચાલક આત્મા છે, ભોગ્ય તથા ભોક્તારૂપ સૃષ્ટિનો વિવેક છે. | મૂર્ત-અમૂર્તાત્મક બ્રહ્મ તે અપર; અને તેવા ભાવથી રહિત પરબ્રહ્મનું સ્વરૂપ છે. આથી વિશ્વમય છતાં વિશ્વોત્તીર્ણ બ્રહ્મ ખરું, વિશ્વમય બ્રહ્મ સત્ય; પરંતુ વિશ્વોત્તીર્ણ તો सत्यस्य सत्यम्. |
| (૨) | પરિણામ પામેલું જગત વિશેષ રચના અને શોભાવાળું વિરાટ છે. | પરિણામ પામેલા જગતના વિરાટ શરીરનો ચાલક આત્મા હિરણ્યગર્ભ (પ્રાણ-શરીર મનોમન ઇત્યાદિ સંજ્ઞાવાળો) ચાલક છે. | મૂર્ત તથા અમૂર્તથી ચઢિયાતું જગદંકુરનું મૂલ કારણ નાસદીય સૂતકમાં જણાવેલું, "તમથી નિગૂઢ" છતાં અવિદ્યા કામ કર્મના સંસ્કારથી ભરેલ જગદાકાર થવાના બલવાળું, ચેતોમુખ, ઈશ્વર-નામના અભિમાનીની સત્તાનું ખરું સ્વરૂપ. |

| | | | |
|---|---|---|---|
| (૩) | જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગો પ્રગટે તેમ ભાવોની (જીવોની) ઉત્પત્તિ છે. | જીવોની વાસ્તવ ઉત્પત્તિ નથી, પણ જીવભાવે ભોગ્ય સૃષ્ટિમાં બ્રહ્મ પ્રવેશે છે, જેમ નાળિયેરમાં જળ પ્રવેશે છે તેમ. એટલે પોતાનું શરીર ઘડવાની સાથે પોતે તેમાં પ્રવેશે છે, બહારથી આવતો નથી તેમ બહારથી કોઈ ઘાલતું નથી. | જીવોની વાસ્તવિક ઉત્પત્તિ બ્રહ્મમાંથી નથી. જીવો પોતે અવિકૃત બ્રહ્મ જ. ઈશ્વરાત્મા એક જ સાચો આત્મા છે; અને જેમ એક સૂર્યનું કિરણ ઝુમરનાં પાસાંઓમાં પ્રવેશી અનંતાકાર દેખાય તેમ એક જ ઈશ્વરાત્મા અનંત રૂપે ભાસે છે. |
| (૪) | જીવો અણુ અને જન્માંતર પરિણામ પામનાર ભોક્તાઓ છે. તે ભોક્તાઓ ક્રતુમય-યજ્ઞમય-ક્રિયામય છે. કર્માનુસાર તેની ઉન્નતિ અવગતિ છે. | જગતકારણ એક રીતે વિશ્વમય અને તેથી નાના જીવરૂપે પ્રકટ થાય તે ખરું, પણ તે સાથે બ્રહ્માંડના મુખ્ય શરીરમાં, ચઢિયાતી ઉપાધિમાં આદિત્યાદિ મંડલમાં, સવિશેષ પ્રકાશે છે; અને વિશ્વના અંતર્યામી રૂપે પણ રહે છે અને તે નાના જીવનું પ્રેરક છે તેથી તે જીવો તો ઉપાસ્ય છે. યજ્ઞકર્મ આ વિદ્યા સાથે થાય તો વધારે ઊંચું ફળ આપે છે. | જીવોની વાસ્તવિક ઉત્પત્તિ નહિ તેથી અણુભાવવાળા, વિકારી, જન્માંતર પરિણામ પામનાર—ઇત્યાદિ ભાવનાઓ અવિદ્યામય છે. વસ્તુસ્થિતિ તેવી સૃષ્ટિ નથી પણ વસ્તુ તેવી દૃષ્ટ થાય છે. ભાવનાનુસાર સૃષ્ટિ જણાય છે; જીવત્વની રૂઢ ભાવના જો અળપાય તો બ્રહ્મત્વની ભાવના ઉદય થાય, પરંતુ બ્રહ્મભાવ ઉદય થવો તે કંઈ ઉપાસનાનું અથવા ધ્યાનનું ફલ નથી. પરંતુ શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી જન્ય જ્ઞાનનું ફલ છે. આ ફલ ઉપાસનાના પરિણામની પેઠે પારલૌકિક નથી, પણ વર્તમાન જન્મમાં અનુભવાય તેવું ઐહિક છે.<br><br>જ્યાં સુધી આ અજાતિવાદની પ્રૌઢદૃષ્ટિ-પરમાર્થિકી ઉદય ન થાય ત્યાં સુધી અધિદૈવ ચિંતકોનો અંતર્યામી ઈશ્વરની ઉપાસનાનો માર્ગ, તથા અધિભૂત ચિંતકોનો યજ્ઞમાર્ગ વ્યાવહારિક ખરો; દૃષ્ટિ-સૃષ્ટિવાદ અને સૃષ્ટિદૃષ્ટિવાદ ઉપયોગી સંભાવનારૂપે ખરો, પણ તેણે અજાતિવાદનું સ્થાન લઈ શકાય નહિ. ઉદાહરણ તરીકે હાલના વિજ્ઞાનમાં પરમાણુકારણવાદ કરતાં 'ઇલેક્ટ્રૉન'ની સંભાવના ચઢિયાતી મનાય છે. છતાં આપણા વ્યવહારની સઘળી ભૂમિકા પરમાણુકારણવાદ ઉપર રચાયેલી ચાલ્યા કરે છે. અર્થક્રિયા અથવા વ્યવહારસિદ્ધિ પ્રતીતિનું વાસ્તવિકપણું સાબિત કરતી નથી. આ અધ્યાત્મદર્શીઓનું ખાસ મંતવ્ય છે. |

**["હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ", નર્મદાશંકર દેવશંકર મહેતા]**

# તત્ત્વોપપ્લવસિંહ

[શ્રી જયરાશિ ભટ્ટ વિરચિત]

આ ગ્રંથ ઈ. સ.ની ૮મી સદીમાં રચાયેલો હોવાનું જણાય છે. ચુસ્ત લોકાયતદર્શનનો આ અતિ મહત્ત્વનો ગ્રંથ મનાય છે. આ ગ્રંથમાં કોઈ પણ તત્ત્વનું–પૃથ્વી જેવા નક્કર તત્ત્વનું પણ અસ્તિત્વ સ્વીકારાયું નથી! * જયરાશિની પદ્ધતિ કાન્ટના જેવી છે. જેમકે, તેની દલીલ એવી છે કે જ્ઞેયની જાણકારી જ્ઞાનના સાધન ઉપર આધારિત છે. પરંતુ જ્ઞાનનાં સાધનોની પ્રામાણિતતા (Validity)વાસ્તવસત્ય (Reality)ને સંગત હોવી જોઈએ. એટલે કે વાસ્તવસત્ય વિષે કંઈ પણ વિધાન કરતાં પહેલાં જ્ઞાનના પ્રામાણિત સાધનની ખાતરી કરવી જોઈએ. અને જયરાશિ માને છે કે જ્ઞાનની જાણકારીનાં કોઈ પ્રામાણિત સાધનો છે જ નહિ.

જયરાશિના આ મતને 'જલ્પ'–'વિતંડા'–કહી કાઢી શકાય એમ નથી. તેઓ એક ગંભીર ચિંતક છે.


જયરાશિ પ્રત્યક્ષ પ્રમાણ (પ્રત્યક્ષ લક્ષણ) અને અનુમાન પ્રમાણ તથા છેલ્લે શબ્દ પ્રમાણન. તથા નૈયાયિકો, મીમાંસકો–બૌદ્ધ, સાંખ્ય, જૈન–એ બધી જ ચિંતનશાખાઓના મતો તપાસ્યા પછી ઉપર મુજબના નિર્ણય પર આવેલ છે.

જયરાશિના મતે કોઈ પણ પદાર્થનું સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવા મનુષ્ય પાસે કશાં સાધનો નથી.


* આ વલણ કંઈ ભારતીય તત્ત્વદર્શનમાં સાવ નવું નથી. એનું પગેરું છેક વેદોથી શરૂ થઈ જયરાશિ ભટ્ટ સુધી જોવા મળે છે.

જયરાશિનો આ ગ્રંથ આ ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરે છે.

[*"તત્ત્વોપપ્લવસિંહ"(અંગ્રેજી ગ્રંથ): સંપાદક અને પ્રવેશ લેખકો પં. સુખલાલજી સંઘવી તથા પ્રા. રસિકલાલ સી. પરીખ; પ્રકાશક ગાયકવાડ ઓરીએન્ટલ સીરિઝ (૧૯૪૦) ગ્રંથના આધારે.]



મહાવીર સ્વામી
( ઈ. પૂ. ૫૩૯–૪૬૭ )



ગૌતમ બુદ્ધ ( ઈ. પૂ. ૫૬૩–૪૮૦ )

# ૨ : ભારતીય તત્ત્વચિંતન - ૨

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदांतिनो
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः
अर्हन्नित्यथ जैनशासनरेताः कर्मेति मीमांसकाः
सोऽयं वो विदधातु वांछितफलं त्रैलोक्यनाथो हरिः

જેને શૈવજનો કહે શિવ અને વેદાંતીઓ* બ્રહ્મ તે
બૌદ્ધો બુદ્ધ અને પ્રમાણકુશળ કર્તા જ નૈયાયિકો
અર્હત્ એમ વદે જ જૈનજન ને મીમાંસકો કર્મ તે
તેવા દ્યો તમને સુવાંછિત ફળો વિષ્ણુ ત્રિલોકીપતિ.

*( તે વેદાંતીઓ, તે મીમાંસકો )

## જૈન–બૌદ્ધ–બ્રાહ્મણ ધર્મ પરસ્પર ઓતપ્રોત

આપણે રાગદ્વેષાદિની જાળમાં ન પડ્યા હોત, અજ્ઞાનથી આપણાં નેત્રોને છવાવા ન દીધાં હોત, આપણી દૃષ્ટિ સાંકડી નહિ પણ વિશાળ રાખી હોત, તો આપણે સહુ ભિન્નભિન્ન વિવક્ષાથી 'જૈન' 'બૌદ્ધ' કે 'બ્રાહ્મણ' ન કહેવાત. અંગ્રેજી લૉજિકની પરિભાષામાં બોલીએ તો એક જ denotation વાળા પદાર્થનાં આ જુદાં જુદાં connotations છે અને તે પણ કેવાં કે એકબીજાંમાં ભળેલાં, એકબીજાંથી છૂટાં ન પાડી શકાય એવાં, કોને differentia કહીએ અને કોને property કહીએ એ પણ જેમાં ન સમજી શકાય એવાં પરસ્પર ઓતપ્રોત.

*

હિન્દુધર્મીએ બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધને એક જ ધર્મનાં વિવિધ પ્રકારરૂપે જોવાના છે. બ્રાહ્મણ-ધર્મીએ શૈવ–વૈષ્ણવોના અને આર્યસમાજીઓ અને સનાતનીઓના, અને જૈનધર્મીએ શ્વેતામ્બર–દિગમ્બરના અને શ્વેતામ્બરોએ મૂર્તિપૂજક અને સ્થાનકવાસીઓના વિરોધો શમાવવાના છે. શાંતિ અને સમૃદ્ધિના કાળમાં ધર્મને વિશેષ શાખા–પ્રશાખામાં પાંગરવા દેવો એમાં દોષ નથી બલ્કે ધર્મની સમૃદ્ધિ છે, પણ આપદ્ અને યુદ્ધના કાળમાં અનેકતામાં એકતા લાવવી એ જ યુગધર્મ છે.

[આચાર્ય આનંદશંકર ધ્રુવ : 'આપણો ધર્મ']

## ધમ્મપદ

(ધર્મનો 'માર્ગ' વા ધર્મનો શબ્દસમૂહ)

આ ગ્રંથમાં કેવળ શ્રમણ–બૌદ્ધોની જ નહિ, શ્રમણ બ્રાહ્મણોની ઉક્તિઓનો પણ સંગ્રહ કરેલો છે તો પણ તે પરસ્પર વિરોધી નથી; અહિંસાત્મક ધ્યેયને પુષ્ટિ આપનારી જ છે.

કુશળ માલાકાર જુદી જુદી જાતના રંગોનાં ફૂલોની ગૂંથણીથી જેમ એક સરસ ગુચ્છ કે એકાદ સુંદર માળા બનાવે તેવી જાતનું આ 'ધમ્મપદ' છે.

# ૪ : લોકાયતદર્શન

ભારતીય દર્શનોને 'આસ્તિક' અને 'નાસ્તિક' એવા બે મોટા વિભાગોમાં વહેંચવામાં આવ્યાં છે. આમાં ત્રણ મુખ્ય આધાર મનાયા છે : (અ) પરલોકનો, પુનર્જન્મનો કે આત્માનો સ્વીકાર કે અસ્વીકાર; (બ) ઈશ્વરની માન્યતાનો સ્વીકાર કે તેનો નિષેધ; (ક) વેદના પ્રામાણ્યનો સ્વીકાર કે અસ્વીકાર. આમાંની એકે દૃષ્ટિ તદ્દન સંતોષકારક જણાતી નથી. હકીકતે સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા (વેદાંત) એ છ દર્શનો 'આસ્તિક' મનાયાં છે અને લોકાયત, બૌદ્ધ અને જૈન એ દર્શનો 'નાસ્તિક' મનાયાં છે. આસ્તિક ગણાયેલાંમાંનાં સાંખ્ય, યોગ અને ન્યાય, વૈશેષિક દર્શનો વેદનું પ્રામાણ્ય માને છે એટલું જ; પરંતુ તેમણે પોતાના વિચારોની ઇમારત વેદના પાયા પર બાંધી છે એમ નિ:સંકોચ કહી શકાય એવું નથી. બીજી બાજુ, બૌદ્ધ અને જૈન દર્શન પરલોક અને પુનર્જન્મમાં માને છે તથા તેઓ બુદ્ધ અને મહાવીરનાં વચનો(એટલે કે પિટકો અને આગમો)ને પ્રમાણભૂત માને છે, જો કે તે દર્શનો ઈશ્વર – પરમાત્માના અસ્તિત્વ અને સ્વરૂપ વિષે તથા સામાજિક આચાર-વિચાર અંગે વેદ-પ્રામાણ્ય સ્વીકારતાં નથી. ઈશ્વરનો સ્વીકાર પણ આસ્તિક મનાતાં બધાં દર્શનોમાં એકસરખો નથી. આમ, અંતે તો વેદ(શ્રુતિ)ને પ્રમાણભૂત માનનારાં કે તેનું પ્રામાણ્ય સ્વીકારનારાં દર્શન તે 'આસ્તિક' દર્શન અને નહિ સ્વીકારનારાં તે 'નાસ્તિક' દર્શન એવો ખુલાસો એકંદરે જોવા મળે છે.

ઉપરની બધી દૃષ્ટિએ 'નાસ્તિક' કહી શકાય એવું કોઈ દર્શન હોય તો તે લોકાયતદર્શન કે ચાર્વાકદર્શન છે. આપણે તેનાથી આરંભ કરીએ. 'લોકાયત' શબ્દને જુદી જુદી રીતે સમજાવવામાં આવે છે. પણ 'લોકમાં આયત, ફેલાયેલું, પથરાયેલું' એવો તેનો અર્થ સર્વસ્વીકાર્ય ગણી શકાય. સર્વ જનોમાં ફેલાયેલી જોવામાં આવતી વિચારસરણીને રજૂ કરતું દર્શન તે લોકાયતદર્શન.

આપણે ગમે તેવી ઊંચી વિચારસરણી સ્વીકારતાં હોઈએ પણ આપણું સ્વાભાવિક વર્તન જે અનુકૂળ લાગે કે ઐહિક સુખ આપનારું લાગે તેને લેવા માટે દોડવાનું હોય છે; જે પ્રતિકૂળ લાગે કે દુ:ખ આપનારું લાગે તેનાથી દૂર ભાગવાનું હોય છે; અને જે આમાંનું એકે ન હોય તેના પ્રત્યે ઉદાસીન રહેવાનું હોય છે. માણસ જ્ઞાની હોય કે અજ્ઞાની તેનું વર્તન આ વાતને ધ્યાનમાં રાખીને ચાલતું હોય છે. શરીરાદિથી અલગ કોઈ આત્મ-તત્ત્વને ધ્યાનમાં રાખીને માણસ વર્તતો નથી; અથવા તેમ કરતો હોય તોપણ તે કોઈ દબાણ હેઠળ કરતો હોય છે, સ્વાભાવિકપણે નહિ. માણસ બોલે છે—'હું પાતળો છું, જાડો છું, ગોરો છું, કાળો છું, માંદો છું, બહેરો છું, આંધળો છું,' વગેરે—તેમાં પણ શરીરાદિને માટે તે 'હું' શબ્દનો પ્રયોગ કરે છે. તેનાથી અલગ કોઈ 'આત્મા' નામનું તત્ત્વ તેના ખ્યાલમાં હોતું નથી. આ પ્રકારના સર્વસામાન્ય વ્યવહારની તો કોઈ ના પાડી શકે તેમ નથી. આમાંથી જ એવી માન્યતા બંધાય છે કે આ સંસારમાં જે જોઈએ છીએ તેને વિષે જ આપણને ખાતરી હોઈ શકે. બાકીની બધી વાતો શા આધારે માનીએ? અને જેને વિષે આપણને પાકી ખાતરી ન હોય તેનો ઉપદેશ બીજાને તો શી રીતે આપીએ? લોકાયત-દર્શનની પાછળ આવી દૃષ્ટિ રહેલી છે.

આમ છતાં, લોકાયત વિચારધારાને 'દર્શન' તરીકેનું સ્થાન પ્રાચીન કાળથી મળ્યું છે અને તે ટકી રહ્યું છે તેથી ગંભીરપણે તેનો વિચાર કરવો ઘટે. પણ મુશ્કેલી એ છે કે બીજાં દર્શનોના છે તેવા તેના મૂળભૂત સૂત્ર-ગ્રંથો અને તેમના પરનાં ભાષ્ય-પ્રવચનાદિ મળતાં નથી. તે નષ્ટ થઈ ગયાં છે; જો કે,

આવાં 'સૂત્રાદિ' હતાં તેમાં તો કોઈ શંકા છે નહિ. દા.ત., બૃહસ્પતિએ રચેલાં કેટલાંક સૂત્ર અન્ય દર્શનોના ગ્રંથોમાં ઉદ્ધૃત થયેલાં મળે છે. તે ઉપરાંત પતંજલિ (આશરે ઈ. પૂ. ૧૫૦) કે કાત્યાયન (વાર્તિકકાર) (આશરે ઈ. પૂ. ૨૦૦)ની પહેલાં ભાગુરિએ રચેલી લોકાયત સંબંધી વર્તિકા કે વર્ણિકા હતી. પુરંદર(ઈ. સ. ૭મી સદી)નો કોઈ લોકાયત સંબંધી ગ્રંથ હશે એવા પુરાવા મળે છે. બૌદ્ધ ગ્રંથ દિવ્યાવદાનમાં લોકાયત ભાષ્ય-પ્રવચનનો ઉલ્લેખ છે. દીઘનિકાય, અંગુત્તરનિકાય જેવા બૌદ્ધ ગ્રંથોમાં પણ લોકાયતનો સમાવેશ અગાઉના જમાનામાં અભ્યાસયોગ્ય ગણાતી વિદ્યાઓમાં કરવામાં આવ્યો છે. દાર્શનિક અને અન્ય ગ્રંથો પરથી એવી છાપ ઊપસે છે કે બ્રાહ્મણપરંપરા અર્થાત્ વેદને અનુસરનારી પરંપરામાં લોકાયતનું અધ્યયન નિઃસંકોચ થતું.

*

આ લોકાયતવિચાર મૂળ બૃહસ્પતિનો હોવાનું મનાય છે. તેમણે તેમના શિષ્ય ચાર્વાકને તે શીખવ્યો હતો. એ પછી લોકાયતવાદ ચાર્વાકવાદ તરીકે પ્રચલિત થયો. લોકાયત કે ચાર્વાકદર્શનના વિચારો સંક્ષેપમાં આ રીતે રજૂ કરી શકાય: "જ્યાં સુધી જીવવાનું થાય ત્યાં સુધી સુખે જીવવું; એવું કશું નથી જેનો નાશ ન થાય; ભસ્મીભૂત થયેલો દેહ પાછો ક્યાં આવવાનો છે?"—આવી માન્યતાને કારણે ચાર્વાક કે લોકાયત-મતને અનુસરનારાઓ અર્થ, કામ, ધર્મ અને મોક્ષ એવા વૈદિક પ્રણાલી અનુસારના ચાર 'પુરુષાર્થ'ને માનવાને બદલે અર્થ અને કામને જ પુરુષાર્થ માને છે. અર્થાત્ સમાજના અસ્તિત્વ માટે જે જરૂરી છે અને પ્રાણીમાત્રની કુદરતી વૃત્તિઓને સંતોષવા ભોગવિલાસ માટે જે જોઈએ તેને 'પુરુષાર્થ' માને છે.

ચાર્વાકપંથીઓના મતે પૃથ્વી, પાણી, તેજ અને વાયુ એ ચાર તત્ત્વો છે. કેટલાક આકાશને પાંચમું તત્ત્વ માને છે જે પૃથ્વી આદિ ચારને સમાવી શકે. દેહાકારે પરિણમેલાં આ તત્ત્વોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે (કે અભિવ્યક્ત થાય છે) અને તે નષ્ટ થતાં ચૈતન્ય નષ્ટ થાય છે. બૃહદારણ્યક ઉપનિષદ્-(૨-૪-૧૨)માં આ વિચારને સમર્થન મળે છે—विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्य संज्ञास्ति—વિજ્ઞાનઘન એવો તે આ ભૂતોમાંથી ઉદ્ભવી તેમની પાછળ નાશ પામે છે; મૃત્યુ પછી કોઈ જ્ઞાન નથી.

ટૂંકમાં, દેહથી અલગ કોઈ આત્મા નામનું સ્વતંત્ર તત્ત્વ છે એમ માનવા માટે પ્રમાણ નથી, કારણ કે 'પ્રત્યક્ષ' એ એકમાત્ર પ્રમાણ છે; અનુમાનાદિને પ્રમાણ તરીકે સ્વીકારી શકાય નહિ. જેમ દારૂનાં ઘટક તત્ત્વો ભેગાં મળતાં મદશક્તિ ઉત્પન્ન થાય છે, કે પાનનાં બીડાંનાં ઘટકો—પાન, ચૂનો, કાથો, સોપારી વગેરે—ભેગાં મળતાં તેમાંથી લાલ રંગ ઉદ્ભવે છે તેમ પૃથ્વી આદિ તત્ત્વો અમુક રીતે ભેગાં થતાં તેમાંથી ચૈતન્ય ઉદ્ભવે છે અને એ 'ચૈતન્યયુક્ત દેહ' તે જ 'આત્મા'. આ તત્ત્વો છૂટાં પડતાં ચેતનાનો નાશ થાય છે અને પ્રાણીનું મૃત્યુ થયું એમ કહેવાય છે. દેહની ઉત્પત્તિ પહેલાં કે તેના નાશ પછી તેનાથી સ્વતંત્ર એવું કોઈ 'જીવ' કે 'આત્મા' નામનું તત્ત્વ નથી જે સ્વયં ચિદ્રૂપ હોય. તેથી પુનર્જન્મ, સ્વર્ગ, નરક, મોક્ષ જેવું કશું નથી; તેમનું અસ્તિત્વ માનવા માટે કોઈ પ્રમાણ નથી.

બીજું, અંગનાનું આલિંગન, ચંદનનો લેપ વગેરેથી જે સુખ ઉત્પન્ન થાય છે તે જ 'પુરુષાર્થ' છે. તે દુઃખમિશ્રિત હોય છે માટે તેને સુખ કે પુરુષાર્થ ન કહેવાય એ દલીલ બરાબર નથી, કારણ કે આપણે જોઈએ છીએ કે માણસ જેટલું લેવા જેવું હોય તે લઈને બાકીનું છોડી દે છે. ભિખારી માંગવા આવશે એ બીકે કોઈ રાંધે નહિ એમ નથી બનતું; ડાંગરમાંથી ફોતરાં ફેંકી દઈને આપણે ચોખાનો જ ઉપયોગ કરીએ છીએ; કાંટા કાઢી નાખીને લોકો માછલાં ખાય છે વગેરે. તેથી દુઃખની બીક રાખીને અનુકૂળ લાગતા

સુખનો ત્યાગ કરવો એ ઠીક નથી. સુખ દુ:ખમિશ્રિત છે, માટે છોડી દેવું એ મૂર્ખાઓની વિચારણા છે. અનુકૂળ લાગે તે સુખ, પ્રતિકૂળ લાગે તે દુ:ખ. કંટક વગેરેથી ઉત્પન્ન થતું દુ:ખ એ જ 'નરક', અને દેહનો નાશ એ જ 'મોક્ષ'. જ્ઞાન દ્વારા મુક્તિની વાત બરાબર નથી. વાસ્તવમાં લોકસિદ્ધ રાજા તે 'પરમેશ્વર'.

વેદમાંનાં વિધિનિષેધો, યજ્ઞાદિ અને તેમનાથી થતા ધર્મ વિષે ચાર્વાકે કહ્યું છે કે એ તો ધુતારાઓનું આજીવિકા-પ્રાપ્તિ માટેનું નાટક છે, પ્રલાપ માત્ર છે. બૃહસ્પતિ કહે છે કે સ્વર્ગ નથી, મોક્ષ નથી, પરલોકમાં જઈ શકે તેવો કોઈ આત્મા નથી. વર્ણાશ્રમાદિની ક્રિયાઓ ફળ આપનારી નથી. અગ્નિહોત્ર, વેદ, ત્રિદંડ, ભસ્મલેપ વગેરે બુદ્ધિ અને પૌરુષ વિનાના માણસો માટે આજીવિકાનાં સાધન માત્ર છે. મૂર્ખાઓને આ રીતે છેતરીને વેદધર્મીઓ પોતાનાં પેટ ભરે છે. અરે, વેદને અનુસરનારાઓમાં પણ આપણે જોઈએ છીએ કે કર્મવાદીઓ જ્ઞાનવાદની નિંદા કરે છે અને જ્ઞાનકાંડનું પ્રામાણ્ય માનનારા કર્મકાંડની નિંદા કરે છે. આથી તો એમ સિદ્ધ થાય છે કે કર્મકાંડ કે જ્ઞાનકાંડ એકેય પ્રમાણભૂત નથી. યજ્ઞમાં પશુનો વધ કરવાથી જો તે સ્વર્ગમાં જઈ શકતું હોય તો યજમાન પોતાના પિતાનો જ વધ કેમ નથી કરતો ? મરેલાંઓને માટે અહીં શ્રાદ્ધ કરવાથી તેમને તૃપ્તિ મળતી હોય તો ઓલવાઈ ગયેલા દીવામાં તેલ પૂરવાથી તેની જ્યોત વધવી જોઈએ.

જીવાત્મા જેવું કોઈ તત્ત્વ હોય અને તે દેહના નાશ પછી પરલોકમાં પ્રયાણ કરતું હોય તો બાંધવો પ્રત્યેના સ્નેહને કારણે તે શા માટે ક્યારેય પાછું નથી આવતું ? સાચી વાત એ છે કે આવું કોઈ તત્ત્વ છે જ નહિ. દેહ બળીને ભસ્મીભૂત થઈ જશે પછી કશું પાછું આવવાનું નથી. તેથી જેટલો વખત દેહ છે તેટલો વખત તેને તંદુરસ્ત, સંતુષ્ટ, સુખી રાખવો જોઈએ. જ્યાં સુધી જીવવું ત્યાં સુધી નિરાંતે જીવવું, કરજ કરીને પણ ઘી પીવું (ऋणं कृत्वा घृतं पिबेत्).

વેદનાં જ વચનો એકબીજાંનાં વિરોધી છે. કુહાડીનો ઉપયોગ કરતાં કરતાં જ કહેવાતું હોય છે કે મારીશ નહિ વગેરે. અશ્વમેધ યજ્ઞમાં અશ્વનું લિંગ (શિશ્ન) પત્નીએ પકડવું એવું વિધાન છે, અને યજ્ઞમાં માંસ ખાવું વગેરે રાક્ષસોને ઉચિત કાર્યોનું વિધાન છે. આ બતાવે છે કે ભાંડ, ધૂર્ત અને નિશાચર એ ત્રણ વેદના કર્તા છે. તેથી બહુજનના ભલા ખાતર ચાર્વાક મતને અનુસરવો જોઈએ.

ઉપર કહ્યું તેમ, લોકાયતિકો માત્ર 'પ્રત્યક્ષ'ને જ પ્રમાણ માને છે. 'અનુમાનાદિ' પ્રમાણ તેમને માન્ય નથી; કેમકે અનુમાન જેવા પ્રમાણનો આધાર 'વ્યાપ્તિ' એટલે કે સાધન અને સાધ્યના અવિનાભાવ સંબંધના જ્ઞાન પર હોય છે. દા. ત., 'જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં વહ્નિ (અગ્નિ) હોય છે,' એ જાણતા હોઈએ તો જ ધૂમ જોઈને એ સ્થળે અગ્નિનું અનુમાન થઈ શકે. પણ આપણને ત્રણેય કાળની સર્વત્ર રહેલી ધૂમ-વ્યક્તિઓ અને અગ્નિ-વ્યક્તિઓના સાહચર્યનું જ્ઞાન નથી કે જેથી આપણે ચોક્કસ કહી શકીએ કે જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં અગ્નિ હોય જ છે. ધૂમ અને અગ્નિનો સંબંધ કોઈ ત્રીજી વસ્તુની હાજરીને લીધે નથી, સ્વાભાવિક છે, એવું પણ ખાતરીપૂર્વક કહી શકાય નહિ. એવું બન્યું હોય કે જ્યાં જ્યાં આ બન્નેને સાથે જોયાં હોય ત્યાં ત્યાં કોઈ ત્રીજી વસ્તુની હાજરી પણ રહી જ હોય અને તેને કારણે જ ધૂમ અને અગ્નિ સાથે જોવા મળ્યા હોય—આ અને આવી શંકાઓ સંભવિત છે. તેથી વ્યાપ્તિનું જ્ઞાન નિશ્ચિત નથી અને તેથી અનુમાનના પ્રામાણ્યનો નિશ્ચય થઈ શકે નહિ.

હરિભદ્રસૂરિના ષડ્દર્શન સમુચ્ચયમાં અનુમાન-પ્રમાણની પોકળતા બતાવતાં કહેવાયું છે કે અનુમાનના આધારે વિદ્વાન મનાતા લોકો જે કહે છે તે વરુનાં પગલાં જેવું છે. કોઈએ વરુનાં પગલાં ચીતર્યાં અને વિદ્વાનોને બતાવ્યાં. તેમણે અનુમાન કર્યું કે રાતે નગરીમાં વરુ આવ્યું હોવું જોઈએ. ઘણાંખરાં અનુમાન આ પ્રકારનાં જ હોય છે. તેવું જ બીજાં પ્રમાણોનું છે.

પ્રશ્ન થશે કે પ્રત્યક્ષ પ્રમાણથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને જ સ્વીકાર્ય ગણીએ, દરેક પ્રસંગે પ્રત્યક્ષ પ્રમાણ ઉપર જ આધાર રાખીએ, તો ઘણો વ્યવહાર અસંભવિત ન બની જાય? જવાબમાં લોકાયતિકો-માંના પુરંદર અને તેના અનુયાયીઓ કહેતા કે પ્રત્યક્ષથી ખાતરી કરી શકાય એવી વ્યવહારગમ્ય બાબતમાં અનુમાન કરવા સામે લોકાયતિકોને વાંધો હોઈ શકે નહિ. પણ જ્યાં સહેજ પણ શંકા થાય ત્યાં પ્રત્યક્ષથી ખાતરી કરી લેવી જોઈએ. પણ પ્રત્યક્ષથી અગ્રાહ્ય, અગમ્ય એવાં ઈશ્વર, સ્વર્ગ, નરક, આત્મા, પુનર્જન્મ, મોક્ષ વગેરેની બાબતમાં અનુમાનને પ્રમાણભૂત ગણી શકાય નહિ.

લોકાયતિકોમાં કેટલાંક તો એવા પણ હતા જે પ્રત્યક્ષનું પણ પ્રામાણ્ય સ્વીકારતા નહોતા. જે પાણી આપણે જોયું તે જ પાણી, ખાતરી કરવા તે સ્થળે જતાં આપણને મળશે એવી શી ખાતરી? આપણે પાણી જોયું એ ભ્રમ જ હોય; અને ખાતરી કરવા આપણે એ સ્થળે પહોંચીએ ત્યાર સુધીમાં એવું કશુંક નવું બન્યું હોય કે જેને કારણે ત્યાં પાણી સંભવે એ પણ શક્ય જ છે વગેરે પ્રકારની દલીલની કસોટી સામે પ્રત્યક્ષ પ્રમાણ ટકી શકતું નથી. માટે એમ કહેવું વધારે યુક્ત છે કે આપણા સર્વ વ્યવહાર **'અવિચારિત—રમણીય'** બને છે.

ઉપર જોયું તેમ, કોઈ જ જ્ઞાનને વિષે આપણે ખાતરીપૂર્વક કહી ન શકીએ કે એ સાચું છે અથવા તેનાથી જ્ઞાત થતી વસ્તુ જેવી જ્ઞાત થાય છે તેવી ખરેખર છે. આવી વિચારસરણી 'વિતંડાવાદી' ગણાઈ છે. જયરાશિ ભટ્ટનો તત્ત્વોપપ્લવસિંહ નામનો મહત્ત્વનો ગ્રંથ છે (જુઓ પૃ. ૪૬), જે લોકાયતના એક સંપ્રદાયવિશેષનો છે અને તેમાં 'તત્ત્વોપપ્લવ' પ્રતિપાદિત છે. વિતંડાવાદીનો અભિપ્રાય તેમાં રજૂ કરેલો છે અને પ્રત્યક્ષાદિ પ્રમાણોમાંથી કોઈનું પ્રામાણ્ય સ્વીકાર્યું નથી. બૌદ્ધ ગ્રંથોમાં, ખાસ કરીને બુદ્ધઘોષના ગ્રંથોમાં, લોકાયતનો ઉલ્લેખ 'વિતંડાવાદ-શાસ્ત્ર' તરીકે જ કરવામાં આવ્યો છે.

'વિતંડા' એટલે કોઈ પક્ષની સ્થાપના કર્યા વિના પ્રતિપક્ષનું ખંડન કરવું. સામાન્ય રીતે વિતંડાની એવી નિંદા કરવામાં આવે છે કે તેમાં પ્રતિપક્ષીને વાક્કપટથી હરાવવાનો જ આનંદ છે; કોઈ પક્ષની સ્થાપના કે તત્ત્વ-જિજ્ઞાસાની પ્રેરણા દેખાતી નથી. ન્યાયસૂત્ર ઉપરનાં જાણીતાં ભાષ્યાદિમાં આ પ્રકારનું જ પ્રતિ-પાદન છે. પણ સાનાતનિ નામના એક નૈયાયિકનો ઉલ્લેખ મળે છે જેણે સંબંધિત ન્યાયસૂત્રનો અર્થ જે રીતે કર્યો તે પ્રમાણે વિતંડા બે પ્રકારની માની શકાય—વાદવિતંડા અને જલ્પવિતંડા. જલ્પવિતંડામાં ભલે પ્રતિપક્ષીને પરાજિત કરવાનું જ પ્રયોજન હોય, પણ વાદવિતંડા તો સમ્યગ્જ્ઞાન મેળવવા ઈચ્છનાર વીતરાગી માટે હોય છે. આમ, લોકાયતિકો એવા હૈતુકો (તાર્કિકો) હતા જેમણે પ્રમાણોનાં જ પ્રામાણ્યનું ખંડન કર્યું. દાર્શનિક ક્ષેત્રે આવા ચિંતકોનું પ્રદાન 'શુદ્ધ અજ્ઞેયવાદી ધારા'માં ઘણું મહત્ત્વનું ગણી શકાય.

ઉપર જોયું તેમ, લોકાયતદર્શન વિષેની ઘણીખરી માહિતી અન્ય દર્શનના ગ્રંથોમાંથી મળે છે. આ ગ્રંથોમાં લોકાયતદર્શનને પૂર્વપક્ષ તરીકે રજૂ કર્યું હોય છે તેથી તેને નિર્બળ અને અસ્વીકાર્ય બનાવવાનો થોડોક પ્રયત્ન તો હોવાનો જ. તેમ છતાં તટસ્થપણે વિચારીએ તો આ વિચારસરણીમાં પ્રતિપાદ્ય એ જ છે કે 'પરલોક' કે 'મોક્ષ' પ્રત્યે જ ધ્યાન કેન્દ્રિત કરીને ઐહિક જીવનની દુર્દશા કરવાની કોઈ જરૂર નથી. સારું સુખી જીવન જીવવું એ સૌને ઇષ્ટ હોય છે અને તેમાં કશું ખોટું નથી. 'જેવું આપણું તેવું બીજાનું' એ ન્યાયે, કોઈને હાનિ થાય એ રીતે કેવળ પોતે જ સુખી થવાની વાત કોઈ સમજુ માણસ કરે નહિ. વસ્તુતઃ કૃષિ, પશુપાલન, વાણિજ્ય, દંડનીતિ વગેરે દૃષ્ટ ઉપાયો ભોગના અનુભવ માટે છે.

कृषिगौरक्ष्यवाणिज्यदण्डनीत्यादिभिर्बुधः ।
दृष्टैरेव सदोपायैर्भोगाननुभवेद् भुवि ॥ (સર્વસિદ્ધાંત સંગ્રહ)

'કરજ કરીને ઘી પીવું' એ વચનને વધારે પડતું મહત્ત્વ આપીને લોકાયતિકોની નિંદા કરવામાં આવી છે; પણ આવું દરેક વચન ભોગ ઉત્તેજનારું હોય કે નિર્વેદ પ્રેરનારું હોય—તેમાં અતિશયોક્તિ હોય જ છે. શરીર ભૂખ્યું હોય તો કરજ કરીને પણ ઘી નહિ તો અન્ન તો આપણે તેને પૂરું પાડીએ જ છીએ.

ધ્યાન આપવા જેવી એક વાત એ છે કે પોતાના અર્થશાસ્ત્ર નામક ગ્રંથમાં કૌટિલ્યે (ઈ. પૂ. ૪થી સદી) ખાસ કરીને રાજકુમારે ભણવા યોગ્ય ચાર વિદ્યાઓ ગણાવી છે : 'આન્વીક્ષિકી', 'ત્રયી', 'વાર્તા', 'દંડનીતિ'. આ ચારમાંની પહેલી 'આન્વીક્ષિકી' એટલે પ્રત્યક્ષથી પ્રાપ્ત થતા અનુભવની તેમજ તેને આધારે કરવામાં આવતી ન્યાયયુક્ત પરીક્ષા(અનુ-ઈક્ષા)ની વિદ્યા. તેમાં તેણે 'સાંખ્ય', 'યોગ' અને 'લોકાયત'નો સમાવેશ કર્યો છે; કેમકે સાંખ્ય જ્ઞાનપ્રધાન છે, યોગ ક્રિયાપ્રધાન છે અને લોકાયત વ્યવહારપ્રધાન—વ્યવહારની તર્કશુદ્ધ પરીક્ષા—છે. બીજી વિદ્યા 'ત્રયી' એટલે વેદ અથવા શ્રુતિ અને તેને સમજવા માટે જે જોઈએ તે. 'ત્રયી'માં મુખ્યત: ધર્મ-અધર્મનું પ્રતિપાદન છે. આ પછી ત્રીજી વિદ્યા 'વાર્તા'—કૃષિ અને વાણિજ્ય અંગેનું શાસ્ત્ર. તેમાં અર્થ અને અનર્થનું—માનવને માટે શું મેળવવા લાયક છે અને શું નથી, અને તે કેવી રીતે મેળવવું કે પરિહરવું તેનું—પ્રતિપાદન છે; અને ચોથી વિદ્યા 'દંડનીતિ'માં નીતિ-અનીતિનું પ્રતિપાદન છે. ઉપર જોયું તેમ, આન્વીક્ષિકી વિદ્યામાં ઉપરનાં સર્વ પાસાંનો ન્યાયપુરસ્સર વિચાર છે, તેમનાં બલાબલની તપાસ છે. એ વિદ્યા જ વિપત્તિ કે અભ્યુદયમાં બુદ્ધિને સ્થિર રાખે છે અને બુદ્ધિ તેમજ વાણીમાં નિર્મલતા લાવે છે.

એ નોંધવા જેવું છે કે બૃહસ્પતિ અને ઉશનસ્(શુક્રાચાર્ય)નાં નામ લોકાયત કે ચાર્વાક-દર્શન સાથે સંકળાયેલાં છે (મૈત્રી ઉપનિષદ્). તેમણે દંડનીતિ તો સ્વીકારી જ છે. 'દંડનીતિ' એટલે 'કાયદો અને વ્યવસ્થા જાળવવાનું શીખવતું શાસ્ત્ર.' રાજા દંડનીતિનો વ્યવસ્થાપક હોય છે; તેથી વ્યવહારમાં જો કોઈ ઈશ્વર માનવો જ હોય તો તેને માનવો. વ્યાપક અર્થમાં, 'બિનસાંપ્રદાયિક રાજ્ય'ની કલ્પના સાથે લોકાયતનો કોઈ વિરોધ નથી. વાસ્તવમાં ખેતી, વેપાર વગેરે સંબંધી અને આયુર્વેદ જેવાં જે પ્રાયોગિક શાસ્ત્રો છે તેમનો પાયો લોકાયત બની શકે એમ છે, કેમકે કાયદાના—અર્થાત્ સર્વજનના ભલા માટે જે નિયમો બનાવ્યા હોય તેના—વિરોધમાં આવ્યા સિવાય પોતાના ભલા માટે પુરુષાર્થ કરવામાં લોકાયત કોઈ દોષ જોતું નથી. બલ્કે તેના મતને વ્યાપક અર્થમાં રજૂ કરીએ તો, વૈદ્ય રોગીને ઔષધ આપે છે ત્યારે તેના નસીબમાં હશે તો તેના કર્માનુસાર તે બચશે, નહિ તો મરશે એવું વિચાર્યા વિના તે દર્દીના દેહના સ્વાસ્થ્ય માટે પ્રયત્નશીલ રહે છે. નસીબમાં હશે તો પાક થશે એમ વિચારીને ખેડૂત પગ વાળીને બેસી રહેતો નથી. તેવું જ વેપારીનું છે. આપણે ઠેઠ સુધી પ્રયત્ન કરતા હોઈએ છીએ. દરેકને પૂરતું ખાવાનું, પહેરવા માટે કપડાં, રહેવા માટે ઘર, સહીસલામતી અને સામાન્ય સારું સુખી જીવન મળી રહેવું જોઈએ, એ જોવાની ફરજ રાજા કે સરકારની છે અને તેને માટે દરેકે સાવધાન અને પુરુષાર્થી રહેવું જોઈએ.

ટૂંકમાં; જીવવું ત્યાં સુધી સારી રીતે જીવવું અને બીજાઓને સારી રીતે જીવવા દેવા યા તેમ કરવામાં તેમને મદદ કરવી એવો એમાંથી સાર કાઢી શકાય. વેદપ્રામાણ્ય કે નિયતિવાદ અને ઈશ્વર અંગે પ્રવર્તતી 'શ્રદ્ધા' સામે લોકાયત વિચારધારામાં બળવો છે.

*

હવે પ્રશ્ન થાય કે આ લોકાયત-દર્શન કેટલું પ્રાચીન હશે? તેમાંના આત્યંતિક 'ઉપભોગવાદી', આત્યંતિક 'તર્કવાદી', 'ઉચ્છેદવાદી' વિચારપ્રવાહોને બાદ કરીને વિચારીએ તો એમ કહી શકાય કે માનવ જન્મ્યો ત્યારથી જ તેનું સ્વાભાવિક કે સાંસારિક વલણ લોકાયતમાંના સ્વસ્થ વિચારોને અનુરૂપ જ હશે.

ઐતિહાસિક દૃષ્ટિએ તપાસતાં વેદનાં સૂક્તોમાં સમૃદ્ધ ઐહિક જીવનના મનોરથ સર્વત્ર નજરે પડે છે, તોપણ લોકાયત વિચાર તેનું પ્રેરક બળ છે એમ નહિ કહી શકાય; કારણ કે વેદોમાં જે દેવશ્રદ્ધા અને ધર્મનું અનુસરણ સર્વત્ર નજરે ચઢે છે તે લોકાયત સિદ્ધાંતને અનુરૂપ નથી. પણ ઉપનિષદ કાળમાં લોકાયત વિચાર-ધારા પ્રચલિત હોવાના ઉલ્લેખો મળે છે. દા. ત., કઠોપનિષદ્‌માં નચિકેતા યમને "મૃત્યુ પછી કશું રહે છે કે કેમ" એવો પ્રશ્ન પૂછે છે. તેના જવાબમાં યમ કહે છે, "વિત્તના મોહમાં પડેલા મૂઢ લોકો આ લોક માને છે, પરલોક માનતા નથી અને તેથી તેમને ફરીફરીને મારા વશમાં આવવું પડે છે (અર્થાત્ સંસારચક્રમાંથી તેઓ છૂટી શકતા નથી.)" (કઠ. ૨-૬). તો વળી, બૃહદારણ્યક ઉપનિષદ્ (૨-૪-૧૨; ૪-૫-૧૩)માં યાજ્ઞવલ્કયે ઉચ્ચારેલું વાક્ય न प्रेत्य संज्ञास्ति (મૃત્યુ પછી જ્ઞાન નથી) એ વિધાનને ઘણાએ લોકાયતનું સમર્થક માની સ્વીકાર્યું છે. (ન્યાયમંજરી, પૃ. ૨૭૧, વિજયનગર સંસ્કૃત સીરિઝ, ૧૮૯૫.) છાંદોગ્ય ઉપનિષદ્ (૮-૭-૮)માં ઇન્દ્ર-વિરોચન આખ્યાન છે તે પ્રમાણે અસુરોનો પ્રતિનિધિ (વિરોચન) આત્મજ્ઞાન મેળવવાને માટે પ્રજાપતિ પાસે આવ્યો અને દેહ એ જ આત્મા છે એવા ખ્યાલ સાથે સંતુષ્ટ થઈને પાછો ગયો. ઇન્દ્ર વિચાર કર્યા પછી શંકા પડતાં પાછો આવ્યો, પણ વિરોચન તો ગયો તે ગયો. આ ઉપનિષદ્ (૮-૮-૫) વધુમાં કહે છે કે, "અત્યારે પણ કેટલાક એવા છે જે દાન, યજ્ઞાદિ કરતા નથી, કર્મ વગેરેમાં શ્રદ્ધા ધરાવતા નથી; પણ તેઓ શબને સારાં કપડાં પહેરાવે છે, શણગારે છે, અન્નની વ્યવસ્થા કરે છે અને એમ માને છે કે આ રીતે તેઓ પરલોકને જીતી ગયા. આ લોકને **અસુરો** કહેવામાં આવે છે." છાંદોગ્યોપનિષદ્‌માં વર્ણવેલા આ 'દેહાત્મવાદીઓ'નો લોકાયતિકોથી એ ભેદ છે કે તેઓ પરલોક માનતા જણાય છે જ્યાં અન્ન, અલંકાર, વગેરેથી સજ્જ શરીરો જીવિત થઈને રહે છે.

ભારતીય દર્શનના ઇતિહાસના વિખ્યાત લેખક પ્રૉ. એસ. એન. દાસગુપ્તાએ એવું અનુમાન કર્યું છે કે લોકાયતદર્શનનાં મૂળ સુમેર સંસ્કૃતિમાં હોઈ શકે. આરંભે મૃત શરીરને શણગારવાનો રિવાજ પ્રચલિત હતો અને 'શરીર' મૃત્યુ પછી પણ ટકી રહે છે એમ મનાતું. પાછળથી એમાં પરિવર્તન આવ્યું કે 'શરીર' એ જ જો 'આત્મા' હોય તો મૃત્યુ પછી દેહને જ્યારે બાળી નાખવામાં આવે ત્યારે દેહના નાશ પછી કશું જ રહે નહિ; અને 'પરલોક' કે 'મોક્ષ' જેવું કશું હોઈ શકે નહિ. ભગવદ્‌ગીતા (૧૬.૭-૧૮)માં પણ આને મળતું અસુરોનું વર્ણન છે. ગીતાના ટીકાકાર શ્રીધર કહે છે કે અહીં લોકાયતિકોનો ઉલ્લેખ છે.

રામાયણ(૨-૧૦૮)માં 'જાબાલિ' લોકાયતિકોના જેવા જ વિચારો રજૂ કરે છે: એ દયનીય સ્થિતિ છે કે લોકો પરલોક અને ધર્મનો વિચાર કરીને આ લોકના અર્થ, ઇષ્ટનો નાશ કરે છે; પિતૃઓને માટે શ્રાદ્ધ કરીને અન્નનો બગાડ કરે છે. જો અન્નને આમ પહોંચાડી શકાતું હોય તો મુસાફરીએ ગયેલા લોકો માટે પણ શ્રાદ્ધ કરવું જોઈએ વગેરે. વિષ્ણુપુરાણ(૧-૬-૨૯-૩૧)માંય એવા લોકોનો ઉલ્લેખ છે જે યજ્ઞાદિને નિરર્થક માનતા. મહાભારત(૧૨-૧૮૬)માં ભરદ્વાજ ઋષિ આત્મતત્ત્વમાં માનવાની કોઈ જરૂર જોતા નથી; ભૂત-ભૌતિકથી જ બધું સમજાવી શકાય છે. રસ પડે એવી વાત તો એ છે કે મહાભારતમાં એવા 'હેતુકો'(તાર્કિકો)નો ઉલ્લેખ થયો છે જે બહુશ્રુત હતા અને મક્કમ વિચારવાળા હતા; તેઓ શાસ્ત્રજ્ઞ હતા; દાન, યજ્ઞાદિ કરતા; અસત્યને ધિક્કારતા અને લોકોને ઉપદેશ આપતા ફરતા; તેમ છતાં તેઓ જેનો પ્રત્યક્ષ ઐન્દ્રિય અનુભવ થાય છે તે સિવાય કશું નથી એમ માનતા.

મૈત્રાયણી ઉપનિષદ્(૭-૮-૯)માં તો એટલે સુધી કહ્યું છે કે આવા વિચારો એ તો 'બીજી વેદ-વિદ્યા જ છે.' દેવોના ગુરુ બૃહસ્પતિએ અસુરોના ગુરુ શુક્રાચાર્યનું રૂપ લીધું અને અસુરોને આ સિદ્ધાંતનો ઉપદેશ આપ્યો જેથી તેઓ ભ્રમમાં પડે, વેદવિહિત ધર્મ પ્રત્યે દ્વેષ રાખે અને શુભને અશુભ અને અશુભને શુભ માને. પરંતુ પ્રબોધચન્દ્રોદય નાટકમાં કૃષ્ણમિશ્ર કહે છે કે આ સિદ્ધાંત મૂળ બૃહસ્પતિનો જ છે; તેણે ચાર્વાકને એનો ઉપદેશ આપ્યો અને ચાર્વાકે લોકોમાં તેનો પ્રચાર કર્યો.

*ઉપર જોયું તેમ, વૈદિક પરંપરામાં 'નાસ્તિક' વિચાર પાછળથી ક્રમે ક્રમે ફેલાયો હશે. અલબત્ત, આ નાસ્તિકોમાં એક બાજુ એવા લોકો હશે જે પોતાની કામવાસનાની તૃપ્તિના સમર્થનમાં આ વિચારોનો ઉપયોગ કરતા હશે; તો બીજી બાજુ એવા લોકો પણ હશે જે વૈદિક ક્રિયાઓનું અનુષ્ઠાન કરવા છતાં આત્મા અમર છે કે પરલોક છે એવું માનતા નહિ હોય.

*

આ નાસ્તિક વિચારધારાના અનુસંધાનમાં, બૌદ્ધ પિટકો અને જૈન આગમ ગ્રંથોમાં પણ કેટલીક માહિતી મળે છે તેની તરફ નજર નાખીએ. બૌદ્ધ ગ્રંથ દીઘનિકાય (૨-૧૬-૧૭)માં એવું પ્રતિપાદન છે કે પૂરણ કસ્સપ એમ માનતા કે મારવા-મરાવવાથી, ચોરી કરવા-કરાવવાથી, અસત્ય બોલવા-બોલાવવાથી વગેરે નિષિદ્ધ મનાતાં કર્મ કરવાથી પાપમાં કોઈ વૃદ્ધિ થતી નથી; અને યજ્ઞ કરવા-કરાવવાથી, ગંગા નદીને કિનારે દાન આપવાથી કે અપાવવાથી, તથા શમ, દમ, સત્ય વગેરેથી કોઈ પુણ્યપ્રાપ્તિ થતી નથી. આમ, કોઈ કર્મનું (અદૃષ્ટ) ફળ નથી, તેથી સંન્યાસીનું જીવન જીવવાથી પણ કશું પ્રાપ્ત થવાનું નથી. આ મતને **'અક્રિયાવાદ'** કહ્યો છે.

આવા જ એક બીજા નાસ્તિકનો ઉલ્લેખ પણ દીઘનિકાય(૨-૨૨-૨૪)માં છે—અજિત કેસકંબલીનો. તેનું આવું નામ એટલે પડેલું કે તે વાળમાંથી બનાવેલો કામળો ઓઢતો, જે ગરમીમાં ગરમ અને શિયાળામાં ઠંડો થાય અને તેથી દુઃખ કે પીડા આપનારો બની રહે. આ આચાર્યના મતે 'આ લોક' નથી તેમ 'પરલોક' નથી; માતા નથી, પિતા નથી. કોઈ બ્રાહ્મણ-પરિવ્રાજક એવા નથી જેમને સાક્ષાત્કાર થયો હોય, જેઓ સિદ્ધ બન્યા હોય અને લોક-પરલોકનો પ્રત્યક્ષ અનુભવ કર્યા બાદ બીજાઓને ઉપદેશ આપતા હોય. માનવશરીર ચાર તત્ત્વોનું બનેલું છે; મૃત્યુ થાય ત્યારે તે ચાર પદાર્થો પોતપોતાનાં મૂળ તત્ત્વોમાં ભળી જાય છે. મૃત્યુ પછી કશું રહેતું નથી. મૂર્ખ કે વિદ્વાન સર્વેનો આત્યંતિક નાશ એકસરખી રીતે થાય છે. આ મત **'ઉચ્છેદવાદ'** તરીકે ઓળખાય છે.

એવા જ એક ત્રીજા આચાર્ય છે—મકખલિ (કે મંખલી) ગોસાલ. ઘણે ભાગે પૂરણ કસ્સપ, અજિત કેસકંબલી તથા મકખલિ ગોસાલ ત્રણે બુદ્ધ અને મહાવીરના સમકાલીન હતા. ગોસાલ ત્રીસમે વર્ષે મહાવીરને મળ્યા, બે વર્ષ પછી તેમના શિષ્ય બન્યા અને છ વર્ષ સુધી તેમની સાથે તપશ્ચર્યા કરતા રહ્યા. આ પછી મકખલિ ગોસાલે બે વર્ષ તપ કર્યું અને તેમને 'જિન'નું પદ પ્રાપ્ત થયું. મહાવીરને આ પછી બે વર્ષે (૪૨-૪૩ વર્ષની વયે) એ પદ પ્રાપ્ત થયું. ૧૬ વર્ષ પછી ફરી ગોસાલ મહાવીરને મળ્યા હતા એમ કહેવાય છે.

મકખલિ ગોસાલ **'આજીવક'** સંપ્રદાયના સ્થાપક હતા. આ સંપ્રદાય ઈ. પૂ. ૬ ઠ્ઠા સૈકામાં સ્થપાયો હતો. એવા પુરાવા મળે છે કે ઉત્તર તેમજ દક્ષિણ હિંદુસ્થાનમાં તેનો ઓછોવત્તો પ્રચાર ઈ. સ. ના ૧૩ મા શતક સુધી હતો. આજીવકો નગ્ન રહેતા; પણ તે દિગંબર જૈનોથી જુદા હતા એમ માનવા માટે પૂરતાં કારણ છે.

સંયુત્તનિકાય (૩-૨૧૦), અંગુત્તરનિકાય (૧-૨૮૬), દીઘનિકાય (૨-૨૦) વગેરે બૌદ્ધ પિટકો અને ઉવાસગદસાઓ (૧-૯૭, ૧૧૫; ૨-૧૧૧, ૧૩૨)માં ગોસાલની માન્યતાઓનું લગભગ એકસરખું પ્રતિપાદન મળે છે : જેમકે, પ્રાણીઓની અશુદ્ધિનું કોઈ કારણ નથી, કારણ વિના તેઓ અશુદ્ધ થાય છે; તેમની વિશુદ્ધિનું કોઈ કારણ નથી, કારણ વિના તેઓ વિશુદ્ધ બને છે; પોતાનાં કર્મ, પારકાંનાં કર્મ કે પુરુષકાર(પુરુષના સ્વતંત્ર પ્રયત્નો)માં કોઈ પોતાની શક્તિ નથી; કોઈ પોતાનું બળ, વીર્ય કે પરાક્રમ નથી. સર્વ સત્ત્વો, પ્રાણીઓ, ભૂતો, વનસ્પતિ વગેરે બળ કે શક્તિ વિનાનાં છે. 'નિયતિ'ને લીધે

તેઓ ભિન્ન ભિન્ન પ્રકારે પરિણમે છે, અવસ્થાનુસાર જુદા જુદા આકાર ધારણ કરે છે અને સુખ કે દુઃખ અનુભવે છે. સુખ-દુઃખ નિયત જ છે; તેમાં વધારો-ઘટાડો કરી શકાય જ નહિ. જેમ દોરીનો દડો હોય તેમાંથી દોરી ખોલતાં જઈએ અથવા તે દડો દૂર ફેંકીએ તો દોરી હોય તેટલું જ દૂર જઈ શકાય, આગળ નહિ; તેમ નિયત મુદત પૂરી કર્યા સિવાય જ્ઞાની કે અજ્ઞાની, વિદ્વાન કે મૂર્ખ કોઈ દુઃખનો અંત લાવી શકે નહિ. જૈન ગ્રંથ સૂત્રકૃતાંગ (૨-૬-૭) પ્રમાણે, ગોસાલે એમ કહ્યું હતું કે સાધુને સ્ત્રી-સમાગમથી કોઈ પાપ થતું નથી.. પુરુષાર્થ અર્થાત્ કોઈ પોતાની ઇચ્છાથી કશું કરી શકે અને કર્મ શક્તિશાળી છે એવું 'આજીવકો' માનતા નહિ; આથી સાધુઓ સ્ત્રીસંગ કરે તેમાં તેમને કશું ખોટું લાગતું નહિ હોય. ગોસાલના વિચારો નાસ્તિક વિચારોને મળતા લાગે છે; પણ ગોસાલ પુનર્જન્મમાં માનતા. તેમના મત અનુસાર જીવે ૮૪,૦૦૦ મહાકલ્પ પૂરા કરવાના હોય છે અને દુઃખનો ક્ષય કરવાનો હોય છે.

સૂત્રકૃતાંગ (૧-૩-૪-૯-૧૪)માં એવા 'તીર્થિકો'(જૈન સિદ્ધાંતથી જુદું માનનારા)નો ઉલ્લેખ છે. તેઓ કહેતા કે જેમ ફોડો થયો હોય તેને દબાવીને પરુ કાઢી નાખીએ તો થોડા વખત માટે રાહતનો અનુભવ થાય છે, એવું જ સુંદર સ્ત્રીના ભોગની બાબતમાં છે; એમાં પાપ કેવી રીતે હોઈ શકે? તે ઉપરાંત આ જ ગ્રંથમાં (૨-૧-૯-૧૦) એવા પણ તીર્થિકોનો ઉલ્લેખ છે જે એમ કહેતા કે દેહ એ જ આત્મા છે, તેનાથી સ્વતંત્ર કોઈ આત્મા નથી. શરીર બળી જાય પછી કોઈ આત્મા રહેતો નથી. તલવારને મ્યાનથી અલગ બતાવી શકાય છે; અસ્થિને માંસથી અલગ બતાવી શકાય છે; પણ દેહથી અલગ કોઈ આત્માને બતાવી શકાતો નથી. તેથી જીવિત પ્રાણીને મારવામાં કોઈ પાપ નથી; અજીવ ભૂમિને મારો અને સજીવ શરીરને મારો તેમાં કોઈ ફરક નથી. સૂત્રકૃતાંગમાં 'પ્રગલ્ભ નાસ્તિકો'નો ઉલ્લેખ પણ મળે છે. તેઓ કહેતા કે દેહથી જુદો 'જીવાત્મા' હોય તો તેને પોતાનાં વિશિષ્ટ રૂપાદિ હોય; પણ એવી કોઈ વસ્તુ દેખાતી નથી; તેથી કોઈ જુદો જીવાત્મા નથી. સૂત્રકૃતાંગ (૨-૧-૯) પ્રમાણે આ 'પ્રગલ્ભ નાસ્તિકો' સંન્યાસ ગ્રહણ કરતા અને બીજા લોકોને ઉપદેશ આપતા. આ નાસ્તિકો ઉપભોગવાદી નહિ, તપવાદી હશે. પરંતુ ટીકાકાર શીલાંક કહે છે કે લોકાયતમાં દીક્ષા કે સંન્યાસ જેવું કશું હોતું નથી. તેથી લાગે છે કે અહીં કોઈ એવા બૌદ્ધ કે તેના જેવા કોઈનો ઉલ્લેખ છે જે સાધુ બન્યા હોય અને પછી લોકાયતનું અધ્યયન કરવાથી તેમના વિચારોમાં પરિવર્તન આવ્યું હોય.

* થોડો વિચાર કરતાં એમ લાગે છે કે આ બધા વિચારકોને અન્યાય થયો છે. તેઓ એક સિદ્ધાંત સ્વીકાર્યા પછી તર્કયુક્ત રીતે તેને કઈ હદ સુધી ખેંચી શકાય કે ખેંચવો જોઈએ એ તપાસતા જણાય છે. ખુદ પરમ આસ્તિક ઉપનિષદોમાં આત્માને વિષે એમ કહ્યું છે કે તેને પાપ-પુણ્યાદિનો સ્પર્શ નથી ને અવિકારી છે વગેરે. અર્થાત્ આત્માની દૃષ્ટિએ તો પાપ-પુણ્યાદિ જેવું કશું છે નહિ; તેના પર કોઈ અસર થવાની નથી; તેને કર્મ કશું કરી શકે તેમ નથી વગેરે વગેરે. 'નાસ્તિક' ગણાતા વિચારકો આ વાતને જુદી રીતે રજૂ કરતા એમ માની શકાય. આવા વિચારકો તપસ્વીઓ હતા તેમાં તો કોઈ શંકા નથી. અને જો તેઓ બુદ્ધ કે મહાવીર સાથે ચર્ચામાં ઊતરી શક્યા હોય, તો તેમની પ્રતિષ્ઠા કે બુદ્ધિમત્તા વિષે પણ કોઈ શંકા હોઈ શકે નહિ. ઉપનિષદોના વિચારને તર્કની કસોટીએ ચઢાવતાં જે માનવું પડે તે તેમણે કહ્યું હોવું જોઈએ.

અલબત્ત, આવા વિચારો સામાન્ય જનસમૂહ આગળ રજૂ કરવામાં આવે તો તે જોખમકારક બને અને સ્વચ્છંદતા પ્રેરે એવી શક્યતા છે. તેથી તેમાંથી ચેતવણી સ્વીકારી બુદ્ધે 'આત્મા છે કે નહિ', 'પરલોક છે કે નહિ', 'જગત્ શાશ્વત છે કે અશાશ્વત', 'જીવ અને શરીર એક છે કે જુદાં', 'મૃત્યુ પછી જીવન જેવું છે કે નહિ કે બન્ને છે કે એકેય નથી'—જેવા પ્રશ્નોનો ઉત્તર આપવાની ના કહી અને તેમને

'અવ્યાકૃત પ્રશ્નો' કહ્યા. આવા પ્રશ્નોની ચર્ચાથી કોઈ પ્રકારનો લાભ થતો નથી. બુદ્ધનું કહેવું હતું કે આપણી સામે તો દુઃખનો પ્રશ્ન છે; તે કેવી રીતે ઉત્પન્ન થયું અને તેને કેવી રીતે દૂર કરી શકાય એ જ આપણી જિજ્ઞાસાનો વિષય હોઈ શકે.

*

ફરી પ્રસ્તુત ચર્ચા પર આવતાં '**તજ્જીવતચ્છરીવાદ**'ના—'દેહ અને જીવ એક જ વસ્તુ છે' તેવા--ઉલ્લેખો મળે છે. પકુધ કચ્ચાયનના '**અકૃતવાદ**' અથવા '**સત્તકાયવાદ**'ના ઉલ્લેખ પણ દીઘનિકાયના સામઞ્ઞફલ સુત્તમાં તથા સંયુત્તનિકાય(૨૪-૮)માં મળે છે. તે પ્રમાણે સાત વસ્તુઓ એવી છે કે જેમને સર્જી શકાતી નથી, સર્જાવી શકાતી નથી, તેમનામાંથી કશું ઉત્પન્ન થતું નથી. પર્વતના શિખર કે સ્તંભની જેમ તે સ્થિર, ફેરફાર વિનાની રહે છે. આ સાત તે છે = પૃથ્વી, પાણી, તેજ, વાયુ, સુખ, દુઃખ, જીવ. કોઈ કોઈને હણતું નથી, કોઈ હણાવતું નથી. કોઈ વક્તા નથી, શ્રોતા નથી, જ્ઞાતા નથી, વ્યાખ્યાતા નથી. કોઈ બીજાને તલવારથી મારે તો તેથી તેનો જીવ જતો નથી.

આપણને રસ પડે તેવો વળી સંજય બેલટ્ઠિપુત્તનો '**અનિશ્ચયવાદ**' છે. તે પણ બુદ્ધ-મહાવીરનો સમકાલીન જણાય છે. તેને 'અજ્ઞેયવાદી' કે 'તત્ત્વોપપ્લવવાદી' કહી શકાય. આ મત અનુસાર પરલોક 'છે' એમ ન કહી શકાય, તેમ 'નથી' એમ પણ ન કહી શકાય, 'છે અને નથી' એમ પણ ન કહેવાય અને 'છે અને નથી—નહિ' એમ પણ ન કહી શકાય. કર્મોનું સારું-ખરાબ ફળ છે? જ્ઞાની મરણ પછી રહે છે કે નહિ? વગેરે પ્રશ્નોના ઉત્તરમાં પણ ઉપર પ્રમાણે જ કહી શકાય. સત્, અસત્, સત્-અસત્, નસદસત્—આમાંથી એક પણ ઉત્તર કોઈ વસ્તુની બાબતમાં સાચો નથી. બુદ્ધ આવા વાદને '**અમરાવિક્ખેપ**' (અમરા-વિક્ષેપ) કહેતા. 'અમરા' નામનું માછલી જેવું જલચર છે જેને કોઈ પણ રીતે પકડવા જાઓ તો એ સરકી જાય. તેવા આ 'અનિશ્ચયવાદી' હતા. તેઓ કોઈ વાતે ચોક્કસ મત આપતા નહોતા.

આ અનિશ્ચયવાદીઓના અભિપ્રાયને તટસ્થપણે જોતાં એમ લાગે છે કે તેઓ 'વિવેચક દાર્શનિક' પ્રકારના હોય તો આશ્ચર્ય નહિ. તેમને એમ લાગ્યા કરતું હશે કે 'છે', 'નથી' વગેરે એકે ઉત્તર કોઈ વસ્તુ કે પરિસ્થિતિને માટે બરાબર નથી. આપણાં લૌકિક પ્રમાણો દ્વારા સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થાય જ છે એમ માનવા માટે કોઈ પુરાવો નથી; તો ઐકાન્તિક મત શા માટે સ્વીકારવો?

સંજય બેલટ્ઠિપુત્તના મતનો 'માધ્યમિક' બૌદ્ધો ઉપર અને તેમના દ્વારા શંકરાચાર્યના સંપ્રદાયના 'કેવલાદ્વૈતી' વેદાંતીઓ ઉપર ઘણો પ્રભાવ દેખાય છે. તેમાં ભેદ એટલો કે 'અનિશ્ચયવાદી' પૂરેપૂરા અજ્ઞેયવાદી હતા જ્યારે માધ્યમિક બૌદ્ધો 'પરાપ્રજ્ઞા'માં અને કેવલાદ્વૈતી વેદાંતીઓ 'બ્રહ્મભાવ'માં માનતા હતા. બાકી, લૌકિક જ્ઞાન ગમે તેટલું ઉચ્ચ પ્રકારનું હોય તોપણ એ અજ્ઞાનના ક્ષેત્રનું હોઈને તેનાથી પૂર્ણ સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે નહિ. કોઈ પણ વસ્તુનું નિરપેક્ષ જ્ઞાન આપણને થતું નથી. એક વસ્તુને બીજી વસ્તુની અપેક્ષાએ, કે એક વિભાવનાને બીજી વિભાવનાની અપેક્ષાએ, આપણે સમજીએ છીએ અને એ બીજીને પહેલીની અપેક્ષાએ; એટલે ઘણાંખરાં લક્ષણવાકયમાં અન્યોન્યાશ્રયનો દોષ હોય છે. વધારે સાવધાની રાખીએ તોપણ આ નહિ તોય બીજા કેટલાક દોષો તો રહેવાના જ. આમ કોઈ પણ વસ્તુની આપણી સમજ શુદ્ધ કે નિરપેક્ષ નથી, તેથી તે વસ્તુ લાગે છે તેવી છે એમ માની શકાય નહિ. તે છે કે નથી એવું કશું સ્વીકારી શકાય નહિ.

# ૫: સાંખ્યદર્શન

નાસ્તિક વિચારધારાના અનુસંધાનમાં જ સાંખ્યદર્શનનો વિચાર કરીએ. નાસ્તિક વિચારધારાની પૂરણ કસ્સપ પ્રણીત એક શાખા **અક્રિયાવાદ** વિષે લખતાં ભાષ્યકાર શીલાંક તેની ટીકામાં કહે છે કે સાંખ્યો અક્રિયાવાદીઓથી ખાસ જુદા નથી. પરંતુ અક્રિયાવાદીઓ આત્મ-તત્ત્વને માનતા નથી, જ્યારે સાંખ્ય ચિત્સ્વરૂપ પુરુષનો સ્વીકાર કરે છે; જો કે તેનો તે 'પુરુષ' માત્ર 'સાક્ષી' છે; તે 'કર્તા' નથી, 'જ્ઞાતા' નથી. તેને વાસ્તવમાં પાપ-પુણ્ય સ્પર્શતાં નથી, સુખ-દુઃખાદિ અસર કરતાં નથી; તેને 'બંધન' નથી, તેમ 'મુક્તિ' નથી. આ બધા અનુભવો તો પ્રકૃતિ અથવા તેની કાર્યભૂત 'બુદ્ધિ'ને થાય છે. આ વિચાર-ધારાની ટીકા કરતાં શીલાંક કહે છે કે આવો 'પુરુષ' માનો કે ન માનો તેનાથી કોઈ ફરક પડતો નથી. વાસ્તવમાં, આ પણ એક પ્રકારનો અક્રિયાવાદ જ છે.

આમ છતાં, આસ્તિક ષડ્દર્શનોની પરંપરા પ્રમાણે સાંખ્યદર્શન 'આસ્તિક' દર્શન છે, કેમકે તેને 'વેદ' કે 'આગમ'નું પ્રામાણ્ય માન્ય છે. પણ તેના સિદ્ધાંતોનું પ્રતિપાદન જોઈએ તો તેનો પાયો નાસ્તિક વિચારધારાની જેમ પ્રત્યક્ષ અને અનુમાન પર, વિશેષ કરીને અનુમાન પર જ, રચાયેલો છે. તેણે **ઈશ્વરતત્ત્વ** માન્યું નથી અને જડ પ્રકૃતિ અને ચિત્સ્વરૂપ પુરુષનું સ્વરૂપ તદ્દન ભિન્ન માન્યું છે. આથી તે વૈદિક પરંપરાથી ઘણું ભિન્ન છે. ઉપરાંત, સાંખ્યે પશુબલિપ્રધાન વૈદિક યજ્ઞાદિને પણ હિંસાત્મક અને તેટલે અંશે અશુદ્ધ માન્યાં છે. આ હકીકત પણ તેને વૈદિક દર્શન માનવામાં કંઈક અંશે બાધારૂપ બને છે.

આમ છતાં, અંતે તો, તેનો ઝોક 'આધ્યાત્મિક', 'આધિભૌતિક' અને 'આધિદૈવિક' દુઃખોમાંથી આત્યંતિક યા અંતિમ મુક્તિ મેળવવા ઉપર છે, અને તે મળી શકે ચિત્સ્વરૂપ પુરુષ અને જડ પ્રકૃતિનાં સ્વરૂપ અંગેના વિવેકજ્ઞાનથી. વળી, શમદમાદિનું વિધાન મુક્તિની સાધના માટે સર્વ દર્શનોમાં છે, પણ જૈન દર્શનની જેમ આ દર્શનમાં વિશેષ છે. ઘણા વિદ્વાનો એમ પણ માને છે કે સાંખ્યદર્શનનો સ્રોત કોઈ અતિપ્રાચીન આર્યેતર (આર્યથી જુદી અને આર્યપૂર્વની) એવી ગંગોત્રીમાંથી વહ્યો હશે અને તેનો પ્રભાવ આસ્તિક-નાસ્તિક સર્વ વિચારસરણીઓ અને તેમનામાંથી વિકસેલાં દર્શનો ઉપર પડ્યો હશે.

બીજો મત એ છે કે સાંખ્ય વૈદિક દર્શન જ છે; તેનાં બીજ વેદનાં સૂક્તોમાં પણ જોઈ શકાય છે. ઋગ્વેદનું નાસદીયસૂક્ત આનું એક સુંદર ઉદાહરણ છે. એમાં સમાવિષ્ટ 'સત્ નહિ અને અસત્ નહિ' એવું વિધાન તો પ્રકૃતિનું જ પ્રતિપાદન છે; અને એ સૂક્તમાં જ 'બુદ્ધિ', 'અહંકાર' વગેરેની ઉત્પત્તિ પ્રકૃતિભૂત તત્ત્વમાંથી થઈ હોવાનું પ્રતિપાદન જોઈ શકાય છે. વેદમાં જ એક તત્ત્વમાંથી જગતની ક્રમિક ઉત્પત્તિની વાત કેટલીક જગ્યાએ મળે છે. ઉપનિષદો તો જાણે સાંખ્યના દાર્શનિક સિદ્ધાંતોનો ખાસો સ્રોત છે. આથી જ ઉપનિષદોનો 'સાર-સંગ્રહ' કરનારા 'ઉત્તરમીમાંસા' યા 'વેદાન્ત'ના પુરસ્કર્તા બાદરાયણકૃત બ્રહ્મસૂત્રનો ઘણો મોટો ભાગ એ છાપ દૂર કરવામાં રોકાયેલો રહે છે. અલબત્ત, ઉપનિષદોમાં સાંખ્યનાં પ્રકૃતિ-પુરુષ વિચારની કોઈ નિશ્ચિત છણાવટ નથી, પરંતુ સાંખ્યને મળતું ઘણું બધું છે; જેમકે કઠોપનિષદમાં ઇન્દ્રિય રૂપી અશ્વોને કાબૂમાં લેવા માટે યોગની ભૂમિકાનું સામર્થ્ય કરતાં કહ્યું છે કે "ઇન્દ્રિયોથી પર 'અર્થ' છે, અર્થથી પર 'મન' છે, મનથી પર 'સત્ત્વ' છે, સત્ત્વથી પર 'મહત્' અથવા 'ચિદ્ શક્તિ' (મહાન આત્મા) છે અને મહત્‌થી પર 'અવ્યક્ત' (પ્રકૃતિ) છે; આ અવ્યક્તથી પર 'પુરુષ' છે અને પુરુષથી પર કશું નથી. એ પરાકાષ્ઠા છે, પરાગતિ છે." (કઠોપનિષદ, ૩-૧૦-૧૩; ૬-૭-૧૧)

છાંદોગ્ય ઉપનિષદ્(૬-૪)માં પણ પરમ તત્ત્વમાંથી ઉત્પન્ન થનાર તેજ, અપ્, પૃથ્વી જે સર્વમાં વ્યાપ્ત છે તેમના રંગ અનુક્રમે લાલ, શુકલ, કૃષ્ણ તરીકે બતાવ્યા છે. તેમાં સાંખ્ય વિચારના રજસ્, સત્ત્વ, તમસ્ ગુણોનાં બીજ સ્પષ્ટ દેખાય છે. શ્વેતાશ્વતર ઉપનિષદ(૧-૪)માં તો 'સ્વગુણાથી નિગૂઢ' દેવાત્મ શક્તિને જગતના કારણ તરીકે વર્ણવવામાં આવી છે. બ્રહ્મચક્રના વર્ણનમાં સાંખ્યદર્શનનાં સઘળાં તત્ત્વો ચક્રનાં ત્રણ વૃત્ત(–વર્તુળ)માં, સોળ છેડામાં, પચાસ આરામાં અને વીસ અવાન્તર (પેટા) આરામાં ગૂંથાયેલાં લાગે છે. ત્રણ વૃત્તમાં સાંખ્યના ત્રણ ગુણનો, સોળ છેડામાં દસ ઇન્દ્રિયો (કર્મેન્દ્રિય+જ્ઞાનેન્દ્રિય), મન અને પંચમહાભૂતોનો, પચાસ આરામાં પ્રત્યયસર્ગના પચાસ ઘટકોનો અને વીસ અવાન્તર આરામાં દસ ઇન્દ્રિયો અને તેમના વિષયોનો ઉલ્લેખ જોઈ શકાય છે. વળી એ જ ઉપનિષદ્માં (૪-૫) એવું પ્રતિપાદન છે કે લાલ, શુકલ અને કૃષ્ણ વર્ણવાળી અજા(બકરી=પ્રકૃતિ) છે જે પોતાના જેવી પ્રજા ઉત્પન્ન કરે છે; તેમાં એક અજ(બકરો=પુરુષ) લોભાય છે, તેને ભોગવે છે, અને ભોગવી લીધા પછી તેને છોડી દે છે...શ્વેતાશ્વતર ઉપનિષદ(૫-૨)માં સાંખ્યના પ્રવર્તક મનાતા કપિલ ઋષિનો પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. (જોકે કેટલાક તેને હિરણ્યગર્ભ કે બ્રહ્મનું નામ માને છે.)

એકંદરે, ઉપનિષદોમાં સાંખ્યને મળતા વિચારો સારા પ્રમાણમાં દેખાય છે; પણ તેમાં સાંખ્યની જેમ 'પ્રકૃતિ' કે 'માયા'નું સ્વતંત્ર અસ્તિત્વ નથી, પણ તે 'પર પુરુષ' કે 'પરમ તત્ત્વ'થી અધિષ્ઠિત છે. છતાં, મૈત્રાયણી ઉપનિષદ(જેને બીજાં પ્રાચીન ઉપનિષદો કરતાં સારું એવું અર્વાચીન ગણી શકાય તે)માં સાંખ્યને મળતાં સત્ત્વ, રજસ્, તમસ્ એ નામોય મળી આવે છે. દા. ત., જગત્કારણ જે તમસ્ અત્યંત અવ્યક્ત હતું તે અંતઃપ્રેરણાથી વિષમતાને પામ્યું અને રજસ્ થયું. રજસ્નો ક્ષોભ ચાલુ રહેતાં તે સત્ત્વ થયું; અને તે સત્ત્વના ચેતનમય અંશથી સંકલ્પ, નિશ્ચય અને અભિમાનવાળાં ત્રણ રૂપો (મન, બુદ્ધિ અને અહંકાર) જાગ્યાં (મૈત્રાયણી ઉપ. ૨-૫; ૫-૨). ઉપરાંત, ગૌતમ બુદ્ધના એક વારના ગુરુ આલાર કાલામ સાંખ્યાચાર્ય હતા. વળી જૈનોના ચોવીસમા તીર્થંકર મહાવીર તેમના પૂર્વજન્મમાં સાંખ્યાચાર્ય મરીચિ હોવાનું જૈન પરંપરા જણાવે છે.

આ બધું સાંખ્યદર્શનની પ્રાચીનતાનો ખ્યાલ આપે છે. પણ તે મૂળમાં 'વૈદિક' હતું કે 'અવૈદિક' તે વિષે ચોક્કસ નિર્ણય બાંધવો મુશ્કેલ છે અને સાંખ્યના બે પ્રકારો—એક નિરીશ્વર અને બીજો સેશ્વર—માંથી કયો પ્રકાર આદિ યા મૂળ છે એ પણ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. પણ એટલું ચોક્કસ છે કે સાંખ્યવિચારોની વ્યાપક અસર સર્વત્ર દેખાય છે—સ્મૃતિઓમાં, પુરાણોમાં અને દાર્શનિક વિચારસરણીઓના ગ્રંથોમાં તેમજ આયુર્વેદ વગેરેના ગ્રંથોમાં પણ.

ભગવદ્ગીતામાંય **સાંખ્ય અને યોગનો** ઉલ્લેખ છે; પણ ત્યાં 'સાંખ્ય' એટલે જ્ઞાન—આત્મતત્ત્વજ્ઞાન અને 'યોગ' એટલે તેની પ્રાપ્તિ માટેની સાધના—ક્રિયાનો સિદ્ધાંત—એવો અર્થ અભિપ્રેત લાગે છે; અને આ 'જ્ઞાન' અને 'યોગ' એકબીજાનાં પૂરક છે. તો વળી કેટલાકનું માનવું છે કે બૌદ્ધ દર્શનમાં 'દ્વાદશનિદાનમાલા'ની જે કલ્પના છે તેમાં આદિ કારણ તરીકે 'અવિદ્યા'નો સ્વીકાર કર્યો છે. તેમાં જાણ્યે-અજાણ્યે ઉપનિષદનો સિદ્ધાંત સ્વીકારાયો હોવા છતાં બૌદ્ધની 'સંસ્કારથી વેદના' સુધીની ધારામાં સાંખ્યની લિંગસૃષ્ટિ (સૂક્ષ્મ સૃષ્ટિ) અને ભાવસૃષ્ટિ(માનસિક સૃષ્ટિ)ની છાયા છે; અને ત્યાર પછીની 'તૃષ્ણાથી દુર્મનસ્તા' સુધીની પોતાની સ્વતંત્ર 'નિર્વેદમયી માળા' ગૌતમ બુદ્ધે ગોઠવી છે. આના આધારે યાકોબી જેવા પંડિતના મતે બુદ્ધ સુધ્ધાં ઘણે અંશે 'સાંખ્ય વૈચારિક' છે. પરંતુ આવી માન્યતામાંનો અતિરેક જતો કરીએ તોપણ, એકંદરે, એટલું તો સ્પષ્ટ જણાય છે કે બુદ્ધના વિચારો પર સાંખ્યને મળતા વિચારોની અસર ચોક્કસ થઈ હશે.

## દ્વાદશનિદાનમાલા

### ( યાકોબીના મત અનુસાર )

| સાંખ્ય | બૌદ્ધ |
|---|---|
| બુદ્ધિ | વિજ્ઞાન |
| અહંકાર | નામરૂપ |
| ૧૦ ઇન્દ્રિય, | ષડાયતન |
| (કર્મેન્દ્રિય+જ્ઞાનેન્દ્રિય) | |
| મન, પાંચ તન્માત્રા | |
| અભિનિવેશ | તૃષ્ણા |
| ધર્માધર્મ (પાપ-પુણ્ય) | ઉપાદાન |
| પ્રધાન | અવિદ્યા |
| બુદ્ધિ | સંસ્કાર |
| અહંકાર | વિજ્ઞાન |
| તન્માત્રા | નામરૂપ |
| ઇન્દ્રિયો | ષડાયતન |

મહાભારતમાં સાંખ્યની ત્રણ શાખાઓને સ્થાન મળ્યું જણાય છે : (૧) ૨૪ તત્ત્વનું નિરૂપણ કરનારી, (૨) ૨૫ તત્ત્વનું નિરૂપણ કરનારી, (૩) ૨૬ તત્ત્વનું નિરૂપણ કરનારી. ૨૪ તત્ત્વનું નિરૂપણ કરનારી શાખાનું પ્રતિપાદન તો આયુર્વેદની ચરકસંહિતાના 'શારીરસ્થાન' પ્રકરણમાં પણ છે. અગ્નિવેશ આત્રેયને ૨૩ પ્રશ્નો પૂછે છે, અને તેના ઉત્તરમાં સાંખ્દર્શનને અનુસરતું સમાધાન છે. તેમાં 'પુરુષ'નો ઉલ્લેખ છે, પરંતુ એ 'પ્રકૃતિ' અને 'વિકૃતિ'થી રહિત એવા પચ્ચીસમા 'પુરુષ' તત્ત્વરૂપે નથી; છતાં 'અવ્યક્ત'નો એક પ્રકાર ઉલ્લેખ્યો છે. ૨૬ તત્ત્વના સાંખ્યમાં 'ઈશ્વર'નો સ્વીકાર જણાય છે.

*

આટલી પૂર્વભૂમિકા પછી સાંખ્યનો મૂળભૂત વિચાર તપાસીએ.

જે સાંખ્ય-ચિંતન વ્યવસ્થિત 'દર્શન' તરીકે પ્રસિદ્ધિમાં આવ્યું તે મહર્ષિ કપિલપ્રણીત સાંખ્યદર્શન પચ્ચીસ તત્ત્વવાળું છે. 'સાંખ્ય' શબ્દની નિષ્પત્તિ 'સાંખ્ય' શબ્દ પરથી છે. 'સાંખ્ય'નો એક અર્થ 'જ્ઞાન'. સાંખ્યદર્શનમાં 'વિવેક-જ્ઞાન' દ્વારા કૈવલ્ય (મોક્ષ) પ્રાપ્તિ પર ભાર છે તેથી 'સાંખ્ય' નામ પડયું હોય; અથવા સંખ્યાનો બીજો અર્થ એક, બે, ત્રણ વગેરે સંખ્યા છે અને સાંખ્યદર્શનમાં તત્ત્વોની સંખ્યા (૨૪ કે ૨૫ કે ૨૬)નું મહત્ત્વનું સ્થાન હોઈ તેનું 'સાંખ્ય' એવું નામ પડયું હોય.

આદ્યપ્રણેતા મહર્ષિ કપિલપ્રણીત સાંખ્યદર્શનનો કોઈ ગ્રંથ પ્રાપ્ત નથી. બીજો જે એક વ્યવસ્થિત ગ્રંથ ષષ્ટિતંત્ર(પંચશિખનો રચેલો મનાય છે)નો ઉલ્લેખ મળે છે; પણ તેય ઉપલબ્ધ નથી. પરંતુ ઈશ્વર-કૃષ્ણની

## સાંખ્યદર્શન (૩ શાખા)

**૧ લી શાખા :** પ્રકૃતિ + ૨૩ તત્ત્વો = ૨૪ તત્ત્વો

### પ્રકૃતિ

[ આદિ અવ્યક્ત : ત્રિગુણ પરિણામે વ્યકત થતાં ૨૩ તત્ત્વોનું ઉત્પાદન; આ તત્ત્વો નીચે મુજબ છે. ]

(૧) મહત્ (બુદ્ધિ); (૨) અહંકાર; (૩ થી ૭) પાંચ તન્માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ); (૮ થી ૧૨) પાંચ મહાભૂતો (ભૂત પ્રકૃતિ: પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ); (૧૩) મન (જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિય બંને લક્ષણો); (૧૪ થી ૧૮) જ્ઞાનેન્દ્રિયો : ત્વચા, ચક્ષુ, જિહ્વા, કર્ણ અને નાસિકા; (૧૯ થી ૨૩) કર્મેન્દ્રિયો : જીભ, હાથ, પગ, અપદ્વાર (ગુદા) અને ઉપસ્થ (જનનેન્દ્રિય).

**૨ જી શાખા :** ઉપર મુજબનાં ૨૪ તત્ત્વો + પુરુષ = ૨૫ તત્ત્વો

**૩ જી શાખા :** ઉપર મુજબનાં ૨૫ તત્ત્વો + ઈશ્વર = ૨૬ તત્ત્વો

કારિકાઓમાં તેના મૂળભૂત સિદ્ધાંતો સચવાયા છે. વાસ્તવમાં આ 'સાંખ્ય-કારિકા' (પાંચમી શતાબ્દી) સાંખ્યદર્શનના ગ્રંથોમાં સૌથી જૂનો અને મહત્ત્વનો ગ્રંથ છે. તેના પર અનેક ટીકાઓ લખાઈ છે. દા. ત., માઠરની 'માઠરવૃત્તિ'; જેના કર્તા વિષે ચોક્કસ નિર્ણય થઈ શકયો નથી તે 'યુક્તિદીપિકા'; ઉપરાંત, ગૌડપાદનું 'ભાષ્ય'; શંકરાચાર્યની 'જયમંગલા' અને વાચસ્પતિમિશ્રની 'સાંખ્યતત્ત્વકૌમુદી'. બીજી બે ટીકાઓ છે: એક એ મૂળ 'માઠરવૃત્તિ' હોવાની સંભાવના છે અને બીજીના કર્તાનું નામ નથી. પણ એ વૃત્તિ સૌથી પ્રાચીન જણાય છે. આ ઉપરાંત 'સાંખ્યસૂત્ર' ગ્રંથ (જે પ્રાચીન મનાતો નથી) ઉપરનું વિજ્ઞાનભિક્ષુનું 'સાંખ્ય-પ્રવચન-ભાષ્ય' પણ સાંખ્યદર્શનનો મહત્ત્વનો ગ્રંથ છે.

## પુરુષ-પ્રકૃતિ-દ્વૈત

સાંખ્યદર્શન બે મૂળભૂત સ્વતંત્ર તત્ત્વો માને છે—'પ્રકૃતિ' અને 'પુરુષ'.

**પ્રકૃતિ :** પ્રકૃતિ 'જડ' છે છતાં પરિણામી—પરિવર્તનશીલ છે, ક્રિયાશીલ છે અને ત્રિગુણાત્મક છે. તેના ત્રણ 'ગુણો'—સત્ત્વ, રજસ્ અને તમસ્ એ દ્રવ્ય રૂપ છે; અને તે પ્રકૃતિના આરંભક કે ઉત્પાદક નથી પણ પ્રકૃતિના સ્વભાવ રૂપ છે. તેમાં સત્ત્વ સુખાત્મક, રજસ્ દુ:ખાત્મક અને તમસ્ મોહાત્મક છે.

સત્ત્વગુણ પ્રકાશસ્વરૂપ હોઈ જ્ઞાનને દીપ્તિમંત કરે છે અને હળવો હોઈ ઊર્ધ્વગામી કરે છે; રજસ્ ક્રિયાશીલ છે અને અન્ય ગુણોને પણ ક્રિયાશીલ થવા ઉત્તેજે છે; જ્યારે તમસ્ ગુરુતા(જડતા-અંધકાર-મોહ)-યુક્ત અને અવરોધક છે.

પ્રકૃતિની બે અવસ્થા છે : એક સામ્યાવસ્થા (અવ્યકત અવસ્થા), બીજી વૈષમ્યાવસ્થા (વ્યકત અવસ્થા). 'સામ્યાવસ્થા' તે પ્રકૃતિની આદિ મૂળ સ્થિતિ. વળી તે પોતે અતિસૂક્ષ્મ છે; તેથી તેને **અવ્યક્ત** પણ કહે છે. અહીં સૂક્ષ્મત્વ એટલે અણુત્વ નહિ, કારણ કે પ્રકૃતિ તો સર્વવ્યાપક છે; પણ

અલક્ષ્યતા, પ્રત્યક્ષ અગોચરતા. આથી પ્રકૃતિને 'અનુમાન' તરીકે પણ ઘટાવવામાં આવે છે. તે વિશ્વનું આદિ અને પ્રારંભિક કારણ હોઈ **પ્રધાન** પણ કહેવાય છે.

વળી સત્ત્વ-રજસ્-તમસ્ ગુણો પ્રકૃતિનો સ્વભાવ છે; આથી ગુણો અને પ્રકૃતિ વચ્ચે અભેદ છે. આ ત્રણ ગુણો વચ્ચેય અવિનાભાવ સંબંધ છે અને તેઓ સાથે મળીને પોતપોતાનું કાર્ય કરે છે. અને 'પ્રકૃતિ'ની એટલે કે આ ગુણોની સામ્યાવસ્થામાં ક્ષોભ થતાં ગુણો મહત્ તત્ત્વ(બુદ્ધિ)નું કારણ બને છે. પ્રકૃતિનું અસ્તિત્વ અને તેની પ્રક્રિયા અંગે સાંખ્યદર્શનમાં દલીલો આપી છે (સાંખ્યકારિકા, ૧૫). તેમાંની કેટલીક આ પ્રમાણે છે : તત્ત્વની બે અવસ્થા છે—'કારણ રૂપ' અને 'કાર્ય રૂપ'. અવ્યક્તાવસ્થા એ 'કારણ' અને વ્યક્તાવસ્થા એ 'કાર્ય'. ઉત્પત્તિ પૂર્વે 'કાર્ય', તે કારણમાં અવ્યક્ત રૂપે હોય જ છે; ઉત્પત્તિ સમયે તે માત્ર અભિવ્યક્ત થાય છે. બલ્કે, 'કારણ'માંથી 'કાર્ય'ની ઉત્પત્તિ થાય છે અને તેમાં જ તેનો લય છે. આમ, સમગ્ર વિશ્વનું મૂળ 'કારણ' 'પરમ અવ્યક્ત' (આદિ પ્રકૃતિ) છે, અને તે નિત્ય છે. 'કારણ'માં રહેલી 'શક્તિ' એ જ કાર્યની 'અવ્યક્તાવસ્થા' અને 'કારણ'માં 'કાર્ય'નું અવ્યક્ત રૂપે હોવું એ જ 'કારણ'ની 'કાર્યજનકતા' રૂપ શક્તિ. કારણ અને કાર્યની આ ખૂબ મહત્ત્વની પ્રક્રિયા **સત્કાર્યવાદ** (કાર્યકરણમાં સત્ છે એવો વાદ) અથવા **પરિણામવાદ** તરીકે ઓળખાય છે.

આ સત્કાર્યવાદના સિદ્ધાંતનું ભારતીય દર્શનોમાં ઘણું પ્રદાન છે. તેનાં બીજ સ્પષ્ટપણે વેદકાળમાં દેખાય છે. ઉપનિષદો પ્રમાણે તો પરમ તત્ત્વ (સત્) પોતે જ જગતનું ઉપાદાન તેમજ નિમિત્ત કારણ છે. પણ તેનું વ્યવસ્થિત પ્રતિપાદન સૌપ્રથમ સાંખ્યકારિકામાં મળે છે. ઉત્પત્તિ પહેલાં પણ 'કાર્ય' અવ્યક્ત રૂપે 'કારણ'માં હોય જ છે; તેની ઉત્પત્તિ એટલે તેનો 'આવિર્ભાવ' કે 'અભિવ્યક્તિ', અને નાશ એટલે 'લય' કે 'તિરોભાવ'. આમ હોઈને, કોઈ વસ્તુ સર્વથા નાશ પામતી નથી, તેમ તદ્દન નવી ઉત્પન્ન થતી નથી.

આ સિદ્ધાંતની સાબિતી માટે સાંખ્યો નીચે મુજબની દલીલો રજૂ કરે છે :

(૧) असदकरणात् — અસત્ (અસ્તિત્વ રહિત) વસ્તુને ઉત્પન્ન કરી શકાતી નથી; કાર્ય પોતાના કારણમાં શક્તિ રૂપે વિદ્યમાન ન હોય તો તેને ઉત્પન્ન કરી શકાય નહિ. (૨) उपादानग्रहणात् — આપણે અમુક કાર્યની ઉત્પત્તિ માટે અમુક જ ઉપાદાન કારણનું ગ્રહણ કરીએ છીએ, એ જ સિદ્ધ કરે છે કે કાર્ય ઉપાદાન કારણમાં અવ્યક્ત રૂપે હોય છે જ. (૩) सर्वसंभवाभावात् — કોઈ પણ વસ્તુમાંથી કોઈ પણ વસ્તુ ઉત્પન્ન થતી નથી, પણ અમુક નિયત કારણમાંથી જ અમુક નિયત કાર્ય ઉત્પન્ન થતું જોવામાં આવે છે. એથી એ સિદ્ધ થાય છે કે ઉત્પત્તિ પહેલાં પણ કાર્ય કારણમાં અવ્યક્ત શક્તિ રૂપે હતું જ. આવું ન હોય તો બધું બધાંમાંથી સંભવે. પણ એવું બનતું નથી. (૪) शक्तस्य शक्यकरणात् — જે કારણમાં જે કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ હોય છે તે કારણ તે જ કાર્યને ઉત્પન્ન કરી શકે છે. તલમાંથી તેલ થઈ શકે, માટીમાંથી નહિ; અને માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે, પટ નહિ. તેથી ઉત્પત્તિની પહેલાં કાર્યનું શક્તિ રૂપ અસ્તિત્વ કારણમાં હોવાનું સ્વીકારવું જોઈએ. (૫) कारणभावात् कार्यस्य — કાર્ય કારણાત્મક હોય છે, કારણથી અભિન્ન હોય છે. તેથી કાર્ય ઉત્પત્તિ પહેલાં પણ કારણમાં સત્તા ધરાવે છે (સાંખ્યકારિકા, ૯).

આ સત્કાર્યવાદનો સિદ્ધાંત અદ્વૈતવાદી વેદાંતદર્શનને ખૂબ ઉપયોગી નીવડ્યો હતો. આપણે જોઈએ છીએ કે સૃષ્ટિક્રમનું પ્રતિપાદન વેદાંતમાં સાંખ્યને મળતું જ છે, સિવાય કે વેદાંતીઓ પરમ તત્ત્વ બ્રહ્મ સ્વીકારે છે અને 'પ્રકૃતિ'ને તેની એક શક્તિ રૂપે સ્વીકારે છે.

સાંખ્યદર્શનમાં 'પ્રકૃતિ'('પ્રધાન')થી માંડીને પંચભૂત સુધીનાં ૨૪ તત્ત્વોને 'અવ્યક્ત' અને 'વ્યક્ત' એવા બે વિભાગમાં રજૂ કર્યાં છે. આપણે આગળ જોયું તેમ, આદ્યપ્રકૃતિ 'અવ્યક્ત' છે, જ્યારે

મહત્( બુદ્ધિ )થી માંડીને પંચભૂત સુધીનાં ૨૩ તત્ત્વો 'વ્યક્ત' છે. મૂળ 'અવ્યક્ત' પ્રકૃતિ સર્વ જગતનું આદિ કારણ છે. તે કોઈ અન્ય કારણમાંથી ઉત્પન્ન થતી ન હોઈ, વિલય પામતી ન હોઈ, સ્વભાવત: નિત્ય છે. અલબત્ત, એ પુરુષની જેમ કૂટસ્થનિત્ય નથી; કારણ કે તે પ્રતિક્ષણ સરૂપ કે વિરૂપ લક્ષણ ધરાવે છે. પ્રત્યેક પ્રલયકાળે દરેક વ્યક્ત તત્ત્વના પ્રવાહનો વિચ્છેદ થાય છે, અને નવી સૃષ્ટિ વખતે નવો પ્રવાહ શરૂ થાય છે.

બીજી ખૂબી એ છે કે વ્યક્ત પ્રકૃતિ પણ સૃષ્ટિભેદે અને પુરુષભેદે અનેક છે. અલબત્ત, 'અવ્યક્ત' મૂલ પ્રકૃતિ એક જ છે. તેનો પ્રવાહ કદાપિ તૂટતો નથી. તે કોઈના આશ્રયે નથી. તે કોઈ અન્ય તત્ત્વમાં લય પામતી નથી. મહત્ વગેરે વ્યક્ત તત્ત્વો મૂલ પ્રકૃતિથી પુષ્ટ થઈને પોતાનાં કાર્યને ઉત્પન્ન કરે છે. અન્યથા તેઓ ક્ષીણ અને શક્તિહીન થઈ જાય. આથી ઊલટું, **અવ્યક્ત** — મૂલ પ્રકૃતિ 'સ્વતંત્ર' છે. તે પોતાની શક્તિથી જ કાર્યને ઉત્પન્ન કરે છે. પરંતુ **વ્યક્ત તત્ત્વો** 'પરતંત્ર' છે; દરેક પોતાના મૂળ કારણને અધીન છે. દા. ત., 'મહત્' (બુદ્ધિ) મૂલ પ્રકૃતિને અધીન છે; 'અહંકાર' બુદ્ધિને અધીન છે; અગિયાર એટલે કે 'મન તથા દશ ઇન્દ્રિયો' અને પાંચ 'તન્માત્રાઓ' અહંકારને અધીન છે અને પાંચ 'મહાભૂતો' તન્માત્રાને અધીન છે.

**પુરુષ:** હવે સવાલ એ છે કે પ્રકૃતિ 'જડ' છે; તો પછી એ કાર્યમાં શી રીતે પ્રવૃત્ત થાય છે? ષષ્ટિતંત્ર ગ્રંથમાં કહ્યું છે કે 'પુરુષથી અધિષ્ઠત થતાં' — પુરુષના સંસર્ગમાં આવતાં — પ્રકૃતિ પ્રવૃત્ત થાય છે.

પુરુષ શુદ્ધ ચિત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છે, પણ 'અકર્તા' છે. પરંતુ પુરુષ અને પ્રકૃતિ બંને નિત્ય અને વિભુ (સર્વવ્યાપી) છે. તેમનો સંનિષ્કર્ષ (સામીપ્ય) થતાં, એટલે કે પુરુષ અને પ્રકૃતિ પરસ્પરમાં પ્રતિબિંબિત થતાં, પ્રકૃતિ જાણે કે 'ચેતન' બને છે તથા પુરુષ જાણે કે 'કર્તા' બને છે અને સૃષ્ટિ સંભવે છે! તેમનો સંબંધ અંધ જન અને પંગુ જનના જેવો છે; એક (પ્રકૃતિ) ચાલી શકે છે પણ જોઈ શકતી નથી; બીજો (પુરુષ) જોઈ શકે છે પણ ચાલી શકતો નથી. પણ સહકારથી બંને જણ રસ્તો કાપી નાખે છે અને પ્રયોજન સરી જતાં છૂટાં પડી જાય છે. (સાંખ્યકારિકા, ૨૧) વળી, ઈશ્વર-કૃષ્ણ કહે છે કે જેમ દૂધ અજ્ઞ હોવા છતાં વાછરડાના પોષણ માટે સ્વત: ઝરે છે, તેમ પ્રકૃતિ પણ અજ્ઞ હોવા છતાં પુરુષના ભોગ અને અપવર્ગ (મુક્તિ-ચરિતાર્થતા) માટે પ્રવૃત્ત થાય છે (સાંખ્યકારિકા, ૫૭).

પ્રકૃતિ સુખ-દુ:ખ મોહાત્મક હોઈ તેમાં ભોગ્ય બનવાની યોગ્યતા છે; પણ ભોક્તા ન હોય તો તે ભોગ્ય બની શકે નહિ એટલે ભોક્તા એવા પુરુષની અપેક્ષા પ્રકૃતિને છે. બીજી બાજુએ પુરુષનેય મુક્તિ માટે પ્રકૃતિની અપેક્ષા છે. પુરુષ સ્વભાવે તો સદા મુક્ત અને દુ:ખરહિત છે; પણ પ્રકૃતિ સાથે બંધાયેલો પુરુષ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિમાં પ્રતિબિંબિત થઈને અથવા તો બુદ્ધિનું પ્રતિબિંબ ઝીલીને પોતાના ઉપર દુ:ખત્રય વહોરી લે છે.

આ દુ:ખત્રયમાંથી આત્યન્તિક અને ઐકાન્તિક એવી મુક્તિ (કૈવલ્યપ્રાપ્તિ) માટે એવું વિવેકજ્ઞાન આવશ્યક છે કે 'પુરુષ અને પ્રકૃતિ તદ્દન ભિન્ન સ્વભાવવાળાં છે.' બુદ્ધિ તત્ત્વ વિના આવું જ્ઞાન શક્ય બને નહિ. આથી કૈવલ્યપ્રાપ્તિ માટે પુરુષને પ્રકૃતિજન્ય બુદ્ધિની અપેક્ષા છે. પરસ્પરની આવી અપેક્ષાને લઈને પ્રકૃતિ અને પુરુષનો સંબંધ છે અને તેથી પ્રકૃતિ મહત્ (બુદ્ધિ) અહંકાર રૂપે પરિણમે છે.

બીજી રીતે જોઈએ તો પ્રકૃતિનાં પરિણામોના વૈચિત્ર્યનું કારણ જીવ**(બંધનયુક્તપુરુષ)નું** કર્મવૈચિત્ર્ય છે. જીવના ધર્મ-અધર્મ અનુસાર પ્રકૃતિની વિભિન્ન અને વૈચિત્ર્યયુક્ત સૃષ્ટિ થાય છે (સાંખ્યસૂત્ર ૬-૪૧).

પ્રકૃતિ નિત્ય હોવા છતાં બધા જ પુરુષોને માટે તેનું સૃષ્ટિકાર્ય ચાલ્યા કરે છે એવું નથી. જે પુરુષને તે મુક્તિ સાધી આપે છે તેની બાબતમાં તે ફરી પ્રવૃત્ત થતી નથી; એટલે કે તેને માટે લિંગ-શરીર ટકાવી રાખવામાંથી વિરમે છે.

ટૂંકમાં, જ્યાં સુધી જે તે પુરુષની મુક્તિ ન થઈ હોય ત્યાં સુધી તે તે પુરુષના ધર્માધર્મ અનુસાર કે કર્માનુસાર પ્રકૃતિ પ્રવૃત્તિ કરે છે; પણ તેને મુક્તિ મળતાં જે તે પુરુષ માટેની પ્રકૃતિની પ્રવૃત્તિ અટકી જાય છે. જેમ નર્તકી રંગમંડપમાં નૃત્યનું પ્રદર્શન કરે છે અને પોતાને બરાબર જોઈ લીધી છે એમ સમજાતાં અટકી જાય છે, તેમ પ્રકૃતિ પુરુષ સમક્ષ પોતાના સ્વરૂપનાં અભિવ્યક્તિ કરી, પોતાનું સ્વરૂપ દેખાડી નિવૃત્ત થાય છે (સાંખ્યકારિકા, ૫૯).

**પુરુષ પ્રકૃતિથી તદ્દન ભિન્ન સ્વભાવવાળો છે એવું તેને ભાન કરાવવું એ પ્રકૃતિના સ્વરૂપ-પ્રકાશનનું પ્રયોજન છે.** આ સમજાવવા એક બીજી સુંદર ઉપમા અપાઈ છે. પ્રકૃતિ કુલવધૂ કરતાંય વધુ લજ્જાશીલ અને સુકુમાર છે. જે પુરુષ સમક્ષ તેનું સ્વરૂપ પ્રકટ થઈ ગયું તેની આગળ એ ફરી ઉપસ્થિત થતી નથી. અને પુરુષ પણ તેને બરાબર જોઈ લીધા પછી જોતો નથી. પ્રકૃતિ તદ્દન નિઃસ્વાર્થ છે. ગુણવતી પ્રકૃતિ નિર્ગુણ અને અનુપકારી એવા પુરુષનું પ્રયોજન નિઃસ્વાર્થ ભાવે સિદ્ધ કરી આપે છે (સાંખ્યકારિકા, ૬૦).

*

સાંખ્યદર્શનના 'પુરુષ' વિશે બીજી એક વાત સમજી લેવી જોઈએ. પુરુષ તો નિત્યમુક્ત છે, ચિત્સ્વરૂપ છે; તે કર્તા નથી અને જ્ઞાતા પણ નથી. 'બંધન' અને 'મુક્તિ' પ્રકૃતિનાં જ છે. 'બંધન' એટલે અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ (સુરક્ષા માટેની આસક્તિ) એ પાંચ 'ક્લેશ'; અને ધર્મ-અધર્મજન્ય સંસ્કારના પરિણામ રૂપ 'संसार' એટલે એક દેહમાંથી બીજા દેહમાં જવું તે. આ બંધન ચિત્ત(મહત્)માં છે. પુરુષમાં ચિત્તનું પ્રતિબિંબ પડે છે, તેથી તેનો પુરુષમાં 'આરોપ' થાય છે એટલું જ. પુરુષની બાબતમાં બંધન અને મુક્તિ વિવેકજ્ઞાનના અભાવને કારણે જ છે. આથી આરોપિત સુખાદિનો 'ઉપભોગ' અને આરોપિત સુખાદિની 'નિવૃત્તિ' એ બે પુરુષના પુરુષાર્થો છે. વાસ્તવમાં બુદ્ધિનો કોઈ ધર્મ પુરુષમાં સંક્રાન્ત થતો નથી. પુરુષના શુદ્ધ સ્વરૂપનું ભાન પણ બુદ્ધિવૃત્તિ દ્વારા જ થાય છે.

પ્રકૃતિને પોતાને કોઈ સ્વાર્થ નથી, તેથી પુરુષના (આરોપિત) ભોગને માટે તે ધર્મ (પુણ્ય), અધર્મ (પાપ), જ્ઞાન, અજ્ઞાન, વૈરાગ્ય, અવૈરાગ્ય, ઐશ્વર્ય અને અનૈશ્વર્ય દ્વારા પોતાને પોતે બાંધે છે; અર્થાત્ 'બુદ્ધિ' ધર્માદિ રૂપે પરિણમે છે અને તે 'વિવેક ખ્યાતિ' રૂપ સમ્યગ્જ્ઞાન દ્વારા પોતાને મુક્ત કરે છે (સાંખ્યકારિકા, ૬૨-૬૩).

પુરુષનું બુદ્ધિમાં પ્રતિબિંબ બધા સાંખ્યાચાર્યો માને છે; પણ પુરુષમાં બુદ્ધિનું પ્રતિબિંબ કેટલાક જ માને છે. પુરુષમાં બુદ્ધિનું પ્રતિબિંબ માનતાં પુરુષ કૂટસ્થ-નિત્ય નહિ રહે એવો તેમને ભય છે. તેમને એ ભારપૂર્વક સિદ્ધ કરવું છે કે બુદ્ધિની વૃત્તિઓનું ભાન કે ભોગ 'ખરા પુરુષ'ને નહિ પણ 'પ્રતિબિંબ રૂપ પુરુષ'ને, એટલે કે પુરુષ-ચિત્ દ્વારા પ્રકાશિત થતી બુદ્ધિને થાય છે. ભાન, ભોગ, બંધ, મોક્ષ બધું બુદ્ધિનિષ્ઠ છે. આગળ વધતાં પહેલાં 'પુરુષ' વિશે એક વધુ મુદ્દો સમજી લેવો જરૂરી છે.

સાંખ્ય 'પુરુષ બહુત્વ' સિદ્ધાંતમાં માને છે, એટલે કે પુરુષ (અહીં 'જીવ'ના અર્થમાં) એક નથી અસંખ્ય છે, કારણ કે દરેક પુરુષનાં જન્મ, મરણ, પ્રવૃત્તિ, સંસાર, મુક્તિ વગેરે બધું ભિન્ન હોય છે અને તેનો સ્થૂળ દેહ જન્મે જન્મે ભિન્ન હોય છે, જે નાશ પામે છે. પરંતુ પ્રત્યેક પુરુષને પોતાની બુદ્ધિ, પોતાનો અહંકાર વગેરે પોતપોતાનું છે. આથી પ્રત્યેક પુરુષને માટે બુદ્ધિ, અહંકાર, મન, જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય અને

પાંચ તન્માત્રાનું બનેલું સૂક્ષ્મ શરીર (લિંગ-શરીર) પણ હોય છે, જે દરેક જન્મે ભિન્ન નથી હોતું પણ સૃષ્ટિથી શરૂ કરીને પ્રલય સુધી પ્રવાહ રૂપે એક હોય છે.

## ત્રેવીસ વ્યક્ત તત્ત્વો

પ્રકૃતિમાંથી મહત્, મહત્‌માંથી અહંકાર, અહંકારમાંથી મન સહિત ૧૧ ઈન્દ્રિયો તેમજ પાંચ તન્માત્રા, અને પાંચ તન્માત્રામાંથી પાંચ ભૂતો ઉત્પન્ન થાય છે એ સૃષ્ટિક્રમ ઈશ્વર-કૃષ્ણને માન્ય છે. બીજા આચાર્યોના મતમાં થોડો ફરક છે; પણ ઉપર જણાવેલ ક્રમ સામાન્ય રીતે માન્ય છે.

'મહત્' તત્ત્વ અથવા 'બુદ્ધિ'માં સત્ત્વ ગુણનું પ્રાધાન્ય હોય છે; અને સૌ તત્ત્વોમાં બુદ્ધિ સૌથી વધારે સૂક્ષ્મ હોય છે. તત્ત્વોમાં સૂક્ષ્મતા ઉત્તરોત્તર ક્રમે ઊતરતી કક્ષાની હોય છે.

મહત્ તત્ત્વને વૈશ્વિક (વિશ્વચિત્ત) ગણવું કે નહિ તે બાબતમાં કોઈ સ્પષ્ટ વિવેચન મળતું નથી; પણ જે પ્રાપ્ત થાય છે તે પરથી તો એવું જ કહેવું પડે કે દરેક પુરુષની સાથે સંકળાયેલ પોતપોતાની બુદ્ધિ છે. બુદ્ધિ તત્ત્વોમાં 'સત્ત્વ' પ્રધાન હોય છે; તેમ છતાં કેટલીક બુદ્ધિમાં સત્ત્વનો અધિક ઉદ્‌ભવ હોય છે અને કેટલીકમાં 'તમસ્'નો. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એ સાત્ત્વિક બુદ્ધિના ધર્મો છે; જ્યારે અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય એ તામસિક બુદ્ધિના ધર્મો છે. આ આઠ ધર્મોને સાંખ્યો **'ભાવસર્ગ'** કહે છે. ધર્મનું પરિણામ 'અભ્યુદય' અને નિઃશ્રેયસ—'મુક્તિ'—છે. વેદવિહિત કે શાસ્ત્ર-વિહિત યજ્ઞદાનાદિથી ઉત્પન્ન થતો ધર્મ અભ્યુદયનો હેતુ બને છે; જ્યારે અષ્ટાંગયોગના અનુષ્ઠાનથી ઉત્પન્ન થયેલો ધર્મ 'નિઃશ્રેયસ' કે 'મુક્તિ'નો હેતુ બને છે (તત્ત્વકૌમુદી, ૨૩).

'મહત્'(બુદ્ધિ)નો વિચાર કર્યા પછી સંક્ષેપમાં બીજાં બાવીસ તત્ત્વોનો વિચાર કરીએ. મહત્ ('બુદ્ધિ') તત્ત્વમાંથી 'અહંકાર' તત્ત્વ ઉદ્‌ભવે છે. 'હું' અને 'મારું' એવું અભિમાન એ અહંકારની વૃત્તિ છે અને તેને લીધે જ પુરુષ ભ્રમમાં પડે છે અને પોતાને કર્તા, સ્વામી વગેરે માને છે. બીજી રીતે કહીએ તો, 'ઈન્દ્રિયો' અર્થનું સામાન્ય રૂપે ગ્રહણ કરે છે, 'મન' તેનું વિશેષ રૂપે ગ્રહણ કરે છે, 'અહંકાર' અભિમાન કરે છે: 'હું આ વિષયનો જ્ઞાતા છું', વગેરે; અને પછી મહત્ (બુદ્ધિ) વિષયાકાર બને છે.

અહંકાર એક તત્ત્વ છે; પણ તે તે ગુણ-વિશેષના ઉદ્‌ભવ કે સ્પર્ધાત્મક ભાવને કારણે તેમાંથી જુદાં જુદાં કાર્યો થઈ શકે છે અને તે સૌનાં જુદાં જુદાં નામ છે. આમ, 'અહંકાર' ત્રિવિધ છે—વૈકૃત અથવા સાત્ત્વિક, તૈજસ્ અથવા રાજસ્ અને ભૂતાદિ અથવા તામસ. વૈકૃત અથવા સત્ત્વપ્રધાન અહંકારમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન ઉદ્‌ભવે છે; અને ભૂતાદિ અથવા તમોગુણના પ્રાધાન્યવાળા અહંકારમાંથી પાંચ તન્માત્રા ઉત્પન્ન થાય છે. ઈન્દ્રિયો તેમજ તન્માત્રા બંનેની ઉત્પત્તિમાં તૈજસ્ અહંકાર ઉત્તેજક હોઈને નિમિત્ત કારણ તરીકે કામ કરે છે. ભાષ્યકાર વિજ્ઞાનભિક્ષુના મતે સાત્ત્વિક અહંકારમાંથી **'મન'** ઉદ્‌ભવે છે, રાજસ અહંકારમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય ઉદ્‌ભવે છે, અને તામસ અહંકારમાંથી પાંચ તન્માત્રા ઉદ્‌ભવે છે (સાંખ્ય પ્રવચન ભાષ્ય ૨.૧૮).

તન્માત્રા પંચવિધ છે—શબ્દતન્માત્રા, સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા, રસતન્માત્રા અને ગંધતન્માત્રા. કેટલાકના મતે શબ્દતન્માત્રામાંથી આકાશ નામક મહાભૂત ઉત્પન્ન થાય છે, સ્પર્શતન્માત્રામાંથી વાયુ, રૂપતન્માત્રામાંથી તેજ, રસતન્માત્રામાંથી પાણી અને ગંધતન્માત્રામાંથી પૃથ્વી મહાભૂત ઉત્પન્ન થાય છે. અને તે પ્રમાણે આ પાંચ મહાભૂતોમાં એક, બે, ત્રણ...એમ અનુક્રમે ગુણ હોય છે. તો વળી બીજા કેટલાકના મતે, શબ્દતન્માત્રામાંથી આકાશની ઉત્પત્તિ થાય છે; શબ્દતન્માત્રા સહિત સ્પર્શતન્માત્રામાંથી વાયુની

ઉત્પત્તિ થાય છે અને તેથી વાયુમાં શબ્દ અને સ્પર્શ એ બે ગુણો છે. શબ્દતન્માત્રા અને સ્પર્શતન્માત્રા સહિત રૂપતન્માત્રામાંથી તેજની ઉત્પત્તિ થાય છે અને તેથી તેજમાં શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ ગુણો છે. શબ્દતન્માત્રા, સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા સહિત રસતન્માત્રામાંથી જળની ઉત્પત્તિ થાય છે, અને તેથી જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ગુણો છે; અને શબ્દતન્માત્રા, સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા, રસતન્માત્રા સહિત ગંધતન્માત્રામાંથી પૃથ્વી ઉત્પન્ન થાય છે અને તેથી પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ગુણો છે.

સાંખ્યદર્શનમાં અગિયાર ઇન્દ્રિયો માની છે: ત્વચા, ચક્ષુ, જિહ્વા, કર્ણ અને નાસિકા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે; જીભ, હાથ, પગ, અપદ્વાર (ગુદા) અને ઉપસ્થ (જનનેન્દ્રિય) એ પાંચ કર્મેન્દ્રિય છે; અને મન જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય બંને છે, કારણ કે એ બંને પ્રકારની ઇન્દ્રિયો અને અહંકાર વચ્ચેની કડી છે. સાંખ્ય-મત પ્રમાણે ઇન્દ્રિયો ભૌતિક નથી પણ શક્તિ રૂપ છે, અને તેમનાં સ્થૂલ અધિષ્ઠાનથી ભિન્ન છે. 'બુદ્ધિ', 'અહંકાર' અને 'મન' એ ત્રણ **અંતઃકરણ** છે, અને તેમને પોતપોતાની વૃત્તિ છે. 'બુદ્ધિ'ની વૃત્તિ અધ્યવસાય કે નિશ્ચય છે; 'અહંકાર'ની વૃત્તિ અભિમાન છે અને 'મન'ની વૃત્તિ સંકલ્પ છે. આ તેમની અસાધારણ વૃત્તિ છે અને પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન એ પાંચ વાયુ આ ત્રણ અંતઃકરણની સાધારણ વૃત્તિઓ છે. ટીકાઓમાં આ પાંચ વાયુઓ અને તેમનાથી નિયત થતાં દૈહિક તથા અંતઃકરણનાં વલણોનું સવિસ્તર વર્ણન છે (યુક્તિ દીપિકા, ૨૯).

સાંખ્યદર્શનમાં કાલને સ્વતંત્ર તત્ત્વ માન્યો નથી, અને દિક્‌ને બુદ્ધિ-કલ્પિત અને સાપેક્ષ માની છે. પરંતુ સાંખ્યસૂત્રમાં કહ્યું છે કે 'દિક્' અને 'કાળ' આકાશમાંથી ઉત્પન્ન થાય છે. વિજ્ઞાનભિક્ષુ સમજાવે છે કે આ તો 'ખંડ દિક્' અને 'કાલની' વાત છે; **અખંડ દિક્ અને કાલ તો પ્રકૃતિના ગુણવિશેષ રૂપ છે, નિત્ય છે.** (સાંખ્યસૂત્ર ૨.૧૨ અને તેના પરનું સાંખ્ય-પ્રવચન ભાષ્ય.)

સાંખ્યદર્શનના ગ્રંથોમાં ભૌતિક સર્ગસૃષ્ટિનું પણ વિસ્તૃત વર્ણન મળે છે. 'લિંગશરીર' (સૂક્ષ્મદેહ) પૂર્વજન્મોમાં એકઠાં કરેલાં કર્માનુસાર દેવતા, મનુષ્ય કે તિર્યક્ (પશુ-પક્ષી તથા જડદ્રવ્ય) યોનિનો દેહ ધારણ કરે છે. આ ત્રિવિધ ભૌતિક સર્ગના ૧૪ વર્ગો છે—દેવસર્ગના આઠ (બ્રાહ્મ, પ્રાજાપત્ય, ઐન્દ્ર, પૈત્ર, ગાન્ધર્વ, યાક્ષ, રાક્ષસ અને પૈશાચ), મનુષ્ય-સર્ગનો એક વર્ગ, અને તિર્યક્ સર્ગના પાંચ વર્ગ (પશુ, મૃગ, પક્ષી, સરીસૃપ અને સ્થાવર) (સાંખ્ય-કારિકા, ૫૩).

વિવેકજ્ઞાન થાય નહિ અને લિંગશરીર જુદું પડે નહિ ત્યાં સુધી 'પુરુષ' પુર્વોક્ત ૧૪ પ્રકારના જીવોને યોગ્ય એવા ભૌતિક શરીરમાં બંધાયેલો રહે છે.

*

'પ્રકૃતિ' સાથે 'પુરુષ'નો અનાદિ સંબંધ છે; તેમ છતાં સૃષ્ટિ અને પ્રલય થયા કરે છે. સૃષ્ટિની પ્રક્રિયા આપણે ઉપર જોઈ. પ્રલયકાળે કાર્યો પોતપોતનાં કારણોમાં લય પામે છે. પંચ મહાભૂત પંચ તન્માત્રામાં, પંચ તન્માત્રા અને ઇન્દ્રિયો અહંકારમાં, અહંકાર મહત્ તત્ત્વમાં અને મહત્ તત્ત્વ મૂળ પ્રકૃતિમાં લય પામે છે. પ્રકૃતિનું કોઈ 'કારણ' (મૂળ) નથી, તેથી તે કશામાં લય પામતી નથી.

*

એકંદરે, સાંખ્ય સિદ્ધાંતે દ્વૈતવાદની પરંપરા દૃઢપણે સ્થાપી છે. એનું ખંડન કરવા માટે વેદાંતીઓને સારો એવો પરિશ્રમ લેવો પડયો છે. તે એટલે સુધી કે ખુદ વેદાંત સાહિત્યમાં—ઉપનિષદોમાં સાંખ્ય-વિચારો બીજ રૂપેય છે એ વાતનો જ ઇન્કાર કરવાની હદ સુધી કેટલાક વેદાંતીઓએ ભારે શ્રમ ઉઠાવ્યો છે. તેમ છતાં

તેમની દલીલો હમેશાં પ્રતીતિકર છે એમ તો ન જ કહેવાય. સાંખ્યના ઘણા વિચારો વેદાંતમાં સમાવી લેવામાં આવ્યા છે, અને લગભગ બધાં ભારતીય દર્શનોમાં સાંખ્યને મળતા વિચારો મળે છે.

## કૈવલ્ય (મોક્ષ) પ્રાપ્તિનો માર્ગ

**બુદ્ધિના ધર્મો (ષષ્ટિતંત્ર)** : ૫૦ ભેદ+૧૦ મૂળભૂત સિદ્ધાંતો=૬૦ મુદ્દા

**૫૦ ભેદ**

| (૧) વિપર્યય | (૨) અશક્તિ | (૩) તુષ્ટિ | (૪) સિદ્ધિ | |
|---|---|---|---|---|
| ૫ ભેદ | ૨૮ ભેદ | ૯ ભેદ | ૮ ભેદ | =૫૦ |

**૧૦ મૂલિકાર્થો** (મૂળભૂત સિદ્ધાંતો)

પ્રકૃતિના અસ્તિત્વની સિદ્ધિ માટે, તેનું એકત્વ અને સ્વરૂપ સિદ્ધ કરવા માટે ૧૦ મૂળભૂત સિદ્ધાંતો :

(૧) અસ્તિત્વ, (૨) એકત્વ, (૩) અર્થવત્ત્વ, (૪) પારાર્થ્ય, (૫) અન્યત્વ, (૬) નિવૃત્તિ, (૭) યોગ, (૮) વિયોગ, (૯) અનેક પુરુષો, (૧૦) શેષવૃતિ. (સમ્યક્ જ્ઞાન થયા પછી પણ સંસારચક્રનો વેગ ટકે ત્યાં સુધી, અર્થાત્ (પ્રારબ્ધ) કર્મના બળે, દેહ ટકી રહે છે. દેહ પડતાં કૈવલ્ય (મોક્ષ) થાય છે.)

હવે, બુદ્ધિના ધર્મોના મુખ્ય ચાર પ્રકાર 'વિપર્યય', 'અશક્તિ', 'તુષ્ટિ' અને 'સિદ્ધિ'ની કેટલીક વીગતો જોઈએ :

(૧) બુદ્ધિના ધર્મોનો પહેલો પ્રકાર તે વિપર્યય. 'વિપર્યય' પાંચ પ્રકારનો છે : અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ. તેમાં 'અવિદ્યા' એટલે પ્રકૃતિ, મહત્, અહંકાર અને પાંચ તન્માત્રાને વિષે એ આત્મા છે એવું મિથ્યા જ્ઞાન. 'અસ્મિતા' એટલે આઠ અણિમાદિ સિદ્ધિઓ વિષે અભિમાન — 'હું ઐશ્વર્યવાળો છું' એવું જીવને અભિમાન — થાય તે. 'રાગ' એટલે દૈવી અને અદૈવી બંને પ્રકારના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એવા પાંચ પાંચ મળી ૧૦ વિષયો પ્રત્યે આસક્તિ. 'દ્વેષ' એટલે આઠ 'સિદ્ધિ'ઓ (હવે પછી જણાવ્યા મુજબની) અને ૧૦ 'વિષયો' કોઈ અવરોધ ઊભો થતાં તેનાથી દૂર રહેવાની અને તેનો નાશ કરવાની વૃત્તિ થાય તે અને 'અભિનિવેશ' એટલે મૃત્યુનો ભય તથા સુરક્ષા માટેની આસક્તિ. આ ભય એ પ્રકારનો કે શબ્દ વગેરે ૧૦ અને અણિમા વગેરે ૮ એ ૧૮ સિદ્ધિઓ રખેને આપણી પાસેથી જતી રહે! તેથી અભિનિવેશ પણ ૧૮ પ્રકારના છે.

(૨) બુદ્ધિના ધર્મોનો બીજો પ્રકાર તે 'અશક્તિ', એટલે કે બુદ્ધિની અપટુતા. આ અશક્તિના ૨૮ પ્રકાર છે. તેમાં ૧૧ ઈન્દ્રિયોના દોષને કારણે સંભવતી અશક્તિના ૧૧ પ્રકાર છે; અને બુદ્ધિના વ્યાઘાતને કારણે ઉદ્ભવતી અશક્તિના ૧૭ પ્રકાર છે. સત્ત્વગુણનો ઉદ્રેક ન હોય ત્યારે ૯ પ્રકારની તુષ્ટિ અને ૮ પ્રકારની સિદ્ધિ સંભવતી નથી, તે આ ૧૭ પ્રકારની અશક્તિ.

(૩) બુદ્ધિના ધર્મોનો ત્રીજો પ્રકાર 'તુષ્ટિ' છે. તે દ્વિવિધ છે : આધ્યાત્મિક અને બાહ્ય. 'પ્રકૃતિ' અને 'પુરુષ'નાં સ્વરૂપ તદ્દન ભિન્ન છે અને પુરુષ 'કૂટસ્થનિત્ય' છે વગેરે. ગુરુમુખે સાંભળ્યા પછી આ જ્ઞાનને દૃઢ કરવા માટે શ્રવણ, મનન, નિદિધ્યાસન આદિ ન કરતાં પોતાની મેળે જ એ થશે એવો સંતોષ રાખવો, તે તુષ્ટિ રૂપ બુદ્ધિ ધર્મ છે.

(૪) ચોથો પ્રકાર 'સિદ્ધિ' છે. તે આઠ પ્રકારની છે. મુખ્ય ત્રણ સિદ્ધિઓનાં નામ છે—(૧) 'પ્રમોદ', (૨) 'મુદિત', (૩) 'મોદમાન'. શ્રવણ, મનન, નિદિધ્યાસનથી પ્રકૃતિ અને પુરુષના વિવેકનું જ્ઞાન થાય છે અને તેથી આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એ ત્રણ પ્રકારનાં દુ:ખોનો નાશ થાય છે અને આમ આ ત્રણ સિદ્ધિઓ ઉદ્ભવે છે. બાકીની આ ત્રણના ઉપાય રૂપ પાંચ સિદ્ધિઓ છે: (૪) અધ્યયન (અથવા 'તાર'—ગુરુમુખે તત્ત્વવિદ્યાનું અક્ષર-ગ્રહણ), (૫) શબ્દ (અથવા 'સુતાર'—સાંભળેલા શબ્દોનું અર્થજ્ઞાન), (૬) ઊહ અથવા 'તારતાર'—વિરુદ્ધ દલીલોથી આક્રાન્ત બનેલ શાસ્ત્રવાચનનો સબળ દલીલોથી બચાવ), (૭) સુહૃત્પ્રાપ્તિ (અથવા 'રમ્યક'—પોતાની સમજમાં કોઈ ભૂલ કે ખામી તો નથી ને એ ખાતરી કરવા માટે સમાન શીલવાળા 'સુહૃદ્' સાથે વિચારણા), (૮) દાન (અથવા 'સદામુદિત' એટલે કે ગુરુને જોઈતી વસ્તુઓ આપવી). આવો પરંપરાગત અર્થ બદલીને વાચસ્પતિ 'દાન'નો અર્થ 'વિવેકજ્ઞાન' કરે છે— પ્રયત્નપૂર્વક દીર્ઘકાલના અભ્યાસ પછી 'વિવેકસાક્ષાત્કાર' થતાં સર્વ સંશય, સંસ્કાર, મિથ્યા જ્ઞાનનો નાશ થઈ જાય છે અને ચિત્તમાં વિવેકજ્ઞાનનો સ્વચ્છ પ્રવાહ વહે છે (સાંખ્યકારિકા, ૫૧).

*વિપર્યય, અશક્તિ, તુષ્ટિ અને સિદ્ધિ રૂપ ચતુર્વિધ પ્રત્યયસર્ગમાં સિદ્ધિ ઉપાદેય (ઇષ્ટ) છે અને સિદ્ધિમાં બાધાકારક હોઈને વિપર્યય, અશક્તિ અને તુષ્ટિ હેય (ત્યાજ્ય) છે.

બુદ્ધિના સંબંધમાં સાંખ્યાચાર્યોએ ઘણો વિચાર કર્યો છે જેનો ખૂબ જ આછો ખ્યાલ ઉપર આપ્યો છે. પુરુષનાં 'ભોગ' અને 'અપવર્ગ' (મુક્તિ) બુદ્ધિ દ્વારા જ સિદ્ધ થાય છે; તેથી બુદ્ધિનું પ્રાધાન્ય માનવું જ જોઈએ. બુદ્ધિ જ સર્વ સંસ્કારોનો આધાર છે. જ્ઞાનની ઉત્પત્તિમાં પણ તેનું જ પ્રાધાન્ય છે. ગામનો કર એકઠો કરીને જેમ ગ્રામાધ્યક્ષ સર્વાધ્યક્ષને સોંપે અને સર્વાધ્યક્ષ રાજાને આપે, તેમ ઇન્દ્રિયો પુરુષના ભોગના વિષયો મન આગળ, મન અહંકાર આગળ અને અહંકાર બુદ્ધિ આગળ રજૂ કરે છે. બુદ્ધિ પરિણામી છે—તે બાહ્ય પદાર્થોના આકારે અને પુરુષાકારે પરિણત થાય છે. ચિત્તની વિષયાકાર કે સુખદુ:ખાકાર પરિણતિ એ તેની (ચિત્તની) 'વૃત્તિ' કહેવાય છે.

'નિશ્ચય રૂપ બુદ્ધિવૃત્તિ'ને **પ્રમાણ** માનવામાં આવે છે. આ વિષયાકાર બુદ્ધિમાં પ્રતિબિંબિત ચૈતન્ય બુદ્ધિને પ્રકાશિત કરે છે અને પ્રતિબિંબ સ્વરૂપ ચૈતન્યને જ 'અર્થજ્ઞાન' થાય છે જેને **પ્રમા** કહે છે. આમ, 'પ્રમાણ' અને 'પ્રમા' રૂપ ફલનું અધિકરણ બુદ્ધિ જ છે એવો વાચસ્પતિનો મત છે. પરંતુ વિજ્ઞાનભિક્ષુ આની સાથે સંમત નથી. પ્રતિબિંબ તુચ્છ છે, તે પ્રકાશ વગેરે કરવા સમર્થ નથી. એમના મતે, અર્થાકાર બુદ્ધિવૃત્તિનું પ્રતિબિંબ પુરુષમાં પડતાં પુરુષને અર્થબોધ થાય છે. તેથી અર્થાકાર બુદ્ધિવૃત્તિ એ 'પ્રમાણ' છે અને પુરુષને થતો બોધ એ 'પ્રમા' છે.

### ભારતીય તત્ત્વચિંતનથી પ્રભાવિત ગ્રીકદર્શન

* ડૉ. રાધાકૃષ્ણનના મતે, ગ્રીક તત્ત્વચિંતનની ઘણી આધ્યાત્મિક બાબતો તેમજ સંયમપ્રધાન જીવનની બાબતો ઉપર ભારતીય તત્ત્વચિંતન અને સંયમી જીવનની ચોક્કસ અસર છે.

* સિકંદરના આક્રમણથી (ઈ. પૂ. ૩૨૭) માંડી ગ્રીક અને ભારતીય પ્રજાઓનો જે સંબંધ વધારે ને વધારે થતો ગયો તેને લક્ષમાં લેતાં તો એમ માનવાને અડચણ નથી કે કેટલીક બાબતોમાં ગ્રીકોએ વિચારો ઝીલ્યા છે, તો બીજી કેટલીક બાબતોમાં ભારતીઓએ પણ ગ્રીક વિચારો ઝીલ્યા છે.

# सेश्वरसांख्य परंपरा

સાંખ્યસિદ્ધાંતમાં 'બ્રહ્મ' કે 'ઈશ્વર'નું સ્થાન જણાતું નથી. જગતના સ્રષ્ટા તરીકે કે ઉપાદાન-કારણ તરીકે તેને સ્વીકાર્યો નથી. સૃષ્ટિનું ઉપાદાનકારણ છે પ્રકૃતિ અને નિમિત્ત કારણ છે જીવનાં કર્મ (અર્થાત્ ધર્માધર્મ કે પાપ-પુણ્ય). સૃષ્ટિમાં ઈશ્વરની અગત્ય–અપેક્ષા પુરવાર કરવા માટે કોઈ પ્રમાણ નથી એમ સાંખ્યકારિકાની ટીકાઓમાં જણાવ્યું છે. 'સાંખ્યસૂત્ર'માં પણ સ્પષ્ટ કહ્યું છે કે ઈશ્વરને સિદ્ધ કરનાર કોઈ પ્રમાણ નથી (સાંખ્યસૂત્ર ૧-૯૨). પરંતુ, આ ગ્રંથના ટીકાકાર વિજ્ઞાનભિક્ષુ મૂળ સૂત્ર ટાંકીને નવો જ વળાંક આપે છે. મૂળ સૂત્ર ईश्वरासिद्धः (ઈશ્વરની સિદ્ધિ નથી) એમ છે, ईश्वराभावात् (ઈશ્વરનો અભાવ) એમ નથી. આ બતાવે છે કે ઈશ્વરનો અભાવ સાંખ્યસૂત્રને અભિપ્રેત નથી.

છતાં, ગૂંચ એ છે કે જો સાંખ્યદર્શન ઈશ્વરના સંપૂર્ણ ઐશ્વર્યનું પ્રતિપાદન કરે તો આવા દોષ-રહિત પરિપૂર્ણ ઈશ્વરનું દર્શન કરવા તરફ સાધકનું ધ્યાન કેન્દ્રિત થાય અને આમ થાય તો વિવેકજ્ઞાનની પ્રાપ્તિમાં બાધા ઊભી થાય. જ્યારે સાંખ્યદર્શનનું મૂળ પ્રયોજન તો પુરુષના કૈવલ્ય (મોક્ષ) માટે પ્રકૃતિ અને પુરુષ એટલે કે અનાત્મા (પ્રકૃતિ) અને આત્મા(પુરુષ)નું દ્વૈત સિદ્ધ કરવાનું છે. તેથી સાંખ્યમાં ઈશ્વરનો નિષેધ ઉપર મુજબના 'વ્યાવહારિક કારણસર' કરવામાં આવ્યો છે.

**ટૂંકમાં, નિરીશ્વર લાગતું સાંખ્ય ખરેખર નિરીશ્વર નથી.**

વિજ્ઞાનભિક્ષુ કહે છે કે 'ચિત્સામાન્ય' એ જ ઈશ્વર છે. વિજ્ઞાનભિક્ષુ આ રીતે 'સાંખ્ય' અને 'વેદાંત'નો સમન્વય કરતા લાગે છે. વિજ્ઞાનભિક્ષુએ લખેલા બ્રહ્મસૂત્ર ઉપરના ભાષ્યમાં સ્થાને સ્થાને 'પરબ્રહ્મ'ની વાત આવે છે.

*વળી, 'સાંખ્ય'ની મૂળ ત્રણ શાખા(ચોવીસ, પચ્ચીસ અને છવ્વીસ તત્ત્વોમાં માનનારી)માંની ત્રીજી શાખામાં પ્રાચીન કાળથી સેશ્વરસાંખ્યની પરંપરા તો હતી જ. (જો કે કેટલાક ચિંતકો સેશ્વરસાંખ્યને 'આદિ' અથવા પ્રાચીન માનતા નથી.)

# ૬ : જૈન-દર્શન

બ્રાહ્મણોના વેદનું પ્રામાણ્ય નહિ સ્વીકારનારાઓમાં જૈન અને બૌદ્ધ વિચારસરણી મહત્ત્વની છે. 'જિન' એટલે જેણે પોતાનાં મન, વાણી અને કાયાને જીતી લીધાં છે તે. તેમના ધર્મને અનુસરનારા તે 'જૈન'. એ 'જિન' મહાત્માઓ 'તીર્થંકર' તરીકે પણ ઓળખાય છે—જૈનશાસ્ત્ર એ સંસાર રૂપી નદી ઊતરવાનો આરો, ઓવારો—'તીર્થ' છે; એ બાંધનારા તે 'તીર્થંકર'. જૈન પરંપરામાં ચોવીસ 'તીર્થંકર' માન્યા છે—જેમાં સૌથી પહેલા ઋષભદેવ, ૨૩મા પાર્શ્વનાથ અને છેલ્લા ચોવીસમા મહાવીર સ્વામી. તેઓ ઈ. પૂ. ૫૩૯માં વૈશાલીના ક્ષત્રિય કુળમાં જન્મ્યા હતા. ૩૦ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમ સેવ્યા બાદ તેઓ સાધુ થયા. તેઓએ ઘર વિનાની અને વસ્ત્ર વિનાની સ્થિતિમાં મન, વાણી અને કાયાના દોષથી દૂર રહીને, ઉપવાસ વગેરે ઉગ્ર તપશ્ચર્યા અને ધ્યાનમાં બાર વર્ષ વિતાવ્યાં. તેરમે વર્ષે એટલે પોતાની ૪૨-૪૩ વર્ષની ઉંમરે તેમને '**કેવલજ્ઞાન**' થયું; અને તે પછી ત્રીસ વર્ષ સુધી તેમણે વિહાર કરી ધર્મનો ઉપદેશ કર્યો. તેઓના ઘણા શિષ્યો થયા અને તેમણે જૈનધર્મ સારી પેઠે ફેલાવ્યો. ૭૨ વર્ષની ઉંમરે ઈ. પૂ. ૪૬૭માં તેઓ નિર્વાણ પામ્યા.

મહાવીર સ્વામીના અગિયાર મુખ્ય શિષ્યો હતા. તેઓ 'ગણધર' કહેવાય છે. એ ગણધરોમાંથી નવ તો તેઓના જીવનકાળ દરમ્યાન જ નિર્વાણ પામ્યા; પાછળ બે રહ્યા—ગૌતમ ઈન્દ્રભૂતિ અને સુધર્મા. સુધર્માએ સૂત્રકૃતાંગ વગેરે આગમ ગ્રંથો રચી મહાવીર સ્વામીનો ઉપદેશ જાળવી રાખ્યો છે. મહાવીર સ્વામીના સાધુ વર્ગમાં ચંદના નામની એક સ્ત્રી પણ હતી, જે સાધ્વીઓમાં સૌથી પ્રથમ હતી અને તેને સાધ્વીઓના મંડળની દેખરેખ સોંપવામાં આવી હતી.

જૈનસંઘના ચાર વિભાગ છે : સાધુ (મુનિ, શ્રમણ),. સાધ્વી (આર્યા), શ્રાવક અને શ્રાવિકા. સાધુ અને સાધ્વી સંસારીજીવન ત્યજી વૈરાગ્ય અને તપના કડક નિયમનું પાલન કરે છે, જ્યારે શ્રાવક અને શ્રાવિકા સંસારમાં રહીને કેટલાક નિયમોનું પાલન કરે છે અને મુનિઓનો ઉપદેશ સાંભળે છે.

ઈ. પૂ. ૩૦૦ના અરસામાં જૈન ધર્મના મુખ્ય બે પંથ પડયા : 'શ્વેતાંબર' અને 'દિગંબર'. શ્વેતાંબર એટલે શ્વેત વસ્ત્રવાળા અને દિગંબર એટલે દિશાઓરૂપી જેમનું વસ્ત્ર છે તે, અર્થાત્ જેઓ શરીર પર વસ્ત્ર મુદ્દલ ધારણ કરતા નથી તે. મૂળ આ ભેદ સાધુઓમાં પડયો અને તે પછી શ્વેતાંબર સાધુને અનુસરનારા તે 'શ્વેતાંબર' અને દિગંબર સાધુને અનુસરનારા તે 'દિગંબર' એમ ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકાઓમાંય બે પંથ પડયા.

દિગંબરો પ્રમાણે 'તીર્થંકર' અથવા 'કેવલી' (પૂર્ણ જ્ઞાની) આહાર વિના જીવી શકે છે, જ્યારે શ્વેતાંબર આહારનો સંભવ સ્વીકારે છે. દિગંબર માને છે કે વસ્ત્ર અને પરિગ્રહ ધારણ કરનાર સાધુ કૈવલ્યને પામતો નથી. અને તેમના મતે સ્ત્રીને મોક્ષનો અધિકાર નથી; પુરુષ તરીકે જન્મ્યા પછી જ તે મુક્તિ મેળવી શકે. શ્વેતાંબર માને છે કે દેવનંદાના ગર્ભસ્થાનમાંથી મહાવીરનો ગર્ભ ત્રિશલામાં સ્થાપવામાં આવ્યો હતો. આ વાત દિગંબર માનતા નથી. આગળ જતાં આ બે પંથોમાં પેટા પંથો પડયા. આમ છતાં અહિંસા, સંયમ વગેરે મૂળભૂત સિદ્ધાંતો સર્વને માન્ય રહ્યા છે.

જૈન આગમ ગ્રંથો પ્રાકૃત (માગધી અને મહારાષ્ટ્રી) ભાષામાં છે. આ ગ્રંથોમાં ૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણ, ૬ છેદસૂત્ર, ૪ મૂલસૂત્ર, નન્દીસૂત્ર તથા અનુયોગદ્વારનો સમાવેશ થાય છે.

દિગંબરોની માન્યતા અનુસાર દૃષ્ટિવાદ નામના અંગમાં સમાવિષ્ટ 'પૂર્વ' ગ્રંથો ક્રમે ક્રમે લુપ્ત થઈ જતાં, અને 'અંગ' પણ દહાડે દહાડે ઓછાં મોઢે રહેતાં, ઈ. સ.ના બીજા સૈકામાં જૈન-આગમોને પત્રારૂઢ કરવામાં આવ્યાં હતાં; જ્યારે શ્વેતાંબરો એમ માને છે કે ઈ. પૂ. ત્રણ સો વર્ષ ઉપર પાટલિપુત્રના સંઘમાં શાસ્ત્રો નક્કી થયાં હતાં. એ જ્યારે મોઢે રહેવા ન લાગ્યાં અને ક્રમે ક્રમે નાશ પામવા લાગ્યાં ત્યારે ઈ. સ. ૫૧૩માં વલભીપુરમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે એ સર્વ લખાવીને ગ્રંથો દ્વારા ભણાવવાનો રિવાજ દાખલ કર્યો. દિગંબરો આ આગમ સાહિત્યને મૂળ અને પ્રમાણભૂત માનતા નથી. આ ઉપરાંત નિર્યુક્તિઓ અને ચૂર્ણિઓનું વિશાળ ટીકાસાહિત્ય છે. પાછળથી સંસ્કૃતમાં ગ્રંથો લખાયા.

જૈન તત્ત્વજ્ઞાન અને પ્રમાણશાસ્ત્રવિષયક અનેક વિદ્વાન આચાર્યોના અનેક પાંડિત્યપૂર્ણ ગ્રંથો મળે છે. આમાંના ઘણાખરા ગ્રંથોનું મહત્ત્વ એ છે કે અન્ય દર્શનોના મહત્ત્વના ગ્રંથોના વિસ્તૃત ઉતારાઓ એમાં મળે છે. આથી કરીને અન્ય દર્શનોના નષ્ટ થઈ ગયેલા કેટલાક ગ્રંથો અથવા ભુલાઈ ગયેલા કેટલાક આચાર્યો વિષે થોડીઘણી માહિતી અને તેમના મતનો થોડોઘણો ખ્યાલ આ જૈન ગ્રંથોમાં સચવાઈ રહ્યો છે. દાર્શનિક વિકાસના ઈતિહાસની દૃષ્ટિએ આ વસ્તુ અત્યંત મહત્ત્વની બની રહે છે. (જૈન-દેરાસરોના ભંડારોમાં આ હસ્તપ્રતોની નકલો ઘણી જ સંભાળપૂર્વક જાળવાઈ છે.)

બ્રાહ્મણ કે વૈદિક ધર્મસાધનામાં 'કર્મ', 'ઉપાસના' અને 'જ્ઞાન'નો ક્રમ સ્વીકારાયો છે; બૌદ્ધ ધર્મમાં વૈદિકને મળતો શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો ક્રમ સ્વીકારાયો છે; જ્યારે જૈન ધર્મમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ક્રમને 'ત્રણ રત્ન' કહેવામાં આવ્યાં છે.

## દર્શન

વાસ્તવમાં આ ત્રણે રત્નો એકબીજા સાથે ઘનિષ્ટપણે અવલંબિત છે—ઓતપ્રોત છે. છતાં, તત્ત્વ-ચિંતનની દૃષ્ટિએ ત્રણ ભેદ પાડવામાં આવ્યા છે. તેમાં 'સમ્યક્ દર્શન'ને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. અહીં 'દર્શન'નો અર્થ શાસ્ત્રવચનો(આગમ ગ્રંથો તથા તીર્થંકરોનો ઉપદેશ)માં **શ્રદ્ધા** એવો થાય છે. તેના કારણમાં વિદ્વાન ચિંતક હિરિયણ્ણા (ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા, પૂર્વાર્ધમાં જણાવે છે) કે આધ્યાત્મિક વિકાસના આરંભમાં જ આવી ધર્મશ્રદ્ધા ન હોય તો તે વિકાસમાં અવરોધક બન્યા વિના રહે જ નહિ. વધુમાં એ પણ કારણ છે કે જ્ઞાનપ્રાપ્તિની ઈચ્છાનો ઉદય 'દર્શન'(શ્રદ્ધા) માંથી જ થાય છે. એ પછી મનુષ્ય સમ્યક્ 'જ્ઞાન' પ્રાપ્ત કરીને સમ્યક્ 'ચારિત્ર' ગ્રહણ કરે છે. અંતે, કર્મનો ક્ષય કરીને મોક્ષ પામે છે.

આટલી ભૂમિકા પછી આપણે બીજું સોપાન='જ્ઞાન'નું સ્વરૂપ વીગતે તપાસીએ.

## જ્ઞાન

આરંભ સૃષ્ટિ-ઉત્પત્તિના ચિંતનથી કરીશું. જીવની મુક્તિ તરફની યાત્રાને ધ્યાનમાં રાખીને જૈનચિંતનમાં નવ પ્રકારનાં તત્ત્વો (મૂળ સત્યો) માન્યાં છે: (૧) જીવ (સજીવ), (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આસ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ અને (૯) મોક્ષ.

### જીવ–સજીવ

જૈન-સિદ્ધાંત પ્રમાણે 'જીવ' અનેક છે, આદિ અને અંત વિનાના છે. તેમાં મનુષ્યથી માંડી પ્રાણી, જંતુ, વનસ્પતિ (નિગોદ) ઉપરાંત પૃથ્વી, જળ, તેજ, વાયુના પરમાણુઓ અને સમૂહો પણ સજીવ વર્ગના ગણાય છે. આ તમામ જીવોમાં પાંચથી એક સુધીની ઈન્દ્રિયો હોય છે — જો કે બધામાં વ્યક્ત થયેલી હોતી નથી. એક જ ઈન્દ્રિય ધરાવતા જીવો(સ્થાવર)માં પણ સ્થૂળ (બાદર) અને સૂક્ષ્મ એવા બે

વિભાગ છે. આમાં પૃથ્વીકાય, જલકાય તેજ(અગ્નિ)કાય તેમજ વનસ્પતિકાય(નિગોદ)નો સમાવેશ થાય છે. કેટલીક વનસ્પતિનો એક જીવ, એક દેહ હોય છે. તે 'પ્રત્યેક' કહેવાય છે. કેટલીક વનસ્પતિને ઘણા જીવ અને એક દેહ હોય છે. તે 'સાધારણ' કહેવાય છે. સ્થાવરથી ભિન્ન તે જંગમ (ત્રસ) જાતિના જીવ. તે બે, ત્રણ, ચાર કે પાંચ ઇન્દ્રિયવાળા છે.

બે ઇન્દ્રિયોવાળાં એટલે કે ત્વચા (સ્પર્શ) અને નાસિકા (ઘ્રાણ) ધરાવનારાં કીડા, જળો, છીપ, શંખના પ્રકાર; ત્રણ ઇન્દ્રિયોવાળાં એટલે કે ત્વચા, નાસિકા ઉપરાંત ચક્ષુ (દૃષ્ટિ) ધરાવનારાં કીડી, જૂ, માંકડ, ફૂદાં; ચાર ઇન્દ્રિયોવાળાં એટલે કે ત્વચા, નાસિકા, ચક્ષુ ઉપરાંત જિહ્વા (સ્વાદ) ધરાવનારાં મધમાખી, માખી, મચ્છર છે. પાંચ ઇન્દ્રિયવાળાંમાં મનુષ્યો ઉપરાંત 'જળચરો' (તરનારાં), 'ભૂમિચરો' (ચાલનારાં), 'ખેચરો' (ઊડનારાં પશુ-પંખીઓ)નો સમાવેશ થાય છે. પાંચે ઇન્દ્રિયોવાળા જીવોને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધની પ્રત્યક્ષ શક્તિ હોય છે. તેઓની બે પેટાજાતિ છે: (૧) જેઓ શિક્ષા, ઉપદેશ વગેરેને સમજી શકે છે, એટલે કે જેમનાં 'પ્રાણ' અને 'મન' વ્યક્ત થયાં છે (દા. ત. મનુષ્ય) તે **સંજ્ઞી** કહેવાય છે, (૨) જેમને તેવી સંજ્ઞા નથી તેઓ (દા. ત. પશુ) **અસંજ્ઞી** કહેવાય છે.

'વિકલેન્દ્રિય'ને (અર્થાત્ એક, બે, ત્રણ, ચાર ઇન્દ્રિયવાળાઓને) અને 'અસંજ્ઞીઓ'ને અમુક ભાષા અથવા વાણીનું ભાન હોય છે; જ્યારે પાંચે ઇન્દ્રિયવાળા જીવોને ભાષા અને તેને ઉકેલનારું 'મન' પણ હોય છે. (આ યોનિમાં 'માનવ' ઉપરાંત 'નારક'—નરકવાસી તથા 'દેવ'—સ્વર્ગવાસીનો પણ સમાવેશ છે.)

જૈનો જીવ(ચિત્ તત્ત્વ)ને શરીર-પરિમાણ માને છે, તેથી જીવનું પરિમાણ (કદ) શરીર પ્રમાણે બદલાય છે. આમ ન હોય તો હાથીનો જીવ બીજા જન્મમાં કીડીમાં શી રીતે પ્રવેશી શકે? અર્થાત્ જીવ સંકોચ-વિકાસશીલ છે.

જૈનોની બીજી એ વિશેષતા છે કે 'જીવ'ને તેઓ 'પરિણામી' માને છે; તેની અવસ્થાઓ બદલાયા કરે છે. આને અંગેનો તેમનો વિશિષ્ટ સિદ્ધાંત **લેશ્યા** છે. 'મનોયોગ' અર્થાત્ મનની પ્રવૃત્તિને કારણે જીવમાં પરિણામો થાય છે. તેને લેશ્યા કહે છે. અને જો મનોયોગો અનંત હોવાના તો તે અનુસાર જીવમાં લેશ્યા (પરિણામ રૂપ પરિવર્તનો) પણ અનંત હોવાનાં. પરંતુ એમાં બે મુખ્ય વર્ગ પાડ્યા છે: (૧) શુભ લેશ્યા: તેજસ્, પદ્મ, શુકલ, (૨) અશુભ લેશ્યા: કૃષ્ણ, નીલ, કાપોત. જીવને જે રંગ ચઢે તે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમ 'કષાયો' (રાગદ્વેષાદિ) ઘોર તેમ જીવની 'લેશ્યા' વધારે કાળાશ પડતી. શુભ અવસ્થાની પરાકાષ્ઠા 'શુકલ લેશ્યા'માં આવે છે—જોકે એ પણ મોક્ષની અવસ્થામાં વિલીન થાય છે. વળી જીવોમાં 'ભવ્ય' (શુભ) અને 'અભવ્ય' (અશુભ) એવો સ્વાભાવિક ભેદ છે; અભવ્ય જીવોનો 'મોક્ષ' નથી.

'દર્શન' અને 'જ્ઞાન' એ તમામ પ્રકારના જીવના સ્વભાવધર્મો છે. અહીં દર્શન એટલે સામાન્ય જ્ઞાન. 'જ્ઞાન'ના મુખ્ય પાંચ પ્રકાર છે: (૧) ઇન્દ્રિય દ્વારા મળે તે 'મતિ' જ્ઞાન; (૨) શાસ્ત્ર કે ઉપદેશ (શ્રવણ-વાચન) દ્વારા મળતું જ્ઞાન તે 'શ્રુત' જ્ઞાન; (૩) ઇન્દ્રિયોની મદદ વિના દૂર રહેલા દ્રવ્યનું જ્ઞાન તે 'અવધિ' જ્ઞાન; (૪) પારકાના મનની અવસ્થાનું જ્ઞાન તે 'મનપર્યાય' જ્ઞાન; (૫) ઇન્દ્રિયોની મદદ વિના મળતું સમગ્રનું જ્ઞાન તે 'કેવળ' જ્ઞાન. 'કેવળ' જ્ઞાનની કક્ષાએ જીવ સંસાર-મુક્ત અવસ્થા (મોક્ષ) પામે છે.

*આમ, આ પાંચ પ્રકારનાં જ્ઞાનમાં પહેલાં બે ઇન્દ્રિય સાધ્ય છે; ત્રીજું 'અવધિ' જ્ઞાન ઇન્દ્રિય અને મનથી પર જીવને થતો 'સીધો બોધ' છે. આ જ્ઞાન તે અતીન્દ્રિય શ્રવણ-દર્શન (Clairvoyance);

જ્યારે 'મનના પર્યાયો'નું ચોથું જ્ઞાન તે 'દૂરસંવેદી જ્ઞાન' (Telepathy); અને છેલ્લું 'કેવલ' જ્ઞાન તે વર્તમાન, ભૂત અને ભવિષ્ય ત્રણે કાળનું અને સર્વ સ્થળનું સમગ્ર જ્ઞાન. તે 'કેવલી' દશાનું અંતિમ જ્ઞાન છે.

આગળ વધતાં પહેલાં અહીં એક ખુલાસો કરી લઈએ. જૈન સિદ્ધાંત પ્રમાણે ઇન્દ્રિયો દ્વારા જીવને જ્ઞાન પ્રાપ્ત થાય એ 'પરોક્ષ' પ્રકારનું કહેવાય છે અને અતીન્દ્રિય જ્ઞાનને 'પ્રત્યક્ષ' ગણ્યું છે. ત્યારે અન્ય દર્શનો આથી ઊલટું ઇન્દ્રિયજ્ઞાનને પ્રત્યક્ષ માને છે. દાર્શનિક ચર્ચાઓ માટે એક સર્વસાધારણ પરિભાષા જોઈએ; તેથી જૈન-દાર્શનિકોએ બીજા ચિંતકોની હરોળમાં આવવા માટે બે પ્રકારનું પ્રત્યક્ષ પ્રમાણ સ્વીકાર્યું. એક, ઉપર જણાવ્યું તેમ જીવને ઇન્દ્રિયની મદદ વિના સીધું પ્રાપ્ત થતું અતીન્દ્રિય જ્ઞાન; અને બીજું 'સંવ્યવહાર પ્રત્યક્ષ'—ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતું—ચાર પ્રકારોનું જ્ઞાન : (૧) 'અવગ્રહ' (અર્થનું ગ્રહણ), (૨) 'ઈહા' (અવગ્રહ વિશેની ગવેષણા કે એ જ્ઞાન સાચું છે કે નહિ), (૩) 'અપાય' કે 'અવાય' (નિર્ણય), (૪) 'ધારણા' (જેમાં જ્ઞાન દઢતમ અવસ્થાએ પહોંચે છે અને સંસ્કાર રહી જાય છે જેથી સ્મૃતિ શક્ય બને છે).

તો પછી '**પરોક્ષ**' જ્ઞાન કયું? જૈન મતમાં તેના પાંચ પ્રકાર પાડ્યા છે : (૧) સ્મૃતિ, (૨) પ્રત્યભિજ્ઞાન (જેમાં ઉપમાનનો સમાવેશ છે), (૩) તર્ક, (વ્યાપ્તિજ્ઞાન), (૪) અનુમાન, (૫) આગમ (શાસ્ત્રજ્ઞાન).

**'અજીવ'–તત્ત્વ**

હવે, 'અજીવ'ની વાત કરીએ : તેમાં (૧) પુદ્ગલ [દ્રવ્ય (mass)*+ શક્તિ (energy)], (૨) આકાશ (space), (૩) ધર્મ, (૪) અધર્મ અને (૫) કાલ(time)નો સમાવેશ થાય છે. **જીવ** (ચિત્-ચેતન-બોધાત્મક) સિવાયનાં બધાંનો સમાવેશ **અજીવ**માં કરવામાં આવ્યો છે. એટલું જ નહિ, 'ચેતન'ની જેમ અજીવ તત્ત્વનેં પોતાનું વિશિષ્ટ રૂપ છે.

બલ્કે, પાંચમાંથી 'કાલ' સિવાયનાં ચારે અજીવ દ્રવ્યો દિગ્વ્યાપી છે, એટલે કે પ્રદેશ (સ્થળ) રોકનારાં છે; તેથી 'અસ્તિકાય' કહેવાય છે.

જૈનો પ્રમાણે જે **સત્** = અસ્તિત્વ છે તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય(ધ્રુવ-સ્થિરત્વ)થી યુક્ત છે. દા. ત., માટીનો ઘડો ઉત્પન્ન થાય છે, મૃત્પિંડ નાશ પામે છે અથવા તેનો વ્યય થાય છે, અને મૃદ્ (માટી) **દ્રવ્ય** ધ્રુવ રહે છે. પર્યાયો બદલાય છે, દ્રવ્ય ધ્રુવ છે. પરિણામ અથવા અવસ્થાન્તરને જૈનદર્શનમાં 'પર્યાય' કહે છે.

સર્વ 'પુદ્ગલો' રૂપ, રસ, ગંધ, સ્પર્શ ગુણવાળાં છે અને તેઓ 'પરમાણુ'(atom) રૂપે અને 'સ્કંધ' રૂપે (અવયવી વીજાણુ—electron રૂપે) રહે છે. વળી, બધાં પુદ્ગલોમાં બધા ગુણો હોવાને કારણે એક પુદ્ગલનું બીજા પુદ્ગલમાં રૂપાન્તર શક્ય છે. પુદ્ગલનો આટલો વિચાર કર્યા પછી 'આકાશ' તત્ત્વનો વિચાર કરીએ. તે અપરિમિત 'અનન્ત પ્રદેશ પરિમાણ' છે. સંસારી દશાવાળા જીવ જેમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય પામે છે તેને લોકાકાશ કહે છે. તેની ઉપર 'અલોકાકાશ' (ether) છે, જેમાં ગતિ અથવા સંસાર શક્ય નથી. લોકાકાશમાં ગતિ શક્ય બનાવનાર દ્રવ્યને 'ધર્મ-અસ્તિકાય' કહે છે, અને તેમાં 'સ્થિતિ' શક્ય બનાવનાર દ્રવ્યને 'અધર્મ-અસ્તિકાય' કહે છે. 'ધર્મ' અને 'અધર્મ' શબ્દો વૈદિક દર્શનોમાં પુણ્ય અને પાપના વાચક છે, પરંતુ તેવો અર્થ જૈનોના આગમમાં નથી.

* કૌંસમાં મૂકેલી અદ્યતન વિજ્ઞાનની સંજ્ઞાઓ પુદ્ગલના જે તે પ્રકારનો કેવળ નિકટવર્તી અર્થ સૂચવવા પૂરતી છે.
—સંપાદક

આ ધર્મ અને અધર્મ દ્રવ્ય માત્ર લોકાકાશમાં છે. તેથી જૈન મતાનુસાર દેહનાં કર્મો નષ્ટ થઈ જતાં અને દેહનો નાશ થતાં જીવ કર્મભારથી હળવો થઈ જાય છે ત્યારે તે ઊર્ધ્વ ગતિ રૂપ સ્વાભાવિક પરિણામને કારણે લોકાકાશના અગ્રભાગમાં પહોંચી જાય છે. અલોકાકાશમાં 'ધર્માસ્તિકાય' નથી, તેથી તે આગળ જઈ શકતો નથી (જોકે અલોકાકાશમાં 'અધર્માસ્તિકાય' પણ નથી).

કાલ અપરિચ્છિન્ન અનાદિ અને અનન્ત 'પર્યાય' અથવા સમયવાળો છે. કાલ પોતે પરિવર્તનનું કારણ નથી, પણ પોતે પદાર્થોનાં પરિવર્તનમાં સહાયક બને છે. તેમાં બે ચક્રો હોય છે અને એ પ્રત્યેક ચક્રના બે સમાન લંબાઈવાળા બે 'યુગ' હોય છે, જેમને 'અવસર્પિણી' અને 'ઉત્સર્પિણી' કહેવામાં આવે છે.

મૂળ ૭ અસ્તિત્વોમાંના 'અજીવ'ના જ આ મુદ્દાના સંદર્ભમાં **પાપ** અને **પુણ્ય** નામના ત્રીજા અને ચોથા અસ્તિત્વનો વિચાર સંકળાયેલો છે. કારણ કે અવસર્પિણી એ કાળચક્રનો નીચે ઊતરતો ફેરો ગણાયો છે અને તેમાં પુણ્ય ધીમે ધીમે ઓછું થતું જાય છે; ત્યારે ઉત્સર્પિણી એ કાળચક્રનો ઉપર ચઢતો ફેરો મનાયો છે અને તેમાં પુણ્યની ક્રમે ક્રમે વૃદ્ધિ થતી જાય છે. (અત્યારે અવસર્પિણીનો સમય ચાલે છે એમ કહેવાય છે.)

**આસ્રવ-સંવર–નિર્જરા અસ્તિત્વો**

આમ આપણે 'જીવ', 'અજીવ', 'પુણ્ય' અને 'પાપ' એમ ચાર પ્રકારનાં અસ્તિત્વો તપાસ્યાં. હવે આપણે 'આસ્રવ', 'સંવર', 'નિર્જરા' તરફ દૃષ્ટિપાત કરીએ.

આની પૂર્વભૂમિકા તરીકે એ સમજવું જરૂરી છે કે જૈનોનો જીવ-અજીવના સંબંધ વિષેનો ખ્યાલ વિશિષ્ટ પ્રકારનો છે. તેમના મતે 'ચેતન' અને તેની સાથે સંકળાયેલ 'અચેતન' તત્ત્વ બંનેમાં સમાન પરિવર્તન કે અવસ્થાન્તર થતું રહે છે. જેટલું અને જેવું સ્થૂળ દ્રવ્ય તેટલું અને તેવું સૂક્ષ્મ દ્રવ્ય પરિણમે. આ પ્રક્રિયામાં ચેતનથી બહાર પરંતુ તેના સાધન રૂપે સ્થૂળ દ્રવ્ય જેટલું અને જેવું વધેઘટે તેટલું અને તેવું સૂક્ષ્મ રૂપે, તેના પોતાના પરિણામ રૂપે, તેના પોતાનામાં પણ હોવાનું. આથી ઈન્દ્રિયો અને કર્મોને તેઓ 'ભાવ-ઈન્દ્રિય' અને 'દ્રવ્ય-ઈન્દ્રિય' તથા 'ભાવ-કર્મ' અને દ્રવ્ય-કર્મ' એવા બે વિભાગમાં વહેંચે છે. તે જ રીતે આસ્રવને પણ 'ભાવ-આસ્રવ' અને 'દ્રવ્ય–આસ્રવ'માં વિભાજે છે. આ દ્વંદ્વ ચેતન અને અચેતનમાં સમાન્તર છે અને તે એકબીજા પર અસર કરે છે.

હવે, થોડીક વીગતો જોઈએ. 'આસ્રવ' એ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા 'કર્મદ્રવ્ય' જીવમાં પ્રવેશે છે. બલ્કે, આત્મા(જીવ)ને વિષે કર્મનું વહેવું તે 'આસ્રવ'; શરીર, વાણી અને મનનાં કર્મ તે 'આસ્રવ.'

આપણે હમણાં જોયું તેમ આસ્રવોમાં બે પ્રકાર છે: ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવ. ભાવાસ્રવ પંચવિધ છે: મિથ્યા દર્શન (ખોટી દૃષ્ટિ), અવિરતિ, પ્રમાદ, કષાય (રાગદ્વેષ) અને યોગ (આંદોલન). તેમને કારણે કર્મ-પુદ્‌ગલો જીવ પ્રત્યે ખેંચાઈ આવે છે. દા. ત., જેમ ભીના વસ્ત્ર ઉપર જે ધૂળ આવીને પડે છે તે એને ચોંટી જાય છે તેમ ક્રોધ, લોભ વગેરે દુષ્ટ વૃત્તિઓથી તરબોળ આત્માને આ સંસારમાંનાં કર્મનાં પુદ્‌ગલો વળગી પડે છે. અને ત્યારે 'કર્મણશરીર'ની રચના થાય છે, તેને દ્રવ્યાસ્રવ કહે છે.

દ્રવ્યાસ્રવ આઠ પ્રકારના છે : (૧) જ્ઞાનાવરણીય : જ્ઞાનનું આવરણ કરનાર, (૨) દર્શનાવરણીય : દર્શન અથવા સામાન્ય જ્ઞાનનું આવરણ કરનાર, (૩) વેદનીય : સુખાદિ વેદનાને ઉત્પન્ન કરનાર, (૪) મોહનીય : તે દ્વિવિધ છે, દર્શન (શ્રદ્ધા, દૃષ્ટિ) મોહનીય અને ચારિત્ર મોહનીય, (૫) આયુષ્ક : આયુષ્યને ઉત્પન્ન કરનાર અને નિયત કરનાર, (૬) નામકર્મ : અમુક પ્રકારની યોનિમાં દેહ ઉત્પન્ન કરનાર, (૭) ગોત્રકર્મ : અમુક કુટુંબમાં ઉત્પન્ન કરનાર, (૮) અંતરાય : પ્રતિબંધ ઉત્પન્ન કરનાર. ઉપરનાં આઠમાંનાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય (૧, ૨, ૪, અને ૮) આ ચારે કર્મો 'ઘાતી' છે. બીજાં

(૩, ૫, ૬, ૭) ચાર 'અઘાતી' છે. ઘાતી કર્મ જીવના સ્વભાવગત ધર્મ—'કેવલ' જ્ઞાન, 'કેવલ' દર્શન વગેરે—નું આવરણ કરે છે, તેમને વિકલ બનાવે છે. અઘાતી કર્મો જીવના કોઈ સ્વભાવગત ધર્મનું આવરણ નથી કરતાં.

હવે, 'બંધ'નો અર્થ જોઈએ. 'બંધ' એટલે ઉપર્યુક્ત મિથ્યા દર્શન વગેરે જે 'જીવ'ને બાંધે છે તે પ્રક્રિયા. એમાં પણ 'ભાવબંધ' અને 'દ્રવ્યબંધ' એવા બે પ્રકારો છે. બલ્કે, ભાવબંધ હોય, એટલે કે ભાવની અશુદ્ધિ હોય, તો જ દ્રવ્યાસ્રવ થાય છે; એટલે કે પુદ્ગલો જીવને વળગે છે અને દ્રવ્યબંધ ઉત્પન્ન કરે છે. વાસ્તવમાં આસ્રવો જ જીવનાં બંધન માટે કારણભૂત બને છે. આ પછી તેની મુક્તિની દિશાનું પ્રથમ ચરણ તે 'સંવર'.

'સંવર' એટલે કારણભૂત આસ્રવોનો નિરોધ. બલ્કે નવાં કર્મોનાં આસ્રવોમાંથી મુક્ત થવાની ક્રિયા. તેમાંય 'ભાવ–સંવર' અને 'દ્રવ્ય–સંવર' જેવા પ્રકારો છે. ભાવ–સંવરના મુખ્ય પેટા પ્રકારો છે: 'વ્રત', 'ગુપ્તિ' (સંયમ), 'સમિતિ' (વિષયો અનિત્ય છે વગેરે તત્ત્વચિંતનની કાળજી), 'પરીષહજય' (દુઃખ સહન કરવાં તે) અને 'ચારિત્ર'. આ માર્ગે ભાવ–સંવર શક્ય બને છે; અને પ્રવૃત્તિઓ તથા કષાયો પર અંકુશ મેળવતાં, કર્મદ્રવ્યનો પ્રચાર અટકતાં, દ્રવ્ય-સંવર પ્રાપ્ત થાય છે.

**નિર્જરા :** **કર્મવિરામની** સ્થિતિ તે 'નિર્જરા' સ્થિતિ. નિર્જરા એટલે જ ઉત્પન્ન થયેલાં કર્મનો તપ વગેરેથી ક્ષય.

*ટૂંકમાં, 'આસ્રવ' એ સંસારનું કારણ છે અને 'સંવર' એ મોક્ષનું કારણ છે, એમ જૈન-સિદ્ધાંતને સંક્ષેપમાં રજૂ કરી શકાય. આ પ્રકારે જૈનદર્શન 'ચેતન'(જીવ) અને 'અચેતન'(અજીવ)નાં બંધન-મુક્તિની વ્યવસ્થિત પ્રક્રિયાની યુક્તિયુક્ત સમજૂતી આપે છે.

આ ઉપરાંત, જૈનદર્શનમાં સંસાર-પ્રવાહમાં પડેલા જીવોની 'ક્રમિક મુક્તનાં સોપાનો'—જેમને 'ગુણસ્થાન' કહે છે—તેમનોય સૂક્ષ્મ-વિચાર રજૂ થયો છે.

## ૧૪ ગુણસ્થાનો
## (મુક્તિનાં સોપાનો)

| **ગુણસ્થાન** | **લક્ષણો** |
|---|---|
| (૧) મિથ્યા દષ્ટિ | —અજ્ઞાન દશા; |
| (૨) સાસ્વાદન (સાસાદન) | —પતનના ભાનની સ્થિતિમાંથી જન્મતી સત્ય-દર્શનની પ્રીતિ; |
| (૩) સમ્યગ્ મિથ્યા દષ્ટિ | —મિશ્ર અથવા મિથ્યા દષ્ટિ; |
| (૪) અવિરત સમ્યગ્ દષ્ટિ | —તપશ્ચર્યા વિનાનું સમ્યક્ દર્શન; |
| (૫) દેશવિરત સમ્યગ્ દષ્ટિ | —સમ્યક્ ચારિત્રનો પ્રારંભ; |
| (૬) પ્રમત્ત સંયત | —પ્રમાદ સહિત વ્રતોનું પાલન; |
| (૭) અપ્રમત્ત સંયત | —પ્રમાદના લોપ પછીની સ્વાભાવિક સંયમની સ્થિતિ; |
| (૮) નિવૃત્તિ (અપૂર્વકરણ) | —મન: શુદ્ધિના કારણે વિઘ્નકારક તત્ત્વોનું અપસારણ; |
| (૯) અનિવૃત્તિ બાદર સંપરાય | —રાગદ્વેષાદિ કષાયોની સંભાવના છતાં આગળ વધવાની મનની પ્રવૃત્તિ; |

* સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન; સમ્યક્ ચારિત્રની અવસ્થા.

(૧૦) સૂક્ષ્મ સંપરાય —સૂક્ષ્મ લોભ રૂપ નાશની અવસ્થા;
(૧૧) ઉપશાન્ત-કષાય (વીતરાગ છદ્મસ્થ) —મોહનીય કર્મની અસર;
(૧૨) ક્ષીણ કષાય —ક્ષીણ-મોહની સ્થિતિ;
(૧૩) સયોગ કેવલી —મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય (મોહ) એ ચાર બંધનોના ક્ષયની અવસ્થા; માત્ર 'યોગ' વળગી રહ્યો હોય છે;*
(૧૪) અયોગ કેવલી —ત્રણે 'યોગ'નો અંત; 'નિર્વાણ' પ્રાપ્તિ.

**અનેકાન્ત – સ્યાદ્વાદ – નય**

જૈનોમાં 'અનેકાન્તવાદ', 'સ્યાદ્વાદ' તેમજ 'નયવાદ'નું અનન્ય મહત્ત્વ છે. આને કારણે તેમને સર્વ દાર્શનિક પરંપરાનો સમન્વય કરવામાં સફળતા મળી છે. કોઈ પણ વસ્તુ 'આવી જ છે' કે 'તેવી જ છે' એવો આગ્રહ રાખી શકાય નહિ. જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી એ જુદી જુદી તરેહની ઠરે છે. આ વાત ધ્યાનમાં રાખતાં કોઈ દર્શન તદ્દન ખોટું છે એમ કહેવાની જરૂર પડતી નથી. અમુક દૃષ્ટિબિંદુથી તેની માન્યતા સાચી છે, જોકે પૂરેપૂરી સાચી નથી. કોઈ પદાર્થ 'તદ્દન ક્ષણિક નથી' તેમ 'તદ્દન નિત્ય નથી.' સત્ (અસ્તિત્વ) માત્ર ઉત્પત્તિ, સ્થિતિ અને ધ્રૌવ્યવાળું હોય છે. આમ, જૈનોનો **'અનેકાન્તવાદ'** **સ્વસ્થ પરંપરા સ્થાપે છે.**

'અનેકાન્તવાદ' અને અહિંસાનો સિદ્ધાંત આ બેઉ જૈનધર્મના સારભૂત સિદ્ધાંતો છે. તેઓ એક-બીજાથી સ્વતંત્ર સિદ્ધાંત નથી. જોકે, આવી વાત અન્ય વિચારસરણીઓમાં પણ છે; પરંતુ તેમને 'જીવાનુભૂત' (મૂલગત) સિદ્ધાંત તરીકે સ્થાપિત કરવાનું માન જૈન ધર્મને જાય છે.

અનેકાન્તવાદનો આનુષંગિક સિદ્ધાંત 'સ્યાદ્વાદ' છે. કોઈ પણ વિધાન એક વસ્તુ માટે અમુક દૃષ્ટિએ સાચું છે, બીજી દૃષ્ટિએ નહિ. તેથી કોઈ વાત કહેવી હોય તો સંભવનો બોધક સ્યાત્ ('એમ હોય') શબ્દ વાપરવો તેને 'સ્યાદ્વાદ' કહે છે. પદાર્થના સંબંધમાં સાત પ્રકારનું વિધાન, સ્યાત્ શબ્દના પ્રયોગ સાથે થઈ શકે છે. તેથી 'સપ્તભંગી નય' એવું નામ પણ અપાય છે. જેમકે (૧) ઘટઃ સ્યાદસ્તિ—ઘડો અમુક દૃષ્ટિએ છે; (૨) ઘટઃ સ્યાન્નાસ્તિ—ઘડો અમુક દૃષ્ટિએ નથી; (ઘડો અહીં છે, પણ ત્યાં નથી); (૩) સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ—ઘડાના સ્વપર્યાય ઉપર ભાર મૂકીએ ત્યારે સ્યાદસ્તિ કહેવું જોઈએ, અને પરપર્યાય પર ભાર મૂકીએ ત્યારે સ્યાન્નાસ્તિ કહેવું જોઈએ. જ્યારે બંને પર ભાર મૂકીએ ત્યારે સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ કહેવાય; (૪) એક ઉપર ભાર મૂક્યા સિવાય તે પદાર્થ વાણી વડે વર્ણવી શકાય તેવો નથી, માટે સ્યાદ્ અવક્તવ્યઃ; (૫) એક દૃષ્ટિએ છે પરંતુ વર્ણવી શકાય તેવો નથી, એટલે સ્યાદસ્તિ સ્યાદવક્તવ્યઃ; (૬) એક દૃષ્ટિએ નથી અને વર્ણવી શકાય તેવો નથી, એટલે સ્યાન્નાસ્તિ સ્યાદવક્તવ્યઃ; (૭) એક દૃષ્ટિએ 'છે' અને 'નથી' અને વર્ણવી શકાય તેવો નથી, એટલે સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ સ્યાદવક્તવ્યઃ.

વસ્તુનો નિર્ણય કરવામાં વિચારકો અમુક કોટિ ઉપર ભાર મૂકે છે, અને તેથી એકાન્તિક નિર્ણયોના દુરાગ્રહમાં પડે છે. પણ વસ્તુનું કોઈ એકાન્તિક નિરપેક્ષ રૂપ નથી. તેથી વસ્તુ વિષેનો કોઈ પણ નિર્ણય એ સાપેક્ષ સત્ય છે એવું સમજીને જે પ્રતિપાદન થાય છે, અને તે જે દૃષ્ટિબિંદુથી થાય છે, તે સાચો **'નય'** છે; પરંતુ અમુક નિર્ણય નિરપેક્ષ સત્ય છે અને એ દૃષ્ટિબિંદુ જ બરાબર છે એમ માનતાં તે 'નયાભાસ' બને છે.

જૈનદર્શનમાં જેટલું મહત્ત્વ પ્રમાણને આપ્યું છે તેટલું જ નયને આપ્યું છે અને 'પ્રમાણ' અને 'નય'થી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે. નયના બે મુખ્ય વિભાગો છે : 'દ્રવ્યાર્થિક' અને

* સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન; સમ્યક્ ચારિત્રની અવસ્થા

'પર્યાયાર્થિક'. કોઈ પણ વસ્તુને એના વિશેષ રૂપમાં જ જાણવી એ સીધી સાદી પ્રાકૃતજનને લાયક 'ઋજુસૂત્ર નય' (વ્યવહાર નય)ની દૃષ્ટિ છે; તેમ કોઈ વસ્તુનાં કેવળ સત્તા(અસ્તિત્વ) કે સામાન્યત્વ ઉપર દૃષ્ટિ સ્થિર કરીને જોવી એ બીજા છેડાનો 'સંગ્રહ નય' છે. ઉભય—સામાન્ય અને વિશેષ—દૃષ્ટિએ જોવી તે 'નૈગમ નય'ની દૃષ્ટિ છે. 'વ્યવહાર', 'સંગ્રહ' અને 'નૈગમ' આ ત્રણ નય દ્રવ્યાર્થિકના ઉપવિભાગો છે. આ દ્રવ્યનય(ધ્રુવ લક્ષણ)ની દૃષ્ટિએ તે ઘટ(ઘડો)ને માત્ર ઘડા રૂપે જુએ છે, જ્યારે 'પર્યાયાર્થિક' નય (રૂપાંતરિત લક્ષણ) ઘડો જૂનો છે કે નવો, લાલ છે કે કાળો એ દૃષ્ટિએ તેનો વિચાર કરે છે. આ પર્યાયાર્થિક નયના ત્રણ વિભાગો છે : 'શબ્દનય', 'સમભિરૂઢનય' અને 'એવંભૂતનય'. પરંતુ અહીં એની વીગતોમાં ઊતરવાની જરૂર નથી.

આમ, નય એ વસ્તુનું એક પાસું જોવાની દૃષ્ટિ છે; એ પૂર્ણ સત્ય નથી. જે દૃષ્ટિબિંદુથી અથવા નયથી વસ્તુનું સ્વરૂપ સમજીએ છીએ એ જ પૂર્ણ રૂપ છે એમ માનવું તે 'નયાભાસ' છે. બધાં દર્શન કોઈ ને કોઈ નિશ્ચિત નયની દૃષ્ટિએ પરમતત્ત્વનું જ્ઞાન કરાવવાનો પ્રયત્ન કરે છે. દા. ત., વેદાંતો 'સંગ્રહનય'નો આશ્રય લે છે. ક્ષણિકવાદી બૌદ્ધ 'ઋજુસૂત્ર નય'નો આશ્રય લે છે. પરંતુ, જૈન એ સમગ્રતયા વસ્તુનું સ્વરૂપ જાણવા પ્રયત્ન કરે છે. અને એટલે જ તેણે उत्पादव्ययध्रौव्ययुक्त सत् એવું સત્‌નું લક્ષણ આપ્યું છે. આમ સાચા અર્થમાં જૈનવિચારક કોઈ પણ દર્શનને ભ્રાંત નહિ કહે; પણ એ એક દૃષ્ટિ-બિંદુથી વિચારેલું જ્ઞાન છે એમ કહેશે.

ધ્યાન સંબંધીય ઘણું વિવેચન જૈન દર્શનમાં થયું છે. તેણે 'ધ્યાન'ને 'પ્રશસ્ત' અને 'અપ્રશસ્ત' એમ દ્વિવિધ માન્યું છે. 'આર્તધ્યાન' અને 'રૌદ્રધ્યાન' એ 'અપ્રશસ્ત' છે, જ્યારે 'ધર્મધ્યાન' અને 'શુક્લધ્યાન' એ પ્રશસ્ત છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ ધ્યાનને ટકાવનારા ગુણો માનવામાં આવ્યા છે.

જૈનધર્મ અનેક આઘાતો સહન કરીને પણ સ્વસ્થ રીતે ટકી રહ્યો છે; તેનું મુખ્ય કારણ તેનો 'ચારિત્ર' પરનો ભાર અને અનેકાંત દૃષ્ટિ હોય એવી પૂરેપૂરી સંભાવના છે.

હવે, જૈનધર્મે જેને અંતિમ સોપાન માન્યું છે તે 'ચારિત્ર'નું સ્વરૂપ અને મહત્ત્વ સમજીએ.

જૈનદર્શનમાં બીજા કોઈ પણ દર્શન કરતાં 'ચારિત્ર' પર વધુ ભાર મુકાયો છે. તેનું સ્થાન મોક્ષ સાધનામાં 'દર્શન' (શ્રદ્ધા) અને 'જ્ઞાન'ના જેટલું જ મહત્ત્વનું છે; અને બંધનમાં જે પાંચ કારણો (મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ) માન્યાં છે તેમાંથી છેલ્લાં ચાર તો **'સમ્યક્ ચારિત્ર'** થી જ દૂર થઈ શકે છે. ચારિત્રના અનુસંધાનમાં પાંચ વ્રત, પાંચ 'સમિતિ', ત્રણ 'ગુપ્તિ' અને ચાર 'ભાવના' વિષે સમજ હોવી જરૂરી છે.

પાંચ 'વ્રત' આ પ્રમાણે છે : અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. આ સર્વ મન, વાણી અને કાયાથી આચરવાં જોઈએ. આ પાંચ વ્રત મુનિઓએ કડકાઈપૂર્વક પાળવાનાં છે; જ્યારે શ્રાવકે પોતાના આશ્રમને અનુરૂપ થાય એ રીતે પાળવાનાં છે. જેમ કે પોતાની સ્ત્રી ઉપર જ પ્રેમ રાખવો એ ગૃહસ્થનું બ્રહ્મચર્ય છે; વધારે પડતો લોભ ન કરવો; ધન, મિલ્કત વગેરેની બહુ જંજાળમાં ન ફસાવું એ ગૃહસ્થ માટેનો અપરિગ્રહ છે. ટૂંકમાં, મુનિઓ માટે જે **'મહાવ્રત'** છે, એ જ શ્રાવકો (ગૃહસ્થો) માટે **'અણુવ્રત'** છે.

'સમિતિ' એટલે સારું વર્તન, સદાચાર. પાંચ સમિતિ છે : (૧) 'ઈર્યા-સમિતિ' : અંધારામાં જીવજંતુ પગતળે ચગદાઈ જાય માટે રાત્રે ન ચાલવું અને દિવસે હિંસા ન થાય એવી રીતે સંભાળથી

ચાલવું; (૨) ભાષા સમિતિ : કોમળ, હિતકારી, મીઠું અને ધર્મ્ય બોલવું, અસત્યાદિ દોષોથી ભરેલું બોલવું નહિ; (૩) એષણા સમિતિ : સાધુએ એવી રીતે એષણા કરવી — ભિક્ષા માંગવી— કે કોઈ પ્રકારે દોષ ન આવે; (૪) આદાન—નિક્ષેપણા સમિતિ : વસ્ત્રાદિક વસ્તુઓ એવી રીતે લેવી મૂકવી કે કોઈ દોષ ન આવે; (૫) પ્રતિષ્ઠાપના સમિતિ : કફ, મળમૂત્રાદિનો ઉત્સર્ગ એવી રીતે કરવો કે હિંસાદિ દોષો ન થાય.

'ગુપ્તિ' એટલે રક્ષણ. ગુપ્તિ ત્રિવિધ છે : (૧) મનોગુપ્તિ : મનમાં હિંસા, કપટ વગેરેનું ચિંતન કરવું નહિ; (૨) વાગ્ગુપ્તિ : અસત્યાદિથી યુક્ત બોલવું નહિ; (૩) કાયગુપ્તિ : ચોરી કરવી નહિ કે કોઈને મારવું નહિ વગેરે.

'ભાવના' એટલે મનમાં ભાવ લાવ્યા કરવો. ચાર ભાવના માની છે : મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય.

એકંદરે, પાંચ વ્રત (અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ) ઉપર બધું આધારિત હોવાને કારણે તેમને 'મૂલગુણ' કહે છે; અને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિને 'ઉત્તરગુણ' કહે છે.

*

**દશ ધર્મ :** જૈન ધર્મમાં વૈરાગ્યનું ખૂબ મહત્ત્વ હોઈ પાંચ વ્રત ઉપરાંત દશ ધર્મોનું નિરૂપણ વિસ્તારથી કર્યું છે. અને જે યતિઓના ધર્મ છે તેમનું જ ગૃહસ્થોએ યથાશક્તિ પાલન કરવાનું છે. દશ યતિ-ધર્મમાં (૧) સત્ય, (૨) શૌચ (પવિત્રતા, અહિંસા અને અસ્તેય), (૩) અકિંચનતા, (૪) બ્રહ્મચર્ય, ઉપરાંત (૫) ક્ષાન્તિ (ક્ષમા, ક્રોધ ન કરવો), (૬) માર્દવ, (૭) આર્જવ, (૮) ત્યાગ, (૯) તપ અને (૧૦) સંયમ સમાવિષ્ટ છે.

ગૃહસ્થો અથવા શ્રાવકો માટે પાંચ અણુવ્રત, ત્રણ 'ગુણવ્રત' અને ચાર 'શિક્ષાવ્રતો' મળીને દ્વાદશાંગ ધર્મના પાલનનું વિધાન છે. અણુવ્રત એ મૂળ વ્રત છે; તેની મદદમાં ત્રણ 'ગુણવ્રત' છે : (૧) દિગ્વ્રત : આટલું ચાલવું એમ પોતાના હલનચલનમાં મર્યાદા મૂકવી, જેથી કરીને હિંસાદિ મર્યાદિત રહે; (૨) ભોગોપભોગ નિયમવ્રત; (૩) અનર્થદંડ નિષેધ : કોઈ પણ નિરર્થક ક્રિયા ન કરવી.

ચાર 'શિક્ષાવ્રત' આ પ્રમાણે છે : (૧) સામાયિક વ્રત : રાગદ્વેષ રહિત બની સર્વ પર સમતા લાવી થોડી વાર એકાંતમાં તત્ત્વચિંતન કરવું. આનો સંબંધ સમતા પ્રાપ્ત કરવા સાથે છે; (૨) દેશાવ-કાશિક વ્રત : ઉપર જે દિગ્વ્રત કહ્યું તેમાં વિશેષ સંકોચ કરી આવશ્યક કર્મ કરવું તે; (૩) પ્રોષધ : અમુક અમુક દિવસે સાધુની જેમ રહેવું; (૪) અતિથિસંવિભાગ : અતિથિને, ખાસ કરીને સાધુજનને, આપ્યા સિવાય આહારાદિનો ઉપયોગ ન કરવો.

આ બાર વ્રતો મલિનતાથી અને મિથ્યા દૃષ્ટિથી યુક્ત હોય તો નિરર્થક છે. તેમનો આધાર સમ્યક્ત્વ પર છે, સમ્યગ્દૃષ્ટિ પર છે. અવળે માર્ગે લઈ જનાર શક્તિઓને રોકવા માટે કેટલીક ક્રિયાને જૈન ધર્મમાં 'આવશ્યક' માની છે. દા. ત. તીર્થંકરની સ્તુતિ વગેરે. ઉપરાંત સામાયિક (સુખદુ:ખમાં મનને અસ્થિર થવા ન દેતાં 'સમતા કેળવવાનો વિધિ' અને 'પ્રતિક્રમણ' (પાપ કબૂલી પુણ્યને માર્ગે વળવાનો વિધિ) 'આવશ્યક' છે. જૈનધર્મમાં યાત્રા, પ્રોષધ અને વ્રત('પર્યુષણ')નું પણ મહત્ત્વનું સ્થાન છે.

* આમ ચારિત્ર્યઘડતરની પદ્ધતિ જૈનોએ સુંદર રીતે રચી છે. જૈનપરંપરામાં સમ્યગ્ જીવન માટેના આચારનું ખેડાણ અન્ય ધર્મતત્ત્વચિંતનો કરતાં વધુ વ્યાપક અને ઊંડાણવાળું જોવા મળે છે.

## બ્રાહ્મણો–જૈનો–બૌદ્ધો

વૈદિક ધર્મ અને શ્રૌત દર્શનના પાયાના સિદ્ધાંતો નીચે પ્રમાણે તારવી શકાય છે :

(૧) વેદનું આબાધિત પ્રામાણ્ય

(૨) ઇન્દ્રાદિ (અને પાછળથી શિવ, વિષ્ણુ, આદિ) દેવોનું યજન

(૩) યજ્ઞ વડે ઉત્તમ ફળની પ્રાપ્તિ

(૪) ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા, બ્રાહ્મણોની મહત્તા

(૫) અધ્યયન, દાન, તપ અને સંન્યાસ, એ ચાર પ્રધાન ધર્મો ઉપર બંધાયેલી ચાર આશ્રમધર્મોની વ્યવસ્થા

(૬) આત્મવાદ અને છેવટનો ब्रह्मात्मवाद

(૭) કર્મવાદ અને પુનર્જન્મવાદ

ગૌતમ બુદ્ધને અને મહાવીરને પહેલા પાંચ સિદ્ધાંતો સ્વીકાર્ય ન હતા, તેથી તેઓ 'નાસ્તિક' વર્ગમાં ગણાયા. મહાવીરને પાંચમા સિદ્ધાંતના તપ અને સંન્યાસ બંને સ્વીકાર્ય હતા,. પરંતુ તપ ઉપર ભાર હતો, જ્યારે ગૌતમને સંન્યાસ ઉપર ભાર હતો. ગૌતમને છઠ્ઠો સિદ્ધાંત ચિંતનીય ન હતો. સાતમો સિદ્ધાંત ત્રણેને સ્વીકૃત હતો.

**[“ધર્મતત્ત્વવિચાર” (ભાગ–૧)–દી. બ. નર્મદાશંકર મહેતા]**

## બ્રાહ્મણો અને જૈનોની એકવાકયતા

ચિરંતન વિચારકોએ કહ્યું છે કે :

श्रोतव्यः सौगतो धर्मः कर्तव्यः पुनरार्हतः ।
वैदिको व्यवहर्तव्यो ध्यातव्यः परमः शिवः ॥

બૌદ્ધધર્મ શ્રવણ કરવા યોગ્ય છે; જૈનધર્મનું ચારિત્ર્ય સેવવા યોગ્ય છે, વેદધર્મ વ્યવહારમાં પાલન કરવા યોગ્ય છે; અને પરમ શિવ અથવા પરમેશ્વર ધ્યાન કરવા યોગ્ય છે. દર્શનશાસ્ત્રો, પછી તે આસ્તિક મતનાં હોય કે નાસ્તિક મતનાં હોય, તે વસ્તુ સંબંધમાં ભિન્ન ભિન્ન વિચારો દર્શાવે છે. હિંદમાં તત્ત્વજ્ઞાન કેવલ બુદ્ધિના વિનોદ અથવા સંતર્પણ અર્થે નથી. આપણા પોતાના આત્માની પરમ મોક્ષરૂપ સંપત્તિ મેળવવા અર્થે છે.

**[“હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ”–નર્મદાશંકર દેવશંકર મહેતા]**

# ૭ : બૌદ્ધ દર્શન

## ભૂમિકા

ઈ. પૂ.ની ૮ થી ૬ સદી દરમિયાન એક બાજુ વેદપ્રણીત યજ્ઞાદિની જટિલતા અને તેના વિધિ-નિષેધો તથા ફળ-પ્રાપ્તિ અંગે સ્વર્ગ-નરક આદિ વિચારોને કારણે, અને કંઈક તેના વ્યવહારના પ્રત્યાઘાત રૂપે જાગેલ નિર્વેદને કારણે, ઉપનિષદોની અધ્યાત્મ વિચારણા ઉદ્ભવી : 'બ્રહ્મ' એ જ પરતત્ત્વ છે અને બધું તેમાંથી નિષ્પન્ન થાય છે; 'બ્રહ્માત્મ ભાવ'ના સાક્ષાત્કારથી જ 'મુક્તિ' કે 'બ્રહ્મભાવ' સંભવે છે; 'આત્મા' કૂટસ્થ-નિત્ય, અવિકારી, અનાદિ છે વગેરે. આ ચિંતન વિકસ્યું તેની સાથોસાથ કર્મફલ-વિચાર, પુનર્જન્મ-વિચાર વગેરેનોય વિકાસ થયો. બીજી બાજુ, પાપ-પુણ્ય જેવું કશું નથી, કોઈ મરતું નથી, કોઈ કોઈને મારતું નથી વગેરે આત્યંતિક વિચારો કાં તો આત્મચિંતનના જ વિકાસ રૂપે વા સ્વતંત્ર સ્વરૂપે (લોકાયતિક આદિ) વિકસ્યા — એ આપણે જોયું. આપણે એ પણ જોયું કે આ 'નાસ્તિકવાદી' કહી શકાય તેવા વિચારકોમાં કેટલાક ઘોર તપસ્વીઓ હતા. વળી, નિર્ગ્રંથ (જૈન આદિ) સંપ્રદાયનો તપપ્રધાન 'ધ્યાન-માર્ગ' અને તેનો ઉપદેશ એ બધાંની અસર પણ વાતાવરણમાં હશે જ. તે વખતે નાનામોટા ૬૭ પંથ પ્રવર્તતા હતા.

આવા કપરા કાળે, ઈ. પૂ. ૫૬૩માં સિદ્ધાર્થ ગૌતમનો જન્મ શાક્ય કુલમાં શુદ્ધોદન અને માયા-દેવીના પુત્ર તરીકે થયો. તેમના સંવેદનશીલ ચિત્તને સુખ-સંપત્તિની વચ્ચે સંસારમાં પ્રવર્તતાં દુ:ખનો પ્રશ્ન સતાવતો રહ્યો. ઘડપણ, રોગ અને મૃત્યુનાં દુ:ખો નિહાળીને અને તૃષ્ણા રૂપી અનર્થનું બળ જોઈને તેમણે ૨૯ વર્ષની વયે ભરજુવાનીમાં માતા-પિતા, પત્ની અને પુત્રનો ત્યાગ કર્યો.

ગૌતમ આલાર કાલામના આશ્રમમાં ગયા અને ત્યાં 'ધ્યાન'ની સાત ભૂમિકાઓ શીખ્યા. પણ તેટલાથી સંતોષ ન થતાં રુદ્રક રામપુત્રના આશ્રમે ગયા અને ત્યાં ધ્યાનની આઠમી ભૂમિકા શીખ્યા. તેમણે આ અરસામાં કાયિક અને વાચિક દુષ્કર્મો છોડવામાં સારી એવી સફળતા મેળવી. પણ તેમને 'દુ:ખ માત્રમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય' મળ્યો નહિ. અને એ ન મળે ત્યાં સુધી પરમ શાંતિ સંભવે નહિ. તેમણે ઘોર તપ આચર્યું. તેથી તેમને અનહદ શારીરિક પીડા થઈ, તેમનું શરીર તદ્દન દુર્બળ થઈ ગયું. અંતે તપ માત્રથી ચિત્તના મલ દૂર થતા નથી અને દુ:ખનિરોધનો એ માર્ગ નથી એવું સમજાઈ જતાં હિંમતપૂર્વક એ માર્ગ છોડી દીધો.

ગૌતમે કામ, દ્વેષ અને હિંસાની વૃત્તિઓથી દૂર રહી નિષ્કામતા, મૈત્રી અને અહિંસા તરફ ચિત્તને વાળ્યું, નિર્ભયતા કેળવી અને માર (તૃષ્ણા અને દુર્વૃત્તિઓનું પ્રતીક) પર વિજય મેળવ્યો. વૈશાખી પૂર્ણિમાની રાતે તેમને પૂર્ણ જ્ઞાન (સંબોધિ) પ્રાપ્ત થયું અને તેઓ 'બુદ્ધ' બન્યા. તેમનામાં 'કરુણા', 'મૈત્રી', 'મુદિતા' અને 'ઉપેક્ષા'ની ભાવનાઓ જાગી.

તેમણે સર્વને દુ:ખમુક્ત થવાનો માર્ગ બતાવવાનો સંકલ્પ કરુણાપૂર્વક કર્યો. સર્વ પ્રત્યેની મૈત્રીભાવનાથી અને લોકોને દુ:ખમુક્ત થતા જોવાથી થનારી મુદિતા(આનંદની લાગણી)થી પ્રેરાઈને આ સંકલ્પને દૃઢ કર્યો; અને આ માર્ગે કોઈ વિરોધ કરે તો તે પ્રત્યે ઉપેક્ષા સેવવાનું તેમણે નક્કી કર્યું. તેમણે પોતાને સાંપડેલા આ પરમજ્ઞાનનો લોકકલ્યાણને માટે ઉપદેશ આપવાનો નિશ્ચય કર્યો. જોતજોતાંમાં તો સંખ્યાબંધ

સંસારીઓ અને સાધુઓ તેમના ઉપાસક બન્યા, સંઘમાં જોડાયા. આગળ ચાલતાં, પોતાના શિષ્ય આનંદની વિનંતી માન્ય રાખીને તેમણે સ્ત્રીઓનેય પ્રવ્રજ્યા આપવાનું નક્કી કર્યું અને સૌપ્રથમ પ્રવ્રજ્યા તેમનાં માસી અને અપર માતા મહાપ્રજાપતિ ગૌતમીને આપી. તેઓ કેવળ ઊંચા વર્ગના લોકોને જ ઉપદેશ આપતા એવું નહોતું. તેમણે હીન ગણાતી જાતિના લોકોને પણ ઉપદેશ આપ્યો અને ગણિકા આમ્રપાલી તથા અંગુલિમાલ લૂંટારા જેવાં અનેકોને તાર્યાં. બુદ્ધે આગ્રહ રાખ્યો કે લોકોની ભાષા—બોલીમાં જ ઉપદેશ આપવો, જેથી લોકોને માટે તે સમજવો સરળ પડે અને એમના હૃદયમાં અસરકારક રીતે ઊતરી જાય.

બુદ્ધને લાગ્યું હતું કે 'દુઃખનિવૃત્તિ'ના મુખ્ય પ્રશ્નનો ઉકેલ તો એ વખતે પ્રવર્તમાન તત્ત્વચિંતનના પ્રવાહોમાં ક્યાંય મળતો નથી. તેમનાં શિષ્યો પૂછતા કે જગત નિત્ય છે કે અનિત્ય, દેહ અને આત્મા ભિન્ન છે કે અભિન્ન, 'તથાગત'—બુદ્ધને પુનર્જન્મ છે કે નહિ વગેરે વગેરે... ત્યારે બુદ્ધ રસપ્રદ અને અસરકારક દાખલો આપતા. એક માણસને ઝેર પાયેલું બાણ વાગ્યું હોય અને તે વૈદ્ય પાસે જાય ત્યારે વૈદ્ય તેને પૂછવા લાગે કે આ બાણ કોણે માર્યું, મારનાર બ્રાહ્મણ હતો કે ક્ષત્રિય, કે...... તે ઠીંગણો હતો કે ઊંચો, કાળો હતો કે ગોરો, આ ગામનો હતો કે બીજા ગામનો, બાણની પૂંખ કયા પક્ષીના પીંછાની બનેલી હતી, ધનુષ્ય કેવું હતું, તેની દોરી શેમાંથી બનાવેલી હતી વગેરે; અને એ પ્રશ્નોના ઉત્તર મળે તો જ વૈદ્ય બાણ ખેંચી કાઢે તો સમય બગડે અને કદાચ અનિષ્ટ થાય. એ જ રીતે, જીવ, જગત અને ઈશ્વર અંગેની માત્ર તાત્ત્વિક ચર્ચા—તે જમાનામાં જામતી વિતંડાચર્ચા—માં સમય અને શક્તિ ખર્ચવાં ન જોઈએ.

બુદ્ધને આ બાબતો વિષે જ્ઞાન નહોતું એમ નહિ, પણ તે બધી બાબતના ઉપદેશથી દુઃખ દૂર થવાનું નથી, પાપનો નિરોધ થવાનો નથી, ચિત્તની શાંતિ થવાની નથી, પ્રજ્ઞા સંભવશે નહિ અને નિર્વાણ પ્રાપ્ત થવાનું નથી એમ તેઓ માનતા. તેમના મતે જાણવા જેવી બાબતો તે ચાર **'આર્યસત્ય'** અને **'અષ્ટાંગિક માર્ગ'**. તેના અનુસંધાનમાં જ તેમણે 'શિક્ષાત્રય', 'દશશીલ', 'દ્વાદશનિદાનમાલા' વગેરે સિદ્ધાંતોનો ઉપદેશ પાંચ દાયકા સુધી, સતત પ્રવાસો કરતા રહીને, જીવનની અંતિમ ક્ષણ સુધી આપ્યા કર્યો.

## ચાર આર્યસત્યો

આ સિદ્ધાંતો વીગતે જોઈએ. ચાર આર્યસત્યો તે— (૧) દુઃખ છે, (૨) દુઃખનું કારણ છે (દુઃખ સમુદય), (૩) દુઃખનો નિરોધ છે, (૪) દુઃખના નિરોધનો માર્ગ છે. જેમ આયુર્વેદમાં રોગ, રોગહેતુ, રોગનાશ અને રોગનાશનો ઉપાય એ ચાર સત્ય છે તેવાં જ આ ચાર સત્ય છે. આ ચાર સત્યના ઉપદેશને કારણે બુદ્ધને 'મહાન વૈદ્યરાજ' ગણવામાં આવ્યા છે. જન્મ, જરા, મૃત્યુ વગેરે દુઃખ છે; ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ એ દુઃખ રૂપ છે; જગતના સર્વ પદાર્થ ક્ષણિક, નિઃસાર અને દુઃખમય છે. જન્મમરણયુક્ત આવાગમનના ચક્રમાં લોકોએ એટલાં આંસુ સાર્યાં છે કે સમુદ્રનું જળ પણ તેના પ્રમાણમાં અલ્પ છે; અને ગંગા નદીના પટમાં રેતીના કણ છે તેના કરતાં પણ વધુ જન્મો મનુષ્યે લીધા છે.

ભિક્ષુ(સાધુ) સંસારની દુઃખમયતા અને દુઃખના સ્વરૂપનો ઊંડો વિચાર કરે છે (મહાસતિષ્ટ્ઠાનસુત્ત-દીઘનિકાય). તેને સમજાય છે કે દરેક દુઃખનું કારણ છે, કારણ વિના તો પરિણામ ઉત્પન્ન થાય જ નહિ. દુઃખનું કારણ 'તૃષ્ણા' છે. 'તૃષ્ણા'ને કારણે મનુષ્ય વિષયોપભોગ તરફ વળે છે; પરંતુ તેનાથી તૃષ્ણા શમવાને બદલે ઊલટી વધારે પરિપુષ્ટ બને છે. તૃષ્ણાથી અભિભૂત પ્રાણી તૃષ્ણાનિરોધને અશક્ય સમજીને સંસાર-જાળમાં ફસાયેલો રહે છે; ત્યારે સાચો ભિક્ષુ (સાધુ) સમજે છે કે દુઃખનો નિરોધ સંભવે છે. બુદ્ધનાં ચાર આર્યસત્યોમાંનું ચોથું સત્ય તે તૃષ્ણાના નાશ માટે 'અષ્ટાંગિક માર્ગ'નો ઉપદેશ (ધમ્મચક્ક-પવત્તનસુત્ત—સંયુત્તનિકાય; મહાસતિપટ્ઠાનસુત્ત — દીઘનિકાય; મહાપરિનિબ્બાનસુત્ત—દીઘનિકાય).

આ માર્ગ 'મધ્યમ માર્ગ' છે, 'મધ્યમા પ્રતિપદ્' છે; એટલે કે તેમાં કોઈ એકાન્તિકતા નથી. નથી એક છેડાનો ભોગવિલાસ કે નથી બીજા છેડાનો કાયક્લેશ. આ અષ્ટાંગમાર્ગનાં આઠ અંગ છે. તેને સંક્ષેપમાં રજૂ કરવો હોય તો એમ કહી શકાય કે તેની સાધનામાં પ્રજ્ઞા, શીલ અને સમાધિ રૂપી ત્રણ સ્કંધ ઉપર ઝોક અપાયેલો છે.

| | |
|---|---|
| (૧) સમ્યક્ દૃષ્ટિ<br>(૨) સમ્યક્ સંકલ્પ | પ્રજ્ઞા સ્કંધ |
| (૩) સમ્યક્ વાણી<br>(૪) સમ્યક્ કર્મ<br>(૫) સમ્યક્ આજીવ | શીલ સ્કંધ |
| (૬) સમ્યક્ વ્યાયામ<br>(૭) સમ્યક્ સ્મૃતિ<br>(૮) સમ્યક્ સમાધિ | સમાધિ સ્કંધ |

વીગતે જોઈએ તો, (૧) **'સમ્યક્ દૃષ્ટિ'** એટલે ચાર આર્યસત્યોની સમજ અને તેમાં શ્રદ્ધા; સારાં (કુશલ) અને ખરાબ (અકુશલ) કર્મોનું અને તેમનાં કારણોનું વિવેકપૂર્વકનું જ્ઞાન–સાક્ષાત્કાર. 'કુશલ' અને 'અકુશલ' કર્મો તે ક્યાં એની વીગતે યાદી આપવામાં આવી છે, જેમાં ૩ કાયિક, ૪ વાચિક અને ૩ માનસિક કર્મોનો સમાવેશ કર્યો છે. ટૂંકમાં, લોભ, દ્વેષ અને મોહ એ 'અકુશલ' કર્મનાં મૂળ છે, અને અલોભ, અદ્વેષ અને અ-મોહ એ 'કુશલ' કર્મનાં મૂળ છે. (સમ્માદિકસુત્ત મજ્ઝિમનિકાય). (૨) **'સમ્યક્ સંકલ્પ'** એટલે સમ્યક્ નિશ્ચય. તૃષ્ણાથી જ દુ:ખ ઉત્પન્ન થાય છે અને દ્રોહ અને હિંસા સર્વને માટે અનર્થકારક છે; તેથી આ માર્ગના સાધકે નિશ્ચય કરવો જોઈએ કે પોતે આ તૃષ્ણા, દ્રોહ અને હિંસાથી દૂર રહેશે. (૩) **'સમ્યક્ વાણી'** એટલે કોઈને પીડાકારક નહિ, અસત્ય નહિ એવી સત્ય અને સર્વને ઉપકારક મધુર વાણી. (૪) **'સમ્યક્ કર્મ'** એટલે આસક્તિ વિનાનાં, કોઈને દુ:ખકારક નહિ એવાં કાયિક, વાચિક, માનસિક કર્મ. તેમાં 'દશ શીલ' અને 'વિહારચર્યા'નો પણ સમાવેશ થઈ જાય છે. દા. ત., ભિક્ષુએ પાપ-કર્મથી વિરત રહેવું જોઈએ. હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, માદક પદાર્થનું સેવન ન કરવું, કવેળા ભોજન ન કરવું; માળા, અત્તર વગેરેનો ઉપયોગ ન કરવો; નાચ-ગાનમાં રસ ન લેવો; સોનાચાંદીનો સ્વીકાર ન કરવો અને કીમતી શય્યા કે આસનનો ઉપયોગ ન કરવો — આ ભિક્ષુનાં 'દશ શીલ' કહેવાય છે. કરુણા, મૈત્રી, મુદિતા અને ઉપેક્ષાની ભાવનાને વિકસાવી શીલસંપન્ન આચરણ કરવું જોઈએ. સમાધિમાર્ગને માટે શીલ એ તો પૂર્વશરત છે. (૫) **'સમ્યક્ આજીવ'** એટલે સમ્યક્ આજીવિકા. આજીવિકામાં મુખ્યત્વે આહાર અને વસ્ત્રનો સમાવેશ થાય છે. તૃષ્ણા રહિત રહીને ભિક્ષુએ આ મેળવવાનાં હોય છે અને પોતાના 'સમ્યક્ સંકલ્પ'નો ભંગ ન થાય એ રીતે જે મળે તેનાથી પ્રસન્ન ચિત્તે કામ ચલાવવાનું છે. (૬) **'સમ્યક્ વ્યાયામ'** એટલે ભોગ, દ્રોહ, હિંસા આદિના વિચારો ચિત્તમાં ન જાગે તે માટે પ્રયત્નશીલ રહેવું અને મૈત્રી આદિ ભાવના જગાડવાનો તેમજ ટકાવી રાખવાનો પ્રયત્ન કરવો. (૭) **'સમ્યક્ સ્મૃતિ'** એટલે સાવધાની કે અપ્રમાદ. સમ્યક્ સંકલ્પ કરનારના ચિત્તમાં અસદ્‌ભાવના દાખલ ન થઈ જાય તે માટે તેણે સાવધાની રાખવી જોઈએ. 'સ્મૃતિ' એ ચિત્ત રૂપી પ્રાસાદનો દ્વારપાળ છે. (૮) **'સમ્યક્ સમાધિ'** એટલે ચિત્તની એકાગ્રતા. કુશલ (શ્રેયસાધક) વિષયવાળી સમાધિ તે કુશલ સમાધિ અને તે જ 'સમ્યક્ સમાધિ'. તેનાથી યથાર્થદર્શી પ્રજ્ઞાનો ઉદય થાય છે અને આર્યસત્યોનો સાક્ષાત્કાર થાય છે.

સમ્યક્ સમાધિ બે કક્ષાની છે — 'ઉપચાર સમાધિ' અને 'અર્પણા સમાધિ'. ઉપચાર સમાધિ થોડો સમય ટકે છે. અર્પણા સમાધિ પ્રાપ્ત થતાં તેને જેટલો સમય ટકાવવી હોય તેટલો સમય અભ્યાસથી ટકાવી શકાય છે. આ અર્પણા સમાધિની ચાર 'ભૂમિકા' છે, જે ચાર પ્રકારના 'ધ્યાન' તરીકે પણ ઓળખાય છે. પ્રથમ ધ્યાનમાં વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ અને એકાગ્રતા હોય છે; દ્વિતીય ધ્યાનમાં વિર્તક અને વિચાર જતા રહે છે પણ પ્રીતિ, સુખ અને એકાગ્રતા રહે છે; તૃતીય ધ્યાનમાં પ્રીતિ રહેતી નથી; અને ચતુર્થ ધ્યાનમાં સુખ પણ રહેતું નથી—માત્ર એકાગ્રતા રહે છે. (વિસુદ્ધિમગ્ગ : વિશુદ્ધિમાર્ગ), આધ્યાત્મિક વિકાસમાં નડતા અંતરાયો અને સમાધિ માટેના ઉપાયોનું ઉપયોગી અને વિસ્તૃત વર્ણન પણ આ ગ્રંથમાં છે, તે મુજબ આધ્યાત્મિક વિકાસમાં ચાર ભૂમિકા માની છે : (૧) સ્રોતાપન્ન, (૨) સકૃદાગામી, (૩) અનાગામી અને (૪) અર્હત્.

**(૧) સ્રોતાપન્ન** એટલે 'પ્રવાહમાં પડેલો'. જ્યારે સાધકનું ચિત્ત સંસારમાંથી પાછું હઠી નિર્વાણાભિમુખ માર્ગ ઉપર ચઢી જાય છે ત્યારે તે સાધક સ્રોતાપન્ન કહેવાય છે. ત્રણ સંયોજનો એટલે કે બંધનોનો ક્ષય થતાં નિર્વાણનો માર્ગ ખૂલી જાય છે. ખાસ નોંધપાત્ર એ છે કે આ બંધનોમાં એક 'સત્કાયદષ્ટિ' છે. તે મુજબ 'ચિત્ત'થી ભિન્ન નિત્ય 'આત્મા' છે એવી માન્યતાને બંધન રૂપ માનવામાં આવી છે. બીજું બંધન તે બુદ્ધ, ધર્મ અને સંઘમાં અશ્રદ્ધા રાખવી તે. એને 'વિચિકિત્સા' કહે છે. સ્નાન, ઉપવાસ વગેરે દ્વારા નિર્વાણનો માર્ગ ખૂલી જાય છે, એવી માન્યતા તે ત્રીજું બંધન છે. એને 'શીલવ્રતપરામર્શ' કહે છે. આ ત્રણે બંધનો — વિક્ષેપો હઠી ગયા પછી ભિક્ષુ માટે નિર્વાણ-અવસ્થા પ્રાપ્ત કરવામાં વધુમાં વધુ સાત જન્મોનું જ અંતર હોય છે; આ 'સ્રોતાપન્ન' સાધક જ્યારે કામવાસના અને પટિઘ (ક્રોધ) એ બે સંયોજનોને શિથિલ બનાવે છે ત્યારે તે 'સકૃદાગામી' બને છે. **(૨) સકૃદાગામીને** નિર્વાણથી કેવળ એક જ જન્મનું અંતર હોય છે. 'સકૃદાગામી' કામવાસના અને પટિઘનો સંપૂર્ણ ક્ષય કરે છે ત્યારે તે 'અનાગામી' બને છે; મૃત્યુ પછી 'આ લોક'માં નહિ આવતાં તે 'બ્રહ્મલોક'માં અવતરે છે. **(૩) અનાગામી** સાધક જ્યારે બાકીનાં પાંચ સંયોજનો (બંધનો), જેવાં કે રૂપરાગ (બ્રહ્મલોક પ્રાપ્ત કરવાની ઈચ્છા), અરૂપરાગ (અરૂપદેવલોક પ્રાપ્ત કરવાની ઈચ્છા), માન (અહંકાર), ઔદ્ધત્ય (ચિત્તની ચંચળતા) અને અવિદ્યા — નો ક્ષય કરે છે ત્યારે 'અર્હત્' બને છે. **(૪) અર્હત્** કક્ષાએ સર્વ સંયોજનોનો નાશ થતાં, સર્વ ક્લેશોનો આત્યંતિક નાશ થાય છે અને પૂર્ણ પ્રજ્ઞાનો ઉદય થાય છે. **ત્યારે 'બ્રહ્મલોક' કે 'દેવલોક'ની અવસ્થાને બદલે વર્તમાન જન્મમાં જ તે 'નિર્વાણ' પામે છે, તેને પુનર્ભવ નથી.**

'બુદ્ધ' અને 'અર્હત્' વચ્ચે એટલો ભેદ છે કે 'બુદ્ધ' 'સ્વપ્રયત્ન'થી તત્ત્વાર્થનો સાક્ષાત્કાર કરે છે, જ્યારે 'અર્હત્'ને કોઈ ગુરુના 'ઉપદેશ'ની જરૂર પડે છે.

*

ઉપર જોયું તેમ, બુદ્ધના મતે દુ:ખમાંથી મુક્તિનો પ્રશ્ન મહત્ત્વનો હતો. આથી જે કંઈ તાત્ત્વિક ચર્ચા બુદ્ધના ઉપદેશમાં દેખાય છે તે દુ:ખમુક્તિના અનુસંધાનમાં છે. બુદ્ધની તત્ત્વચર્ચાનો મુદ્દો એ છે કે 'પદાર્થો સ્થિર છે, આત્મા છે અને તે નિત્ય છે' એવી ભ્રામક માન્યતાને કારણે 'તૃષ્ણા'ને બળ મળે છે. સાર્વત્રિક અને વ્યાપક એવા ક્ષણિકવાદની હકીકત સમજાય તો કોઈ આસક્તિ રહે નહિ અને તો તૃષ્ણા જન્મે નહિ. વસ્તુઓનો 'ક્ષણિકવાદ' એવું સૂચવે છે કે તમામ વસ્તુ-પદાર્થ-ધર્મ 'ક્ષણિક' છે. એનો સ્વભાવ જ નાશ પામવાનો છે. આપણે જેને 'આત્મા' કહીએ છીએ તે પણ વાસ્તવમાં કોઈ એક નિત્ય પદાર્થ નથી. પ્રાણીમાત્રના વ્યક્તિત્વમાં જે પાંચ સ્કંધોનો સમાવેશ છે તેનાથી ભિન્ન આત્મા જેવું કશું નથી.

આ પાંચ સ્કંધ તે છે : (૧) રૂપ, (૨) વેદના, (૩) સંજ્ઞા, (૪) સંસ્કાર અને (૫) વિજ્ઞાન. (૧) 'રૂપસ્કંધ' એટલે દેહ; ભૂત-ભૌતિક પદાર્થો એવો વ્યાપક અર્થ લઈ શકાય; (૨) 'વેદનાસ્કંધ' એટલે સુખ-દુઃખની લાગણી; (૩) વેદનામાંથી 'સંજ્ઞા' જન્મે છે. તેમાં વિચાર અને સ્મૃતિ બંનેનું સ્થાન હોઈ, તે શબ્દ સંસર્ગ યોગ્ય જ્ઞાન છે; (૪) સાથોસાથ વેદનામાંથી 'સંસ્કાર' ઉત્પન્ન થાય છે અને તેમાં વાસના હોઈને તેનામાં સાતત્યનું સામર્થ્ય છે; (૫) સ્પર્શ વડે ઉત્પન્ન થનાર વેદના સંજ્ઞાસ્કંધને તથા સંસ્કારસ્કંધને ઉત્પન્ન કરે છે અને આ પ્રક્રિયાથી 'વિજ્ઞાન'નો ઉદય થાય છે.

આગળ કહ્યું તેમ, આ પાંચ સ્કંધોથી અતિરિક્ત કોઈ આત્મા નથી. વ્યક્તિના વ્યવહારમાં પ્રગટ થતું વ્યક્તિત્વ આત્મા નથી. તેને 'પુદ્ગલ' કહે છે. વિજ્ઞાનના સ્થાન વિશે બૌદ્ધોએ વિશેષ વિચાર કર્યો છે. અંતે વેદાંતમાં જેવું આત્માનું સ્થાન છે લગભગ તેવું સ્થાન, ક્રમે કરીને, વિજ્ઞાનને મળ્યું છે. ભેદ એટલો કે તેને નિત્ય તત્ત્વરૂપે નહિ પણ વિજ્ઞાન-ક્ષણોની ધારા કે 'સંતાન' (પ્રવાહ) રૂપ સમજવાનું.

### પ્રતીત્ય સમુત્પાદ

બુદ્ધ પોતાના ઉપદેશમાં 'દુઃખ સમુદય'ની સમજૂતી ઉપરાંત 'ભવચક્ર'ના સંદર્ભમાંય 'પ્રતીત્ય સમુત્પાદ'નો ખાસ ઉલ્લેખ કરે છે. સર્વ પદાર્થો ક્ષણિક છે, પ્રતીત્ય સમુત્પન્ન છે અને કૂટસ્થ-નિત્ય કે પરિણામી-નિત્ય કશું નથી એટલે કે કશું જ 'શાશ્વત' નથી, તેમ કશું જ ઉચ્છેદ પામતું નથી—એ બતાવવા માટે આ સિદ્ધાંતનો વ્યાપક ઉપયોગ બૌદ્ધ વિચારધારામાં થયો છે. ઉપરાંત, 'આત્મા અમર છે' તેવો 'શાશ્વતવાદ' કે 'ઉચ્છેદવાદ' એ બેમાંથી કોઈ મત પુનર્જન્મ વગેરેને ઉપયુક્તપણે સમજાવી શકે નહિ; કેમ કે તેમાં કાર્યકારણભાવ સંભવતો નથી. ત્યારે પ્રતીત્ય સમુત્પાદવાદમાં કારણ હોય તો કાર્ય ઉત્પન્ન થાય છે અને તેથી એક 'ક્ષણ' બીજી 'ક્ષણ'ને ઉત્પન્ન કરી શકે છે અને સંતાન (સંતતિ-પ્રવાહ –Continuum) શક્ય બને છે. 'કર્મસિદ્ધાંત'માં અને સ્મૃતિ તથા પ્રત્યભિજ્ઞા(જ્ઞાન)ની ઉત્પત્તિ (વજૂદવાળી શક્યતા) બતાવવામાં આ સિદ્ધાંત ખૂબ ઉપયોગી બને છે એમ બૌદ્ધો કહે છે, કારણ કે કર્મ કરનાર અને કર્મનું ફળ ભોગવનાર, અનુભવ કરનાર અને તેનું સ્મરણ કરનાર એક જ સંતતિની કડીઓ છે. કારણ-કાર્ય સંબંધથી બંને એકબીજાથી 'પ્રતીત્ય સમુત્પન્ન' છે. (નિદાનસંયુત્ત-સંયુત્તનિકાય).

### પ્રતીત્ય સમુત્પાદ (કાર્ય-કારણ પરંપરા)

**(પ્રત્યયો–કારણો દ્વારા ઉત્પત્તિનો નિયમ)**

જરા-મરણનું મૂળ કારણ જન્મ છે; જન્મનું મૂળ કારણ 'ભવ' એટલે કે 'કર્મ' છે; 'કર્મ'નું મૂળ કારણ 'ઉપાદાન'—લોભ છે; લોભનું મૂળ 'તૃષ્ણા' છે; તૃષ્ણાનું મૂળ 'વેદના' એટલે કે સુખ, દુઃખ, ઉપેક્ષા એ ત્રણ અવસ્થા છે; વેદનાનું મૂળ 'સ્પર્શ' એટલે કે ઇન્દ્રિય-વિષય સંયોગ છે; સ્પર્શનું કારણ 'ષડાયતન' એટલે કે મન અને પાંચ જ્ઞાનેન્દ્રિય છે; ષડાયતનનું કારણ 'નામરૂપ' છે; નામરૂપનું મૂળ 'વિજ્ઞાન' છે; વિજ્ઞાનનું કારણ 'સંસ્કાર' એટલે કે પ્રવૃત્તિ છે; સંસ્કારનું કારણ 'અવિદ્યા' છે.

(ધર્માનંદ કોસંબી અનૂદિત ભગવાન બુદ્ધના 'પચાસ ધર્મસંવાદો'માંથી)

'પ્રતીત્ય સમુત્પાદ' સિદ્ધાંત દ્વારા 'ભવચક્ર' (જન્મ-મરણ-જન્મ)ની વધુ સમજૂતી આપતાં બુદ્ધે ભવચક્રનાં ૧૨ અંગ ગણાવ્યાં છે; તેથી 'પ્રતીત્ય સમુત્પાદ' સિદ્ધાંત પણ 'દ્વાદશાંગ' તરીકે ઓળખાય છે. આ અંગોને 'નિદાન' પણ કહે છે.

## બાર નિદાન

(૧) અવિદ્યા (ચાર આર્યસત્યોનું અજ્ઞાન), (૨) સંસ્કાર (કર્મો), (૩) વિજ્ઞાન (ગર્ભમાં અવતરેલું ચિત્ત), (૪) નામરૂપ (ચેતનાયુક્ત પ્રાથમિક ગર્ભશરીર), (૫) ષડાયતન (પાંચ ઇન્દ્રિય અને મન), (૬) સ્પર્શ (ઇન્દ્રિયનો વિષય સાથે સંપર્ક), (૭) વેદના, (૮) તૃષ્ણા, (૯) ઉપાદાન (વળગણ, આસક્તિ), (૧૦) ભવ (પુનર્જન્મોત્પાદક કર્મ), (૧૧) જાતિ (જન્મ) અને (૧૨) જરા-મરણાદિ દુઃખ. **(નિદાનસંયુત્ત—સંયુત્તનિકાય; મહાનિદાન સુત્તદીઘનિકાય)**

સાર એ છે કે અવિદ્યાને લીધે કર્મ બંધાય છે તેથી ચેતનાયુક્ત પ્રાથમિક શરીરની ઉત્પત્તિ થાય છે; તેનાથી ઇન્દ્રિયો અને મન ઉત્પન્ન થાય છે; આમ હોઈ ઇન્દ્રિયોનો વિષય સાથે સંપર્ક થાય છે, અને આ સંપર્કથી સુખદુઃખનું વેદન થાય છે; તેનાથી તૃષ્ણા પેદા થાય છે, અને આથી વસ્તુઓ વિષેની મમતા ઉદ્ભવે છે. **આને લઈને પુનર્જન્મોત્પાદક કર્મ સંભવે છે, જેથી પુનર્જન્મ શક્ય બને છે અને આ સાથે જરા-મરણાદિનું ભવચક્ર ચાલ્યા કરે છે.**

બૌદ્ધ મત અનુસાર પ્રવૃત્તિ માત્ર 'કર્મ' ગણાય છે; તેને પરિણામે જે 'સંસ્કાર' અથવા વાસના ચિત્તમાં પેદા થાય છે તે પણ 'કર્મ' છે. આ વાસના રૂપ કર્મ પુનર્જન્મનું કારણ બને છે. ઉપરાંત, 'કર્મ'ના પણ બે પ્રકાર છે : એક, નિયત કર્મ અને બીજો પ્રકાર તે અનિયત કર્મ. નિયત કર્મના ત્રણ પેટા વિભાગ છે : (૧) વર્તમાન જન્મમાં જ જેનું ફળ ભોગવવું પડે છે તે 'દુર્બળ કર્મ'—એને 'દષ્ટધર્મવેદનીય' કર્મ કહે છે; (૨) આ પછીના બીજા જ જન્મમાં જેનું ફળ ભોગવવું પડે છે તે 'આનન્તર્ય કર્મ' અને (૩) ત્રીજા જન્મમાં જેનું ફળ ભોગવવાનું છે તેવાં કર્મ તે 'અપર પર્યાયવેદનીય' કહેવાય છે.

આ રીતે અનિયત કર્મના બે પેટા વિભાગ છે : (૧) જે કર્મનું ફળ ચોક્કસ છે, પરંતુ સમય નક્કી નથી તેવું કર્મ. તેને 'નિયતવિપાક' કહે છે; (૨) 'અનિયત વિપાક' એટલે કે જે કર્મનું ફળ ચોક્કસ નથી તેવું કર્મ. આવા કર્મનાં ફળ ભોગવવાનું ટાળી શકાય છે.

*બલ્કે, બૌદ્ધ ધર્મ અમુક કર્મોનાં ફળનું ઉલ્લંઘન શક્ય માને છે. કર્મનાં ફળની માત્રાનો આધાર અનેક બાબતો પર આધારિત છે; પરંતુ તૃષ્ણાની માત્રા ઉપર તેનો મુખ્ય આધાર છે. અને **તૃષ્ણારહિત કર્મનાં ફળ ભોગવવાં પડતાં નથી.**

'દ્વાદશનિદાનમાળા'માં ત્રણ જન્મ સાથે સંકળાયેલાં અંગોનો સમાવેશ કર્યો છે : (૧) અવિદ્યા અને સંસ્કાર એ ગત જન્મનાં અંગો છે; (૨) વિજ્ઞાનથી ભવ સુધી વર્તમાન જન્મનાં અંગો છે અને (૩) જાતિ અને જરામરણાદિ ભાવિ જન્મનાં અંગો છે.

*

ઉપર જોયું તેમ બૌદ્ધ ચિંતનમાં 'ક્ષણિકવાદ' અને 'અનાત્મવાદ' સિદ્ધાંતને મૂળભૂત ગણ્યા છે. સુખદુઃખાદિ કર્માનુસાર જ થાય છે; તેથી જગતને ઉત્પન્ન કરનાર કે સુખ-દુઃખાદિ આપનાર કોઈ પરમતત્ત્વ

માનવાની જરૂર રહેતી નથી. બુદ્ધના અનુસાર દરેકે પોતાની મુક્તિ સાધવાની છે. કોઈ કોઈને બચાવી શકે નહિ. દેખીતું છે કે આ મતમાં વેદનું કે કોઈ પણ શાસ્ત્રનું પ્રામાણ્ય સ્વીકારાયું નથી. અલબત્ત, વાસ્તવમાં તો, તેઓ બુદ્ધના ઉપદેશોને (પાછળથી તે વિચારધારાના ઈતર ગ્રંથોને) અનુસરીને પોતાના ચિંતનની યોજના કરતા જ રહ્યા. પ્રજ્ઞા, શીલ અને સમાધિ દ્વારા સત્યનો સાક્ષાત્કાર કરવા પર અને એ રીતે દુઃખનિવૃત્તિ કરવા પર ભાર રહ્યો. છતાં સાથેસાથે સમાધિની આ પ્રક્રિયા કરુણા, મૈત્રી, મુદિતા અને ઉપેક્ષા કેળવવાની વાત કરે છે, જે પરમાર્થ સ્વરૂપની છે, અન્યના કલ્યાણ માટે સૂચિત કરે છે. આ વિશાળ અને ઉદાર દૃષ્ટિને કારણે બૌદ્ધ ધર્મમાં વૈશ્વિક ધર્મ બનવાની યોગ્યતા હતી એમાં શંકા નથી.

## સંગીતિઓ, સંઘભેદ

બુદ્ધ શિષ્યોને અલગ અલગ પ્રસંગે તેમની કક્ષા અનુસાર ઉપદેશ આપતા. તેથી તેમના પરિનિર્વાણ (અવસાન) બાદ તેમના ઉપદેશ અંગે મતભેદ ઊભા થયા. આને લીધે એ જરૂરી બન્યું કે 'ધર્મ' (બુદ્ધનો ઉપદેશ) અને 'વિનય'(સંઘ માટેના નિયમો)નું સંગાયન (મૌખિક સંકલન) કરવામાં આવે. ખાસ તો એ કારણે કે બુદ્ધે પોતાના પછી સંઘના શાસક તરીકે કોઈની પસંદગી નહોતી કરી; 'ધર્મ'ને જ શાસ્તા (શિક્ષક) ગણવાનો ઉપદેશ આપ્યો હતો. વળી, જડતા ટાળવા માટે એમ પણ કહેલું કે જે 'ક્ષુદ્ર શિક્ષાપદો' છે તેમને સંઘ ઇચ્છે તો દેશકાલાનુસાર દૂર કરી શકે. આ 'ક્ષુદ્ર શિક્ષાપદો' કયાં તે પણ સૌ સાથે મળીને નક્કી કરે એ જરૂરી હતું. તેથી બુદ્ધના પરનિર્વાણ પછી તરત જ એક 'સંગીતિ' (ભિક્ષુ પરિષદ) રાજગૃહ નગરીમાં બોલાવવામાં આવી હતી બીજી 'સંગીતિ' વૈશાલી નગરીમાં સો વર્ષ પછી મળી. આમ બુદ્ધના મૌખિક ઉપદેશોને લગભગ સર્વસ્વીકૃત રીતે સંગ્રથિત કરવામાં આવ્યા, અને ત્રણ 'પિટકો' (પેટી-પટારા) તૈયાર થયાં. જેમ વૈદિક ધર્મમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન એવો ક્રમ સ્વીકારાયો છે અને જૈન ધર્મમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યનો ક્રમ છે, તેમ બૌદ્ધ ધર્મમાં વૈદિકને મળતો શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો ક્રમ છે.

સંઘને સુગ્રથિત રાખવાના પ્રયત્નો છતાં આંતરિક મતભેદની આછી શરૂઆત તો બુદ્ધના સમયથી જ થઈ ગઈ હતી. કેટલાક ભિક્ષુ બુદ્ધે ઉપદેશેલા 'વિનય' કરતાં પણ વધારે કઠોર 'વિનય'ના હિમાયતી હતા. બુદ્ધના પરિનિર્વાણ પછી ઉદાર વિનયવાદી અને કઠોરપંથીના પ્રવાહ ચાલુ રહ્યા. ખાસ કરીને વૈશાલીના વજ્જિપુત્તકો ઉદારવાદના હિમાયતી હતા. તેમને સંગીતિઓમાં કટ્ટરપંથી અર્હતોને મહત્ત્વ મળ્યું એ ગમ્યું નહિ. તેમણે આ સર્વોચ્ચતા પડકારી અને થોડાં વર્ષો પછી કહેવા માંડ્યું કે અર્હતોમાં પણ રાગ, સંશય, અજ્ઞાન સંભવે છે; તેમને પણ બીજાના ઉપદેશ દ્વારા જ જ્ઞાન પ્રાપ્ત થયું હોય એ સંભવિત છે. તે સમયે માત્ર શ્રુતજ્ઞાન(શાસ્ત્રજ્ઞાન)થી ધર્મમાર્ગમાં પ્રવેશ કરી શકાય છે એવું કહેનાર પક્ષ ઠીક ઠીક વિશાળ હતો. આ બાબતમાં નિર્ણય કરવા માટે બુદ્ધના પરિનિર્વાણ પછી ૧૪૦ વર્ષે પાટલીપુત્ર નગરીમાં સંઘ (સંગીતિ—પરિષદ નહિ) મળ્યો. તેમાં ઘણાખરા ઉપરની વાત સાથે સંમત થયા. તરફેણ કરનાર સંઘનો મોટો ભાગ 'મહાસંઘ' કહેવાયો અને સંઘનો નાનો ભાગ, જેમાં મુખ્યત્વે 'સ્થવિર' (વડીલ—૧૦ વર્ષ જૂના બૌદ્ધ સાધુ) અર્હતો હતા, તેણે વિરોધ કર્યો તે 'સ્થવિર પંથ' કહેવાયો.

પરિનિર્વાણ પછી ૨૦૦ વર્ષે સ્થવિરોમાં પણ સૈદ્ધાંતિક મતભેદને કારણે બીજો સંઘભેદ થયો અને કૌશાંબીના રહીશ વાત્સીપુત્ર નામના સ્થવિરે અભિધમ્મનું નવું સંસ્કરણ તૈયાર કર્યું, જેને એ લોકોએ સાચો બુદ્ધોપદેશ માન્યો. તેમણે પોતાના વિશિષ્ટ 'પુદ્ગલ સિદ્ધાંત'નું પ્રતિપાદન કર્યું. આ મત મુજબ, આત્મા સ્કંધ નથી, સ્કંધથી ભિન્ન પણ નથી. આવું માનનારા વાત્સીપુત્રીયો કહેવાયા. પછી તો મૂળ સ્થવિરવાદીઓની અને આ પછીના વાત્સીપુત્રીયોની ઉપશાખાઓ થતી ચાલી.

મહાસાંઘિકોએ અર્હતોની મહત્તા માન્ય ન રાખી. પરંતુ સાથોસાથ તેમણે બુદ્ધ અને બોધિસત્ત્વને 'લોકોત્તર' બનાવવાનું કામ આરંભ્યું. બુદ્ધના ઉપદેશને લોકોત્તરવાદના સમર્થનમાં કેમ ઘટાવવો તે અંગે મતભેદો ઊભા થયા અને બુદ્ધના પરિનિર્વાણ પછી ૨૫૦ વર્ષ સુધીમાં—એટલે કે ઈ. પૂ. ૨૩૭ સુધીમાં—મહાસાંઘિક ધારામાં અનેક સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. આમ, બૌદ્ધ ધર્મના લગભગ ૧૮ સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યા.

મહાન સમ્રાટ અશોક પર બુદ્ધે ઉપદેશેલા ધર્મની પ્રબળ અસર હતી એ જાણીતી વાત છે. અશોકની ઇચ્છા એવી હતી કે 'વિનય' આદિ સંબંધી નાનામોટા ભેદો હોય તોપણ સંઘમાં મૂળભૂત એકતા તો રહેવી જોઈએ. સંઘભેદ રોકવા અને ત્રિપિટકનું સંચયન કરવા અશોકના આશ્રયે પાટલીપુત્રમાં ત્રીજી સંગીતિ થઈ. અશોકનો પુત્ર મહેન્દ્ર ત્રિપિટક અને તેના પરની ટીકાઓ સિંહલદ્વીપમાં લઈ ગયો હતો. ત્યાં સિંહાલી ભાષામાં તેનો અનુવાદ થયો. આ પછી પ્રભાવશાળી રાજા કનિષ્કના આશ્રયે (ઈ. સ. ૭૦ થી ૧૦૦ના ગાળામાં) ચોથી સંગીતિ રાજધાની પુરુષપુરમાં થઈ જેમાં ત્રિપિટકોને પ્રથમવાર લિપિબદ્ધ કરવામાં આવ્યા. હાલ જે ત્રિપિટકો છે તે આ સંગીતિએ નક્કી કરેલા રૂપમાં છે એમ કહી શકાય.

## બોધિસત્ત્વ : બુદ્ધ

સ્થવિરવાદ(થેરવાદ)માં અને મહાસાંઘિકોમાં 'બોધિસત્ત્વ' અને 'બુદ્ધ' અંગેનો ખ્યાલ કેવો હતો તે જોઈએ. સ્થવિરવાદમાં ગૌતમ માયાદેવીના પેટે જન્મ્યા ત્યારથી બોધિ-જ્ઞાન પ્રાપ્ત થયું ત્યાં સુધી તે 'બોધિસત્ત્વ' કહેવાતા. માનવોચિત જન્મ, લગ્ન, તેમના પુત્રનો જન્મ, દુર્વૃત્તિઓ સાથેનો સંઘર્ષ અને દુ:ખમાંથી મુક્ત થવા માટેની સાધના—આ બોધિસત્ત્વ તરીકેનું જીવન બીજા માનવોને પ્રેરણા રૂપ બની શકે તેવું છે. બોધિપ્રાપ્તિ પછી ગૌતમ 'બુદ્ધ'ને પોતાના પૂર્વજન્મોનું જ્ઞાન થયું હતું. વર્તમાન જન્મ પૂર્વજન્મોનાં કર્મનાં ફળ રૂપ છે એ સિદ્ધાંત અનુસાર બુદ્ધને પણ પૂર્વજન્મો હતા એવી માન્યતા હતી અને તે જન્મોની કથાઓ જાતકકથાઓ તરીકે જાણીતી છે.

બોધિપ્રાપ્તિની પહેલાંની અવસ્થા તે બોધિસત્ત્વની અવસ્થા હતી. બુદ્ધ થયા પછી શરીર એ જ રહે છે પણ ચિત્ત નિર્મળ આસ્રવરહિત બને છે એટલા અર્થમાં જ તે દેવ કે મનુષ્યથી ભિન્ન છે. બુદ્ધે કદી ચમત્કારિક શક્તિઓને મહત્ત્વ આપ્યું નથી, પણ ક્રમે કરીને ટીકા સાહિત્યમાં તેમની ચમત્કારિક શક્તિની વાતો દાખલ થઈ અને બુદ્ધની ઋદ્ધિઓનું મહત્ત્વ વધ્યું. દીઘનિકાયમાં મહાપદાનસૂત્તમાં છ 'પૂર્વબુદ્ધો' અને એક ભાવિ બુદ્ધ 'મૈત્રેય'નો ઉલ્લેખ છે. વખત જતાં ૨૪ પૂર્વબુદ્ધોની માન્યતા પણ પ્રચલિત થઈ. અશોકના સમયમાં તો પૂર્વ-બુદ્ધોના સ્તૂપોય હતા. બુદ્ધ પ્રત્યેના આદર ભાવે ધીમે ધીમે ભક્તિનું રૂપ પકડ્યું.

પરંતુ સ્થવિરોએ બોધિસત્ત્વને ગમે તેટલું મહત્ત્વ આપ્યું હોય તો પણ તે માનવ જ હતા એ વાત પકડી રાખી; જ્યારે મહાસાંઘિકો ચરમભવિક (અંતિમ જન્મવાળા) બોધિસત્ત્વને લોકોત્તર માનવા લાગ્યા. ચરમભવિક બોધિસત્ત્વ તુષિત નામના દેવલોકમાંથી બુદ્ધ બનવા અવતરે છે. તે કુમારી એવી માયાદેવીના ઉદરમાં માયિક શ્વેત હાથીના રૂપમાં દાખલ થયા. તે સર્વમલથી અલિપ્ત રહ્યા, અને ગર્ભમાં પણ પર્યંકબદ્ધ આસન(પદ્માસન)માં તે દેવોને ઉપદેશ આપતા હતા. કુક્ષિની ડાબી બાજુએથી ભેદ કર્યા વિના તે બહાર આવ્યા. તેમનો દેહ રોગ વગેરે દોષોથી મુક્ત હતો. આમ બોધિસત્ત્વનું બધું લોકોત્તર મનાયું.

મહાસાંઘિક મત પ્રમાણે, અસંખ્ય લોકોને ભવચક્રથી મુક્ત કરવા માટે 'બોધિ' પ્રાપ્ત કરવાનું પ્રણિધાન (ધ્યાન-પ્રતિજ્ઞા) પૂર્વજન્મમાં જે કોઈ સાધક કરે તે જન્મથી તે 'બોધિસત્ત્વ' બને છે. અનેક જન્મોની સાધના દરમ્યાન એક પછી એક દસ પારમિતા તે પ્રાપ્ત કરે છે. આ દસ પારમિતા છે—દાન, શીલ, નિવૃત્તિ, જ્ઞાન, વીર્ય, ક્ષાન્તિ (ધૈર્ય), સત્ય, દૃઢતા, મિત્રતા અને ઉદાસીનતા.

**મહત્ત્વની વાત એ છે કે 'અર્હત' કેવળ પોતાને માટે 'બોધિ' મેળવે છે, જ્યારે 'બોધિસત્ત્વ' બીજાઓનાં કલ્યાણ માટે તત્પર રહે છે; બીજાઓને દુઃખમુક્તિનો માર્ગ બતાવવાનો તેનો સંકલ્પ હોય છે.**

મહાસંધિકો પ્રમાણે બુદ્ધ સર્વજ્ઞ છે, જ્યારે સ્થવિરવાદીઓ માનતા કે બુદ્ધ એવી કક્ષાના મનુષ્ય છે કે પોતાને જ્યારે જે કંઈ જાણવું હોય તે જાણી શકે છે. વળી, મહાસંધિકો પ્રમાણે 'બુદ્ધ' આ એક જ શબ્દમાં બધું સમાઈ જાય છે, તે બધી દિશાઓમાં રહેલા છે. અનેક મહાસંધિકો એમ પણ માનતા કે બુદ્ધ હજી શાશ્વત સમાધિમાં છે અને એક પણ શબ્દ બોલતા નથી; બુદ્ધ સદા માટે 'તુષિતલોક'—અમુક સ્વર્ગમાં જ છે, મનુષ્યલોકમાં કદી અવતર્યા જ નથી. તેમનું 'નિર્મિત' શરીર જ મનુષ્ય લોકમાં આવ્યું હતું; અને એ રીતે તેમણે આનંદને ઉપદેશ આપ્યો અને આનંદે લોકોને ઉપદેશ આપ્યો.

* આમ મહાસંધિકો માટે બુદ્ધ 'ઈષ્ટદેવ' બની ગયા અને એમ મનાવા લાગ્યું કે બુદ્ધની કરુણા અને તેમના અનુગ્રહથી પ્રાણીઓને દુઃખમુક્તિ મળી શકે છે. બીજી વિચારધારાઓમાં પરમેશ્વરનું જે સ્થાન હતું તેવું સ્થાન ક્રમે કરીને બૌદ્ધ વિચારધારામાં બુદ્ધને પ્રાપ્ત થયું.

મહાસંધિકોની વિચારસરણીની ચરમસીમા 'મહાયાન' અથવા 'બોધિસત્ત્વયાન'માં જોવા મળે છે. બીજી બાજુ, જે બૌદ્ધ પંથનો આદર્શ 'અર્હત્' રહ્યો તે 'હીનયાન' અથવા 'અર્હદ્યાન' કહેવાયો. હીનયાની પોતાના નિર્વાણ (મોક્ષ-મુક્તિ) માટે સાધના કરે છે, જ્યારે મહાયાની સર્વ જીવોની મુક્તિ માટે પ્રયત્નશીલ રહે છે. હીનયાનમાં 'બોધિ'ની સાધના અને અષ્ટાંગ-માર્ગનું મહત્ત્વ છે, તેનો ઝોક સમાધિ-માર્ગ ઉપર છે; જ્યારે મહાયાનમાં 'પારમિતાઓ'નું પ્રાધાન્ય છે—સર્વના કલ્યાણાર્થે દાન આદિ ગુણોની પરિપૂર્ણતા માટેની સાધના મહત્ત્વની છે. મહાયાન સૂત્રગ્રંથો—'અષ્ટસાહસિકા પ્રજ્ઞાપારમિતા', 'સદ્ધર્મપુંડરીક', 'લંકાવતાર' જેવા પાયાના ગ્રંથો—ઈ. પૂ. પ્રથમ શતાબ્દીથી ઈ. સ.ની પ્રથમ શતાબ્દીના કાળમાં રચાયા.

બુદ્ધ લોકોત્તર છે એમ વ્યવસ્થિત રીતે પ્રતિપાદન કરવા મહાયાનીઓએ 'ત્રિકાય'ની કલ્પના કરી—'ધર્મકાય', 'સંભોગકાય' (કે રૂપકાય) અને 'નિર્માણકાય'. સ્થવિરવાદ પ્રમાણે બુદ્ધનો તત્ત્વ-સાક્ષાત્કાર અને ધર્મોપદેશ એ જ તેમની ધર્મકાય (અગ્ગઞ્ઞસુત્ત, દીઘનિકાય); જ્યારે મહાયાન અનુસાર બુદ્ધના સાક્ષાત્કાર કે સંબોધિ—સાક્ષાત્કાર—નું કારણ આવરણરહિત પ્રભાસ્વર (મુક્ત-વિશુદ્ધ) ચિત્ત છે અને એ જ બુદ્ધની ધર્મકાય છે. આવું ચિત્ત જ બુદ્ધનો 'સ્વભાવ' છે; તે પૂર્વકર્મનું ફળ નથી. તેથી તેને સ્વભાવકાય પણ કહે છે. બુદ્ધની બીજી કાયા તે સંભોગકાય. આ સંભોગકાય 'વિપાકજન્ય'—એટલે કે પૂર્વ-કર્માનુસાર ફળ ભોગવનારી—હોઈ વિવિધ બુદ્ધોની વિભિન્ન હોય છે. સ્થવિરવાદી સંભોગકાયને સાસ્રવ, રોગાદિ દોષથી યુક્ત, જરાયુજ (યોનિજ) અને માનુષી માને છે, જ્યારે મહાયાની તેને દોષરહિત માને છે, ઉપરાંત જરાયુજ નહિ પણ ઉપપાદુક (લોકોત્તર-દૈવી) માને છે, જે સંભોગકાય વા રૂપકાયમાં વિશુદ્ધ પ્રભાસ્વર ચિત્ત હોય તે રૂપકાય પણ વિશુદ્ધ અને તેજસ્વી હોય જ. તે કાયા દિવ્યલોકમાં જ રહે છે; મનુષ્યલોકમાં કદી આવતી નથી. તેનું આયુ અનંત હોય છે. આવા બુદ્ધો 'બોધિ' પ્રાપ્તિ પછીય 'નિર્વાણ' અવસ્થા ટાળીને કલ્પો સુધી લોકોનું કલ્યાણ કરવાનું ચાલુ રાખે છે. તેથી તેમની રૂપકાય પણ કલ્પો સુધી ટકી રહેવી જોઈએ. આ કાયા બુદ્ધોને પુણ્યકર્મોનાં ફળ તરીકે પ્રાપ્ત થાય છે તેથી તે પુણ્ય લક્ષણોવાળી હોય છે. તેમાં અનેક નિર્માણકાય સર્જવાની શક્તિ હોય છે. વળી, આ બુદ્ધોને પોતપોતાના દિવ્યલોક હોય છે જે 'બુદ્ધક્ષેત્ર' કહેવાય છે. આ બુદ્ધક્ષેત્રમાં જન્મ લેનાર અર્હતોને અને બોધિસત્ત્વોને બુદ્ધ સંભોગકાય દ્વારા ઉપદેશ આપે છે.

'નિર્માણ કાય' એ 'વાસ્તવિક' (મૂળ) રૂપકાયની પ્રતિરૂપ (પ્રતિમા) છે. તેમાં 'બુદ્ધચિત્ત' હોતું નથી, તેમ 'નિર્માણચિત્ત' પણ હોતું નથી. 'વાસ્તવિક' બુદ્ધચિત્ત જ સંભોગકાયમાં રહીને તેનું નિયમન

કરે છે. તેને વશ રહીને નિર્માણકાય સર્વ કાર્ય કરે છે. નિર્માણકાય કર્મફલ ભોગવનારી વિપાકજ નથી, પણ વિભૂતિજન્ય છે. આવી ભિન્ન ભિન્ન નિર્માણકાયો રચીને બુદ્ધ ઉપદેશ આપે છે.

સ્થવિરવાદીઓ માયાદેવીને પેટે જન્મેલા બુદ્ધને 'વાસ્તવિક' – પૃથ્વી પરના માનુષી – બુદ્ધ માને છે, 'નિર્માણ બુદ્ધ' માનતા નથી, અને તેઓ તે કાયાને 'વાસ્તવિક' રૂપકાય માને છે. જોકે, તેનામાં પ્રતિરૂપ એવી નિર્માણકાય સર્જવાની શક્તિ હોવાનું તેઓ માને છે. પરંતુ મહાયાનીઓ તેને નિર્માણકાય ગણે છે, કારણ કે તેમને મતે 'વાસ્તવિક' રૂપકાય તો હમેશાં દિવ્યલોકમાં જ હોય છે. આ 'વાસ્તવિક' રૂપકાય દ્વારા બુદ્ધ બોધિસત્ત્વોને ઉપદેશ આપે છે. જે સામાન્ય લોકો બુદ્ધક્ષેત્રમાં જન્મી શકતા નથી તેમને પણ યોગ્ય ઉપદેશ તો મળવો જોઈએ તેથી બુદ્ધ નિર્માણકાયો સર્જી તેમને અન્ય લોકમાં મોકલે છે.

'બોધિસત્ત્વ'ની વ્યાખ્યા બાબતમાં પણ સ્થવિરવાદીઓ અને મહાયાનીઓ વચ્ચે અંતર છે. સ્થવિરવાદ પ્રમાણે બોધિસત્ત્વની અવસ્થા 'બોધિ'ની પ્રાપ્તિ પહેલાંની છે; જ્યારે મહાયાન પ્રમાણે 'બોધિ' પ્રાપ્ત થયા છતાં, તે પછીય જે નિર્વાણનો સ્વીકાર ન કરે પણ જનકલ્યાણને માટે સંસારમાં રહેવાનું ચાલુ રાખે તે 'બોધિસત્ત્વ' છે. પરિણામે મહાયાનમાં બોધિસત્ત્વની પૂજાનું ઘણું મહત્ત્વ છે અને બુદ્ધની પૂજા કરતાં પણ તેનું આકર્ષણ વિશેષ છે. બોધિસત્ત્વ પોતાના ભક્તના તારણહાર બની શકે છે.

આ રીતે હીનયાન અને મહાયાનના સિદ્ધાંત – ઉપદેશમાં ઘણો ભેદ છે. આમ છતાં 'બુદ્ધ-વચનો'માં બન્નેને સમર્થન મળી રહે છે. એ કેવી રીતે સંભવે? આનો ઉત્તર આપતાં મહાયાનીઓ કહે છે કે શ્રોતાવર્ગની કક્ષાને જોઈને બુદ્ધ ઉપદેશ આપતા. ધર્મોપદેશના આ વિવેકને 'ઉપાય કૌશલ્ય' કહેવામાં આવે છે. બુદ્ધે 'ઉપાસક' (ગૃહસ્થ અનુયાયી) અને 'ભિક્ષુ' (સંઘવાદી સાધુ) ઉપરાંત 'બોધિસત્ત્વો'ને પણ ઉપદેશ આપ્યો હતો. મહાયાનીઓના દાવા મુજબ બોધિસત્ત્વોને આપેલો ઉપદેશ તે મહાયાન સિદ્ધાંત. તે ઉપાસકો અને ભિક્ષુઓને આપેલા ઉપદેશથી વિરુદ્ધ નથી, પણ ઊંચા પ્રકારનો છે.

## 'તાંત્રિક' સાધના અને અન્ય સંપ્રદાયો

તાંત્રિક સાધનાના કેટલાય અંશો ખૂબ પ્રાચીન કાળથી ભારતીય ચિંતન-સાધનાના જુદા જુદા પ્રવાહોમાં ફેલાયેલા મળે છે. બૌદ્ધમાર્ગમાં તેના પ્રવેશનું કારણ અહીં જોઈ લઈએ. સ્થવિરવાદીઓના દીઘનિકાયમાં (આટાનાટીપ સુત્તમાં) બુદ્ધના યક્ષ-દેવતાઓ સાથેના સંવાદમાં આનું બીજ રહેલું હોવાનું જણાય છે. પરંતુ, ખાસ તો મહાયાનમાં 'બુદ્ધ' અને 'બોધિસત્ત્વ' બેઉને લોકોત્તર માનવામાં આવ્યા અને પૂજાવિધિ માન્ય થઈ તે પછી બૌદ્ધ ધર્મમાં તાંત્રિક સાધનાને ખાસ અવકાશ મળ્યો. મહાયાની સાધનાના બે ભેદ થયા : 'પારમિતા સાધના' અને 'તાંત્રિક સાધના'. સાતમી શતાબ્દી પછી તાંત્રિક બૌદ્ધ સાધનાની ખૂબ પ્રસિદ્ધિ થઈ એમ મનાય છે. તેના ત્રણ સંપ્રદાયો છે – વજ્રયાન, કાલચક્રયાન અને સહજયાન. સહજયાનના પ્રવર્તક સરહપાદ, લુઈપાદ વગેરે સિદ્ધાચાર્યો છે. તેમણે લોકભાષામાં રચનાઓ કરી જેમાં દોહા અને ચર્યાપદોનું વિશેષ સ્થાન છે. સરહપાદ મહાસુખને પરમતત્ત્વ માને છે; તે અવર્ણનીય છે; તે સહજ સુખ કે સહજામૃત છે અને સર્વ પ્રાણીઓમાં અને પદાર્થોમાં વ્યાપ્ત છે; તે અનુભવૈક ગમ્ય છે, અને ઇન્દ્રિય કે મનનો વિષય બનતું નથી. સહજયાનીઓ દેવતાનું અસ્તિત્વ માનતા નથી. સંસાર-નિર્વાણ, જન્મ-મરણ વગેરેમાં કોઈ ભેદ નથી, મનુષ્યે કલ્પનાથી આ બધું ઊભું કર્યું છે, તેથી પરમતત્ત્વ પામવા આ સર્વથી પર થવું જોઈએ. સહજયાનમાં અન્ય તાંત્રિક સાધના(વજ્રયાન આદિ)ની જેમ મંત્ર, તંત્ર, મુદ્રા આદિ બાહ્યાચારોનો સ્વીકાર નથી; નિર્ગુણ નિરાકાર સહજ તત્ત્વ અથવા મહાસુખની માનસી ઉપાસના છે. વિદ્વાનોએ ઉદ્ધરણો આપીને બતાવ્યું છે કે આ સહજયાન અનુસાર 'યોગક્રિયા' શાશ્વત છે. એ યૌનવૃત્તિથી ઉત્પન્ન થાય છે. યૌનવૃત્તિ મનુષ્યનો 'સ્વભાવ' છે, તેથી તે 'સહજ' છે, તે 'સરળ' છે. બલ્કે,

આપણા સ્વભાવનું સર્વસ્વ છે અને શુદ્ધ છે. તેને પરમતત્ત્વના સાક્ષાત્કારાર્થે પ્રયોજવી જોઈએ. આ સિદ્ધાંત ગમે તેટલો ઊંચો હોય; પરંતુ તંત્ર સાધનાનો ભારોભાર દુરુપયોગ થયો એ પણ ઇતિહાસ-સિદ્ધ હકીકત છે.

હવે, બૌદ્ધ વિચારધારામાં જે ભિન્ન ભિન્ન દાર્શનિક વિચારસરણીઓ અસ્તિત્વમાં આવી તેમને વિષે સંક્ષેપમાં જોઈએ. બુદ્ધ તાત્ત્વિક ચર્ચામાં ઊતરવા માંગતા નહોતા; તેમ છતાં દુ:ખની ઉત્પત્તિ અને તેના નાશની ઉપપત્તિ (વજૂદવાળી શક્યતા) બતાવવા તેમને 'ક્ષણભંગવાદ', 'અનાત્મવાદ', 'પ્રતીત્ય સમુત્પાદ' જેવા સિદ્ધાંતો રજૂ કરવા પડયા. પણ બુદ્ધનું પ્રભાવશાળી વ્યકિતત્વ લોકોની વચ્ચે ન રહ્યું ત્યારે અને જેમ જેમ બૌદ્ધ ધર્મ વધારે વ્યાપક થયો અને બીજાઓ સાથે ચર્ચાઓમાં ઊતરવાના પ્રસંગો આવ્યા તેમ તેમ નવા નવા સંપ્રદાયો ઊભા થતા ગયા. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ આમાંના ચારનું મહત્ત્વ છે: (૧) વૈભાષિક, (૨) સૌત્રાન્તિક (૩) વિજ્ઞાનવાદી અને (૪) માધ્યમિક (કે શૂન્યવાદી). પહેલા બે હીનયાનના છે અને છેલ્લા બે મહાયાનના.

પ્રથમ શતાબ્દીના અંત ભાગમાં કનિષ્ક રાજાના આશ્રયથી સર્વાસ્તિવાદી બૌદ્ધોએ ધર્મને સ્થિર કરવા અને અભિધર્મ (શ્રેષ્ઠ ધર્મતત્ત્વ) વિષે મતભેદો દૂર કરવા ચોથી સંગીતિ (પરિષદ) બોલાવી; તેના પરિણામ રૂપે સર્વાસ્તિવાદના 'વૈભાષિક' અને 'સૌત્રાન્તિક' એવા બે ભેદ પડી ગયા. સર્વાસ્તિવાદીઓએ પોતાના ત્રિપિટકનો સંસ્કૃતમાં અનુવાદ કર્યો. 'સુત્તપિટક'ના 'નિકાય'ને તેઓ 'આગમ' કહે છે— દીર્ઘાગમ, મધ્યમાગમ, સંયુક્તાગમ, અંગોત્તરાગમ, ક્ષુદ્રકાગમ. ત્રિપિટક ઉપરની ટીકાઓમાં પાર્શ્વ અને વસુમિત્રે લખેલી, 'જ્ઞાનપ્રસ્થાન ગ્રંથ' (કાત્યાયનીપુત્રે લખેલો સર્વાસ્તિવાદીઓનો અભિધર્મગ્રંથ) ઉપરની મહાવિભાષાટીકા મહત્ત્વની છે: કેટલાક સર્વાસ્તિવાદીનું કહેવાનું હતું કે વિભાષાટીકામાં જે કેટલાક અભિ- ધર્મના સિદ્ધાંતો છે, તેમને સૂત્રોનું સમર્થન નથી; જ્યારે પાર્શ્વ અને તેમના જેવા બીજા કહેતા કે આ સિદ્ધાંતોનું સમર્થન કરે તેવા સૂત્રગ્રંથો હતા પણ તે નષ્ટ થયા છે. આમ વિભાષાને મહત્ત્વ આપનારા અને તેના સમર્થન માટે સૂત્રગ્રંથોની કલ્પના કરનારા 'વૈભાષિક' કહેવાયા, અને સૂત્રગ્રંથોને જ મહત્ત્વ આપનારા 'સૌત્રાન્તિક' કહેવાયા (આ પછી 'સર્વાસ્તિવાદી' શબ્દ મુખ્યત્વે વૈભાષિક માટે પ્રયોજાવા લાગ્યો). ઉપર નિર્દિષ્ટ ગ્રંથો ઉપરાંત વસુબંધુ (ચોથી-પાંચમી શતાબ્દી)નો 'અભિધર્મકોશ' અને વિમલ- મિત્ર(ઈ. સ. ૪૫૦—૫૫૦)નો 'અભિધર્મદીપ' બે ગ્રંથો મુખ્ય છે.

'સર્વાસ્તિવાદી'ના મતે સર્વનું અસ્તિત્વ છે, અર્થાત્ 'વર્તમાન' ધર્મ(વસ્તુ, ક્ષણ)ની જેમ 'અતીત' અને 'અનાગત' ધર્મ પણ અસ્તિત્વ ધરાવે છે અને દરેક ધર્મ(પદાર્થ)માં 'ધર્મસ્વભાવ' અને 'ધર્મલક્ષણ' એવાં બે પાસાં છે. ધર્મસ્વભાવ ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવે છે, પરંતુ તે નિત્ય નથી, કેમ કે તે પરિવર્તનશીલ છે. પરંતુ ધર્મલક્ષણ તો ક્ષણિક જ છે, કારણ કે ધર્મ(વસ્તુ-ક્ષણ)ની ઉત્પત્તિ બાહ્ય દશ્યરૂપમાં છે.

આ ઉપરાંત બૌદ્ધોમાં ધર્મના 'કાલ'ની બાબતમાં ઘણો મતભેદ રહ્યો છે. સૌત્રાન્તિકોના મતે માત્ર 'વર્તમાન ક્ષણ' સત્ય છે; જ્યારે વૈભાષિકોના મતે ધર્મ ત્રિકાલસ્થાયી છે.

વૈભાષિકો બાહ્ય ધર્મને 'પ્રત્યક્ષ ગ્રાહ્ય' માને છે, જ્યારે સૌત્રાન્તિકના મતે બાહ્ય ધર્મ 'અનુમેય', એટલે કે અનુમાનગમ્ય છે. આ વાત વધુ સ્પષ્ટ કરીએ: ધર્મ (વસ્તુ) ક્ષણિક હોય તો તેનું જ્ઞાન થાય ત્યારે તો તે રહ્યો ન હોય, તેથી તેનું પ્રત્યક્ષ જ્ઞાન શક્ય નથી; પણ જ્ઞાન થાય છે તેથી તેનો વિષય કે આલંબન તો હોવું જોઈએ, માટે પૂર્વ ક્ષણમાં ધર્મના અસ્તિત્વ અંગે અનુમાન શક્ય બને છે. પરંતુ સૌત્રાન્તિકના મતે વર્તમાન ક્ષણ જ અસ્તિત્વ ધરાવે છે—જોકે દરેક પૂર્વ ક્ષણ ઉત્તર ક્ષણની ઉત્પત્તિમાં કારણભૂત છે અને આમ ક્ષણોની 'સંતતિ' (પ્રવાહ) સંભવે છે. પણ ક્ષણ તો ઉત્પન્ન થતાં જ નાશ

પામે છે તેથી ક્ષણ પરિવર્તન પામે છે, એમ કહેવું બરાબર નથી. આમ, સૌત્રાન્તિકોએ 'ક્ષણભંગવાદ'નું વધારે યુક્તિયુક્ત પ્રતિપાદન કર્યું છે. સૌત્રાન્તિકોના મુખ્ય ગ્રંથો છે: વસુબંધુકૃત 'અભિધર્મકોશભાષ્ય' અને યશોમિત્રકૃતં 'અભિધર્મકોશસ્ફુટાર્થા ટીકા.'

વૈભાષિકો અને સૌત્રાન્તિકો ઉપરાંત ત્રીજી વિચારસરણી વિજ્ઞાનવાદીઓની છે. તેમના મતે પ્રત્યક્ષ જ્ઞાન થવા માટે બાહ્ય વિષય જોઈએ એ કંઈ અનિવાર્ય નથી. જ્ઞાનનો 'આકાર' એ જ વિષયની ગરજ સારે છે. સ્વપ્નમાં બાહ્ય પદાર્થ વિના જ્ઞાન થઈ શકતું હોય છે. આથી પ્રત્યક્ષ જ્ઞાન થાય છે માટે વિષય રૂપ બાહ્ય પદાર્થ હોવો જોઈએ એમ માનવા માટે કોઈ પુરાવો નથી. જ્ઞાન પોતે પોતાને જાણે છે. તે સ્વસંવેદન છે. એવું કેમ બને છે કે 'પીત' (પીળાશ) અને પીત 'જ્ઞાન'(પીળાશનું જ્ઞાન)ની ઉપલબ્ધિ આપણને હમેશાં એક સાથે થાય છે? જો એ જુદી વસ્તુઓ હોય તો કયારેક તો જુદી ઉપલબ્ધ થવી જોઈએ; પણ તેમ થતું નથી. તો 'પીત' અને 'પીતજ્ઞાન' એ બેમાંથી એકને જ વસ્તુસત્ (સત્ વસ્તુ) તરીકે સ્વીકારવું જોઈએ. તેથી 'પીતજ્ઞાન' જ સત્ય અસ્તિત્વ છે અને 'પીત'નું કોઈ બાહ્ય સ્વતંત્ર અસ્તિત્વ નથી એમ જ માનવું જોઈએ. 'ઘટ', 'પટ' આદિ પ્રત્યક્ષ અનુભવાત્મક જ્ઞાન અનાદિ કાળથી ચાલતી આવેલી વાસનાજન્ય છે. તેને કારણે જ 'સ્મરણાત્મક જ્ઞાન' અને 'પ્રત્યક્ષાત્મક જ્ઞાન'ના ભેદ સંભવે છે. વિજ્ઞાનવાદના મતે કોઈ બાહ્ય વિષય રૂપ વસ્તુ નથી; જ્ઞાનમાં ભાસતા આકારો જ્ઞાનના જ આકારો છે. બલ્કે, વિજ્ઞાનવાદી ક્ષણિક **વસ્તુને** નહિ ક્ષણિક **વિજ્ઞાનને** સત્ માને છે. તેઓ વિજ્ઞાનાત્મક અદ્વૈતમાં (શંકરાચાર્યના 'બ્રહ્મઅદ્વૈત'થી ભિન્ન) માને છે. એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે તેઓ ચિત્તની એટલે કે વિજ્ઞાનની અનેકવિધ સંતતિઓ (પ્રવાહો) માને છે.

વિજ્ઞાનવાદીઓ વ્યવહારની સમજૂતી આપવા માટે ત્રણ 'સ્વભાવ'ની કલ્પના કરે છે, 'પરિનિષ્પન્ન', 'પરતંત્ર' અને 'પરિકલ્પિત'. 'હાથી નથી' એ 'પરિનિષ્પન્ન' સ્વભાવ છે; હાથીનો ખ્યાલ એ 'પરતંત્ર' સ્વભાવ છે અને 'હાથી છે' એ 'પરિકલ્પિત' સ્વભાવ છે (વસુબંધુકૃત ત્રિસ્વભાવનિર્દેશ). વિજ્ઞાનવાદના મુખ્ય ગ્રંથો છે: વસુબંધુકૃત વિજ્ઞપ્તિમાત્રતા—સિદ્ધિ અને ત્રિસ્વભાવનિર્દેશ, દિઙ્નાગકૃત આલંબનપરીક્ષા (૫મી શતાબ્દી), ધર્મકીર્તિકૃત પ્રમાણવાર્ત્તિક (૬-૭મી શતાબ્દી) અને પ્રજ્ઞાકર ગુપ્ત (૭મી શતાબ્દી)કૃત પ્રમાણવાર્ત્તિક ભાષ્ય.

ચોથી વિચારધારા તે શૂન્યવાદ છે. શૂન્યવાદીઓ 'ક્ષણિક ધર્મ' કે 'ક્ષણિક વિજ્ઞાન'ને સત્ નથી માનતા. તેઓ ધર્મ(સ્વરૂપ)શૂન્યતા સૂચવે છે. પ્રતીત્ય સમુત્પાદના સિદ્ધાંત પ્રમાણે એક વસ્તુ બીજી વસ્તુ પર આધારિત હોય છે, અર્થાત્ તેને પોતાનો સ્વભાવ કે સ્વ-ત્વ નથી; તે **સાપેક્ષ** છે; માટે સ્વરૂપશૂન્ય છે.

શૂન્યવાદના મુખ્ય ગ્રંથો છે: નાગાર્જુન(૨જી શતાબ્દી)કૃત વિગ્રહવ્યાવર્ત્તની અને માધ્યમિક-કારિકા, આર્યદેવકૃત ચતુ:શતક, ચંદ્રકીર્તિ(૭મી સદી)કૃત પ્રસન્નપદા નામની માધ્યમિકકારિકાની ટીકા વગેરે.

માધ્યમિકકારિકામાં નાગાર્જુને તર્કપદ્ધતિથી ગતિ, ઈન્દ્રિયો, સ્કંધ, ધાતુ, દુઃખ, સ્વભાવ, કર્મ, બંધ-મોક્ષ, કાલ, આત્મા વગેરેની પરીક્ષા કરી તેમનું ખંડન કર્યું છે. આ તમામ '**શૂન્ય**' છે, કેમ કે સ્વભાવરહિત છે. વિગ્રહવ્યાવર્તનીમાં પ્રમાણનું ખંડન કર્યું છે. બુદ્ધિ દ્વારા બુદ્ધિની અશક્તિ અને વિપર્યય-(મિથ્યા જ્ઞાન)નો ખ્યાલ આવતાં 'પરાપ્રજ્ઞા'નો સાક્ષાત્કાર થાય છે. પ્રજ્ઞા એ જ પરમતત્ત્વ—તથતા. તે પ્રપંચશૂન્ય છે, અનિર્વચનીય છે. લૌકિક પ્રમાણોથી પ્રજ્ઞાનો સાક્ષાત્કાર શક્ય નથી અને લૌકિક પ્રમાણો દ્વારા જે જ્ઞાત થાય છે તે સાચું નથી—નિઃસ્વભાવ છે. શૂન્યવાદીઓએ કોઈ પણ પ્રકારનો પરમાર્થ પુરવાર કરવા પ્રયત્ન ન કર્યો, કારણ કે વાદોનું ખંડન થઈ જ શકે અને લૌકિક પ્રમાણોથી પરમાર્થનું જ્ઞાન શક્ય નથી. વધુમાં, તેમણે પ્રચલિત સર્વ દાર્શનિક માન્યતાઓ અને સિદ્ધાંતોના દોષો બતાવ્યા; તેથી એવી

ગેરસમજ ઊભી થઈ કે તેઓ 'કંઈ નથી' એવી **નાસ્તિકતામાં** માને છે. ચંદ્રકીર્તિએ પ્રસન્નપદા ટીકામાં સ્પષ્ટતા કરી છે કે તેઓ 'શૂન્યવાદી' છે, 'નાસ્તિતાવાદી' નથી. શૂન્યવાદીઓ પણ વ્યવહાર સમજાવવા 'પરમાર્થ સત્' અને 'સંવૃતિ સત્' માને છે. સંવૃતિ સત્ અજ્ઞાનને લીધે છે. 'સંવૃતિ સત્'ના બે ભેદ માન્યા છે—લોક સંવૃતિ (ઘટ, પટ, વગેરે) અને અલોક સંવૃતિ (રજ્જુ-સર્પ, શુક્તિ(છીપ)-રજત વગેરે).

બૌદ્ધચિંતનમાં 'ન્યાય'નો ઘણો વિકાસ થયો છે. તેનો ઘણો યશ દિઙ્નાગ અને ધર્મકીર્તિને ફાળે જાય છે, જોકે તેમના ટીકાકારોનો ફાળો પણ જેવો તેવો નથી. બૌદ્ધો બે પ્રમાણ સ્વીકારે છે : 'પ્રત્યક્ષ' અને 'અનુમાન'. પ્રત્યક્ષનો વિષય છે 'સ્વ-લક્ષણ' જે સર્વથા વિશેષ રૂપ છે અને ક્ષણિક છે. અનુમાનનો વિષય છે 'સામાન્ય લક્ષણ'. સામાન્ય લક્ષણ વિકલ્પ રૂપ છે; તે કલ્પના માત્ર છે. તેથી 'અનુમાન'ને ભ્રાન્ત પણ પ્રમાણ રૂપ માન્યું છે. અનુમાનથી ગૃહીત થતું સામાન્ય લક્ષણ દૂરથી પણ સ્વલક્ષણની સાથે સંબદ્ધ હોઈને ક્રિયાકારી છે; અને અનુમાન અવિસંવાદી હોવાથી જ્ઞાતા સફળ પ્રવૃત્તિ કરી શકે છે.

દિઙ્નાગે વાત્સ્યાયનના મતોનું ખંડન કર્યું; ઉદ્યોતકરે ન્યાયવાર્તિકમાં વળતો જવાબ આપ્યો. ધર્મ-કીર્તિએ પ્રમાણવાર્તિક, ન્યાયબિંદુ જેવા ગ્રંથોમાં બૌદ્ધ ન્યાયનું સચોટ પ્રતિપાદન કર્યું અને નૈયાયિકો વગેરેના મતોની કઠોર પણ યુક્તિયુક્ત સમાલોચના કરી. વાચસ્પતિએ તાત્પર્યટીકામાં જ્યાં જ્યાં તક મળી ત્યાં ત્યાં બૌદ્ધોના સિદ્ધાંતોનું ખંડન કર્યું અને આમ પરસ્પર ખંડન ચાલ્યા જ કર્યું. આથી વિચાર–વિકાસને ઘણો વેગ મળ્યો અને દાર્શનિક સિદ્ધાંતોના પ્રતિપાદનમાં સારી એવી વિશદતા આવી.

❋

*દુઃખની વાત એ છે **વૈશ્વિક ધર્મ** બનવાની ક્ષમતા ધરાવતો બૌદ્ધ ધર્મ ઈ. સ. ૧૨૦૦–૧૨૫૦ સુધીમાં તેની જન્મભૂમિ ભારતમાંથી લુપ્તપ્રાય થઈ ગયો. તેનાં અનેક કારણો હોઈ શકે : પાછળથી વધારે પડતા વ્યાપને કારણે, આચારના નિયમોનું પાલન ભિક્ષુઓમાં વધારે ને વધારે શિથિલ થતું ગયું. રાજ્યાશ્રયની લાલસા, જમીનો વગેરેની પ્રાપ્તિ આદિ કારણોને લઈને સંઘારામો(સંઘના મઠો)માં જીવન સુખમય બનતું ચાલ્યું અને લોકકલ્યાણની ચિંતા બાજુએ રહી. એક બાજુ, વધારે પડતી બૌદ્ધિક-તર્કપ્રક્રિયામાં પડી જવાને કારણે, બૌદ્ધ ધર્મમાં જે જીવંત મૌલિક ધબકાર હતો તે ઓછો થયો હશે. વધુમાં, વેદાંત-દર્શને (ખાસ કરીને શંકરાચાર્યપ્રણીત કેવલાદ્વૈત વેદાંતે) બૌદ્ધ દર્શનના સ્વીકાર્ય સિદ્ધાંતો પોતાની રીતે અપનાવી લીધા, તેથી વૈદિક ધર્મ છોડયા સિવાય બૌદ્ધ દર્શનની ગ્રાહ્ય વસ્તુઓ વેદાંતમાં મળતી થઈ. અંતે, મુસલમાનોનાં આક્રમણે જે બાકી રહ્યું હતું તે પૂરું કર્યું. આમ ક્રમે ક્રમે બૌદ્ધ ધર્મ હ્રાસ પામતો ગયો, પણ ભારતની બહાર અનેક દેશોમાં તે ફેલાયો અને હજુ ઉજ્જવળ રીતે પ્રવર્તમાન છે.

●

**જાતક ગ્રંથ**

આખો જાતક સંગ્રહ દુનિયાની કોઈ પણ ભાષામાં હાલ વિદ્યમાન પ્રાપ્ત લોક–દંતકથાઓની સરખામણીએ સૌથી વધુ પ્રાચીન છે, સૌથી વધુ આધારભૂત છે, સૌથી વધુ પૂર્ણરૂપે છે.

## પુનર્જન્મ

–નિત્ય આત્મા નથી (∴ મરણ બાદ આત્મા બચતો નથી; તો વર્તમાન જન્મનાં કર્મ મુજબ પુનર્જન્મ થાય છે તે શી રીતે?)

–કર્મ જ ચિત્તસંતાન (સંતતિ) કર્મ કરે છે; ચિત્તસંતાન જ તેનું ફળ ભોગવે છે; ચિત્તસંતાનનો જ પુનર્જન્મ થાય છે.

※

(ઈશ્વર નહિ, કર્મ શુભ-અશુભ ફળ આપનાર છે.)

**ચિત્ત** : સંકલ્પશક્તિ હોઈને, શુભ-અશુભ કરવા માટે સ્વતંત્ર છે;
∴ પુરુષાર્થ પર આધારિત છે—
સંપૂર્ણ જવાબદારી મનુષ્યના સંકલ્પ પર છે.

●

## ધર્મ માર્ગનાં મુખ્ય ત્રણ સોપાન
### [અષ્ટાંગમાર્ગના ત્રણ મુખ્ય પ્રકારો]

૧. શીલ રક્ષણ (અધિશીલ શિક્ષા) : બધાં પાપોથી વિરત થવું;

૨. કુશલનો સંચય (અધિચિત્ત શિક્ષા) : સમાધિ સાધ્ય કરવી;

૩. સ્વચિત્તનું સંશોધન (અધિપ્રજ્ઞા શિક્ષા) : પ્રજ્ઞા સંપાદન કરવી.

●

## પંચશીલ-વ્રત

૧. અહિંસા, ૨. અસ્તેય, ૩. અમૈથુન-બ્રહ્મચર્ય, ૪. સત્ય, ૫. માદક પદાર્થનો ત્યાગ (વિશાળ અર્થમાં 'અપરિગ્રહ').

* નિર્ગ્રંથો : જૈનોના નિયમો ઉપરથી છે.

### બ્રહ્મચર્યા

મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા.

# મહાયાન* મુજબ નિર્વાણ ભેદ

૧. **શ્રાવક બુદ્ધ :** સંસારી મુમુક્ષ પુણ્ય-જ્ઞાનયુક્ત બનતાં, ભિક્ષુઓના નિયમોનું પાલન કરીને, માત્ર **ત્રણ** જન્મમાં 'નિર્વાણ' પ્રાપ્ત કરે છે; પરંતુ તે 'પ્રદીપનિર્વાણ તુલ્ય' છે. તે સ્વર્ગસુખનો ઉપભોગ કરે છે; પરંતુ તે વિમોક્ષ નથી.

૨. **પ્રત્યેક બુદ્ધ :** ભિક્ષુ 'અર્હત પદ' પામે છે—પોતાનું અંગત 'નિર્વાણ' સાધે છે. ત્રૈધાતુક જન્મનો ઉપરમ થતાં, તે અનાસ્રવ ધાતુમાં એટલે કે પરિશુદ્ધ બુદ્ધક્ષેત્રોમાં કમલપત્રોમાં પેદા થાય છે; ત્યાં સમાધિ—અવસ્થામાં રહે છે. બાદ, અમિતાભ આદિ—બુદ્ધિનો ઉપદેશ પામ્યા પછી બોધિચિત્ત ગ્રહણ કરે છે; અને 'લોકનાયક' બને છે.

૩. **સમ્યક્ બુદ્ધ** (સમ્યક સંબુદ્ધ) : મહાયાનનો આ શ્રેષ્ઠ આદર્શ છે. તેમાં પરમાર્થિકતા—'સર્વપ્રાણીની મુક્તિ' ઉપલક્ષ્ય હોઈને, તે સધાય નહિ ત્યાં લગી, તે અંગત—વૈયક્તિક નિર્વાણ (અર્હત પદ) ને બદલે બોધિસત્ત્વ રૂપે લોકકલ્યાણ માટે મથતો રહે છે. આમ જ્ઞાન અને શીલ ઉપર વધુ ઝોક છે.

* મહાયાનમાં શ્રાવક માર્ગ, અર્હત માર્ગ અને મહાયાન (મહામાર્ગ) એવા ત્રણ માર્ગોમાં મહાયાનને જ એકમાત્ર અંતિમ અને સાચા માર્ગ તરીકે પ્રમાણ્યો છે.

## સમાધિભેદ

| | | |
|---|---|---|
| **પ્રથમ ધ્યાન** | : વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ યુક્ત | આમાંથી એકે 'સલ્લેખ' (સાધુવૃત્તિમય) નથી. |
| **બીજું ધ્યાન** | : વિતર્ક–વિચાર રહિત : પ્રીતિ–સુખ યુક્ત | |
| **ત્રીજું ધ્યાન** | : ,, ,, ,, + પ્રીતિ રહિત દેહ સુખ યુક્ત ("ઉપેક્ષાવાન, **સ્મૃતિવાન** સુખી") | |
| **ચોથું ધ્યાન** | : સુખ દુ:ખ રહિત, સ્મૃતિથી પરિશુદ્ધ | |
| **પાંચમું ધ્યાન** | : રૂપસંજ્ઞા અતિક્રમ/વિરોધી સંજ્ઞાનો અસ્ત/ **અનંત આકાશ ભાવના વ્યાપક ભાવ** (આકાશ–અનંત્ય–આયતન) | આ બધા 'સલ્લેખ' છે. |
| **છઠ્ઠું ધ્યાન** | : (પાંચમું અતિક્રમીને) અનંત વિજ્ઞાનભાવ (વિજ્ઞાન–અનંત્ય–આયતન) | |
| **સાતમું ધ્યાન** | : આકિંચન્ય–આયતન ('કંઈ નથી' એવો ભાવ) **શૂન્યભાવ** | |
| **આઠમું ધ્યાન** | : ન આ/ન તે – **નૈવ સંજ્ઞા + ના સંજ્ઞા + આયતન શાંત વિહાર**ચિત્તની વિશ્રમયતા | |

●

## ફલ-અવસ્થા અનુસાર ભેદ

**સ્વર્ગગામી** : બુદ્ધ પર કેવળ શ્રદ્ધા અને પ્રેમ રાખનારા સાધારણ ગૃહસ્થીઓ

**સકૃદાગામી** : (ત્રણ સંયોજનો નાશ પામતાં તથા કામ, ક્રોધ, મોહ ઓછાં થતાં આ અવસ્થા પ્રાપ્ત) નિર્વાણ પામનારા.

**સ્ત્રોતાપન્ન** : (ત્રણ સંયોજનો નાશ પામવા છતાં કામ, ક્રોધ, મોહ ટકી રહ્યાં હોય તેવી અવસ્થા)
– દુર્ગતિએ ન જનારા અને તેથી **અંતે** સંબોધિપારાયણ...........

**સંબોધિ** : (સંયોજનો તથા કામ, ક્રોધ, મોહનો નાશ થયેલી અવસ્થા)
– શ્રદ્ધાપૂર્વક ધર્મનો અભ્યાસ કરનારા, ધર્મને અનુસરનાર

["પચાસ ધર્મસંવાદો", પૃ. ૧૨૦–૨૧ : લે. ધર્માનંદ કોસંબી]

## ધર્મ માત્ર તરાપો છે

તરાપા જેવો આ ધર્મ છે તે તરી જવા માટે છે – પણ પાર ગયા પછી જમીન ઉપર તેને ખેંચી કાઢીને કે પાણીમાં જ મૂકીને માણસે જવું રહે. સાથે ઊંચકીને લઈ જવાનો ન હોય...

* કુશલ ધર્મો પણ ઊતરી જવા પૂરતા કામના છે. તેમનેય વળગી રહેવાનું ન હોય, તો પછી અકુશલ કર્મોનું તો પૂછવું જ શું ?

[ "પચાસ ધર્મસંવાદો" : લે. ધર્માનંદ કોસંબી ]

●

હે ભિક્ષુઓ !

– આકાશ જેવા ચિત્તથી સર્વ લોક ઉપર મૈત્રીભાવના સાધતાં શીખો.

– (આકાશ) જેવા અંતઃકરણથી બધા લોકો ઉપર મૈત્રીભાવના સાધતાં શીખો.

હે ભિક્ષુઓ !

કોઈ ગમે તે બોલે છતાં તમારું ચિત્ત વિકૃત થવા દેતા નહિ, અને મીંદડાના ચામડાની ધમણુની જેમ મૃદુ રહેજો. બધાં લોકો માટે તમારા અંતઃકરણમાં હિતાનુકંપા અને મૈત્રી રાખજો...

* જો લૂંટારા કરવતથી તમારા અવયવ કાપી નાખે, અને એવે વખતે જો કોઈના મનમાં ક્રોધ ઉત્પન્ન થાય તો તેને હું મારો અનુયાયી ન ગણું...

[ "પચાસ ધર્મસંવાદો", પૃ. ૧૧૧ : લે. ધર્માનંદ કોસંબી ]

●

### દેવોની કક્ષાઓ

૧. જમીન ઉપરના દેવો
૨. ચાતુર્ મહારાજિક
૩. તાવતિંસ
૪. યામ
૫. તુસિત
૬. નિમ્માનરતિ
૭. પરિનિમ્મિત વાસવત્તી
૮. બ્રહ્મલોકના દેવો

[ "પચાસ ધર્મસંવાદો", પૃ. ૧૭૦ : લે. ધર્માનંદ કોસંબી ]

●



ચિન–યાંગ

# ૩ : ચીની તત્ત્વચિંતન



લાઓ ત્સે
(ઈ. પૂ. ૫૭૦–૫૧૭)



કન્ફ્યૂશિયસ
(ઈ. પૂ. ૫૫૧–૪૭૯)

તાઓવાદીઓની મહત્ત્વાકાંક્ષાનું ધ્યેય તાઓ સાથે ઐક્ય સાધવાનું છે. જ્યારે મનુષ્ય તાઓનું સ્વૈચ્છિક વાહન બને છે ત્યારે, તે સ્થિતિએ નહિ પહોંચેલાઓ ઉપર વિશ્વના જે કાનૂનો લાદવામાં આવેલા હોય છે તેમની મર્યાદાઓમાંથી, તે મુક્ત બને છે. જ્યારે ઐક્ય સધાય છે ત્યારે સ્વસ્થતા–શાંતિ પાછી સાંપડે છે.

ત્સે સિયાએ કહ્યું છે : જે મનુષ્ય તાઓ સાથે સંવાદ સિદ્ધ કરે છે, તે બાહ્ય વિશ્વના તમામ પદાર્થ સાથે ઐક્ય પ્રાપ્ત કરે છે...કોઈ પણ તેને હાનિ કરવાની કે ડખલ કરવાની તાકાત ધરાવતું હોતું નથી.

સાચો સદ્‌ગુણ જ એ છે કે તાઓનું સાહજિક ઉદ્‌ઘાટન અંતઃકરણમાં થાય – નહિ કે નૈતિક આદેશોની કૃત્રિમ સંમતિમાં. ત્યારે, મૂલ તાઓ હાજરાહજુર થતાં તેનાં પુષ્પો–સદ્‌ગુણો આપોઆપ ખીલી ઊઠશે...

[ડૉ. રાધાકૃષ્ણન કૃત 'Recovery of Faith'માંથી]

# ૮ : ભૂમિકા

ચીનીય સૃષ્ટિમંડાણની મીમાંસા પ્રમાણે સર્જન પૂર્વે વિશ્વ અવ્યક્તમાં આવૃત્ત હતું—પરિવેષ્ટિત હતું. પછી કોઈ દુર્બોધ અંત:સ્ફૂર્તિથી આ અવ્યક્તમાં સ્પંદન શરૂ થયું, અને ક્રમશ: યુગયુગાંતરો જતાં તે બૃહદ્ (**ચિદાણુ**) (monad)માં રૂપાંતરિત થયું. પુન: યુગો પસાર થયા, અને પાછું તેમાં ગહન અંત:સ્ફુરણ જાગ્રત થયું અને આ ચિદાણુના બે વિભાગ થયા : **ચિન** (Yin સ્ત્રી) અને **યાંગ**(Yang પુરુષ)નાં બે પરિબળો જન્મ્યાં. તેમની અન્યોન્ય સંગતિમાંથી 'સ્વર્ગના પુત્ર' પાન કુ(Pan Ku)નો ઉદય થયો, જેનામાં ગર્ભાધાન વખતે જ બધી વસ્તુઓનું જ્ઞાન નિહિત હતું.

પાન કુએ ૧૮,૦૦૦ વર્ષો સુધી કઠિન શ્રમ કર્યો, અને પાર્થિવ અસ્તિત્વનો પાયો નાખ્યો. તે સ્વયં પૃથ્વીનો વાસ્તવિક પિંડ બની ગયો. તેનાં ભિન્ન ભિન્ન અંગોપાંગો—પહાડો, ખડકો, નદીઓ, વાયુ, ગાજવીજ, તારકો, ગ્રહો અને મનુષ્યોમાં મૂર્તિમંત થયાં.

મનુષ્યના સર્જન સાથે તિમિર અને તેજ, રાત્રિ અને દિન, આકાશ અને પૃથ્વી, મહાભૂતો, ઋતુઓ, નિસર્ગની અનંત શક્તિઓ અને ભૌતિક તથા સ્વર્ગીય દિવ્યાત્માઓનો ઉદ્‌ભવ થયો. અતિ પ્રાચીન સમયના ચીનાઓએ આ અસંખ્ય ભૂતદ્રવ્યોમાંથી એક શ્રેણીક્રમિક (hierarchic) રચના કરી. સ્વર્ગને ટોચ પર મૂક્યું. તેના તરફ તેઓ ભક્તિપૂર્ણ આદર અને નિષ્ઠાથી વળ્યા. તેમણે યિન અને યાંગના અટલ દ્વૈત સિદ્ધાંતને પ્રસ્થાપિત કર્યો. યિનનું સ્વરૂપ નિશ્ચેષ્ટ, નિષેધાર્થક અને સ્ત્રૈણ હતું; યાંગનું સ્વરૂપ સચેષ્ટ, વિધાયક અને પૌરુષ હતું.

આ સંકુલ સોપાનક્રમમાં સર્વોપરી શાસક તરીકે સ્વર્ગના અધિદેવતા(spirit)નું પ્રથમ સ્થાન હતું. ચીનના શહેનશાહ પોતે સ્વર્ગના દુન્યવી પ્રતિનિધિ થયા. ધર્મ અને રાજતંત્રની આટલી પારસ્પરિક ઓત-પ્રોતતા ચીન સિવાય બીજા દેશમાં જોવા મળતી નથી. ચીનમાં પૈતૃક (patriarchal) પૂજાનો મહિમા છે. સમ્રાટે વડા પુરોહિતનું સ્થાન પણ અંગીકાર્યું છે અને પોતાની સમગ્ર પ્રજાના કલ્યાણને માટે તે સ્વર્ગ-વાસી વડીલોના આત્માઓને શાંત કરીને તેમની કૃપા મેળવે છે.

ચીનીય પરંપરા અનુસાર ઈ. પૂ. ૧૨મી સદીથી પૂર્વકાળમાં પ્રથમ સમ્રાટ તરીકે ફુ હ્‌સી (Fu Hsi) આવ્યા, જેમણે ચીનીય સંસ્કૃતિનું શિલારોપણ કર્યું. તેમણે લેખનકલાની શોધ કરી; અને ઘોડો, ઘેટું, કૂતરું, મરઘું, બળદ અને ડુક્કર—એ છ પાળેલાં પ્રાણીઓનો ઉપયોગ કેમ કરવો એ પ્રજાને શીખવ્યું. વળી રેશમના કીડા ઉછેરવા માટે શેતૂરના વૃક્ષને ઉછેરવાની તાલીમ મનુષ્યોને આપી. ફુ હ્‌સી પછી શેન-નુંગ (Shen-Nung) નામના સમ્રાટ થયા. તે 'દૈવી કૃષિકાર' (Divine Husband) તરીકે જાણીતા છે. કૃષિવિજ્ઞાનની શોધ એમનાથી થઈ છે એમ કહેવાયું છે.

મહાન યાઓ (Yao) અને એમના અનુગામી શુન (Shun) એ બંને સલ્તનતના પરંપરાગત સ્થાપકો ગણાય છે. સ્વર્ગની પ્રેરણાથી શુને પોતાના કુપાત્ર પુત્રનો ત્યાગ કરી ઉત્તરાધિકારી તરીકે પોતાના મહા અમાત્ય યૂ(Yu)ની નિમણૂક કરી. ચીન દેશના મોટા ભાગના પ્રદેશોમાં જ્યારે પૂર ફરી વળ્યાં ત્યારે ડૂબેલી ભૂમિ નવસાધ્ય કરવાનું કાર્ય તેમણે યૂને સોંપ્યું. આ કાર્યની પાછળ યૂ આઠ વર્ષ સુધી લગાતાર લાગી રહ્યા. એમ કહેવાય છે કે આ સમસ્ત સમયગાળા દરમ્યાન ત્રણ વાર તેઓ તેમના ઘરના પ્રવેશદ્વાર

પાસેથી પસાર થયા, છતાં ઘરનો ઉમરો વટાવીને તેમણે એમાં પ્રવેશ કર્યો ન હતો. તેઓ હિયા (Hia) વંશના સ્થાપક થયા.

ચીનીય ઈતિહાસની આરંભિક (ઈ. પૂ. ૧૨મી સદીની આસપાસ) સદીઓમાં ચીનના મુક્તિદાતાઓ વેન (Wen) અને વુ (Wu)ની શ્રેષ્ઠ પ્રેરણામૂર્તિઓ આપણી દષ્ટિ સમક્ષ ખડી થાય છે. તેમણે ચાઉ હ્‌સિન (Chou Hsin) નામના સિતમગારને પદચ્યુત કર્યો. વેન ચાઉના ડ્યૂક (ઉમરાવ) હતા. એમનો પુત્ર ચાઉ રાજવંશનો પ્રથમ પુરુષ હતો. આ બધા મહાન રાજકર્તાઓનો ન્યાયી રાજ્યકાળ સામ્રાજ્યના 'સુવર્ણયુગ' તરીકે પંકાયો.

ઈ. પૂ. છઠ્ઠી સદીના અરસામાં, ચાઉ વંશ જીર્ણ જર્જરિત બન્યો અને જાગીરદારો અંદર અંદર જાદવાસ્થળી ખેલતા થયા. પરિણામે 'સુવર્ણયુગ' અસ્ત પામ્યો. આ પછી લુ (Lu)નો રાજકર્તા ડ્યૂક આંતરિક વિખવાદોમાં અટવાયો. એના પ્રધાનોએ બળવો કર્યો.

આવી પૃષ્ઠભૂમિકામાં ચીન દેશમાં બે અપૂર્વ, પ્રભાવવંત પુરુષો—લાઓ-ત્સે અને કન્ફ્યૂશિયસ—અવતર્યા.

●

## માનવરાજ

માનવ સર્વનો ખરેખરો હિતેચ્છુ હોય છે અને ચિંતાથી મુક્ત હોય છે; ખરેખરો ડહાપણવાળો હોય છે અને ભ્રમણાઓથી મુક્ત હોય છે; ખરેખરો બહાદુર અને ભયથી મુક્ત હોય છે.

તેનામાં શોક નથી તેમજ ભય નથી. પોતાના હૃદયમાં ખોજ કરતાં જો એને કંઈ પણ દોષ જણાય નહિ તો એ શેને માટે શોક કરે? એને શેનો ભય હોય?

તે પ્રામાણિકતાને પ્રથમ સ્થાન આપે છે.

તે પોતાની વાણીમાં સંકોચવાળો હોય છે, પણ કામ કરવામાં ઉદાર હોય છે.

તે કદી સુનીતિના માર્ગથી ક્ષણ વારને માટે પણ ચળતો નથી. વિપત્તિના સમયમાં પણ હમેશ જેટલા જ મક્કમપણાથી એ માર્ગને વળગી રહે છે.

તે લોકો મને પિછાનતા નથી એ વિચારથી કદી અકળાતો નથી.

તે આત્મવિકાસ સાધે છે કે જેથી તે આત્મગૌરવથી સંપન્ન થાય અને અન્યનો આદર કરી શકે. તે આત્મવિકાસ સાધે છે કે જેથી તે બીજાઓને સુખ આપી શકે. તે આત્મવિકાસ સાધે છે કે જેથી તે સમગ્ર જનતાને સુખ તથા સંપત્તિ અર્પી શકે—**આત્મવિકાસ વડે સમગ્ર જનતાને સુખ** તથા સંપત્તિ અર્પવા.

તે દુખિયાંને મદદ કરે, પણ સંપત્તિવાળાની સંપત્તિ વધારવાનું ન કરે.

# ૯ : લાઓ-ત્સે [ઈ. પૂ. ૫૭૦–૫૧૭]

## (૧) પરિચય

ઈ. પૂ. ૫૭૦માં ચીનના હોનાન (Honan) રાજ્યમાં ચાઉ વંશના રાજ્ય અમલ દરમિયાન લિ (Li) નામના સામાન્ય કુટુંબમાં 'ચીનના બુદ્ધ' ગણાતા લાઓ-ત્સેનો જન્મ થયો હોવાનું મનાય છે. તેઓ લિ (Li) કુટુંબના હતા. તેમને લાઓ-તેન કહીને લોકો બોલાવતા. 'લાઓ' એટલે વૃદ્ધ અને 'તેન' એટલે કાનની લાંબી બુટ્ટીવાળા. આપણે એમને લાઓ-ત્સે નામે ઓળખીએ છીએ. 'ત્સે'નો અર્થ 'ઋષિ' કે 'બાળક' થાય છે. લાઓ-ત્સે એટલે 'વૃદ્ધ દાર્શનિક કે ઋષિ'.

લાઓ-ત્સેના અસ્તિત્વ વિષે જ કેટલાક પંડિતો સંદેહ ધરાવે છે, અને જેઓ તેમનું અસ્તિત્વ સ્વીકારે છે તેઓ પણ તેમના જીવન વિષે બહુ કહી શકયા નથી; છતાં ચાળીસ વર્ષની ઉંમર બાદ તેઓ કાઓ(Kao)ના સરકારી પુસ્તકાલયના ગ્રંથપાલ રહ્યા હોય એમ મનાય છે. ચાઉ રાજ્યના ગુપ્ત દફતર-ખાનાના તેઓ રખવાલ પણ હતા. તેઓ નિર્લિપ્ત ભાવથી પોતાના કામમાં નિરત રહેતા. તેઓ સ્વભાવે અંતર્મુખ હતા અને તેમનો મોટા ભાગનો સમય ધ્યાન-ચિંતનમાં જતો. (કન્ફ્યૂશિયસ લાઓ-ત્સેના સમકાલીન અનુજ હતા એમ પણ મનાય છે.)

જે માણસ ઐતિહાસિક લેખ-સંગ્રહાલયનો પાલક હોય અને સંત હોય તેને પ્રાચીન કાળના કાનૂનો અને ક્રિયાકાંડોની સારી સમજ હોય જ. કન્ફ્યૂશિયસ સમાજસુધારક હોઈને જ્ઞાનની ખોજમાં, તેમના શિષ્યો અને ભકતોના રસાલા સાથે, લાઓ-ત્સે પાસે ગયા હોવાની કથા પ્રચલિત છે.

કન્ફ્યૂશિયસે પૂછ્યું : "સુવર્ણયુગના ઋષિઓ જાણતા હતા તે ઓજસ્ અને સૌખ્ય પાછાં શી રીતે લાવવાં ?"

લાઓ-ત્સેએ કહ્યું : "જે ઋષિઓની તમે વાત કરો છો તે મૃત્યુ પામ્યા છે, અને તેમનાં અસ્થિ ઘણા કાળ પૂર્વે ભૂકો થઈ ગયાં છે. સાચો સંત સ્વયં જ્ઞાન-પ્રકાશિત હોય છતાં પૃથક્જન કરતાં અધિકતર સારો દેખાવા યત્ન કરતો હોતો નથી. માટે, સિધાવો મહોદય ! તમારા ગર્વિષ્ઠ પોકળ દમામને ઉતારી નાખો. તમારી તૃષ્ણા પર કાબૂ મેળવો. બધાં બાહ્ય પ્રદર્શન અને આડંબરથી મુકત થાઓ, કેમકે આવી બાબતો તમારી ગુણવત્તા વધારતી નથી."

લાઓ-ત્સે જે વાત કરતા હતા તે હતી આધ્યાત્મિક એકત્વની વાત; કૃત્રિમતાની નહિ, સાહજિકતાની વાત; વિશ્વસંગીત સાથે એકરૂપ થવાની વાત; આત્મના મૌનની વાત, જે શીખવી શકાતી નથી. આને આપણે તાઓ વિચાર તરીકે પ્રમાણી શકીએ. કન્ફ્યૂશિયસના ચિત્ત પર લાઓ-ત્સેની ઊંડી અસર થયાનું જણાય છે.

વિદાય લીધા પછી કન્ફ્યૂશિયસે પોતાના શિષ્યોને એકત્ર કરીને કહ્યું કે, "હું પક્ષીઓની ગતિ-રીતિને –તે કેમ ઊડે છે એ– સમજું છું, અને મત્સ્ય તથા પ્રાણીઓની ટેવો વિષે જાણું છું. દોડતાં પ્રાણીઓને જાળમાં ફસાવી શકાય, તરતી માછલીને ફંદામાં સપડાવી શકાય, અને ઊડતા પક્ષીને તીર મારી ધરતી પર પટકી શકાય; પરંતુ પાંખાળા સર્પ(ડ્રેગન)ની સમસ્યા મારે માટે વણઉકલી રહી છે. ડ્રેગન કેવી રીતે વાયુ અને વાદળો પર ચઢે છે અને ગગનમાં પ્રવેશ કરે છે તે હું સમજી શકતો નથી. આજે

લાઓ-ત્સેનો ભેટો થયો હતો. શું મારે તેમને 'ડ્રેગન' કહેવા? કદાચ, તેઓ એમ કહેવા માગતા હતા કે તાઓનો ગૂઢવાદ દુન્યવી અહમ્‌નું વિસર્જન માગે છે, અને મારા જેવા વ્યવહારડાહ્યા સુધારક માટે એ માર્ગ દુસ્તર છે."

બન્ને મહાપુરુષો પુનઃ મળે છે. કન્ફ્યૂશિયસે પ્રશિષ્ટ ગ્રંથોમાંથી પરિચ્છેદો વાંચવા માંડ્યા. "આ બધું લાંબુંલચ છે. તેનો સંક્ષેપમાં સાર કહો," લાઓ-ત્સેએ કહ્યું. કન્ફ્યૂશિયસે નિવેદન કર્યું: "આ ગ્રંથો 'માનવપ્રેમ' (jen) અને 'કર્તવ્યપાલન' (yi) નું પ્રતિપાદન કરે છે." ત્યારે મૌનનિષ્ઠ ફિલસૂફે જવાબ વાળ્યો: "શું 'માનવપ્રેમ' અને 'કર્તવ્યપાલન' માનવીની અંતઃસત્તાને ઘડે છે? આકાશ અને પૃથ્વી પર નજર માંડો, અને જુઓ, કશા આધાર વિના એ બંને કેવાં ભ્રમણ કરી રહ્યાં છે! સૂર્ય, ચંદ્ર અને તારાઓ યત્કિંચિત્ આયાસ વિના, પોતાની ભ્રમણકેડીથી ચલિત થયા વગર, ચાલ્યા કરે છે. પક્ષીઓ અને પશુઓને પોતાનાં ટોળાં સાથે જવાનું કોઈ કહેતું નથી, અને વૃક્ષો સહજ રૂપે ઊગે છે અને ઊંચાં થાય છે. કુદરતનો આ લય છે તેને અનુરૂપ થાઓ. તાઓના માર્ગને અનુસરો અને તમને સંપ્રજ્ઞા સાંપડશે. માનવપ્રેમ અને કર્તવ્યપાલનની લબ્ધિ માટે મજૂરી અને કવાયત કરવાની જરૂર હોતી નથી. ઢોલ પિટાવવાનાં હોય તેમ શેરીઓમાં રઝળવાની જરૂર નથી."

ટૂંકમાં, લાઓ-ત્સેએ કન્ફ્યૂશિયસને ચેતવણી આપી કે, "બીજાના ચિત્ત પર વિચારો લાદવાની ભાંજગડમાં પડવું નહિ; માનવહૃદયની નિસર્ગસ્ફૂર્ત સહજ સાધુતામાં દખલ કરવી નહિ. અયોગ્ય રીતે અંતઃકરણને ઉત્તેજિત કરવું શક્ય છે; પરંતુ વિરામમાં તે નિતાંત શાંત, અક્ષુબ્ધ રહે છે. દરેક પ્રકારની સ્વતંત્રતા ભોગવવા એ સમર્થ છે. તેની ગતિ સંવાદી અને તેનું ઉડ્ડયન સ્વર્ગમુખી છે. માનવમાં જે સહજાત પાવિત્ર્ય રહેલું છે તેમાંથી તેને વંચિત ન કરતાં દલીલોના અતિરેકથી દૂર રહેજો, અને જે મહત્તમ ઋત છે તેની અદૃશ્ય નિયતિમાં આસ્થા રાખજો."

*

ઈ. પૂ. ૭મી-૬ઠ્ઠી સદીનો સમય એવો હતો કે જ્યારે ચીનીય સંસ્કૃતિમાં સડાનાં ચિહ્નો જણાવા લાગ્યાં હતાં. લાઓ-ત્સેએ ચાઉ રાજ્યની બરબાદીની આગાહીય કરી હતી અને તેઓ રાજ્યની નોકરી છોડી દઈને પશ્ચિમની તિબેટી સરહદ તરફ જલ-મહિષ પર સવારી કરી ચાલી નીકળ્યા હતા. સરહદ પરના હાનકાઓ (Hankao) ઘાટના દ્વારપાળ યિન હ્સિ (Yin Hsi) એ લાઓ-ત્સેની પ્રતિભાને પારખી લીધી. તેણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી કાકલૂદી કરી કે, "હે ગુરુવર્ય, જ્યારે આપે દુનિયામાંથી પરિવ્રજિત થવાનો નિર્ણય કર્યો છે, ત્યારે આપના વિચારો એકાદ ગ્રંથ રૂપે ઉતારી આપો..."

લાઓ-ત્સે માની ગયા. ત્રણ દિવસ માટે તેઓ એકાંતમાં ચાલ્યા ગયા, અને આત્મ-તત્ત્વચિંતનાત્મક રહસ્ય-ગ્રંથની હસ્તપ્રત સાથે પાછા ફર્યા. તેમાં ૪૬૬ બોધવચન લખેલાં હતાં. ૫૦૦૦ શબ્દોની એ લઘુગાથા દ્વારપાળને આપીને તેઓ ઘાટ ઓળંગીને દૂરદૂરની પર્વતમાળાઓમાં સદાને માટે અદશ્ય થઈ ગયા. પાછળથી લાઓ-ત્સેના આ દાર્શનિક ગ્રંથનું નામ 'તાઓ તે' (Tao Te) પડ્યું છે.

**'તાઓ' એટલે માર્ગ અને 'તે' એટલે તાઓના સહજ પ્રકાશની અભિવ્યક્તિ, તેની પ્રવર્તક શક્તિ.**

આ પછી 'તાઓ તે'ની રાષ્ટ્રભરના શ્રેષ્ઠ સન્માન્ય ગ્રંથોમાં પ્રતિષ્ઠા થઈ. આદરસૂચક ચિંગ (Ching = ધર્મસિદ્ધાંત) શબ્દ જોડીને આજે એને તાઓ તે ચિંગ કહે છે. લાઓ-ત્સેએ મૂળ લખાણ સળંગ, અધ્યાય પાડ્યા સિવાય, લખ્યું હતું. પરંતુ પછીના અનેક પંડિતોએ એ સાહિત્યને ૫૫ થી ૮૧ કાવ્યોમાં

પુનર્સંકલિત કર્યું. તેમાં સુધારાવધારા થયાની સંભાવના નકારી ન કઢાય; છતાં એ કાવ્યકંડિકાઓમાં અસામાન્ય એકસૂત્રતા અને સમસંવેદન ગૂંથાયેલ જોઈ શકાય છે.

"Tao Te Ching is a testament to man's at-homeness in the universe."

## (૨) સત્ત્વદર્શન (Ontology)

### [ તાઓ અને તે : માર્ગ અને પ્રભાવક શક્તિ ]

સંજ્ઞા-સંપ્રદાય( The School of Names )ના તત્ત્વવેત્તાઓ 'રૂપ અને લક્ષણથી પરની વસ્તુ'ની વિભાવનામાં ઘણા ઊંડા ઊતર્યા હતા. જે વસ્તુઓને 'રૂપ અને લક્ષણ' હોય છે તેમને 'નામ' હોય છે જ. તે 'નામી' છે; પરંતુ લાઓ-ત્સે 'અનામી'ની વાત કરે છે. 'તાઓ તે ચિંગ'ના પહેલા જ અધ્યાયમાં કહેવાયું છે: **"વાણીથી કહી શકાય છે એ તાઓ યથાર્થ તાઓ નથી;"** કેમકે વાસ્તવિકતાઓ કેવળ અનુભૂતિગમ્ય છે. જે ગુણનો નામ દ્વારા નિર્દેશ કરી શકાય, એ એનું વાસ્તવિક લક્ષણ નથી. અર્થાત્ જે તાઓને શબ્દ દ્વારા કહી શકાય એ 'નિરપેક્ષ તાઓ' નથી. 'નામો' છે, પણ તે 'વસ્તુઓ' નથી.

"તાઓ ગૂઢ અને અનામી છે." "તાઓ સનાતન, અનામ, વણઘડ્યું, વણકોતર્યું લાકડું છે". અર્થાત્ એની મૌલિક સરલતાનાં કોઈ લક્ષણો નથી. એને ઘડતાં વેંત નામો ઉદય પામે છે.

['ધ વે ઑફ લાઈફ', લાઓ-ત્સે, મેન્ટર આવૃત્તિ, અધ્યાય ૩૨]

વસ્ત્રને વસ્ત્ર કહીએ છીએ એ રીતે તાઓને તાઓ કહેવાતું નથી. જ્યારે આપણે વસ્ત્ર કહીએ છીએ, ત્યારે આપણે સમજીએ છીએ કે તેનામાં અમુક લક્ષણો છે અને તેમને આધારે આપણે તેને 'વસ્ત્ર'ની સંજ્ઞા આપીએ છીએ. પણ સંજ્ઞા કે નામ આપી શકાય એવાં કોઈ લક્ષણો તાઓમાં હોતાં નથી. એટલે એમ કહેવાયું છે કે 'તાઓ' એવું નામ છે, જે નામ નથી. આ સૂત્રના સંદર્ભમાં આપણે એટલું કહી શકીએ કે **તાઓ બીજી વસ્તુઓના જેવી એક વસ્તુ નથી.**

તાઓ-પ્રણાલીમાં વ્યક્ત (Yu) અને અવ્યક્ત(Wu)માં તફાવત છે. વ્યક્તને નામ આપી શકાય છે, જ્યારે અવ્યક્તને નામ આપી શકાતું નથી. અને તેથી જ તે 'અનામી'–'નામાતીત' – છે.

હવે તાઓનું એક વિશેષ લક્ષણ જોઈએ. લાઓ-ત્સે કહે છે : "વ્યક્તમાંથી બધી વસ્તુઓ ઉદ્‌ભવે છે, અને વ્યક્ત અવ્યક્તમાંથી ઉદિત થાય છે.... આકાશ અને પૃથ્વી અને દસ હજાર વસ્તુઓ વ્યક્તમાંથી જન્મ્યાં છે; પરંતુ **આ વ્યક્ત અવ્યક્તમાંથી ઉત્પન્ન થયું છે."** (મેન્ટર–૪૦)

લાઓ-ત્સે ઉમેરે છે : "પૃથ્વી અને આકાશનું અસ્તિત્વ નહોતું તે પૂર્વે એક નિભૃત આદ્ય વસ્તુ-તત્ત્વ હતું. 'વ્યક્ત' તો એકમાત્ર છે, પરંતુ તેના આવિષ્કારો અગણ્ય છે."

૪૨મા અધ્યાય(મેન્ટર-)માં કહેવાયું છે તેમ, "તાઓથી '**एक**' ઉત્પન્ન થયું, '**एक**'માંથી '**बे**' (યિન અને યાંગ) અને '**बे**'માંથી '**त्रण**'ઉત્પન્ન થયાં. '**त्रण**'માંથી બીજાં બધાંની ઉત્પત્તિ થઈ."

અહીં '**एक**' કહેવામાં આવ્યું છે તે 'વ્યક્ત' છે. 'અવ્યક્ત'માંથી 'વ્યક્ત' પેદા થયું છે.

અવ્યક્ત અને વ્યક્ત બંને તાઓમાંથી પ્રસ્રવિત થાય છે. જો આ 'એક' રહસ્ય છે, તો તાઓ રહસ્યોનું રહસ્ય છે; બધાં ગુપ્ત રહસ્યોનું એ દ્વાર છે. આમ, જેનો મૂલાર્થ 'માર્ગ' થાય છે તે 'તાઓ'ને અહીં તાત્ત્વિક અર્થ અપાયો છે. વિશ્વનું સર્જન થયું, પણ એનું ઉપાદાન શું છે, તે શામાંથી ઉત્પન્ન થયું ? – એના જવાબમાં વિશ્વ-સર્જનના આદિમૂલ તરીકે સર્વવ્યાપી તાઓનો અહીં સ્વીકાર છે.

*તાઓને લીધે જ બધી વસ્તુઓ જેવી છે તેવી છે અને તેમનું સ્વયંસ્વરૂપ ધરાવે છે. બધા સિદ્ધાંતો તાઓ સાથે સહમતિ સાધે છે. તે પ્રશાંત અને શૂન્યવત્ છે, એકાકી અને અચર—કૂટસ્થ છે, તે સર્વવ્યાપી 'વિભુ' છે, અસીમ છે. તેને વિશ્વની જનની કહી શકાય.

"હું એનું વિશેષ નામ જાણતો નથી, પણ એને 'તાઓ' કહી પોકારું છું. જો એનો ગુણ-નિર્દેશ કરવા જતાં વિવશ થવું પડે, તો હું એને 'મહાન' કહું, બસ." (મેન્ટર–૨૫)

આવા આ તાઓ વિષેનું વિવરણ આ રીતનું છે : "એકમાત્ર તાઓનું એટલે કે 'અગ્રાહ્યતા' અને 'અચિંત્યતા'નું અનુસરણ એ જ મહાન ધર્મ છે. અગ્રાહ્ય, અચિંત્ય હોવા છતાં એમાં સાકારતા છે. અગ્રાહ્ય, અચિંત્ય હોવા છતાં એમાં વસ્તુમાત્ર છે. ગૂઢ – ગભીર હોવા છતાં એમાં સુસંબદ્ધ સાર-તત્ત્વ છે. અનાદિ કાળથી એનો સ્વભાવ અવિકૃત છે. સકલ વસ્તુઓમાં એમના આરંભથી તે અનુસ્યૂત છે. વસ્તુમાત્રના એ આદિ-કારણને હું કેવી રીતે જાણું છું? તાઓ થકી મને એનું જ્ઞાન થાય છે" (મેન્ટર–૨૧). આમ, તાઓ વેદાંતના નિર્ગુણ અને નિરાકાર છતાં સર્વસર્વા બ્રહ્મને મળતું આવે છે.

*

* તાઓ બધી વસ્તુઓની આદિ-સત્તા છે, તો તે (te) દરેક વસ્તુમાં અંતર્નિહિત રહેલી શક્તિ છે, અને દરેક વસ્તુની વસ્તુતામાં રહેલું મૂલસૂત્ર છે.

લાઓ-ત્સે કહે છે : "ભવ્ય પ્રભાવક શક્તિ(તે)નાં બાહ્ય આવિષ્કરણો કેવળ તાઓમાંથી જ પ્રગટે છે." તે એ તાઓનો આવાસ છે, તેથી તાઓ અને તે વચ્ચે કશો ભેદ નથી. તાઓમાંથી વ્યક્તિ-ગત વસ્તુઓએ જે ગ્રહ્યું છે એ તે છે. દરેક વસ્તુનું વિશેષ વસ્તુત્વ એ તેને આભારી છે. હા, "તાઓ વસ્તુઓને ઉત્પન્ન કરે છે, તે તેમને ઉછેરે છે." પરંતુ આ દરેક વ્યક્તિગત વસ્તુ તાઓમાંથી જે પ્રાપ્ત કરે છે તે તે છે; તેના થકી જ વસ્તુ તેનું લાક્ષણિક સ્વરૂપ ધારણ કરે છે. દરેક વસ્તુનું અનોખું સ્વરૂપ અને કલેવર રચાય છે તેની પાછળ તાઓ અને તે હોય છે.

## (૩) વિશ્વમીમાંસા (Cosmology)

જેમ વિશ્વનું સર્જન 'તાઓ'ને આભારી છે, તેમ ઉત્ક્રાંતિનું અધિકરણ (આશ્રયસ્થાન) પણ 'તાઓ' છે. 'તાઓ તે ચિંગ'માં ઉત્ક્રાંતિની પ્રક્રિયા સમજાવતાં કહેવાયું છે કે, "તાઓ एक મહાન આદિમતા(પ્રારંભ)ને સર્જે છે. પછી एकમાંથી બે થતાં મહાન સર્જક બળો 'યિન' અને 'યાંગ'નું સર્જન થાય છે. 'યિન' સ્ત્રૈણ, નકારાત્મક પરિબળ છે, જ્યારે 'યાંગ' પૌરુષમય, વિધાયક સત્તા છે. પરંતુ આ યિન અને યાંગ ઉપર કોઈ ચઢતા-ઊતરતા મૂલ્યનું આરોપણ થતું નથી. યિન કરતાં યાંગ વધારે સારો છે યા યાંગ કરતાં યિન વધારે સારી છે એમ કહ્યું નથી. યિન અને યાંગની પારસ્પરિક ક્રિયાથી ત્રણનું સર્જન થાય છે, અને ત્રણમાંથી અસંખ્ય વસ્તુઓનું નિર્માણ થાય છે. યિન અને યાંગના રહસ્યને નીચેના પ્રતીક દ્વારા સમજાવવામાં આવ્યું છે. આ યિન અને યાંગ વચ્ચે થતી ક્રિયા વૈશ્વિક પ્રક્રિયાઓ કેવી રીતે થાય છે એનો નિર્દેશ કરે છે. કુદરત અને માનવજીવનમાં બનતી દરેક ઘટનામાં આ બે મહા-સત્તાઓનું મિલન જોવા મળે છે. જ્યારે યિન અને યાંગ સુસંવાદિતામાં કામ કરે છે ત્યારે જીવન જેવું હોવું ઘટે તેવું હોય છે, અર્થાત્ જીવન યથાર્થ હોય છે.

યિન અને યાંગનો વર્તુળાકારનો સિદ્ધાંત ઘણી બધી વસ્તુઓને લાગુ પડે છે, મુખ્યત્વે દ્વંદ્વોને—પરસ્પર વિરોધી વિભાવનાઓને. આવાં યિન અને યાંગનાં પારસ્પરિક અવલંબન (support), અનુપૂરણ (supplementation) અને અનુક્રમણ (succession)ના પ્રતીકને બાહ-કુઆ (Bah-Kua) કહે છે.

વિકાસક્રમની આ પ્રક્રિયામાં 'આદિ' અને 'અંત' એકમેકમાં અંતર્ભૂત છે, કારણ કે જે વસ્તુ આરંભાતી નથી તેનો અંત શક્ય નથી, અને જો વસ્તુનો આરંભ થાય છે તો તે અંતને પહોંચ્યા સિવાય પૂર્ણ થતી નથી. અંત પૂર્વે આદિ આવે છે અને અંતે 'અંત' 'આદિ' પર છવાઈ જાય છે. દિવસ પછી રાત્રિ અને રાત્રિ પછી દિવસ આવે છે. તૃષ્ણા તૃપ્તિમાં પરિણમે છે—માત્ર બીજી તૃષ્ણાને ઉત્પન્ન કરવા માટે.

બીજો મુદ્દો એ છે કે વિકાસક્રમની પ્રક્રિયામાં જ્યાં ત્યાં આપણે દ્વંદ્વો જોઈએ છીએ. જન્મ સાથે મૃત્યુ, પ્રકાશ સાથે તિમિર, ઇષ્ટ સાથે અનિષ્ટ, રાગ સાથે દ્વેષ, સુખ સાથે દુ:ખ; આશા સાથે હતાશા, જય સાથે પરાજય અને સુંદર સાથે કુત્સિત આવે છે. પરસ્પર વિરોધી વિભાવનાઓ એકબીજાને ગૃહીત માની લે છે, કારણ કે તે બધું સાપેક્ષ છે. જેમ કે—

"જ્યારે સુંદરને સુંદર કહીએ છીએ ત્યારે કુરૂપતાની વ્યાખ્યા આપોઆપ થઈ જાય છે. જ્યારે સૌ કોઈ સારાને સારું કહે છે, ત્યારે બૂરાઈ આપોઆપ સ્પષ્ટ થઈ જાય છે; કારણ જેમ કઠિન અને સરળ, દૂર અને નિકટ, ઊંચું અને નીચું, (સંગીતમાં) તાર (ઊંચો સ્વર) અને મંદ (ધીમો, ગંભીર) તથા આગળ અને પાછળ, એકબીજાથી થાય છે; સ્વરો અને અવાજ એકબીજા સાથે મેળ સાધે છે, તેમ 'વ્યક્ત' અને 'અવ્યક્ત' એકબીજાને જન્મ આપે છે." (મેન્ટર—૨)

આમ, પરસ્પર વિરોધી સંકલ્પનાઓ, દ્વંદ્વો વિશ્વ-સંરચનામાં જોવા મળે છે. વસ્તુઓ પરિવર્તનશીલ અને પરિવર્તિત છે, છતાં જે નિયમો આ પરિવર્તનને નિયંત્રિત કરે છે તે અચલ છે.

આ નિયમોમાં એક મૂળભૂત નિયમ છે 'પ્રત્યાવર્તન'(reversion)નો. આ નિયમ દર્શાવે છે કે, જ્યારે કોઈ આંદોલન તેના અંતિમ બિંદુએ પહોંચે છે ત્યારે તત્કાલ તેના પ્રત્યાવર્તનનો પ્રારંભ થાય છે. "તાઓ અંતિમ બિંદુએ પહોંચ્યા પછી પાછો ફરે છે"—આવું સૂત્ર છે; એટલે કે દુર્ભાગ્ય સદ્ભાગ્યને ઉત્તેજિત કરે છે; સદ્ભાગ્ય દુર્ભાગ્યમાં પ્રચ્છન્ન છે. "સ્વાભાવિક સ્થિતિ છે જ નહિ," એમ કહેવાયું છે એનો અર્થ એ કે જે "સ્વાભાવિક છે તે પાછું વિકૃત બની જાય છે, અને જે શુભ છે તે પાછું અશુભ થઈ જાય છે." (તાઓ તે ચિંગ, અનુ.: નગીનદાસ પારેખ, ભાષાન્તર નિધિ, અ. ૫૮) અથવા "વંટોળ આખી સવાર ટકતો નથી. વૃષ્ટિતોફાન આખો દિવસ જારી રહેતું નથી." (ભા. નિ., અ. ૨૩) અથવા "વસ્તુને ઘટાડો ને તે વધશે; વસ્તુને વધારો અને તે ઘટશે". (ભા. નિ., અ. ૪૨)

આ સિદ્ધાંત માત્ર માનવજીવનમાં જ ક્રિયાશીલ છે એમ નથી; તે સકલ વિશ્વની ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં પણ સાકાર થતો હોય છે. જેમ કે "દૂર અને દૂર આગળ જવું એનો અર્થ એ કે વિરુદ્ધ દિશામાં પાછા ફરવું." (ભા. નિ., અ. ૨૫)

તેથી લાઓ-ત્સે કહે છે: "સંપત્તિ અને વૈભવ આવે છે; સાથે સાથે અભિમાન, અને પાછળ અનિષ્ટ અનિવાર્ય રૂપે આવવાનું જ અને એની પછી અધ:પતન અવશ્યંભાવી છે. જ્યારે કાર્ય પૂર્ણ થઈ જાય, અને તમને કીર્તિ પ્રાપ્ત થાય, ત્યારે અવિખ્યાતિમાં સરકી જવું એ સ્વર્ગીય રીત છે". (મેન્ટર—૯)

તાઓના પ્રત્યાવર્તનના નિયમને બીજી રીતે પણ મૂકી શકાય. લાઓ-ત્સે કુદરતના આ અવિચલ નિયમને 'મધ્યાવસ્થા' (change = normality) કહે છે. જો વિશ્વ કુદરતની મધ્યાવસ્થાને અનુરૂપ ન થાય, તો તે કામ કરતું અટકી જાય. તેથી લાઓ-ત્સેએ કહ્યું છે:

"મધ્યાવસ્થાને જાણવાથી માનવી સર્વગત થાય છે; સર્વગત થવાથી તેના અહમ્નું નિરસન થાય છે; અહમ્ના નિરસનથી તે શ્રેષ્ઠ બને છે; શ્રેષ્ઠ થવાથી તે દિવ્ય થાય છે; દિવ્ય થવાથી તે તાઓ સાથે તદાકાર થાય છે; અને તાઓ સાથે તદાકાર થવાથી તે શાશ્વત બને છે."

*વિકાસની પ્રક્રિયાનો પહેલો મુદ્દો 'આદિ-અંત'નો અને બીજો મુદ્દો 'દ્વંદ્વ'નો જોઈ ગયા. ત્રીજો મુદ્દો એ છે કે વિશ્વની સર્વ વસ્તુઓ સાહજિક, નૈસર્ગિક માર્ગે ગતિ કરે છે. આ સિદ્ધાંતને નૈષ્કર્મ્ય (Wu Wei) કહે છે. સૂર્ય પ્રકાશે છે, જલ વહે છે. એમ કરવું એ એમના સ્વભાવમાં છે. લતા, તરુ, વૃક્ષ ઊગે છે, એ સહજ છે.

આમ છતાં, વિશ્વના સંચાલનનું નિયમન કરનારી કોઈ સ્વતંત્ર પરમ સત્તાનો લાઓ-ત્સે ઇનકાર કરે છે. તેમના મતે, દરેક વસ્તુ સ્વ-ભાવ અનુસાર વર્તે છે. તેથી વિશ્વ નીતિ–નિરપેક્ષ (a-moral) છે. અચર સ્વયંસ્ફૂર્ત સાહજિકતા એ દરેક ઘટનાનું અંતર્ગત લક્ષણ છે, પછી એ ચંદ્રની કૌમુદી, જલની તરલતા કે વૃક્ષની વૃદ્ધિ હોય. સકલ વિશ્વ એક 'આત્મસ્ફૂર્તિ' છે અને તેથી તેને નૈતિક થવાની વાંછા નથી. વિશ્વ દરેક વસ્તુને તેના નૈસર્ગિક રાહે વર્તવા દે છે.

વસ્તુત: 'તાઓ' નિર્વૈયક્તિક (impersonal) છે. જોકે તેની સત્-તાને લીધે સર્વ વસ્તુઓ અસ્તિ-ત્વ ધરાવે છે, પણ તે સ્વયં નિરાકાર છે અને શૂન્યતા રૂપ છે. જ્યારે આપણે કહીએ છીએ કે તાઓ વિશ્વને પેદા કરે છે, ત્યારે આપણે એમ સમજવાનું કે 'તાઓના સાહજિક–સહજ ઉદ્ભવ'ના સિદ્ધાંત મુજબ, વિશ્વ સ્વયં સાહજિક રૂપે પોતાને સર્જે છે. અત: તાઓનો વ્યાપાર, તેનું સ્પંદન પણ, સ્વયંસ્ફૂર્ત સાહજિક હોય છે. નૈષ્કર્મ્યના સિદ્ધાંતનો આ પાયો છે.

લાઓ-ત્સે કહે છે: "નિતાંત રિક્ત બની જા. દૃઢતાપૂર્વક પ્રશાંત થઈ જા." આનો અર્થ એ છે કે પોતાના મૂલ્યસ્થાનમાં પર્યવસિત થવું એ શાંતિ છે. જે 'અપરિહાર્ય' છે, તેને સર્વથા અધીન થવું રહ્યું. એ અપરિહાર્યતાને અધીન હોવું એને અટલ નિયમ કહી શકાય. આ અટલ નિયમને જાણવો એ જ સંબોધિ. આ અટલ નિયમનો બોધ ન હોવો એ અજ્ઞાન, જે અનિષ્ટકારક છે.

"જે આ અટલ નિયમને જાણે છે તે સહિષ્ણુ છે; સહિષ્ણુ હોઈ તે પૂર્વગ્રહમુક્ત છે; પૂર્વગ્રહરહિત હોઈ તે 'રાજવી' છે; 'રાજવી' હોઈ તે દિવ્ય છે — નિસર્ગાનુગત છે; દિવ્ય હોવાથી તે તાઓ – સ્વરૂપ છે; તાઓ-સ્વરૂપ હોઈ તે શાશ્વત છે; જીવનના અંત સુધી તેને હાનિ પહોંચતી નથી". (મેન્ટર–૧૬)

લાઓ-ત્સે કહે છે તેમ, તેવી વ્યક્તિ જીવનભર વિજયી નીવડે છે. આને 'સંબોધિનું અનુશીલન' કહેવાય. તેથી "સંત પુરુષ કોઈના ઉપર કશું લાદ્યા વિના અત્યંત કુશળતાથી માણસોને સહજપણે સદૈવ સહાયભૂત થાય છે અને કોઈનો પણ તે ત્યાગ કરતો નથી". (મેન્ટર=૨૭)

## (૪) નીતિશાસ્ત્ર

આપણે જોયું કે "પ્રત્યાવર્તન એ તાઓની ગતિવિધિ છે." એમાંથી 'નૈષ્કર્મ્ય'નો સિદ્ધાંત ફલિત થયો છે, જે લાઓ-ત્સેની દૃષ્ટિએ, જીવનનો આદર્શ છે. 'નૈષ્કર્મ્ય'નો અર્થ 'આયાસરહિત આયાસ' એવો પણ છે. અર્થાત્ કાર્યમાં 'સાહજિકતા' અને 'નૈસર્ગિકતા' હોવી જોઈએ. નૈષ્કર્મ્યના સિદ્ધાંત અનુસાર માણસ માટે સહજ અને અનિવાર્ય હોય તે સાહજિક પ્રવૃત્તિ; એટલે કે પૂર્વ આયોજન–પ્રયોજન રહિત, સહજ કર્મ રૂપે પ્રાપ્ત થતી પ્રવૃત્તિ; કોઈ પણ કાર્યમાં અતિરેક વિનાની પ્રવૃત્તિ. નૈસર્ગિક પ્રવૃત્તિ એટલે તાઓની પ્રભાવક શકિત(તિ)ને અનુસરવું; કુદરતી સરળતાનો જીવનના સુકાની તરીકે સ્વીકાર કરવો.

પૂ (pu) એ તાઓવાદીનો અગત્યનો પ્રત્યય છે. પૂ એટલે નિર્વ્યાજ, સ્વાભાવિક સરળતા. તે વણ-ઘડેલા – વણકંડાર્યા લાકડાના રૂપક દ્વારા દર્શાવાયો છે. આ સ્વાભાવિક સરળતામાં 'નામો' નહિ હોય; એટલે કે 'ભેદો' નહિ હોય. વણકંડાર્યું લાકડું બધાં કામમાં વાપરી શકાય એવું હોય છે. તેમાં અસંખ્ય ઉપયોગિતાઓ સંભાવના રૂપે રહેલી હોય છે. એમાં કૃત્રિમતાનો છાંટો નથી.

તાઓ કરતાં કોઈ વસ્તુ અધિક સરળ નથી. તે પણ સરળમાં સરળ તત્ત્વ છે. આથી આ પ્રભાવક શક્તિના પંથે વિચરનારનું જીવન સારાનરસા ભેદથી પર છે. તેમાં નિરપેક્ષ દ્વંદ્વની કોઈ શક્યતા નથી. "જ્યારે લોક સારાને સારા તરીકે જાણે છે, ત્યારે બૂરાની વ્યાખ્યા આપોઆપ થઈ જાય છે." (મેન્ટર–૨)

* કન્ફ્યૂશિયસે 'માનવપ્રેમ' અને 'કર્તવ્યપાલન' પર ઝોક દીધો. લાઓ-ત્સેએ એ બંનેની ઉપેક્ષા કરી, કારણ કે એથી સદ્‌ગુણોના આચરણમાં કૃત્રિમતા પ્રવેશે છે. તેમાં 'પ્રયોજન'ની ગંધ છે, સાહજિકતા નથી–આવું આચરણ તાઓની વિકૃતિ ઇંગિત કરે છે. માટે લાઓ-ત્સે કહે છે :

* "આમ, એક વાર 'માર્ગ' (તાઓ) છોડયો, એટલે 'પ્રભાવ' પર જોર દેવું પડે છે; એક વાર પ્રભાવ છોડયો, એટલે 'માનવપ્રેમ' પર જોર દેવું પડે છે; એક વાર માનવપ્રેમ છોડયો એટલે 'ન્યાય' પર જોર દેવું પડે છે; એક વાર ન્યાય છોડયો, એટલે ક્રિયાકાંડ(li) અને અનુમત વર્તન પર જોર દેવું પડે છે.

"હવે, ક્રિયાકાંડને અનુમત વર્તન એ વફાદારી અને સાચી નિષ્ઠાનું પાતળું કોચલું છે, અને અવ્યવસ્થાની શરૂઆત છે." (ભા. નિ., અ. ૩૮)

મૂલ-પ્રકૃતિ (તે) લોકોએ ગુમાવી છે, કારણ કે તેમનામાં તૃષ્ણાની અતિશયતા છે. એષણાઓની પૂર્તિ માટે લોકો આમતેમ ભટકે છે. પણ જ્યારે તેઓ હદ બહારની ઇચ્છાઓને સંતોષવા આયાસ કરે છે ત્યારે તેમને તેનાથી વિપરીત ફળ મળે છે. બધાં જ ઇન્દ્રિયજન્ય સુખો અતિરેકથી દુઃખમાં પરિણમે છે, એટલે સમજદાર માણસ આત્માની ચિંતા કરે છે, ઇન્દ્રિય–વિષયોની નહિ.

લાઓ-ત્સે કહે છે : "પાંચ રંગો માણસની આંખને આંધળી બનાવે છે." (ભા. નિ., અ. ૧૨) અતઃ લાઓ-ત્સે વાસનામુક્તિનો બોધ આપે છે : "વિષય-વાસનામાં રમમાણ રહેવું એના કરતાં વધારે કોઈ પાપ નથી. અસંતોષથી અધિક કોઈ આપત્તિ નથી; લોભની લોલુપતા જેવો બીજો કોઈ દોષ નથી; કારણ કે, સંતોષ–સૌખ્ય જ કાયમી લાભપ્રદ છે." (મેન્ટર–૪૬)

લાઓ-ત્સે ઉદ્‌બોધે છે કે, મનુષ્યને ઓછામાં ઓછી ઇચ્છાઓ હોવી જોઈએ. તે એવું પણ માને છે કે, લોકો પાસે 'અલ્પ જ્ઞાન' હોવું જોઈએ. જ્ઞાન પણ તૃષ્ણાનો એક વિષય છે. તૃષ્ણાના વિષયો વિષે લોકો જ્ઞાન દ્વારા જાણે છે, અને એ વિષયોના સર્જન માટે જ્ઞાન જ ક્રિયાન્વિત થાય છે. પરિતૃપ્ત કેમ થવું અને ક્યાં મર્યાદા બાંધવી એ બહુ જ્ઞાની માણસ જાણી શકતો નથી. તેથી તત્ત્વવેત્તા લાઓ-ત્સે કહે છે : "જ્યારે જ્ઞાન (બહુ જ્ઞાન) અને ચાતુર્ય (અતિ ચાતુર્ય) ઉદય પામે છે, ત્યારે 'મહા કૃત્રિમતા'નો આરંભ થાય છે." (મેન્ટર–૧૮)

અગાઉ આપણે 'યિન' અને 'યાંગ'ના દ્વંદ્વનો ઉલ્લેખ પારસ્પરિક અવલંબન, અનુપૂરણ તથા અનુક્રમણના સંદર્ભમાં કર્યો હતો. એ વિચાર બીજી રીતે પણ ચિંત્ય છે. તાઓમાં સારા અને બૂરાની પર ચાલ્યા જવાનું હોય છે.

જ્યારે આપણે કોઈ વ્યક્તિ કે પદાર્થને એ જેવાં છે તેવાં જોઈએ છીએ ત્યારે તે 'સારાં' કે 'બૂરાં' હોતાં નથી. કોઈ વસ્તુને તેના મૌલિક સ્વરૂપે જોઈએ તો કશું સારું નથી, કશું બૂરું નથી; કશું લાંબું કે ટૂંકું નથી, કશું આત્મલક્ષી કે કશું વસ્તુલક્ષી નથી. અંધકાર એટલે પ્રકાશની અંતિમતા, પ્રકાશ એટલે અંધકારની અંતિમતા. કોઈ નિર્ભેળ અંધકાર કે પ્રકાશ હોતા નથી. કોઈ વસ્તુને તમે સંપૂર્ણતઃ સારી નહિ કહી શકો, તેમ જ કોઈ વસ્તુને તમે સંપૂર્ણતઃ ખરાબ નહિ કહી શકો. **દરેક દ્વંદ્વ અપૂર્ણ છે. તેને પૂર્ણ કરવા માટે વિરોધી દ્વંદ્વની જરૂર છે.** તથતા (જે-છે-તે-પણું) **દ્વંદ્વથી પર છે.** જીવન અને

મરણ, ઇષ્ટ અને અનિષ્ટ, સુખ અને દુઃખ, લાભ અને હાનિ, રાગ અને દ્વેષ એ અવિભાજ્ય દ્વંદ્વોનું સત્ય છે, જે 'વચ્ચે' છે તે શબ્દાતીત છે.

આમ, તાઓનું ચિંતન 'સાપેક્ષતા'ને અતિક્રમી 'અદ્વૈત'નું બની રહે છે.

## (૫) આદર્શ જીવન

આગળ ઉપર આપણે ઉલ્લેખ કરી ગયા તે મુજબ લાઓ-ત્સેએ કન્ફ્યૂશિયસ પુરસ્કૃત માનવપ્રેમ અને કર્તવ્યપાલનના સદ્‌ગુણોની ઉપેક્ષા કરી છે. તેમના મતે આ સદ્‌ગુણો સ્વયંભૂ નથી; તે પૂર્વનિયોજિત, મનોનિર્મિત, બુદ્ધિપુરસ્સર યોજનાબદ્ધ હોવાથી મનુષ્ય તાઓ અને તેથી વિભક્ત થાય છે.

'તાઓ તે ચિંગ' ગ્રંથમાં સૂચવાયું છે કે, "સંત પુરુષ કશા પર વધુ પડતો ભાર દેતો નથી; ઉડાઉપણાને ટાળે છે, અતિને વર્જે છે." (ભા. નિ., અ. ૨૯). સંત જાણે છે કે જ્યારે વસ્તુઓ તેમના અંતિમ સુધી પહોંચે છે ત્યારે તેમનું પ્રત્યાવર્તન થાય છે. આથી અતિશયતા–અતિરેક–અંતિમતા વર્જ્ય છે. લાઓ-ત્સે કહે છે: "ઠાંસીને કરવા કરતાં અટકવું સારું." તે દાખલો આપી સમજાવે છે કે "તલવારને પાણી ચઢાવવામાં તમે એની ધારને નાણી જોઈ શકો, પણ એની એ તીક્ષ્ણતાની લાંબા સમય માટે ખાતરી ન આપી શકો. (અતિ મૂલ્યવાન) કાંસા અને રત્નથી ભરેલા ઓરડાને કોઈ નહિ સાચવી શકે. કેમકે સંપત્તિ અને માનથી અભિમાન પેદા થાય છે; એની પાછળ અનિષ્ટ આવવાનું જ. બલ્કે, (કશામાં ડૂબી ન જતાં) કામ પૂરું થતાં પોતાની જાતને ખેંચી લેવી, એ સ્વર્ગનો માર્ગ છે." (ભા. નિ., અ. ૯)

પુનઃ લાઓ-ત્સે કહે છે : "જે આ તાઓનું અનુસરણ કરે છે, તેને પુનઃ કોઈ ક્ષતિપૂર્તિની આવશ્યકતા પડતી નથી. કારણ કે તે લોભી નથી." (મેન્ટર—૧૫)

*

નૈષ્કર્મ્ય(વુ વેઈ)એ તાઓ—સાક્ષાત્કારનો માર્ગ છે. 'વુ વેઈ'નો શબ્દાર્થ નૈષ્કર્મ્ય, અકર્મ, કંઈ ન કરવું તેવો થાય છે. પરંતુ "ધ રિલિજિયન ઑફ મૅન" ગ્રંથમાં (પૃ. ૧૮૯ ઉપર) પશ્ચિમી વિદ્વાન હસ્ટન સ્મિથ એનો અર્થ 'સર્જનાત્મક નિસ્તબ્ધતા' (creative quietude) કરે છે. 'ધ વિઝ્‌ડમ ઑફ ચાઈના' ગ્રંથમાં (પૃ. ૨૪ ઉપર) લિન યુતાંગ (Lin Yutang) એનો અર્થ 'બિન દરમ્યાનગીરી'—નિર્હસ્તક્ષેપ (non-interference) કરે છે. 'હિસ્ટરી ઑફ ચાઈનીઝ ફિલૉસોફી' ગ્રંથમાં ફુન્ગ યુ–લાન (Fung Yu-Lan) એનો અર્થ 'કાર્યમાં અતિરેક ન કરવો' (not over doing) એવો કરે છે.

લાઓ-ત્સે કહે છે : "વિદ્યાનો અભ્યાસ કરો તો રોજ રોજ વધારો થાય છે. માર્ગનો અભ્યાસ કરો તો રોજ રોજ ઘટાડો થાય છે. ઘટાડો થતાં આખરે અકર્મને પહોંચાય છે. અકર્મને માટે કશું અસાધ્ય નથી." (ભા. નિ., અ. ૪૮)

*નૈષ્કર્મ્યનું તાત્પર્ય એ છે કે, કુદરતના ક્રમને અનુસરી, તેની ગતિરીતિ પ્રમાણે વર્તવું. વિશ્વ સાથે સંવાદ સાધીને નૈસર્ગિક, સ્વયંસ્ફૂર્ત જીવનસરણી અપનાવીને જીવવું. જ્યારે આપણા વ્યક્તિગત અહમનું અને બુદ્ધિપુરઃસરના પ્રયાસનું શમન થાય છે, ત્યારે આપણું કાર્ય સર્વોત્કૃષ્ટ, તરલ અને સ્વતંત્ર બને છે.

"જીવન જેમ વહે છે તેમ જેઓ વહે છે તેમને બીજા કોઈ બાહ્ય બળની જરૂર રહેતી નથી. તેમને ઘસારો લાગતો નથી, તેમનામાં ફાટ પડતી નથી, તેમને નવીનીકરણ કે દુરસ્તીની જરૂર રહેતી નથી.

"જે માનવી જળના ગુણને ગ્રહણ કરે છે તે પ્રયત્ન કર્યા સિવાય પ્રયત્ન કરે છે. તેના કાર્યમાં તનાવનો અભાવ હોય છે. જળને વહેવામાં આયાસ કરવો પડતો નથી. પૃથ્વી પર પાણી સમાન સૌમ્ય અને નમ્ર બીજું કશું નથી. કિંતુ કઠોર વસ્તુને ઘસી નાખવામાં પાણી જેવું બીજું કોઈ નથી." (મેન્ટર-૪૩)

*

લાઓ-ત્સેએ નૈષ્કર્મ્યના સિદ્ધાંત ઉપરાંત અવકાશનો સિદ્ધાંત પણ શીખવ્યો છે. એમણે પૈડાંની ધરી અને આરા વચ્ચેનો અવકાશ તથા મૃત્તિકા પાત્રમાં રહેલું પોલાણ અને ઘરની ચાર દીવાલો વચ્ચેની ખાલી જગ્યાનાં દૃષ્ટાંત આપીને અવકાશની ઉપયોગિતા સમજાવી છે. બળ વાપર્યા સિવાય, તનાવમુક્ત રહીને જીવન અને નિસર્ગની ખાલી જગ્યાઓ શોધવાની છે, અને એમાં વિચરવાનું છે.

એક ખાટકીની કથા છે : વીસ વર્ષો સુધી વાપરવા છતાં તેનો છરો બુઠ્ઠો થયો નહોતો. એનું રહસ્ય શું હતું? ખાટકી કહે છે : "દરેક સાંધાના અસ્થિની વચ્ચે થોડી ખાલી જગ્યા હોય છે જ, નહિતર હલનચલન થઈ શકે નહિ. આ ખાલી જગ્યા શોધીને તેમાં છરાને ફેરવીને, અસ્થિનો સ્પર્શ કર્યા સિવાય અસ્થિને હું છૂટાં કરું છું.

"આમ, જે છે તેના કરતાં જે નથી તેની ઉપયોગિતા અને મહત્તા અધિકતર છે."

લાઓ-ત્સેના દૃષ્ટિકોણથી માનવી મૂલતઃ સુખી છે, પરંતુ પોતાના ભાગ્ય પર વિજય મેળવવાનો પ્રયાસ કરવાથી તે દુઃખી થાય છે; કારણ કે એમ કરતાં તે સ્વયંસ્ફૂર્તિની નૈસર્ગિક ધારાને અવરોધે છે.

લાઓ-ત્સેના દૃષ્ટિકોણ મુજબ આદર્શ માનવ-જીવન કેવું હોવું જોઈએ? લાઓ-ત્સે કહે છે : **"સ્વાભાવિક સરલતા પ્રગટ કરો અને અકૃત્રિમતાને વળગી રહો; સ્વાર્થ ઓછો કરો અને લોભને ઘટાડો."** (ભા. નિ., અ. ૧૯) આ રાહે ચાલનારા પ્રાચીનોનાં મન ખુલ્લી ઘાટીઓ જેવાં વિશાળ અને ઊંડાં હતાં; તેઓ નિષ્પક્ષ અને સહિષ્ણુ હતા. તેમણે માનવનિર્મિત પ્રણાલીઓ અને પરિપાટીઓ તથા સંસ્થાઓ સામે બગાવત કરી; અને પ્રકૃતિવાદના વિચારોથી તેઓ રંગાયા.

* લાઓ-ત્સેના મંતવ્ય અનુસાર, માત્ર જ્ઞાનસંચય નિરુપયોગી છે, માત્ર કર્મ છીછરું છે, અને તૃષ્ણા હાનિકર છે, કીર્તિ અને કાંચન તુચ્છ છે. આ બધા વિષયો માનવીની કૃત્રિમ પસંદગીના છે. એ એની નૈસર્ગિક માગ નથી.

સાહજિક જીવન કેવું હોય એ સમજવા લાઓ-ત્સે બાળકનો દાખલો આપે છે. બાળકો દુન્યવી એષણાઓથી મુક્ત હોઈ નિર્મળ, પ્રાંજલ હોય છે અને તેઓ મોટેરાં કરતાં તાઓની અધિકતર નજીક હોય છે. માટે એષણાઓનો સંક્ષેપ કરો, દુર્લભ વસ્તુઓને કીમતી ન ગણો, લોભ ઘટાડો અને પંડિતાઈને ફગાવી દો.

## (૬) રાજનીતિદર્શન

તાઓવાદીઓ અને કન્ફ્યૂશિયસવાદીઓ બંને એ બાબતમાં સંમત છે કે 'આદર્શ રાજ્ય એ છે કે જેના વડા સંતપુરુષ હોય.' માત્ર 'સંત' જ રાજ્ય કરી શકે, અને તેણે જ રાજ્ય કરવું જોઈએ.

કન્ફ્યૂશિયસ માને છે કે, જ્યારે 'સંત' રાજ્યકર્તા બને છે ત્યારે તેણે લોકો માટે ઘણી વસ્તુઓ કરવી જોઈએ; પણ તાઓવાદીઓના મંતવ્ય પ્રમાણે, 'સંત-રાજવી'ની ફરજ અમુક અમુક વસ્તુ ફરજિયાત

કરવાની નથી, તે કર્યું ન-કર્યું સમજે, કે બિલકુલ કશું ન કરે; કેમ કે ઘણી બધી વસ્તુઓ 'થઈ નથી' તે કારણે નહિ, પણ 'વધારે પડતી થઈ છે' તેથી જગતનાં દુઃખ વધ્યાં છે.

"—સામ્રાજ્યમાં જેમ નિષેધો અને પ્રતિબંધો વધારે, તેમ લોકો વધારે ગરીબ હોવાના.

"—લોકો પાસે ઓજારો જેમ વધારે, તેમ રાજ્યમાં અને વંશમાં અંધાધૂંધી વધારે.

"—જેમ 'કુશળ' કારીગરો વધારે, તેમ 'વિકૃત' સાધનો વધારે પેદા થવાનાં.

"—જેમ કાયદા અને ફરમાનો વધારે, તેમ ચોરો અને લુટારુઓ વધારે.

"આથી, એક સંત પુરુષે (સંત રાજવીએ) કહ્યું છે : 'જો હું કશું જ ન કરું, તો લોકો પોતાની મેળે જ બદલાઈ જશે'." (ભા. નિ., અ. ૫૭)

કાયદાઓ, નિયમો, ક્રિયાકાંડો-વિધિઓ અને નૈતિક સંહિતાઓ સુધ્ધાંને લાઓ-ત્સે 'શાપિત' માને છે. તો શું લાઓ-ત્સે સમૂળી અરાજકતા ઉપદેશે છે? ના. તેમના મતે—**રાજતંત્રનો એકમાત્ર સિદ્ધાંત એ છે કે ઓછામાં ઓછા કાયદા અને નિયમોથી રાજ્ય ચલાવવું.** "આથી રાજવહીવટ ચલાવવામાં સંત પુરુષ લોકોનાં 'હૃદયો(મન)'ને ખાલી રાખે છે, અને તેમનાં 'પેટ' ભરે છે. તેમના 'સંકલ્પો'ને નિર્બળ બનાવે છે અને તેમનાં 'હાડ'ને મજબૂત બનાવે છે; જેથી લોકો 'જ્ઞાન' વગરના અને લોભ વગરના જ રહે, અને જેમને જ્ઞાન હોય તેઓ પ્રવૃત્તિ જ ન કરે. તે 'નૈષ્કર્મ્ય'ને અવલંબે છે અને પરિણામે કશું જ એવું નથી રહેતું જે સુવ્યવસ્થિત ન હોય." (ભા. નિ., અ. ૩)

### લાઓ-ત્સેનું આદર્શ રાજ્ય

**— ટૂંકમાં, લાઓ-ત્સેનું આવું એક કાલ્પનિક આદર્શ રાજ્ય છે :**

"નાનો દેશ હોય, વસ્તી ઓછી હોય, દસ કે સો માણસનું કામ કરી શકે એવાં ઓજારો હોય, પણ (લોકો) તે વાપરવા જ તૈયાર ન હોય!

"લોકો મરણને ગંભીર ગણતા હોય, અને દૂરના પ્રદેશોમાં ખસી જવાને રાજી ન હોય!

હોડીઓ હોય, ગાડાં હોય, પણ તેમાં ભરવાનું કંઈ ન હોય, બખતર અને શસ્ત્રો હોય, પણ તે ધારણ કરીને કવાયત કરવાનો પ્રસંગ જ ન હોય!

"લોકો પાછા દોરડીની ગાંઠ વાળવા તૈયાર હોય, પોતાનો આહાર માણતા હોય, પોતાનાં વસ્ત્રો વખાણતા હોય, પોતાના ઘરમાં આરામથી રહેતા હોય, અને પોતાનાં રીતરિવાજોમાં આનંદ લેતા હોય!

"પડોશનો દેશ નજરે દેખાતો હોય, એકબીજાના કૂતરા અને કૂકડા ભસતા અને બોલતા સંભળાતા હોય, છતાં બંને દેશના વતનીઓ ઘરડા થઈને મરી જાય ત્યાં સુધી એકબીજાને મળતા ન હોય!"

[તાઓ તે ચિંગ : અનુ. નગીનદાસ પારેખ, ભાષાન્તર નિધિ, ભાવનગર; અ. ૮૦]

નૈષ્કર્મ્ય ભાવથી રાજવહીવટ ચલાવનાર સંત કશું જ કરતો નથી, છતાં દરેક વસ્તુ સિદ્ધ થાય છે. આ સંદર્ભમાં સંત પુરુષ ઉમેરે છે કે, "જો હું શાંતિને ચાહું, તો લોકો પોતાની મેળે સુધરી જશે. જો હું નૈષ્કર્મ્યને સેવું, તો લોકો પોતાની મેળે શ્રીમંત થઈ જશે. જો હું વાસનાહીન થઈ જાઉં, તો લોકો પોતાની મેળે સાદા થઈ જશે." (ભા. નિ., અ. ૫૭)

લાઓ-ત્સેને પ્રતીતિ છે કે, "તાઓ પોતાની જગ્યાએ અચલ રહે છે, છતાં પણ એવી કોઈ વાત નથી કે જે એના દ્વારા ન થતી હોય. જો કોઈ રાજા તાઓ-યુક્ત થઈ જશે, તો સારી ચીજો આપમેળે અભીષ્ટ રૂપ ધારણ કરી લેશે." (મેન્ટર—૩૭)

આનું રહસ્ય એ છે કે, તાઓ લોકોને તેઓ સ્વત: જે વસ્તુ કરી શકે તે કરવા દે છે. રાજકર્તાએ તાઓના તત્ત્વને અનુરૂપ પોતાની જાતનું નિર્માણ કરવું જોઈએ.

●

## ઉચ્ચતર માનવી

ઉચ્ચતર માનવી તે છે કે જે બોલતાં પહેલાં આચરે છે અને પછી પોતે જે કર્યું હોય તે જ બીજાને કરવાનો ઉપદેશ આપે છે. તે સાહિત્યાદિ સંસ્કાર અર્પનારી વિદ્યાશાખાઓમાંથી વિશાળ જ્ઞાન એકઠું કર્યા પછી વર્તનના આંતરનિયામક તત્ત્વ વડે પોતાના સમગ્ર જ્ઞાનને સુવ્યવસ્થિત કરે છે અને એ પ્રમાણે મર્યાદાનું ઉલ્લંઘન થવાનો સંભવ ટાળે છે.

તે કર્તવ્યની ભાવનાને પોતાના ચારિત્ર્યઘડતરના પાયા રૂપ બનાવે છે, તેની સાથે જીવન પ્રવૃત્તિના પ્રસંગોમાં સુમેળ સાધી શકાય એવી પ્રમાણબુદ્ધિને ભેળવે છે, નિ:સ્વાર્થતાના વ્યવહાર વડે એ કર્તવ્યભાવનાને પ્રકટ કરે છે અને સાચદિલી તથા સાચાબોલાપણા વડે એ ભાવનાને પરિપૂર્ણતાએ પહોંચાડે છે – અને ત્યારે જ ખરેખર એ ઉમદા ચારિત્ર્યવાળો કહેવાય. તે શાંત અને સ્વસ્થ હોય છે.

તેની દિલસોજી વિવિધ ક્ષેત્રો ઉપર ફરી વળે એટલી વિશાળ હોય છે. પક્ષાપક્ષીના પૂર્વગ્રહમાંથી તે વિમુક્ત રહે છે.તે પોતાને જે કંઈ જોઈતું હોય તેને પોતાના અંતરમાં શોધે છે.

તે મક્કમ હોય છે પણ તકરારી નથી હોતો; મળતાવડો હોય છે, પણ વાડાબંધીમાં માનનારો નથી હોતો. તે છેતરાય ખરો, પણ તેથી એને કંઈ બેવકૂફ બનાવાય નહિ. તે ગંભીર હોય, પણ તેથી ગંભીર દેખાતા બધા માનવીઓ ઉચ્ચતર માનવી ન હોય. તે નાની નાની જવાબદારીઓ ઉઠાવવામાં વિખ્યાતિ ન મેળવી શકે તોપણ મોટી મોટી જવાબદારીઓ એ ઉપાડી શકે.

જ્યારે સંગીનતત્ત્વ શોભાતત્ત્વથી ઘણું વધારે હોય ત્યારે ગ્રામ્યતા આવે છે; જ્યારે શોભાતત્ત્વ સંગીનતત્ત્વથી ઘણું વધારે હોય ત્યારે ઉપરછલ્લી ચબરાકી આવે છે. જ્યાં ઉભય તત્ત્વનો સુમેળ સધાતો હોય ત્યાં જ તેનો (ઉચ્ચતર માનવીનો) આવિષ્કાર શક્ય બને છે. તે (ઉચ્ચતર માનવી) બીજાઓના અવગુણોની જેઓ ઉદ્‌ઘોષણા કરે છે તેમને ધિક્કારે છે; જે નીચી પદવીના માણસો પોતાનાથી ઊંચી પદવી ધરાવનારાઓને હલકા પાડીને તેઓની નિન્દા કરે છે તેમને ધિક્કારે છે; જેમનામાં બહાદુરીની સાથે સાથે આત્મસંયમનો ગુણ નથી તેમને ધિક્કારે છે; પોતાનામાં નીડરતા હોવા છતાં જેઓ સાંકડાં મન રાખે છે તેમને ધિક્કારે છે.

ઉચ્ચતર માનવી થવાને માટે વિવિધ કળાઓમાં પ્રવીણ થવા જેવી ઘણા પ્રકારની પ્રવીણતાની જરૂર છે જ નહિ.તે કોઈ ખાસ ઉપયોગને માટે નિર્માયેલા પાત્ર જેવો નથી હોતો, એટલે કે કાર્યક્ષેત્ર મર્યાદિત નથી હોતું, એની વિચારણા એક જ માર્ગની નથી હોતી; એનું નીતિબળ સાંકડું કે મર્યાદિત નથી હોતું. તે ઊગતી જુવાનીમાં જ્યારે લોહી ઊછળતું હોય છે ત્યારે કામવાસનાથી સાવચેત રહે છે; પ્રૌઢ વયમાં, જ્યારે શરીરનો બાંધો મજબૂત અને જોરદાર હોય છે ત્યારે લડાયક-પણાથી સાવચેત રહે છે; વૃદ્ધાવસ્થામાં જ્યારે જીવનશક્તિ ઓસરવા માંડી હોય છે ત્યારે નફો મેળવવાના લોભથી સાવચેત રહે છે.

# ૧૦ : કન્ફ્યૂશિયસ [ઈ. પૂ. ૫૫૧–૪૭૯]

## (૧) પરિચય

"પંદર વર્ષની ઉંમરે મેં સત્યપથ પર હૃદય(ચિત્ત)ને સ્થિર કર્યું. ત્રીસ વર્ષની વયે હું સત્યપથ પર સ્થિર થયો, અર્થાત્ 'સમ્યક્-આચાર' કરતો થયો. ચાળીસ વર્ષની ઉંમરે હું નિ:શંક થયો, અર્થાત્ 'પ્રજ્ઞ પુરુષ' બન્યો. પચાસ વર્ષની વયે હું પ્રભુના 'નિયમો' સમજતો થયો; સાઠ વર્ષની વયે અધિ-નૈતિક મૂલ્યોનો મેં સાક્ષાત્કાર કર્યો, અને સિત્તોર વર્ષની વયે 'મધ્યમ માર્ગ'ને ઉલંઘ્યા વિના મારા અંત:કરણની પ્રેરણાને અનુસરવાનું સામર્થ્ય મારામાં આવ્યું. (જેથી જે જે કાર્ય થતું તે સહજ રીતે કુશલ થતું.)" ['કન્ફ્યૂશિયસનાં બોધવચનો', અનુ. મોહનલાલ દવે, પ્ર. સાહિત્ય અકાદમી, પૃ. ૬૩]

ગ્રીક પ્રજાને જાગ્રત કરવા દૈવી સત્તાએ તેને નિયુક્ત કર્યો છે એવી સૉક્રેટિસને પ્રતીતિ થઈ હતી. કંઈક આવી જ પ્રતીતિ કન્ફ્યૂશિયસને થઈ હતી. કોઈ વાર તેઓ સત્તાવાચક વાણીમાં કહેતા કે, "પરમાત્માએ મને આ દુનિયામાં સુધારો કરવા મોકલ્યો છે."

ચીની સંસ્કૃતિની આદિથી અદ્યતન પરંપરા સાથે જો કોઈ એક નામ જોડાયેલું હોય તો તે કન્ફ્યૂશિયસનું છે. ચીનાઓ તેમને 'ચીનના પ્રથમ સંત' કહે છે.

કન્ફ્યૂશિયસ ઈ. પૂ. ૫૫૧માં લુ (Lu) રાજ્યમાં જન્મ્યા હતા. તેમના પૂર્વજો પ્રાચીન શાંગ (Shang) વંશના હતા. તેમના પિતા શુહ–લિયાન્ગ હેઈહ (Shuh-liang Heih) સાહસિક, હિંમતવાન અને સશક્ત સૈનિક હતા. તે નવ સંતાનોના પિતા થયા હતા, પણ એ બધી છોકરીઓ હતી. જ્યારે તેમની ઉંમર સિત્તોર વર્ષની થઈ ત્યારે તેમને યેન (Yen) કુટુંબની એક કુમારિકાથી પુત્ર થયો, જેનું નામ ચિઉ (Chiu) પાડવામાં આવ્યું. તે જ કન્ફ્યૂશિયસ. કન્ફ્યૂશિયસ ત્રણ વર્ષના થયા તે પહેલાં તેમના પિતાનું અવસાન થયું. તેથી તેમના ઉછેરનો ભાર તેમની અદ્ભુત પણ કંગાલ માતાના શિરે આવી પડયો. રથ હાંકવાની કલા, ધનુર્વિદ્યા, ઈતિહાસ, કાવ્ય, સંગીત અને કર્મકાંડનું શિક્ષણ કન્ફ્યૂશિયસને મળે એ માટે માતાએ પ્રબંધ કર્યો. પરંતુ કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોવાથી કન્ફ્યૂશિયસને આરંભમાં ઘરગથ્થુ નોકરનું કામ કરવું પડયુ. શિશુકાળનાં વર્ષોની હાડમારી અને ગરીબાઈમાં તે જીવ્યા; આમવર્ગના સંબંધમાં આવ્યા; અને તેમના સમગ્ર તત્ત્વચિંતન પર લોકશાહી વિચારસરણીનો પ્રભાવ પડયો.

ઓગણીસ વર્ષની વયે તેમનું લગ્ન થયું. તેમને પુત્ર થયો; એનું નાન લે (Le) પાડવામાં આવ્યું. છેવટે લગ્ન-વિચ્છેદ પણ થયો. તેમને અન્નકોઠારના રક્ષકની જગ્યા આપવામાં આવી. પાછળથી તેમણે પોતાના શિષ્યોને કહ્યું હતું : "મારી સ્થિતિ સારી ન હોઈને નાનાવિધ કામો જાતે કરવાનું કૌશલ મેં પ્રાપ્ત કર્યું."

તેઓ ત્રેવીસ વરસની વયના હતા ત્યારે માતાનું મૃત્યુ થતાં ત્રણ વર્ષ શોક પાળવા તેમણે ક્ષેત્રાધીશની નોકરી છોડી દીધી. આ સમયગાળા દરમ્યાન તેમણે ભોગવિલાસનો ત્યાગ કર્યો, અને તેઓ ચીની પ્રજાનાં ઈતિહાસ, કવિતા અને તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં ગરકાવ થઈ ગયા.

આ અરસામાં લુનો ઉમરાવ તેમનો મિત્ર બન્યો, અને તેમની કીર્તિનો ફેલાવો કરવામાં તેણે ભાગ ભજવ્યો. ઉમરાવ સાથેના તેમના સંબંધ દરમ્યાન કન્ફ્યૂશિયસે ખેડેલા પ્રવાસોને અંતે સમજાયું હતું કે,

"વસ્તુઓનાં રૂપો જેમ અરીસામાં પ્રતિબિંબિત થાય છે તેમ સાંપ્રત કાળને સમજવા માટે પૌરાણિક કાળનું અન્વેષણ કરવું જોઈએ." (શિહ ચી, ખંડ ૬૩, ઉપખંડ ૩)

આ દરમિયાન કન્ફ્યૂશિયસે વિખ્યાત સંગીતકાર ચાંગ હુંગ (Chang Hung) પાસે રહીને ધર્મ-વિધિઓ અને સંગીતનો અભ્યાસ પણ કર્યો.

> કન્ફ્યૂશિયસ લાઓ-ત્સે માટે કહે છે: "જ્યારે તેઓ બોલે છે ત્યારે પૌરાણિક વસ્તુઓની તેઓ પ્રશંસા કરે છે. તેઓ વિનમ્રતા અને સૌજન્યની કેડી પર ચાલે છે. દરેક વિષયનું તેમને જ્ઞાન છે, અને તેમની સ્મૃતિ તેજ છે. વસ્તુઓનું તેમનું જ્ઞાન અગાધ છે. તેમનામાં શું સંત (સંત-રાજા) થવાની સંભાવના નથી?"
>
> [લિઉ-વુ-ચિ (Liu-Wu-Chi) કન્ફ્યૂશિયસ, એમનું જીવન અને સમય, પૃ. ૪૯]

કન્ફ્યૂશિયસ લાંબા પ્રવાસો બાદ લુમાં પાછા ફર્યા, એ પછી ઘણી મોટી સંખ્યામાં શિષ્યો તેમની પાસે શિક્ષણ લેવા આવતા હતા.

આ પછી, તેમની ૩૫ વર્ષની વયે લુમાં અંધાધૂંધી વ્યાપી હોવાથી કન્ફ્યૂશિયસ ચી (Chi) ગયા, અને ત્યાં ઉમરાવ ચાઓ-કાઓ (Chao-Kao)ના સચિવ તરીકે તેમણે કામગીરી બજાવી. દરમ્યાન તેઓ સંગીત અને નૃત્યસંગીત તરફ અનહદ આકર્ષાયા હતા.

ચીમાં તેમની કીર્તિ વધતાં તેમની વિરુદ્ધ કાવતરાં શરૂ થયાં, તેથી કન્ફ્યૂશિયસ ફરીથી લુમાં પાછા આવ્યા. હવે, રાજની ભાંજગડમાં ન પડતાં તેઓ અધ્યયન તથા પ્રશિષ્ટ ગ્રંથોના સંસ્કરણ કાર્યમાં પરોવાઈ ગયા. તેમનો શિષ્ય-સમુદાય હવે વધી ગયો. ચીનના દૂરદૂરના ભૂમિખંડો ઉપરથી લાંબી મજલ ખેડીને પણ ઘણા યુવાનો તેમની પાસે આવતા હતા.

૫૩ વર્ષની વયે તેમને ચુંગ-તુ (Chung-tu) શહેરના મુખ્ય ન્યાયાધીશ બનાવવામાં આવ્યા અને પછી કાયદા પ્રધાનના હોદ્દા પર બઢતી આપવામાં આવી. સમગ્ર લુ રાજ્યમાં તેમની ખ્યાતિ ફરી વળી. લુના ઉમરાવે આ જાણ્યું; તેણે કન્ફ્યૂશિયસને ગુના ખાતાના પ્રધાન થવા કહ્યું. તેમણે કારાગૃહોનો અભ્યાસ કર્યો, અને શોધી કાઢયું કે લગભગ બધા કેદીઓ ગરીબ લોકો યા તેમનાં બાળકો હતાં. તેઓ એવા નિર્ણય પર આવ્યા કે ગરીબાઈ અને અજ્ઞાનને લીધે જ લોકો ગુના આચરે છે, અને કાયદાનું ઉલ્લંઘન કરે છે.

*કન્ફ્યૂશિયસનાં ગુના ખાતાના પ્રધાન તરીકેનાં ત્રણ વર્ષોને અંતે લુનાં બધાં કેદખાનાં અને ન્યાયકચેરીઓ ખાલી થઈ ગયાં. પ્રજા ઘરનાં બારણાંને તાળાં મારતી નહોતી.

તે સમયે લુનો નવો ઉમરાવ ટિંગ (Ting) જુવાન હતો. રાજ્યશાસનની લગભગ બધી બાબતોમાં તે કન્ફ્યૂશિયસની સલાહ લેતો. તેણે કન્ફ્યૂશિયસને વડાપ્રધાનના પદે બેસાડયા. પરિણામે લુ એક આદર્શ રાજ્ય બન્યું. તે સંપત્તિ અને શક્તિમત્તામાં સર્વોપરી બન્યું. ત્રણ જ માસના તેમના વહીવટ દરમ્યાન રસ્તામાં પડેલી વસ્તુને કોઈ અડકતું નહિ. ગોશ્ત અને સુવરના માંસના કસાઈઓ માંસમાં ભેળસેળ કરતા નહિ, અને પુરુષો અને સ્ત્રીઓ રસ્તાની સામસામી પગથીઓ પર જુદાં ચાલતાં. વિદેશીઓ પણ લુમાં જાણે સ્વદેશમાં હોય એવું સ્વાતંત્ર્ય અનુભવતા.

ચીનનાં બીજાં રાજ્યોના ઉમરાવો અને પ્રધાનોમાં તેથી ઈર્ષા પેદા થઈ. તેમણે ટિંગને કન્ફ્યૂશિયસથી છૂટા પાડવાની પેરવી કરવા માંડી. તેમણે ટિંગને એંશી રૂપવતી નર્તિકાઓ અને એક સો વીસ થનગનતા

શરતના ઘોડાઓની ભેટ મોકલી. કન્ફ્યૂશિયસ તેનું રાજ્ય છોડી જતા રહ્યા. ટિંગ ક્ષુદ્ર વૈભવમાં લોલુપ થઈ ગયો, અને ઐશ્વર્યશાળી લુ ફરીવાર દરિદ્ર બન્યું. એનાં કારાગાર ગુનેગારોથી ભરાઈ ગયાં.

આ પછીનાં ચૌદ વર્ષો કન્ફ્યૂશિયસે તેમના થોડાક શિષ્યો સાથે પરરાજ્યોમાં ભ્રમણ કરવામાં વિતાવ્યાં. છેવટે તેમને લુમાં પાછા બોલાવવામાં આવ્યા ત્યારે તેઓ અડસઠ વર્ષની પાકટ વયે પહોંચ્યા હતા. શેષ રહેલાં પાંચ વર્ષ તેમણે નિવૃત્તિમાં, શાંતિથી શિક્ષણ પ્રદાન કરવામાં અને એમના શિક્ષણના પાયારૂપ પ્રશિષ્ટ ગ્રંથોનું સંકલન અને સંસ્કરણ કરવામાં ગાળ્યાં. અંતે ઈ. પૂ. ૪૭૯ માં ૭૩ વર્ષની વયે તેમનો દેહોત્સર્ગ થયો. ચુ-ફુ (Chu-fu)માં તેમનું દફન કરવામાં આવ્યું.

કન્ફ્યૂશિયસ સમક્ષ ત્રણ ધ્યેય હતાં : (૧) રાજ્યશાસનને સહાયભૂત થવું, (૨) યુવાનોને શિક્ષણ પ્રદાન કરવું, અને (૩) ભાવિ પેઢી માટે ચીની પ્રશિષ્ટ ગ્રંથોનું ચયન–સંસ્કરણ કરવું.

## (૨) પરમ ગુરુવર્ય

ખાનગી શિક્ષણ અપાતું થયું ત્યારથી તત્ત્વજ્ઞાનની વિવિધ શાખાઓ ઉદય પામી. ચીનના ઈતિહાસમાં ખાનગી રીતે મોટી સંખ્યામાં શિષ્યોને શિક્ષણ આપનાર કન્ફ્યૂશિયસ પ્રથમ પુરુષ હતા. કન્ફ્યૂશિયસે 3000 શિષ્યોને કાવ્ય, ઈતિહાસ, ક્રિયાકાંડ અને સંગીતનું શિક્ષણ આપ્યું, જેમાં ૭૨ શિષ્યો પ્રશિષ્ટ ગ્રંથોના મહાપંડિતો હતા. તેમના કેટલાક શિષ્યો વિખ્યાત ચિંતકો અને સારસ્વતો થયા છે. શિક્ષણપ્રદાનના બદલામાં તેઓ સૂકા માંસથી પણ સંતોષ માનતા. તેઓ કહેતા કે, "હું વિષયનો એક ખૂણો બરાબર સમજાવીશ, પણ જે વિદ્યાર્થી બાકીના ત્રણ ખૂણાનું અનુમાન ન કરી શકે, એમને હું આગળ ભણાવીશ નહિ."

કન્ફ્યૂશિયસનાં બોધવચનોના ગ્રંથ 'લુન યુ' (Lun Yu=ઍનેલેક્ટ્સ) દ્વારા આપણે તેમના આદર્શો જાણી શકીએ છીએ. આ "ઍનેલેક્ટ્સ" ગ્રંથમાં કન્ફ્યૂશિયસની જે તસ્વીર ઊપસી છે તે શિક્ષણવિદ્‌ની છે. તેમના શિષ્યો પૂર્ણવિકસિત માનવો બને, અને રાજ્ય તથા સમાજને તેઓ ઉપયોગી નીવડે એવો તેમનો અભિલાષ હતો. તેથી તેમણે જુદા જુદા પ્રશિષ્ટ ગ્રંથોને આધારે વિદ્યાની વિવિધ શાખાઓનો શિષ્યોને પરિચય કરાવ્યો. પુરાણા સાંસ્કૃતિક જ્ઞાન-વારસાનું તેમણે તેમની રીતે નૈતિક અર્થઘટન કર્યું.

પ્રશિષ્ટ ગ્રંથોનું અધ્યાપન કરતાં કન્ફ્યૂશિયસે તેમાંથી ઘણા નવા અર્થો ઉપજાવી કાઢ્યા. કાવ્યગ્રંથ ઉપર બોલતાં તેમણે એનું નૈતિક મૂલ્ય બતાવ્યું છે : "કાવ્યગ્રંથમાં ત્રણ સો કાવ્ય છે, પણ બધાંનું સારતત્ત્વ એક જ વાક્યમાં રજૂ કરી શકાય : 'તમારામાં નીતિભ્રષ્ટ-પાપી વિચારો ન હોવા જોઈએ.'" (ઍનેલેક્ટ્સ, ૨ : ૨)

આ રીતે જોતાં, કન્ફ્યૂશિયસ પ્રશિષ્ટ ગ્રંથોના માત્ર સંકલનકર્તા નહોતા; સંકલન કરતાં કરતાં તેમણે ઘણું નવસર્જન પણ કર્યું હતું.

તેમના સમયના પંડિતોમાં કન્ફ્યૂશિયસ બધાથી અનોખા તરી આવતા હતા. અને તેથી પ્રાજ્ઞ-પંડિત (Ju)ના નૂતન સંપ્રદાયના તેઓ સ્થાપક ગણાયા. ચીની સંસ્કૃતિ પર તેમનો એટલો બધો પ્રભાવ પડયો કે તેમને 'રાજદંડ-વિહોણા રાજા'નું બિરુદ પ્રાપ્ત થયું. ચીનમાં તેમની જન્મજયંતી 'રાષ્ટ્રીય શિક્ષકદિન' તરીકે ઊજવાય છે.

## (૩) નીતિશાસ્ત્ર

કન્ફ્યૂશિયસ આપણને નૈતિક આધારમાં કેન્દ્રીય સૂત્ર શોધી કાઢવાનું કહે છે, જે આપણને વિશ્વના નૈતિક ઋત (chung yung) સાથે જોડી આપે. "જ્યારે રોષ, શોક, આનંદ જેવા આવેગો ઉદય

પામ્યા હોતા નથી ત્યારે આપણું કેન્દ્રીય સ્વત્વ યા નૈતિક આધાર અસ્તિત્વમાં હોય છે." વૈશ્વિક નીતિ સંવાદિતા સાથે તેને તાલ મિલાવવાનો હોય છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે કન્ફ્યૂશિયસના સર્વાંગી નીતિશાસ્ત્રનું નિર્માણ થયું હોય એમ લાગે છે.

આપણે કન્ફ્યૂશિયસના પૂરા નીતિશાસ્ત્રને પાંચ ચાવીરૂપ શબ્દોમાં મૂકીશું :

(૧) જેન–યિ (jen-yi) : માનવપ્રેમી—કર્તવ્યપાલન

(૨) ચુંગ–શુ (chung-shu) : નૈતિક અભિગમ–પરહિતવાદ

(૩) લિ (li) : ઔચિત્ય કે કર્મકાંડ

(૪) તે (te) : શક્તિ–સત્તા

(૫) વેન (wen) : સર્જનાત્મક કલાઓ.

**(૧) માનવપ્રેમ–કર્તવ્યપાલન (જેન–યિ)**

કન્ફ્યૂશિયસ વ્યક્તિના સદ્‌ગુણોમાં માનવપ્રેમ પર અધિક ઝોક દે છે. તેઓ કહે છે : "બીજાને પ્રેમ કરવો એ 'માનવપ્રેમ' છે". (ઍનેલેક્ટ્સ, ૧૨ : ૨૨) જે મનુષ્ય બીજાને ખરેખર પ્રેમ કરે છે તે સમાજમાં પોતાની ફરજો અદા કરવા સમર્થ છે. ઍનેલેક્ટ્સમાં, આપણે જોઈએ છીએ કે, કન્ફ્યૂશિયસ 'માનવપ્રેમ' શબ્દને કોઈ વિશેષ સદ્‌ગુણ દર્શાવવા વાપરતા નથી, પરંતુ ઘણા સદ્‌ગુણોના સમૂહને વ્યક્ત કરવા વાપરે છે. આથી 'માનવપ્રેમ'ને પૂર્ણ-સદ્‌ગુણ' કહી શકાય.

માનવપ્રેમની ભાવના માનવીના અંતરમાં સ્વયંસ્ફૂર્ત થાય છે. તે સ્વયંભૂ છે, અને કોઈના ઉપદેશ માત્રાથી એને આપણે જીવનવ્યવહારમાં સાકાર કરી શકતા નથી. માનવપ્રેમ એ સંયોગોથી અબાધિત, આત્મગત અને માણસ માણસના ભેદનો વિચાર કર્યા વગર પ્રવર્તનારી ભાવના છે. તે અંતસ્તત્ત્વ છે. માનવપ્રેમ વડે સૂચવાય છે કે સઘળાં મનુષ્યો સરખાં છે અને એકબીજાંની સાથે એક જ સામાન્ય શૃંખલાથી બંધાયેલાં છે.

વળી, માનવપ્રેમની સંકલ્પનામાં 'બે' અને 'માનવ' અર્થાત્ માનવ માનવ વચ્ચેના સંબંધનો સમાવેશ થાય છે. આ એક ચૈતસિક સ્થિતિ છે. હસ્ટન સ્મિથ તેમના 'ધ રિલિજિયન ઑફ મૅન'માં કહે છે : "માનવપ્રેમમાં એકીસાથે બીજા પ્રત્યે માનવતા અને પોતાના પ્રત્યે માન, એટલે કે સર્વત્ર માનવ-જીવનનું ગૌરવ : આ સર્વનો સમાવેશ થાય છે— ઔદાર્ય, શુભનિષ્ઠા અને દીનવત્સલતા જેવાં ગૌણ વલણો-અભિવૃત્તિઓ સહજ રૂપે એની પાછળ પાછળ આવે છે."

કન્ફ્યૂશિયસના શબ્દોમાં "માનવપ્રેમને અનુસરનાર પોતાનો વિકાસ કરવાનું ઇચ્છે છે અને બીજાનો વિકાસ સાધે છે. કૃતનિશ્ચયી વિદ્વાન અને માનવપ્રેમનો અનુગામી તેમના માનવપ્રેમનું નિ:શેષ જતન કરતાં જીવનને કુરબાન કરશે."

યિ (Yi) એટલે કર્તવ્યપાલન, ધર્માચરણ, નિરુપાધિક આજ્ઞાકારી આદેશ (categorical imperative). સમાજમાં દરેક વ્યક્તિએ ધર્મની ખાતર કોઈ ને કોઈ ધર્મ આચરવાનો હોય છે. નૈતિક દૃષ્ટિએ એ સદ્‌કાર્ય છે, સમ્યક્ આચાર છે. કર્તવ્યપાલનનું પ્રેરક તત્ત્વ, સારતત્ત્વ માનવપ્રેમ છે. ઉચ્ચતર માનવી કર્તવ્યપાલનને સમજે છે; પૃથક્‌જન ક્રિયાકાંડ(લિ)ને સમજે છે." (ઍનેલેક્ટ્સ ૪ : ૧૬)

કન્ફ્યૂશિયસના આદર્શોની અંત:સ્થ અભિવ્યક્તિ માનવપ્રેમ છે અને બાહ્ય અભિવ્યક્તિ એ ક્રિયાકાંડ છે.

'માનવપ્રેમ' એટલે અહમ્‌નું નિરસન અને 'લિ' પ્રતિ 'પ્રત્યાગમન.' (ઍનેલેક્ટ્સ. ૧૨ : ૧)

* કન્ફ્યૂશિયસનો આદર્શ છે અતિમાનવ. આ આદર્શની સિદ્ધિ માટે 'માનવપ્રેમ' અને 'લિ'ના સિદ્ધાંતોને મૂર્તિમંત કરવા અનિવાર્ય છે.

એક પરિવ્રાજકે મજાક કરતાં કન્ફ્યૂશિયસ સંબંધી કહ્યું હતું કે, "આ વ્યક્તિ જાણે છે કે તે સફળ થવાની નથી; તેમ છતાં તે કાર્ય કરવાનો પુરુષાર્થ કર્યા કરે છે." (ઍનેલેક્ટ્સ, ૧૪ : ૪૧)

પોતાના વિષે કન્ફ્યૂશિયસે કહ્યું છે: "જગતમાં મારા સિદ્ધાંતો પ્રસરવાના હશે, તો તે 'દૈવ–અદષ્ટ–' (ming)ને આભારી છે. જો તે સિદ્ધાંતો વિફલ થવાના હશે તો તે પણ 'મિંગ'ને લીધે જ." (ઍનેલેક્ટ્સ, ૧૪ : ૩૮). તેમણે પૂરેપૂરો પ્રયત્ન કર્યો, અને કર્મફળ મિંગ પર છોડી દીધું. કન્ફ્યૂશિયસ 'મિંગ'ને 'સ્વર્ગનો આદેશ' કહે છે. આપણા કાબૂ બહારનાં વૈશ્વિક પરિબળો અને પરિસ્થિતિઓ એ જ "મિંગ' છે, એવું અર્થનિરૂપણ કન્ફ્યૂશિયસના અનુયાયીઓએ કર્યું છે. પરિણામત: આપણે વિજયની ચિંતા અને વિફલતાના ભયથી મુક્ત થઈએ છીએ, અને તેથી સુખી થઈએ છીએ.

**(૨) નૈતિક અભિગમ–પરહિતવાદ (ચુંગ-શુ)**

લિન યુતાંગ ('ધ વિઝડમ ઑફ ચાઇના'માં) કહે છે: "કન્ફ્યૂશિયસનું સાક્ષાત્ સૂક્ષ્મતમ દાર્શનિક ચિંતન એ છે કે, 'માનવ માનવનો માનદંડ છે.' આ માનદંડ ન હોય તો કન્ફ્યૂશિયસનું સારુંય નીતિશાસ્ત્ર તૂટી પડે, અને તત્ક્ષણ અવ્યવહારુ બની જાય."

'ચુંગ' એ 'જેન'ને આચરવાનો 'વિધાયક' માર્ગ છે, અને 'શુ' એ 'જેન' ને આચરવાનો 'નકારાત્મક' માર્ગ છે. જ્યારે ચુંગ કુંગે (Chung Kung) 'જેન'નો અર્થ પૂછયો ત્યારે ગુરુદેવે કહ્યું: "**જે તમે તમારા પ્રત્યે ઇચ્છતા નથી એવું વર્તન બીજા તરફ કરવું નહિ.**" (ઍનેલેક્ટ્સ ૧૨ : ૨) આવી નકારાત્મક દષ્ટિને શુ (Shu) પરહિતવાદ–altruism–કહે છે. એ જ વાત બીજા શબ્દોમાં મૂકીએ તો, "જેવું વર્તન બીજા તરફથી તમે તમારા પ્રત્યે ઇચ્છો છો તેવું વર્તન તમારે બીજાઓ પ્રત્યે કરવું જોઈએ." આવી વિધાયક દષ્ટિને ચુંગ એટલે અન્ય પ્રત્યે અંતર્વિવેકશીલતા (conscientiousness to others) કહે છે.

કન્ફ્યૂશિયસના ત્સેન્ગ-ત્સુ (Tseng-Tzu) નામના શિષ્યે તો એટલે સુધી કહ્યું છે કે, "આપણા ગુરુદેવનું શિક્ષણ ચુંગ અને શુના સિદ્ધાંતમાં સમાઈ જાય છે અને બધું એ જ છે." (ઍનેલેક્ટ્સ, ૪ : ૧૫)

દરેક મનુષ્યની અંદર વર્તન માટે માપપટ્ટી નિહિત હોય છે. ગમે ત્યારે તે તેનો ઉપયોગ કરી શકે છે. 'જેન' છેક પાસે છે. ચુંગ અને શુનું અનુશીલન કરવું એ જ 'જેન' છે. એટલે ચુંગ-શુ નો સિદ્ધાંત એ માનવીના નૈતિક જીવનનો આદિ અને અંત છે. એને અનુરૂપ ઉત્તમ દષ્ટાંત કુહાડીનો હાથો ઘડવા મથતા સુથારનો છે. નમૂના માટે તેણે તેના હાથમાં રહેલી કુહાડીના હાથાને જ જોવાનો છે. એને માટે એને દૂર જવાની જરૂર નથી, કારણ કે **માનવીનો માપદંડ માનવ છે.**

ઍનેલેક્ટ્સમાં એમ પણ જણાવ્યું છે કે ચુંગ એટલે પોતાની જાત સાથે નિતાંત પ્રામાણિક રહેવું તે, અને શુ એટલે બાહ્ય જગતની પર્યાપ્ત સમજ અને તેના પ્રત્યે સહાનુભૂતિ.

**(૩) ઔચિત્ય કે કર્મકાંડ (લિ)**

લિ(li)ના બે અર્થ થાય છે : એક, ઔચિત્ય (propriety)–કાર્યો કેવી રીતે કરવાં એની સમજ; બીજો અર્થ છે કર્મકાંડ. દષ્ટાંત રૂપે "તેમના ગામમાં કન્ફ્યૂશિયસ સાદા અને સહૃદયી જણાયા...... કચેરીમાં દરેક બાબતનો પૂરો વિચાર કરીને, ચેતીને બોલ્યા." આ ઔચિત્ય છે.

નામ પ્રમાણે ગુણ (Rectification of Names), મધ્યમ-પ્રતિપદા (The Mean), પંચ મૂળભૂત સંબંધો (The Five Key Relations), કુટુંબ (The Family) અને વાર્ધક્ય (Age) ઉપર કન્ફ્યૂશિયસે જે શિક્ષણ પ્રદાન કર્યું છે તેનું આકલન થાય તો 'લિ'નો યથાર્થ અર્થ સમજી શકાય.

**નામ પ્રમાણે ગુણ :** કન્ફ્યૂશિયસે કહ્યું છે : "જો નામ બરાબર ન હોય તો વસ્તુઓની વાસ્તવિકતા સાથે ભાષાનો મેળ બેસતો નથી. જો ભાષા વસ્તુઓના વાસ્તવને અનુરૂપ ન હોય, તો કાર્યવ્યવહાર સફળ થતો નથી." વસ્તુઓ નામ પ્રમાણે ગુણ ધરાવતી હોવી જોઈએ.

એક વાર કન્ફ્યૂશિયસના એક શિષ્યે એમને પૂછ્યું : "તમારે રાજ્યશાસન ચલાવવાનું હોય તો પ્રથમ કાર્ય તમે શું કરશો"? જવાબમાં કન્ફ્યૂશિયસે કહ્યું : "પ્રથમ જે વસ્તુ જોઈએ છે તે 'નામ પ્રમાણે ગુણ' છે." (ઍનેલેક્ટ્સ, ૧૩ : ૩) બીજા પ્રસંગે એક ઉમરાવે રાજ્યશાસનનો સાચો સિદ્ધાંત કયો છે એમ પૂછ્યું, ત્યારે કન્ફ્યૂશિયસે કહ્યું : "રાજાને રાજા થવા દો, મંત્રીને મંત્રી થવા દો, પિતાને પિતા અને પુત્રને પુત્ર થવા દો." (ઍનેલેક્ટ્સ, ૧૨ : ૧૧) અર્થાત્ દરેક નામ એના વર્ગની દરેક વ્યક્તિએ શું કરવાનું છે, તેનાં ધ્યેય–ધર્મ કયાં છે, તેની જવાબદારીઓ અને ફરજો કઈ છે, એ સૂચવે છે.

**મધ્યમ પ્રતિપદા :** મધ્યમ-માર્ગને ચીની ભાષામાં 'ચુંગ યુંગ' (chung yung) કહે છે. 'ચુંગ' એટલે કેન્દ્રીય અને 'યુંગ' એટલે કાયમી. મધ્યમ-માર્ગ એટલે જીવનનાં અંતિમોની મધ્યે જે સતત રહે છે એ માર્ગ. 'લિ'ના ગ્રંથમાં કહ્યું છે : "અભિમાનને વધવા ન દેવું. તૃષ્ણાઓના ઉપભોગમાં ગરકાવ ન થઈ જવું. ઇચ્છાની પૂર્તિમાં અતિરેક ન કરવો. આનંદપ્રમોદને મર્યાદામાં રાખવો. મધ્યમ-માર્ગનું અનુસરણ સુસંવાદ અને સંતુલન લાવે છે."

* કન્ફ્યૂશિયસે કહ્યું છે : "જોઈએ તે કરતાં વધારે પડતા આગળ વધી જવું એ પૂરતા પ્રમાણમાં આગળ ન વધવું એના જેટલું જ ખરાબ છે." અંતિમોમાં ન જવું, અને સમ પર રહેવું એ મધ્યમ પ્રતિપદા છે : अति सर्वत्र वर्जयेत् ।

**પંચ મૂળભૂત સંબંધો :** કન્ફ્યૂશિયસના નીતિશાસ્ત્રમાં પિતા અને પુત્ર, મોટો ભાઈ અને નાનો ભાઈ, પતિ અને પત્ની, વયમાં મોટો મિત્ર અને નાનો મિત્ર, રાજા અને પ્રજા—આ પાંચ સંબંધો મુખ્ય છે. આ સંબંધો સમાજના તાણાવાણા છે, અને તે સુદૃઢ હોય તો જ સમાજ સુદૃઢ બની શકે. પિતા પ્રેમાળ અને પુત્ર પિતૃભક્ત હોવો જોઈએ. મોટો ભાઈ વિનમ્ર અને નાનો ભાઈ આદરભાવવાળો હોવો જોઈએ. પતિ ભલો અને પત્ની 'સુશીલ અને સારી રીતે સાંભળવા તૈયાર' હોવી જોઈએ. મોટી વયનો મિત્ર બીજાની લાગણીનું ધ્યાન રાખનારો અને નાની વયનો મિત્ર અદબવાળો હોવો જોઈએ. રાજા પરોપકારી અને પ્રજા વફાદાર હોવી જોઈએ. કન્ફ્યૂશિયસે કહ્યું છે : "કોઈ કામ કરો છો ત્યારે તમે એકલા હોતા નથી. તમારું કાર્ય બીજા કોઈક ઉપર અસર કરે છે."

**કુટુંબ :** ઉપર્યુક્ત પાંચ સંબંધોમાં પહેલા ત્રણ કુટુંબ સાથે જોડાયેલા છે. કન્ફ્યૂશિયસની દૃષ્ટિએ કુટુંબ-સંસ્થાનું કેટલું બધું મહત્ત્વ છે એ આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ. કુટુંબ એ સમાજની ઇમારતનો પાયો છે, જેમાંથી બધા સદ્ગુણો ઉત્પન્ન થાય છે. તેનો મૂળ સ્રોત પુત્રધર્મ છે— પિતૃભક્તિ છે. સંતાનોએ માબાપ તરફ આદર રાખવો જોઈએ. કન્ફ્યૂશિયસનું સાહિત્ય આજ્ઞાંકિત બાળકોની વાતોથી ભરેલું છે.

'પિતૃધર્મ'નો સિદ્ધાંત એટલે માતાપિતાનું ભરણપોષણ કરવા ઉપરાંત તેમના તરફ પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ દાખવવાં અને તેમના જીવન દરમ્યાન તેમજ મૃત્યુ પછી પણ એમના અનુસંધાનમાં રહેવું.

**વાર્ધક્ય :** ચીનમાં વસ્તુઓ, પદાર્થો, સંસ્થાઓ અને વ્યક્તિગત જીવન જેમ જેમ જૂનાં થાય તેમ તેમ તેમની અધિકાધિક કિંમત આંકવામાં આવે છે, તેમનું ગૌરવ કરાય છે.

*

કન્ફ્યૂશિયસના સંપ્રદાયને 'પ્રાજ્ઞપંડિત'(ju)નો ધર્મ કે ઔચિત્ય કે 'ક્રિયાકાંડ'(li)નો ધર્મ પણ કહે છે.

લિન યુતાંગ એના 'ધ વિઝ્ડમ ઑફ ચાઇના'માં કહે છે: "છેવટે, લિ (li) એટલે ક્રિયાકાંડ, એ જ ઔચિત્ય; સાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો 'લિ' એટલે એક આદર્શ સમાજની વ્યવસ્થા, જેમાં દરેક વસ્તુ એના નિયત સ્થાને છે. વાસ્તવમાં તે યુક્તિસિદ્ધ સામંતશાહી વ્યવસ્થા છે." (પૃ. ૧૩)

કન્ફ્યૂશિયસ માને છે કે ઔચિત્યપૂર્ણ ક્રિયાકાંડોથી સમાજજીવનનું ઘડતર થાય છે, લોકોમાં ઐક્યનો ભાવ જન્મે છે, અને ઉચ્ચ સ્થાને રહેલી વ્યક્તિઓ માટે આદર પેદા થાય છે. પ્રશિષ્ટ છ ગ્રંથોમાંના 'કાવ્ય ગ્રંથ'(Shih)માં કર્મકાંડ અને સંગીત અન્વયે કહેવાયું છે કે, "જ્યારે તમે રાષ્ટ્રને નૃત્ય કરતું જુઓ છો, ત્યારે તમે પ્રજાના ચારિત્ર્યને જાણી શકો છો."

"સંગીત હૃદયમાંથી ઉદ્ભવે છે; ક્રિયાકાંડ બહારથી આવે છે." "સંગીત સ્વર્ગ યા અમૂર્તની સંજ્ઞા છે, જ્યારે ક્રિયાકાંડ ધરતી યા મૂર્તની સંજ્ઞા છે." સમાજમાં સુસંવાદિતા લાવવા માટે બંને આવશ્યક છે.

**(૪) શક્તિ-સત્તા (તે)**

'તે'નો શાબ્દિક અર્થ 'શક્તિ-સત્તા' થાય છે. વાસ્તવિકતાવાદીઓ માને છે કે બળપ્રયોગથી રાજ્યવહીવટ ચલાવવો જોઈએ. કન્ફ્યૂશિયસ એમની સાથે સંમત થતા નથી. નૈતિક દાખલો બેસાડવામાં યથાર્થ તે આવી જાય છે. જે ઉચ્ચ પદે છે તેના ચારિત્ર્યની અસર બીજાઓ ઉપર પડે છે.

**(૫) સર્જનાત્મક કલાઓ (વેન)**

'વેન' શબ્દ યુદ્ધવિષયક કલાઓનો નહિ, પણ શાંતિ માટેની કલાઓનો નિર્દેશ કરે છે. એ કલાઓ છે સંગીત, કવિતા, ચિત્રકલા, શિલ્પ ઇત્યાદિ. સંક્ષેપમાં, સભ્યતાનો સમગ્ર નિચોડ 'વેન'માં સમાવિષ્ટ છે.

**'જેન'-'ચિ', 'ચુંગ'-'શુ', 'લિ', 'તે' અને 'વેન' આ પાંચ સમજપૂર્વક બાંધેલી સમાજની રૂઢિપરંપરાનાં મૂળતત્ત્વો છે, સાચા શિક્ષણનું સારદ્રવ્ય છે.**

## (૪) રાજ્યનીતિશાસ્ત્ર

કર્મકાંડ અને સંગીત કન્ફ્યૂશિયસના સામાજિક સુવ્યવસ્થાના આદર્શને સિદ્ધ કરે છે. કન્ફ્યૂશિયસ કહે છે: "સદ્ગૃહસ્થે માત્ર એક જ વસ્તુ કરવાની છે—કર્મકાંડ અને સંગીતને પૂર્ણતઃ સમજી લેવાં અને પછી તેમને રાજનૈતિક ક્ષેત્રે અમલી બનાવવાં." (પ્રશિષ્ટ ગ્રંથોમાંનો ચોથો ગ્રંથ 'લિ')

"વસ્તુઓને યોગ્ય રીતે મૂકવી, વસ્તુઓને સુક્રમમાં ગોઠવવી"— એવી રાજ્યશાસનની વ્યાખ્યા કન્ફ્યૂશિયસના અનુયાયીઓ કરે છે. કન્ફ્યૂશિયસ સમાજમાં શાંતિની સ્થાપના માટે નૈતિક ભૂમિકા શોધે છે, જેમાંથી રાજકીય શાંતિ આપોઆપ ઉદ્ભવે.

કર્મકાંડ અને સંગીત, સરકાર અને ફોજદારી કાયદો એ સર્વનું અંતિમ ધ્યેય એક જ છે—લોકોની અભીપ્સા પ્રમાણેના રાષ્ટ્રની અને પરિણામે સામાજિક અને રાજકીય સુવ્યવસ્થાની સ્થાપના. કન્ફ્યૂશિયસ કહે છે:

> "સરકારી પગલાંથી લોકોને દોરશો અને તેમને નિયંત્રિત કરવા શિક્ષાની ધમકી આપશો, તો એથી લોકો કેદખાનાથી દૂર રહેવા પ્રયત્ન કરશે; તેના પરિણામે કંઈ સ્વમાન અને પાપકર્મો માટેનો લાંછનભાવ જાગ્રત થશે નહિ. પરંતુ જો સદ્ગુણ દ્વારા તેમને દોરશો અને ઔચિત્યથી તેમને નિયંત્રિત કરશો, તો સ્વમાન અને લજ્જા લોકોમાં ઉદય પામશે."

લિન યુતાંગના મતે, "કન્ફ્યૂશિયસ અંતિમ અર્થમાં અરાજકતાવાદી છે... સર્વોચ્ચ રાજકીય આદર્શ એ છે કે એવો સમાજ હોય કે જ્યાં લોકો નૈતિક સુસંવાદમાં જીવતા હોય અને તેથી સરકારની કશી આવશ્યકતા રહે નહિ."

આ બાબત વિષે 'ઍનેલેક્ટ્સ'માં એક સંવાદ છે. કોઈએ કન્ફ્યૂશિયસને પૂછ્યું : "તમે સરકારમાં કેમ જતા નથી ?" કન્ફ્યૂશિયસે પ્રત્યુત્તર વાળ્યો : "પ્રશિષ્ટ ઈતિહાસ ગ્રંથ(shu)માં પિતૃભક્તિ–પિતૃધર્મ (filial piety) અંગે એમ નથી કહ્યું કે ચેન(Chen)નો રાજા સારો પુત્ર અને સારો ભાઈ હતો, અને પછી તેણે રાજ્યશાસન ક્ષેત્રે એ સિદ્ધાંતોને વ્યવહારમાં ઉતાર્યા હતા ?" કન્ફ્યૂશિયસનું કહેવાનું એ છે કે જે આદર્શ પિતા કે પુત્ર થઈ શકે છે, તે આદર્શ રાજા કે અધિકારી પણ થઈ શકે છે અને સમાજમાં પૂર્ણ નૈતિક સંવાદિતા હોય તો સરકારની આવશ્યકતા રહે નહિ.

**ચીના ઉમરાવે રાજ્યશાસન અંગે સલાહ માગતાં કન્ફ્યૂશિયસે જવાબ આપ્યો : "રાજાએ રાજા જેવું થવું જોઈએ, પ્રધાનોએ પ્રધાનો જેવું થવું જોઈએ, પિતાઓએ પિતાઓ જેવા અને પુત્રોએ પુત્રો જેવા થવું જોઈએ."**

**એ જ પ્રશ્ન પુનઃ પૂછવામાં આવ્યો ત્યારે કન્ફ્યૂશિયસે કહ્યું : "રાજ્યના ખર્ચ પર મર્યાદા મૂકવાથી સારું રાજ્યશાસન પ્રાપ્ત થાય છે."**

સારી સરકારમાં ત્રણ વસ્તુઓ અનિવાર્ય છે : આર્થિક પર્યાપ્તિ, લશ્કરી પર્યાપ્તિ અને પ્રજાનો વિશ્વાસ. એ ત્રણેમાં વધારેમાં વધારે અગત્યની વસ્તુ પ્રજાનો વિશ્વાસ છે. "જો લોકોને સરકારમાં વિશ્વાસ ન હોય તો તે ટકી શકતી નથી."

કન્ફ્યૂશિયસની એક વાર્તા છે : તાઈ (Tai) પર્વતની એક રળિયામણી બાજુએ કન્ફ્યૂશિયસે એક સ્ત્રીનું આક્રંદ સાંભળ્યું. તેને કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે, "મારા પતિના પિતાને વાઘે અહીં મારી નાખ્યો હતો. મારા પતિને અને હમણાં મારા દીકરાને પણ વાઘે ફાડી ખાધા છે." કન્ફ્યૂશિયસે પૂછ્યું : "તો આવી ભયંકર જગ્યાએ તું શા માટે રહે છે ?" તેણે કહ્યું, "અહીં કોઈ સિતમગાર રાજા રાજ્ય કરતો નથી."

કન્ફ્યૂશિયસે તેમના શિષ્યોને કહ્યું, "સારસ્વતો, યાદ રાખો : **જુલમી રાજ્ય વાઘ કરતાં પણ અધિકતર ક્રૂર છે."** (ઍનેલેક્ટ્સ ૩૨ : ૩૩)

લુના ઉમરાવને કન્ફ્યૂશિયસે સલાહ આપી હતી કે, "ભલા થવાની તમારી સાચી ઈચ્છા હશે, તો લોક પણ એ પ્રમાણે ભલા થશે. રાજાનો ગુણ એ પવન જેવો છે અને પ્રજાનો ગુણ ઘાસ જેવો છે. જ્યારે પવન એની ઉપર વાય, ત્યારે ઘાસ એ પ્રમાણે વળે એ સાહજિક છે."

**—'યથા રાજા તથા પ્રજા'!**

## (૫) વ્યક્તિ અને સમષ્ટિ

કન્ફ્યૂશિયસ માને છે કે સારા પુત્રો અને સારા બંધુઓનું રાષ્ટ્ર એટલે સુવ્યવસ્થિત અને શાંતિપ્રિય રાષ્ટ્ર. તેમના અનુયાયીઓના મતાનુસાર, કુટુંબજીવનને વ્યવસ્થિત કર્યા સિવાય રાષ્ટ્રીય જીવન વ્યવસ્થિત થતું નથી.

પિતૃધર્મ એટલે આદર્શ ઉદાત્ત પુત્ર થવું તે. કુટુંબમાં જો પ્રેમ અને સમાદરની ટેવો પડશે તો તેનો સમગ્ર સમાજ પર વિસ્તાર થશે; અન્ય કુટુંબોનાં વડીલો પ્રત્યે પણ સમાદર દાખવાશે. તદુપરાંત, રાજ્યની વડી સત્તા તરફ પણ તેમનું તેવું જ વલણ બંધાશે.

"જ્યારે કુટુંબો અનુકંપા શીખશે ત્યારે સારુંય રાષ્ટ્ર અનુકંપા શીખશે. જ્યારે કુટુંબો સૌજન્ય શીખશે, ત્યારે સમસ્ત રાષ્ટ્ર સૌજન્ય શીખશે."

*વિશ્વમાં સુસંવાદિતા સ્થાપવી હોય તો સૌ પ્રથમ રાષ્ટ્રજીવનમાં સુસંવાદિતા સ્થાપવી પડશે. રાષ્ટ્રજીવનમાં સુવ્યવસ્થા લાવવી હોય તો કુટુંબજીવનમાં સુવ્યવસ્થા લાવવી પડશે. કુટુંબજીવનને સુનિયંત્રિત કરવું હોય તો પ્રથમ કુટુંબના દરેક સભ્યે પોતાના જીવનને કેળવવું પડશે.

—સભ્યના અંગત જીવનને કેળવવું હોય તો હૃદયતંત્રને સુયોગ્ય રીતે ગોઠવવું પડશે, અને હૃદયતંત્રને સુયોગ્ય રીતે ગોઠવવું હોય તો નિર્વ્યાજ સત્સંકલ્પ કરવો પડશે, નિર્વ્યાજ સત્સંકલ્પ કરવો હોય તો સૂઝસમજ મેળવવાં પડશે, અને સૂઝસમજ વસ્તુઓના જ્ઞાનનું અન્વેષણ કરવાથી નિર્માણ થાય છે.

**મહારાજાથી માંડી પ્રજાજન સુધી, એક વાતનું લક્ષ્ય બેસાડવાનું છે કે વ્યક્તિ-જીવનની કેળવણીમાં અખિલ વિશ્વની સુસંવાદિતાની બુનિયાદ નંખાય છે. ( ગ્રુતાંગ, પૃ. ૧૩૯ )**

## (૬) ઉચ્ચતર માનવ

આદર્શ જીવન જીવીને દષ્ટાંત બેસાડવા પર કન્ફ્યૂશિયસે ભાર દીધો છે. બૌદ્ધિક ઉચ્ચ વર્ગ અને રાજશાસકોમાં નૈતિકતા, સાધુતા પ્રસ્ફુરિત રહેવાં જોઈએ. કન્ફ્યૂશિયસના 'સદ્‌ગૃહસ્થ,' 'ઉચ્ચતર માનવ' કે 'રાજવંશી વ્યક્તિ'નું નૈતિક સ્તર અત્યંત ઉત્તુંગ હોવું અનિવાર્ય છે, કારણ કે તે લોકસામાન્યની નૈતિકતાને આધાર પૂરો પાડે છે.

કન્ફ્યૂશિયસનો અતિમાનવ (Chuntse–Superman) નિત્શેના અતિમાનવ જેવો નથી; તે માયાળુ અને વિનમ્ર છે, અને નૈતિક સિદ્ધાંતોને વરેલો છે; તે વિદ્યાવ્યાસંગી, પ્રશાંત અને સ્વસ્થ છે, અને પોતાના વર્તન માટે અવિરત જાગ્રત રહે છે. તે જાણે છે કે તેનું જેવું વર્તન હશે, તેના જેવા આચાર હશે, તેની અસર સમાજ ઉપર પડશે. તે વૈભવવિલાસમાં મુગ્ધ થતો નથી, અને પોતાની પ્રાપ્ત પરિસ્થિતિમાં સંતોષથી રહે છે. આવા 'સદ્‌ગૃહસ્થ' કે 'પરમમાનવ'ના ઘડતરની આસપાસ કન્ફ્યૂશિયસનું સમસ્ત નૈતિક શિક્ષણ ગૂંથાયેલું છે.

"ઉચ્ચતર માનવ સાચું શું છે તે સમજે છે, જ્યારે નિમ્નતર માણસ પોતાની વસ્તુઓ કેમ વેચાશે એનો વિચાર કરે છે." "ઉચ્ચતર માનવને પોતાના **આત્મા** માટે પ્રેમ છે, જ્યારે નિમ્નતર માણસ પોતાની માલમિલકતને ચાહે છે." ઉચ્ચતર માનવ બીજાનાં મંતવ્યો પ્રતિ ઉદાર અને સહિષ્ણુ હોય છે; જે યથાર્થ સમુચિત છે તેનાથી તે પ્રસન્ન થાય છે. એને તમે મોટી જવાબદારીઓ સોંપી શકો છો. બધા પ્રત્યે તે ઉદારદિલ હોય છે. જીવનનિર્વાહ કરતાં પોતાનો આધ્યાત્મિક વિકાસ થાય એની તે વધારે ફિકર કરે છે. તે સદૈવ નિર્વ્યાજ અને નિવૃત્તિમય હોય છે. તે પ્રતાપી છે, પણ ગર્વિષ્ઠ નથી. તે ચિંતા અને ભયથી મુક્ત છે. તે પૂર્વગ્રહો અને નિષેધોને અતિક્રમીને પોતાનું જીવનનાવ હંકારે છે. તે ફરજો પ્રત્યે સજાગ છે અને વાણી કાળજીપૂર્વક વાપરે છે. વળી જેવું તે બોલે છે તેવું જ તે આચરે છે : **'કહેણી તેવી કરણી.'**

*કન્ફ્યૂશિયસના શાસકની કલ્પના પ્લેટોના ફિલસૂફ રાજા જેવી છે. રાજાએ નૈતિક દષ્ટિએ આદર્શ જીવન જીવીને આગામી પેઢી માટે જ્વલંત દષ્ટાંત પૂરું પાડવાનું છે.

જ્યારે ચિક ઍન્ગત્સે (Chik Angise) નામના અતિલોભી ધનિક અધિકારીએ કન્ફ્યૂશિયસને કહ્યું કે, તેના પ્રદેશમાં લૂંટારાઓ અને ચોરોનો ભારે ઉપદ્રવ છે, ત્યારે કન્ફ્યૂશિયસે રોકડો જવાબ આપ્યો : "જો તમે પૈસા પાછળ ઘેલા નહિ થાઓ તો તમે ચોરોને પૈસા આપશો તોય તેઓ તે નહિ સ્વીકારે."

**કન્ફ્યૂશિયસે કહ્યું છે : "જો રાજકર્તા આત્મનિયમનનું તત્ત્વ સાચવશે તો પ્રજા એની આજ્ઞાને અધીન રહેશે."**

# ૧૧ : મો-સંપ્રદાય [ ઈ. પૂ. ૪૭૯–૪૩૮ ]

મો-ત્સુ મો-વાદના સ્થાપક હતા અને તે કન્ફ્યૂશિયસ જેટલા જ મહાન હતા. 'મો'નો મૂલાર્થ ગુલામોને કરાતી શિક્ષાનો પ્રકાર (tattoo) થાય છે. મો-ત્સુ સમાજના નિમ્ન સ્તરમાંથી આવ્યા હતા, અને એની અસર એમના તત્ત્વચિંતન પર વર્તાય છે.

કન્ફ્યૂશિયસ અને મેન્શિયસ( જુઓ પ્ર. ૧૩ )ની જેમ તેઓ લુ રાજ્યના વતની હતા. તેમણે સુંગ રાજ્યમાં સામાન્ય નોકરી કરી હતી. તેમણે ચી અને ચૂ રાજ્યોમાં લાંબી મુસાફરી કરી હતી. તેમણે કન્ફ્યૂશિયસવાદના પંડિત શિહ ચિઉ( Shih Chiu)ની પાસે અભ્યાસ કર્યો હતો.

હ્સિયન વંશ( Hsian dynasty )ના સ્થાપક યૂ ( Yu ) માટે એમને અતિ આદર હતો અને તે એમની પ્રેરણામૂર્તિ બની ગયા હતા. દેશ પર પૂર ફરી વળ્યું ત્યારે ખાવાનું અને પહેરવાનું ભૂલીને, વરસાદમાં ભીંજાઈને, અને મુસાફરીની હાડમારીઓ વેઠીને, યૂએ જનહિત માટે કામ કર્યું હતું. એવા કર્મઠ યૂનાં કર્તવ્યપાલન અને આત્મત્યાગના બધા ગુણ મો-ત્સુમાં ઊતર્યા હતા. તેમણે તિતિક્ષા અને સંયમનો માત્ર બોધ જ નહોતો દીધો, એમના જીવનમાં તે ચરિતાર્થ પણ થયાં હતાં.

મો-ત્સુને પુરાણકાળના મહાવીર અને આધુનિક સમયના ગાંધીની સાથે કેટલેક અંશે સરખાવી શકાય. વૈશ્વિક પ્રેમ, અહિંસા, અમેય પરોપકારવૃત્તિ, વિરક્તિવાદ ( stoicism ), તપશ્ચર્યા, વૈરાગ્ય અને 'યથાર્થ-હિતવાદ' મો-ત્સુના મુખ્ય સિદ્ધાંતો છે. 'સ્વર્ગ' બધા મનુષ્યોને માટે પ્રેમ અભિવ્યક્ત કરતી ક્રિયાશીલ શક્તિ છે, અને તેથી વૈશ્વિક પ્રેમને જીવનમાં મૂર્ત કરીને જ મનુષ્યો 'સ્વર્ગ'નું આરોહણ કરી શકે.

મો-ત્સુ ધાર્મિક ક્રિયાકાંડો, જટિલ અને ખર્ચાળ શબયાત્રાઓ અને સંગીતના ઉત્સવોની નિંદા કરતા, કારણ કે તેમાં નાણાં અને સમયનો અપવ્યય થતો હતો. એથી ઊલટું, સામાજિક જીવનની સુયોગ્ય અભિ-વ્યક્તિ અને તેના નિયમન માટે કન્ફ્યૂશિયસવાદીઓ ક્રિયાકાંડોને અનિવાર્ય માનતા હતા. મો-ત્સુ યથાર્થ પરિસ્થિતિનું પ્રત્યક્ષ વિહંગાવલોકન કર્યા પછી જ પોતાના સિદ્ધાંત પર આવ્યા હતા.

મો-વાદીઓનો કન્ફ્યૂશિયસવાદીઓ પર એવોય આરોપ છે કે તેઓ **ભાગ્યવાદીઓ** છે અને જીવન અને જગતની ઘટનાઓ પૂર્વ-નિર્ણીત છે એમ માને છે. તો પછી સાંસારિક પ્રવૃત્તિઓ જેવીકે ઉદ્યોગ અને ખેતીનો વિકાસ કોણ કરશે ? વાસ્તવમાં કન્ફ્યૂશિયસ પુરુષાર્થરહિત 'દૈવવાદ' કે 'નિયતિવાદ'માં માનનારા નથી, એ આપણે જોઈ ગયા છીએ.

મો-વાદીઓ વિશ્વપ્રેમમાં માને છે; પ્રાણીમાત્ર પર સરખો પ્રેમ રાખવાનું કહે છે તે એટલા માટે કે માનવસંબંધોમાં અને રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે સુસંવાદ પેદા કરવા માટે આ અનિવાર્ય છે. અહીં એક પ્રકારની 'યથાર્થ હિતવાદ' અથવા ઉપયોગિતાવાદની છાયા જણાય છે. 'સર્વહિતવાદ'માં આની ટીકા કરતાં કન્ફ્યૂશિયસવાદીઓ માને છે કે પ્રેમમાં માત્રાફેર હોય જ છે. મેન્શિયસ કહે છે : "સમાન વિશ્વપ્રેમનો અર્થ માનવીને જાણે પોતીકો પિતા જ ન હોય એવો થાય છે." પરિણામત: પિતૃભક્તિનો મહત્ અને કેન્દ્રસ્થ સિદ્ધાંત અર્થવિહીન બની જશે.

કન્ફ્યૂશિયસવાદીઓ માને છે કે બીજાનાં દુ:ખ જોઈને—દષ્ટાંત તરીકે કોઈ બાળકને કૂવામાં પડતું નિહાળીને—માનવહૃદય સહજ દ્રવી જાય છે. એટલે વ્યાપક માનવપ્રેમ નિસર્ગદત્ત છે અને એનો વિકાસ

કરવાથી જ માનવ 'માનવ' બને છે. પરંતુ મો-વાદીઓના દષ્ટિબિંદુથી, વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પરસ્પર સહકાર રહે, ભિન્ન ભિન્ન જાતિઓ અંદર અંદર સંઘર્ષ ન કરે, અને રાજ્યો યુદ્ધોમાં ન ઝંપલાવે માટે જ વિશ્વપ્રેમની અનિવાર્ય આવશ્યકતા છે. એટલે મો-વાદીઓનો 'વિશ્વપ્રેમ' 'યથાર્થ ઉપયોગિતાવાદ' પર આધારિત છે.

કોઈ પણ રાષ્ટ્ર પર આક્રમણ કરવું એને મો-ત્સુ મોટામાં મોટો ગુનો માને છે–"જો કોઈ સો માણસોને મારે છે તેને સો ગણી વધુ ભારે શિક્ષા થવી જોઈએ."

યુદ્ધવિરોધી સિદ્ધાંતના વ્યવહાર રૂપે, એક રાજવીને યુદ્ધ કરતો રોકવાના હેતુથી, શાંતિ મિશન માટે મો-ત્સુ ઉઘાડા પગે ૧૦ દિવસ અને ૧૦ રાત્રિઓ ચાલ્યા હતા. તેમણે તેમના ત્રણ સો શિષ્યોના મજબૂત સંગઠન દ્વારા સ્વયંસેવકોની એક ફોજ ઊભી કરી હતી; અને ત્સુ (Tzu) રાજ્યના સૈનિકોના હલ્લા સામે નિર્બળ સુંગ રાજ્યની રાજધાનીના રક્ષણમાં સહાય કરવા તેમણે આ ત્રણ સો શિષ્યોને સૈનિક તરીકે મોકલી આપ્યા હતા.

મો-ત્સુ જિતેન્દ્રિય અને વિરક્ત હતા. તેઓ કોઈ પણ પ્રકારનાં સુખસાહ્યબીની સખત વિરુદ્ધ હતા, અને સંગીતને પણ વિલાસ કે ભોગ માનતા હતા.



મો-ત્સુ



ચ્વાંગ-ત્સુ

# ૧૨ : ચ્યાઁગ-ત્સુ [ ઈ. પૂ. ૩૬૯–૨૮૬ ]

## (૧) પરિચય

લાઓ-ત્સેના કેન્દ્રવર્તી તત્ત્વ તાઓને તેમણે કલ્પના કરી નહિ હોય એવાં ક્ષેત્રોમાં ચ્યાઁગ-ત્સુ લઈ જાય છે. ઉપરાંત, એ વિભાવનાનો તેમણે ખાસો વિસ્તાર પણ કર્યો છે.

લાઓ-ત્સે પછીના પ્રારંભિક તાઓવાદીઓમાં ચ્યાઁગ-ત્સુની જાજરમાન સર્વોપરિતા છે. એમની બુદ્ધિમત્તાની ગહરાઈ, એમની સાહિત્યિક શૈલીનું સૌંદર્ય અને એમના વ્યક્તિત્વની ઉત્કૃષ્ટતાને કારણે તેઓ સૌને માટે આદરપાત્ર બન્યા છે.

તેમના જીવન સંબંધી જે અલ્પ માહિતી પ્રાપ્ત થાય છે તે મુજબ, હાલનાં શાનતુંગ ( Shantung ) અને હોનાન ( Honan ) રાજ્યોની સરહદ પર આવેલા મેન્ગ ( Meng ) નામક નાના રાજ્યના તેઓ વતની હતા. ટૂંકા સમયગાળા માટે તેમણે તેમના રાજ્યમાં સાધારણ અધિકારી તરીકે સેવા બજાવી હતી. પરંતુ તેઓ કટ્ટર 'નિસર્ગવાદી' હોવાથી રાજકારણમાં સમાવિષ્ટ થઈ શક્યા નહિ.

ચ્યાઁગ-ત્સુનું એક આત્મકથાત્મક દૃષ્ટાંત છે :

"એક વાર ચ્યાઁગ-ત્સુને સ્વપ્ન આવ્યું કે પોતે એક પાંખો ફફડાવતું પતંગિયું છે. ત્યારે તેમને ખબર નથી કે તે ચ્યાઁગ-ત્સુ છે. ઓચિંતા એ જાગ્રત થાય છે, અને સ્વયં ચ્યાઁગ-ત્સુ બને છે. પરંતુ ત્યારેય તેમને જાણ નથી કે ખરેખર તેઓ ચ્યાઁગ-ત્સુ છે. સ્વપ્નામાં તેઓ પતંગિયું હતા; કે પછી હમણાં પતંગિયું જ છે ?"

એવી એક કિંવદન્તી છે કે એક વાર જ્યારે ચ્યાઁગ-ત્સુ પુ નદીમાં માછલાં પકડતા હતા, ત્યારે ત્યાં ચૂ રાજ્યના નરેશે મોકલેલા બે દૂતો આવ્યા. તેમણે રાજાના વતી ચ્યાઁગ-ત્સુને રાજ્યના પ્રધાન બનવાનું આમંત્રણ આપ્યું. ચ્યાઁગ-ત્સુએ એ દરખાસ્તનો અસ્વીકાર કર્યો અને કહ્યું : "રાજાના આનુવંશિક દેવાલયમાં સુવર્ણ મંજૂષામાં એક પૂજાપાત્ર નિષ્પ્રાણ કાચબો બનવા કરતાં હું કાદવમાં પૂંછડી હલાવતો જીવંત કાચબો બનવાનું અધિકતર પસંદ કરું છું."

ચ્યાઁગ-ત્સુ એક મસ્ત-મલકતા ફિલસૂફ હતા. તે સમયની રીતરસમો પર તેમણે કટાક્ષ પર કટાક્ષ કર્યા છે : 'ગૌરવ', 'સન્માન', 'પુરસ્કાર'–એ બધી બાબતો માટે તેમને નફરત હતી. પેઢી દર પેઢી ઊતરી આવેલી પરિપાટીઓ અને પરંપરાઓ તેમને મન અર્થશૂન્ય અને હાસ્યાસ્પદ હતી.

ચ્યાઁગ-ત્સુનો ઉપદેશ 'ચ્યાઁગ-ત્સુ' નામક ગ્રંથમાં સંગ્રહાયો છે. એ ગ્રંથના ૩૩ અધ્યાય છે. લેખનશૈલીનું લાલિત્ય અને સમર્પક અભિવ્યક્તિમાં એ ગ્રંથ અજોડ છે. એમ કહેવાય છે કે ત્રીજી સદીમાં એ ગ્રંથનું સંકલન આ મરમી તત્ત્વવેત્તાના મહાન ભાષ્યકાર કુઓ–હ્‌સિયંગે ( Kuo-Hsiang ) કર્યું હતું.

## (૨) તત્ત્વચિંતન

લાઓ-ત્સે અને ચ્યાઁગ-ત્સુનાં ચિંતનમાં કેટલીક બાબતમાં ભિન્નતા હોવા છતાં તેમની મૂળભૂત સંકલ્પનાઓ એકસરખી છે.

ચ્યાંગ-ત્સુએ જગતની ક્ષણભંગુરતા જોઈ. તેમણે ચરમાં અચર, અનિત્યમાં નિત્ય શોધવાનો પ્રયાસ આદર્યો. તેમને પ્રતીતિ થઈ કે એ નિત્ય, ચિરંતન તત્ત્વ તાઓ છે.

ચ્યાંગ-ત્સુ તાઓને દરેક વસ્તુની જીવનશક્તિ માને છે. "તાઓ એ પરમ તત્ત્વ છે અને પ્રતીતિકર છે; પણ તેને 'ક્રિયા' અને 'રૂપ' નથી. તેનો અનુભવ કરી શકાય, પણ તેને ગ્રહી શકાતો નથી. તેની પાસે પહોંચી શકાય, પણ તે અદૃશ્ય રહે છે. તે સ્વયંભૂ છે, નિરાલંબ છે. સ્વર્ગ અને પૃથ્વીની પૂર્વે તાઓ હતો. તેનો વાસ શાશ્વતીમાં છે, અનંત કાળમાં છે. તે દેવોને દિવ્યતા અર્પે છે, અને વિશ્વનું સર્જન કરે છે. તે શિરોબિંદુ(zenith)નીય ઉપર છે, છતાં તે ઊંચો નથી. તે અધોબિંદુ(nadir)ની નીચે છે, પણ તે નીચો નથી. સ્વર્ગ અને પૃથ્વી પહેલાં તે હતો, છતાં તે પુરાતન નથી. પ્રાચીનતમથી તે અધિકતર પ્રાચીન છે, છતાં તે પુરાણો નથી." (ચ્યાંગ-ત્સુ ગ્રંથ અ. ૬, પૃ. ૭૬)

મૃત્યુ પથારીએ, અંતિમ ક્ષણો વખતેય ચ્યાંગ-ત્સુ કહી શક્યા : "તમે, હું, તે બધાં શું કેવળ સ્વપ્નો નથી?" તેમણે અંત્યેષ્ટિની તૈયારી કરી રહેલા શિષ્યોને કહ્યું : "આકાશ અને પૃથ્વી મારી શબપેટી છે, સૂર્ય અને ચંદ્ર મારું છાયાચ્છાદન છે, મારું પ્રાશન તારકો અને ગ્રહોનાં મુક્તાફળ છે. નાનાવિધ પદાર્થો અંત્યેષ્ટિ ઉપહાર તરીકે મારી આસપાસ પથરાયા છે. તમને નથી લાગતું કે આ બધું પર્યાપ્ત છે? અંતિમ સંસ્કારો માટે પ્રાપ્ત થયેલાં આ નૈસર્ગિક સૌન્દર્યોમાં તમે શી પૂર્તિ કરી શકશો?"

શિષ્યોએ આર્દ્ર ભાવે કહ્યું, "અમને ભય છે કે આપના દેહને સમડીઓ અને ગીધડાં ચૂંથી ખાશે."

ચ્યાંગ-ત્સુએ પ્રત્યુત્તર વાળ્યો : "પક્ષીઓને ભૂખે મારીને તમે કૃમિ-કીટો પ્રત્યે પક્ષપાત કેમ કરો છો? પૃથ્વીના પેટાળની કીડીઓ કરતાં પક્ષીઓ દેહને ખાઈ જાય એ વધારે સારું નથી?"

વિશ્વસૃજનનું સર્વવ્યાપ્ત આદિતત્ત્વ હોઈ તાઓ સ્વયં-સ્વતઃ અસ્તિત્વ ધરાવે છે. તે અનાદિ, અનંત છે અને વિશ્વની પ્રત્યેક વસ્તુ તેના અવિરત આવિર્ભાવ માટે તાઓ પર આધારિત છે.

તાઓનું કાર્ય સ્વયંસ્ફૂર્ત છે. આપણે જાણીએ છીએ કે તે તાઓ સાથે સંલગ્ન છે; અને તાઓ નિસર્ગ (t'ien) સાથે સંયુત છે. નિસર્ગ એટલે જે સ્વયંસ્ફૂર્ત, સાહજિક હોય તે. તેથી નિસર્ગનો અર્થ, નૈષ્કર્મ્ય ભાવે ક્રિયા કરવી એવો થાય છે.

સર્વ વસ્તુઓમાં તાઓનો આવિષ્કાર છે, અને જ્યારે તે વસ્તુઓનાં સર્જન અને વિકાસ થાય છે, ત્યારે આપણે એક રીતે એમ કહી શકીએ કે તાઓ બધી વસ્તુઓને પેદા કરે છે. છતાં બીજી રીતે એમ કહી શકીએ કે સર્વ વસ્તુઓનાં સર્જન અને વિકાસ સ્વયં થાય છે. "વસ્તુઓ આપમેળે જ જન્મે છે ને બદલાય પણ છે." (ચ્યાંગ-ત્સુ, પૃ. ૨૦૯)

તાઓ કોઈ વિશેષ વસ્તુ નથી. તેને અવ્યક્ત (wu) કહી શકાય. 'ચ્યાંગ-ત્સુ'ના અ. ૧૨માં કહ્યું છે : સૃષ્ટિના મહારંભ(t'ai ch'u)માં અવ્યક્ત હતું; તેમાંથી અરૂપ એકનો ઉદ્ભવ થયો. વસ્તુઓ આકાર પામી એ તે (te) (તાઓની પ્રભાવક શક્તિ) દ્વારા બન્યું. રૂપ-સૃષ્ટિ અસ્તિત્વમાં આવી. આ રીતે વિશ્વ-સર્જનનું સર્વગત આદિતત્ત્વ તાઓ છે; પરંતુ જે પ્રથમ તત્ત્વથી દરેક વિશિષ્ટ વસ્તુ અસ્તિત્વમાં આવી

તે તે (te) છે. વ્યક્તિગત રીતે માનવીને તાઓમાંથી જે પ્રાપ્ત થાય છે તે તે છે. અનેક વસ્તુઓ ઉદ્ભવે છે, એટલે તે નિશ્ચિત રૂપો ધારણ કરે છે. વસ્તુઓનાં આ રૂપો તથા તેમના ચિન્મય અંશોનું કોઈ ચોક્કસ બંધારણ અને તેમનો સિદ્ધાંત અર્થાત્ સ્વ-ભાવ (hsing) હોવાં જોઈએ.

*તાઓના સ્તર ઉપરથી જોઈએ તો સર્વ વસ્તુઓ એક છે. વિધાયક અને નિષેધાત્મક, સ્વલક્ષી અને પરલક્ષી, શુભ અને અશુભ, જીવન અને મરણ, જેમ જળમાં જળ મળી જાય તેમ એ સૌ અભેદને પામે છે.

સનાતન અને સર્વવ્યાપ્ત તાઓની સંકલ્પનાનો ઉત્ક્રાંતિની પ્રક્રિયા સાથે શો મેળ છે એના સ્પષ્ટીકરણ માટે ચ્વૉંગ-ત્સુની દૃષ્ટિએ ત્રણ મુદ્દાઓ સમજવાની આવશ્યકતા છે :

(૧) જગતમાં જે ઘટનાઓ ઘટે છે તે સર્વ ક્ષણભંગુર અને ભ્રામક છે; તેમાં નિરપેક્ષ સત્ય હોતું નથી. ફલત: જેને આપણે સહીસલામત માન્યું હતું તે નિરંતર સહીસલામત હોતું નથી. અર્થાત્ સંપૂર્ણ સહીસલામતી જેવું કશું નથી.

(૨) વિશ્વ અવ્યક્ત અને વ્યક્ત, જીવન અને મૃત્યુ, પ્રશસ્ત અને કુત્સિત જેવાં અનેક દ્વંદ્વોનું બનેલું છે. પણ તાઓના દૃષ્ટિબિંદુથી જોઈએ તો આ બધાં દ્વંદ્વો—પારસ્પરિક વિરોધો—એકમેકમાં નિહિત છે, સમાવિષ્ટ છે.

(૩) જગતના સકલ પદાર્થો અનંતતામાં સમાવિષ્ટ છે. અનંતતામાંથી સર્વ વસ્તુઓ આવિર્ભૂત થાય છે અને અનંતતામાં પ્રત્યાગમન કરે છે. વિકાસ અને વિલય, પૂરણ અને ગાલનનો ક્રમ વર્તુલમાં ફર્યા કરે છે. દરેક અંત નવા આરંભની શરૂઆત છે.

## (૩) સાપેક્ષ સુખ-પ્રાપ્તિ

આપણા સ્વભાવનો મુક્ત વિકાસ આપણને **સાપેક્ષ** સુખ આપે છે; વસ્તુઓના સ્વભાવના ઉચ્ચતર આકલનથી **નિરપેક્ષ** સુખ પ્રાપ્ત થાય છે.

આપણું જે વિશિષ્ટ વ્યક્તિત્વ છે તે તૈ ને આભારી છે. જ્યારે તે એટલે કે આપણી નૈસર્ગિક શક્તિ પૂર્ણત: ક્રિયાન્વિત થાય છે, ત્યારે આપણે આનંદનો સ્પર્શ કરીએ છીએ. ચ્વૉંગ-ત્સુ કહે છે :

"જે નૈસર્ગિક સ્વભાવ છે તે આંતરિક છે. જે કંઈ માનવનિર્મિત છે તે બાહ્ય છે. બળદ અને અશ્વોને ચાર પગ હોવા એ નિસર્ગદત્ત છે. ઘોડાના શિરને રાશથી બાંધવું, બળદના નાકને દોરીથી નાથવું એ માનવકૃત છે." (અ. ૧૭) જે નૈસર્ગિક છે તેનું અનુસરણ એ સુખ અને શુભનું મૂળ છે; જ્યારે જે માનવનિર્મિત છે તેનું અનુસરણ કરવું એ દુ:ખ અને અનિષ્ટનું મૂળ છે.

કોઈ પક્ષી હજારો માઈલનું ઉડ્ડયન કરી શકે, જ્યારે કોઈ પક્ષી એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ પર પણ મહામુશીબતે ઊડી શકે. પોતાની નૈસર્ગિક શક્તિ પ્રમાણે તેઓ ઊડે છે, અને એવું ઉડ્ડયન એમને સહજ હોઈ બંને પક્ષીઓ સુખ અનુભવે છે.

*દરેક વસ્તુનો નૈસર્ગિક સ્વભાવ ભિન્ન હોય છે. જ્યારે નૈસર્ગિક શક્તિની મુક્ત અને પૂર્ણ અભિવ્યક્તિ થાય છે, ત્યારે આનંદનો જન્મ થાય છે. તેનાથી ઊલટી વિરુદ્ધ પ્રક્રિયા દુ:ખકર બને છે. દા. ત., "બતકના પગ ટૂંકા હોય છે, પણ જ્યારે આપણે તેને લાંબા કરવા પ્રયત્ન કરીએ છીએ, ત્યારે બતક દુ:ખનો અનુભવ કરે છે. સારસના પગ લાંબા હોય છે, પરંતુ જ્યારે આપણે તેને ટૂંકા કરવા યત્ન કરીએ છીએ ત્યારે સારસ ખિન્નતા અનુભવે છે. અત: આપણે કુદરતી રીતે જે લાંબું છે તેનું છેદન કરવાનું નથી, કે જે કુદરતી રૂએ ટૂંકું છે તેને લાંબું કરવાનું નથી." (અ. ૮)

તમારી જન્મજાત પ્રેરણાઓને મુક્ત કરો અને તાઓને અનુગત થાઓ. એ પ્રકારે મનુષ્યો અને વસ્તુઓ નિજની સ્વાભાવિકતામાં જ વર્તશે. જીવનના સ્વયંસ્ફૂર્ત ઉન્મેષને આવિષ્કૃત થવા દો, અને અંત-રંગમાં અહંભાવનું નિર્વાસન કરો. જ્યારે કૃત્રિમતા આવે છે ત્યારે નૈસર્ગિક આવિર્ભાવમાંથી ઉદ્ભૂત આનંદ નષ્ટ થાય છે. પરિણામતઃ આપણા હાથમાં દુઃખ રહે છે, અને જિંદગીમાંથી રસ ઊડી જાય છે.

*ચ્યાંગ-ત્સુ નૈસર્ગિક સ્થિતિને આદર્શ માને છે અને 'નિરંકુશ વ્યક્તિવાદ'નો પુરસ્કાર કરે છે. પ્રવાહપતિત પરિપાટીઓ અને સંસ્થાઓ સામે તે બંડ પોકારે છે, અને સંસ્કૃતિએ સર્જેલ કૃત્રિમ સુખસગવડોનો નિષેધ કરે છે.

## (૪) રાજનૈતિક અને સામાજિક મીમાંસા

કાયદાઓ, નૈતિક ધોરણો તથા સંસ્થાઓ અને રાજતંત્રનો હેતુ એકસરખાપણાની–એકવિધતાની–સ્થાપના કરવાનો અને વિશિષ્ટતાનો વિચ્છેદ કરવાનો હોય છે. જ્યારે કેટલાક લોકોને લાગે છે કે અમુક વસ્તુ તેમના કલ્યાણમાં છે, ત્યારે બાકીનાઓને પણ તેનો લાભ મળે એવી એમની ઇચ્છા હોય છે. તેમનો આ હેતુ વિપરીત પરિણામ લાવે છે.

ચ્યાંગ-ત્સુના ગ્રંથમાં એક વાર્તા છે : પ્રાચીન કાળમાં જ્યારે એક દરિયાઈ પક્ષી લુની રાજધાનીના પાદરે ધરતી પર ઊતર્યું ત્યારે મર્ગ્યુઈસ (Marguis) તેનું સ્વાગત કરવા નગર બહાર ગયા; તેને દેવાલયમાં લઈ જઈને તેની સંમુખ શરાબપાત્ર મૂક્યું અને તેના રંજનાર્થે સંગીત છેડયું. તેના ભોજન માટે એક બળદની કતલ કરવામાં આવી. પણ પક્ષી ડઘાઈ ગયું, અને એટલું બધું ભયભીત થઈ ગયું કે તે કશું ખાઈ કે પી શક્યું નહિ. ત્રણ દિવસ પછી તે મૃત્યુ પામ્યું.

માનવીને પોતાનાં રસ-રુચિ હોય છે; તે પ્રમાણે પક્ષીને પણ પોતાનાં નિરાળાં રસ-રુચિ હોય છે. માણસે એની દૃષ્ટિએ પક્ષી તરફ વર્તાવ ન રાખવો જોઈએ. 'મીઠા જળનું માછલું ખારા જળમાં મરે.' માછલીનું જીવન જળમગ્ન છે, પણ તેમાં માનવીનું મૃત્યુ થાય છે. માનવી અને પક્ષી બન્નેના બાંધા ભિન્ન છે, અને તેમના ગમા-અણગમા અનિવાર્યપણે ભિન્ન હોય છે. પ્રાચીન સંતો કાર્યક્ષમતાઓ અને કાર્યક્ષેત્રોમાં તેમની એકવિધતા લાવવા મથતા નથી. (અ. ૧૮) તેવી જ રીતે, જ્યારે સરકાર અને સમાજ વ્યક્તિ ઉપર એકસરખા કાયદા અને નૈતિક ધોરણો થાપે છે, ત્યારે વિપરીત પરિણામ આવે છે.

**આ રીતે, ચ્યાંગ-ત્સુ ઔપચારિક અને જડ શાસનતંત્રનો કટ્ટર વિરોધ કરે છે. શાસનતંત્ર વિના શાસન કરવાની તરાહને તેઓ શ્રેષ્ઠ માને છે. અર્થાત્ કોઈ સરકાર તેમને ખપતી નથી.**

તેઓ કહે છે : "માનવ જાતને પોતાની રીતે જીવવા મુક્ત કરી દેવી જોઈએ... જ્યારે લોકો પોતાના અંતઃ સ્વભાવને મલિન કરતા નથી અને તેમના તેને ત્યજી દેતા નથી, ત્યારે માનવજાતનું નિયંત્રણ કરવા માટે રાજ્યસત્તાની શી જરૂર છે?" (અ. ૧૧)

જ્યારે પ્રજાને સ્વયંસ્ફુરણાથી જીવવાની મુક્તતા હોતી નથી, એને બદલે તેના પર કાયદાઓ અને સંસ્થાઓ દ્વારા રાજ્ય કરવામાં આવે છે, ત્યારે એ આખી પ્રક્રિયા અશ્વના ગળાની આસપાસ ફાંસાપટ્ટો બાંધવા બરાબર અને બળદના નાકને દોરીથી નાથવા બરાબર બની રહે છે. આ પ્રક્રિયા બતકના પગને લાંબા કરવા જેવી અને બગલાના પગને ટૂંકા કરવા જેવી જ છે. જે કંઈ 'માનવનિર્મિત' છે તે સાહજિક કે નૈસર્ગિક નથી, સ્વયંસ્ફૂર્ત નથી; તે કૃત્રિમ છે.

ચ્યાંગ-ત્સુ કહે છે : "આ તો જે કુદરતી છે તેની પર માનવનિર્મિતના વર્ચસ્‌ની સ્થાપના છે." (અ. ૧૭) દુઃખ અને વિપાદ એ જ એની પરિણતિ છે.

## (૫) સંવેગ અને સમજ

(Emotion and Reason)

સાપેક્ષ સુખની પ્રાપ્તિ માટે બાહ્ય વસ્તુઓ પર આધાર રાખવો પડે છે. પરંતુ નૈસર્ગિક શક્તિઓ નિ:શેષ અને મુક્તપણે સાકાર પામે છે અને માનવી સુખી થાય છે; પણ તેની આડે ઘણા અવરોધો છે. દા. ત., મૃત્યુથી માનવીની બધી પ્રવૃત્તિઓ અટકી જાય છે. વ્યાધિ, વૃદ્ધાવસ્થા પણ બાધક નીવડે છે. અત: આપણી નૈસર્ગિક બાહ્ય શક્તિઓના સહજ અવિષ્કારમાંથી ફલિત થતા સુખને મર્યાદા છે.

### ભગવાનના માણસો

'ચ્યાઁગ-ત્સુ' ગ્રંથમાં લાઓ-ત્સેની મૃત્યુગાથા આવે છે. જ્યારે લાઓ-ત્સે મૃત્યુ પામ્યા, ત્યારે શિષ્ય-સાથીઓને આક્રંદ કરતા જોઈને તેમનો મિત્ર ચિન શિહ (Chin-Shih) બોલી ઊઠયો: "આ તો કુદરતના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરવા જેવું અને મનુષ્યની ઊર્મિને બહેકાવી મૂકવા જેવું છે. આપણે ભૂલી જઈએ છીએ કે મૃત્યુ એ કુદરતની ભેટ છે. એને વિષે લાગણીનો આક્રોશ અનુભવવો એ નિસર્ગના કાનૂનનો ભંગ કરવા માટેની શિક્ષા છે, એમ પ્રાચીનોએ કહ્યું છે. આપણા ગુરુજી 'આવ્યા' કારણ કે એમના જન્મનું એ 'નિમિત્ત' હતું. જ્યારે તેઓ 'ગયા' ત્યારે તેઓ માત્ર કુદરતના માર્ગને અનુસર્યા છે. યોગ્ય સમયે જેઓ શાંત રહી શકે છે અને નિસર્ગની સરણીને અનુસરે છે, તેઓ સુખ યા દુ:ખથી અભિભૂત થતા નથી. આવા લોકોને પ્રાચીનોએ 'ભગવાનના માણસો' કહ્યા છે, અને તેઓ બંધનમુક્ત થાય છે." (પ્ર. ૩)

સંવેગો (લાગણીઓ) કે ભાવોદ્રેકથી માનવ ઉપર જે માનસિક ત્રાસ ગુજરવામાં આવે છે તે શારીરિક શિક્ષા જેટલો જ કઠોર છે. માનવમાં સમજ હોય તો સંવેગોનું શમન થઈ શકે. દૃષ્ટાંત તરીકે, વરસાદના કારણે બહાર જવામાં અવરોધ આવે તો શાણો માણસ ક્રોધ કરતો નથી; પણ બાળક જરૂર 'ધૂઆં પૂઆં' થઈ જાય છે.

**હોલૅન્ડના તત્ત્વચિંતક સ્પિનોઝાએ કહ્યું છે: "જેટલે અંશે મન વસ્તુઓના સ્વભાવને સમજે છે તેટલે અંશે વસ્તુઓની અસરો પર તે કાબૂ ધરાવે છે, યા તેનાથી તે ઓછો દુ:ખી થાય છે."**

તાઓવાદીઓ કહે છે: "યુક્તિ કે સમજથી ભાવોર્મિઓનું નિરસન કરવું."

ચ્યાઁગ-ત્સુના જીવનની એક ઘટના છે. એમ કહેવાય છે કે જ્યારે તેમની પત્નીનું મૃત્યુ થયું, ત્યારે તેમનો મિત્ર હુઈ શિહ (Hui-Shih) તેમને આશ્વાસન આપવા ગયો. ચ્યાઁગ-ત્સુ જમીન ઉપર બેસીને ગીત લલકારતા હતા. આ જોઈને તેને આશ્ચર્ય થયું, અને પૂછ્યું કે, "તમે તમારી પત્ની પ્રત્યે આટલા નિર્દય કેમ છો?" ચ્યાઁગ-ત્સુએ કહ્યું, "જે ક્ષણે એનું મરણ થયું, તે વખતે હું લાગણીવશ થઈ ગયો હતો. શીઘ્ર મેં એ ઘટનાનું પ્રારંભથી પરીક્ષણ કર્યું. મને સમજાયું કે એવી એક આદિ ક્ષણ હતી કે જ્યારે તે (પત્ની) 'અરૂપ' હતી. પછી કોઈ કારણસર એને પુદ્ગલ (દ્રવ્ય+પદાર્થ) પ્રાપ્ત થયું, તેમાંથી તેનું રૂપ(દેહ)નિર્માણ થયું, અને એમાં પ્રાણતત્ત્વ ઉમેરાયું; હવે આ પરિવર્તન અટકતું નથી; તેની પ્રક્રિયા આગળ ચાલે છે, અને તેનો 'દેહાંત' થાય છે. આ અખિલ પ્રક્રિયા ચાર ઋતુઓ—વસંત, ગ્રીષ્મ,

પાનખર અને શરદ—ના આવર્તનવત્ છે. અંતે જ્યારે તે મહદ્ વિશ્વની મહા મહેલાતમાં ચિર વિશ્રામ કરે છે, ત્યારે હું રુદન અને વિલાપ કરું, તો હું કુદરતના કાનૂનથી અનભિજ્ઞ છું એમ કહેવાય. તેથી હું કશી ચેષ્ટા કરતો નથી." (ચ્યાંગ-ત્સુ, પ્ર. ૧૮)

તાઓવાદી ચ્યાંગ-ત્સુ પ્રતિપાદન કરે છે કે, વસ્તુઓના સમ્યક્ સ્વરૂપની જે સંતને સમજ છે તે લાગણીથી લેપાતો નથી. એનો અર્થ એવો થતો નથી કે તે લાગણીશૂન્ય છે. ના, તે સંવેગોથી વિહ્વલ થતો નથી, વેદનાકાતર થતો નથી. તે આત્માની શાંતિ અનુભવે છે. એ રીતે સંત બાહ્ય વસ્તુઓ કે વિષયો પર અવલંબિત નથી, અને ફલતઃ બાહ્ય વસ્તુ-વિષયો એના સુખને બાધક નીવડતાં નથી.

* નૈસર્ગિક પ્રક્રિયાઓની અપરિહાર્યતા, નિયતિ અને માનવીની તેમાં ગર્ભિત અનુમતિ એ મહા મરમીનો અગ્રપ્રત્યય (દૃઢ વિશ્વાસ) છે.

## (૬) જ્ઞાન અને દૃષ્ટિબિંદુઓ
### (અપરાવિદ્યા અને નય)

ચ્યાંગ-ત્સુની દૃષ્ટિએ જ્ઞાન બે પ્રકારનાં છે : 'ઇન્દ્રિયજન્ય જ્ઞાન', જે નિમ્નતર સ્તરનું કહેવાય છે; 'ચિંતન'જન્ય જ્ઞાન, જે ઉચ્ચતર કક્ષાનું કહેવાય છે. ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી સામાન્ય માણસ સંતુષ્ટ થઈ જાય છે અને તેથી ચિંતનજન્ય જ્ઞાન પ્રતિ તે ઉદાસીનતા દર્શાવે છે.

ઇન્દ્રિયજન્ય જ્ઞાન પારસ્પરિક વિરોધોથી ભરેલું છે. તે સીમિત અને પરિમિત હોવાથી સત્યનો તટસ્થ, નિરપેક્ષ, સર્વમાન્ય માનદંડ બની શકતું નથી. ચ્યાંગ-ત્સુ કહે છે : કૂપમંડૂક માત્ર આકાશનો અલ્પ ખંડ જ જોઈ શકે છે, અને ધારે છે કે આકાશ એટલું જ છે...... અથવા જ્યારે લાકડામાંથી મેજ તૈયાર કરવામાં આવે છે ત્યારે મેજના દૃષ્ટિબિંદુથી એ સંરચનાનું કાર્ય થાય છે, પરંતુ વૃક્ષ કે લાકડાના દૃષ્ટિબિંદુથી જોતાં એ કાર્ય વિધ્વંસનું છે. એકાંતિક દૃષ્ટિકોણથી જોઈએ છીએ ત્યારે એક જ કાર્યને આપણે 'સંરચના' કે 'વિધ્વંસ'નું કાર્ય કહીએ છીએ. પરંતુ તાઓના પ્રમાણથી સંરચના કે વિધ્વંસ જેવું કશું હોતું નથી. બે વચ્ચેનો ભેદ સાપેક્ષ છે. સંપૂર્ણ વસ્તુ સંબંધનું જે 'સમ્યક્ જ્ઞાન' તેનું નામ પ્રમાણ અને વસ્તુનું 'એકાંગી આંશિક જ્ઞાન' તે નય. 'નય'. એટલે એક જ વસ્તુ પરત્વે ભિન્ન ભિન્ન દૃષ્ટિએ ઉત્પન્ન થતા ભિન્ન ભિન્ન અભિપ્રાય. જૈન ધર્મનો 'સ્યાદ્વાદ' કે 'અનેકાંતવાદ' અહીં પ્રતિબિંબિત થયેલો જણાય છે.

સામાન્ય અર્થમાં જેને આપણે 'જ્ઞાન' કહીએ છીએ તેને ચ્યાંગ-ત્સુ 'સીમિત' માને છે, અને તેથી તે વિવાદાસ્પદ રહેવાનું, અને તેના આધારે માનવી યથાર્થ નિષ્પત્તિ પર આવી શકતો નથી. આવું જ્ઞાન સર્વસંમતિ વા તટસ્થતા સાધી શકતું નથી. તેથી કઈ બાજુ સાચી છે, અને કઈ બાજુ ખોટી છે એનો નિર્ણય કરી શકાતો નથી. અધિકાંશ માણસો જાણતા હોતા નથી કે તેમના અભિપ્રાયો માત્ર પરિમિત, સાપેક્ષ દૃષ્ટિબિંદુઓ પર આધારિત છે, અને તેથી જ તેઓ તેમના અભિપ્રાયોને સાચા અને બીજાના અભિપ્રાયોને ખોટા માને છે. આમ, જ્યારે દરેક જણ પોતાના એકપક્ષી 'નય' કે દૃષ્ટિબિંદુથી દલીલ કરે છે, ત્યારે અંતિમ નિર્ણય પર આવવાનો કોઈ માર્ગ રહેતો નથી.

જગતમાં જ્યાં બધી જ વસ્તુઓ સર્વથા પ્રાકૃતિક રીતે પરિવર્તનશીલ છે, અને તેમને અનેકવિધ પાસાં છે, ત્યાં 'નિરપેક્ષ સત્ય' કે 'નિરપેક્ષ શિવ' અજ્ઞેય રહે છે.

માનવ જગતમાં સાચા-ખોટાની સંકલ્પનાઓ માણસે પોતાના એકાંગી દૃષ્ટિબિંદુથી બાંધી છે; તેથી "કોઈ વસ્તુ એવી નથી કે જે સારી ન હોય, કોઈ વસ્તુ એવી નથી કે જે બૂરી ન હોય."

**ટૂંકમાં, દરેક દૃષ્ટિબિંદુ સાપેક્ષ છે.**

જ્યાં સુધી માનવી નિમ્નતર સ્તર પર જીવન વિતાવે છે ત્યાં સુધી તે અબાધિત સત્યને કે પર્યાપ્ત અસત્યને જાણી શકતો નથી. જ્યારે માનવ વિશ્વ અને નિસર્ગ સાથે એકરૂપ થાય છે, ત્યારે ઉચ્ચતર સ્તરના જ્ઞાનની એને ઝાંખી થાય છે.

નિમ્નતર જ્ઞાન સારું અને બૂરું, જન્મ અને મરણ, 'આ' અને 'તે', 'સ્વ' અને 'પર'ના ભેદ દર્શાવે છે. આથી નિમ્નતર જ્ઞાનની ઉપેક્ષા એટલે દ્વંદ્વોની વિસ્મૃતિ. જ્યારે આ 'દ્વંદ્વાત્મક દૃષ્ટિ' ચાલી જાય છે, ત્યારે માત્ર એક રહે છે, જે અક્ષત અખિલ છે. દ્વંદ્વો અને ભેદોનું અતિક્રમણ કરવામાં ઉચ્ચતર જ્ઞાન રહેલું છે. આ ઉચ્ચતર જ્ઞાનમાં સારાં-નરસાંનાં દ્વંદ્વ એક ગોળ ફરતા વર્તુલ જેવાં છે, અને તે એક અનંત એકત્વમાં એટલે સર્વગત તાઓમાં પરિણત થાય છે, ઓતપ્રોત થાય છે.

જે મનુષ્ય તાઓના દૃષ્ટિકોણથી વસ્તુઓને જુએ છે તે જાણે વર્તુલના કેન્દ્રમાં—ચક્રની ધરી પર—સ્થિત રહે છે. તાઓના પરિપ્રેક્ષ્યમાં દરેક વસ્તુ એ જેવી છે તેવી જ હોય છે. અર્થાત્ વસ્તુઓ ભિન્ન હોવા છતાં અવિભાજ્ય હોઈને 'એક' બને છે—દ્વંદ્વોનું અતિક્રમણ થાય છે.

અખિલાઈમાં 'નિમજ્જન' એ છે આનંદ-સમાધિ, પરમાનંદ (ecstasy). આ આનંદ-સમાધિમાં તમે આયાસથી પ્રવેશ પામી શકતા નથી. તે સ્વયં 'બને છે', તે સ્વયંસ્ફૂર્તિથી 'થાય છે'. સામાજિક અને સાંસ્કૃતિક સંરચના દ્વારા નિયોજેલ, જાણીબૂજીને કરેલા પ્રયત્નો ચ્યૉંગ-ત્સુની દૃષ્ટિએ કેવળ વ્યર્થ, વિફલ જ નથી, હાનિકારક પણ છે.

**ઉચ્ચતર જ્ઞાનના અજવાળામાં વસ્તુઓને જોવી એ 'સ્વર્ગીય પ્રકાશ'માં વસ્તુઓને જોવા સમાન છે. સ્વર્ગીય રોશનીમાં વસ્તુઓને જોવી એટલે વસ્તુઓને એવા દૃષ્ટિકોણથી જોવી કે જેમાં પરિમિતતાને આંબી જવાની હોય છે, જે તાઓ છે.**

## (૭) અમરત્વ

અસ્તિત્વની એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં પરિવર્તિત થવું એ જે-તે અવસ્થાનું અવસાન છે —મૃત્યુ છે. તેથી અસ્તિત્વની વર્તમાન સ્થિતિને જો આપણે સુખ-પ્રાપ્તિનું ક્ષેત્ર માનતા હોઈએ તો પછી એવું કોઈ કારણ નથી કે દેહાવસાન—મૃત્યુ—પછીના અસ્તિત્વના નવા સ્વરૂપમાં પણ આપણે સુખ પ્રાપ્ત ન કરી શકીએ.

ચ્યૉંગ-ત્સુ કહે છે: "માનવસ્વરૂપ ધારણ કરવું એ આનંદદાયક છે. પરંતુ આ અનંત વિકાસક્રમમાં બીજાં અગણિત સ્વરૂપો છે, જે એટલાં જ સાચાં છે. આવાં અસંખ્ય સ્થિત્યંતરોમાંથી પસાર થવામાં અનુપમ 'પરમાનંદ' છે." (પ્ર. ૬, પૃ. ૭૫)

"જેને એક રાત્રે મિજબાનીનું સ્વપ્ન આવે છે તે કદાચ બીજા દિવસે સવારે રુદન અને વિલાપ કરતો હોય! જેને રુદન અને આક્રંદનું સ્વપ્ન આવ્યું હોય તે જાગ્રત થતાં પ્રાતઃકાળમાં શિકાર માટે આનંદભેર બહાર જતો હોય! જ્યારે લોકો સ્વપ્નાવસ્થામાં હોય છે ત્યારે પોતે સ્વપ્નાવસ્થામાં છે એનો તેમને ખ્યાલ હોતો નથી. સ્વપ્નાવસ્થામાં તેઓ સ્વપ્નનું અર્થઘટન પણ કરે છે. જ્યારે તેઓ જાગ્રતાવસ્થામાં આવે છે ત્યારે જ જાણે છે કે તેમને સ્વપ્ન આવ્યું હતું."

"ક્રમે ક્રમે જીવનમાં મહાન જાગૃતિ આવે છે અને ત્યારે મનુષ્યને જ્ઞાન થાય છે કે જીવન સ્વયં એક મહાસ્વપ્ન છે." (પૃ. ૨૯–૩૦)

ચ્યૉંગ-ત્સુનું કથન છે કે, "તાઓ આદિ અને અંત રહિત છે; જ્યારે વસ્તુઓ જન્મે છે અને મરે છે." (અ. ૨૯, પૃ. ૨૦૯) કુઓ-હ્સિયંગ (Kuo-Hsiang) કહે છે: "મૃત્યુ અને જન્મનું ચક્રનેમિક્રમ

અસ્ખલિત ચાલે છે. તેમાં નથી અંત કે આરંભ." આ સિદ્ધાંતનું આકલન–ગ્રહણ થાય, તો આપણે જીવન અને મરણને એકસરખાં કરી શકીએ.

ચૅાંગ-ત્સુએ એમ પણ કહ્યું છે: "જે મનુષ્યો યથોચિત પ્રસંગે શાંત રહે છે અને નિસર્ગના નિયતિક્રમને અનુસરે છે, તેઓ સુખદુ:ખની વેદનાથી લેપાતાં નથી. પ્રાચીનોએ આવાં મનુષ્યોને મુક્તાત્મા તરીકે ઓળખાવ્યાં છે." (અ. ૬, પૃ. ૮૧)

બીજી દૃષ્ટિએ જોઈએ તો માનવી જીવન અને મરણને સમાન માને એટલું જ નહિ, પણ એવી સ્થિતિ પ્રાપ્ત કરી શકે કે જે જીવન-મરણનીય પર છે. દ્વૈતભાવથી, ભેદદૃષ્ટિથી જોઈએ તો યકૃત અને પિત્તાશય એ બે અવયવો વચ્ચે ચૂ (Chu) અને યૂચ (Yuch) રાજ્યો વચ્ચે જેટલું અંતર છે તેટલું ખાસું અંતર છે. પરંતુ અદ્વૈતની દૃષ્ટિએ જોઈએ તો બધી વસ્તુઓ એક છે. (અ. ૫) વળી એમ પણ સમજાવ્યું છે કે–

> "આ વિશ્વમાં વસ્તુઓનું અદ્વૈત છે, સર્વ પદાર્થો એકત્વને પામ્યા છે. આ અદ્વૈત આત્મસાત્ થાય અને આપણે પણ એની સાથે એકરૂપ થઈ જઈએ, તો આપણા દેહનાં અંગોપાંગ માત્ર ધરતીનાં રજકણો છે, અને મૃત્યુ અને જન્મ, અંત અને આદિ, રાત્રિ અને દિવસના ક્રમ સમાન છે. તે બધાં આપણી આંતરશાંતિને ખંડિત કરી શકતાં નથી. અને એમ છતાં આપણે દુન્યવી નફાતોટા અને સદ્ભાગ્ય-દુર્ભાગ્યથી કેટલા બધા નિર્લેપ રહી શકીશું!" (પૃ. ૨૬૭)

એક વધુ રહસ્યમય અવતરણ આ રીતનું છે: "આપણે નૌકાને નાની ખાડીમાં સંતાડીએ, અને જાળને સરોવરમાં ગુપ્ત રાખીએ, અને એટલાથી માની લઈએ કે એ બેઉ સુરક્ષિત છે. પરંતુ મધ્યરાત્રિએ બળિયો માણસ આવીને નૌકા અને જાળ બંને લઈ જઈ શકે! અજ્ઞાની ગમે તેટલી ચોકસાઈથી નાનીમોટી ચીજો સંતાડી રાખે, એથી શું? તે જોઈ શકતો નથી કે તેમને ગુમાવી દેવાનો સંયોગ ગમે ત્યારે આવે જ છે.

આ જ વાત ખૂબ કાવ્યત્વમય ભાષામાં કહેવાઈ છે: "જો તમે વિશ્વને વિશ્વમાં ગુપ્તતાથી સાચવો, તો એને ગુમાવવાનો લેશમાત્ર અવકાશ રહેતો નથી. વસ્તુઓ સંબંધી આ એક મહાન સત્ય છે....તેથી જે વસ્તુ અચ્યુત, અવિચલ છે તેમાં સંત વિહાર કરે છે, છતાં તે નિ:શેષ સ્થિર રહે છે. જે મનુષ્ય અકાલ મૃત્યુ અને વાર્ધક્ય, આદિ અને અંતનો સ્વીકાર કરે છે, તેનું અનુસરણ લોકો કરે છે; તો પછી જે તત્ત્વ બધા પદાર્થોનું સામંજસ્ય સાધે છે અને બધી દૃશ્ય વસ્તુઓ જેના પર આશ્રિત છે એ તાઓનું અનુસરણ તો એનાથીયે અધિકતર કરવું ઘટે છે." (પૃ. ૭૫–૭૬)

પૂર્ણ વિશ્વમાં પૂર્ણ વિશ્વ ગોપિત–તિરોહિત થઈ જાય, તો પછી કોઈ સ્થલ એવું રહેતું નથી કે જ્યાં તે ગુમ થઈ જઈ શકે. તેથી જો આપણે વિશ્વ સાથે અદ્વૈત સાધીએ તો જેમ વિશ્વને આદિ અને અંત હોતાં નથી, તેમ આપણને પણ આદિ અને અંત રહેતાં નથી. વિશ્વ શાશ્વત છે, એટલે આપણે પણ શાશ્વત છીએ. અર્થાત્ જે તાઓ અચ્યુત, અવિચલ છે તેમાં આપણે નિ:શેષપણે અધિષ્ઠિત રહેવું જોઈએ.

*જો આ તથ્યનો પૂર્ણત: સાક્ષાત્કાર થાય તો પાર્થિવ વસ્તુ-વિષયોનું ક્રમશ: વિસ્મૃતિ – વિસર્જન થાય અને અંતત: અખિલ બ્રહ્માંડ અને આપણા અસ્તિત્વનું પણ વિસ્મૃતિ–વિસર્જન થાય જ. ઓચિંતી ગહન 'સંબોધિ' સાંપડે, જેમાં માનવી સકલ વસ્તુઓ સાથે એકત્વની અનુભૂતિ કરે... જ્યારે આવા અદ્વૈતનો પ્રત્યક્ષ બોધ થાય છે, ત્યારે અતીત અને વર્તમાન, જીવન અને મૃત્યુ વચ્ચેનું આચ્છાદન ખસી જાય છે. અને આપણે અંતે શાશ્વતીમાં પર્યવસિત થઈએ છીએ. **સ્વ-અસ્તિત્વની વિસ્મૃતિથી જ અમરતાની ઉપલબ્ધિ થાય છે.**

આ અવસ્થામાં જે અનુભૂતિ થાય છે તે વિશુદ્ધાનુભૂતિ હોય છે. તે જ તાઓ.

## (૮) વિશુદ્ધાનુભૂતિ

(Pure Experience)

વિશુદ્ધાનુભૂતિ એટલે વ્યક્તિની સમષ્ટિમાં એકરૂપતા. વિશુદ્ધાનુભૂતિ સાક્ષાત્-બોધની પરિણતિ છે. બૌદ્ધોની પ્રજ્ઞા આ અનુભૂતિને મળતી આવે છે. આવી વિશુદ્ધાનુભૂતિ બૌધિક જ્ઞાન નથી. એ પરિપૂર્ણ જ્ઞાન છે; તેમાં કશું ઉમેરી શકાતું નથી.

"પૌરાણિકો જાણતા હતા કે વસ્તુઓ છે, પણ તેઓ તેમની વચ્ચે ભેદ જોતા નહોતા. ત્યાર પછી કેટલાકે વસ્તુ વસ્તુ વચ્ચે જરૂર ભેદ પણ પાડયો; પરંતુ તેનો ન્યાય ન તોળ્યો, તેની મુલવણી ન કરી. જ્યારે વસ્તુઓનો આપણે ન્યાય તોળીએ છીએ, ખોટા-ખરાનો તોલ કરીએ છીએ, ત્યારે તાઓને વિઘ્ન પહોંચે છે." (પૃ. ૨૧-૨૨)

વસ્તુ વસ્તુ વચ્ચે ભેદનું અને સારા-નરસાનું જ્ઞાન જેટલું અલ્પતર તેટલી શુદ્ધાનુભૂતિ અધિકતર. જ્યારે માનવી વિશુદ્ધાનુભૂતિના વિસ્તાર—આયામમાં સ્થિત થયેલો હોય છે, ત્યારે અનુભૂત થયેલી વસ્તુઓ સઘન, નક્કર, વાસ્તવિક, અનેક-પરિણામી હોય છે; જ્યારે તેમનું નામકરણ થાય છે, ત્યારે તે વસ્તુઓ—સંજ્ઞાઓ—પ્રતીકો—વિભાવનાઓ બની જાય છે. જેને સંજ્ઞા કે અભિધાન આપવામાં આવે છે, તે યથાર્થતઃ અનુભૂતિનો અંશમાત્ર બની રહે છે. દૃષ્ટાંત તરીકે, માનવ શબ્દમાં માનવ જાતનાં સર્વસામાન્ય લક્ષણો સમાવિષ્ટ છે, પરંતુ એ શબ્દ પ્રત્યેક વ્યક્તિગત માનવનાં વિશિષ્ટ વ્યક્તિગત લક્ષણોનો સમાવેશ સૂચવતો નથી.

અહીં જાણે લાઓ-ત્સેનું કથન યાદ આવે છે : આપણે પૂર્વસંચિત જ્ઞાનના આધારે કાર્ય કરવાનું જ જાણીએ છીએ, પણ **જ્ઞાનશૂન્ય** દશામાં કાર્ય કેમ કરવું તે હજુ જાણતા નથી. મૌન, રિક્તતા, ખાલીપા પર નજર માંડો. એ રિક્તતામાં પ્રકાશ જન્મે છે; નિસ્તબ્ધતામાં નિઃશ્રેયસ્ પ્રસ્રવિત થાય છે.

દરેક વસ્તુનું નિજનું નિરાળું સ્વરૂપ હોય છે, અને એને અનુરૂપ એનું કાર્ય હોય છે. આપણે જાણીબૂઝીને એમાં દખલ કરીએ છીએ, એનું 'ખંડદર્શન' કરીએ છીએ. સ્વર્ગ અને પૃથ્વી મારી સાથે જોડાયેલ છે, અને મારે માટે સર્વ વસ્તુઓ એક છે, જે 'અખંડદર્શન' છે.

વિશુદ્ધાનુભૂતિના પરિમાણને ચ્યાંગ-ત્સુ 'હૃદય(મન)નો ઉપવાસ' (hsin chai) અને 'વિસ્મૃતિમાં પ્રતિષ્ઠા' (tso wang) કહે છે.

'ચ્યાંગ-ત્સુ' અધ્યાય જમાં કહ્યું છે, "સંકલ્પશક્તિ સમાધિત રાખો. કર્ણથી નહિ, પણ મનથી શ્રવણ કરો. મનથી નહિ, પણ ચિન્મયતા (Ch'i)થી શ્રવણ કરો. શ્રવણમાં કર્ણનું કાર્ય સમાપ્ત થાય છે. પ્રતીકો અને પ્રત્યયોમાં મનનું કાર્ય પૂર્ણ થાય છે. પરંતુ ચિન્મયતા એ 'શૂન્ય' છે, અને તે સર્વગ્રાહી છે. તાઓ આવી **શૂન્યતા-પૂર્ણતા**માં વસે છે; અને શૂન્યતા એ મનનો ઉપવાસ છે." 'વિસ્મૃતિમાં પ્રતિષ્ઠા' એટલે દેહાધ્યાસનો ત્યાગ અને જ્ઞાનને તિલાંજલિ; ત્યારે જ આપણે અનંતતામય બની જઈએ છીએ. આ વિશુદ્ધાનુભૂતિની અવસ્થા છે. આવા અદ્વૈતમાં નિરત થતાં માનવી મૂર્ખ કે મૂઢ જેવો લાગે છે. આને અગોચર તે (Hsuan Te) કહી શકાય. આ છે મહાપરિવર્તનશીલતા સાથેની એકરૂપતા.

## (૯) નિરપેક્ષ મુક્તિ

જ્યારે માનવી વિશુદ્ધાનુભૂતિની સ્થિતિએ પહોંચે છે, ત્યારે જ તેને નિરપેક્ષ મુક્તિની પ્રાપ્તિ થાય છે. પોતાના નૈસર્ગિક સ્વભાવ અનુસાર તે સુખ-સૌખ્યનો ભોક્તા થાય છે.

જેણે 'મનના ઉપવાસ' અને 'વિસ્મૃતિમાં પ્રતિષ્ઠા'ને હસ્તામલકવત્ કર્યાં છે તેને માટે જન્મ-મરણ એક છે, સારું-નરસું સમાન છે; અને અંતે તેનું સ્વાતંત્ર્ય અબાધિત અને નિરપેક્ષ હોય છે. 'ચ્વૅાંગ-ત્સુ'માં કહ્યું છે તેવા 'પૂર્ણમાનવ (chih jen)ને અહમ્ હોતો નથી, અધ્યાત્મ માનવ(shen jen)ને સિદ્ધિ હોતી નથી; સંત (sheng)ને સંજ્ઞા હોતી નથી.'' (અ. ૧) "પૂર્ણમાનવ અધ્યાત્મ રૂપ છે. વિશાળ સરોવરો ભડકે બળે, છતાં તે દગ્ધ થતો નથી... મૃત્યુ કે જીવનથી તે નિર્લેપ રહે છે. એને માટે હિત-અહિત શું હોઈ શકે? (અ. ૨, પૃ. ૨૭–૨૮) એવું કોઈ સ્થાન નથી કે જેમાંથી પૂર્ણમાનવ માર્ગ ન કાઢી શકે. આ મુક્તિની પરિસીમા છે.



મેન્શિયસ



હુઆન ત્સુ

# ૧૩ : મેન્શિયસ [ઈ. પૂ. ૩૭૨–૨૮૯]

## (૧) પરિચય

ચાઉ વંશના અંત પહેલાં કન્ફ્યૂશિયસના પગલે પગલે અનેક સંપ્રદાયો પેદા થયા, પણ મેન્શિયસે પોતાનાં આકર્ષક વાક્પાટવ, નૈતિક હિંમત અને ગાઢ પ્રતીતિથી કન્ફ્યૂશિયસના શિક્ષણને જેવું સુદૃઢ અને શ્રદ્ધેય બનાવ્યું એવું અન્ય કોઈ ચિંતકો કરી શકયા નથી. તેમણે જેટલા ઉત્સાહથી કન્ફ્યૂશિયસના શિક્ષણનો પ્રચાર કર્યો તેટલા જ ઉત્સાહથી ઇતર અવિહિત અને અપધર્મી સંપ્રદાયો ઉપર આક્રમણ કર્યું. કન્ફ્યૂશિયસના મૂલ શિક્ષણ પર ભાષ્ય રચી, તેનો વિકાસ-વિસ્તાર સાધી, મેન્શિયસે કન્ફ્યૂશિયસ પછીના મહત્તમ દાર્શનિક તરીકે નામના મેળવી, અને તેઓ ચીનના 'દ્વિતીય સંત' તરીકે પંકાયા.

મેન્શિયસ (Mang ko') એ (Meng Tsu – Master Meng) 'મૅન્ગ-ત્સુ' નામનું લેટિન રૂપ છે. કન્ફ્યૂશિયસના નિધન પછી સો વર્ષ બાદ ઈ. પૂ. ૩૭૨માં તેમનો જન્મ થયો હતો.

મેન્શિયસ તે સમયના તૂસોઉ (Tsou – હાલના શાનતુંગ પ્રાંતમાં) રાજ્યના વતની હતા. એમ કહેવાય છે કે તેઓ લુના અમીરી મૅન્ગ સુન (Meng Sun) કુટુંબમાંથી ઊતરી આવ્યા હતા. જ્યારે જૂની અમીરાતો તૂટવા માંડી ત્યારે મૅન્ગ કુટુંબને લુ છોડી તૂસોઉ આવવું પડયું હતું. કન્ફ્યૂશિયસની જેમ મેન્શિયસના પિતા પણ તેમને માત્ર ત્રણ વર્ષના મૂકી મરણ પામ્યા હતા. એટલે તેમના પાલનપોષણનું ઉત્તરદાયિત્વ તેમની માતા મૅન્ગના શિરે આવી પડયું. મૅન્ગે માતા તરીકે એવું પ્રશસ્ત કર્તવ્ય બજાવ્યું કે એમનું નામ ચીનમાં ઘરેલુ બની ગયું છે.

પોતાના પુત્રના ઉછેર માટે મા મૅન્ગે ત્રણ સ્થળો બદલ્યાં હતાં. પ્રથમ તે કબ્રસ્તાન પાસે રહેવા ગયેલી. ત્યાં બાળક મેન્શિયસ 'દફન અને મૃત્યુ' (વિલાપ)ની રમત રમતા. આથી માતા તત્કાળ બજારમાં રહેવા ગઈ. ત્યાં બાળક 'ખરીદ-વિક્રય'ની ક્રીડામાં મશગૂલ બન્યો. એટલે નાખુશ થયેલી મા એક પાઠશાળાની પડોશમાં રહેવા ગઈ. અલ્પ સમયમાં શિશુએ 'શિક્ષક'નો પાઠ ભજવવા માંડયો. પણ પછી તે એદી અને આળસુ થઈ ભટકવા લાગ્યો.

એક વાર માતાએ મેન્શિયસને પોતાની પાસે બોલાવ્યો. સામે એક સાળ હતી, અને સાળ ઉપર કુટુંબનાં કપડાં માટે મહામહેનતે વણેલું કાપડ હતું. કિશોર જોતો રહ્યો, અને માતાએ ઘણા દિવસની મહેનત પછી તૈયાર કરેલા આખા કપડાને ધારદાર કાતરથી ચીરી નાખ્યું. કિશોર સ્તબ્ધ થઈ ગયો. ગમગીન ચહેરે માતાએ પોતાના સંતાન તરફ જોયું અને કહ્યું : "દીકરા, હું બીજું કાપડ વણી શકીશ પણ તું પ્રમાદમાં કીમતી કલાકો ગુમાવે છે તે કદી પણ પાછા આવશે નહિ." આ તાદૃશ પદાર્થપાઠ કિશોર મેન્શિયસના મન:ફલક પર ચિરકાળ માટે અંકિત થઈ ગયો. પરિણામત: તેના જીવનમાં મૂળભૂત પલટો આવ્યો.

મેન્શિયસમાં જ્ઞાનપિપાસા ઉત્તેજિત થઈ. એમ કહેવાય છે કે કન્ફ્યૂશિયસના પૌત્ર ત્સે-સ્ઝે (Tse-sze) એમને ગુરુ તરીકે પ્રાપ્ત થયા હતા.

*

મેન્શિયસને કન્ફ્યૂશિયસ તરફથી વધારેમાં વધારે પ્રેરણા મળી હતી. એક પ્રસંગે એમણે કહ્યું છે : "જ્યારથી માનવ-જીવન અવનિ પર દેખાયું ત્યારથી આજ દિન સુધી એકમાત્ર આચાર્ય કન્ફ્યૂશિયસ થયો

છે, બીજો થયો નથી. એના સમાન થવું એવી મારી મનીષા છે......જોકે હું તો કન્ફ્યૂશિયસનો સીધો શિષ્ય બની શકું એમ હતું નહિ, પણ એમના હયાત શિષ્યો દ્વારા સદ્‌ગુણ કેળવવા મેં યત્ન કર્યો છે.'' ('The Story of Chinese Philosophy', Ch'u Chai with Winberg Chai, પૃ. ૪૩)

સ્વભાવે બન્ને સંતો વચ્ચે ઘણું અંતર હતું. કન્ફ્યૂશિયસ અંતર્મુખ, બોલવામાં સાવચેત અને વિચારવંત, સંસ્કારસંપન્ન સદ્‌ગૃહસ્થ હતા; જ્યારે મેન્શિયસ બહિર્મુખ અને વિનોદવૃત્તિ માટે વિખ્યાત પુરુષ હતા.

ઈ. પૂ. ચોથી સદીના અંત ભાગમાં જ્યારે 'પૌરાણિક ચીન'ની સમાપ્તિનો આરંભ થયો હતો અને મહાપરિવર્તનો દેખા દેતાં હતાં, ત્યારે મેન્શિયસે તેમનાં કાર્યો અને ચિંતન દ્વારા સારો એવો પ્રભાવ પાડયો હતો.

ઈ. પૂ. ૨૮૯માં ચોર્યાશી વર્ષની ઉંમરે મેન્શિયસે તેમના વતનમાં દેહ છોડયો.

*

ઐતિહાસિક દસ્તાવેજોના આધારે જણાય છે કે તેમણે શિષ્યોના સહકારથી 'મેન્શિયસ' (Meng-Tzu) ગ્રંથની રચના કરી હતી. તેમાં એમના સંવાદોનું સંકલન કરવામાં આવ્યું છે. વખત જતાં આ ગ્રંથનો પ્રભાવ એટલી હદે વધ્યો કે તેની ગણના 'લોકવિશ્રુત ચતુર્ગ્રંથો'માં થવા લાગી. આ ચાર ગ્રંથો કન્ફ્યૂશિયસના ઉપદેશની આધારશિલા ગણાય છે :

૧. તાહસીઓ — મહાવિદ્યા (The Great Learning)
૨. ચુંગ યુંગ — મધ્યમ માર્ગ (The Mean)
૩. લુન યૂ — કન્ફ્યૂશિયસનાં સુભાષિતો (Analects)
૪. મેંગ=ત્ઝે = મેન્શિયસ (Meng Tzu)

## (૨) ગૂઢવાદ

કન્ફ્યૂશિયસવાદ અને મેન્શિયસવાદ અનુસાર વિશ્વ એના સાચા સ્વરૂપે એક નૈતિક વિશ્વ છે. તેઓ આ નૈતિક વિશ્વને જ સ્વર્ગ કહે છે. 'સ્વર્ગને જાણવું' એટલે આ નૈતિક વિશ્વને સમજવું. ''જો માનવી સ્વર્ગને જાણે છે, તો તે ફક્ત સમાજનો નાગરિક નહિ, પણ સ્વર્ગનો નાગરિક (Fien min) બને છે.'' (મેન્શિયસ, ૭–અ, ૧૯)

**અર્થાત્ માનવીનો નૈતિક સિદ્ધાંત એ વિશ્વનો દાર્શનિક સિદ્ધાંત છે.**

ટૂંકમાં, મેન્શિયસ કહે છે : ''પદવીઓ બે પ્રકારની છે : સ્વર્ગીય અને માનવીય.'' આ ભેદ સમજવા જેવો છે : માનવપ્રેમ, કર્તવ્યપાલન, વફાદારી, શુભનિષ્ઠા અને શિવમ્‌નું અનવરત અનુશીલન એ 'સ્વર્ગીય' પદવીઓ છે. રાજકર્તાઓ, અમાત્યો અને અધિકારીઓ એ 'માનવીય' પદવીઓ છે.'' (સ્ટો. ઑ. ચા. ફિ.)

સ્વર્ગનો નાગરિક એટલે કે નૈતિક નાગરિક માત્ર સ્વર્ગીય (નૈતિક) મૂલ્યોની દરકાર કરે છે, વ્યવહારુ દુન્યવી મૂલ્યોની નહિ.

મેન્શિયસ કહે છે: ''આપણી અંદર બધી વસ્તુઓ પરિપૂર્ણ છે. શુ (Shu) – મૂળભૂત છ ગ્રંથોમાંના 'ઈતિહાસ ગ્રંથ'—ના અભ્યાસ સિવાય ઈતર કોઈ અધિકતર સારો માર્ગ નથી કે જે માનવપ્રેમ પાસે લઈ જાય.'' (સ્ટો. ઑ. ચા. ફિ.) અર્થાત્ પોતાના સ્વ-ભાવના નિઃશેષ વિકાસ દ્વારા માનવી કેવળ 'સ્વર્ગ'ને જાણે છે એટલું જ નહિ પણ તે સ્વર્ગ સાથે એકરૂપ થઈ શકે છે. 'શુ'ના અનુશીલનથી માનવીનાં અહમ્ અને સ્વાર્થની માત્રા ઘટતી જાય છે અને જ્યારે તેમનું શમન થાય છે ત્યારે સ્વ અને

પર વચ્ચે ભેદ રહેતો નથી. ફલતઃ વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચે આચ્છાદન રહેતું નથી, એટલે આપણી સર્વ વસ્તુઓ પરિપૂર્ણ થાય છે એવી અનુભૂતિ થાય છે.

આમ તો, આ પૂર્ણ 'માનવીય' અભિગમ છે. છતાં, કેટલાકને મેન્શિયસના દર્શનમાં ગૂઢવાદનું તત્ત્વ દેખાય છે.

'હાઓ જાન ચિહ ચી' (Hao Jan Chih Chi) એ મેન્શિયસની વિશિષ્ટ પારિભાષિક સંજ્ઞા છે. એનો અનુવાદ **મહાન મનોધૈર્ય** (Great Morale) થાય છે. એ શબ્દના તાત્પર્ય અંગે મેન્શિયસ કહે છે: "એને વિષે કંઈ કહેવું દુષ્કર છે. 'મહાન મનોધૈર્ય'નો સંબંધ માનવ અને વિશ્વ સાથે છે અને તેથી તેનું 'અતિ નૈતિક' મૂલ્ય (Super moral value) છે. માનવમાં એ મનોધૈર્ય કે ધૃતિ છે માટે જ તે વિશ્વ સાથે તદાકાર થઈ શકે છે. તે (ધૃતિ) આકાશ અને પૃથ્વી વચ્ચે પરિવ્યાપ્ત છે."

એ 'મહાન મનોધૈર્ય'ને કેળવવા માટે 'કર્તવ્યપાલન (yi) અને તાઓની સંહતિ'ની આવશ્યકતા છે. તાઓ સ્વયં એવો માર્ગ છે કે તે મનનું ઉન્નયન–ઊર્ધ્વીકરણ છે. માણસે વિશ્વનાગરિક તરીકે વિશ્વમાં અવિરત કર્તવ્યપાલન કરવાનું હોય છે. પરંતુ તેમાં યત્કિંચિત પણ બહારનું દબાણ વૈફલ્યને નોંતરે છે. તમે દબાણ કરીને, બળપ્રયોગ અજમાવીને, છોડને તેની નૈસર્ગિક વિકાસ-ગતિથી વધારે શીઘ્રતાથી મોટો નહિ કરી શકો. 'માનવપ્રેમ' એ અંતસ્થ તત્ત્વ છે અને 'કર્તવ્યપાલન' એની બાહ્ય અભિવ્યક્તિ છે. જો માનવ કર્તવ્યપાલન અવિશ્રાંત કરતો રહે તો 'મહાન મનોધૈર્ય' સહજ ઢંગે માનવીના આશ્રયે તેના આધારમાંથી આર્વિભૂત થાય છે. આમ, તેના મૂળ સ્વભાવનો વિકાસ સધાય તો દરેક માનવી સંત બની શકે છે. મેન્શિયસ ભારપૂર્વક કહે છે: "બધા જ મનુષ્યો પૌરાણિક (ઈ. પૂ. ૨૪મી અને ૨૩મી સદીના) આદર્શ સંત–રાજાઓ યાઓ અને શુન બની શકે છે." (સ્ટો. ઑ. ચા. ફિ.)

## (૩) માનવસ્વભાવનો સિદ્ધાંત

માનવપ્રેમ(જેન)ને કન્ફ્યૂશિયસે તેમની મીમાંસાના કેન્દ્રમાં મૂક્યો છે. મેન્શિયસે તેમાં સુધારો સૂચવ્યો કે, માનવપ્રેમની કેળવણી આપવી હોય તો તેને કર્તવ્યપાલન સાથે સંલગ્ન કરવો પડશે. માનવહૃદયને પુષ્ટિ આપે છે તે 'જેન' છે, પણ જે તેના આચારને પુષ્ટિ આપે છે તે 'યિ' છે.

મેન્શિયસ માને છે કે માનવસ્વભાવમાં અંતર્નિહિત ભલાઈ–સાધુતા (goodness) છે અને તે કરુણા તરફ સહજ ઢંગે ઢળતી રહે છે, કારણ કે બન્ને જન્મજાત છે. છતાં "શોધો અને તમને જડશે; બેદરકાર રહો અને તમે ગુમાવશો," એવો ચેતવણીનો સૂર પણ તે ઉચ્ચારે છે.

દરેક મનુષ્યે, અંગત લાભાલાભનો વિચાર કર્યા સિવાય, બિનશરતી જે કર્તવ્ય કરવાનું છે તે કરવું જોઈએ, અને **જે બનવાનું છે તે બનવું જ જોઈએ.** અર્થાત્ તેણે સ્વનો એટલા ઊંચા સ્તર સુધી વિચાર કરવો જોઈએ કે પર તેમાં સમાવિષ્ટ થઈ જાય. 'જેન'ના અનુશીલનનું આ સત્ત્વ છે.

અંતઃસ્થિત, સહજ ભલાઈના સિદ્ધાંતને પુરસ્કૃત કરવા મેન્શિયસ દલીલ કરે છે: "મનુષ્ય માત્રનું મન અન્ય મનુષ્યનું દુઃખ સહન કરી શકતું નથી...કોઈ પણ માણસ કોઈ બાળકને ઓચિંતું કૂવામાં પડતું જુએ, તો અપવાદ સિવાય તે ભય અને વ્યથાનો સંવેગ અનુભવશે જ.

આ પ્રકારનો કરુણાભાવ એ જો **માનવપ્રેમ**(જેન)નો પ્રારંભ છે, તો કુત્સિત આચરણની લજ્જા અને વિરક્તિનો ભાવ એ **કર્તવ્યપાલન** (યિ)નો પ્રારંભ છે. વિનમ્રતા અને સમર્પણ એ **ઔચિત્ય**(લિ)નો પ્રારંભ છે. સારાસારનો ભાવ એ **શાણપણ**(યુંગ–શૂ)નો પ્રારંભ છે. માનવી માટે આ ચતુર્વિધ પ્રારંભો છે." (સ્ટો. ઑ. ચા. ફિ.) આ ચતુર્વિધ આરંભો જ માનવીને પશુથી જુદો પાડે છે. બલ્કે, આ સદ્ગુણોના વિકાસ દ્વારા જ માનવી માનવ બને છે.

* મેન્શિયસ ખુલાસો કરે છે કે માનવસ્વભાવ મૂલતઃ સાધુચરિત છે, એનો અર્થ એવો નથી થતો કે દરેક માનવ કન્ફ્યૂશિયસ કે સંત તરીકે જન્મ્યો છે. માનવમાં એવાં પણ તત્ત્વો છે કે જે સારાં નથી તેમ બૂરાંય નથી, અને તેમને સંયમમાં ન રાખીએ તો અનિષ્ટ પેદા થાય છે.

જો બાહ્ય સંજોગો જન્મજાત સદ્‌ગુણોને વિશેષ બાધક ન નીવડે તો જેમ બીજમાંથી વૃક્ષ વિકસે છે, જેમ "જલનું વહન નીચાણ તરફ હોય છે," તેમ આ ગુણો અંતઃકરણમાંથી સહજ રીતે પાંગરે–પમરે છે અને ભલાઈ તરફ ઢળે છે.

'માનવપ્રેમ' એ માનવનું હ્રદય અને 'કર્તવ્યપાલન' એ એનો રાહ છે; જ્ઞાનસંપાદનનો હેતુ જે હ્રદય ગુમ થયું છે તેની ખોજ કરવાનો છે. ગુમ થયેલા હ્રદયને ખોજવું એટલે આપણા નૈસર્ગિક સ્વભાવને પુનઃ પ્રાપ્ત કરવો. આપણા નૈસર્ગિક સ્વભાવને પુનઃ પ્રાપ્ત કરવો એટલે તેને ખીલવવો અને સર્વને આશીર્વાદ રૂપ થાય એ રીતે એનો પ્રસાર કરવો. મેન્શિયસની દૃષ્ટિએ, આ નિર્દિષ્ટ માર્ગને અનુસરવું એ માનવનો પરમોધર્મ છે.

> "સાધુચરિત હ્રદયને વિસ્તારીને, તેમાં અપરને સમાવી લેવા" એ માનવપ્રેમનું ચરમ ઉદ્‌ઘાટન છે.

## (૪) રાજકીય મીમાંસા

માનવ સંબંધોમાં જ મનુષ્યોનો પૂર્ણ વિકાસ સધાય છે. મેન્શિયસ ઍરિસ્ટૉટલની માફક માનવીને 'રાજકીય પ્રાણી' માને છે. રાજ્ય એ 'નૈતિક સંસ્થા' છે, અને તેનો વડો 'નૈતિક નેતા' હોવો જોઈએ. કન્ફ્યૂશિયસની રાજકીય મીમાંસામાં સંત જ સાચો રાજકર્તા બની શકે છે.

**જો રાજકર્તામાં નૈતિક ગુણોનો અભાવ જણાય તો ક્રાંતિ કરવાનો પ્રજાનો નૈતિક હક છે એમ મેન્શિયસે પ્રતિપાદન કર્યું છે : "અનૈતિક રાજાનો વધ રાજહત્યાનો ગુનો ગણાતો નથી, કેમકે સમ્રાટ એનો નિયત ધર્મ ન બજાવે તો તે નૈતિક દૃષ્ટિએ સમ્રાટ મટી જાય છે." (સ્ટો. ઑ. ચા. ફિ.)**

વળી, મેન્શિયસ કહે છે : "(રાજ્યમાં) 'લોક' જ સર્વોપરી તત્ત્વ છે, જમીન અને ધાન્યના 'દેવતાઓ'નો ક્રમ બીજો આવે, અને 'સમ્રાટ' છેવટે આવે છે." (સ્ટો. ઑ. ચા. ફિ.)

મેન્શિયસના મંતવ્ય પ્રમાણે, સંત-રાજાથી નિયંત્રિત થતા રાજ્યનો અત્યંત અગત્યનો નૈતિક પાયો જમીનની સમાન વહેંચણી પર આધારિત છે. મેન્શિયસની 'કૂપ-ક્ષેત્ર પદ્ધતિ'માં દરેક ચોરસ લિ (માઈલનો લગભગ $\frac{1}{3}$ ભાગ) જમીનના નવ સરખા ભાગ કરવાના હોય છે. દરેક કૃષક કુટુંબને એક ચોરસ ભાગ આપવામાં આવે છે. એમ આઠ કૃષક કુટુંબોને આઠ ભાગોમાં સમાવી લેવામાં આવે છે. કેન્દ્રમાં શેષ રહેલી ચોરસ જમીન એ સાર્વજનિક ખેતર ગણાય છે, અને બધા ખેડૂતો મળીને એની ખેતી કરે છે; અને તેના પાકની ઊપજ સરકારને મળે છે.

દરેક કુટુંબે ખેતરમાં તેની પાંચ એકરની વાડીની આસપાસ શેતૂરનાં વૃક્ષ વાવવાં જોઈએ, જેથી વૃદ્ધોને રેશમી વસ્ત્રો પહેરાવી શકાય. દરેક કુટુંબે મરઘાં અને ડુક્કરો પણ ઉછેરવાં જોઈએ, જેથી વૃદ્ધોને માંસથી પોષી શકાય.

કન્ફ્યૂશિયસ ચુંગ(chung) અને શુ(shu)ના સિદ્ધાંતને વ્યક્તિના આત્મશિક્ષણને લાગુ પાડે છે; જ્યારે મેન્શિયસ તેને રાજશાસન અને રાજનીતિ સુધી વિસ્તારે છે. કન્ફ્યુશિયસને માટે આ સિદ્ધાંત

માત્ર 'આંતરિક ભલાઈ' પૂરતો છે; મેન્શિયસ એનો અર્થ વિસ્તૃત કરીને તેમાં 'બાહ્ય રાજત્વ'ને સમાવી લે છે. મેન્શિયસ કહે છે : "બધા માણસોને હૃદય હોય છે, જે બીજાંનાં દુ:ખો સહન કરી શકતાં નથી. પ્રાચીન રાજાઓને કરુણાર્દ્ર હૃદય હતાં, અને તેથી તેમની સરકારો પણ કરુણાર્દ્ર હતી. આથી કરીને હાથની હથેળીમાં વસ્તુઓને ચકરચકર ફેરવીએ છીએ એટલી સરળતાથી વિશ્વનું રાજ્ય ચલાવી શકાતું."

મેન્શિયસ **સમ્રાટને** 'સ્વર્ગના પુત્ર' અને 'રાજ્યના અગ્ર સેવક' તરીકે વર્ણવે છે. 'ઇતિહાસ ગ્રંથ'માંથી તે અવતરણ આપે છે : "(સ્વર્ગને) કોઈ નિશ્ચિત ઇચ્છા હોતી નથી પણ તે લોકોની આંખે જુએ છે, અને લોકોના કાને સાંભળે છે." **પ્રજા એ માત્ર 'મૂળ' સ્રોત નથી, પણ રાજશાસનનો 'અંતિમ' દંડનાયક છે.**

મેન્શિયસ લિયૅંગ (Liang) પ્રાંતના રાજા ઔઈ(Aui)ને સંબોધીને કહે છે : "જો આપ નેક નામદાર, પરોપકારી સરકાર ચલાવો, અને એક વાર નિષ્ઠુર શિક્ષાઓ ઘટાડાય, કરવેરા અને સૈન્યભરતી ઓછાં કરાય, અવધાન અને શ્રમથી ખેતી કરાય, હૃષ્ટકાય યુવાનોમાં નવરાશના સમયે પુત્રધર્મ અને ભ્રાતૃભાવ, વફાદારી અને પ્રામાણિકતા કેળવાય...તો એ પછી, તમારી પ્રજાને માત્ર દંડૂકાથી સજ્જ કરશો તોપણ તે (દુશ્મનોની) લશ્કરી ટુકડીઓનાં શક્તિશાળી તીક્ષ્ણ નહોરવાળાં હથિયારોનો સામનો કરી શકશે."

*બલ્કે, જ્યાં સુધી લોક ભૂખે મરતા હોય અને ઠંડીમાં થરથરતા હોય ત્યાં સુધી સદાચાર અને શાંતિ આવી શકતાં નથી.

મેન્શિયસ માને છે કે 'યોગ્ય શિક્ષણ' અને 'સારી સરકાર' સાથે સાથે જાય છે. બલ્કે, સારી કેળવણી પ્રજાની ઉપર જેટલું વર્ચસ્ ધરાવે છે તેટલું સારી સરકાર ધરાવી શકતી નથી; કારણ કે 'સારી સરકાર' માત્ર ભયચકિત કરી શકે છે, જ્યારે 'સારી કેળવણી' પ્રેમને ઉત્તેજે છે. 'સારી સરકાર' પ્રજાના પૈસા મેળવે છે, પણ 'સારી કેળવણી' માનવહૃદયને જીતે છે.

**મેન્શિયસ નૈતિક શિક્ષણ પર વિશેષ ઝોક આપતાં કહે છે : "લોકોને પૂરતું અન્ન મળે, દેહ ઢાંકવા કપડાં પ્રાપ્ત થાય, અને સુખેથી વસવાનો પ્રબંધ થાય, તેમ છતાં જો તેમને યથોચિત શિક્ષણ નહિ મળે તો તેઓ પશુવત્ રહેશે."**

## (૫) મૂલ્યાંકન

કન્ફ્યૂશિયસ અને મેન્શિયસ બન્ને મુખ્યત્વે સારા રાજશાસનમાં રસ ધરાવે છે. એવું રાજશાસન લોકો માટે (for) અને લોકોથી (સંમતિથી – by) ચાલવું જોઈએ. મેન્શિયસના મતાનુસાર, "રાજ્યમાં પ્રજાનું સ્થાન સર્વોચ્ચ છે...સમ્રાટની ગણના છેલ્લી થાય છે." કન્ફ્યૂશિયસ સમ્રાટને સર્વોપરી સત્તાધીશ માને છે, પરંતુ રાજશાસકમાં પ્રજાના વિશ્વાસની અગત્ય કબૂલે છે.

મેન્શિયસ માને છે કે, "શાહી સત્તા ભોગવવાનો કેવળ એક જ માર્ગ છે : પ્રજાને જીતો. તેમનાં હૃદયને જીતવાનો કેવળ એક જ માર્ગ છે : તેમને જે ગમે છે તે તેમને આપો અને જેની તેમને નફરત છે તે તેમની ઉપર લાદો નહિ". (સ્ટો. ઑ. ચા. ફિ., પૃ. ૬૬) આધુનિક દૃષ્ટિએ જોતાં મેન્શિયસની ગણતરી આદર્શ **પ્રજાતંત્રવાદી** તરીકે થઈ શકે.

મેન્શિયસના દર્શનમાં માનવસ્વભાવની સહજાત ભલાઈ એ કેન્દ્રીય બિંદુ છે. કન્ફ્યૂશિયસ માનવપ્રેમને અગત્ય આપે છે. માનવમાં જન્મજાત ભલાઈના સિદ્ધાંતને લીધે મેન્શિયસની વિરાટ છબી ઊઠી છે, અને તે 'અમર સંત'(કન્ફ્યૂશિયસ)ના સ્તુત્ય વારસ થઈ શક્યા છે.

# ૧૪ : નૈયાયિક અને વૈધાનિક સંપ્રદાયો [ઈ. પૂ. ૪થી ૩જી સદી]

(The Logical School or 'School of Names')

ચીનીય તત્ત્વવિદોને તર્ક કે ન્યાય(logic)નું સ્વતંત્ર શાસ્ત્ર રચવામાં ઓછો રસ હતો. પ્રારંભિક કન્ફ્યૂશિયસવાદીઓની તત્ત્વમીમાંસા અમૂર્તના પ્રદેશમાં વા દશ્ય-પારની ક્ષિતિજોમાં પહોંચી નહોતી. પરંતુ જે ચિંતન અમૂર્તના પ્રદેશમાં પ્રવેશે છે અને નામરૂપ(ming-shih)ની પર ચાલ્યું જાય છે, તે જીવનના ઊર્ધ્વતમ પરિમાણમાં પ્રવિષ્ટ થઈ શકે છે. ચીનીય તત્ત્વજ્ઞાનની તવારીખમાં આ પ્રકારના પરાત્પરતા(transcendence)ની પ્રથમ મીમાંસા એ નૈયાયિકોની મીમાંસા છે.

આ ન્યાય-તત્ત્વચિંતન(Ming Chia)ના પ્રતિનિધિ રૂપ બે આચાર્યો હુઈ શિહ (Hui Shih) (ઈ. પૂ. આશરે ૩૫૦–૨૬૦) અને કુંગ-સુન લુંગ (Kung Sun Lung) (ઈ. પૂ. આશરે ૩૨૦–૨૫૦) હતા. હુઈ શિહ અને ચ્વૉંગ-ત્સુ (ઈ. પૂ. ૩૬૯–૨૮૬) મિત્રો ઉપરાંત પરસ્પરના ટીકાકાર હતા. 'ચ્વૉંગ-ત્સુ' નામક ગ્રંથમાં બન્ને વચ્ચે થયેલા રસપ્રદ સંવાદો વાંચવા મળે છે.

હુઈ શિહે લોકવિચારથી વિપરીત વિચારો જ વ્યક્ત કર્યા છે. તેઓ દરેક વિચારધારાની વિરુદ્ધ વિવાદમાં વ્યસ્ત રહેતા. તેઓ કહે છે : "અગ્નિ ગરમ નથી, ઊડતા પક્ષીનો પડછાયો અચલ છે, શ્વેત ગલૂડિયું કાળું છે, અને શ્વાન ઘેટું હોઈ શકે." તેમના સિદ્ધાંત અનુસાર, "જે મહત્તમ (greatest) एक છે તેનાથી પર કશું નથી, અને જે લઘુતમ (smallest) एक છે તેની અંદર કશું જ નથી અર્થાત્ શૂન્ય છે." આ 'મહત્તમ એક' અને 'લઘુતમ એક' નિરપેક્ષ (absolute) અને કૂટસ્થ–શાશ્વત (unchangeable) છે. અર્થાત્ જે ચરમ તત્ત્વ છે તે ગુરુતમ અને લઘુતમ સ્વભાવવાળું છે. એનાથી કોઈ મોટું નથી, કશું છોટું નથી. બન્ને અંતિમો એમાં સમાવિષ્ટ છે.

નિરપેક્ષ દૃષ્ટિબિંદુથી જોઈએ તો, જગતની નામ-રૂપયુક્ત વસ્તુઓ પરિવર્તનશીલ અને સાપેક્ષ છે. 'નાનું' અને 'મોટું', 'ઊંચું' અને 'નીચું', 'સાદશ્ય' અને 'વિભિન્ન', 'પરિમિત' અને 'અપરિમિત', 'આગત' અને 'અતીત', 'સંરચના' અને 'વિધ્વંસ' એ બધા ભેદો સાપેક્ષ છે.

કુંગ-સુન લુંગ કહે છે : 'સાદશ્ય' અને 'વિભિન્ન'નો મેં સમન્વય સાધ્યો છે; 'કઠિનતા' (hardness) અને 'શુભ્રતા'(whiteness)ને ભિન્ન કર્યાં છે; જે અશક્ય છે, તે શક્ય છે એમ સાબિત કર્યું છે અને બીજાઓએ જેનો અસ્વીકાર કર્યો હતો તેનું મેં દઢીકરણ કર્યું છે. મેં બધા તત્ત્વવેત્તાઓના જ્ઞાનનું ખંડન કર્યું છે. મારી સામે કરેલી બધી દલીલોને મેં ખોટી પુરવાર કરી છે."

કુંગ-સુન લુંગે સાર્વત્રિક વિચારતત્ત્વ (CHIH=Universal 'idea') અને સવિશેષ સંજ્ઞા-(particular 'name')ની શોધ કરી. તેઓ કહે છે : "એક દૃષ્ટિએ, જે સવિશેષ (particular) છે તે બીજી દૃષ્ટિએ સાર્વત્રિક (universal) છે. દા. ત., 'ઘોડો' સંજ્ઞા મૂર્ત પિંડધારી (concrete) ઘોડાનો નિર્દેશ કરે છે, અને સાથે સાથે 'ઘોડાપણા'ના અમૂર્ત સાર્વત્રિક વિચારતત્ત્વને પણ પ્રદર્શિત કરે છે. સવિશેષ સંજ્ઞાધારી ઘોડો પરિવર્તનશીલ છે, પણ 'ઘોડાપણા'નું અમૂર્ત સાર્વત્રિક વિચારતત્ત્વ અપરિવર્તનશીલ છે.

આ સાર્વત્રિક વિચારતત્ત્વ સ્વલક્ષી નથી પણ પ્લેટોના રૂપતત્ત્વ (idea) સમાન વસ્તુલક્ષી છે.

ચીનીય નૈયાયિકો માણસોના શબ્દપ્રયોગોને ખોટા ઠેરવી શક્યા, પરંતુ પોતાની વાત તેમના મનમાં ઠસાવી ન શક્યા. તેઓ સામાન્ય અક્કલ(common sense)થી વંચિત થયા, અને સંજ્ઞાઓની તાર્કિક રમત રમવા લાગ્યા. તેઓ દલીલ ખાતર દલીલ કરતા, અને વાક્ચાતુર્યથી બીજાની માન્યતાઓનો વિચ્છેદ કરી, તેમને શાંત કરી દેતા. આમ, તેમણે જરૂર શ્રોતાઓના મનને સંમોહિત કર્યું— તેની પર જાદુ પાથર્યો.

ચીનની ફિલસૂફીમાં આ બેઉ તાર્કિકોનું યોગદાન અવશ્ય છે. તેમણે તેમના પ્રતિસ્પર્ધીઓને વિચાર કરતા કરી મૂક્યા. આ બંનેએ ચિંતન ક્ષેત્રે **પરાસૃષ્ટિ**નું દ્વાર ખોલી આપીને એકત્વનો બોધ આપ્યો. એમાંથી જ "બધી વસ્તુઓને સમભાવથી ચાહવાનો" સિદ્ધાંત ફલિત થયો. પરિણામે, હુઈ શિહ અને કુંગ-સુન લુંગ બન્ને શાંતિવાદ અને નિઃશસ્ત્રીકરણના પુરસ્કર્તા ગણાયા. પરંતુ **તેમનો આ સિદ્ધાંત ધાર્મિક કરતાં બૌદ્ધિક વધારે છે.**

ઈ. પૂ. ૪થી સદીમાં ચીનમાં પ્રચંડ બુદ્ધિ-વિરોધી (anti-intellectual) આંદોલન જોર પકડતું હતું; તેના સર્વોપરી પ્રણેતા ચ્યૌંગ-ત્સુ હતા. એમને વિષે આપણે અગાઉ વિગતે વિવરણ કરી ગયા છીએ. એમના પ્રચંડ પ્રભાવને કારણે, ઉગમકાળમાં જ આ નૈયાયિક ચળવળનો અંત આવ્યો. એક રીતે આ કમનસીબ ઘટના છે. 'ન્યાય શાખા'ની તટસ્થ વિશ્લેષણાત્મક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ચીન વંચિત રહ્યું ન હોત તો તેના અધિષ્ઠાન પર તે તત્ત્વમીમાંસા (metaphysics) અને જ્ઞાન-મીમાંસા(epistemology)ની રચના કરી શક્યું હોત.

## વૈધાનિક સંપ્રદાય (ઈ. પૂ. ૩જી સદી)

### (The Legalist School)

હાન ફેઈ-ત્સુ (Han Fei-Tsu) (ઈ. પૂ. ૨૮૦-૨૩૩) વૈધાનિક સંપ્રદાયના અગ્ર પ્રતિનિધિ હતા. તેઓ કન્ફ્યૂશિયસવાદી પંડિત હ્સૂન-ત્સુ (Hsün Tsu)ના શિષ્ય હતા. છતાં તેમની વિચારશ્રેણી આગવી અને સ્વતંત્ર છે. તેમણે પૌરાણિક પરિપાટીઓનો વિરોધ કર્યો. તેમના મતે, કશું સર્વકાળ માટે સ્થાયી—સનાતન—હોતું નથી; બદલાતા યુગ પ્રમાણે દરેક સમસ્યાનું સમાધાન અભિનવ અને મૌલિક અભિગમથી લાવવું જોઈએ. તેમના અને તેમના અનુગામી વૈધાનિક ચિંતકોના ચિંતન માટેની ભૂમિકા ચીનમાં જે રીતે તૈયાર થઈ રહી હતી તેના પર દષ્ટિપાત કરીને, આ તત્ત્વચિંતનના સિદ્ધાંતોનો સાર સંક્ષેપમાં સમજીશું.

આ સદી દરમિયાન ચીનમાં આક્રમણ અને વિજય દ્વારા કેટલાંક રાજ્યો મોટાં થતાં ગયાં હતાં, તેમની સરહદો વિસ્તરી હતી. તેથી સંકુલ રાજ્યશાસનને વ્યવસ્થિત રીતે ચલાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. તે વખતે કેટલીક એવી વ્યક્તિઓ હતી કે જેમને વ્યાવહારિક રાજનીતિનું ઊંડું જ્ઞાન હતું. તેઓ ઘણી વાર રાજવીઓના વિશ્વાસુ સલાહકાર બની જતા. તેઓ 'માર્ગદર્શકો' (men of method) તરીકે જાણીતા છે. તેમણે વિશાળ પ્રદેશોની રાજ્યવ્યવસ્થાની નવી પદ્ધતિ શોધી કાઢી. એ પદ્ધતિનું હાર્દ રાજકર્તાના હાથમાં સત્તાનું કેન્દ્રીકરણ કરવાનું હતું. રાજકારણના આ નિષ્ણાતો માનતા કે શાસકે 'સંત' કે 'અતિમાનવ' (super-man) હોવાની કિંચિત્ માત્ર જરૂર નથી. સામાન્ય અક્કલનો કોઈ પણ માનવી રાજ્યને સારી રીતે ચલાવી શકે છે, માત્ર તેને રાજકારોબારના સંચાલનના તરીકા બતાવવા જોઈએ. ટૂંકમાં, 'શાસક' એટલે સરમુખત્યાર. એમાંથી 'વૈધાનિક તત્ત્વશાખા'ની વિચારસરણીની સંરચના થઈ.

આ વૈધાનિકો(legalists)એ રાજતંત્રની નવી પ્રણાલીઓ શોધી, જે એમની દષ્ટિએ ખાતરીબંધ હતી: તે મુજબ, સ્વભાવે માનવી દુષ્ટ છે—કુત્સિત છે. આ પ્રકારના ગૃહિતને લીધે એમનું પ્રથમ કદમ કાનૂનો કે વિધાનો ઘડવાનું હતું. વળી તેમણે શાસકના હાથમાં સંપૂર્ણ સત્તાનાં સૂત્રો મૂકી દીધાં. વિધાનનું ઉલ્લંઘન કરનારને શિક્ષા થતી, અને તેનું પાલન કરનારને પુરસ્કાર અપાતો. આની પાછળ મનોવૈજ્ઞાનિક કારણ રહ્યું હોવાનું જણાવવામાં આવ્યું.

જોકે, વૈધાનિકોના મતે કાયદો દરેક જણને સરખી રીતે લાગુ પડે છે; પછી તે 'ખુદાવંત' હોય કે 'હમાલ'! એનો અચૂક મર્માર્થ એ છે કે બધા મનુષ્યો સરખા છે. આ રીતે માનવ-સમાનતાના સિદ્ધાંતની વિભાવના આકાર પામી.

શાસક પાસે વિશિષ્ટ કાર્યક્ષમતા કે ઉચ્ચ શીલની અપેક્ષા રખાતી નથી; કેમ કે તે સ્વયં કશું કરતો નથી, બીજાઓ પાસે પોતાનું કાર્ય કરાવે છે. આ પ્રકારે 'નૈષ્કર્મ્ય' (વુ–વેઈ)ના સિદ્ધાંતનું અર્થઘટન કર્યું. વળી, વૈધાનિકોએ કન્ફ્યૂશિયસના 'નામ પ્રમાણે ગુણ'(the rectification of names)ના સિદ્ધાંતને અપનાવ્યો. જેવું નામ તેવા ગુણો અવશ્ય હોવા જોઈએ. પરંતુ તેનો અર્થ તેમણે એવો ઘટાવ્યો કે 'રાજા'માં રાજાના આદર્શ ગુણો અને 'રસોઈયા'માં રસોઈયાના આદર્શ ગુણો હોવા જરૂરી છે. 'પુત્ર'ના નામ પ્રમાણે પુત્રે તેના વિહિત સ્વધર્મો બજાવવા જોઈએ. તેમણે કન્ફ્યૂશિયસવાદીઓના ઔચિત્ય (li) અને નૈતિકતા દ્વારા લોકો પર રાજ્ય કરવું જોઈએ, શિક્ષાના ભય અને પુરસ્કારની લાલચથી નહિ, એ વિચારોને 'પુસ્તકિયા' અને 'અવહેવારુ' કહ્યા.

આમ કન્ફ્યૂશિયસવાદીઓ 'આદર્શવાદી' ગણાયા, જ્યારે વિધાનવેત્તાઓ 'યથાર્થવાદી' મનાયા.

એકંદરે, વૈધાનિકતા(legalism)નાં મુખ્ય લક્ષણો છે: જુનવાણી અને પુરાણી વિચારધારાઓ સામે વિદ્રોહ, શાસકના હાથમાં સત્તાનું કેન્દ્રીકરણ, કાયદા દ્વારા વ્યવહાર, સજા અને ઈનામ, નામ મુજબ ગુણો. પરિણામે, રાજનીતિનો દક્ષ પ્રયોગ, સત્તાની અજમાયશ અને વિશિષ્ટ અર્થમાં 'નૈષ્કર્મ્ય' આ સિદ્ધાંતો રાજતંત્ર ચલાવવાના શ્રેષ્ઠ માર્ગો બની રહ્યા.

*

બે જ શબ્દોમાં વૈધાનિક તત્ત્વદર્શનને મૂકી શકાય: ફા (fa) અને શિહ (shih). ફા કાયદો, શિક્ષા, રિવાજ, કર્તવ્ય, અનુશાસન, પ્રણાલિકા, પ્રવિધિ યા આદર્શને આવરી લે છે; અને 'શિહ' સત્તા દર્શાવે છે.

ઈ. પૂ. ૨૨૧માં વૈધાનિક તત્ત્વચિંતકોએ સામંતશાહીનો ઉચ્છેદ અને નવા વંશની સ્થાપના કરવામાં ચીન (Ch'in)ને સહાય કરી. ઈ. પૂ. ૨૧૩માં ચીને વૈધાનિક શાખાની સર્વાધિકારવાદી, એકહથ્થું ફિલસૂફીને રાષ્ટ્ર પર લાદી, અને અન્ય તત્ત્વશાખાઓને રૂંધી દઈને તેમના ગ્રંથોની હોળી કરી. આ રીતે 'શાસ્તાઓની શત વિચાર–શાખાઓ'નો મૃત્યુઘંટ વાગ્યો.



વૈધાનિક તત્ત્વવેત્તા (યથાર્થવાદી)

હાન ફેઈ-ત્સુ

(ઈ. પૂ. ૨૮૦–૨૩૩)

# ૧૫ : મધ્યયુગી તત્ત્વચિંતન [ઈ. પૂ. ૨જી સદીથી ઈ. સ. ૧૦મી સદી]

## (સમન્વિત કન્ફ્યૂશિયસવાદ)

( Syncretic Confucianism )

ઈ. પૂ. ૧૩૬માં કન્ફ્યૂશિયસવાદ ચીનીય રાષ્ટ્રની અધિકૃત વિચાર શ્રેણી બન્યો. સરકાર, સમાજ, શિક્ષણ અને સાહિત્ય પર એનો પ્રભાવ સર્વોપરી હતો, અને તે વીસમી સદી પર્યંત ચાલુ રહ્યો.

તુંગ ચુંગ-શુ ( Tung Chung-Shu ) ( ઈ. પૂ. ૧૭૯ - ૧૦૪) કન્ફ્યૂશિયસવાદી પંડિત હતા. એ પછી હાન સમય ( Han period—ઈ. સ. ૧૭૦ - ૨૨૫ ) દરમ્યાન તેઓ તત્ત્વજ્ઞાન ક્ષેત્રે તેમના સિદ્ધાંત-સાર 'સંદોહનવાદ' ( eclecticism ) માટે જાણીતા છે. તાઓવાદની સંકલ્પનાઓનો ઉપયોગ કરી તેમણે નૈતિક અને રાજકીય મીમાંસાઓ વિકસાવી. તેમની દૃષ્ટિએ, રાજા 'યાંગ' છે અને મંત્રી 'યિન' છે. પતિ 'યાંગ' છે અને પત્ની 'યિન' છે. સંક્ષેપમાં, દરેક વસ્તુને આ બે વૈશ્વિક નિયમો લાગુ પડે છે. ઉપરાંત, 'માનવ' અને 'નિસર્ગ' વચ્ચે અન્યોન્ય અસરનો તેમણે બોધ દીધો અને એક આગવી ચિંતનપ્રણાલી સ્થાપી, જે **નવ-તાઓવાદ**ના ઊગમ સુધી પ્રભાવક રહી.

આ પછીના વાન્ગ ચુંગ (Wang Ch'ung—ઈ. સ. આશરે ૨૭ થી ૯૭) સંશયવાદી અને સ્વતંત્ર ચિંતક હતા. તેમણે યિન-યાંગ તત્ત્વશાખાનો વિરોધ કર્યો અને આકાશ અને પૃથ્વી વચ્ચે કોઈ પરસ્પર ક્રિયા થતી હોવાનો ઇન્કાર કર્યો. તેમણે ભાવિના 'બુદ્ધિવાદ' (rationalism), 'નિસર્ગવાદ' (naturalism) અને 'તાઓવાદ'ની **પુનર્જાગૃતિનો** માર્ગ ખુલ્લો કરી આપ્યો. ગરીબાઈમાં પણ તેમણે તેમનું સ્થાન જાળવી રાખ્યું.

વધુમાં, વાન્ગ ચુંગ માનતા હતા કે માનવી આ અગાધ વિશ્વમાં એક ચાંચડ કે જૂ જેવું તુચ્છ પ્રાણી છે, અને તે કુદરત ઉપર કશો પ્રભાવ પાડી શકતો નથી. તેમણે એવો પણ આગ્રહ રાખ્યો કે કોઈ પણ વાદ, મત કે સિદ્ધાંતને વૈજ્ઞાનિક વસ્તુવાચક (objective) પુરાવાથી નાણી જોવો જોઈએ. યુક્તિસંગત વિચારણા અને આલોચનાત્મક અભિગમમાં કદાચ બીજો કોઈ ચીનીય તત્ત્વવેત્તા વાગ ચુંગનો હરીફ થઈ શકે એમ નથી. તેમણે સર્વ પ્રકારની ભૂલભરેલી માન્યતાઓ અને ભૂતપ્રેતમાંની અંધશ્રદ્ધાનું નિરસન કર્યું. તેમણે પ્રતિપાદિત કર્યું કે સર્વ પદાર્થો અને ભૂતમાત્ર સ્વર્ગ (આકાશ) અને પૃથ્વીના ચિન્મય શક્તિ-પ્રપાતનું સહજ પરિણામ છે. તેઓ 'સયુક્તિક પ્રકૃતિવાદ' (rationalist naturalism) ને એટલી ઉચ્ચ ટોચે લઈ ગયા કે જ્યાં પૂર્વે ચીનીય ઇતિહાસમાં કોઈ પહોંચ્યું નહોતું. એ રીતે તેમણે સયુક્તિક અને પ્રાકૃતિક **નવ-તાઓવાદના આગમન** માટે ભૂમિકા તૈયાર કરી, જે એક સૈકા પછી **'સમન્વિત કન્ફ્યૂશિયસવાદી'** તત્ત્વદર્શનની જગ્યા લેવાનો હતો.

હાન વંશ( ઈ. પૂ. ૨૦૬ થી ઈ. સ. ૨૨૦)ના અસ્તકાળ દરમ્યાન તાઓ ચિંતનમાંથી **'તાઓ ધર્મ'**-**( Tao Chiao )**નો પ્રારંભ થયો. કેટલાક વિચારકો તાઓના આ 'ધર્મ-સ્વરૂપ'ને **નવ-તાઓવાદ** તરીકે ઓળખે છે. કાળક્રમે સામાન્ય જનસમુદાયને રોચક 'તાઓ ધર્મ' બૌદ્ધ ધર્મના અનુકરણ રૂપે વિકસ્યો. તેણે મંદિરો, પુરોહિતપરંપરા ( priesthood ) અને સાર્વજનિક પૂજાવિધિ( liturgy )ની પ્રણાલી શરૂ કરી. આમ, અંતે તાઓની અમૂર્ત મીમાંસાએ બાહ્ય ક્રિયાકાંડી સ્વરૂપ ધારણ કર્યું.

એક રીતે જોતાં, 'તાઓ ધર્મ' બૌદ્ધ ધર્મનો વિરોધ કરતો હતો. તે બૌદ્ધ ધર્મ જેટલો 'પારલૌકિક' ન હતો. પરંતુ બીજી બાજુ, તાઓ તત્ત્વચિંતને બૌદ્ધ તત્ત્વદર્શન સાથે સખ્ય સાધ્યું. મૂળમાં તો બંને તત્ત્વમીમાંસાઓ 'રહસ્યવાદી' છે — તાઓ 'અનામી' છે, અને બૌદ્ધોની તથતા (suchness) પણ 'સંજ્ઞાતીત' છે.

## નવ-તાઓવાદ (ઈ. સ. ૩–૪ સદી)

મહા તેજસ્વી નવ–તાઓવાદી વાન્ગપિ(Wang Pi)ની દૃષ્ટિએ, જે ચરમ–પરમ સત્તા છે તે આદિ–અવ્યક્ત (pen wu) છે. તે શૂન્યતા (nothingness) હોવા છતાં વિશુદ્ધ સત્ત્વ, આદિતત્ત્વ છે, જે બધા ભેદો અને વ્યાખ્યાઓને અતિક્રમી જાય છે. આ પરમ સત્ત્વ અખિલ અને ઊર્જસ્વી છે. તે નિરંતર નિતાંત 'યથાતથ' (real) હોય છે; કારણ કે તે બધી સવિશેષ વિભાવનાઓ અને ઘટનાઓને એકસૂત્રે બાંધતાં વિશ્વગત, તર્કસંગત નિયમ ઔચિત્ય(li)ને અનુરૂપ કાર્ય કરે છે. આમ, ઔચિત્યનો સિદ્ધાંત અહીં નવો સ્વાંગ ધારણ કરે છે. અવ્યકતમાં જ દ્રવ્ય (substance) અને પ્રકર્મ (function) એકરૂપે નિહિત છે.

માત્ર ૨૩ વર્ષ જીવીને આ પ્રભાવવંત ચિંતક વાન્ગ પિ (ઈ. સ. ૨૨૬-૨૪૯) વિલીન થયા.

બીજા વિખ્યાત નવ-તાઓવાદી કુઓ હ્સિયંગ(Kuo Hsiang–ઈ. સ. ૨૩૪-૩૧૨)ના મતાનુસાર લિ(li)ના નિયમ પ્રમાણે બધી વસ્તુઓ સ્વયં પરિવર્તિત થયા કરે છે, કિંતુ દરેક વસ્તુને નિજનો અંત:સ્થિત (immanent) સિદ્ધાંત હોય છે. ફલત: દરેક વસ્તુ સ્વાવલંબી, સ્વપર્યાપ્ત હોય છે, અને વસ્તુઓને સાંકળવા કે નિયંત્રિત કરવા માટે, વાન્ગ પિ માને છે તેવી, કોઈ સર્વોપરી આદિસત્તાની આવશ્યકતા રહેતી નથી.

વાન્ગ પિએ એકમાત્ર 'અવ્યક્ત' (non-being) ઉપર ભાર મૂક્યો, જ્યારે કુઓ હ્સિયંગે વ્યક્ત (being) અનેક અન્ત:સ્થિત તત્ત્વ પર ઝોક આપ્યો.

## બૌદ્ધ ધર્મ

ઈ. સ.ની પહેલી સદીમાં બૌદ્ધ ધર્મ મધ્ય એશિયા દ્વારા જ્યારે ચીનમાં પહેલી વાર સંક્રાંત થયો ત્યારે 'ગુહ્ય વિજ્ઞાન (occult arts) તરીકે તેની ગણના થતી હતી; અને તેની ચમત્કારિકતા (occultism) માટે ચીનાઓ તેના તરફ આકર્ષાયા હતા.

બૌદ્ધ પંથોએ 'વ્યક્ત' અને 'અવ્યક્ત'નો સમન્વય સાધ્યો અને તે આજ દિન સુધી ચાલુ રહ્યો. 'તથતા' યા નિર્વાણની તાઓવાદના 'પરમ અવ્યક્ત' (absolute not-being) સાથે તુલના કરી શકાય. આ પછી ઈ. સ. ત્રીજી અને ચોથી સદીમાં તાઓવાદી વિશ્રુત સારસ્વતો ખ્યાત બૌદ્ધ સાધુઓના ગાઢ સંપર્કમાં આવ્યા. તેમણે બૌદ્ધ સૂત્રોનું અનુશીલન કર્યું. ચીનાઓએ ભારતીય સ્વરૂપના બૌદ્ધ ધર્મનો સ્વીકાર ન કર્યો. તેમણે તેનું **ચીનીકરણ** કર્યું. આમ છતાં બૌદ્ધ ધર્મની ચીનીય માનસ અને સભ્યતા પર પ્રભાવકારી અને દૂરગામી અસર પડી છે. એનાથી ચીનીય તત્ત્વદર્શન સમૃદ્ધ થયું.

બૌદ્ધોની 'ગુહ્ય ધ્યાન' શાખાએ વિશ્વને આધ્યાત્મિક કે બુદ્ધની 'કાયા' તરીકે માન્યું છે. ચીનની **ચાન** (ch'an — સંસ્કૃતમાં ધ્યાન અને જાપાનમાં ઝેન) શાખા બૌદ્ધ સંપ્રદાયોમાં અત્યંત અગત્યની શાખા છે. 'ચાન' પ્રત્યક્ષ અંત:પ્રજ્ઞા(direct intuition)ની પ્રવિધિ (technique) છે, જેનાથી 'બુદ્ધત્વ' (Buddha-nature) શોધી શકાય. 'બુદ્ધત્વ' માનવની નિજી ચેતનામાં સહવર્તી છે. તેના સાક્ષાત્ બોધ માટે કોઈ પણ બાહ્ય માધ્યમ વિના, સીધા પોતાના ચિત્તની અંદર જોવાનું પૂરતું છે.

સાક્ષાત્ અંતઃપ્રજ્ઞાની 'ચાન' પદ્ધતિ અને એના દ્વારા પ્રાપ્ત થતી શીઘ્ર સંબોધી( satori )એ ચીનીય માનસને સિદ્ધ અને નિઃશેષ મુક્તિનો માર્ગ નિર્દેશ્યો છે. ધ્યાનના એકમાત્ર આધારથી ચીનીય કલ્પનાશક્તિ સતેજ અને ઉત્કટ બની છે, અને તે તાંગ વંશ ( T'ang dynasty—ઈ. સ. ૬૧૮-૯૦૯)ના સમયનાં પ્રશસ્ત કવિતા અને ભૂમિદૃશ્યોનાં ચિત્રલેખન દ્વારા પ્રગટ થઈ છે. પરંતુ આવી 'નિવૃત્તિમાર્ગી વિરતિ' મૂલતઃ વ્યવહારાત્મક અને માનવતાવાદી ચીન સાથે મેળ બેસાડી શકી નહિ. ફલતઃ તેનો અધઃપાત થયો.

સુખાવતી શાખા ( The Pure Land School ) શ્રદ્ધાનો વાદ છે, અને એમાં અલ્પતમ તત્ત્વ-મીમાંસા છે. તેની મૂલભૂત માન્યતાઓ, જેવી કે 'સર્વ માટે મુક્તિ અને શ્રદ્ધાથી મુક્તિ' એ 'એકમાં સકલ અને સકલમાં એક'ના વિચારની પ્રતીતિ પર અવલંબિત છે. બુદ્ધનું નિર્વાણ એટલે અમેય પ્રકાશ અને નિરવધિ સુખાવતી.

## અમીર માણસ

અમીર માણસ પોતાની જીવનયાત્રા દરમ્યાન સાંકડા પક્ષપાત કે ઊંડા દ્વેષભાવ કદી રાખતો નથી. કર્તવ્યના માર્ગને જ અનુસરે છે.

તે પોતાના કર્તવ્ય વિશેના જ્ઞાનમાં પ્રવીણ હોય છે.

તે બીજાઓના સારા ગુણોનું ગૌરવ કરે છે અને નઠારા ગુણો ઉપર વિશેષ ભાર નથી મૂકતો.

તે અન્યને અનુકૂળ થવાને પ્રયત્નશીલ હોય છે, પણ ખુશામત નથી કરતો.

તે સેવા કરનારને માટે સુતરો છે, પણ એની પ્રસન્નતા મેળવવી અઘરી છે. જેઓ ખોટે રસ્તે એની પ્રસન્નતા મેળવવાના પ્રયત્ન કરતા હશે તે નિષ્ફળ જશે. બીજાની પાસે કામ લેતી વખતે કુદરતી વલણ અને શક્તિની મર્યાદા એ ધ્યાનમાં રાખે છે.

તે ગૌરવસંપન્ન હોય છે પણ અભિમાની નથી હોતો.

તેનું વલણ ઊંચે જવા તરફ હોય છે.

તે પોતાની બિનઆવડતનો શોચ કરે છે; બીજાઓ મને ગણતા નથી એ વિચારથી એ દુઃખી થતો નથી.

તે કશી પણ વિખ્યાતિ વિના જીવન પૂરું કરવું એને ધિક્કારે છે.

તે પોતાની જરૂરિયાતો પૂરી કરવાને પોતાના અંતરમાં તપાસ કરે છે.

તે ત્રણ બાબતો પ્રત્યે **ભયયુક્ત આદર**ની દૃષ્ટિથી જુએ છે. પ્રભુની ઇચ્છા પ્રત્યે એનો આદર એ પ્રકારનો હોય છે; મોટા માણસો પ્રત્યે એનો આદર એ પ્રકારનો હોય છે, સાધુસંતોનાં ઉપદેશ-વચનો પ્રત્યે પણ એનો આદર એ પ્રકારનો હોય છે.

# ૧૬ : અર્વાચીન કાળ [ઈ. સ. ૯૬૦–૧૯૧૨]

## નવ-કન્ફ્યૂશિયસવાદ

નવ-કન્ફ્યૂશિયસવાદીઓને લાગ્યું કે બુદ્ધ ધર્મમાં કશું અસલી, સારભૂત નથી. નવ-કન્ફ્યૂશિયસવાદ વસ્તુત: આધુનિક ચીનીય તત્ત્વદર્શન છે. છેલ્લાં ૮૦૦ વર્ષથી માત્ર ચીનીય માનસ ઉપર જ નહિ, પણ ઘણાં સૈકાંઓ સુધી જાપાનીય માનસ ઉપર પણ આ વિચારશૈલીએ વર્ચસ્ જમાવ્યું હતું. ચીનમાં તેનો ત્રિવિધ શાખાઓમાં વિકાસ થયો :

સુંગ કાળ(Sung period – ઈ. સ. ૯૬૦-૧૨૭૯)માં પ્રનિયમ શાખા (The school of principle); મિંગ કાળ(Ming period – ઈ. સ. ૧૩૬૯–૧૬૪૪)માં મનસ્ શાખા (The school of mind); અને ચિંગ કાળ(Ching period – ઈ. સ. ૧૬૪૪–૧૯૧૧)માં અનુભવવાદી શાખા (The empirical school) પ્રનિયમ કે પરમ સત્તા શાખા (T'ai – chi) મહાંતિમ (The Great ultimate i. e. T'ai-chi) પર કેન્દ્રિત થઈ છે. 'તાઈ–ચિ' સ્વયં-સ્પંદન દ્વારા યાંગને ઉત્પન્ન કરે છે. જ્યારે તેની ગતિ અંતિમે પહોંચે છે ત્યારે તે શાંત થાય છે. આ શાંતિ દ્વારા પરમ સત્તા યિનને ઉત્પન્ન કરે છે. આ બે પરિબળો મૂલત: એક છે, કારણ કે અનેક એ અંતત: એક છે અને એકમાંથી અનેક વિભાજિત થયા છે.

"અનેક કે વસ્તુઓમાંની એકે એક વસ્તુ મહાંતિમ–પરમ સત્તાથી સુસજ્જ થઈ છે અને પ્રત્યેક વસ્તુ તેના વિશિષ્ટ રૂપે સમગ્ર 'પરમ સત્તા'ને ધારણ કરે છે. આકાશમાં એક જ ચંદ્ર છે, પણ જ્યારે સરિતાઓ અને સરોવરો પર તેનો પ્રકાશ પથરાય છે, ત્યારે તે દરેક સ્થળે જોઈ શકાય છે. ચંદ્રમાં તડ પડી છે, તેના ટુકડા થયા છે એમ કહી શકાશે નહિ." (Chau Tun–i, Tung Shu, 22)

બધી વસ્તુઓમાં એક જ તત્ત્વ મહાંતિમ કે 'પરમ સત્તા' અંતર્ગત છે, અને તેથી બધી વસ્તુઓ મળીને એક જ અંગ કે ઘટક બને છે.

જેમ ભૌતિક શક્તિ કાર્યાન્વિત થાય છે, તેમ 'પરમ સત્તા' પણ કાર્યાન્વિત થાય છે. બન્ને એક-બીજા પર આધાર રાખે છે, અને કદાપિ પૃથક્ થતાં નથી. બન્ને એક જ તત્ત્વનાં બે સ્વરૂપો છે. તેથી વિશ્વ એક નિયમબદ્ધ સમષ્ટિ કે સુતંત્ર (cosmos) છે. નૈતિક સુવ્યવસ્થા પણ આ સમષ્ટિનો એક જીવંત ભાગ છે.

એટલે વસ્તુઓ અને આપણી વચ્ચે કશો ભેદ માનવાની જરૂર નથી. આપણો પ્રેમ વિશ્વસ્પર્શી હોવો જોઈએ.

## મનસ્ શાખા

### (The School of Mind)

લુ હ્સિયંગ-શુને (Lu Hsiang-shun) (ઈ. સ. ૧૧૩૯–૧૧૯૩) મનસ્ શાખાને નિશ્ચિત સ્વરૂપ આપ્યું. તેમણે કહ્યું કે, "વિશ્વ એ મારું મન છે, અને વિશ્વ મારા મનમાં છે." (Chan, Source Book, પૃ. ૫૭૯) "મન અને વિશ્વ બન્ને તાઓના આવિષ્કાર છે. આ

પુષ્પોને તમે જુઓ તે પહેલાં પુષ્પો અને તમારું મન નીરવ અવકાશની અવસ્થામાં હોય છે... આ પુષ્પો તમારા મનની બહાર નથી. (Chan, Instructions, પૃ. ૨૨૨)

## અનુભવવાદી શાખા

### (The Empirical School)

ચિંગ યુગ (Ching period) (ઈ. સ. ૧૬૪૪–૧૯૧૧)ના નવ-કન્ફ્યૂશિયસવાદનું ત્રીજું સ્વરૂપ તે અનુભવવાદી શાખા. આ પ્રતિક્રિયા વિજ્ઞાનવાદના અતિરેક સામે છે એમ કહેવાય છે. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન કન્ફ્યૂશિયસવાદમાં જે શુભ, કુશલ છે તેને ગ્રહણ કરવાનો અને કન્ફ્યૂશિયસ અને મેન્શિયસની કેન્દ્રવર્તી સંવાદિતા (central harmony) તરફ પાછા વળવાનો અનુભવવાદી શાખા આયાસ કરે છે.

અર્વાચીન નવ-કન્ફ્યૂશિયસવાદીઓના દૃષ્ટિબિંદુથી "જ્યારે લાગણીને વધારે પડતી કે અતિશય ઓછી પણ નહિ, એ રીતે વ્યક્ત કરવામાં આવે છે, ત્યારે તેને મૂલસૂત્ર (principle) કહે છે." જ્યારે આપણે મૂલસૂત્ર સાથે લાગણી અને ઇચ્છાઓને સંવાદિત કરીએ છીએ, ત્યારે આપણે વિશ્વ સાથે સંવાદિતા અનુભવીએ છીએ.

મૂલસૂત્ર અને દૈનિક ઘટનાઓ વચ્ચેની સુસંવાદિતા પર ભાર મૂકવાનો અર્થ એ થાય છે કે છેલ્લી ત્રણ સદીઓના નવ-કન્ફ્યૂશિયસવાદીઓ જે તત્ત્વ કલ્પનાગત છે તેમાંથી અનુભવમાં, વિશેષ-(particular)માંથી વૈશ્વિક(universal)માં, અમૂર્ત કે ભાવાત્મક મીમાંસામાંથી કન્ફ્યૂશિયસ અને મેન્શિયસે પુરસ્કારેલ સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પ્રત્યાગમન કરવા માગે છે.

## સમકાલીન યુગ

૨૦મી સદીના ચીનમાં તત્ત્વજ્ઞાન સંભ્રાંત અને સંકુલ રહ્યું છે. આરંભનાં ત્રીસ વર્ષો દરમ્યાન ડાર્વિન, હેગલ, નિત્શે, શૉપનહૉર, બર્ગસૉ, કેન્ટ, દેકાર્ત, જેમ્સ, જહોન ડ્યુઈ, માર્ક્સ અને બીજા ચિંતકોનો ચીનાઓને પરિચય થયો. એમના પર જેમ્સ અને ડ્યુઈની અધિકમાં અધિક અસર પડી છે, કારણ કે આ અરસામાં ચીનમાં જે બૌદ્ધિક ક્રાંતિ થઈ તેના નેતા હુ શિહે (Hu shih) વ્યવહારવાદ(pragmatism)ને પુષ્ટિ આપી હતી. હુ શિહ (ઈ. સ. ૧૮૯૧–૧૯૬૨)ની પ્રેરણાથી રાષ્ટ્રમાં નવ જાગૃતિ (renaissance)નો તબક્કો બેઠો, અને ત્યારથી પાશ્ચાત્ય તત્ત્વવિદોનું વર્ચસ્ શરૂ થયું. તથાપિ અંતે કેવળ માર્ક્સવાદ પ્રભાવશીલ અને સુદૃઢ રહ્યો; અંતે તે ચીનની સંસ્થાપિત રાષ્ટ્ર-મીમાંસા બન્યો. માર્ક્સવાદનો આગ્રહ છે કે તત્ત્વજ્ઞાન વ્યવહારુ, વૈજ્ઞાનિક અને જનસાધારણ માટે હોવું જોઈએ. આમ હોવા છતાં ચીનમાં પરંપરાગત તત્ત્વજ્ઞાનનું અધ્યયન થાય છે. હવે પછીય તેનું અસ્તિત્વ રહેશે અને નવા સ્વરૂપે એનું સંશ્લેષણ (integration) નવા સંદર્ભમાં, નવા પ્રકાશમાં થશે એવી આશા ચીનીય તત્ત્વચિંતનના સમસ્ત ઈતિહાસ પરથી દૃઢ બની રહે છે.

# ૧૭ : ચીનીય તત્ત્વમીમાંસાની વિશિષ્ટતાઓ

૧. ચીનાઓને ધર્મ કરતાં ફિલસૂફીમાં અધિક અનુરાગ છે. તેઓ ધાર્મિક કરતાં વિશેષ દાર્શનિક છે.

આજના વાસ્તવિક જગતની પેલી પાર શું છે તેની ખોજ માટેની તેમની પિપાસાને તેઓ ફિલસૂફી દ્વારા સંતોષે છે. અધિનૈતિક મૂલ્યો(super–moral values)નાં અભિવ્યક્તિ, આકલન અને અનુભૂતિ તેમને ફિલસૂફીના માધ્યમ દ્વારા પ્રાપ્ત થાય છે. તેમને ઊર્ધ્વતર જીવન-મૂલ્યોના સંપાદન માટે પ્રાર્થના અને ક્રિયાકાંડોના ચક્રાકાર માર્ગને અપનાવવાની જરૂર જણાઈ નથી. આથી ભારત અને પાશ્ચાત્ય દેશોમાં છે તેવો મંદિર-પૂજારી કે દેવળ-પાદરીવાળો ધર્મ ચીનમાં જોવા મળતો નથી.

૨. ચીન ખંડીય (continental) દેશ છે. તેની અધિકાંશ વસતી ગામડાંઓમાં વસે છે. રાષ્ટ્રનું અધિકમાં અધિક અગત્યનું ઘટક કુટુંબ છે. કુટુંબમાં વિદ્યાવ્યાસંગ અને કૃષિકર્મની પરિપાટી હોવી એ ગર્વનો વિષય ગણાય છે. વિદ્વાન કે ખેડૂતની ભવિતવ્યતા ખેતી સાથે સંકળાયેલી છે. સારી યા ખરાબ ફસલ એટલે સારું યા ખરાબ ભાગ્ય અને તેને અનુરૂપ વિશ્વ પ્રત્યે થતા તેમના પ્રતિભાવ અને જીવન પ્રતિ બંધાતો તેમનો દૃષ્ટિકોણ.

ખેડૂતો સામાન્યતઃ સાદા, ભોળા અને નિર્દોષ હોય છે. તાઓવાદીઓએ આદિમ સમાજની સાદગીને આદર્શ રૂપ માની છે, અને 'સંસ્કૃતિ'ની ભર્ત્સના કરી છે. તેમણે બાળકોની નિર્દોષતાને અગ્રિમતા આપી છે, અને 'જ્ઞાનસંચય'ની અવજ્ઞા કરી છે. આમ, તાઓવાદ અને કન્ફ્યૂશિયસવાદ વચ્ચે આભ-જમીનનું અંતર હોવા છતાં બન્ને ગ્રામજનની અભીપ્સા અને આત્મસ્ફૂર્તિને અભિવ્યક્ત કરે છે.

૩. તત્ત્વજ્ઞાને ચીનાઓને સહિષ્ણુતા શીખવી છે. એક પ્રચલિત ઉક્તિ છે : **"ધર્મો ઘણા હોઈ શકે, પણ વિવેક (reason) એક છે"** વિવેક અને અસહિષ્ણુતા બે સાથે સાથે રહી શકતાં નથી. ભારતીય પરંપરાની જેમ ચીનીય કુટુંબમાંય પિતા બૌદ્ધ હોય, માતા તાઓવાદી હોય અને પુત્ર ખ્રિસ્તી હોઈ શકે છે. કોઈ એને માટે ક્ષોભ કરતું નથી. ધર્મ વ્યક્તિની પસંદગી અને રસનો વિષય છે.

ચીનમાં રાજ્ય-ધર્મ (state religion) જેવીય કોઈ ચીજ નથી તેમજ કોઈ પ્રતિષ્ઠાપિત ચર્ચ પણ નથી. ત્યાં નૂતન વિચારો ઝીલવા મન ખુલ્લાં હોય છે, અને ધાર્મિક યુદ્ધ કે જેહાદ નિતાંત અકલ્પનીય છે.

૪. કન્ફ્યૂશિયસવાદ સામાજિક સંરચના અને માનવના દૈનિક જીવનની મીમાંસા છે, જ્યારે તાઓ-વાદની રુખ માનવમાં રહેલી નૈસર્ગિકતા અને સ્વયંસ્ફૂર્તિ તરફ ઢળતી છે. ચીનાઓએ આ બન્ને વાદનો સમન્વય સાધ્યો છે. ભારતીય આદિવૈદિક પરંપરાની જેમ 'ઇહલોક' અને 'પરલોક' વચ્ચેના સંતુલનનો વિવેકબોધ ચીનાઓમાં છે. ત્રીજી અને ચોથી સદીમાં એવા તાઓવાદીઓ હતા કે જેમણે કન્ફ્યૂશિયસવાદને સમીપ લાવવાનો પ્રયાસ કર્યો છે, અને અગિયાર અને બારમી સદીઓમાં એવા કન્ફ્યૂશિયસવાદીઓ પણ હતા જેમણે કન્ફ્યૂશિયસવાદને તાઓવાદની નિકટ લાવવાનો યત્ન કર્યો છે.

નવ-તાઓવાદીઓ અને નવ-કન્ફ્યૂશિયસવાદીઓની ચળવળોએ ચીનાઓને ભૌતિક અને પારમાર્થિક બન્ને બનાવ્યા છે. ઇહલોક અને પરલોકનો સમન્વય એ ચીનીય નીતિશાસ્ત્રની ચરમ સમસ્યા છે.

૫. ચીનમાં ફિલસૂફી જીવન જીવવાનો માર્ગ છે. ફિલસૂફી અને જીવન અભિન્ન છે. વિજ્ઞાનવાદી (Idealistic) નવ-કન્ફ્યૂશિયસવાદી વાન્ગયાન્ગ-મિગ(Wang Yang Ming)ના દૃષ્ટિબિંદુથી, માનવજીવનના મોટા ભાગના વ્યવહારમાં અંતિમ સત્યને મૂર્ત કરવાનું છે. વાન્ગ યાન્ગ-મિગનો આ જ્ઞાન અને ક્રિયાની એકતાનો વાદ સૉક્રેટિસના "જ્ઞાન એ જ શીલ છે"(Knowledge is virtue)ના સિદ્ધાંતને મળતો લાગે છે.

૬. ચીનીય તત્ત્વજ્ઞાન વ્યવહારલક્ષી એટલે કે પ્રાયોગિક (pragmatic) છે અને તે દૈનંદિન જીવનને સમર્પિત થયેલું છે. શબ્દો કરતાં કાર્ય પર તેનો અધિકતર ઝોક છે.

૭. ચીનીય દાર્શનિકો કૃષિકારની જેમ વસ્તુઓને 'પ્રત્યક્ષગોચર' કરે છે; એ એમના તત્ત્વજ્ઞાનનું આરંભબિંદુ છે.

ચીનીય જ્ઞાન-મીમાંસા(epistemology)નો વિકાસ થયો નથી, તેનું કારણ જ આ છે. એથી જ તો, જે વૃક્ષને હું મારી સામે જોઉં છું તે યથાતથ (real) કે આભાસી (illusory) છે યા તે મારા મનનો વિચાર માત્ર છે કે ઇન્દ્રિયજન્ય પદાર્થ છે, એવા પ્રશ્નોનું ચીનીય દાર્શનિકોએ ગંભીરતાપૂર્વક ચિંતન કર્યું નથી.

જ્યારે 'પ્રમાતા' અને 'પ્રમેય' વચ્ચે સીમાંકન હોય છે ત્યારે જ જ્ઞાન-મીમાંસાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. વસ્તુઓ સાથેના સીધા સંપર્કમાં, તેના સાક્ષાત્ બોધમાં, 'જ્ઞાતા' અને 'જ્ઞેય' એકરૂપ થઈ જાય છે.

૮. ચીનીય તત્ત્વજ્ઞાન સાંસારિક (secular) છે. ભૌતિક પ્રેયસ્ અને જીવનના સામાન્ય આનંદપ્રમોદ પ્રત્યે તેઓ ઉદાસીન નથી. કન્ફ્યૂશિયસે કહ્યું છે: "જલપાન સાથે સાદાં શાકભાજીનું ભોજન ખાધા પછી વાળેલા હાથનું ઓશીકું બનાવી આરામથી સૂવું એમાં આનંદ છે." જીવનની ચડતીપડતીમાં નિજી અંતરાત્માની પ્રશાંતિ અક્ષય રહે છે, એ અનુભૂતિના આધારે કન્ફ્યૂશિયસ માનવસંબંધમાં સુધાર અને સુસંવાદ લાવવામાં જીવંત રસ લે છે. માનવપ્રેમ, કર્તવ્યપાલન અને ઔચિત્યનું તે પ્રતિપાદન કરે છે. કન્ફ્યૂશિયસ અને મેન્શિયસે પિતૃભક્તિને બધા સદ્ગુણોમાં અગ્રસ્થાન આપ્યું છે. મૃત માતાપિતાની સ્નેહપૂર્ણ સ્મૃતિઓનું સંવર્ધન થાય અને ઊગતી પેઢી માટે પરંપરા અને દૃષ્ટાંતોની જાળવણી થાય તે માટે પૂર્વજ-પૂજાને મહત્ત્વ અપાયું હતું. વ્યક્તિ અને સમાજ વચ્ચે સામંજસ્ય રહે એને માટે "નામ અને તેના ગુણધર્મ વચ્ચેની એકવાક્યતા" (Rectification of Names)ના સિદ્ધાંતનું ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. શબ્દોને અનુરૂપ કૃત્યો થાય એને માટે કન્ફ્યૂશિયસ આગ્રહ રાખતા હતા. તેઓ કહે છે: "હું વ્યક્તિની વાણી સાંભળું છું અને તેનાં કાર્યોને જોઉં છું." પ્રો. વિલિયમ અર્નેસ્ટ હૉકિંગે આ મનોવલણને ચીનીય મીમાંસા અને સભ્યતાનું જગતને મહત્તમ પ્રદાન માન્યું છે.

૯. ચીનીય તત્ત્વજ્ઞાન માનવતાવાદી (humanistic) છે. માનવ અને તેના નૈતિક ચારિત્ર્યને કેન્દ્રમાં રાખવામાં આવ્યાં છે. કન્ફ્યૂશિયસ માટે જ્ઞાન એટલે "મનુષ્યની ઓળખ." તેમણે કહ્યું: "જો તમે મનુષ્યની સેવા નહિ કરી શકો, તો દેવની સેવા શી રીતે કરવી એ કેવી રીતે જાણી શકશો?" તેમણે એમ પણ કહ્યું છે: "માર્ગ(તાઓ)ને મહાન બનાવનાર મનુષ્ય છે અને નહિ કે માર્ગ મનુષ્યને મહાન બનાવે છે." માનવ સકલ વસ્તુનું કેન્દ્ર છે. ચીનમાં તત્ત્વજ્ઞાન અતિપ્રાકૃત-અલૌકિક(supernatural)થી ખાસા અંતરે વિકસ્યું છે. ભાવનાપ્રધાન વા નીતિશાસ્ત્ર જેવા કાનૂની નિયમો કરતાં વ્યક્તિગત 'માનવ' અધિકતર મહાન છે.

૧૦. ચ્યૉંગ-ત્સુના 'બધી વસ્તુઓનું સમીકરણ' (levelling of all things)ના સિદ્ધાંત અને મો-ત્સુના 'વિશ્વપ્રેમ'(universal love)ના સિદ્ધાંત જેવાં લોકશાહી વલણો કન્ફ્યૂશિયસના માનવતાવાદ

(humanism)માંથી નિષ્પન્ન થયાં છે. મેન્શિયસે લોકોને જ દરેક વસ્તુના માનદંડ તરીકે સ્વીકાર્યા છે. લોકોની ઇચ્છા દ્વારા સ્વર્ગની ઇચ્છા અભિવ્યક્ત થાય છે. જો જુલમ-દમન અને અત્યાચાર થતાં હોય, તો પ્રજાને બગાવત કે બળવો કરવાનો અધિકાર છે. પૌરાણિક યાઓ (Yao) અને શુન (Shun) જેવા સંત-રાજકર્તાઓ પણ આપણા જેવી જ ઉપજાતિ (species) છે. સત્તરમી સદીના અંત કાલમાં મેન્શિયસના લોકશાહી સિદ્ધાંતોને હ્વાંગ ચુંગ હ્સી(Hwang Chung Hsi–૧૬૧૦-૧૬૯૫)એ અપનાવ્યા હતા. તેમણે રાજાના દૈવી હકની 'થિયરી' પર પ્રખર પ્રહાર કર્યો હતો. ૧૯૧૧માં ચીનીય પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ. સાર્વજનિક કચેરીઓ માટે પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ શોધવાની પ્રાચીન સમયથી સ્થપાયેલી રાજ્યની પરીક્ષાપદ્ધતિએ વર્ગભેદને નેસ્તનાબૂદ કર્યા છે.

**૧૧.** ચીનમાં તત્ત્વમીમાંસા સમગ્ર જીવનસ્તર પર ઐક્ય પ્રસ્થાપિત કરતું એક પરિબળ છે. તેમાં અદ્વૈતની સ્થાપના છે. પદાર્થો, લોકો અને પ્રાણીઓ વચ્ચેની ભેદરેખાને તેણે ભૂંસી નાખી છે.

**વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેના ઐક્યની લાગણી એટલી પ્રબળ છે કે નીતિશાસ્ત્રનો ક્યાં અંત આવે છે અને તત્ત્વજ્ઞાનનો ક્યાંથી આરંભ થાય છે એ જાણવું ઘણી વાર દુષ્કર છે. નૈસર્ગિક નિયમ બધી ઘટનાઓને આવરી લે છે, અને તેથી માનવીય કે પ્રાકૃતિક ઘટનાઓ નૈતિક સ્વરૂપ ધારણ કરે છે. ભૌતિક પદાર્થ અને માનવ-વ્યવહાર વચ્ચે કશું પાર્થક્ય રહેતું નથી.**

**૧૨.** ચીનાઓને કુદરત માટે અનહદ પ્રેમ છે. તેઓ કુદરત સાથે એકરૂપ થઈને કુદરતમાં આનંદ શોધે છે. આ દુનિયા એવી છે કે જ્યાં રાત્રિનું આકાશ દૂર કે અપરિચિત નથી, પણ તે પ્રાણીજગત અને પૃથ્વીનો માત્ર પ્રસાર છે. આ પ્રકારનો ચૈતસિક-ચૈત્તિક વળાંક **તાઓવાદ** અને વિશેષત: ચૅાંગ-ત્સુના ઉપદેશને આભારી છે.

ચીનમાં હ્સુન–ત્સુ (Hsun Tzu) એકમાત્ર એવા તત્ત્વવેત્તા હતા કે જેમણે પાશ્ચાત્યોની જેમ નિસર્ગ પર વિજયના સિદ્ધાંતનો પુરસ્કાર કર્યો હતો. પરંતુ તે લાંબો સમય ટકી શક્યો નહિ. પરિણામે, પશ્ચિમની સંસ્કૃતિ સાથે સંપર્ક ન થયો ત્યાં સુધી ચીનમાં પદ્ધતિસર ભૌતિક વિજ્ઞાનનો વિકાસ થયો નહિ.

**૧૩.** ચીનનું પરમ લક્ષ્ય માનવ માનવ તરીકે સંત બને તે છે. સંતની પરમ સિદ્ધિ વ્યક્તિનું સમષ્ટિમાં એકાત્મીકરણ છે. તત્ત્વમીમાંસાનું કાર્ય માનવમાં 'અંત:સ્થિત સંતત્વ' (sageliness within) અને 'બહિ:સ્થિત રાજત્વ' (kingliness without) કેળવવાનું છે.

**૧૪.** નવ-કન્ફ્યૂશિયસવાદીઓની બે દાર્શનિક વિચારણાઓ વિશેષ મહત્ત્વની છે :

(૧) મહાંતિમ કે પરમ સત્તા (The Great Ultimate)માંથી 'યાંગ' અને 'યિન'ના કાર્ય દ્વારા વિશ્વની અગણ્ય વસ્તુઓ સર્જાય છે. અધિભૌતિક ક્રિયાશક્તિ (ch'i) એ એક જ આદિ તત્ત્વ છે. તે તેની મૂલ, અભેદિત, અવિભક્ત અવસ્થામાં એક મહાશૂન્યમ્ (Great Vacuity) છે. તેને કદાચ તાઓવાદીઓના **અવ્યક્ત** કે બૌદ્ધોની **શૂન્યતા** સાથે સરખાવી શકાય.

અધિભૌતિક ક્રિયાશક્તિ વસ્તુઓનું સંઘટન અને વિઘટન કરતી એક વણથંભી પરિવર્તન પ્રક્રિયા છે. વસ્તુઓ ભાસ્યમાન થાય છે અને અન્તતોગત્વા મહાશૂન્યમ્માં પર્યવસિત થાય છે. સર્જન-વિસર્જનનું ચક્ર નિતાંત અનિવાર્ય છે. બૌદ્ધો **નિર્વાણમાં** માને છે; તે એમનું ચરમ ધ્યેય છે; પણ તેમાં આ ચક્રનેમિક્રમની અનિવાર્યતાનો ભંગ થાય છે. **આથી નવ–કન્ફ્યૂશિયસવાદીઓ 'નિર્વાણ'ના વાદને નકારે છે.**

મૂલત: એક જ અધિભૌતિક તત્ત્વ કે સત્તા—ક્રિયાશક્તિનું અસ્તિત્વ છે. તેમાં ઋત અંતર્નિહિત છે, અને તેને અનુસાર અધિભૌતિક શક્તિ ક્રિયાન્વિત થાય છે. જોકે, 'અધિભૌતિક ક્રિયાશક્તિ' અને 'ઋત' (li) અભેદ્ય છે. અધિભૌતિક ક્રિયાશક્તિ મૂર્ત છે, પણ ઋત અમૂર્ત છે.

(૨) અનેકમાં એક અને એકમાં અનેકનો સિદ્ધાંત; અને અન્યથી ભિન્ન એવા એકની અસંભવનાનો સિદ્ધાંત. ટૂંકમાં, 'એકત્વ' અને 'બહુત્વ' અન્યોન્ય ઓતપ્રોત છે.

**૧૫.** મોક્ષની ખોજ કરતા મનુષ્યે માત્ર પોતાના જીવનમાંથી સ્વયં આરોપિત મિથ્યાભાસો—વિવર્તો—ભ્રમોને ખંખેરી નાખવાના છે અને જીવનના મહાસ્રોતમાં ઊભા રહેવાનું છે.

## સાધુ પુરુષ

સાધુ પુરુષ ખોરાક અને રહેઠાણની બાબતમાં માત્ર પુષ્કળતા અને સુખ-સામગ્રીની અપેક્ષા રાખતો નથી. તે પોતાના વ્યવહારમાં નિખાલસ હોય છે, પોતાની વાણીમાં સાવધ હોય છે અને પોતાની જાતની સુધારણા અર્થે જ સત્સમાગમને સેવે છે. તેને ખરેખર સુનીતિપરાયણ કહી શકીએ.

તે પોતાની જાતને વશમાં રાખે છે અને વર્તનને લગતા કુદરતી નિયમોને અનુસરે છે... ખરી સાધુતા માણસના પોતાના હૃદયમાંથી ઉદ્ભવે છે, બીજા માણસો ઉપર એનો આધાર હોતો નથી... તે આત્મસંયમના આંતરનિયમને અધીન થયા વિના આંખ, વાણી અને હલનચલનની શક્તિનો કદી ઉપયોગ ન કરે.

તે જે બીજું કોઈ એમના પ્રત્યે કરે એવું એ ન ઇચ્છતા હોય તે બીજા પ્રત્યે કદી પણ ન કરે.

જે છેતરપિંડીની આશા રાખતો નથી અને બીજાંઓમાં બેઈમાનીની શંકા લાવતો નથી, છતાં એવા દોષ જ્યારે નિગૂઢ રહેલા જણાય ત્યારે તેને તરત પકડી કાઢે છે તે સાધુ પુરુષ છે.

તે **કર્તવ્યના પાલન**ને જ પોતાનું ધ્યેય ગણે છે, આજીવિકાની પ્રાપ્તિને નહિ; કારણ કે ક્ષુધા તો ખેડૂતને પણ હોય છે અને કેટલીક વાર પૈસો પંડિતને પણ પ્રાપ્ત થાય છે. પરંતુ સાધુ પુરુષ પોતાની ફરજ વિશે ચિંતાતુર રહે છે, ગરીબાઈ વિશે નહિ.

તે બોલવામાં ધીમો હોય છે. શું કરવું યોગ્ય છે તેનો નિર્ણય કરવાની મુશ્કેલી વાણીમાં ધીમાશ આણે છે.

તે કોઈ માણસ અમુક વાણી ઉચ્ચારે તેથી તેનું વિશેષ મૂલ્ય આંકતો નથી, તેમ જ અમુક માણસ વાણી ઉચ્ચારનારો છે એ કારણથી એની ઉચ્ચારેલી વાણીમાં મૂલ્ય ઓછું પણ આંકતો નથી.

તે વફાદાર રહે છે. પણ એની વફાદારી બુદ્ધિપૂર્વકની હોય છે, આંધળી વફાદારી નથી હોતી.

બીજાઓ જે માર્ગથી ગયા હોય તે માર્ગે જ જવું એમ તેને નથી હોતું, તેમજ ફિલસૂફીના ગર્ભાગારમાં પણ તે પેસી જતો નથી.

સાધુતાનો ભાવ જેનામાં પોતાનામાં હોય તેનામાં જ ખરેખરું ચાહવાનું કે ધિક્કારવાનું બળ હોય છે.

આત્મશ્લાઘાથી દૂર રહેવું, ક્રોધની લાગણીઓને દબાવી દેવી, સ્વાર્થની કામનાને કાબૂમાં રાખવી—આ બધી વસ્તુઓ પ્રાપ્ત કરવી એ ખચીત અઘરું તો છે જ. પણ એ હોય તેથી **સંપૂર્ણ સાધુતા** આવી ગઈ એ વિશે મને એટલી બધી ખાતરી નથી.

# વિશ્વ મીમાંસા સંપ્રદાય

( ying-yang school )

યિન અને યાંગ સંપ્રદાયનું આદિમૂળ ગુહ્યવિદ્યાવિદો( occultists )માં રહેલું છે. ગુહ્યવિદ્યા કે જાદુગરી અંગેની 'અંધશ્રદ્ધા' વિજ્ઞાનનું ગુહ્યવિદ્યા આરંભબિંદુ અને પ્રસવકેન્દ્ર છે કેમ કે 'ગુહ્યવિદ્યા' અને 'વિજ્ઞાન' બન્ને નિસર્ગ પર વિજય મેળવી તેનું વિધાયક અને વસ્તુગત અર્થઘટન કરે છે. ગુહ્યવિદ્યાની માન્યતાઓને જ્યારે અતિપ્રાકૃત-અલૌકિક (supernatural) માળખાની બહાર નૈસર્ગિક ક્રિયાશક્તિઓના પરિણામ રૂપે સમજાવાય છે ત્યારે તે સ્વત: વિજ્ઞાન બને છે.

ચીનીય વિશ્વનિર્માણ તત્ત્વશાખામાં યિન (સ્ત્રૈણ અને નિષ્ક્રિય તત્ત્વ) અને યાંગ (પૌરુષ અને સક્રિય તત્ત્વ) નામક બે વિશ્વગત પરિબળો પ્રતિપાદિત થયાં છે. આ બે પ્રધાન પરિબળોના અન્યોન્ય વ્યાપારથી વસ્તુઓ પ્રાદુર્ભૂત થાય છે. આ પરિબળોને સાંખ્ય દર્શનનાં 'પ્રકૃત્તિ' અને 'પુરુષ' સાથે અમુક અંશે સરખાવી શકાય.

યિન, યાંગ અને પંચતત્ત્વો=ધાતુ, કાષ્ટ, જલ, અગ્નિ અને પૃથ્વી—ને ભૌતિક મૂલતત્ત્વો કે મહાભૂતો કહેવા કરતાં ક્રિયાશક્તિઓ (forces) કહેવું અધિક યથાર્થ છે. અસ્તિત્વના નિયમોને અધીન નિર્ણિત તરાહને અનુસરતી, પૂર્વ-સ્થાપિત સમરસતા (pre-established harmony) ઉપર અવલંબિત વિશ્વમાં એક વિધાયક પરિવર્તન—પ્રક્રિયા છે. માનવ અને નિસર્ગ બંને આ પ્રક્રિયાથી નિયંત્રિત થાય છે. સમ્રાટનું અયોગ્ય વર્તન કુદરતનો કોપ વહોરે છે. (ગાંધીજી ભારતમાં થતા ધરતીકંપને અભદ્ર અને પાપમય માનવવર્તનના ફળ રૂપે રજૂ કરતા હતા. એને આ સિદ્ધાંત લાગુ પડે છે). માનવ અને નિસર્ગ પરસ્પર અસર કરે છે. માનવચક્ર બગડે તો સાહજિક નિસર્ગચક્ર (ecology) બગડે છે. વિશ્વ એક અખંડ મશીન છે. આકાશ અને પૃથ્વી સુસંવાદ અને સહકારથી કામ કરે છે. આથી માનવીનું ચારિત્ર્ય નિસર્ગના ગતિચક્રને અનુરૂપ હોવું જોઈએ. વિશ્વ સુનિયોજિત હોઈ તેની પ્રક્રિયાની પૂર્વઆગાહી થઈ શકે છે—પરિભ્રમણની એની પ્રક્રિયા છતાં.

એકંદરે, યિન-યાંગ સંપ્રદાય ચીનીય નૈતિકતા અને સંવાદિતાના મૂળભૂત સિદ્ધાંતોને વૈશ્વિક આધાર પૂરો પાડે છે. સામાન્યત: જીવનના પ્રત્યેક ક્ષેત્ર ઉપર—પછી તે તત્ત્વમીમાંસા, કલા, લગ્ન કે પાકશાસ્ત્ર હોય—ચીનમાં આ ચિંતનશાખાનો ક્રાંતિકારી પ્રભાવ પડ્યો છે.



સૉક્રેટિસ (ઈ. પૂ. ૪૬૯-૩૯૯)

# ૪ : પશ્ચિમી તત્ત્વચિંતન (ગ્રીક)

## ગ્રીક-ભારતીય તત્ત્વચિંતન

પ્રાચીન સમયનાં સંવહનનાં સાધનોની મર્યાદા જોતાં, ગ્રીક તત્ત્વજ્ઞાન અને ભારતીય ચિંતન વચ્ચે જે સામ્ય જોવા મળે છે, એ ખરેખર આશ્ચર્યકારક છે. પશ્ચિમી તત્ત્વજ્ઞાનનો પાયો નાખનાર આયોનિયાના ચિંતકોના વિચારો તથા વેદો અને ઉપનિષદોમાં વ્યક્ત થયેલા વિચારો વચ્ચે સારું એવું સામ્ય છે: "જેને જાણવાથી બાકીનું બધું જાણી શકાય," એવી તત્ત્વમીમાંસાનું ચિંતન કરનારા ઉપનિષદોના ઋષિઓની શોધ તથા એલિયા-વિચારસંપ્રદાયના વિવિધ ચિંતકોની જગતના અંતિમ કારણરૂપ એક તત્ત્વની શોધ વચ્ચે આશ્ચર્યકારક સામ્ય જોવા મળે છે. **ત્યાં સૉક્રેટિસ** કહે છે : "તારી જાતને ઓળખ" (Know Thyself). **અહીં** ભારતમાં ઉપનિષદના ઋષિઓ પ્રબોધે છે : "आत्मानम् विद्धि" (તારા આત્માને ઓળખ).

* * *

પ્લેટોના આત્મા સંબંધી ચિંતનમાં **'નૌસ'** એ તો આત્માની **સર્વોત્કૃષ્ટ અવસ્થા** છે. પણ એનાથી નિમ્ન અથવા ઊતરતી કક્ષાઓનો સમાવેશ તેમાં થઈ જાય છે — નિમ્ન કક્ષાએથી ઉત્તરોત્તર શુદ્ધ આત્મા જ સાચું જ્ઞાન જાણી શકે.

ઉપનિષદોમાં આત્માની પાંચ અવસ્થાઓ અથવા કક્ષાઓનું વર્ણન કરવામાં આવ્યું છે: અન્નમય કોષ, પ્રાણમય કોષ, જ્ઞાનમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનન્દમય કોષ.

* * *

શાશ્વત, અવિનાશી આત્મા અને ક્ષણભંગુર, નાશવંત શરીર વચ્ચેના સંબંધમાંય ગ્રીક-પ્લેટો અને ઉપનિષદના વિચારો વચ્ચેનું સામ્ય નોંધપાત્ર છે. ઑર્ફિક સંપ્રદાય અને પાયથાગોરાસના વિચારો અનુસાર શાશ્વત, અવિનાશી આત્મા ક્ષણભંગુર અશુદ્ધ શરીરના પાંજરામાં કેદ છે. શરીરની કેદમાંથી આત્માને મુક્ત કરવા અંગેના કેટલાક વિધિનિષેધો પણ, વિશેષ તો, ગાણિતિક જ્ઞાનથી વિકસેલ વૈજ્ઞાનિક પદ્ધતિનો આશરો લેવાની હિમાયત પાયથાગોરાસના વિચાર-સંપ્રદાયમાં જોવા મળે છે.

જ્ઞાન દ્વારા શરીરની કેદમાંથી આત્માની મુક્તિની વાત પ્લેટો પણ કરે છે. આભાસોની દુનિયામાં ઇન્દ્રિયો જેટલા પ્રમાણમાં આત્માને ઘસડે તેટલા પ્રમાણમાં આત્માની શરીર સાથેની બેડીઓ મજબૂત બને છે – ઇન્દ્રિયોના આકર્ષણ બળમાંથી જેટલા પ્રમાણમાં છૂટવામાં આત્મા સફળ થાય તેટલા પ્રમાણમાં તેનો



પ્લેટો (ઈ. પૂ. ૪૨૮–૩૪૮)



ઍરિસ્ટોટલ (ઈ. પૂ. ૩૮૨–૩૨૨)

શરીરની જેલમાંથી મોક્ષ થાય; અને શુદ્ધ વિચારની દુનિયામાં મુક્તપણે વિહાર કરતો થાય : "દરેક ઇન્દ્રિયજન્ય આનંદ, દરેક ઊર્મિ, દરેક આવેગ આત્માને શરીર સાથે બાંધતી બેડીની કડી બને છે." xxx 'જ્યાં સુધી આત્મા શરીરમાં કેદ છે ત્યાં સુધી આપણું ધ્યેય – સત્ય, આપણે કદાપિ પામી શકીશું નહિ.

ઉપનિષદોના આત્મા–શરીર સંબંધ પરત્વેનો આખો અભિગમ પ્લેટોના અભિગમને સમાંતર છે : શરીર મર્ત્ય છે. મૃત્યુની તેની પર છાયા છે; છતાં તે અજર, અમર, અ-શારીરી આત્માનું સ્થાનક છે. શરીર સાથેની એકરૂપતાને કારણે આત્માને પણ આનંદ-શોક ઘેરી વળે છે! હવે, જે અ-શારીરી છે, તેને વળી આનંદ-શોક શેનાં? તું શરીર નહિ, પણ આત્મા છે – तत् त्वं असि – આ જ્ઞાન જ આત્માને શરીરની કેદમાંથી મુક્ત કરે છે.

*

આત્માની ઉન્નતિ અને પરમ તત્ત્વ બ્રહ્મ સાથેનું અંતિમ તાદાત્મ્ય કેવી રીતે સાધવું, એ વિષે પ્લેટો અને ઉપનિષદોમાં વ્યક્ત કરવામાં આવેલા વિચારોમાંય ઘણું સામ્ય છે. આ માટે બન્નેએ આત્માની શુદ્ધિ પર ભાર મૂક્યો છે. વાસનામોક્ષ એ આત્માની શુદ્ધિ માટે નિતાંત જરૂરી છે.

બધી જ ઇન્દ્રિયોને વિષયોમાંથી વાળી લઈને પાછી ખેંચી લઈને, સત્ત્વની યોગ્ય જાણકારી માટે કામે લગાડી દેવાની પદ્ધતિનો ઉલ્લેખ પ્લેટો કરે છે. તેની સરખામણી આપણા ધ્યાન અને યોગ સાથે કરી શકાએ.

[ *Vassilis Vitsaxis : Plato and the Upanisads* ના આધારે ]

# ૧૮ : ગ્રીક ચિંતન : સૉક્રેટિસ પૂર્વે

## (૧) પ્રવેશક

આપણે જે જગતમાં રહીએ છીએ, તે શું છે, તે શાનું બનેલું છે, તે પ્રશ્નોનો વૈજ્ઞાનિક ઉત્તર મેળવવાના પ્રયાસથી તત્ત્વચિંતનનો આરંભ થાય છે. ઈ. પૂ. છઠ્ઠી સદીમાં ગ્રીક લોકોએ જગતની ઉત્પત્તિ અને તેના સ્વરૂપ વિષે વૈજ્ઞાનિક ખુલાસા આપવાનો જે સભાન પ્રયત્ન આદર્યો તે પશ્ચિમી તત્ત્વચિંતનના વિકાસમાં એક અનોખી ભાત પાડે છે. પશ્ચિમના બીજા દેશોમાં એ અગાઉ જગતની સમજૂતી આપવાના કોઈ પ્રયાસ જ થયા ન હતા, એવું નથી. અગાઉ ઘણું ખરું કવિઓ, ધર્મગુરુઓ, પુરાણકારોએ સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રયોજન સંબંધે વિવિધ પ્રકારના ધાર્મિક–પૌરાણિક વિચારો રજૂ કરેલા હતા. પણ આ બધાને આપણે જગતની નૈસર્ગિક અથવા વૈજ્ઞાનિક સમજૂતી આપવાના પ્રયાસ તરીકે ભાગ્યે જ ગણી શકીએ. કારણ કે વાસ્તવિકતાનો કોઈ આધાર લઈ તેવા ખુલાસાઓને પુષ્ટ કરવાનો પ્રયત્ન ભાગ્યે જ થયો હતો. બીજું, તેમણે આપેલા ખુલાસાઓમાં કોઈ ને કોઈ પ્રકારની 'દૈવી' અથવા 'આધિભૌતિક' સત્તાનો જગતના મૂળ કારણ તરીકે સ્વીકાર કરવામાં આવતો. આવા બધા પ્રયાસોને કવિતા અને ધર્મ અથવા પુરાણકથાના વિષયો તરીકે ઘટાવી શકીએ, તત્ત્વજ્ઞાનના વિષય તરીકે નહિ.

ગ્રીક તત્ત્વચિંતનનું સામાન્ય રીતે બે તબક્કામાં વિભાજન કરવામાં આવ્યું છે : (૧) સૉક્રેટિસ પૂર્વેનો તબક્કો; અને (૨) સૉક્રેટિસ પછીનો તબક્કો. સૉક્રેટિસ પહેલાંના સમય દરમિયાન ગ્રીક ચિંતનનો મુખ્ય વિચારણાર્થ મુદ્દો પ્રકૃતિ અથવા બાહ્ય જગતનો અભ્યાસ રહ્યો છે. તેમાં ગ્રીક ચિંતકોએ સૃષ્ટિની ઉત્પત્તિ અને તેના અંતિમ કારણ રૂપ ભૌતિક તત્ત્વ અથવા તત્ત્વોની વિવિધ 'સિદ્ધાંત-કલ્પનાઓ' (hypothesis) રજૂ કરવામાં આવી હતી તેથી આ યુગને 'વિજ્ઞાનયુગ' તરીકે ઓળખવામાં આવે છે. આધુનિક વિજ્ઞાનના ઘણા સિદ્ધાંતો અને ખ્યાલોનાં પગેરાં આપણને આ પ્રાચીન ગ્રીક ચિંતકોનાં લખાણો અને વિચારોમાં પડેલાં જોવા મળે છે. સૉક્રેટિસથી આરંભાતા ગ્રીકચિંતનના ઉત્તરકાળને 'નીતિયુગ' તરીકે ઓળખવામાં આવે છે, તેમાં સૉક્રેટિસના સમકાલીન કેટલાક સૉફિસ્ટો તથા સૉક્રેટિસ, પ્લેટો, ઍરિસ્ટોટલ વગેરેના વિચારોનો સમાવેશ થાય છે. ગ્રીક ચિંતનની પરાકાષ્ઠા અને પરિપકવતા આપણને આ સમય દરમિયાન, ખાસ કરીને પ્લેટો અને એરિસ્ટોટલના ચિંતનમાં જોવા મળે છે.

લગભગ ત્રણ સૈકાંમાં (ઈ. પૂ. ૬ઠ્ઠી થી ૪થી સદી) પથરાયેલ આ ગ્રીકચિંતન અસ્તવ્યસ્ત વિચારોના ખીચડા જેવું નથી, પણ તેમાં ચોક્કસ ભાત અને એક પ્રકારની તાર્કિક ઉત્ક્રાંતિ દષ્ટિગોચર થાય છે. શરૂઆતમાં જગતના અંતિમ કારણ તરીકે ઈન્દ્રિયગમ્ય (sensuous) પદાર્થો, ત્યાર બાદ અર્ધ-ઈન્દ્રિયગમ્ય (semi-sensuous) પદાર્થો અને છેલ્લે બિન-ઈન્દ્રિયગમ્ય (non-sensuous) પદાર્થો સંબંધી રજૂઆત જોવા મળે છે. ભૌતિકમાંથી બિનભૌતિક અથવા ઈન્દ્રિયગમ્યતામાંથી વૈચારિકતા ભણીની આ ગતિ એ રીતે, સ્વાભાવિક છે કેમકે મનુષ્ય સૌપ્રથમ બાહ્ય જગતને જુએ છે—ઈન્દ્રિયગમ્ય પદાર્થો તરફ તેનું ધ્યાન સૌથી પ્રથમ જાય છે.

ત્યાર બાદ જેમ જેમ તેની તર્કશક્તિ પકવ બનતી જાય તેમ તેમ તેને અગાઉના ખુલાસા સંતોષપ્રદ લાગતા નથી અને તે પોતાના આંતરજગત ભણી આ ખુલાસા માટે વળે છે.

સૉક્રેટિસના ચિંતનથી ગ્રીકચિંતન બાહ્ય સૃષ્ટિમાંથી ખુલાસા મેળવવાને બદલે મનુષ્યના આંતરજગત, તેની 'ચેતના' તરફ વળે છે અને પ્લેટોના વિચારવાદ( idealism )માં તેની પરાકાષ્ઠા આવતી આપણે જોઈ શકીએ છીએ.

## (૨) થેલ્સ (થેલિઝ) (આશરે ઈ. પૂ. ૬૨૪ થી ઈ. પૂ. ૫૫૦)

એશિયા માઈનોરના કિનારે આવેલા ગ્રીકસંસ્થાન આયોનિયાના મિલેટસ નગરમાં જેને 'ગ્રીકચિંતન' તરીકે ઓળખવામાં આવે છે, તેવા તત્ત્વચિંતનનો આરંભ ઈ. પૂ. છઠ્ઠા સૈકાના આરંભે થયો. આ તત્ત્વ-ચિંતનના સ્થાપક અને જનકનું બિરુદ મેળવનાર થેલ્સ હતો. તેનો જન્મ મિલેટસ નગરમાં થયો હતો. પ્રાચીન સમયના મહાન અને શાણા પુરુષોમાં થેલ્સની ગણના થાય છે. ગણિત–ભૂમિતિ અને ખગોળવિદ્યાના જ્ઞાન માટે તે ઘણો જાણીતો બન્યો હતો.

થેલ્સનાં તત્ત્વચિંતનનાં બે વિધાનો મહત્ત્વનાં છે : (૧) આ જગતનું મૂળભૂત અંતિમ કારણરૂપ તત્ત્વ (ultimate substance) પાણી છે. વસ્તુ માત્રનો ઉદ્ભવ અને વિલય પાણીને આભારી છે; (૨) આ જગત સપાટ થાળી કે ડિસ્ક જેવું છે અને તે પાણીમાં તરે છે. આમ, થેલ્સના મતે જગતની ઉત્પત્તિ એ મૂળભૂત તત્ત્વ પાણીમાંથી થઈ છે. અને જગતમાં જોવા મળતી બાકીની બધી જ વસ્તુઓ પાણીનાં ભિન્ન સ્વરૂપો છે. વરાળ અને બરફ એ મૂળભૂત તત્ત્વ પાણીનાં અનુક્રમે વાયુ અને ઘન સ્વરૂપો છે.

થેલ્સનાં આ વિધાનોનું ખરું મહત્ત્વ એ છે કે જ્યારે અનેક અન્ય પ્રાચીન પ્રજાની જેમ ગ્રીક લોકો પણ સૃષ્ટિની ઉત્પત્તિ વિષે કેટલીક ધાર્મિક–પૌરાણિક માન્યતાઓ ધરાવતા હતા અને ઈશ્વરી તત્ત્વ થકી જગતની ઉત્પત્તિ થઈ છે તેમ માનતા હતા, ત્યારે પાણી જેવા નૈસર્ગિક, અનુભવમૂલક અને ઇન્દ્રિયગમ્ય તત્ત્વને જગતના અંતિમ કારણ (final cause) તરીકે પ્રસ્થાપિત કરવું, એ ચિંતનના ક્ષેત્રે મનુષ્યજાતિએ ભરેલી નિર્ણાયક હરણફાળ કહેવાય.

*ટૂંકમાં, જેને આપણે પશ્ચિમી વિજ્ઞાન કહીએ છીએ તેનો પાયો નાખવાનું શ્રેય થેલ્સને જાય છે. જ્ઞાનને તેના વ્યવહારુ ઉપયોગથી જુદું પાડીને તેનું અમૂર્તીકરણ (abstraction) કરવું અને 'જ્ઞાન ખાતર જ્ઞાન'ની પ્રસ્થાપના કરવી એ વિજ્ઞાન સાધનાનું લક્ષણ છે.

થેલ્સને મન જ્ઞાન સાધનાનું બીજું ક્ષેત્ર તે 'ખગોળવિદ્યા'. પ્રાચીન સમયમાં બૅબિલોનના ધર્મગુરુઓ એવી માન્યતા ધરાવતા હતા કે મનુષ્યોનાં વર્તન અને વ્યવહાર પાછળ આકાશી ગ્રહોની અસર કામ કરે છે. આથી આગાહી કરવાના વ્યવહારુ ઉપયોગ ખાતર ગ્રહોની ગતિવિધિઓ વિષેની માહિતી તેમણે એકત્ર કરેલી પણ થેલ્સને જ્યોતિષશાસ્ત્રની માન્યતાઓમાં રસ ન હતો. તેને તો નિસર્ગની ઘટનાઓ અને તેમની આગાહીમાં રસ હતો. આથી આ બધી નોંધોનો ઉપયોગ કરીને તેણે, કહેવાય છે કે, સૂર્યગ્રહણની સૌથી પ્રથમ આગાહી કરેલી.

આમ, સમગ્ર વિશ્વને એક નૈસર્ગિક અખિલાઈ તરીકે નિહાળવી અને તેના પોતાના કેટલાક અચળ નિયમો છે તેમ માનવું તથા આ અચળ નિયમો માનવબુદ્ધિથી પામી શકાય તેવા છે, તેની પ્રતીતિ થવી —એ દિશાનો થેલ્સનો આરંભ પ્રાચીન ગ્રીક લોકોની મોટામાં મોટી સિદ્ધિ છે.

## (૩) ઍનેક્સીમેન્ડર (ઈ. પૂ. ૬૧૧ થી ઈ. પૂ. ૫૪૭ આશરે)

આયોનિયાના મિલેટસ નગરનો રહેવાસી અને થેલ્સનો અનુયાયી બીજો મહત્ત્વનો ચિંતક તે ઍનેક્સી-મેન્ડર. તે પણ ખગોળવિદ્યા અને ભૌગોલિક જ્ઞાનને લીધે જાણીતો બનેલો. તેણે પહેલવહેલો નકશો બનાવ્યો હોવાનું કહેવાય છે. તાદૃશ જ્ઞાનનું અમૂર્તીકરણ કરવાની પ્રક્રિયાનું થેલ્સ પછી આ બીજું આગેકદમ ગણાય.

જગતનું અંતિમ કારણ અથવા મૂળભૂત તત્ત્વ ભૌતિક છે, એ સિદ્ધાંતમાં તે થેલ્સની સાથે સહમત થાય છે. પણ તે પાણી વા એવા કોઈ **એક** ભૌતિક તત્ત્વને અંતિમ કારણ તરીકે સ્વીકારતો નથી. તેની દૃષ્ટિએ આકારહીન, ગુણધર્મ રહિત, સ્વાદ રંગરૂપ રહિત 'સાર્વત્રિક જડ તત્ત્વ' (matter) જગતના અંતિમ કારણ રૂપે છે. અને તે 'ગુણ' અને 'સંખ્યા' બેઉ દૃષ્ટિએ 'અસીમ' છે. કારણ કે જો તે સીમિત હોત તો ક્યારનું ખૂટી ગયું હોત. અસીમ અને અમર્યાદ મૂળ તત્ત્વને કારણે ઍનેક્સીમેન્ડર એક નહિ પણ અનેક, અગણિત વિશ્વોનો સિદ્ધાંત રજૂ કરે છે — પછી તે અનુક્રમે અસ્તિત્વમાં આવતાં હોય કે એકીસાથે અસ્તિત્વ ધરાવતાં હોય.

વળી જીવસૃષ્ટિની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિ સંબંધે તેણે એવી ભાવના રજૂ કરી છે કે જગત પ્રારંભે પ્રવાહી સ્વરૂપે હતું. તેમાંના સૂર્યની ગરમીને કારણે એ પ્રવાહી સુકાવા લાગ્યું અને તે પ્રક્રિયામાં વરાળ પેદા થઈ. આમ ગરમી અને વરાળના સંયોજનથી જીવસૃષ્ટિની ઉત્પત્તિ થઈ. પ્રથમ નિમ્ન સ્તરના જીવો ઉદ્ભવ્યા અને ધીમે ધીમે પર્યાવરણ (environment) સાથે અનુકૂલન (adaptation) સાધતાં સાધતાં ઉચ્ચ અને ઉચ્ચતર જીવો અસ્તિત્વમાં આવતા ગયા.

આમ, મનુષ્યની ઉત્પત્તિ અને તેના વિકાસ વિષે ધાર્મિક—પૌરાણિક માન્યતા રજૂ ન કરતાં નૈસર્ગિક અને ઉત્ક્રાંતિમૂલક (evolutionary) વિભાવના રજૂ કરવાનું માન ઍનેક્સીમેન્ડરને ફાળે જાય છે.

ખાસ તો, પર્યાવરણ સાથે અનુકૂલન સાધવાની ક્ષમતા એ સજીવોની ઉત્ક્રાંતિ પાછળનું મહત્ત્વનું પરિબળ છે, એ આધુનિક ખ્યાલનું આબેહૂબ પગેરું આપણને તેના આ વિચારોમાં જોવા મળે છે.

## (૪) ઍનેક્સીમેનેસ (ઈ. પૂ. ૫૮૮ થી ઈ. પૂ. ૫૨૮ આશરે)

ઍનેક્સીમેનેસ અગાઉના બે ચિંતકોની જેમ મિલેટસનો રહેવાસી હતો. જગતનું અંતિમ કારણ રૂપ તત્ત્વ ભૌતિક છે, એ માન્યતામાં તે થેલ્સ અને ઍનેક્સીમેન્ડર સાથે સહમત થાય છે, પણ તે આ અંતિમ કારણ તરીકે પાણી કે 'સાર્વત્રિક અસીમ જડ તત્ત્વ' નહિ, પણ વાયુને માને છે. સતત ગતિ (motion) એ વાયુનો અનિવાર્ય ગુણધર્મ છે અને આ ગતિમાંથી વિશ્વનો પ્રાદુર્ભાવ થાય છે. જગતના 'અંતિમ કારણ' તરીકે વાયુ પ્રસ્થાપિત કરીને ઍનેક્સીમેનેસ બેસી રહેતો નથી, પણ તેને કારણે જગતનાં ઉત્પત્તિ અને વિકાસ કેવી રીતે થયાં, કઈ પ્રક્રિયાથી આ બન્યું છે, તેનો ખુલાસો આપવાનો પ્રયાસ પણ તે કરે છે. દા. ત., ગરમી (પ્રસરણ પ્રક્રિયા) અને ઠંડી (આકુંચન પ્રક્રિયા) આ બે વાયુની વિરોધી પ્રક્રિયાઓ છે અને તેમની વચ્ચેની આંતરક્રિયામાંથી જગતની ઉત્પત્તિ થઈ છે.

વળી, સજીવતાના ખુલાસા તરીકેય ઍનેક્સીમેનેસ આ બે વિરોધી ગતિઓને જવાબદાર ગણાવે છે. શ્વાસના સ્વરૂપે આપણે જે હવા (વાયુ) લઈએ છીએ, એ હવાનું 'પ્રસરણ' છે અને ઉચ્છ્વાસના સ્વરૂપે આપણે જે હવાને બહાર કાઢીએ છીએ એ હવાનું 'આકુંચન' છે, માટે હવા સજીવના પ્રાણતત્ત્વ રૂપે છે. જે પળે સજીવમાં આ વિરોધી ગતિઓની આંતરક્રિયા અટકી પડે છે, તે જ પળે સજીવ તેની સજીવતા ગુમાવી બેસે છે.

ઍનેક્સીમેનેસ આ સિદ્ધાંત વિશ્વને પણ લાગુ પાડે છે. વિશ્વ પણ એક સજીવ તંત્ર છે, અને તેની સજીવતાનો આધાર વાયુનાં પ્રસરણ અને આકુંચન પર રહેલો છે — જેવી રીતે દેહમાં શ્વાસોચ્છ્વાસ પર રહેલો છે.

તેના પુરોગામી ચિંતકો કરતાં ઍનેક્સીમેનેસની વિશેષતા એ છે કે તેણે 'જડ જગત' અથવા 'સજીવ'નીય ઉત્પત્તિનો ખુલાસો આપવાનો જે પ્રયાસ કર્યો છે તેમાં તેણે **ભૌતિકવાદી—યંત્રવાદી** દૃષ્ટિકોણનો સહારો લીધો છે.

ઉપરના ત્રણે ચિંતકોનાં વિચારબીજોમાંથી ભાવી યુરોપીય વિજ્ઞાનના અંકુર ફૂટયા છે. જેમાં 'જ્ઞાતા' અને 'જ્ઞેય' વચ્ચે સંપૂર્ણપણે દ્વૈત સધાયું હોય એવું મનોવલણ અથવા એવો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવામાં આ વિચારસંપ્રદાયનો ફાળો સૌથી વધુ નોંધપાત્ર છે.

## (૫) પાયથાગોરસ (ઈ. પૂ. ૫૭૦ થી ૫૦૦)

જગતની મહાન બૌદ્ધિક વિભૂતિઓમાં પાયથાગોરસ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેનો જન્મ આયોનિયાના સેમોસ ટાપુ પર થયો હતો. પાયથાગોરસ અને તેના અનુયાયીઓએ માત્ર પ્રાચીન ગ્રીક-ચિંતન જ નહિ પણ સમગ્ર યુરોપીય તત્ત્વજ્ઞાનની દિશા નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જગતની ઉત્પત્તિ સંબંધી વૈજ્ઞાનિક ખુલાસા આપવાનો મિલેટસવાસી (માયલેશિયન) ચિંતકોએ પ્રયાસ કરીને તત્ત્વજ્ઞાનનો આરંભ કર્યો, તો વૈજ્ઞાનિક પ્રગતિ માટે જેનો ઉપયોગ અનિવાર્ય ગણાય તે ગણિત અને પુરાવાની નિદર્શનાત્મક 'નિગમન' (deduction) પદ્ધતિ તરીકે ગાણિતિક પદ્ધતિનો પહેલ પ્રથમ ઉપયોગ કરવાનું શ્રેય પાયથાગોરસ વિચારસંપ્રદાયને જાય છે.

પાયથાગોરસની વિચારણાનું બીજું પાસું ગૂઢવાદી અને ધાર્મિક માન્યતાઓ છે. વાસ્તવમાં, પાયથાગોરસે સ્થાપેલો 'ધર્મસમાજ' એક ધાર્મિક અને નૈતિક સુધારણાનો સંપ્રદાય હતો. ઑર્ફિક-દેવ-સંપ્રદાય સાથે સંકળાયેલ આ ધર્મસંપ્રદાય દેહશુદ્ધિ અને મનશુદ્ધિ દ્વારા 'આત્માના મોક્ષ'માં શ્રદ્ધા ધરાવતો હતો. જીવનમરણના ચક્કરમાંથી મુક્તિ મેળવવા માટે જુદી જુદી વિધિઓ પર ભાર મૂકવામાં આવતો. લોકરુચિઓની શુદ્ધિ માટે બુદ્ધિપ્રધાન અને તત્ત્વજ્ઞાનની અભિરુચિઓના વિકાસનો સમાવેશ પણ તેમના સંપ્રદાયમાં કરવામાં આવતો.

*આત્માની મુક્તિ માટે વિશ્વનાં અંતિમ તત્ત્વોનું બૌદ્ધિક ચિંતન મદદરૂપ થાય છે, એવી તેમની માન્યતામાં ધર્મ ઉપરાંત વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો મેળ બેસાડવાનું વલણ દૃષ્ટિગોચર થાય છે.

પાયથાગોરસ ધાર્મિક વિચારોની જેમ જીવનની શુદ્ધિ પર ભાર મૂકતો હતો. તે શરીરને આત્માનું કેદખાનું અગર કબર માનતો અને શરીરને બને તેટલું શુદ્ધ તથા પવિત્ર બનાવીને જ આત્માને મુક્ત કરી શકાય તેમ માનતો. વળી, કાર્યપ્રધાન અથવા પ્રવૃત્તિમય જીવનને બદલે ચિંતનપ્રધાન જીવનને તે આદર્શ નૈતિક જીવન ગણે છે. ઇન્દ્રિયો અને અવલોકન દ્વારા જગતનું શુદ્ધ અને સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી; પણ વિચાર અને 'સ્વયંસ્ફુરણા' દ્વારા જ સાચું અને શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

હવે, પાયથાગોરસના ગાણિતિક ચિંતન તરફ નજર નાખીએ. તે **સંખ્યાને** જગતના મૂળભૂત સિદ્ધાંત તરીકે માને છે. વસ્તુઓની પ્રતીતિ આપણને તેમના અનેક ગુણધર્મોને લીધે થાય છે. દા. ત. રંગ, સ્વાદ, ગંધ વગેરે. પણ આમાંનો એકેય ગુણધર્મ સાર્વત્રિક નથી. જુદી જુદી વસ્તુના ગુણધર્મો જુદા જુદા હોય છે. પાયથાગોરસ કહે છે કે બધી જ વસ્તુઓ જે લક્ષણ નિરપવાદ ધરાવતી હોય તેવો 'ગુણધર્મ' છે સંખ્યાનો. તેના મતે "બધી જ વસ્તુઓ સંખ્યાત્મક છે."

વળી, સંખ્યા ગણી શકાય તેમ છે. તેની પ્રતીતિ શુદ્ધ ચિંતન અને તર્કપ્રક્રિયા દ્વારા થઈ શકે છે. તે સંબંધી જ્ઞાન મેળવવા માટે ન તો ઇન્દ્રિયોની ગુલામી વેઠવી પડે છે, ન તો અવલોકન કરવા બંધાઈ રહેવું પડે છે.

પાયથાગોરસની આવી જ મહત્ત્વની શોધ **ભૂમિતિના** ક્ષેત્રમાં છે. કાટખૂણો રચતી બે ભુજાઓના વર્ગનો સરવાળો કાટખૂણાની સામેની ભુજા અથવા કર્ણના વર્ગ જેટલો થાય છે, તે તેણે શોધી કાઢયું હતું. ભૂમિતિની અસર વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપર તો થાય જ પરંતુ તત્ત્વજ્ઞાન ઉપર પણ ઘણી મોટી થઈ છે.

કેટલાંક વિધાનોને ‘સ્વયંસિદ્ધ સત્યો’ તરીકે માની લેવાં અને ત્યાર બાદ નિગમનાત્મક પદ્ધતિએ તેમાંથી તારણો તારવવાં એ ભૌમિતિક ચિંતનપદ્ધતિનું હાર્દ છે અને ઈશ્વરમીમાંસા(theology)માં પણ આ ચિંતનપદ્ધતિની ઘણી મોટી અસર થઈ છે.

પાયથાગોરસની એક વધુ શોધ સંગીત અને ગણિત વચ્ચે રહેલા સંબંધ અંગેની છે. તેના મતે, તંતુવાદ્યના તારોની લંબાઈ વચ્ચેના ચોક્કસ પ્રમાણને સૂરોની સંવાદિતા સાથે સંબંધ છે. વિરોધી ગુણો વચ્ચેના સંયોજનથી જ જગતમાં સમતુલા ઊભી થાય છે, એ વિચારનો સ્રોત પાયથાગોરસના ગાણિતિક અને સાંગીતિક મધ્યપરિમાણના ખ્યાલમાં પડેલો છે.

એકંદરે, પાયથાગોરસના મતે, શાશ્વત અને નિશ્ચિત સત્યની વિભાવનાનું મૂળ ગણિતમાં પડેલું છે અને આ સત્યનું જ્ઞાન અથવા પ્રતીતિ પ્રત્યક્ષ અનુભવમાં આવતા જગતની ગતિવિધિઓનાં માત્ર નિરીક્ષણ કે અવલોકન મારફતે થઈ શકે તેમ નથી. કારણ કે ઇન્દ્રિયોની મદદથી આપણે જે જ્ઞાન મેળવીએ છીએ તે અપૂર્ણ અને સાપેક્ષ છે. સ્થળકાળનાં બંધનો અને સમયના સંદર્ભમાં જ આપણે ઇન્દ્રિય-પ્રત્યક્ષ જ્ઞાન મેળવી શકીએ છીએ. ત્યારે શાશ્વત અને નિરપેક્ષ જ્ઞાન આપણે શુદ્ધ વિચાર અને અંતઃસ્ફુરણા દ્વારા મેળવી શકીએ છીએ. ગણિત તથા ભૂમિતિ જ આપણને ‘શુદ્ધ વિચાર’માં મદદરૂપ થાય છે.

> **બર્ટ્રાન્ડ રસેલ કહે છે : “વિચારના ક્ષેત્રમાં અસરની દૃષ્ટિએ પાયથાગોરસ જેવો બીજો કોઈ વિચારક નથી તેમ હું માનું છું.”**

## (૬) ઝેનોફેનીઝ (આશરે ઈ. પૂ. ૫૭૦ થી ૪૭૫)

ઝેનોફેનીઝને ‘એલિયા’ (નેપલ્સ નજીકની એલિયા નગરી ઉપરથી ઓળખાતા) વિચારસંપ્રદાયના સ્થાપક તરીકે માનવામાં આવે છે. ધર્મ (religion) અને તત્ત્વજ્ઞાન (philosophy) વચ્ચેના સંઘર્ષનો આરંભ કરનાર ઝેનોફેનીઝ છે. તેણે તે વખતના પ્રવર્તમાન ગ્રીક ધર્મ પર આકરા પ્રહારો કર્યા છે. ઈશ્વર અથવા દેવોને મનુષ્ય દેહધારી ધારવા અને તેઓ મનુષ્યની જેમ જન્મે છે, મૃત્યુ પામે છે; તથા મનુષ્યોની જેમ છેતરપિંડી કરે છે, બળાત્કાર કરે છે, પરસ્ત્રીગમન કરે છે એમ કલ્પવું એ યોગ્ય નથી.

ઝેનોફેનીઝ ‘**એકેશ્વરવાદી**’ (monotheist) હતો. આખું જગત એ જ ઈશ્વરનો આવિષ્કાર છે- નિસર્ગ એ જ ઈશ્વરનું બાહ્ય સ્વરૂપ છે. સર્વત્ર ઈશ્વરનો વાસ છે. આમ, તે એકેશ્વરવાદી છતાં ‘**સર્વેશ્વરવાદી**’ (pantheist) છે.

ઈશ્વર સંબંધી પ્રચલિત માન્યતાઓ પરના તેના પ્રહારો જોતાં તે ‘તત્ત્વજ્ઞાની’ કરતાં વિશેષ ‘ધર્મસુધારક’ છે.

## (૭) પાર્મેનિડિઝ (જન્મ ઈ. પૂ. ૫૧૪) અને ઝેનો (જન્મ આશરે ઈ. પૂ. ૪૮૯)

‘એક તત્ત્વવાદી ચિંતન’(absolutist)ની પરાકાષ્ઠા આપણને ‘એલિયા’ વિચારસંપ્રદાયના સૌથી મહત્ત્વના ચિંતક પાર્મેનિડિઝના ચિંતનમાં જોવા મળે છે.

પાર્મેનિડિઝે અપરિવર્તનશીલ સત્ તત્ત્વ(Being)ને જગતના અંતિમ કારણ રૂપે જણાવ્યું છે. આ ‘પરમ સત્ તત્ત્વ’ નિત્ય, સ્થિર, અવિભાજ્ય, નિશ્ચલ, શાશ્વત, સ્વયંપૂર્ણ, ગતિવિહીન ‘પદાર્થ’ છે, એમ કહેવા ઉપરાંત તેને ‘ગોળાકાર’ પણ જણાવ્યો છે.

તેના મતે, જે ‘છે’ તે પરમ તત્ત્વ(Being)નો જ વિચાર કરી શકાય, જે ‘નથી’ (not-Being), અથવા જે ‘હયાતીમાં આવી રહેલ’ (becoming) છે, અથવા ‘લુપ્ત થઈ રહેલ છે’ (vanishing)

તેનો વિચાર કરી શકાતો નથી. ઇન્દ્રિયો દ્વારા જોવાતું પરિવર્તનશીલ જગત એ ભ્રમ છે. કારણ કે તેમાં સતત ફેરફાર થાય છે તેથી તે કાં તો 'બીકમિંગ' છે, અથવા 'વેનિસિંગ' છે.

જગતના કારણ રૂપ 'અંતિમ તત્ત્વ'ની સમજૂતી આપવામાં તર્ક અથવા વિચારનો સહારો લેવાનો આ પ્રથમ પ્રયાસ છે. જ્ઞાનપ્રાપ્તિના સાધન તરીકે ઇન્દ્રિયબોધ અને વિવેકબુદ્ધિ (reason) વચ્ચે સૌથી પ્રથમ ભેદ પાડવાનું અને ઇન્દ્રિયો દ્વારા મેળવેલું જ્ઞાન ભ્રામક હોય છે અને સાચું જ્ઞાન માત્ર વિવેકબુદ્ધિ દ્વારા જ મેળવી શકાય છે, તે સ્થાપિત કરવાનો સૌથી પ્રથમ યશ પાર્મેન્ડિઝને ફાળે જાય છે.

આ 'વિચારવાદ'(idealism)ના મૂળભૂત સિદ્ધાંતનો પાયો–બલ્કે, તત્ત્વજ્ઞાનના એક અત્યંત મહત્ત્વના વિચારપ્રવાહનો પાયો નાખવાનું માન પાર્મેન્ડિઝને ફાળે જાય છે. જોકે કેટલાકે તેને 'આઇડિયાલિઝમ'નો નહિ, તેના વિરોધી 'મટિરિયાલિઝમ'નો પાયો નાખવાનું શ્રેય પણ આપ્યું છે, કેમ કે તેણે 'સત્ તત્ત્વ'ના ગોળાકારની વાત કરી છે.

સમગ્ર રીતે જોતાં, પાર્મેન્ડિઝનું સત્ તત્ત્વ (Being) એ કોઈ મૂર્ત, નક્કર ભૌતિક પદાર્થ–દા. ત., પાણી, અગ્નિ વગેરે ભૌતિક, ઇન્દ્રિયગમ્ય પદાર્થ–નથી, એ એક 'વિભાવના' (conception) 'અમૂર્ત વિચાર' (idea) છે. તે અવિભાજ્ય છે, સ્થળ-કાળથી પર છે, ગુણાતીત છે. આથી તે ઇન્દ્રિયો દ્વારા પામી શકાય તેવો મૂર્ત, નક્કર પદાર્થ નથી. માત્ર વિવેકબુદ્ધિથી જ તે સમજી અથવા પામી શકાય છે. બલ્કે, તમામ પદાર્થોનું મૂળ કારણ રૂપ 'હોવાપણું' તેમાં રહેલું છે. તેનું અસ્તિત્વ માત્ર અમૂર્ત વિચારમાં જ છે. પાર્મેન્ડિઝ આમ ઇન્દ્રિયબોધને ભ્રામક માનતો હોવાથી, આપણે તેને 'ભૌતિકવાદ'નો નહિ, 'વિચારવાદ'નો સ્થાપક કહીએ તે વધુ સયુક્તિક છે.

**ઝેનો :** પાર્મેન્ડિઝનો અનુયાયી ઝેનો પણ એલિયાવાસી હતો. તેનું ખરું મહત્ત્વ તો, જેને 'દ્વંદ્વાત્મક' (dialectical) પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે, તે 'ખંડનાત્મક તાર્કિક' પદ્ધતિ દ્વારા પાર્મેન્ડિઝના ચિંતનને તેણે સમર્થન આપ્યું તેમાં રહેલ છે. આ પદ્ધતિ દ્વારા તેણે પાર્મેન્ડિઝના સિદ્ધાંતને નવા જ દૃષ્ટિકોણથી સમર્થન આપવાના પ્રયાસમાં સ્થળ–'દિક્' (space) અને સમય (time) સંબંધે જે નવા જ વિચારો રજૂ કર્યા તેનું તત્ત્વચિંતનમાં ઘણું મહત્ત્વ છે.

તેના મતે, જગતનું મૂળભૂત કારણ રૂપ તત્ત્વ (principle of form)–અપરિવર્તનશીલ 'સત્ તત્ત્વ' –છે, જેને આપણે દ્વંદ્વાત્મક બુદ્ધિની મદદથી જ પામી શકીએ છીએ. ઇન્દ્રિયજગત જેમાં આપણને બહુત્વ (plurality) અને પરિવર્તન દેખાય છે, તે 'ભ્રામક' અને 'અસત્ય' છે, એ પાર્મેન્ડિઝના વિચારોનો સાર છે. પરંતુ તે શા માટે ભ્રામક અને અસત્ય છે, તે ખંડનાત્મક પદ્ધતિથી સાબિત કરવાનો ઝેનો પ્રયાસ કરે છે.

આ પદ્ધતિમાં દલીલ ખાતર પ્રતિપક્ષીના આધાર-વિધાન(thesis)નો સ્વીકાર કરવામાં આવે છે; અને પછી તેમાંથી જ પરસ્પર વિરોધી નિષ્કર્ષ (anti-thesis) ફલિત કરવામાં આવે છે; જેથી આમાંના કોઈ એક નિષ્કર્ષનો સ્વીકાર કરવામાં આવે તો 'અનવસ્થા દોષ' ઊભો થાય માટે તે 'ખોટી' એમ પુરવાર કરવામાં આવે છે. આ પદ્ધતિ વ્યવસ્થિત રીતે પ્રથમ વાર પ્રયોજવાનું માન ઝેનોને ફાળે જાય છે.

બહુત્વ અને 'પરિવર્તન' અથવા 'ગતિ'(motion)ના ખ્યાલનો નિષેધ કરવામાં ઝેનો તેની આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. તે કહે છે કે જો બહુત્વ હોય, એટલે કે જગતમાં વસ્તુ એક નહિ, પણ અનેક હોય તો તે જુદા જુદા 'એકમો'ની બનેલી હોવી જોઈએ. બીજું આ એકમો 'અવિભાજ્ય' હોવા જોઈએ. કારણ કે જો તેમનું વિભાજન થઈ શકતું હોય, તો 'એકમો' ન કહેવાય. તેથી કરીને, તે 'અવિભાજ્ય એકમો' હોઈને, તેમને કદ અથવા પરિમાણ (dimension) હોઈ શકે નહિ. બીજી બાજુ, બહુત્વને કદ

અથવા પરિમાણ છે, કારણ કે તેનું અસંખ્ય નાના નાના એકમોમાં વિભાજન થઈ શકે છે. આમ, બહુત્વનો સ્વીકાર કરતાં પરસ્પર વિરોધી નિષ્કર્ષો પ્રાપ્ત થાય છે. આવી દ્વંદ્વાત્મક-પ્રતિખંડનાત્મક (dialectical) પદ્ધતિના ઉપયોગ દ્વારા ઝેનો બહુત્વના સિદ્ધાંતનું ખંડન કરે છે.

આ જ પદ્ધતિથી ઝેનો 'ગતિ' અથવા જગતમાં 'પરિવર્તન'ની શકયતાનું પણ આબાદ ખંડન કરે છે. 'ગતિ'નો ખ્યાલ બુદ્ધિગમ્ય નથી. કેમ કે તેનું અસ્તિત્વ ડાયલેકિટકલ–જે સત્ય જ્ઞાનની પદ્ધતિ છે તેના દ્વારા પ્રતિપાદિત થઈ શકતું નથી. દા. ત., કોઈ પણ વસ્તુને એક સ્થળ અથવા બિંદુથી બીજા સ્થળે અથવા બિંદુએ 'ગતિ' કરવી હોય તો પ્રથમ તેણે બે સ્થળો વચ્ચેનું અડધું અંતર તો કાપવું જ પડે. હવે, આ અડધું અંતર કાપતાં **પહેલાં** તેણે તેનું અડધું (અડધાનું અડધું) તો **પહેલાં** કાપવું જ રહ્યું. આમ; **પહેલાં** અડધું અંતર કાપવાની પ્રક્રિયા હોવાની જ ! એટલે કે તેને અનંત કાળ પર્યંત અનંત બિંદુઓમાંથી પસાર થવું પડયું હોવું જોઈએ. તેમ કરવું મર્યાદિત સમયમાં શકય નથી. આથી, એક સ્થળેથી બીજે સ્થળે 'ગતિ' કરવી એ જ અશકય છે. દા. ત., હવામાં છોડવામાં આવેલ બાણ ગતિ કરે છે, તે તાર્કિક રીતે સાબિત કરી શકાય નહિ. હવામાં છોડવામાં આવેલ બાણ અનેક સ્થળબિંદુઓમાંથી ક્રમાનુસાર પસાર થતું સાબિત કરાય તો જ તે 'ગતિ' કરે છે, એમ કહી શકાય. હવે બાણ દરેક સ્થળ-બિંદુએ–જે તે ક્ષણે–તો સ્થિર હોવું જોઈએ; એક સાથે તે બે સ્થળબિંદુઓ પર તો હોઈ શકે જ નહિ. હવે બાણ કોઈ એક ક્ષણે સ્થિર ત્યારે જ હોય, જ્યારે તે પોતાના જેટલો જ અવકાશ રોકે ત્યારે. એટલે વસ્તુનું એક સ્થળે હોવું એટલે કે 'સ્થિર' હોવું, 'ગતિહીન' હોવું એવો જ તેનો અર્થ થયો કહેવાય. આમ, બાણ દરેક ક્ષણે કોઈ ને કોઈ સ્થળબિંદુએ સ્થિર જ હોય છે, તો પછી તે ગતિ કરે છે એમ કેવી રીતે કહી શકાય ? સ્થિરતાની પરિસ્થિતિઓના સરવાળાથી 'ગતિ' ઉત્પન્ન થઈ શકતી નથી. આથી સાબિત થાય છે કે હવામાં છોડેલું બાણ 'ગતિ' કરતું નથી.

ઝેનોની આ પ્રતિખંડનાત્મક દલીલ માત્ર 'બહુત્વ' અને 'ગતિ'ને જ લાગુ પડે છે એવું નથી. ખરેખર તો જેને 'સંખ્યાત્મક રીતે માપી શકાય તેમ છે,' બીજા શબ્દોમાં કહીએ તો 'જે **પરિમેય** (measurable) છે,' તેવા પ્રત્યેક ખ્યાલને તેની પદ્ધતિ લાગુ પાડી શકાય તેમ છે. દાખલા તરીકે 'દિક્' અને 'સમય'. તે કહે છે કે જગતમાં જે કંઈ અસ્તિત્વ ધરાવે છે, તે 'કશાક'માં અસ્તિત્વ ધરાવતું હોવું જોઈએ. એટલે કે દિક્ અસ્તિત્વ ધરાવતું હોય તો તે કશાકમાં — આખરે દિક્માં — અસ્તિત્વ ધરાવતું હોવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો એક દિક્ બીજા દિક્માં (પહેલાથી વિશાળ) અને બીજું દિક્ ત્રીજા દિક્માં એમ અનંત સુધી દિક્માં દિક્ અસ્તિત્વ ધરાવે છે એમ માનવું પડે. આમ માનવું અર્થ-વગરનું બની રહે છે.

ઝેનોની એક તત્ત્વવાદની વિચારણા (रूप तत्त्ववाद) અને જગતના અંતિમ કારણ રૂપ 'સત્ તત્ત્વ'-(Being)ને ઇન્દ્રિયો થકી નહિ, પણ બુદ્ધિથી જ પામી શકાય તે વિચારણા એ 'એલિયા' વિચાર-સંપ્રદાયનો તત્ત્વજ્ઞાનમાં સૌથી મહત્ત્વનો ફાળો છે. અને તેણે જે પદ્ધતિની સહાયથી સમર્થન આપ્યું તે દ્વંદ્વાત્મક પદ્ધતિ જગતને ભેટ રૂપ છે.

## (૮) હેરાક્લીટસ (ઈ. પૂ. ૫૩૫ થી ઈ. પૂ. ૪૭૫)

જગતનું અંતિમ કારણ રૂપ તત્ત્વ સત્ તત્ત્વ (Being) અપરિવર્તનશીલ છે એવા એલિયા વિચાર-સંપ્રદાયથી તદ્દન વિરોધી ખ્યાલ હેરાક્લીટસે રજૂ કર્યો છે. તે અમુક પ્રકારની ગૂઢવાદી માન્યતા ધરાવતો હતો. તેને માણસજાત માટે ભારોભાર અવિશ્વાસ હતો. માણસો જાતે સમજીને સારું વર્તન દાખવશે એવી આશા રાખવી એ ફોગટ છે; માત્ર દંડાથી જ માણસોને સારું વર્તન આચરતા રાખી શકાય, એ તેની માન્યતા હતી.

હેરાક્લીટસને સમજવા આપણે પહેલાં એ યાદ કરી લઈએ કે જગતના સ્વરૂપ પરત્વે અત્યાર સુધીના ગ્રીક ચિંતકોએ બે ગૃહીત માન્યતાઓ રજૂ કરેલી છે : (૧) જગત સતત પરિવર્તનશીલ છે, અને (૨) જગતમાં એવું કશુંક તત્ત્વ છે, જે સ્થિર છે અથવા તેમાં પરિવર્તન થતું નથી, આપણને જગતમાં 'પરિવર્તન' અને 'સાતત્ય' દેખાય છે, તેનો ખુલાસો જો આ બે માન્યતાઓનો સ્વીકાર કરીએ તો જ મળે : પરંતુ તો પછી આ બેઉ વચ્ચેના વિરોધાભાસનું નિરાકરણ કેવી રીતે કરવું એ ગ્રીક ચિંતકોને મન મહત્ત્વની સમસ્યા હતી.

હેરાક્લીટસના મતે જગતમાં 'સ્થિરતા' અથવા 'સ્થાયીત્વ' જેવી કોઈ બાબતનું અસ્તિત્વ જ નથી. જગતમાં કોઈ તત્ત્વ એવું નથી જેને આપણે 'નિશ્ચલ' કહી શકીએ. આખા જગતમાં પરિવર્તન અથવા 'ગતિ'નું સામ્રાજ્ય પ્રવર્તે છે. તેની પ્રખ્યાત ઉક્તિ અનુસાર : "તમે એની એ જ નદીમાં બે વાર પ્રવેશી શકતા નથી." કેમ કે પહેલી વાર જ્યારે તમે નદી ઓળંગો છો; તે વખતનું પાણી બીજી વાર હોતું નથી. વળી, કેટલીક બાબતો બીજી બાબતો કરતાં વધુ ટકે છે એમ આપણે કહીએ તો તેને પણ હેરાક્લીટસ ભ્રમ લખે છે. આજે જે સૂર્ય આથમ્યો એનો એ જ સૂર્ય બીજે દિવસે ઊગતો નથી. બીજા દિવસનો સૂર્ય એ નવો સૂર્ય છે, કારણ કે સૂર્ય અહર્નિશ બળતો રહે છે.

આમ, હેરાક્લીટસના મતે જો દરેક વસ્તુ થવાની પ્રક્રિયા( becoming )માં હોય તો પ્રત્યેક વસ્તુ 'છે'માંથી 'નથી' ભણી અને 'નથી'માંથી 'છે' ભણી સતત સંક્રાંતિ પામી રહી છે. માટે આ 'સંક્રાંતિ' અથવા 'કશું' થવાની ક્રિયા–'બનવું' ( becoming ) જ સત્ય છે; 'છે' અને 'નથી' બંને ભ્રમ છે. ખરેખર, તો 'બનવા'માં જ 'છે' અને 'નથી' બંને સમાઈ જાય છે. માણસનો જે ક્ષણે જન્મ થાય છે તે જ ક્ષણથી તે મૃત્યુ ભણી આગળ ધસી રહ્યો હોય છે. 'જીવનમાં મૃત્યુ' અને 'આરંભમાં અંત' સમાવિષ્ટ જ છે.

હેરાક્લીટસની આ માન્યતામાંથી એક બીજો મહત્ત્વનો સિદ્ધાંત પ્રતિપાદિત થાય છે કે વિશ્વની દરેક વસ્તુમાં 'છે' અને 'નથી' રૂપે તેની વિરોધી વસ્તુ અંતર્હિત છે જ. બલ્કે, વિરોધી બાબતો વચ્ચેના સંઘર્ષ થકી જ વસ્તુઓનું અસ્તિત્વ છે–ભલેને સતત પરિવર્તન પામતું હોય. આ વિચારના દ્દષ્ટાંત રૂપે તે જણાવે છે કે વીણાવાદનમાં આપણને જે સંવાદી સૂર સંભળાય છે, તે તંતુઓ અને ગજ વચ્ચેના સંઘર્ષનું જ પરિણામ છે.

**સંઘર્ષ એ જ સંવાદિતાનો પિતા છે અને "બધાં દ્વંદ્વો વચ્ચેના સંઘર્ષમાંથી જે સંવાદિતા રચાય છે તે જ ઈશ્વર છે."**

હેરાક્લીટસને મતે જગતનું અંતિમ કારણરૂપ તત્ત્વ 'અગ્નિ' છે, જે સતત પરિવર્તન અને સંઘર્ષમય છે. બધી જ વસ્તુઓ અગ્નિમાંથી પ્રગટી છે અને બધી જ પાછી અગ્નિમાં સમાઈ જાય છે. આમ, બધું જ ગતિમય અથવા પરિવર્તનશીલ હોવા છતાં આપણને સ્થાયીત્વ અથવા શાશ્વતતાનો 'આભાસ' થાય છે. કેમ કે જગતમાં એક પ્રકારની नियमनी एकता રહેલી છે.

હેરાક્લીટસ અગ્નિને 'જીવન' તથા 'બુદ્ધિ' સાથે એકરૂપ માને છે. જેમ અગ્નિ તત્ત્વ વિશેષ તેમ 'જીવન' તત્ત્વ અને 'ગતિ' તત્ત્વ વિશેષ. તેની દૃષ્ટિએ આત્મા એ અગ્નિ છે; અને બીજા અગ્નિની જેમ તે સતત બળતો રહે છે; બાહ્ય જગતમાં સર્વત્ર વ્યાપ્ત અગ્નિમાંથી ઇન્દ્રિયો અને શ્વાસ દ્વારા સતત વપરાતા એ આત્મા રૂપી અગ્નિની ક્ષતિપૂર્તિ થતી રહે છે. જે પળે આ બાહ્ય અગ્નિ સાથેનો આત્માના અગ્નિનો નાતો તૂટી જાય છે તે જ પળે મનુષ્ય 'અબૌદ્ધિક' બને છે અને અંતે મૃત્યુ પામે છે. બલ્કે, ત્યારે આત્માનો દીપક બુઝાઈ જાય છે અને આપણો અંદરનો અગ્નિ બાહ્ય સર્વત્ર વ્યાપ્ત અગ્નિમાં ભળી જાય છે.

હેરાક્લીટસની **જ્ઞાનમીમાંસા** ઇન્દ્રિયજ્ઞાન અને બુદ્ધિ(reason)થી મેળવાતા જ્ઞાન વચ્ચે તફાવત પાડે છે. જગતમાં આપણને જે શાશ્વતતા કે નિશ્ચલતાનો 'અનુભવ' થાય છે, તે ઇન્દ્રિયોને આભારી હોઈને 'ભ્રામક' છે, એમ તે કહે છે. માત્ર બુદ્ધિથી જ આપણને 'બનવા' (becoming)ના સિદ્ધાંતનું જ્ઞાન થાય છે. ઇન્દ્રિયો તો માત્ર 'છે' (being) અથવા 'નથી' (not-being)નું જ જ્ઞાન મેળવી શકે, ત્યારે આપણી બુદ્ધિ, જે અગ્નિ તત્ત્વ છે, જે પોતે જ મહત્તત્ત્વ (Becoming) છે તે જ becoming (વસ્તુ માત્ર બનવાની પ્રક્રિયા)નું જ્ઞાન મેળવી શકે.

આપણે આગળ જોયું તેમ હેરાક્લીટસના મત અનુસાર દરેક વસ્તુમાં તેની વિરોધી વસ્તુ અંતર્હિત છે, એનો અર્થ એ થાય કે જગતમાં કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ ન તો 'સ્વાવલંબી' છે કે ન તો 'સ્વયંપૂર્ણ'. પ્રત્યેક વસ્તુ બીજી જ કોઈ વસ્તુમાં સતત વિલીન થઈ રહી છે, અને આ પલટાઈ રહેવાની પ્રક્રિયામાં જ વસ્તુનું અસ્તિત્વ છે. તે કહે છે : "પૃથ્વીનું મરણ એ અગ્નિનું જીવન છે અને પાણીનું મરણ એ પૃથ્વીનું જીવન છે". એટલે કે વસ્તુના 'હોવાનો' આધાર બીજી વસ્તુના 'ન હોવા' પર છે.

અહીં, આપણને સાપેક્ષતાના સિદ્ધાંતની સૌપ્રથમ તાત્ત્વિક રજૂઆત થતી જોવા મળે છે.

## (૯) પરમાણુવાદીઓ

જગતના અંતિમ કારણ રૂપ તત્ત્વ અથવા સિદ્ધાંતની ખોજમાં ગ્રીક ચિંતન જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ એમાં વિરોધી વિચાર પ્રવાહોનો ઉદ્ભવ થતો જાય છે. પરિણામે તેમની વચ્ચે મેળ બેસાડીને જગતનાં સર્જન અને વ્યાપાર વિષે પ્રતીતિકર ખુલાસા પ્રાપ્ત કરવાનું વધુ ને વધુ મહત્ત્વનું બનતું જાય છે. આપણે જોયું કે 'એકતત્ત્વવાદી' પાર્મેન્ડિઝે જગતના અંતિમ કારણ તરીકે અપરિવર્તનશીલ એકમાત્ર સત્ સત્ત્વ(Being)ની રજૂઆત કરી, તો હેરાક્લીટસે જગતમાં કશું અપરિવર્તનશીલ નિશ્ચલ છે જ નહિ અને બધું જ સતત પરિવર્તન પામી રહેલ છે, દરેક બીજા પ્રત્યેકમાં રૂપાંતર પામી રહેલ —(becoming)— છે, એ રીતે ખુલાસો આપવાનો પ્રયાસ કર્યો. દેખીતું છે કે 'સંપૂર્ણ અપરિવર્તનશીલ' (Being) કે 'સતત ગતિશીલ' અથવા પરિવર્તનશીલ(becoming)ના તર્કથી વાસ્તવિક જગતની ઘટનાનો પ્રતીતિકર ખુલાસો મળવો શક્ય નથી, તેથી જગતનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ વધુ ગળે ઊતરે એવો ખુલાસો મેળવવા ગ્રીક ચિંતન નવા રસ્તાનું ખેડાણ આદરે છે. આ નવો રસ્તો તે **'અનેકતત્ત્વવાદી'** એટલે કે પરમાણુવાદી વિચારપ્રવાહ.

અવિનાશી, અચલ અંતિમ તત્ત્વ (being) અથવા ક્ષણભંગુર, સતત ગતિશીલ પ્રક્રિયા-(becoming)ને બદલે પરસ્પરથી સ્વતંત્ર એવા એક કરતાં વધુ અંતિમ તત્ત્વોનો સ્વીકાર કરીને તેમનાં સંયોજન (fusion) અને વિભાજન (fission) દ્વારા વસ્તુઓનાં અસ્તિત્વ અને નાશનો વૈજ્ઞાનિક ખુલાસો આપવાનો પ્રયાસ આ 'અનેકતત્ત્વવાદી' અથવા 'પરમાણુવાદી' વિચાર સંપ્રદાય કરે છે.

### ૧. એમ્પેડોક્લીઝ (ઈ. પૂ. ૪૯૫ થી ઈ. પૂ. ૪૩૫)

ગ્રીક ચિંતનમાં આ નવા ચીલાનો આરંભ કરવાનું માન એમ્પેડોક્લીઝને ફાળે જાય છે. એમ્પેડોક્લીઝ સિસિલીનો વતની હતો.

ઘડાને જ્યારે પાણીમાં ઊંધો ડુબાડવામાં આવે છે, ત્યારે પાણી તેમાં પ્રવેશી શકતું નથી. તેના પરથી એ એવા તારણ પર આવે છે કે ઘડામાં કશુંક દ્રવ્ય હોવું જોઈએ અને તે 'હવા' છે, જે 'પાણી'ની જેમ એક સ્વતંત્ર અલગ દ્રવ્ય છે. ઘડામાંથી 'હવા' (દ્રવ્ય) જેમ જેમ બહાર નીકળે છે તેમ તેમ તેમાં પાણી (દ્રવ્ય) દાખલ થાય છે. વળી, જેમ દરેક દ્રવ્યને રહેવા માટે 'અવકાશ' જોઈએ છે,

તેમ હવાને પણ અવકાશ જોઈએ. આ ઉપરાંત તેણે કેન્દ્રત્યાગી ( centrifugal ) બળનો એક દાખલો શોધ્યો હતો. દોરડીને છેડે પાણી ભરેલ વાસણને બાંધીને જો ઝડપથી ગોળ ફેરવવામાં આવે તો પાણી ઢળી જતું નથી.

**વિજ્ઞાનના ક્ષેત્રમાં તેનો સૌથી મહત્ત્વનો ફાળો એ છે કે તેણે વાયુ(હવા)ની એનેક્સીમેનેસની જેમ 'એકમાત્ર અંતિમ દ્રવ્ય' રૂપે નહિ, પરંતુ 'એક સ્વતંત્ર અને વિશિષ્ટ દ્રવ્ય' તરીકે સ્થાપના કરી. તેના પ્રયોગ મુજબ તેણે એમ પ્રતિપાદિત કર્યું હતું.**

વળી, તેના મતે, અગ્નિનું 'રૂપાંતર' પાણીમાં, પાણીનું રૂપાંતર હવામાં, હવાનું રૂપાંતર અગ્નિમાં કદાપિ શક્ય જ નથી. આથી, એમ્પેડોક્લીઝ એવા તારણ પર આવે છે કે જગતનાં અંતિમ કારણ કોઈ एक પદાર્થ નથી પણ **अनेक** ( એકથી વધુ, ચાર ) છે : પૃથ્વી, હવા, અગ્નિ અને પાણી. જગત આ ચાર 'મહાભૂતો'નું બનેલું છે. આ ચાર 'અંતિમ તત્ત્વો' 'અનાદિ' અને 'અનંત' છે. તેમનાં સંયોજનો અને મિશ્રણો દ્વારા જગતના બીજા તમામ પદાર્થો પેદા થયેલ હોઈને આપણે જગતમાં 'પરિવર્તન' અને 'વિલય'ની સમજૂતી આપી શકીએ.

આમ, અનાદિ અને અવિનાશી છતાં સંયોજનો અને વિભાજનોનાં લક્ષણવાળાં અંતિમ ચાર તત્ત્વો રજૂ કરીને એમ્પેડોક્લીઝે પાર્મેન્ડિઝના 'છે' ( being )નો અને હેરાક્લીટસના બને છે – becoming–નો સમન્વય કર્યો છે.

હવે, એ વિચારીએ કે આ ચાર તત્ત્વો અથવા મહાભૂતો વચ્ચે સંયોજન અને વિભાજન કરાવનાર બળ કયું? એમ્પેડોક્લીઝ ગતિપ્રેરક બળ તરીકે 'પ્રેમ' અને 'ધિક્કાર' અથવા 'સંવાદિતા' અને 'વિસંવાદિતા' એવાં નામ આપે છે. નોંધપાત્ર તો એ છે કે એમ્પેડોક્લીઝ આ બંનેને ભૌતિક તત્ત્વોમાંનાં આકર્ષણ–પ્રત્યાકર્ષણ જેવાં સંપૂર્ણપણે **भौतिक** બળો જ માને છે અને તે એમ પણ કહે છે કે વિવિધ જડ–ભૌતિક તત્ત્વોનાં સંયોજનથી **सजीव** પેદા થાય છે. વૃક્ષથી પાંદડું છૂટું પડતાં જેમ કરમાઈ જાય છે, તેવી રીતે આ વિવિધ તત્ત્વો છૂટાં પડે છે, ત્યારે 'સજીવ'નો નાશ અથવા મરણ થયું એમ આપણે કહીએ છીએ.

ટૂંકમાં, જગતમાં થતાં પરિવર્તન પાછળ કોઈ **ध्येय** રહેલું નથી. 'અકસ્માત અને જરૂરિયાતના સિદ્ધાંત' અનુસાર જગતમાં આ ચાર તત્ત્વોનાં સંયોજન અને વિભાજનની ઘટમાળ ચાલ્યા કરે છે.

* 'એકતત્ત્વવાદ'નો અસ્વીકાર અને 'અનેકતત્ત્વવાદ'ના માળખામાં, 'અકસ્માત તથા જરૂરિયાતના સિદ્ધાંત'ના સંદર્ભમાં, સૃષ્ટિની ઘટમાળની સમજૂતી : આ બે બાબતોમાં એમ્પેડોક્લીઝનું તત્ત્વજ્ઞાન પાર્મેન્ડિઝ, પ્લેટો અને ઍરિસ્ટોટલ કરતાં પણ વધુ 'વૈજ્ઞાનિક' છે, એમ બર્ટ્રાન્ડ રસેલ કહે છે.

આ ઉપરાંત, વનસ્પતિમાં જાતીય જીવન છે, એની તેને માહિતી હતી. અમુક પ્રકારના ઉત્ક્રાંતિના સિદ્ધાંતમાં એમ્પેડોક્લીઝ માનતો હતો અને અસ્તિત્વ ટકાવી રાખવાના આ સંઘર્ષમાં સૌથી શક્તિશાળી જ ટકે એવા (૧૯મી સદીના 'ડાર્વિનવાદી') તારણ પર પણ તે આવ્યો હતો.

ખગોળવિદ્યાનું તેનું જ્ઞાન પણ, તેના સમયની દૃષ્ટિએ; ખરેખર આશ્ચર્યજનક કહેવાય. ચંદ્ર સ્વયં-પ્રકાશથી નહિ પણ પ્રતિબિંબિત પ્રકાશથી પ્રકાશે છે, એમ તે માનતો હતો. (જોકે તેના મતે, સૂર્ય પણ એ જ રીતે પ્રતિબિંબિત પ્રકાશથી પ્રકાશે છે.) વળી, પ્રકાશને એક સ્થળેથી બીજે સ્થળે પહોંચતાં સમય લાગે છે પણ આ સમય એટલો બધો ઓછો છે કે આપણે તેનું નિરીક્ષણ કરી શકતા નથી. વધુમાં ગ્રહણો કેમ થાય છે, તેનો તેણે વૈજ્ઞાનિક ખુલાસો આપતાં સૂચવ્યું છે કે ચંદ્ર સૂર્યને ઢાંકી દેતો પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવતો હોવાથી સૂર્યગ્રહણો થાય છે. ઉપરાંત, ઔષધવિદ્યાનો તે સ્થાપક ગણાય છે. પ્લેટો અને ઍરિસ્ટોટલના ઔષધવિદ્યા સંબંધી જ્ઞાનને તેણે મહદંશે પ્રભાવિત કર્યું છે.

## સૃષ્ટિની ઘટમાળનો સિદ્ધાંત

એમ્પેડોક્લીઝ ચાર મહાભૂતો અને બે ગતિપ્રેરક બળો દ્વારા સૃષ્ટિ અને તેની ઘટમાળની સમજૂતી આપે છે. સૃષ્ટિની ઘટમાળ ચક્રાકાર છે, તેનો કોઈ આરંભ અને અંત નથી. આમ છતાં તે પ્રક્રિયા સમજાવવા ક્યાંકથી તેનો આરંભ થયો હોવો જોઈએ, તેમ ધારી લેવું પડે છે. આરંભમાં, સૃષ્ટિના એ પ્રાથમિક ગોળામાં ચારેય મહાભૂતો સંપૂર્ણપણે એકાકાર હતાં. સૃષ્ટિના ગોળાના કોઈ પણ ભાગમાં એ ચારેય મહાભૂતોનું સરખું પ્રમાણ હતું, અને તે વખતે 'પ્રેમ' અથવા 'સંવાદિતા'નું ગતિપ્રેરક બળ જ માત્ર કાર્યરત હતું. 'ધિક્કાર' અથવા 'વિસંવાદિતા'નું અસ્તિત્વ ન હતું એમ નહિ, પણ તે સંપૂર્ણપણે સૃષ્ટિના ગોળાની બહાર ચોમેર પથરાયેલું હતું. હવે 'ધિક્કાર' સૃષ્ટિના ગોળાના વ્યાસ અથવા સપાટીમાં ધીરે ધીરે પ્રવેશે છે અને તેનું લક્ષ્ય ગોળાના કેન્દ્રસ્થાને પહોંચવાનું છે. જેવા 'ધિક્કાર' અથવા 'વિસંવાદિતા' સપાટીને ભેદીને કેન્દ્રગામી (centripetal) બને છે કે તરત જ ચાર મહાભૂતો વચ્ચે વિભાજન (fission) અને ખંડનની પ્રક્રિયા આરંભાય છે. જ્યાં સુધી આ ચારેય મહાભૂતો સંપૂર્ણપણે વિભિન્ન ન થાય ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહે છે. બધું જ પાણી, બધી જ હવા, બધો જ અગ્નિ અને બધી જ ભૂમિ જ્યાં સુધી અરસપરસ તદ્દન વિભિન્ન ન થાય ત્યાં સુધી ધિક્કાર અથવા વિસંવાદિતાની પ્રક્રિયા ચાલે છે. જ્યારે આ વિભાજન અને વિભિન્નીકરણની પ્રક્રિયા પૂર્ણ થાય છે ત્યારે સૃષ્ટિમાં 'ધિક્કાર'નું એકચક્રી સામ્રાજ્ય સ્થપાય છે અને 'પ્રેમ'ને સૃષ્ટિના ગોળામાંથી બહાર હાંકી કાઢવામાં આવે છે. આમ થાય કે તરત જ 'પ્રેમ' પાછો અંદર પ્રવેશવાનું શરૂ કરે છે, અને ચાર મહાભૂતો વચ્ચે સંયોજનો થવાં શરૂ થાય છે.

* આમ, સૃષ્ટિમાં પ્રેમ અને ધિક્કારની આ પ્રક્રિયા દ્વારા ચારેય મહાભૂતોનાં વિવિધ સંયોજનો અને વિભાજન આપણને સતત ચાલતાં જોવા મળે છે.

●

જ્ઞાનશાસ્ત્ર અથવા જ્ઞાનમીમાંસા(epistemology)માં જેને 'સજાતીયતા'નો સિદ્ધાંત કહે છે, તેનું પ્રતિપાદન કરવામાં એમ્પેડોકલીઝનો નોંધપાત્ર ફાળો છે. જ્ઞાતાને જ્ઞેય પદાર્થનું જ્ઞાન ત્યારે થાય છે કે જ્યારે ઉભય 'સજાતીય' એટલે કે એક જ 'વર્ગ'ના હોય. આ સિદ્ધાંત અનુસાર, મનુષ્ય જગતનું જ્ઞાન મેળવી શકે છે તેનું કારણ એ છે કે જગત અને મનુષ્ય બેઉ એક જ વર્ગનાં--ચાર મહાભૂતો અને બે ગતિપ્રેરક બળોનાં–બનેલા છે. દા. ત., આપણામાં જળતત્ત્વ રહેલું છે, તેથી આપણે બાહ્ય જગતમાં રહેલ જળતત્ત્વનું જ્ઞાન મેળવી શકીએ છીએ. એ જ રીતે, આપણામાં પ્રેમ અને ધિક્કાર, આકર્ષણ અને પ્રત્યાકર્ષણનું ગતિપ્રેરક બળ રહેલું છે, તેથી જગતમાં તેમને વિષે જાણી શકીએ છીએ.

ટૂંકમાં, જ્ઞાતામાં જે તત્ત્વ કે બળ ન હોય તેને વિષે તે જાણી શકતો નથી. પોતાની અંદર રહેલ તત્ત્વને કારણે જ્ઞાતાને તેના જેવા જ બાહ્ય તત્ત્વનું જ્ઞાન થાય એમ એમ્પેડોકલીઝ કહે છે. આ કેવી રીતે થાય છે, તે બાબતની તેની સમજૂતી ખાસ ધ્યાન ખેંચે તેવી છે.

* બાહ્ય તત્ત્વોમાંથી અમુક 'અદૃશ્ય કિરણો' નીકળે છે. તે કિરણો આપણા શરીરના સમવર્ગી તત્ત્વનાં બનેલાં છિદ્રો દ્વારા આપણામાં પ્રવેશે છે. પરિણામે, જે-તે તત્ત્વનું સંવેદન આપણને થાય છે.

## ૨. એનેક્સેગોરાસ (ઈ. પૂ. ૫૦૦થી ઈ. પૂ. ૪૨૮)

એનેક્સેગોરાસ આયોનિયાનો વતની હતો, એથેન્સના સુવર્ણકાળના મહાન શાસક પેરિકલીઝની આસપાસ તેજસ્વી મહાપુરુષોનું જે વર્તુળ ઊભું થયું હતું, તેમાં તેનું સ્થાન મહત્ત્વનું હતું. પણ સૂર્યને મોટા ધગધગતા લાલ પથ્થર તરીકે વર્ણવવા બદલ અને ચંદ્ર મૂળે પૃથ્વીનો બનેલ છે, એમ કહેવા બદલ તેના ઉપર 'નાસ્તિકતા'નો આરોપ મૂકવામાં આવેલો અને થોડા સમય માટે તેને જેલમાં પૂરવામાં આવેલો. જેલમુક્ત થતાં તેણે આયોનિયામાં સ્થાયી વસવાટ કર્યો અને તત્ત્વજ્ઞાનની એક શાખાની સ્થાપના કરી.

એનેક્સેગોરાસના મત અનુસાર, એમ્પેડોકલીઝે રજૂ કરેલાં માત્ર ચાર મહાભૂતોના સિદ્ધાંતને આધારે અપાર વૈવિધ્ય ધરાવતા જગતનો ખુલાસો આપવાનું શક્ય નથી. તે માને છે કે અમર્યાદિત ગુણ વૈવિધ્ય ધરાવતા જગતના કારણ રૂપ સિદ્ધાંત તરીકે આપણે મર્યાદિત (માત્ર ચાર) વૈવિધ્ય ધરાવનાર તત્ત્વોને ઘટાવી શકીએ નહિ.

બીજું, તે એવું પ્રતિપાદન કરે છે કે નાનામાં નાના અણુમાં તેનું વિભાજન કરો, પણ તે અણુ સંપૂર્ણપણે 'શુદ્ધ' એટલે કે 'અમિશ્રિત' નહિ હોવાનો, કેમ કે પ્રત્યેક અણુમાં જ અનેક ગુણો રહેલા છે.

આમ, અંતિમ દ્રવ્યની વિભાજ્યતા 'અસીમ' હોવાથી જુદા જુદા પદાર્થોના કણો છૂટા પડવાની અને અન્ય પદાર્થોમાં તેમનું મિશ્રણ થવાની પ્રક્રિયા 'અનંત કાળ' સુધી ચાલ્યા કરશે. સૃષ્ટિસર્જન અંગેના આ વિચારમાં એનેક્સેગોરાસની મૌલિકતા પ્રગટ થાય છે.

એનેક્સેગોરાસ એક બીજો સિદ્ધાંત પણ રજૂ કરે છે. તે ગતિપ્રેરક બળ તરીકે **મન–બુદ્ધિતત્ત્વ** (nous) અથવા 'બુદ્ધિતત્ત્વ'નો પુરસ્કાર કરે છે. બુદ્ધિતત્ત્વમાં 'સ્વનિર્મિત ગતિ' હોવાથી તે સ્વયં અંતિમ દ્રવ્યમાંથી છૂટું પડીને એક અલગ 'શુદ્ધ' તત્ત્વ તરીકે અસ્તિત્વમાં આવે છે અને સૃષ્ટિની રચના પાછળના ગતિપ્રેરક બળ તરીકે કામગીરી બજાવે છે. આવા સ્વયંસંચાલિત બુદ્ધિતત્ત્વની ધારણા કરવા પાછળ તેની માન્યતા એવી જણાય છે કે વિશ્વમાં સર્વત્ર પ્રવર્તતી 'વ્યવસ્થિતતા' અને 'સંવાદિતા' કાંઈ 'તક અને અકસ્માતના સિદ્ધાંત' અનુસાર વર્તતાં 'અંધ ભૌતિક પરિબળો' દ્વારા ન સર્જાય. અંધ ભૌતિક પરિબળો જગતમાં ગતિ અને ફેરફારો જરૂર પેદા કરે પણ તેમાં કોઈ નિયમિતતા, ભાત, આકાર–સંવાદિતા ન હોય તે દેખીતું છે. માટે જગતની સુસંવાદિતા પાછળ 'મન' ('બુદ્ધિતત્ત્વ') કામ કરતું હોવું જોઈએ.

*આ પ્રક્રિયા પાછળનું એનેકસેગોરાસનું મંતવ્ય એવું જણાય છે કે જડતત્ત્વ (matter) અને બુદ્ધિતત્ત્વ (nous) સ્વતંત્રપણે સહઅસ્તિત્વ ધરાવે છે. એટલે કે બુદ્ધિતત્ત્વ જડતત્ત્વને ઉત્પન્ન કરતું નથી, બલ્કે તેની ગોઠવણી કરે છે. એકબીજાંમાં મિશ્રિત થઈ ગયેલાં અનેક દ્રવ્યોનું અણુઓમાં વિભાજન કરીને તેમને 'વ્યવસ્થિત પદાર્થ' રૂપે ગોઠવવાનું અને તે રીતે પદ્ધતિસરના અને વ્યવસ્થિત ભાત ધરાવતા જગતની રચના કરવાનું કામ આ બુદ્ધિતત્ત્વ કરે છે. આમ, જગતના અંતિમ કારણ રૂપ 'દ્વૈતવાદી' ખુલાસો આપણને સૌથી પ્રથમ એનેકસેગોરાસની વિચારણામાં મળે છે. આ જ મુદ્દો વધુ સ્પષ્ટ કરતાં તે જણાવે છે કે ધ્યેયહીન, અરાજક, અસ્તવ્યસ્ત, અનિયમિત ભૌતિક બળોનો શંભુમેળો કે અખાડો નથી, તેની અંદર જ નિયમિતતા, વ્યવસ્થિતતા, ભાત, સંવાદિતા સિદ્ધ કરવાનો હેતુ રહેલો છે જ. બલ્કે, બુદ્ધિતત્ત્વનું એ જ પ્રયોજન છે. એવા 'હેતુવાદી' ખુલાસા (teleological explanation)નું પ્રથમ દર્શન આપણને એનેકસેગોરાસના ચિંતનમાં થાય છે.

આ સંદર્ભમાં, આગળ ચાલતાં, જ્ઞાનમીમાંસા અથવા ઇન્દ્રિયસંવેદનના ખુલાસાની બાબતમાં એનેકસેગોરાસ એમ્પેડોકલીઝ કરતાં તદ્દન ઊલટો અભિપ્રાય ધરાવે તે સહજ છે: તે કહે છે કે વસ્તુઓની 'સજાતીયતા'ને લીધે નહિ પણ વસ્તુઓની 'વિજાતીયતા'ને કારણે આપણને વસ્તુઓનું જ્ઞાન થાય છે. તેના મતે, કોઈ પણ વસ્તુ જાણવા માટે તેનું 'સંવેદન' થવું જરૂરી છે અને સંવેદન થવા માટે શરીરમાં ઉત્તેજના થવી જરૂરી છે અને આ ઉત્તેજના સજાતીય વસ્તુઓથી નહિ પણ પ્રત્યાકર્ષણના સિદ્ધાંત અનુસાર વિજાતીય વસ્તુઓ જ પ્રેરી શકે.

બલ્કે, જડ દ્રવ્ય અને બુદ્ધિતત્ત્વ વિજાતીય હોવાથી જ બુદ્ધિતત્ત્વ જડ દ્રવ્યના અણુઓને 'જાણી' શકે છે અને તે અણુઓની વ્યવસ્થિત ગોઠવણી કરીને જગતની રચના કરે છે.

## ૩. લ્યુસિપસ (ઈ. પૂ. ૪૦૦ની આસપાસ) અને ડિમોક્રિટસ (ઈ. પૂ. ૪૦૦ના આરંભમાં વા પૂર્વે)

પાર્મેન્ડિઝના એકતત્ત્વવાદ (monism) અને એમ્પેડોકલીઝના બહુતત્ત્વવાદ (pluralism) વચ્ચે સમાધાન સાધવાના પ્રયાસ તરીકે પરમાણુવાદી ચિંતનની પરાકાષ્ઠા આપણને લ્યુસિપસ અને તેના અનુયાયી ડિમોક્રિટસના વિચારોમાં જોવા મળે છે. આ બંનેના વિચારો એકબીજા સાથે ઘણા બધા મિશ્ર થઈ ગયા છે.

લ્યુસિપસ મિલેટસ નગરમાં રહેવા આવ્યો હતો અને તે નગર સાથે સંકળાયેલી વૈજ્ઞાનિક અને બૌદ્ધિક ફિલસૂફીમાં તેણે પોતાનો ફાળો આપ્યો હતો. પાર્મેન્ડિઝ અને ઝેનોના વિચારોથી તે ઘણો પ્રભાવિત થયો હતો.

ડિમોક્રિટસ થ્રેસના અબ્દેરા નગરનો વતની હતો. ઈ. પૂ. ૪૨૦ની આસપાસ તેની ખ્યાતિ ઘણી વધી હતી. તે સૉક્રેટિસ અને સોફિસ્ટોનો સમકાલીન હતો. દક્ષિણ અને પૂર્વના ઘણા દેશોમાં તે જ્ઞાનની ખોજમાં ફર્યો હતો. ઇજિપ્ત અને પર્શિયાની પણ તેણે મુલાકાત લીધેલી.

લ્યુસિપસ અને ડિમોક્રિટસે વિકસાવેલ પરમાણુવાદનાં મૂળ એમ્પેડોકલીઝના વિચારોમાં પડેલાં આપણે જોઈ ગયા છીએ. તે મુજબ, દરેક પદાર્થ અનેક નાનાં ઘટક તત્ત્વોનો બનેલો છે; અને 'સમગ્ર' તરીકે વસ્તુઓ પરિવર્તનશીલ અને નાશવંત હોવા છતાં, જે ઘટક તત્ત્વોની તે બનેલી છે, તે 'પરમાણુ' અનાદિ, અવિનાશી અને અપરિવર્તનશીલ છે.

લ્યુસિપસ અને ડિમોક્રિટસ આ વિચારને તેના તાર્કિક અંત સુધી લઈ જાય છે. તેમાંય ખાસ કરીને ડિમોક્રિટસ જગતનો સંપૂર્ણપણે ભૌતિકવાદી, યાંત્રિક અને માત્રાત્મક (quantitative) ખુલાસો આપે છે.

ડિમોક્રિટસના વિચારોની વીગતોમાં ઊતરવા પહેલાં તેની એક બીજી માન્યતા સમજી લઈએ. 'પરમાણુ' અભેદ્ય અને અવિભાજ્ય છે; કારણ કે તે સંપૂર્ણપણે છલોછલ છે. તેમાં જરાય ખાલી અવકાશ નથી. મતલબ કે દરેક પરમાણુ એટલો તો સઘન અને નક્કર છે કે તેને સંપૂર્ણ રીતે ભેદવો અશક્ય છે. તેના બે મુદ્દા છે: એક, પરમાણુઓ જુદા જુદા આકારના હોય છે. સરખા આકારના પરમાણુઓનું સંયોજન થતાં પદાર્થોની રચના થાય છે, જેમ કે અગ્નિ નાના નાના ગોળાકાર પરમાણુઓનો બનેલો છે. બીજો મુદ્દો એ કે દરેક પરમાણુ આંતરિક રીતે સંપૂર્ણપણે અપરિવર્તનશીલ છે. તેની અંદર કશો જ ફેરફાર થતો નથી. બાહ્ય રીતે બધા પરમાણુઓ સતત ગતિમાન છે. ગતિમાં રહેલા આ પરમાણુઓ એકબીજા સાથે ભટકાય છે; અને ઉપર કહ્યું તેમ જો તેમનાં આકાર અને કદ એકબીજાંને બંધબેસતાં આવે તો પરમાણુઓનાં જોડાણ અથવા સંયોજન થાય છે.

ડિમોક્રિટસના મતે, આત્મા પણ આવા જ નાના નાના ગોળાકાર પરમાણુઓનો બનેલો છે. પરમાણુઓ વચ્ચેની ટકરામણથી વમળ અથવા વર્તુળાકાર ગતિ ઉત્પન્ન થાય છે, જેમાંથી જુદા જુદા પદાર્થો પેદા થાય છે અને તેમાંથી વિશ્વોની ઉત્પત્તિ થાય છે. બ્રહ્માંડમાં આવાં તો અનેક વિશ્વો છે, જેમાંનાં કેટલાંક બની રહ્યાં છે, કેટલાંક વૃદ્ધિ પામી રહ્યાં છે, કેટલાંક ધીરે ધીરે નાશ પામી રહ્યાં છે.

જીવનનો આરંભ પણ કાંપ જેવી ભીની પોચી માટીમાંથી થયો છે. દરેક સજીવમાં સર્વત્ર અગ્નિ તત્ત્વ તો હોય છે, પણ તેના મગજ અથવા તો છાતીમાં તે તત્ત્વ સૌથી વધુ પ્રમાણમાં હોય છે.

વિચાર પણ એક પ્રકારની ગતિ છે અને તેથી તે અન્યત્ર ગતિ પેદા કરી શકે છે. 'સંવેદન' પણ ભૌતિક પ્રક્રિયા છે કેમ કે ગરમી, સ્વાદ, રંગ વગેરે ગુણો પદાર્થગત નથી પણ આપણી ઇન્દ્રિયોને લીધે આપણને તેમનું સંવેદન થાય છે. વજન, ઘનતા, નક્કરતા જેવા ગુણધર્મો પદાર્થગત છે, કારણ બધાંને તેનું સંવેદન એકસરખું થાય છે.

આમ, ડિમોક્રિટસ નખશિખ **યંત્રવાદી ભૌતિકવાદી** છે. જગતની ઉત્પત્તિ કે સંચાલન પાછળ કોઈ બુદ્ધિતત્ત્વ, કોઈ ઉદ્દેશ કે હેતુ રહેલો છે, તેવા ખ્યાલનો તે ઇન્કાર કરે છે.

'જ્ઞાનમીમાંસા'ની બાબતમાં ડિમોક્રિટસ ગતિ કરતાં પ્રતિબિંબો (moving images)ના સિદ્ધાંત દ્વારા આપણને થતાં ઇન્દ્રિયસંવેદન અથવા જ્ઞાનનો 'યાંત્રિક' ખુલાસો આપે છે : દરેક બાહ્ય પદાર્થ

**નીતિશાસ્ત્રમાં ડિમોક્રિટસ આનંદ અથવા પ્રાસાદિકતાને જીવનનું ધ્યેય માને છે. માણસને જીવનમાં જે સુખ અને દુઃખ મળે છે, તેને આધારે તેના જીવનના આનંદની માત્રા નક્કી થાય છે. તેથી માણસે પોતાનું જીવન બને ત્યાં સુધી એવી રીતે જીવવું રહ્યું જેથી શક્ય હોય તેટલો વધુ આનંદ અને શક્ય હોય તેટલી પીડા ઓછી થાય. ઇન્દ્રિય સુખોની બાબતમાં આ જ કસોટી લગાડતાં તે સ્પષ્ટતા કરે છે કે જે ઇન્દ્રિય સુખો ક્ષણિક આનંદ આપે અને ઝડપથી તેમજ સહેલાઈથી દુઃખદ પરિસ્થિતિ પ્રત્યે દોરી જાય તેવાં ઇન્દ્રિય સુખો ટાળવાં જોઈએ. આમ, ઇન્દ્રિય સુખોની બાબતમાં વિવેક માર્ગદર્શક બનવો જોઈએ; વિવેક અને સંસ્કારથી જ જીવનમાં પ્રાસાદિકતા સિદ્ધ થઈ શકે એમ તે માને છે.**

પોતાનાં પ્રતિબિંબો—જે પરમાણુઓનાં બનેલાં હોય છે—બાહ્ય વાતાવરણમાં ફેલાવે છે. ગતિ કરતાં કરતાં આ પ્રતિબિંબોના પરમાણુઓ ગ્રહણશીલ ઇન્દ્રિયોમાં રહેલા પોતાના જેવા જ પરમાણુઓ સાથે અથડાય છે. પરિણામે, ઇન્દ્રિયોને એ પ્રતિબિંબોના પરમાણુઓ કયા પદાર્થોના છે તેનું જ્ઞાન થાય છે. અહીં ડિમોક્રિટસ એમ્પેડોકલીઝના 'સજાતીયતા'ના સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. દા. ત., અવાજ કે ઠંડી—ગરમીની પરખ આપણી આંખોને થતી નથી, પણ અનુક્રમે આપણાં કાન અને ચામડીને થાય છે, તેનું કારણ આ 'સજાતીયતા'નો સિદ્ધાંત છે. વળી, પરમાણુઓના આકાર અને તેમના બંધારણમાં રહેલા તફાવતોને કારણે આપણને એક જ સંવેદનમાં વૈવિધ્ય (જેમકે જુદા જુદા રંગોનું સંવેદન) તથા ઇન્દ્રિયજ્ઞાનના ગુણગત્ તફાવતો-(સ્વાદ, ગંધ, સ્પર્શ વગેરે)નું જ્ઞાન થાય છે.

આમ છતાં, આપણું ઇન્દ્રિયજ્ઞાન 'ભ્રામક' અને સાપેક્ષ છે, એ ખ્યાલનું સમર્થન અને તેની સમજૂતી આપણને ડિમોક્રિટસની વિચારણામાંથી મળે છે. ડિમોક્રિટસની માન્યતા અનુસાર પદાર્થમાંથી પ્રતિબિંબના પરમાણુઓ જ્યારે નીકળે છે ત્યારે તેઓ જે સ્વરૂપમાં હોય છે તે ને તે જ સ્વરૂપમાં ઇન્દ્રિયોમાં પ્રવેશતા નથી, પણ તેમનામાં થોડી અશુદ્ધિ અને વિકૃતિ આવે છે. હવાના અવરોધને કારણે તેઓ અસ્તવ્યસ્ત અને વિકૃત બને છે તથા આપણી ઇન્દ્રિયોનાં છિદ્રો સાથે બરાબર બંધબેસતા નહિ હોવાથી અંદર દાખલ થતાં પહેલાં તેમનામાં થોડો ઘસારો અને વળાંક આવે છે. પરિણામે આપણને જે જ્ઞાન થાય છે, તે 'ભ્રામક' અને 'સાપેક્ષ' હોય છે—'સુનિશ્ચિત' અને 'યથાર્થ' નહિ. વળી, એક જ પદાર્થનું જુદા જુદા માણસોને થતું ઇન્દ્રિયસંવેદન જુદું જુદું શાથી હોય છે, તેનો ખુલાસોય તેના આ સિદ્ધાંતથી મળે છે.

ડિમોક્રિટસ વજન, ઘનતા, નક્કરતા તથા આકાર વગેરેના જ્ઞાનને ઇન્દ્રિયજ્ઞાનથી પર વસ્તુગત (objective) લેખે છે; અને એ જ્ઞાનને સાચું અને યથાર્થ માને છે. આ વસ્તુગત જ્ઞાન શાથી યથાર્થ અને સાચું છે, તે સમજાવવા ડિમોક્રિટસ પરમાણુઓના જ્ઞાનનું દૃષ્ટાંત આપે છે.

* વસ્તુમાત્રની રચના કરતા પરમાણુઓમાંથી 'સૂક્ષ્મ પ્રતિબિંબ' નીકળે છે. તે પોતાનાં મૂળ સ્વરૂપો અકબંધ જાળવીને આત્મામાં રહેલા એવા જ પરમાણુઓ સાથે પ્રત્યક્ષ રીતે સંયોગ સાધે છે; અને આત્મામાત્ર ઇન્દ્રિયોમાં નહિ, આખા શરીરમાં અણુએ અણુમાં વ્યાપ્ત થયેલો હોય છે, તેથી આ સૂક્ષ્મ પ્રતિબિંબોને આત્મા સાથે સંપર્કમાં આવતાં કશી અડચણ કે કશો અવરોધ નડતો નથી.

*

ડિમોક્રિટસની સાથે ગ્રીક ચિંતનના એક તબક્કાનો અંત આવે છે. કોઈ 'ઉદ્દેશ' કે 'હેતુ' ખાતર નહિ પણ જેવા છે તેવા જગતને સમજવાનો અને સમજાવવાનો વૈજ્ઞાનિક પ્રયાસ કરનાર આરંભિક તત્ત્વચિંતકોની એક આખી પેઢીનો સમયગાળો અહીં પૂરો થાય છે. જગતને સમજવાનું તેમનું વલણ માત્ર વૈજ્ઞાનિક જ હતું એવું નથી. સાથે સાથે તે ભારે કલ્પનાપ્રધાન અને જુસ્સાભર્યું હતું અને નવા જ પ્રદેશનું ખેડાણ કરતા સાહસિકમાં જોવા મળે તેવું આનંદાશ્ચર્યથી ભરપૂર હતું. જગતની બધી જ બાબતોમાં તેમને ભરપૂર રસ હતો. બધું આમ કેમ છે અને શાથી તેમ છે, તે જાણવાની, સમજવાની માનવસહજ જિજ્ઞાસા સાથે તીક્ષ્ણ બુદ્ધિનો અદ્ભુત સંયોગ આ તત્ત્વચિંતકોમાં થયો હતો. ડિમોક્રિટસને આ પરંપરાનો છેલ્લો મહાન ચિંતક ગણાવી શકાય.

## (૧૦) સૉફિસ્ટો

જગતની રચના કરનારા 'બુદ્ધિતત્ત્વ'નો એનેક્સેગોરાસે રજૂ કરેલો સિદ્ધાંત અને સતત ગતિશીલ પરમાણુઓ દ્વારા જગતની નિર્ભેળ ભૌતિકવાદી—યંત્રવાદી સમજૂતી આપતો ડિમોક્રિટસનો સિદ્ધાંત—આ બંને સિદ્ધાંતો થેલ્સથી આરંભાયેલી ગ્રીક ચિંતનયાત્રાનો એક મુકામ બની રહે છે.

આ ભૌતિક પરમાણુવાદમાંથી **વ્યક્તિલક્ષી** ચિંતનનો પ્રવાહ વહેતો થાય એ સ્વાભાવિક છે; કેમ કે 'વ્યક્તિ', આખરે તો, ભૌતિકવાદી દૃષ્ટિએ, પરમાણુસર્જન જ છે.

આરંભિક ગ્રીક ચિંતનના આ પ્રવાહને આગળ લઈ જવાનું અને તેમાં 'વૈજ્ઞાનિક વ્યક્તિલક્ષી'ને બદલે 'સામાજિક વ્યક્તિવાદી' નવો વળાંક આપવાનું કાર્ય હવે સૉફિસ્ટો હાથ ધરે છે. **સૃષ્ટિ સંબંધી વિચારણાને બદલે મનુષ્ય અને તેનું સમાજમાં સ્થાન એ હવે ગ્રીક ચિંતનનો મુખ્ય વિચારણાર્થ મુદ્દો બને છે.**

પલટાયેલી સામાજિક પરિસ્થિતિ પણ આ વિચારણા માટે પ્રેરક–પોષક હતી. આ ગાળા દરમિયાન, સામાન્ય અને કુલીન લોકો વચ્ચેના લાંબા સંઘર્ષોને અંતે ગ્રીક નગરરાજ્યોમાં લોકશાહીનું પલ્લું નીચે નમ્યું હતું. (જોકે આ ગ્રીક નગરરાજ્યોમાં સ્થપાયેલી લોકશાહીઓમાં નગરમાં રહેતી બધી જ વ્યક્તિઓને શાસનવ્યવસ્થામાં ભાગ લેવાનો અધિકાર ન હતો. ગુલામો અને સ્ત્રીઓ આ અર્થમાં 'નાગરિકો' ન ગણાતાં.) નગરનો દરેકે દરેક 'મુક્ત' 'પુખ્ત' વયનો પુરુષ શાસનપ્રક્રિયાઓમાં સીધી રીતે સક્રિયપણે સામેલ થવા લાગ્યો હતો.

આવી લોકશાહી શાસનવ્યવસ્થાને કારણે વ્યક્તિવાદી માનસ અને અહંવાદી વલણોનેય પોષણ મળે તે દેખીતું છે. આને પરિણામે નગરરાજ્યોના જાહેર વ્યવહારોમાં જૂથબંધી, પક્ષાપક્ષી અને અંગત સ્વાર્થ-સાધના ફૂલ્યાંફાલ્યાં. જૂથસ્વાર્થ અને અંગત સ્વાર્થમાં સમગ્ર નગરરાજ્યનું હિત ભુલાઈ જવા લાગ્યું. અંગત મહત્ત્વાકાંક્ષા, ધનલોભ, સત્તાલોલુપતા અને તે હાંસલ કરવાના દુર્વ્યવહારો અને કાવાદાવા એ બધાંએ ત્યારના જાહેરજીવનને ઘણું કલુષિત બનાવી મૂક્યું.

બીજી બાજુ, લોકશાહીની સ્થાપનાની સાથે સાથે આ સમય દરમિયાન ગ્રીક ધર્મની અને દેવદેવીઓ વિષેની માન્યતાઓ અને વિધિનિષેધો પ્રત્યે 'શંકાવાદ' (scepticism) ઉદ્ભવ્યો હતો. સૃષ્ટિની ઉત્પત્તિ તથા વ્યાપારો અંગે અપાયેલા બૌદ્ધિક ભૌતિકવાદી ખુલાસાઓની અસર ધાર્મિક શ્રદ્ધા અને માન્યતાઓ ઉપર થયા વિના રહે નહિ તે દેખીતું છે.

ટૂંકમાં, જૂની સ્થાપિત વ્યવસ્થાના બે મુખ્ય આધારસ્તંભો—(૧) કુલીનશાહી (aristocracy) પોષક માન્યતાઓ અને સંસ્થાઓ, તથા (૨) ધાર્મિક રૂઢિચુસ્તતા અને મરજાદીપણું—હચમચી ઊઠયા હતા. નીતિમત્તાના પ્રચલિત ખ્યાલો, રૂઢિ અને પરંપરાઓ, સત્તા અને અધિકારના અંકુશો વગેરે ટીકાનાં લક્ષ બન્યાં હતાં; અને મનુષ્યની સ્વતંત્રતા તથા તેની મુક્ત ઇચ્છાશક્તિ પરના અવરોધોને બિનજરૂરી માની તેમને ફગાવી દેવાની જોરદાર હિમાયત થવા લાગી હતી. આ સમયનાં આ બધાં વલણો અને વૈચારિક પ્રવાહોને વાચા આપવાની મહત્ત્વની ભૂમિકા સૉફિસ્ટોએ ભજવી છે.

સૉફિસ્ટોની વિશેષતા એ છે કે તેઓ તત્ત્વચિંતકો કરતાં વિશેષ તો ધંધાદારી શિક્ષકો હતા; તત્ત્વ-જ્ઞાનના વિવિધ પ્રશ્નોમાં ઊંડા ઊતરનારાઓને બદલે વ્યવહારુ વિષયોનું શિક્ષણ આપનારા હતા; અને જેને જે કોઈ વિષય શીખવો હોય તેને તેઓ યોગ્ય ફી લઈને શીખવતા હતા. રાજકારણી પુરુષ અથવા ખાનગી નાગરિક તરીકે માણસે કેવી રીતે સફળતા હાંસલ કરવી, તેનું શિક્ષણ પ્રોટેગોરાસ આપતો; ગૉર્જિયાસ પોતાના વિદ્યાર્થીઓને ભાષણવિદ્યા અને રાજ્યશાસ્ત્ર શીખવતો; પ્રોડિકસ વ્યાકરણ અને વ્યુત્પત્તિશાસ્ત્ર ભણાવતો; તો હિપ્પીયાસ ઇતિહાસ, ગણિત અને ભૌતિકશાસ્ત્રનું શિક્ષણ આપતો.

સૉફિસ્ટો પ્રવર્તમાન કાયદા, નીતિમત્તાનાં ધોરણો, ધાર્મિક શ્રદ્ધાઓ વગેરે સામે પ્રચાર કરતા; તેથી પ્રવર્તમાન વ્યવસ્થા અને રાજ્યતંત્ર પ્રત્યે નાફરમાનીની લાગણી ફેલાતી. આને કારણે તેમની સામે લોકોમાં રોષ અને ધિક્કાર પ્રગટયો હતો.

## પ્રોટેગોરાસ (ઈ. પૂ. ૪૮૧–ઈ. પૂ. ૪૧૧)

આ બધા સૉફિસ્ટોમાં પ્રોટેગોરાસનું નામ સૌથી મોખરે છે. પ્લેટોએ 'પ્રોટેગોરાસ' નામનો એક સંવાદ લખ્યો છે. તેમાં સૉફિસ્ટો વિષે, તેમની પ્રવૃત્તિઓ વિષે રસપ્રદ માહિતી મળે છે.

*'મનુષ્ય વસ્તુમાત્રનો માનદંડ છે;' પ્રોટેગોરાસનું એ વિધાન તત્ત્વજ્ઞાનમાં મોટું પ્રદાન છે. આ વિધાન દ્વારા તે એમ સૂચવવા માગે છે કે ચિંતન અને જ્ઞાન સહિત તમામ બાબતોનો વિચાર મનુષ્યના સંદર્ભમાં કરવો જોઈએ. એટલે કે સૃષ્ટિમીમાંસા (cosmology) અને તત્ત્વમીમાંસા (metaphysics) તત્ત્વજ્ઞાન (philosophy)ને પાછું વાળીને 'માનવકેન્દ્રી' અથવા 'મનુષ્યાભિમુખ' બનાવવું જોઈએ. પરંતુ 'મનુષ્ય વસ્તુમાત્રનો માનદંડ છે,' પ્રોટેગોરાસના આ વિધાનમાં મનુષ્યનો અર્થ સમગ્ર માનવજાતિ એવો થતો નથી, પણ 'વૈયક્તિક મનુષ્ય' એવો થાય છે અને તે અર્થમાં આ વિધાન 'વ્યક્તિવાદ' અને 'સંદેહવાદ'નો આધારસ્તંભ બને છે. આ વિધાન ગ્રીક તત્ત્વચિંતનમાં મહત્ત્વનો વળાંક દર્શાવે છે.

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે પૂર્વેના ગ્રીકચિંતકો મહદંશે 'ઇન્દ્રિય સંવેદન' અને 'બુદ્ધિ' વચ્ચે ભેદ પાડતા હતા અને એમ માનતા હતા કે સત્યનું જ્ઞાન ઇન્દ્રિયસંવેદનથી નહિ પણ બુદ્ધિથી જ થઈ શકે. જગતના અંતિમ સત્ય તરીકે Beingને માનતા હો કે becomingને, તેનું જ્ઞાન ઇન્દ્રિયો થકી કદાપિ થઈ શકે નહિ; માત્ર વિચાર બુદ્ધિથી જ આપણે તેને જાણી શકીએ. પ્રખર ભૌતિકવાદી ડિમોક્રિટસે વર્ણવેલ પરમાણુઓ પણ નરી આંખે જોઈ શકાતા નથી. આપણી બુદ્ધિ જ આપણને તેના અસ્તિત્વનું ભાન કરાવે છે. પ્રોટેગોરાસ ઇન્દ્રિયજ્ઞાન અને બુદ્ધિ વચ્ચેના આવા ભેદનો ઇનકાર કરે છે. જે છે તેનું ભાન આપણને ઇન્દ્રિયોથી જ થાય છે, એટલે ઇન્દ્રિયોથી અળગા એવા બુદ્ધિતત્ત્વ દ્વારા આપણને વધારે સાચા સત્યની ઝાંખી થાય છે, એમ માનવું સયુક્તિક નથી, એમ તેના કહેવાનો આશય હોય એમ લાગે છે.

પ્રોટેગોરાસની આ માન્યતાનો સ્વીકાર કરીએ તો તેના બે સૂચિતાર્થો મહત્ત્વના છે: એક તો એ કે ઇન્દ્રિયોથી થતું જ્ઞાન એ વ્યક્તિની અંગત અનુભૂતિઓ છે, અને તેનું સંક્રમણ અન્ય વ્યક્તિને થઈ શકે નહિ. વસ્તુની સત્યતાનો માનદંડ વ્યક્તિ પોતે જ છે, એટલે કે એની ઇન્દ્રિયો દ્વારા તેને જે સત્ય લાગે તે તેના માટે સત્ય જ છે. વ્યક્તિને થતા ઇન્દ્રિયજ્ઞાન સિવાય બીજું કશું સત્ય નથી. મને જે સત્ય લાગે તે મારું સત્ય અને તમને જે સત્ય લાગે તે તમારું સત્ય, એવો અર્થ પ્રોટેગોરાસના વિધાનનો થયો ગણાય.

બીજો મહત્ત્વનો સૂચિતાર્થ એ છે કે જેને આપણે 'આત્મલક્ષી' (subjective) અને 'વસ્તુલક્ષી' (objective) સત્ય કહીએ છીએ, તેવો ભેદ હોતો નથી; કેમ કે વૈયક્તિક મનુષ્ય(જ્ઞાતા)થી પર, સ્વતંત્ર કે અળગું એવું કશું વસ્તુગત (objective) સત્ય છે જ નહિ. આમ, વ્યક્તિને વસ્તુનું થતું જ્ઞાન એ જ તેના માટે સાચું જ્ઞાન થયું.

પ્રોટેગોરાસના વિધાનના આ બે સૂચિતાર્થોનો એકસાથે વિચાર કરીએ તો આપણે એવી સ્થિતિએ પહોંચીએ જ્યાં 'સત્ય,' 'અસત્ય' એવા શબ્દોનો કોઈ અર્થ જ ન રહે! મને જે સાચું જણાય તે મારું સત્ય અને તમને જે સાચું લાગે તે તમારું સત્ય! ટૂંકમાં, વસ્તુલક્ષી સત્ય જેવી કોઈ ચીજ જ અસ્તિત્વ ધરાવતી ન હોય, તો પછી તેનું જ્ઞાન તો થઈ શકે જ કેવી રીતે? આમ, છેવટે જ્ઞાનની અશક્યતાનો જ સ્વીકાર કરવો પડે!

પ્રોટેગોરાસના 'મનુષ્ય વસ્તુમાત્રનો માનદંડ છે,' એ વિધાનનું બીજું અર્થઘટન પણ શક્ય છે (જે પ્લેટો તેના 'થિયેટેટસ' નામક સંવાદમાં કરે છે). ભલે દરેક વ્યક્તિનું સત્ય પોત પોતા માટે સાચું હોય; તેથી ભલે એક અભિપ્રાયને બીજા કરતાં વધુ સાચો ન કહી શકીએ; પણ એક અભિપ્રાયને બીજા કરતાં

વધુ સારો તો જરૂર કહી શકીએ. દા.ત., કમળો થયેલાને બધું જ પીળું દેખાતું હોવાથી તેને માટે જગત પીળું છે એ ભલે સત્ય હોય, પણ તંદુરસ્ત માણસને જગત પીળું લાગતું નથી, તેથી તંદુરસ્ત માણસના અભિપ્રાયને ભલે વધુ સાચો ન કહીએ તોપણ તે વધુ સારો તો જરૂર છે. બલ્કે, વ્યાવહારિકતા અથવા ઉપયોગિતાની કસોટીથી કસતાં આપણે એક અભિપ્રાયને બીજા કરતાં વધુ 'સારો,' વધુ 'લાભદાયી' અને તેથી વધુ 'સ્વીકાર્ય' એમ સ્થાપિત કરી શકીએ. 'સત્યતા'ની કસોટીએ કસતાં નહિ પણ 'ઉપયોગિતા'ની કસોટીએ કસતાં પ્રોટેગોરાસને પોતાનેય, લોકશાહીમાં કાયદો, સામાજિક સંસ્થાઓનાં ધોરણો વગેરેમાં અભિવ્યક્તિ પામતો 'અભિપ્રાય' અથવા 'સત્ય' વધુ ઉપયોગી અને વધુ લાભદાયી લાગે છે અને તેમનો સ્વીકાર થવો જોઈએ એમ તે માને છે. આમ, પ્રોટેગોરાસ પરંપરાગત નીતિમત્તાને તે ચઢિયાતા સત્યની અભિવ્યક્તિ છે તે કારણે નહિ પણ વ્યાવહારિક રીતે વધુ ઉપયોગી અથવા લાભદાયી છે તે રીતે તેનો બચાવ કરે છે.

પ્રચલિત ધાર્મિક માન્યતાઓ અને દેવ-દેવીઓ વિષેની માન્યતાઓમાં પ્રોટેગોરાસનો મત એવો છે કે કેટલીક વસ્તુઓ ઘણીબધી દુર્બોધ હોય છે અને આપણું મનુષ્ય જીવન ટૂંકું છે, તેને કારણે દેવોના અસ્તિત્વ અને તેમના સ્વરૂપ વિષે ભલે આપણે નિશ્ચિતપણે કશું જાણતા ન હોઈએ, છતાં તેમનામાં શ્રદ્ધા રાખવી જોઈએ અને તેમની ભક્તિ કરવી જોઈએ. પ્રોટેગોરાસ જેવો 'સૈદ્ધાંતિક શંકાવાદી' અને 'નખ-શિખ તાર્કિક માનસ' ધરાવતો ચિંતક દેવોની બાબતમાં 'વ્યવહારુ' દૃષ્ટિકોણ ધરાવે છે.

●

| તત્ત્વજ્ઞાન-સંપ્રદાય | આદર્શ સદ્‌ગુણી મનુષ્ય કોને કહેવો ?*<br>સદ્‌ગુણી મનુષ્યનો આદર્શ |
|---|---|
| સ્ટોઇક વિચારસંપ્રદાય અને સિનિક વિચારસંપ્રદાય | પોતાના આવેગો પર વિજય પ્રાપ્ત કરનાર, માનસિક શાંતિવાળું જીવન જીવનાર, જગતની ઓછામાં ઓછી પરવા કરનાર અને ઓછામાં ઓછી જરૂરિયાતોવાળો કઠોર, અત્યંત સાદું, સીધું જીવન જીવનાર એ સાચો સદ્‌ગુણી કહેવાય. |
| એપિક્યુરિયન વિચારસંપ્રદાય | ભાવિના અનિશ્ચિત સુખ કરતાં વર્તમાનના નિશ્ચિત સુખને માણનાર, વિવેકદૃષ્ટિથી જીવનનાં તમામ ભૌતિક સુખો ભોગવવામાં માનનાર સાચો સદ્‌ગુણી કહેવાય. |
| સંદેહવાદી વિચારસંપ્રદાય | કશા વિષે નિશ્ચિતપણે જાણવું અને કહેવું જ જો અશક્ય હોય તો શાણા માણસે નિર્ણય લેવામાં કદાપિ ઉતાવળ ન કરવી જોઈએ. કર્મોની સંપૂર્ણ ઉપેક્ષા કરે એ સાચો સદ્‌ગુણી કહેવાય. |
| ઍરિસ્ટૉટલ | સત્ય કદાપિ આત્યંતિકતામાં રહેલું હોતું નથી, મધ્યમ પ્રતિપદામાં જ સત્ય રહેલું છે, એમ સમજીને જે મિતત્વમાં આનંદ અનુભવે એ સાચો સદ્‌ગુણી કહેવાય. |

* માંકડ, કિશોરકાન્ત : 'ઍરિસ્ટૉટલનું નિકોમેકિયન નીતિશાસ્ત્ર', પ્રકાશક: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પૃષ્ઠ ૧૪૭ ના આધારે

# ૧૯ : સૉક્રેટિસ [ઈ. પૂ. ૪૬૯ થી ઈ. પૂ. ૩૯૯]

જેમના આચાર અને વિચાર વચ્ચે ઓછામાં ઓછું અંતર હોય તેવી જે મહાન વિભૂતિઓ થઈ છે, તેમાં સૉક્રેટિસનું સ્થાન મોખરાનું છે. માત્ર પ્રાચીન ગ્રીક લોકો જ નહિ પણ સમગ્ર મનુષ્યજાતિ જેને માટે ગૌરવ લઈ શકે તેવું ઉદાત્ત ચારિત્ર્ય, નિર્ભય વ્યક્તિત્વ, અદ્ભુત શાણપણ અને વેધક મેધા–આ સૌ ગુણોનો સમન્વય આપણને તેમનામાં જોવા મળે છે. ભગવદ્‌ગીતાના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો અથવા નરસિંહ મહેતાના વૈષ્ણવજનના ગુણો એકીસાથે એક જ વ્યક્તિમાં ચરિતાર્થ થયેલા જોવા હોય તો તે આપણને તેમનામાં જોવા મળે. બલ્કે, અરસપરસ ઓતપ્રોત થઈને ભાગ્યે જ સાથે જોવા મળતાં બુદ્ધિ અને નીતિમત્તા અથવા જ્ઞાન અને સદ્‌ગુણ જેવાં દ્વંદ્વો વચ્ચે, ચિંતન અને આચાર એમ ઉભય ક્ષેત્રે, સાયુજ્ય અને સંવાદિતા તેમણે જેટલાં સિદ્ધ કર્યાં છે, તેટલાં પશ્ચિમી ચિંતકોમાં ભાગ્યે જ કોઈ વ્યક્તિએ સિદ્ધ કર્યાં હશે.

*

સૉક્રેટિસના વિચારો વિષે ચોક્કસપણે કંઈ પણ કહેવું અત્યંત મુશ્કેલ છે. તેનું પહેલું કારણ તો એ કે તેમણે પોતે કશું જ લખ્યું નથી. સૉક્રેટિસ સાથેની ચર્ચાઓમાં હાજર હોય તેવા ઝેનોફોન અને પ્લેટો જેવા તેમના બે શિષ્યોએ જે હેવાલો સંવાદો રૂપે લખ્યા છે, તેમાંથી આપણને તેમનાં વિચારો, વ્યક્તિત્વ, જીવનના પ્રસંગો વગેરે વિષે જાણવા મળે છે. પરંતુ આ બંનેનાં લખાણોમાં ઘણી બાબતોમાં તફાવત જોવા મળે છે. ઝેનોફોન લશ્કરી માણસ હતો અને બુદ્ધિમાં બહુ તેજસ્વી ન હતો. પરંતુ સૉક્રેટિસ પ્રત્યે તેને અત્યંત ભક્તિભાવ હતો જે તેનાં લખાણોમાં પ્રગટ થાય છે. ત્યારે પ્લેટો પોતે એક મહાન પ્રતિભાવાન લેખક હોવાથી અને પોતાના વિચારોને અભિવ્યક્ત કરવા માટે સૉક્રેટિસનો તેણે ઉપયોગ કર્યો હોવાથી, 'ઐતિહાસિક' સૉક્રેટિસ અને પ્લેટોના સંવાદોમાં રજૂ થતા સૉક્રેટિસને અલગ તારવવાનું શક્ય નથી.

## વિલક્ષણ બૌદ્ધિક અભિગમ

ચિંતન ક્ષેત્રે સૉક્રેટિસનો આગવો અભિગમ સમજી લઈએ :

–જેમાંથી ભવિષ્યમાં સમગ્ર યુરોપિયન વિજ્ઞાન (સાયન્સ) ઉદ્‌ભવ્યું તેવા મહત્ત્વના વૈજ્ઞાનિક મનોવલણને વિકસાવવામાં પ્રાચીન આયોનિયન ચિંતનનો ફાળો સૌથી મોટો છે. આ વૈજ્ઞાનિક મનોવલણ તે એ કે જેમાં જ્ઞાતા(subject)ને જ્ઞેય(object)થી સંપૂર્ણપણે મુક્ત કરી શકાય; એટલું જ નહિ, જ્ઞેયનો વિચાર કોઈ હેતુ, કોઈ વ્યાવહારિક ઉદ્દેશ કે ક્રિયાથી અસ્પૃષ્ટ રહીને માત્ર ચિંતન ખાતર કરી શકાય. જ્ઞાતા અને જ્ઞેય વચ્ચેના આ **દ્વૈતનો** સ્વીકાર અને કેવળ જ્ઞાન ખાતર જ જ્ઞેયને પામવાની મથામણની ફલશ્રુતિને આપણે વાસ્તવિકતાલક્ષી બૌદ્ધિક રચનાઓ કહી શકીએ. પ્રાચીન ગ્રીક તત્ત્વવિજ્ઞાનીઓએ જે સૃષ્ટિમીમાંસા વિકસાવી તેમાં આપણને આવી બૌદ્ધિક રચનાઓનાં દર્શન થાય છે. તેમાં આગળ વધીને સૉફિસ્ટો મનુષ્યને કેન્દ્રમાં રાખીને વિચારે છે; પરંતુ એ ચિંતન પણ મનુષ્યનાં બાહ્ય લક્ષણોનું જ છે.

સૉક્રેટિસ મનુષ્ય અને તેની બુદ્ધિનો મહિમા કરનારા ચિંતક હતા. અગાઉના ગ્રીક ચિંતનથી તેમને જરાય સંતોષ ન હતો. કેવળ 'ભૌતિક' અને 'બાહ્ય' ખોજની પરંપરાથી તેમને યુવાની દરમિયાન જ નિરાશા ઊપજી હતી. તેમને મનુષ્યનાં આંતરિક પરિબળો અને લક્ષણોની ખોજની વધુ ચટપટી હતી.

સૉક્રેટિસનો જન્મ આશરે ઈ. પૂ. ૪૬૯માં ઍથેન્સમાં થયો હતો. તેમના પિતા શિલ્પકાર હતા. શરૂઆતમાં તેમણે પિતાનો વ્યવસાય અપનાવ્યો હતો.

પરંતુ લગભગ યુવાનીમાં જ સૉક્રેટિસે આ વ્યવસાય છોડી દીધો હતો. અને જેને તેઓ પોતાનું જીવનકાર્ય ગણતા તે તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપવાનું કાર્ય તેમણે શરૂ કર્યું હતું. બેત્રણ વાર લશ્કરી કામગીરી માટે તેઓ ઍથેન્સની બહાર ગયા હતા; તે સિવાય તેમનું આખું જીવન, ખાસ કરીને જીવનનાં છેલ્લાં ત્રીસ વર્ષ તેમણે ઍથેન્સમાં પસાર કર્યાં હતાં. તેમની આર્થિક સ્થિતિ સાધારણ હતી. તેઓ કોઈ પણ પ્રકારની ફી લીધા વિના યુવાનોને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપતા. આ રીતેય તે જમાનામાં ફી લઈને શિક્ષણ આપતા 'સૉફિસ્ટો'થી તેઓ નિરાળા હતા. વળી, શિક્ષણ આપવાની તેમની પદ્ધતિ વિશિષ્ટ હતી. સવારથી જ તેઓ ઘેરથી નીકળી જતા અને નગરના ચોરેચૌટે ફરતા રહેતા. જ્યાં ક્યાંય તેમને ચર્ચા કરનારો ભેટી જાય ત્યાં જ તેની સાથે તેઓ વાદવિવાદમાં ઊતરતા. તેમાંય ચર્ચા કરનાર ખરેખર જ્ઞાનપિપાસુ હોય તો અત્યંત ધીરજથી કલાકો સુધી તેને સમજાવવા મથતા. જો પ્રતિપક્ષીને પોતાના જ્ઞાનનું ઘમંડ હોય અને તે પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવા અને સાંભળનારાઓને ચકિત કરવા માગતો હોય તો તેઓ બીજી યુક્તિ અજમાવતા. પોતે કશું જાણતા નથી, પણ સામેના પાસેથી જાણવા માગે છે, એમ જણાવી તેઓ પોતાના પ્રતિપક્ષીને જ બોલવા દેતા અને વચ્ચે વચ્ચે ચર્ચાને એવો મરોડ આપ્યા કરતા કે અંતે સામેનો માણસ પોતે જ બિછાવેલી તર્કજાળમાં ફસાઈ જતો. બધાના દેખતાં પોતાના 'જ્ઞાન'નો ફુગ્ગો ફૂટી જાય ત્યારે જ્ઞાનઘમંડીઓના રોષનો તેઓ ભોગ પણ બનતા. પરંતુ પરિણામની પરવા કર્યા વિના સાચું કહેતાં અને આચરતાં તેમણે કદાપિ પાછી પાની કરી નહોતી.

સૉક્રેટિસ સાથેના વાદવિવાદમાં ઍથેન્સના જાણીતા જ્ઞાનઘમંડીઓનું જ્ઞાન ઉઘાડું પડતું; તેથી આ બધા તેમના દુશ્મનો બની જાય, તે દેખીતું છે. તેમની સામે આરોપ મૂકનારા મુખ્ય ત્રણ માણસો—મેરિટસ, લાયકોન, એનિટસ હતા અને તેમણે અંગત દુશ્મનાવટને કારણે તેમની સામે આરોપો મૂક્યા હતા.

મનુષ્યમાં 'આત્મજ્ઞાનનો પ્રસવ' થાય એ માટે સૉક્રેટિસ ઈશ્વર નિયુક્ત 'દાયણ' તરીકે દામ લીધા વિના કામ કરતા એ તો ઠીક; પરંતુ બીજી બાજુ, દેહાંતદંડની સજા પામ્યા પછી જીવનનો છેલ્લો શ્વાસ લેવાના સમયે, ઉધાર લીધેલા કુકડાને યાદ કરી તેની કિંમત ચૂકવીને જાતે ઋણમુક્ત થવા એક અનુયાયીને તેઓ વિનંતી કરે છે.

સૉક્રેટિસમાં અદ્ભુત શારીરિક સામર્થ્ય અને તિતિક્ષા હતાં. પેલોપોનેશિયન યુદ્ધમાં સખત ઠંડીમાં પણ ઉઘાડા પગે અને સાદાં વસ્ત્રો પહેરીને તેમણે અદ્ભુત વીરતા બતાવેલી અને પોતાના જાનના જોખમે સાથી સૈનિકોના જાન બચાવેલા.

સામાન્ય રીતે એમને મદ્યપાનની જરૂર પડતી નહિ, આમ છતાં પ્રસંગ ઊભો થાય ત્યારે મદ્યપાન કરવામાં તેઓ પાછા પડતા નહિ. પ્લેટો નોંધે છે કે એક મિજબાની વખતે સૉક્રેટિસે મિત્રો સાથે તત્ત્વજ્ઞાનની વાતો કરતાં મદ્યપાન કર્યાં કર્યું. બધા મહેમાનો એક પછી એક મદ્યના ઘેનમાં ઊંઘી ગયા, ત્યારે જરાય સુધબુધ ગુમાવ્યા વિના સૉક્રેટિસ પ્હો ફાટતાં

પોતાના ઘેર ગયા, સ્નાન કર્યું અને તરત જ પોતાના નિત્યક્રમ મુજબ બજારમાં ચર્ચાવિચારણા કરવા નીકળી પડયા.

સૉક્રેટિસ ઍથેન્સની લોકશાહીમાંનાં '**ટોળાંશાહી**' વલણોના આકરા ટીકાકાર હતા. લોકશાહીમાં પણ કાયદો અને ન્યાય જ સર્વોપરી હોવાં જોઈએ, એ તેમની દઢ માન્યતા હતી, એટલું જ નહિ પણ તે અનુસાર વર્તતાં તેઓ પોતાનો જાન જોખમમાં મૂકતાં અચકાતા નહિ. આથી લોકોને ઉશ્કેરી, પોતાનાં સ્વાર્થી હિતો સાધનાર તકસાધુ ભાષણખોરો તેમને પોતાનો સૌથી મોટો શત્રુ માને તે દેખીતું છે.

એ જ રીતે, જ્યારે ઍથેન્સમાં 'ત્રીસ જુલમગારો'નું શાસન સ્થપાયું ત્યારે તેના ગેરકાયદે અને અન્યાયી ફરમાનનું ઉલ્લંઘન કરી જાન હોડમાં મૂકતાં સૉક્રેટિસ સહેજેય અચકાયા ન હતા. આ બધાંને કારણે તે વખતના શાસકો (ટોળાંશાહી અને ત્રાસવાદીઓ) તેમના પર દાઝે બળતા હતા જ. તેમાં વળી એક નવું કારણ ઉમેરાયું. તે એ કે મોટા ભાગના લોકો તેમને 'સૉફિસ્ટ' માની બેઠા. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે સૉફિસ્ટો પ્રવર્તમાન કાયદા, નીતિમત્તા, ધાર્મિક શ્રદ્ધાઓ અને પરંપરા, સામાજિક રિવાજો, રાજ્યની આજ્ઞાઓ વગેરે સામે લોકોમાં અનાદર અને નાફરમાની ફેલાવવાનું કામ કરતા હોવાથી સામાન્ય લોકોમાં તેમને માટે સખત અણગમો અને રોષ હતાં. સૉક્રેટિસ અને સૉફિસ્ટોના ઉપદેશો વચ્ચે ભેદ પાડવામાં અસમર્થ સામાન્ય લોકો તેમને પણ 'નાસ્તિક' અને 'યુવાનોને સ્વચ્છંદી બનવા બહેકાવનાર' માની બેઠા.

છેવટે, સૉક્રેટિસ પર ગ્રીક પ્રજાના દેવોનો ઇન્કાર કરવા માટે, પોતાના નવા જ દેવોની સ્થાપના કરવા માટે અને ઍથેન્સના યુવાનોને બહેકાવવાના આરોપસર કામ ચલાવવામાં આવ્યું. કાયદા મુજબ અપીલ કરવાની અને પોતાના તરફથી ઓછી સજાનું સૂચન કરવાની છૂટ હતી. ઉપરાંત, જો તેઓ માફી માગે તો તેમની સજા હળવી અથવા નાબૂદ કરવામાં આવે એવો સંકેત પણ તેમને કારાવાસમાં પહોંચાડવામાં આવ્યો હતો. આમ છતાં, જેને તેમણે પોતાનું જીવનધ્યેય માન્યું હતું—સત્ય અને શાણપણની શોધ અને તેનું શિક્ષણ—તે વિશે તલમાત્ર સમાધાન કરવાનો તેમણે **સવિનય ઇનકાર** કર્યો. તેઓ હસતે મોંએ ઝેર(હેમલોક)નો પ્યાલો ગટગટાવી ગયા.

આમ, ઈ. પૂ. ૩૭૦માં ૭૦ વર્ષની ઉંમરે સૉક્રેટિસે શહાદત વહોરી લીધી.

*

અસદ્ અને અનિષ્ટ એ અજ્ઞાનનાં પરિણામ છે, માટે જો સાચા જ્ઞાનની પ્રતિષ્ઠા કરવામાં આવે તો એ ક્ષણભર પણ ટકી શકતાં નથી, એમ પ્રતિપાદન કરતા નીતિનિષ્ઠ જ્ઞાન અથવા જ્ઞાનનિષ્ઠ નીતિશાસ્ત્રનો પાયો નાખવાનું બહુમાન સૉક્રેટિસને ફાળે જાય છે.

પ્રકૃતિની ખોજ સંબંધે ગ્રીકચિંતન પ્રત્યેના સૉક્રેટિસના અણગમા અને અસ્વીકારનાં બે કારણો ઝેનોફોને આપ્યાં છે: (૧) આ ચિંતન અત્યંત સિદ્ધાંતજડ (dogmatic) છે, અને (૨) આવું ચિંતન નિરર્થક (useless) છે. પહેલા કારણના સંદર્ભમાં સૉક્રેટિસ એમ માને છે કે સૃષ્ટિની ઉત્પત્તિ સંબંધી અથવા જગતના મૂળભૂત કારણરૂપ સિદ્ધાંતની વાત કરનારાઓમાં મોટા મતભેદો હોવા છતાં, જાણે તે અંતિમ સત્ય હોય એ પ્રકારનો દાવો તેઓ કરતા રહ્યા છે. ટૂંકમાં, તેમનું આ બધું ચિંતન અનુભવનિરપેક્ષ (a-priori) એવું 'સિદ્ધાંતજડ' છે.

બીજું કારણ: અગાઉના ગ્રીક ચિંતકોના જ્ઞાનને સૉક્રેટિસ 'નિરર્થક' માને છે. તે કહે છે કે જગત અને જીવનના આરંભોનું જ્ઞાન, એટલે કે ભૂતકાળનું જ્ઞાન મેળવવા માટે આપણી પાસે અનુમાન-તર્ક (speculation) સિવાય બીજું કોઈ સાધન નથી. ત્યારે, મનુષ્યના જીવનનાં ધ્યેયો વિષેનું જ્ઞાન—જે ધ્યેયો આપણે ભાવિમાં સિદ્ધ કરવાનાં છે તેમનું જ્ઞાન—વધુ ઉપકારક અને ઇષ્ટ છે, બલ્કે સાચું છે. ઇષ્ટ જીવન કેવી રીતે ગુજારવું તે જાણવું એ જ મનુષ્ય માટે સૌથી મહત્ત્વનું અને કરવા યોગ્ય કાર્ય છે. એ જાણવાથી જ મનુષ્ય પોતે વધુ શાણો, વધુ સમજુ બની શકે. આવું માનવીય ચિંતન મનુષ્ય માટે સર્વપ્રથમ અગત્યનું છે અને સૉક્રેટિસને એ શ્રદ્ધા છે કે સદ્ જગતની બૌદ્ધિક રીતે રચના કરવાનું શક્ય છે.

આમ, સૉક્રેટિસ નિરર્થક જ્ઞાન સામે સહેતુક જ્ઞાન, 'કેવળ જ્ઞાન ખાતર જ્ઞાન' સામે 'શાણપણ માટે જ્ઞાન', 'જગત અને જીવનના આરંભોના જ્ઞાન' સામે 'જીવનનાં ધ્યેયોનું જ્ઞાન', 'કેવળ તર્કાધીન જ્ઞાન' સામે 'વ્યવહારમાં ઉપયોગી થઈ શકે તેવા પુરાવા પર આધારિત જ્ઞાન', 'બંધ ભૂતકાળ' સામે 'મુક્ત ભાવિનું જ્ઞાન', અને અંતે, 'જડ નિસર્ગ' સામે 'મનુષ્યજીવન સંબંધી જ્ઞાન'ની પ્રતિષ્ઠા કરે છે. સૉક્રેટિસે ઉઘાડેલી ચિંતનની આ દિશા ત્યાર પછીના ચિંતન માટે એક દીવાદાંડીની ગરજ સારે છે.

ટૂંકમાં, સૃષ્ટિમીમાંસા અંગેના નૈસર્ગિક ખુલાસાઓમાં વ્યક્ત થતો એક પ્રકારનો વિતંડાવાદ અને સૉફિસ્ટોનું વ્યક્તિવાદી, અહંવાદી તથા સામાજિક રીતે ઘાતક ચિંતન એ બંનેમાં સૉક્રેટિસને બુદ્ધિનો વિપર્યાસ જણાતો હતો. બુદ્ધિ જો મનુષ્યને વધુ ડાહ્યો, સમજુ, વિનયી અને સદ્‌ગુણી ન બનાવતી હોય, તો તેવી બુદ્ધિ ફોગટ અથવા નિરર્થક છે, એમ તેમની દૃઢ માન્યતા હતી.

*

સૉક્રેટિસે મનુષ્યના જીવનનું ધ્યેય શું હોવું જોઈએ, એ પ્રશ્ન સૌ પ્રથમ ઉપસ્થિત કર્યો; અને શ્રેયમય જીવન કેવું હોવું જોઈએ તથા સૌએ શા માટે એવા શ્રેયમય જીવનનું ધ્યેય સેવવું જોઈએ, એ મુદ્દો જીવનપર્યંત ચાલેલી તેમની તત્ત્વવિચારણાનો મુખ્ય વિષય બની રહ્યો.

સૉક્રેટિસનું આ પાયાનું 'નૈતિક ચિંતન' તેમના બુદ્ધિલક્ષી 'જ્ઞાનના સિદ્ધાંત' પર આધારિત છે. 'વ્યક્તિવાદી ચિંતન'નો આધાર જેવી રીતે સૉફિસ્ટના જ્ઞાનના સિદ્ધાંત પર છે, તેવી રીતે સૉક્રેટિસના 'નૈતિક ચિંતન'નો આધાર પણ તેમના પોતાના જ્ઞાનના સિદ્ધાંત પર રહેલો છે. સૉફિસ્ટો ઇન્દ્રિયપ્રત્યક્ષ જ્ઞાનને જ જ્ઞાન માને છે, અને તેથી બુદ્ધિલક્ષી જ્ઞાનનાં ધોરણોનો જ છેદ ઉડાવી દે છે; તો સૉક્રેટિસ 'બુદ્ધિ'-(intelligence)ને જ્ઞાનનો આધાર માને છે અને સત્ય જ્ઞાન માટે બુદ્ધિલક્ષી ધોરણોની સ્થાપના કરે છે.

*સૉક્રેટિસના મતે તેમની પૂર્વેના વિજ્ઞાન ચિંતકોનું વિશ્વ અને મનુષ્ય અંગેનું ચિંતન યાંત્રિક માળખામાં અટવાઈ-રૂંધાઈ રહ્યું હતું. જ્યારે, સાચા તત્ત્વચિંતકે **વિશ્વ અને જીવનના અંતિમ લક્ષ્યની દિશા** તરફ મોઢું ફેરવવાનું જરૂરી છે. અને તો જ એને આખી પ્રક્રિયા હેતુલક્ષી છે—શુભલક્ષી છે એ રહસ્ય સમજાશે. બલ્કે, જ્ઞાન-ચિંતનને 'ભૌતિક' અને 'બાહ્ય' સ્તરેથી 'નૈતિક' તથા 'આંતરિક' સ્તરે વાળવાની જરૂર છે.

## સંકલ્પનાઓનો સિદ્ધાંત

આવું 'આંતરિક' છતાં 'બુદ્ધિલક્ષી' જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તેની સમજૂતી સૉક્રેટિસ 'સંકલ્પનાઓના સિદ્ધાંત' (theory of concepts) દ્વારા આપે છે. દા. ત., કોઈ પણ વસ્તુ આપણને સુંદર લાગે છે તેનું કારણ તેનો રંગ, આકાર, સુગંધ ઇત્યાદિ કોઈ વિશિષ્ટ ગુણધર્મ નથી, પણ વસ્તુમાં રહેલ સૌંદર્યતત્ત્વ છે. રંગ, રૂપ, ગંધ વગેરે ગુણધર્મો વસ્તુમાં હોય પણ ખરા અને ન પણ હોય; આ 'આકસ્મિક' ગુણધર્મો વસ્તુના સૌંદર્યનું કારણ હોઈ શકે નહિ. તેથી, સુંદર વસ્તુઓનાં સૌંદર્યનું કારણ 'નિરપેક્ષ (absolute) સૌંદર્યતત્ત્વ' છે અને તેનું અસ્તિત્વ સૌંદર્યવાન વસ્તુઓથી ભિન્ન અને સ્વતંત્ર છે. આથી, વસ્તુનાં રૂપ, રંગ, ગંધ વગેરેની જાણકારીથી નહિ પણ નિરપેક્ષ સૌંદર્યતત્ત્વના જ્ઞાનથી વસ્તુની સુંદરતાનું જ્ઞાન આપણને થાય છે. **નિરપેક્ષ સૌંદર્યતત્ત્વ એ બીજું કશું નહિ પણ સૌંદર્યની સંકલ્પના છે.** સંકલ્પનાઓની રચના કરવામાં સામાન્ય રીતે આગમનાત્મક બુદ્ધિ (inductive reason) અને સંકલ્પનાઓને લાગુ પાડવામાં નિગમનાત્મક બુદ્ધિ (deductive reason) નો આપણે ઉપયોગ કરતા હોવાથી બધું જ્ઞાન બૌદ્ધિક સંકલ્પનાઓનાં જ્ઞાન પર આધારિત છે, એમ સૉક્રેટિસ પ્રતિપાદિત કરે છે. ટૂંકમાં, તેઓ બુદ્ધિને જ્ઞાનના અંગ અથવા માધ્યમ તરીકે સ્થાપિત કરે છે. તેમના મતે, બુદ્ધિ એ મનુષ્યનું સાર્વત્રિક—સહજ લક્ષણ છે.

વસ્તુઓને 'જેવી છે તેવી' જાણવામાં એટલે કે તેમનું વસ્તુલક્ષી સત્યજ્ઞાન મેળવવવામાં અને તેની અભિવ્યક્તિ કરવામાં 'સંકલ્પનાઓનો સિદ્ધાંત' ઉપયોગી હોવાથી સૉક્રેટિસની ખરી જહેમત વિવિધ વસ્તુઓ તથા બાબતોની યોગ્ય સંકલ્પનાઓ અને તેમની વ્યાખ્યાઓ આપવામાં સમાયેલી છે. તેમનું આખુંય તત્ત્વજ્ઞાન તેમના આ પ્રયાસની જ ફલશ્રુતિ છે. પરંતુ આ સંકલ્પનાઓમાં તેમને મન મુખ્ય સવાલો આ છે: સદ્‌ગુણ શું છે? શાણપણ શું છે? સંયમ શું છે? ધૈર્ય એટલે શું? હિંમત કોને કહેવી અને કાયરતા કોને કહેવી? સુખ એટલે શું અથવા સુખ શેમાં રહેલું છે? મતલબ કે મનુષ્યજીવનને લગતી આ બધી બાબતોની સાચી સંકલ્પનાઓ બાંધીને, અને તેમને વ્યાખ્યાઓ દ્વારા વ્યક્ત કરીને, નૈતિક આચારનો નિયમ અથવા કાનૂનનો વસ્તુલક્ષી અને સાર્વત્રિક આધાર શોધવાનો સૉક્રેટિસ પ્રયાસ કરે છે.

સૉક્રેટિસના આ પ્રદાન વિષે પોતાનો અભિપ્રાય દર્શાવતાં ઍરિસ્ટોટલ, તેના ગ્રંથ 'મેટાફિઝિક્સ'માં, કહે છે: "બે બાબતોમાં સૉક્રેટિસનો ફાળો છે, એમ જરૂર કહી શકાય: એક બાબત, આગમનાત્મક દલીલો; અને બીજી બાબત સાર્વત્રિક (universal) વ્યાખ્યા. આ બેઉ બાબતો 'વિજ્ઞાન'ના આરંભબિંદુ સાથે સંબંધિત છે."

સંકલ્પનાઓનો આ સિદ્ધાંત કંઈ સિદ્ધાંત રજૂ કરવા ખાતર સૉક્રેટિસે રજૂ નહોતો કર્યો. તેનું જીવનમાં આચરણ કરવા મથવું જોઈએ, એમ તેઓ દઢપણે માને છે. જોકે, તેમના આ આચાર-સિદ્ધાંતના પાયામાં 'સદ્‌ગુણનું જ્ઞાન' જ છે. આ મુદ્દો વળી આપણને તેમના સમગ્ર નૈતિક ચિંતનના કેન્દ્રબિંદુ પર લાવી મૂકે છે.

## નૈતિક-આધ્યાત્મિક અભિગમ

*** 'સદ્‌ગુણ એ જ જ્ઞાન છે' (Virtue is Knowledge) એ વિધાન દ્વારા સૉક્રેટિસ 'નીતિ' અને 'જ્ઞાન' વચ્ચેનું દ્વૈત ભૂંસી નાખે છે અને જ્ઞાનને નીતિનો આધાર બનાવી નૈતિક ચિંતનમાં એક નવી જ પરંપરાનો આરંભ કરે છે.**

'સદ્‌ગુણ એ જ જ્ઞાન છે,' એનો અર્થ 'સદ્'નું એટલે જ 'શ્રેય'નું જ્ઞાન. બન્ને વચ્ચે કોઈ ભેદ નથી. કેમ કે સૉક્રેટિસના મતે, જે માણસને સદ્‌નું જ્ઞાન છે તે સદ્‌નું આચરણ કર્યા વિના રહી શકતો

નથી; સદ્જ્ઞાની તેના સદ્ના જ્ઞાનને કારણે સદ્ગુણી થયા સિવાય રહી શકતો નથી. એથી ઊલટું, જે અસદ્ આચરણ કરે છે તે અજ્ઞાનને કારણે જ તેમ કરે છે. મતલબ કે જો આપણે જગતમાંથી અસદ્ અથવા દુરાચારને દેશવટો આપવો હોય તો અજ્ઞાનને દૂર કરવું રહ્યું. તેઓ કહે છે : "કોઈ જાણીબૂઝીને ખોટું કરતું નથી." માત્ર 'સદ્' શું છે તે ન જાણતા હોવાથી લોકો દુરાચાર કરે છે. આમ, સૉક્રેટિસ દુરાચાર નાબૂદ કરવા અને સદાચાર સ્થાપિત કરવા સારુ અજ્ઞાનનિવારણનો માર્ગ ચીંધે છે.

દુર્યોધનની જેમ ઘણા એમ કહે છે : "સદ્ શું છે તે હું જાણું છું પણ તે પ્રમાણે આચરણ કરી શકતો નથી. અને અસદ્ શું છે તે હું જાણું છું પણ તેમ કર્યા વિના હું રહી શકતો નથી." આવી દ્વિધાના જવાબમાં સૉક્રેટિસ કહેશે : "બનવાજોગ છે કે તમે સદ્-અસદ્ સંબંધી બીજાના વિચારો કે અભિપ્રાયો જાણતા હો અને તે અભિપ્રાયોએ તમારાં કાર્યોને પ્રભાવિત કર્યાં હોય. જો તમે ખરેખર સદ્-અસદ્ શું છે એ જાણતા હોત તો સદ્ને આચર્યા વિના અને અસદ્ને ટાળ્યા વિના રહી શકત નહિ. અગ્નિ દઝાડે છે, તે જ્ઞાન થયા પછી કોઈ માણસ સમજી-બૂજીને અગ્નિમાં હાથ નાખતો નથી; તેવી રીતે અસદ્નું જ્ઞાન થયા પછી કોઈ સમજી-બૂજીને અસદ્નું આચરણ કરતો નથી."

સૉક્રેટિસનું કહેવાનું તાત્પર્ય કહો કે મુખ્ય પ્રદાન કહો, તે આ છે : 'સદ્ગુણ એ જ્ઞાન છે' અને 'જ્ઞાન એ જ સદ્ગુણ છે.' છતાં વ્યવહારમાં આવું દેખાતું નથી, કેમ કે, સૉક્રેટિસના મતે, તેમાં સાચા જ્ઞાન માટેની અંત:સૂઝની નિષ્ફળતા છે, જેથી સારાસાર વિવેકનું જ્ઞાન જ થતું નથી.

પરંતુ, આ અંત:સૂઝ, જેને આપણે 'સારાસાર વિવેક' કહીએ છીએ તે શક્તિ, આપણામાં ક્યારે આવે? તેનું સ્વરૂપ શું? તેનો સ્રોત અથવા સ્થાન ક્યાં છે? આ બધા પ્રશ્નો સૉક્રેટિસને મનુષ્યના સાચા સ્વ-રૂપની ખોજ ભણી વાળે છે. 'તારી જાતને ઓળખ' ('Know thysell' — आत्मदीपोभव) એમ જ્યારે કહે છે, ત્યારે તેઓ મનુષ્યના સાચા સ્વરૂપની ખોજ આદરે છે. તેમની દૃષ્ટિએ મનુષ્યનો આત્મા એ જ મનુષ્યનું ખરું સ્વરૂપ છે, એટલે સ્વને પારખવા માટે આત્માનું જ્ઞાન થવું જરૂરી છે. **તેમની દૃષ્ટિએ, આત્મા એટલે જ સારાસાર પારખવાની અને તેમાં સારું જ પસંદ કરવાની વિવેકશક્તિ; તે જ 'અંત:સૂઝ'.**

મનુષ્યમાં આવી અંત:સૂઝ માત્ર નહિ, પરંતુ તે અનુસાર વર્તવાની સંકલ્પશક્તિ પણ છે, જેને લીધે મનુષ્ય દેખીતાં આનંદો અને શારીરિક સુખોપભોગની તમામ ઇચ્છાઓ અને વાસનાઓ પર કાબૂ મેળવી શકે છે. સૉક્રેટિસ આ સંકલ્પશક્તિને મનુષ્યના પ્રવુદ્ધ આત્માની શક્તિ કહે છે. તે ખરેખર 'સદ્' છે; તેનું 'જ્ઞાન' થયા પછી મનુષ્ય તે પ્રમાણે વર્ત્યા વિના રહી શકતો નથી.

*'સદ્ગુણ એ જ જ્ઞાન' હોવાથી એક વાર જેને આત્મજ્ઞાન થાય, પોતાના સાચા સ્વ-રૂપનું ભાન થાય, સારાસાર વિવેક અને તે અનુસાર વર્તવાનો સંકલ્પ સિદ્ધ થાય, તેને માટે અન્યથા વર્તવાનો સંભવ જ રહેતો નથી. આથી, આત્માની જાગૃતિ, આત્મોન્નતિ, આત્માની પરિપૂર્ણતા એ મનુષ્યમાત્રના જીવનનું ધ્યેય બનવું જોઈએ એમ સૉક્રેટિસ કહે છે.

*

પ્રશ્ન ઉદ્ભવે છે : આવો નૈતિક સિદ્ધાંત જ શા માટે ? છેવટે તો મનુષ્યનું ધ્યેય પોતે સુખી થાય એ જ હોઈ શકે. વાત સાચી છે. પરંતુ, ત્રણ રીતે અથવા જુદા જુદા ત્રણ સ્રોતોમાંથી આપણને સુખ મળતું હોય છે : (૧) શારીરિક આનંદ; ઇન્દ્રિયોના વિષયો સંતોષવામાંથી થતો આનંદ; (૨) સામાજિક માનપાન, મોભો, પ્રતિષ્ઠા; સામાજિક સફળતામાંથી થતો સુખદ અનુભવ; અને (૩) જ્ઞાન અને શાણપણમાંથી મળતો પ્રસાદ. આ ત્રણેમાંથી સાચું સુખ કોને કહેવું એ મુખ્ય પ્રશ્ન છે.

## 'ઈશ્વરની આજ્ઞા'

પ્લેટોના 'એપૉલોજી' નામક સંવાદમાં સૉક્રેટિસ જો શાણપણની શોધ અને સાચા જીવનધ્યેય વિષે લોકોને સમજાવવાની પ્રવૃત્તિનો ત્યાગ કરતા હોય તો તેના સાટામાં તેમને છોડી મૂકવામાં આવે એ દરખાસ્તનો અસ્વીકાર કરતાં તેઓ જણાવે છે :

"શાણપણ અને સામર્થ્ય માટે સુવિખ્યાત એવા મહાન એથેન્સ નગરના નાગરિક થઈને શાણપણ, સત્ય અને આત્માની પરિપૂર્ણતા જેવાં ઉચ્ચ ધ્યેય માટે પ્રયત્ન કરવાને બદલે ધનના ઢગલા અને કીર્તિના મૃગજળ પાછળ દોટ મૂકતાં તમને શરમ નથી આવતી ? હે, એથેન્સ-વાસીઓ ! મને તમારા પ્રત્યે ભારોભાર વાત્સલ્ય અને આદર છે, પણ જીવનનાં આ ધ્યેયોને લાગેવળગે છે ત્યાં સુધી તો હું તમારી વાતનું નહિ, પણ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરીશ અને જ્યાં સુધી મારો શ્વાસોચ્છ્વાસ ચાલુ રહેશે તથા શક્તિનું નાનું બિંદુ પણ મારા શરીરમાં હશે ત્યાં સુધી હું શાણપણની શોધ ચાલુ રાખીશ અને મને જે કોઈ મળશે તેને સત્ય શું છે, તે સમજાવવાનું ચાલું રાખીશ. જો તે મારી વાતનો વિરોધ કરશે અને દલીલ કરશે કે ધનસંપત્તિ અને સામાજિક પ્રતિષ્ઠા જેવી બાબતોને તે વધુ મૂલ્યવાન ગણે છે તો એવા માણસને હું કંઈ એમ ને એમ જવા નહિ દઉં. હું તેને પ્રશ્નો પૂછીશ, તેની ઊલટતપાસ લઈશ, તેની કસોટી કરીશ અને જો તે બધાંની તેના પર કંઈ અસર નહિ થાય તો જીવનમાં સૌથી મૂલ્યવાન વસ્તુઓને તદ્દન સસ્તી ગણવા અને તદ્દન ક્ષુલ્લક કચરા જેવી વસ્તુઓને મહામૂલ્યવાન ગણવા બદલ ઠપકો આપીશ. આબાલવૃદ્ધ નાગરિક કે વિદેશી જે કોઈનો મને મેળાપ થશે તે સૌને હું આ કહેતો રહીશ. પણ તમે તો મારા પોતાના માણસો છો, મારા નગરવાસીઓ છો; તમને તો હું આ બધું ખાસ કહીશ, કારણ કે મારે તમને બધાંને આમ કહેતા રહેવું એ ઈશ્વરની આજ્ઞા છે. એથેન્સના આપણા આ મહાન નગરમાં ઈશ્વરે મને આ કાર્ય સોંપ્યું છે, એને કોઈ નાનું-સૂનું સદ્ભાગ્ય રખે માનતા ! મારે આ સિવાય જીવનમાં બીજું કશું કરવાનું નથી. મારે તો તમને એ જ કહેવાનું છે કે તમારાં શરીર, તમારી ધનદોલત એ બધાંની ફિકર ઓછી કરો. તમારા આત્માની શુદ્ધિ, તેની પરિપૂર્ણતા–એની ચિંતા વધુ કરો. કારણ કે જે કંઈ શુભ છે, શ્રેય (goodness) છે તે સંપત્તિમાંથી નિષ્પન્ન થતું નથી; બલ્કે, શ્રેય થકી જ સંપત્તિનું–અંગત અથવા જાહેર જીવનમાં–મનુષ્ય માટે કંઈકેય મહત્ત્વ છે. જો આમ કહીને હું યુવાનોને બગાડતો હોઉં તો તે ભલે ખરાબ કહેવાય; પણ આ સિવાય બીજું હું કહી રહ્યો છું એમ જો કોઈ કહે તો તે સાચું નથી.

ખેર... હું સમાપન કરતાં કહીશ કે હે એથેન્સવાસીઓ, ઍનિટસ (તહોમતનામું ઘડનાર) જે કંઈ કહે છે, તેને તમે સાંભળો કે ન સાંભળો, તમે મને છોડી દો, કે ન છોડી દો, હું મારો રસ્તો ચાતરવાનો નથી, ભલેને તેમ કરતાં મારે એક વાર તો શું પણ હજાર વખત મૃત્યુને ભેટવું પડે."

દેખીતું છે કે સૉક્રેટિસ 'શાણપણ, સત્ય અને આત્માની પરિપૂર્ણતા' જેવાં ઉચ્ચ ધ્યેયોનો જ પુરસ્કાર કરે છે. એ સિવાય બીજાં બધાં જીવનનાં 'ગૌણ ધ્યેયો' છે. તેમનું જો કશું મહત્ત્વ હોય તો મૂળ ધ્યેયોને હાંસલ કરવાનાં સાધન તરીકે જ. પ્રથમ બે પ્રકારનાં સુખો માટે આપણે બીજાઓ પર આધાર રાખવો પડે છે, અને જે આપણને સ્વાવલંબી અથવા સ્વાયત્ત બનાવવાને બદલે પરાવલંબી અથવા પરાધીન બનાવે તે સુખદાયી ન હોઈ શકે અને જે સુખદાયી ન હોય તેને આપણે આપણાં મુખ્ય ધ્યેયો ન માનવાં જોઈએ.

*સૉક્રેટિસના મતે આવી આધ્યાત્મિક પૂર્ણતા કોઈ અમુક વ્યક્તિઓનો જ ઇજારો નથી. જે કોઈ તે માટે પ્રયત્ન કરે–અને એવો પ્રયત્ન કરવો એ તો દરેક મનુષ્યનું સર્વોચ્ચ જીવનધ્યેય છે–તેને તે સુલભ છે.

અહીં, એક મહત્ત્વનો ખુલાસો એ છે કે જેને આપણે સદ્-અસદ્‌નું જ્ઞાન કહીએ છીએ તે અન્ય જ્ઞાનની જેમ શીખવી શકાતું નથી. સૉક્રેટિસે પણ જીવનભર આનું જ રટણ કર્યા કર્યું હતું કે બીજાને શીખવી શકાય તેવું પોતે કશું જાણતો નથી. આનો અર્થ એ છે કે સમાજ કે બાહ્ય સત્તા દ્વારા પ્રમાણિત 'સારી-નરસી' ઠરાવેલી બાબત માહિતી છે, તે જ્ઞાન નથી. તે નૈતિકતા નથી. જ્યાં સુધી હું જાતે પ્રત્યક્ષ સારું-સાચું જાણતો-સમજતો-સ્વીકારતો નથી ત્યાં સુધી મને તેનું 'જ્ઞાન' થતું નથી. આ પ્રત્યક્ષ જ્ઞાન જ મને બીજા લોકો શું કહે છે, તેની 'માહિતી'માંથી અળગો કરીને વસ્તુના સીધા 'જ્ઞાન' ભણી લઈ જાય છે. આકાશ આસ્માની રંગનું છે કે કેમ, એનું જ્ઞાન જેમ મને તે જોવાથી પ્રત્યક્ષ થાય છે, તેમ મૂલ્યોનું જ્ઞાન પણ પ્રત્યક્ષ રીતે જ થવું જોઈએ. સારા-સાચા એવા નિર્ણયો માણસે જાતે જ કરવાના છે. એ 'જવાબદારી' સૌએ પોતે જ ઉપાડવાની છે. ત્યારે જ એની 'નૈતિકતા' યોગ્ય ઠરે છે.

**જેણે સંપૂર્ણ મનુષ્ય બનવું હોય, આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત કરવી હોય, તેણે નૈતિક રીતે સ્વાયત્ત બનવું જ રહ્યું.**

જો માણસે સાચા અર્થમાં મુક્ત બનવું હોય (બીજાઓએ આપેલ માહિતી કે અભિપ્રાયોમાંથી મુક્તિ મેળવવી હોય), મુક્તિનો સાચો આનંદ માણવો હોય, તો તેણે પોતાના આત્માને સદ્અસદ્‌નો નિર્ણય કરવાનું સુપ્રત કરી દેવું જોઈએ. આ અર્થમાં સૉક્રેટિસ નૈતિક સ્વાયત્તતાને આધ્યાત્મિક પૂર્ણતા માટે જરૂરી પૂર્વશરત માને છે.

હા, આ અર્થમાં સદ્-અસદ્‌નું જ્ઞાન અથવા મૂલ્યોનું જ્ઞાન શીખવી શકાતું નથી, પરંતુ શિક્ષણ એમાં મદદરૂપ થઈ શકે છે, એમ સૉક્રેટિસ માને છે. સાચું 'શિક્ષણ' એ "આત્માની આંખ ઉઘાડવાની કળા" છે; બીજાઓના અભિપ્રાયો અને માહિતીથી ગંઠાયેલા પૂર્વગ્રહોથી વિકૃત અને ઝાંખા બનેલ દર્શનને સાફ કરવાની એ કળા છે. શિક્ષક આપણી આત્માની આંખો સમક્ષનાં પડળો, આવરણો, દૂર કરવામાં સહાયભૂત થાય ખરો; **દર્શન** તો આપણે જ કરવાનું છે.

સૉક્રેટિસ સમાજ, રાજ્ય અને પરંપરાને સ્થાને મનુષ્ય માત્રામાં રહેલો પ્રબુદ્ધ આત્મા તેના ભલા-બૂરાનો નિર્ણાયક છે, એમ સ્થાપિત કરીને 'આત્મનિષ્ઠ નીતિમત્તા'ની સ્થાપના કરે છે.

અંતે, સૉફિસ્ટોની વ્યક્તિનિષ્ઠ નીતિમત્તા અને સૉક્રેટિસની આત્મનિષ્ઠ નીતિમત્તા વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. 'મનુષ્યમાત્ર વસ્તુમાત્રનો માનદંડ છે' એ સૉફિસ્ટ-પ્રબોધિત સિદ્ધાંતને આધારે "તમને જે યોગ્ય લાગે તે તમારા માટે સાચું" એ વિધાન અને "તમારા માટે સારું-ખોટું શું તેનો અંતિમ નિર્ણાયક તમારો આત્મા છે, માટે તેનાં માર્ગદર્શન અને આજ્ઞાને જ અનુસરો" એવું સૉક્રેટિસનું વિધાન એ બે વચ્ચે પાયાનો તફાવત છે.

* વિષયોમાં ભટકતી ઇન્દ્રિયોથી દોરવાતા મનના શાસન હેઠળ રહેતા માણસને જેમ કરવું હોય તેમ કરવાની છૂટ એ સૉફિસ્ટ-પ્રબોધિત નીતિમત્તા થઈ; જ્યારે જેનો સારાસાર વિવેક રૂપી આત્મા જાગ્રત થયો

છે, એવા આત્માના શાસન હેઠળ રહેતા મનુષ્યને તેની વિવેકદષ્ટિ જેમ કરવા જણાવે તેમ કરવાની છૂટ એ સૉક્રેટિસ-પ્રબોધિત નીતિમત્તા થઈ.

## સૉક્રેટિસના અનુગામીઓ

સૉક્રેટિસમાંથી પ્રેરણા પામી જેમણે પોતાના વિચારસંપ્રદાયો સ્થાપ્યા તેમાં ઍન્ટિસ્થેનીઝના 'સિનિક' વિચારસંપ્રદાયનો, ઍરિસ્ટિપસના 'સાયરેનિક' વિચારસંપ્રદાયનો અને યુક્લિડીઝના 'મેગરિક' વિચાર-સંપ્રદાયનો સમાવેશ થાય છે.

સૉક્રેટિસના ચિંતનનાં મુખ્ય બે પાસાંનો આપણે આગળ ઉલ્લેખ કર્યો : (૧) સંકલ્પનાઓ સંબંધી સિદ્ધાંત (વૈજ્ઞાનિક પાસું); અને (૨) નૈતિક સિદ્ધાંત (નૈતિક પાસું). તેમના પ્રમુખ શિષ્ય પ્લેટોના તત્ત્વચિંતનમાં આ બન્ને પાસાં શ્રેયતત્ત્વનો વિચાર(Idea of the Good)માં સાયુજ્ય પામે છે; ત્યારે અન્ય અનુયાયીઓ સૉક્રેટિસના ચિંતનના માત્ર નૈતિક પાસાથી કેવી રીતે પ્રભાવિત થયા, તેનો આપણે અહીં ખૂબ ટૂંકમાં વિચાર કરીશું.

ઉપર જણાવ્યા તે ત્રણ વિચારસંપ્રદાયોના સ્થાપકો મુખ્યત્વે સૉક્રેટિસના ચિંતન કરતાં જીવન અને વ્યક્તિત્વથી વિશેષ અંજાયા હતા. 'સદ્ગુણ એ જ જ્ઞાન' અને 'જ્યાં સદ્ગુણનું જ્ઞાન ત્યાં સદાચાર' એવું સૉક્રેટિસના જીવન દ્વારા પ્રતીત થતું હતું. આમ, સદ્ગુણમાં જ 'શ્રેય' અને 'પ્રેય'નું અદ્વૈત રચાય છે; માટે શાણા માણસે બીજી બધી ક્ષુલ્લકતાઓ પાછળ જીવન બરબાદ કરવાને બદલે સદ્ગુણને જ જીવનનું પરમ લક્ષ્ય બનાવવો જોઈએ.

હવે સદ્ગુણ એ જ જીવનનું એકમાત્ર ધ્યેય હોય તો સૌથી પ્રસ્તુત પ્રશ્ન એ ઊભો થાય કે 'સદ્ગુણ' એટલે શું? અથવા કોને સદ્ગુણી જીવન કહેવું? સૉક્રેટિસે સદ્ગુણની એકમાત્ર વ્યાખ્યા આપી છે કે 'સદ્ગુણ એ જ જ્ઞાન છે.' અને સદ્ગુણ એ જ જ્ઞાન હોય તો જેમાંથી જીવન શાણું એટલે કે નૈતિક બને, એવું જ્ઞાન, એવો જ અર્થ સૉક્રેટિસના ચિંતનમાં અભિપ્રેત હોય.

આમ, સૉક્રેટિસને અભિપ્રેત શું છે તે સમજાય છે. પરંતુ તેમણે સદ્ગુણને વ્યાખ્યામાં બાંધ્યો નથી. તેનું કારણ એ કે 'સદ્ગુણ' વ્યાખ્યામાં ન બંધાય તેવો વિશાળ અને સર્વગ્રાહી ખ્યાલ છે. સદ્ગુણના પર્યાય તરીકે આપણે 'શાણપણ' અથવા 'સારાસાર વિવેક' જેવા શબ્દોનો ઉપયોગ કર્યો છે, પણ તેમનીય સ્પષ્ટ વ્યાખ્યા સૉક્રેટિસે ક્યાંય આપી નથી. આથી, જીવનના ધ્યેય તરીકે સદ્ગુણનો સ્વીકાર કરતા આ ત્રણે વિચારસંપ્રદાયો સદ્ગુણ કોને કહેવો, તેનું માર્ગદર્શન મેળવવા માટે સૉક્રેટિસના ચિંતન અને અમૂર્ત વિચારો કરતાં તેના જીવન અને આચરણ તરફ વળે તે દેખીતું છે. તેમની વચ્ચેના મતભેદનો મુખ્ય સ્રોત પણ આ જ છે. સૉક્રેટિસ સાદું, સંયમી, કરકસરયુક્ત, ઇન્દ્રિયસુખો પ્રત્યે કંઈક બેપરવા અને આત્મનિષ્ઠ જીવન જીવ્યા, એટલે એવું સંયમપ્રધાન જીવન એ જ સદ્ગુણી જીવન કહેવાય, એવા તારણ પર 'સિનિક' વિચારસંપ્રદાયમાં માનનારા આવ્યા; તો સદ્ગુણ જ મનુષ્યને સાચા અર્થમાં સુખ અને મનનો આનંદ આપી શકે તેમ છે, તેથી દુન્યવી ચિંતાઓથી મુક્ત, પોતાની મસ્તીમાં મસ્ત એવું 'સુખપ્રધાન" જીવન જ સદ્ગુણી જીવન કહેવાય એવા તારણ પર '**સાયરેનિક**' વિચારસંપ્રદાયમાં માનનારા આવ્યા. આ બેથી ભિન્ન '**મેગરિક**' વિચારસંપ્રદાયે એ જોયું કે સૉક્રેટિસે પરમ શ્રેયતત્ત્વના ચિંતનમાં જ આખું જીવન પસાર કર્યું છે, તેથી જગતના કારણ રૂપ 'પરમ શ્રેય તત્ત્વ'નું ચિંતવન એ જ સદ્ગુણી જીવન છે, માટે એ 'પરમ તત્ત્વ'નું જ્ઞાન મેળવવું, તેનું ચિંતન કરવું, એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ.

●

# ૨૦ : પ્લેટો [ઈ. પૂ. ૪૨૮ થી ઈ. પૂ. ૩૪૮]

## પ્રવેશક

વ્યાસોચ્છિષ્ટં જગત્સર્વમ્ મહાભારતકાર વ્યાસની પ્રતિભાને અંજલિ આપવા ચલણી બનેલી આ ઉક્તિ પ્લેટો અને ઍરિસ્ટોટલની બાબતમાં, થોડું અતિશયોક્તિનું જોખમ વેઠીને પણ, લાગુ પાડી શકાય તેમ છે. માત્ર પશ્ચિમી તત્ત્વચિંતનનાં જ નહિ પણ સમગ્ર માનવજાતે સિદ્ધ કરેલ ચિંતનનાં ઉત્તુંગ શિખરોમાંના આ બે મહાનુભાવો અવશ્ય એવા છે કે જેમાંથી પ્રગટેલા ચિંતનપ્રવાહોએ અનુગામી ચિંતન અને ચિંતકોને જબરદસ્ત પ્રભાવિત કર્યાં છે.

પશ્ચિમના તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં તો મૂળ પ્રેરણાસ્રોત તરીકે પ્લેટોનું સ્થાન અદ્વિતીય છે. તેના ચિંતન સાથે સહમત થાવ કે નહિ, પણ તેના પેંગડામાં પગ નાખે તેવો ચિંતક પશ્ચિમમાં હજુ સુધી પાક્યો નથી. પોતાના પુરોગામી ચિંતકોના વિચારો અને ચિંતનના વિવિધ પ્રવાહોને એક સમન્વિત, સુવ્યવસ્થિત અને સર્વગ્રાહી દર્શનપ્રથા (system of philosophy) રૂપે સર્વપ્રથમ રજૂ કરવાનું માન પ્લેટોને ફાળે જાય છે. આમ, પ્લેટો સર્વોત્તમ મૌલિક ચિંતક છે.

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે સૉક્રેટિસ 'સંકલ્પનાઓ'(conceptions)ને 'વિચાર'નાં નિયામક તત્ત્વ –વિચારતત્ત્વો– તરીકે ગણાવે છે. કેમ કે આપણો વિચાર, આપણું જ્ઞાન યોગ્ય અથવા સાચું છે કે કેમ, તેની કસોટીની એરણ તરીકે વિચારતત્ત્વો જ કામ કરે છે. આ બાબતમાં પ્લેટો આગળ વધે છે. તે વિચારતત્ત્વોનેય તાત્ત્વિક દ્રવ્ય (meta-physical substance) તરીકે ઘટાવે છે.

પ્લેટોના આ વિશિષ્ટ 'તાત્ત્વિક દ્રવ્ય' રૂપી વિચારતત્ત્વોનાં લક્ષણો તપાસીએ :

(૧) સાધારણત: 'દ્રવ્ય' એ ભૌતિક પદાર્થ (substance) ગણાય છે. પરંતુ ગ્રીક તત્ત્વચિંતનમાં આ '**દ્રવ્ય**' સંજ્ઞા વિશિષ્ટ અર્થમાં વપરાય છે : 'જે સ્વયંપૂર્ણ છે, જેનું અસ્તિત્વ બીજા કશામાંથી ફલિત થતું નથી, પણ જે ખુદ પોતાના અસ્તિત્વનો સ્વતંત્ર સ્રોત ધરાવે છે—એટલે કે જે સ્વયંનિર્મિત, સ્વરચિત છે—તે 'દ્રવ્ય'. આમ, 'દ્રવ્ય' બીજી બધી વસ્તુઓનો આધાર છે, પણ પોતે પોતાના સિવાય બીજા કશા પર આધારિત નથી.

આ અર્થમાં પ્લેટો 'વિચારતત્ત્વો'('વિચારો')ને 'દ્રવ્ય' કહે છે. ઉપરાંત 'વિચારો' વ્યક્તિના મનમાં અસ્તિત્વ ધરાવતી, સ્વલક્ષી કોઈ સંદિગ્ધતા નથી; પણ તે પોતાનું આગવું, નિરાળું, મનુષ્યના મનથી ભિન્ન, સ્વતંત્ર અને શાશ્વત અસ્તિત્વ ધરાવતી **વાસ્તવિકતા** છે. આમ, પ્લેટોના ચિંતનમાં 'વિચારો' નિરપેક્ષ છતાં વાસ્તવિક અંતિમ સત્યો છે. તેઓ જ પ્રથમ કારણ – મૂળ દ્રવ્ય – હોઈને બધાં જાતિવાચક અને ભાવવાચક નામો, પદાર્થોના બધા ગુણધર્મો અને નૈતિક ગુણો સુધ્ધાં, આખરે તો, વિચારતત્ત્વોમાં જ નિહિત છે.

(૨) 'વિચાર તત્ત્વો'નું બીજું લક્ષણ છે સર્વદેશીયતા (universality). 'વિચાર' એ કોઈ એક-દેશીય (particular) વ્યક્તિવિશેષ નથી. દા. ત., ગાયનો 'વિચાર' કે સૌંદર્યનો 'વિચાર' એ કોઈ વૈયક્તિક ગાય અથવા કોઈ સુંદર વસ્તુનો વિચાર નથી, પણ બધી ગાયો અથવા બધી સુંદર વસ્તુઓનો સાર્વત્રિક ખ્યાલ છે. આમ 'વિચાર' એ વ્યક્તિને અતિક્રમી સર્વને આવરી લેતી 'સર્વદેશીયતા' છે.

(૩) 'વિચારતત્ત્વો'નું ત્રીજું લક્ષણ એ છે કે એ વસ્તુગત નથી પણ વિચારગત છે (Ideas are not things but they are thoughts). એટલે કે તે બધી ગાયો અથવા બધી સુંદર વસ્તુઓનો જથ્થા કે જાતિવાચક ખ્યાલ પણ નથી. જો તે જાતિવાચક ભૌતિક પદાર્થ હોય તો આપણે તેને ક્યાંક ને ક્યાંક તો શોધી શકીએ. તેનું અસ્તિત્વ 'વસ્તુવિશેષ' (particular) નહિ, 'સાર્વત્રિક' (general) હોવા ઉપરાંત, કેવળ 'વિચારગત' છે. 'વિચારગત' સંજ્ઞાનો અર્થ એવો નથી કે તે અમુકતમુક વ્યકિત વા વિશેષ વ્યકિતનાય વિચારો છે. ના, તે ઈશ્વરનાય વિચારો નથી.

વ્યકિતવિશેષના વિચારોને વિશ્વના કારણરૂપ માનવા તે બિલકુલ બેહૂદું છે. પણ ઈશ્વરના વિચારો કહેવામાં શી હરકત છે, એવો પ્રશ્ન સહેજે ઉદ્‌ભવે. હવે, જો 'ઈશ્વર'ને દેહધારી કલ્પવામાં આવે તો તે ક્યાંક તો હોવો જોઈએ અને તો પછી તે વ્યકિતવિશેષ બની જાય અને તેના વિચારોને જગતના કારણ રૂપ માનવાનું શક્ય ન બને. અને જો 'ઈશ્વર'ને દેહધારી વ્યકિતવિશેષ ન માનીએ અને ઈશ્વરીય વિચારતત્ત્વ (Idea of God) એમ કહીએ, તો તે કહેવાની એક આલંકારિક રીત થઈ એમ જ કહેવાય.

આપણી મુશ્કેલી એ છે કે જ્યારે આપણે 'વિચારો'ની વાત કરીએ છીએ ત્યારે વિચારનાર હોવો જ જોઈએ એમ માની લઈએ છીએ અથવા જ્યારે આપણે 'રૂપતત્ત્વો'(Forms)નો વિચાર કરીએ છીએ ત્યારે તે ઘડનાર હોવો જ જોઈએ એમ માની લઈએ છીએ. પ્લેટોના સિદ્ધાંત મુજબ વિચારો (Ideas) અથવા રૂપતત્ત્વો (Forms) એ વિચારક અગર ઘડવૈયા વિના અસ્તિત્વ ધરાવતું દ્રવ્ય છે.

(૪) એકત્વ એ 'વિચારો'નું ચોથું લક્ષણ છે. વસ્તુઓના દરેક વર્ગ માટે એક જ 'વિચાર' હોઈ શકે. વૈયકિતક મનુષ્યો અનેક હોઈ શકે; આ જગતમાં અબજો મનુષ્યો હશે; પણ મનુષ્યનો 'વિચાર' તો એક જ છે. સુંદર વસ્તુઓ અસંખ્ય છે, પણ તેમાં સર્વસામાન્ય આદિ અવિનાશી તત્ત્વ 'સૌંદર્ય' તો એક જ છે.

(૫) 'વિચારો' વસ્તુગત અથવા ભૌતિક અસ્તિત્વ ધરાવતા ન હોવાથી તેઓ દિક્(સ્થળ)થી પર છે. દિક્‌થી પર ન હોત તો તેઓ કશેક તો હોત અને જો તેઓ ક્યાંક હોત તો આપણે તેમને ખોળી શકયા હોત – ટેલિસ્કોપ કે માઈક્રોસ્કોપની મદદથી તેમની ભાળ આપણને મળી હોત. તે જ રીતે, ભૌતિક અસ્તિત્વ ન હોવાથી 'વિચારો' સમયાતીત છે. સમયની દૃષ્ટિએ 'અપરિવર્તનશીલ' અને 'શાશ્વત' છે. જો એમ ન હોત તો તેઓ બદલાતા હોત અને આપણી ઇન્દ્રિયોના વિષયો બન્યા હોત. પણ 'વિચારો' સ્થળ અને કાળથી પર હોવાથી ઇન્દ્રિયાતીત છે.

(૬) 'વિચારો'ની અવિકારિતા ઇન્દ્રિયોથી નહિ પણ બુદ્ધિ(reason)થી જ પામી શકાય છે. આથી જ 'વિચારો' બુદ્ધિના વિષય છે, ઇન્દ્રિયોના નહિ. આનો એક મહત્ત્વનો ફલિતાર્થ એ છે કે 'વિચારો' જ આ જગતની અંતિમ વાસ્તવિકતા છે. તેનું જ્ઞાન અથવા તેનો બોધ માત્ર બુદ્ધિ થકી જ થઈ શકે.

પ્લેટોએ વસ્તુનું મૂલગત જ્ઞાન એટલે કે વિચારતત્ત્વોનું જ્ઞાન બુદ્ધિ દ્વારા જ પ્રાપ્ત થતું હોવાનું વારંવાર ભારપૂર્વક કહ્યું છે. પરંતુ, જેમ 'દ્રવ્ય' વિશેની તેની વિભાવના વિશિષ્ટ છે તેમ બુદ્ધિતત્ત્વ અંગેનો તેનો ખ્યાલ પણ વિશિષ્ટ છે. તે ઇન્દ્રિયગમ્ય જ્ઞાનને કાં તો 'પડછાયા' (shadows) રૂપ કલ્પના અથવા 'આભાસો' (appearances) રૂપ 'માન્યતા' ગણીને અંતિમ જ્ઞાનના સાધન તરીકે નિરાધાર લેખે છે. જ્ઞાનપ્રાપ્તિના ઉચ્ચતર બૌદ્ધિક સાધન તરીકે તે પાયથાગોરિયન ગાણિતિક વિચારનો આધાર લે છે.

પરંતુ અંતે તો તે શ્રેયતત્ત્વના વિચારતત્ત્વને જ શ્રેષ્ઠ બૌદ્ધિક તત્ત્વ તરીકે પ્રમાણે છે.

પ્લેટોનો આ પ્રકારનો બૌદ્ધિક પ્રયાસ જેટલો રસપ્રદ છે તેટલો જ ગહન છે. આપણે એ દિશામાંનાં સોપાનો સમજીએ.

## ઇન્દ્રિયસંવેદન અને બુદ્ધિતત્ત્વ

ઇન્દ્રિય-સંવેદન અને બુદ્ધિતત્ત્વ સાથે 'વિચાર'-જગતનો શો સંબંધ છે, તે વિષે પ્લેટો જણાવે છે કે ઇન્દ્રિયજગત, તેની પાછળ રહેલ 'વિચાર' સિવાય, સંપૂર્ણપણે અવાસ્તવિક છે. તેમાં જે કંઈ વાસ્તવિકતા છે, તે તેની પાછળ રહેલ 'વિચારતત્ત્વ'ને આભારી છે.

ઇન્દ્રિયજગત હમેશાં 'થવાની' (becoming) અવસ્થામાં હોઈ તેમાં કશું અચલ કે સ્થાયી નથી. જે હમેશાં કશુંક 'થવામાં' હોય અથવા 'બની રહેલ' હોય તેનું જ્ઞાન જ્ઞાતાને કેવી રીતે થઇ શકે? આથી, ઇન્દ્રિયજગતનું સાચું જ્ઞાન શક્ય નથી. પરંતુ 'વિચાર' હમેશાં 'છે'(being)ની અવસ્થામાં હોવાથી તેનું સાચું જ્ઞાન શક્ય છે; કારણ તે નિશ્ચલ, સ્થાયી, અપરિવર્તનશીલ છે.

હવે ઇન્દ્રિયજગત 'થવાની' અવસ્થામાં હોવાથી 'છે' અને 'નથી' (not being) બેઉમાં ભાગ પડાવે છે. મતલબ કે, જેટલા પ્રમાણમાં તે 'છે' અથવા 'વિચાર'માં ભાગ પડાવે છે, તેટલા પ્રમાણમાં તેનું જ્ઞાન થાય છે અને જેટલા પ્રમાણમાં 'નથી'માં ભાગ પડાવે છે, તેટલા પ્રમાણમાં તેનું જ્ઞાન થતું નથી.

બુદ્ધિથી જ સાચું જ્ઞાન થાય, ઇન્દ્રિયોથી નહિ, એ પર્વતના ઉદાહરણથી સમજીએ. અન્ય ઇન્દ્રિયગમ્ય પદાર્થોની તુલનામાં પર્વત વધુ કાયમી અને નિશ્ચલ છે, છતાં તે વિશેનું આપણું ઇંદ્રિયસંવેદન બદલાતું રહે છે. ક્યારે, ક્યાંથી, ક્યા સમયે પર્વત જોઈએ છીએ તેના પર પર્વત વિશેનું આપણું જ્ઞાન આધાર રાખવાનું. આમ, તે સાપેક્ષ જ્ઞાન જ હોવાનું. **જ્ઞાતાનિષ્ઠ જ્ઞાન હમેશાં સાપેક્ષ જ હોવાનું અને તેથી તે કદાપિ સાચું જ્ઞાન નહિ હોવાનું.** આમ છતાં, આપણે એકના એક પર્વતને જ જોઈએ છીએ, તેવો જે વિચાર આપણા મનમાં ઉદ્‌ભવે છે, તે 'બુદ્ધિતત્ત્વ'ને કારણે છે, ઇન્દ્રિય સંવેદનોને કારણે નથી. પર્વતનું સાચું જ્ઞાન (શાશ્વતપણાનું જ્ઞાન–એના એ જ પર્વતને જોઈએ છીએ તેનું જ્ઞાન) બુદ્ધિતત્ત્વને આભારી છે.

'વિચારો' અને ઇન્દ્રિયગમ્ય વિષયો વચ્ચેનો સંબંધ દર્શાવતાં પ્લેટો કહે છે કે 'વિચારો' નિરપેક્ષ વાસ્તવિકતા છે અને તેઓ ઇન્દ્રિયગમ્ય વિષયોનાં કારણો અથવા સ્રોત છે. બીજા શબ્દોમાં કહીએ તો ઇન્દ્રિયગમ્ય વિષયો 'વિચારોની' પ્રતિકૃતિઓ–પ્રતિબિંબો અથવા અભાસો છે. અને જેટલા પ્રમાણમાં તેઓ 'વિચારો'ને મળતા આવે છે તેટલા પ્રમાણમાં જ તેઓ વાસ્તવિક (real) છે; જેટલા પ્રમાણમાં જુદા પડે છે, તેટલાં પ્રમાણમાં અવાસ્તવિક (unreal) છે.

આ જ સંબંધને બીજી રીતે રજૂ કરતાં પ્લેટો કહે છે કે વિશિષ્ટ વસ્તુઓ તેમના 'વિચાર'માં હિસ્સેદાર છે. જગતની તમામ સફેદ વસ્તુઓ સફેદાઈના 'વિચાર'માં હિસ્સેદાર છે. અહીં સફેદાઈ (વિચાર) તમામ સફેદ વસ્તુઓનું કારણ છે. અમુકતમુક સફેદ વસ્તુનો ખુલાસો આપણે તેની પાછળ રહેલ આ કારણ(સફેદાઈના 'વિચાર')થી આપી શકીએ.

'વિચારો' ઇન્દ્રિયગમ્ય અને ઇન્દ્રિયાતીત બંને છે. ઇન્દ્રિયગમ્ય વસ્તુઓ 'વિચારો'નાં પ્રતિબિંબ અથવા પ્રતિકૃતિ હોવાથી તેમની મારફતે 'વિચારો'ની ઝાંખી થાય છે, ત્યારે તેઓ ઇન્દ્રિયાતીત છે કેમ કે તેઓ વસ્તુગત નહિ પણ વિચારગત હોવાથી વસ્તુવિશેષના અસ્તિત્વ પૂર્વે અને પછી પણ તેમનું અસ્તિત્વ ચાલુ રહે છે. ખરેખર તો વસ્તુવિશેષનાં કારણ અને સમજૂતી તેના 'વિચાર' થકી આપી શકાતાં હોવાથી તેનું અસ્તિત્વ ઇન્દ્રિયોથી પર હોય તે સમજી શકાય તેમ છે.

## અંતિમ સતતત્ત્વનો સિદ્ધાંત

હવે, ઇન્દ્રિયથી પર જે જ્ઞાનનો નિર્દેશ કરવામાં આવ્યો છે, જેનો અંતિમ સત્‌તત્ત્વ (Being) તરીકે પુરસ્કાર કરવામાં આવ્યો છે, તેનું સ્વરૂપ તપાસીએ.

આ 'સત્‌તત્ત્વ' એક છે કે બહુ છે? આ નિરપેક્ષ 'સત્‌તત્ત્વ' અને 'વિચારતત્ત્વ' વચ્ચે શો સંબંધ છે? ટૂંકમાં, પ્લેટો અદ્વૈતવાદી (monist) છે કે દ્વૈતવાદી (dualist)?—કે પછી તે બહુત્વવાદી (pluralist) છે?

પ્લેટો 'એક' અને 'બહુ' અથવા સત્‌તત્ત્વ અને નાસ્તિતત્ત્વ (Being and not-being) વચ્ચેનો સંબંધ તેમની અમૂર્તતામાં તપાસે છે. 'એક' સંપૂર્ણપણે એકલું ન હોઈ શકે, કારણ કે દરેક 'એકત્વ' અચૂકપણે 'બહુત્વ' હોવાનું જ. 'એક' અને 'બહુ' એ સહસંબંધી ખ્યાલો છે.

**જેમ કે 'બહુ છે' એમ કહેવામાં 'એક' સમાવિષ્ટ છે; તે જ રીતે, 'એક છે' એમ કહેવામાં જ એકથી વધુના અસ્તિત્વનો અવ્યક્ત સંદર્ભ અભિપ્રેત છે. તાત્ત્વિક દૃષ્ટિએ ઉભય પરસ્પરાવલંબી છે.**

પ્લેટોની બીજી દલીલ એ છે કે 'અમૂર્ત એક' અવિચારણીય અને અજ્ઞેય છે, કારણ કે બધા જ્ઞાનનો આધાર વિધેયીકરણ (predication) પર રહેલો છે. જ્યાં સુધી કર્તા(subject)ને વિધેય (predicate) લાગુ પાડવામાં આવતું નથી ત્યાં સુધી કશું જ્ઞાન, કશો બોધ થતો નથી. કોઈ પણ વિધેયીકરણ બે (એક કરતાં વધુ–બહુ) વિના શક્ય જ નથી. દાખલા તરીકે, 'એક છે' એમ આપણે અદ્વૈત સ્થાપિત કરવા માગતા હોઈએ ત્યાં પણ બે બાબતો તો સમાવિષ્ટ છે જ, 'એક' અને 'છે'. મતલબ કે 'એક' એકલું નથી પણ બે છે, એમ આ વિધાન જણાવે છે. માત્ર 'એક' અથવા માત્ર 'છે'થી કશું જ્ઞાન થતું નથી. આમ, **અમૂર્ત એકત્વને વ્યક્ત કરવા માટે પણ દ્વૈતની જરૂર પડે છે.**

અંતિમ સત્‌તત્ત્વને અમૂર્ત રીતે એક માનનારી વિચારશાખાઓ—જેમ કે આપણો અદ્વૈતનો સિદ્ધાંત—તેનું હકારાત્મક નહિ પણ નકારાત્મક રીતે વર્ણન કરે છે: नेति नेति. આ નકારાત્મક વિધેયમાં હકારાત્મક વિધેય અભિપ્રેત છે જ, જે છેવટે તો બેનું સૂચન કરે છે, જેમ કે બ્રહ્મ વિષયક અનાદિ, અનંત, અમર વગેરે વિધેયો. આ બધાં નકારાત્મક વિધેયો અનુક્રમે આદિ અથવા આરંભ, અંત અથવા છેડો, મર્ત્ય અથવા નાશ વગેરે હકારાત્મક વિધેયોનું સૂચન કરે છે.

આ જ વાત સત્‌તત્ત્વ અને નાસ્તિતત્ત્વ (being અને not-being)ને લાગુ પડે છે. એકનું અસ્તિત્વ તેના વિરોધીનું નાસ્તિત્વ છે. આમ, દરેક અસ્તિત્વમાં નાસ્તિત્વ સમાવિષ્ટ છે જ. પરંતુ નાસ્તિતત્ત્વ(not-being)નું જ્ઞાન થઈ શકતું નથી, કારણ કે જે 'નથી' તેનું જ્ઞાન શી રીતે થઈ શકે? માત્ર સત્ (અસ્તિ=છે) તત્ત્વનું જ જ્ઞાન થઈ શકે, કારણ કે તે છે.

ઇન્દ્રિય-જગતના મૂળમાં કારણરૂપ 'વિચાર-જગત' છે, એ આપણે જોઈ ગયા. હવે, આ 'વિચાર-જગત' એક 'વિચારનું' બનેલું છે કે બહુ 'વિચારો'નું એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એકત્વ અને બહુત્વ સંબંધી સિદ્ધાંતોને લાગુ પાડતાં પ્લેટો જણાવે છે કે 'વિચારો' 'અનેક' છે, પણ સાથે સાથે 'એક' પણ છે. જે કોઈની સંકલ્પના અથવા વ્યાખ્યા આપણે આપી શકીએ તેમ હોઈએ તે પ્રત્યેકનો 'વિચાર' હોય જ અને આમ અગણિત 'વિચારો' હોઈ શકે. પ્લેટો કહે છે કે 'વિચારો' અનેક છતાં વેરવિખેર, છૂટાછવાયા, અસંબદ્ધ એકમો કે ઘટકો નથી પણ एक સુવ્યવસ્થિત, સંગઠિત પ્રથાના સભ્યો છે, જેને આપણે વિચારજગત (world of idea) એવું નામ આપીએ છીએ. ખરેખર તો 'વિચારો'ની

શ્રેણીબદ્ધ ( heirarchical ) સંરચના છે. અનેક નિમ્ન 'વિચારો' પર એક ઉચ્ચ 'વિચાર' ચઢિયાતું સ્થાન ધરાવે છે; કેટલાક ઉચ્ચ 'વિચારો' પર એક ઉચ્ચતર 'વિચાર' અને કેટલાક ઉચ્ચતર 'વિચારો' પર અને છેલ્લે, ટોચ પર એક ઉચ્ચતમ 'વિચાર' સર્વોપરી સ્થાન ધરાવે છે.

**આમ, આપણે વિચારોના પિરામિડની વાત પર પાછા આવી પહોંચીએ છીએ. આ પિરામિડની ટોચે સર્વોપરી અંતિમ વિચાર છે. તેને પ્લેટો શ્રેય(good)ના વિચાર તરીકે ઓળખાવે છે. તે જ અંતિમ સતતત્ત્વ ( Being )છે, જે સ્વયંપૂર્ણ અને સંપૂર્ણપણે નિરપેક્ષ છે.**

આમ પ્લેટો 'એલિયા' વિચારસંપ્રદાયના 'નિરપેક્ષ સત્તત્ત્વ'નો સૉક્રેટિસના 'સંકલ્પનાના સિદ્ધાંત' સાથે સમન્વય સાધે છે, જેમાં 'વિચારો'ના સિદ્ધાંતમાં 'એક' અને 'બહુ' તથા સત્તત્ત્વ ( being ) અને નાસ્તિતત્ત્વ ( not-being ) બંનેનો સમાવેશ થાય છે.

હવે સવાલ એ છે કે 'શ્રેય તત્ત્વ'ના વિચારને જ પ્લેટો અંતિમ સત્ તરીકે શા માટે જાહેર કરે છે? આનો ખુલાસો આપણને તેના 'હેતુવાદ'( teleology )માંથી મળે છે. પ્લેટો 'અંતસ્થ હેતુવાદી' છે. સૉક્રેટિસની જેમ પ્લેટો પણ માને છે કે કોઈ પણ વસ્તુના નિશ્ચિત અંતમાં જ તેના સાચા સ્વરૂપની ફલશ્રુતિ છે. તે વખતે તેનું સ્વરૂપ પૂર્ણ કળાએ ખીલ્યું હોય છે. આથી વસ્તુની સાચી સમજૂતી તેના અંતસ્થ હેતુથી આપી શકાય. એટલું જ નહિ, જો આપણને અંતસ્થ હેતુ અથવા મંજિલનું જ્ઞાન હોય તો જ આપણે શરૂઆત સાચી દિશામાં કરી શકીએ. પ્લેટોના મતે સર્વ મંજિલનો અંત શ્રેયતત્ત્વ જ છે; તેથી માનવ માટે શ્રેયનું જ્ઞાન જ અંતિમ લક્ષ્ય હોઈ શકે. આમ, શ્રેયતત્ત્વના 'વિચાર'માં પ્લેટોના અંતસ્થ હેતુવાદની પરિણતિ થાય છે.

અહીં આપણે પ્લેટોના બુદ્ધિવાદનું બીજું આંતરિક રૂપ જોવા પામીએ છીએ. આ આખી રહસ્યમય સમસ્યા સમજાવવા પ્લેટો ઈશ્વર અને શ્રેયતત્ત્વનો વિચાર એ બે શબ્દો ઘણી વાર એક બીજાના પર્યાય રૂપે વાપરે છે.

અહીં પ્લેટોનો બૌદ્ધિકવાદ અંત:સ્ફુરણાના પ્રવાહ સાથે ભળે છે. બૌદ્ધિક પ્લેટો ગૂઢ રહસ્યવાદી પ્લેટો તરીકે આગળ આવે છે.

ઘણા વિદ્વાનોને આમાં પ્લેટોનો નકરો વિસંવાદ દેખાય છે. તો, પ્રો. ઝેલર જેવા પ્લેટોની ક્રમિક માનસિક પ્રક્રિયા રજૂ કરતાં 'ઝેનો' નામના સંવાદમાં તેના આ રહસ્યવાદનાં બીજ હોવાનું સૂચવે છે; કારણ કે તેણે તેમાં સ્વયંપ્રેરણાનો ઉલ્લેખ 'દૈવી બક્ષિસ' તરીકે કરેલો છે. 'ફિડ્રસ' નામના સંવાદમાં તે એ વાતનો પણ સ્વીકાર કરે છે કે અંત:સ્ફુરણાની દૈવી બક્ષિસના પ્રતાપે શુભ અને શ્રેષ્ઠની સહજ બુદ્ધિ પ્રકટે છે, અને ત્યારે ગહન–ભવ્ય જ્ઞાન સાક્ષાત્ પ્રકાશ રૂપ ( direct illumination ) બની રહે છે, જે અવર્ણનીય છે. બલ્કે, આ કક્ષાએ બુદ્ધિનો સ્વતંત્ર વ્યાપાર મટી જઈને તે પરાબુદ્ધિ(સાક્ષાત્કારની શક્તિ)માં રૂપાંતરિત થાય છે.

પ્લેટોનો 'શ્રેષ્ઠ વિચારતત્ત્વના પિરામિડ સ્વરૂપ'નો અને તેને પામવાની 'બૌદ્ધિક' પ્રક્રિયાનો ખ્યાલ સ્પષ્ટ થયા પછી ભૌતિક અને સજીવ સૃષ્ટિનાં સ્વરૂપો અને રૂપાંતરો અંગેના તેના ખ્યાલો સમજવા સરળ પડશે.

## સૃષ્ટિ-વિકાસ મીમાંસા

આરંભમાં આપણે દિક્ ( સ્થળ ) અને કાળમાં અસ્તિત્વ ધરાવતી વસ્તુઓના એટલે કે જગતના ભૌતિક અસ્તિત્વના સિદ્ધાંતની વિચારણા પર નજર નાખીએ. પ્લેટોના મતે ઇન્દ્રિયગમ્ય વસ્તુઓ જડ પદાર્થ( matter )માંથી સર્જાયેલી છે; પરંતુ તે વિચારોની પ્રતિકૃતિઓ છે. તેમાં બાહ્ય શારીરિકતા ધરાવતા વિશ્વ અને આંતરિક અશારીરિકતા ધરાવતા મનુષ્ય બેઉનો સમાવેશ થાય છે.

આપણે જોયું કે બધી જ વસ્તુઓના કારણ તરીકે વિચાર છે. તે પાયાનો સિદ્ધાંત છે. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે 'વિચાર' જે અભૌતિક, અશારીરી, શાશ્વત, અપરિવર્તનશીલ છે તેમાંથી ભૌતિક, શારીરી, સાન્ત, પરિવર્તનશીલ એવા વસ્તુજગતની ઉત્પત્તિ કેવી રીતે થાય છે? 'વિચારો' જે સ્વયંપૂર્ણ છે તે શા માટે ઇન્દ્રિયગમ્ય જગતની ઉત્પત્તિનું કારણ બને છે? અગાઉ એવો ખુલાસો આપવામાં આવ્યો છે કે ઇન્દ્રિયગમ્ય વસ્તુઓ 'વિચારો'ની નકલો અથવા પ્રતિકૃતિઓ છે અને તેઓ 'વિચારો'માં જે પ્રમાણમાં હિસ્સો પડાવે છે તે અનુસાર તે જન્મે છે. પણ જો 'વિચારો' સ્વયં પરિપૂર્ણ હોય તો શા માટે પોતાની પ્રતિકૃતિઓ–આભાસો–પ્રતિબિંબોને અવકાશ આપે?

પ્લેટો કંઈક એવી કલ્પના કરતો લાગે છે કે આ જડ પદાર્થનો અમર્યાદિત જથ્થો વિશ્વમાં છે; તેમાંથી જુદા જુદા ઘાટ, આકાર અને સ્વરૂપના 'વિચારો'ની છાપ વાગે છે અને તેમાંથી અનંત ઇન્દ્રિયગમ્ય વસ્તુઓ પેદા થાય છે. પણ સવાલ તો એ ઊભો થાય છે કે જો તમામ વસ્તુઓના મૂળ કારણ તરીકે 'વિચાર' છે અને 'વિચાર' પોતે પરિપૂર્ણ છે, તો તે શા માટે પોતાની પ્રતિકૃતિઓ–પ્રતિબિંબો–આભાસોને જન્મ આપે છે?

ભૌતિક જગત અથવા ઇન્દ્રિયગમ્ય વસ્તુઓના સર્જન માટે પ્લેટો છેવટે વિશ્વસર્જક સ્થપતિના સ્વરૂપમાં એક ત્રીજા પરિબળ તરીકે ઈશ્વરની કલ્પના રજૂ કરે છે. માનવકળાકારની જેમ ઈશ્વર 'મૃદુ' જડ દ્રવ્યમાંથી જ 'વિચાર'ની 'પ્રતિકૃતિઓ'નું સર્જન કરે છે. આ સર્જનવ્યાપાર સમજાવવા પ્લેટો એવું પુરાકલ્પન (myth) રજૂ કરે છે કે ઈશ્વરની એક બાજુ અસંખ્ય વિચારો છે તો બીજી બાજુ 'કશા પણ ગુણધર્મ વગરના જડ પદાર્થ'નો મોટો જથ્થો છે. તેમાંથી પ્રથમ તે 'વિશ્વાત્મા'(world soul)નું સર્જન કરે છે. આ 'વિશ્વાત્મા' અશારીરી છે પણ તે દિક્ (સ્થળ) રોકે છે. ઈશ્વર આ વિશ્વાત્માને વિશાળ જાળની જેમ ખાલી અવકાશમાં ફેલાવે છે. ત્યાર પછી તેનું તે દ્વિભાજન કરે છે, તેમાંથી 'આંતર' અને 'બાહ્ય' એવાં બે વર્તુળોનું સર્જન કરે છે. આંતરિક વર્તુળ એ ગ્રહ રૂપી જગત તરીકે અને બાહ્ય વર્તુળ તારા રૂપી જગત તરીકે અસ્તિત્વમાં આવે છે. ઉપરાંત, વિશ્વસર્જક ઈશ્વર જડ પદાર્થને અગ્નિ, વાયુ, પાણી અને ભૂમિ એમ ચાર મૂળતત્ત્વોમાં બાંધે છે અને વિશ્વાત્માના ખાલી માળખાને આ ચાર તત્ત્વોથી ભરી દે છે.

પ્લેટો પૃથ્વીને બ્રહ્માંડનું કેન્દ્ર માને છે અને તારાઓ પૃથ્વીની આસપાસ વર્તુળાકારમાં ઘૂમે છે એમ પણ માને છે. વધુમાં, તે તારાઓને દૈવી તત્ત્વો (દેવતાઓ) માને છે; અને દૈવી હોવાથી માત્ર 'બુદ્ધિ'થી જ દોરવાય, અને વર્તુળાકારમાં જ ફરે, કારણ કે વર્તુળાકાર ગતિ એ 'બુદ્ધિની ગતિ' (motion of reason) છે.

## આત્મા : સર્જન, પુનર્સર્જન અને મોક્ષ

વિશ્વાત્માની વાત પરથી જીવાત્માના સર્જન અને 'નવજન્મ'ની વાત પર પ્લેટો આવે છે: દરેક આત્મા માટે એક તારાનું સર્જન થયું છે. આત્મા સંવેદન, મોહ, ભય, ક્રોધ વગેરે દૂષણો ધરાવે છે. તેમની પર કાબૂ મેળવી જો તે સદ્ગુણી જીવન ગાળે તો તે પોતાના તારામાં (સ્વર્ગમાં) સુખચેનથી રહેવા કાયમ માટે ચાલ્યો જાય છે. પણ જો તે દુર્ગુણી અને દુરાચારી જીવન ગુજારવાનું ચાલુ રાખે તો તેને પહેલાં 'સ્ત્રી' તરીકે અને તે પછી 'જંગલી પશુ' તરીકે જન્મ લેવો પડે છે. આમ, સદ્ગુણ વા સુબુદ્ધિ જાગ્રત ન થાય ત્યાં સુધી તેના આત્માને જન્મજન્માંતરમાં ભટકવું પડે છે.

પ્લેટોની ચિંતનપ્રથામાં આત્માના ખ્યાલનું મહત્ત્વ બે રીતે છે: એક તો, વિચારજગત અને ઇન્દ્રિયજગતને જોડનારી તે કડી છે. તેનામાં બન્નેના ગુણ છે. 'વિચારો'ની જેમ તે અશારીરી અને અમર

છે, તો ઇન્દ્રિયગમ્ય વસ્તુઓની જેમ દિક્ (સ્થળ) ધરાવે છે. વિશ્વમાં જોવા મળતી બૌદ્ધિકતા અને ગતિનો ખુલાસો કરવા આત્મા જેવા કોઈ ખ્યાલની જરૂર રહે તે દેખીતું છે. સમગ્ર વિશ્વને માર્ગદર્શન આપતી અને નિયમન કરતી બુદ્ધિ વિશ્વાત્મામાં પ્રતિષ્ઠિત છે. જેવી રીતે મનુષ્યદેહમાં પ્રાણનો સંચાર અથવા ગતિનું કારણ 'માનવ આત્મા' છે, તેવી રીતે વિશ્વદેહમાં જોવા મળતી ગતિનું કારણ 'વિશ્વાત્મા' છે. આમ, 'વિચાર'જગત અને ઇન્દ્રિયજગત વચ્ચે સંબંધ સ્થાપિત કરનાર અને ગતિનો ખુલાસો આપનાર સિદ્ધાંત તરીકે આત્માનો ખ્યાલ પ્લેટોની વિચારપ્રથામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

પ્લેટો માને છે કે શરીર જ્ઞાનપ્રાપ્તિમાં અવરોધ ઊભો કરે છે. ઇન્દ્રિયોની મદદથી શરીરને જે અનુભવો થાય છે, તે માત્ર ખોટા છે એટલું જ નહિ પણ સત્યના જ્ઞાનને અવરોધ રૂપ બને છે. સત્યનો સાક્ષાત્કાર તો વિચાર દ્વારા માત્ર આત્માને જ થઈ શકે; પણ આત્મા શરીરમાં પ્રવેશે છે ત્યારથી પોતાનું સાચું સ્વરૂપ ભૂલી જાય છે અને ઇન્દ્રિયો તેને જે કંઈ અનુભવ કરાવે તેને જ સત્ય માની લે છે. જ્ઞાનપ્રાપ્તિના સ્રોત તરીકે ઇન્દ્રિયાનુભવને સંપૂર્ણપણે નકારી કાઢતા આ સિદ્ધાંતના સૂચિતાર્થો ઘણા ગંભીર છે. **પ્લેટોનો આ સિદ્ધાંત જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો તરીકે 'વૈજ્ઞાનિક નિરીક્ષણ અને પ્રયોગ'નો સંપૂર્ણ નિષેધ કરે છે.**

પ્લેટોની દૃષ્ટિએ શરીર જ્ઞાનપ્રાપ્તિમાં બીજી રીતે પણ અવરોધ રૂપ બને છે. વિષયોની વાસનામાં ગળાબૂડ રહેનું આપણું શરીર આપણને જ્ઞાનસાધનાથી વિમુખ કરે છે. પરિણામે આત્મદર્શન માટે જરૂરી ચિંતન કરવાની શક્તિ અને વૃત્તિ બેઉ હણાય છે; માટે શરીરનાં વળગણોથી વહેલી તકે મુક્ત થઈને આત્માના પૂર્ણ શાસન હેઠળ રહેવું જોઈએ, જેથી સાચું દર્શન લાધે. શરીરથી આત્માની વિમુક્તિને જ મૃત્યુ કહેવામાં આવે છે. સાચા તત્ત્વજ્ઞાનીઓ આત્માની વિમુક્તિ ચાહે છે અને મૃત્યુથી ડર્યા વિના તેને આવકારે છે.

મનુષ્યને થતા જ્ઞાનનો ખુલાસો આપતો એક નવો વિચાર પ્લેટો રજૂ કરે છે. તે છે: 'સ્મૃતિ' અથવા 'સ્મરણ'નો. આ સિદ્ધાંતને આધારે 'સમસ્ત જ્ઞાન' એ 'સ્મરણ' છે. શરીરમાં આત્માનો પ્રવેશ થયો તે પહેલાં 'વિચારો'ના જગતમાં આત્મા અશારીરી, અમૂર્ત અવસ્થામાં હતો, ત્યારે તેને જે અનુભવો થયેલા તેનું સ્મરણ તે જ જ્ઞાન. પરંતુ જ્યારે આત્મા શરીરમાં પ્રવેશે છે ત્યાર પછી તેનું જ્ઞાન ઝાંખું થઈ જાય છે અને ઇન્દ્રિયોના પ્રતાપે તે લગભગ ભુલાઈ જાય છે. પણ જો તેની યાદ તાજી કરાવવામાં આવે તો તે તરત જ પુનઃ જાગ્રત થાય છે. આમ, પ્લેટોની દૃષ્ટિએ જેને આપણે 'શિક્ષણ' કહીએ છીએ તે જન્મ અગાઉના જ્ઞાનનું માત્ર 'સ્મરણ' છે.

મનુષ્યને જ્ઞાન કેવી રીતે થાય છે, તે સમજાવતો બીજો સિદ્ધાંત છે 'પુનર્જન્મ' અથવા 'જન્માન્તર'-(જન્મચક્ર)નો. પાયથાગોરાસના આત્માની અમરતા અને જન્માન્તર સંબંધી વિચારોની અસર હેઠળ પ્લેટો માને છે કે **જન્મ અગાઉ આત્માનું અસ્તિત્વ હોય છે અને મૃત્યુ બાદ પણ આત્માનું અસ્તિત્વ ચાલુ રહે છે.** દરેક વસ્તુની વિરોધી વસ્તુ હોય છે અને વિરોધી વસ્તુઓ અરસપરસને પેદા કરે છે. એ સિદ્ધાંતને આધારે જન્મ અને મૃત્યુ પરસ્પર વિરોધી હોઈ એકબીજાંને પેદા કરે છે. મૃત્યુ પામેલાઓના આત્મા અસ્તિત્વ ધરાવે છે અને તેઓ પૃથ્વી પર ફરીથી જન્મ ધારણ કરે છે. 'વિચાર'જગત એ આત્માનું નૈસર્ગિક રહેઠાણ છે, જ્યાં તે અશારીરી અવસ્થામાં 'વિચારો'નું શુદ્ધચિંતન કરતો રહે છે.

જીવન દરમિયાન મનુષ્યે જો 'વિચારો'નું ચિંતન – તત્ત્વજ્ઞાનનું સેવન – કર્યું હોય અને ઇન્દ્રિયોના વિષયોની આસક્તિમાં રચ્યોપચ્યો ન રહ્યો હોય તો, ત્યારે, તેનો આત્મા મૃત્યુ બાદ પાછો 'વિચાર'-જગતમાં ચાલ્યો જાય છે, એટલે કે તે મોક્ષ પામે છે.

# નૈતિક સિદ્ધાંત

હવે આપણે પ્લેટોના નૈતિક સિદ્ધાંત તરફ વળીએ. એક રીતે જોતાં, તેનો નૈતિક અને રાજકીય સિદ્ધાંત પણ તેની તત્ત્વમીમાંસા(વિચારતત્ત્વોનો સિદ્ધાંત)નો મનુષ્યના વૈયક્તિક તેમજ સામાજિક જીવનમાં વિનિયોગ જ છે. મનુષ્ય અને સમાજનું ભલું શેમાં રહેલું છે, તે કેવી રીતે સિદ્ધ થાય, તે માટેની ઉત્તમ રચનાઓ કઈ હોઈ શકે, તે સંબંધી નૈતિક અને રાજકીય સિદ્ધાંતની ચર્ચા પ્લેટો તેના 'રિપબ્લિક' સંવાદમાં કરે છે. આ ચર્ચાનો આરંભ તેના 'વ્યક્તિના નીતિશાસ્ત્ર'થી કરીશું.

પ્લેટો 'રૂઢિગત સદ્‌ગુણ' અને 'દાર્શનિક સદ્‌ગુણ' એવો મુખ્ય ભેદ પાડે છે. અમુક વર્તન શા માટે સારું છે, તે જાણ્યા વિના રૂઢિ, ટેવ, પરંપરા, સહજપ્રેરણા કે સ્વયંસ્ફુરણાથી માણસો સારું કાર્ય કરતા હોય છે, તે 'રૂઢિગત સદ્‌ગુણ' થયો કહેવાય. મધમાખીઓ અને કીડીઓ પરસ્પર સહાય રૂપ થઈ સંપથી રહે છે, પણ શા માટે પરસ્પર સહાય રૂપ થવું જોઈએ અથવા શા માટે સંપથી રહેવું વધુ સારું છે, તે તેઓ જાણતી નથી; તેવી રીતે મનુષ્યો પણ અજાણતાં કે ટેવથી સારી રીતે વર્તે છે. આને પ્લેટો 'રૂઢિગત સદ્‌ગુણ' કહે છે.

માણસ પોતે જે સિદ્ધ કરવા માગે છે તેનું જ્ઞાન, તે હાંસલ કરવા માટેના ઇષ્ટ વર્તન-વ્યવહારના સિદ્ધાંતો અને તેને આધારે સાચું આચરણ: આ ત્રણેનો જે આધાર છે તે 'દાર્શનિક સદ્‌ગુણ' છે. આમ, 'દાર્શનિક સદ્‌ગુણ' બુદ્ધિ અથવા જ્ઞાન પર આધારિત છે, જ્યારે રૂઢિગત સદ્‌ગુણ લાગણી અથવા અજ્ઞાન પર આધારિત છે.

પ્લેટોના મત મુજબ, જે સિદ્ધ કરવાથી વ્યક્તિ અને સમષ્ટિ ઉભયનું શ્રેય થાય, અને જેના જ્ઞાન વિના સાચું આચરણ શક્ય જ નથી, એવા સર્વોચ્ચ ધ્યેયનું જ્ઞાન તે નીતિશાસ્ત્રનો પાયો. આ સર્વનું શ્રેય (Good of all) એ સ્વયમેવ ધ્યેય હોવું જોઈએ. શ્રેયત્વનું સાધ્ય શ્રેયની સાધના જ હોઈ શકે (End of goodness is good). આથી હવે એ વિચારવાનું રહે છે કે શ્રેય શું છે (what is good)? જેને આપણે જીવનનું અંતિમ શ્રેય (Summum Bonum) કહીએ છીએ તે શું છે, તેનું સ્વરૂપ શું છે?

પ્લેટોની દૃષ્ટિએ મનુષ્યનું અંતિમ શ્રેય (good) સુખ (happiness) પ્રાપ્ત કરવાનું છે. પરંતુ, ઇચ્છાઓ સંતોષવાથી જે એક પ્રકારનો આનંદ (pleasure) મળે છે તે સુખ નથી. સુસંવાદી અને ભર્યાભર્યા જીવનમાંથી સ્વાભાવિક રીતે પ્રગટતી પ્રસન્નતા અથવા પ્રસાદને પ્લેટો સુખ કહે છે. આ સુખની પ્રતિષ્ઠા લાગણી પર નહિ પણ બુદ્ધિ પર થયેલી હોય તે દેખીતું છે. જેનો વિવેક જાગ્રત થયો છે, જેને પોતાના સાચા સ્વનો સાક્ષાત્કાર થયો છે, જે રાગદ્વેષથી પર છે, ઇન્દ્રિયવિષયો જેને ચલાયમાન કરી શકે તેમ નથી, એવો આત્મસ્થ મનુષ્ય જ સુખી હોઈ શકે. આવા મનુષ્યની સહજ મનઃસ્થિતિ પ્રસન્નતાની હોય. એને પ્લેટો સાચું સુખ કહે છે.

પ્લેટોની દૃષ્ટિએ સહજ પ્રસન્નતા અથવા સુખ એ કોઈ એક ધ્યેય નથી, પણ નીચેની ચાર બાબતોની સંવાદી રચનામાંથી પ્રગટતી મનઃસ્થિતિ છે:

(૧) સૌથી પહેલી અને સૌથી મહત્ત્વની બાબત તે વિચારોનું જ્ઞાન. 'વિચારો' જેવા છે તેવાનું ચિંતન, જે તત્ત્વજ્ઞાનનો કાર્યપ્રદેશ છે. સાચો તત્ત્વજ્ઞાની 'વિચારો'નું એટલે કે સત્‌તત્ત્વનું જ્ઞાન ધરાવતો હોવાથી વાસ્તવિકતા તથા આભાસ વચ્ચેનો ભેદ જાણે છે અને તેથી આભાસથી કદાપિ ચલિત થતો નથી.

(૨) વિચારોને, જેવા છે તેવા સ્વરૂપમાં, તેમની અમૂર્તતામાં, જાણીને અટકી જવાનું નથી. પણ ઇન્દ્રિયજગતમાં આવિષ્કાર પામતા 'વિચારો'નું ચિંતન-મનન પણ એટલું જ જરૂરી છે. દા. ત., પ્રેમ,

સૌંદર્ય, સંવાદિતા, સુવ્યવસ્થિતિ—આ બધાંનું મનન અને મૂલ્યાંકન 'વિચારજગત' અને 'ઇન્દ્રિયજગત' વચ્ચેના સાચા સંબંધની પ્રતીતિ માટે જરૂરી છે.

(૩) જીવનના સર્વાંગી અને સંવાદી વિકાસ માટે વિવિધ પ્રકારનાં ખાસ વિજ્ઞાનો અને કળાઓનું ખેડાણ કરવું જરૂરી છે, જે માનસિક ઇચ્છાઓની તૃપ્તિમાં સહાયભૂત થાય.

(૪) સહજ પ્રસન્નતા અથવા સાચા સુખ માટે શારીરિક ઇચ્છાઓની સહજ તૃપ્તિ જરૂરી છે. આ માટે ઇન્દ્રિયોના શુદ્ધ, નિર્મળ, નિર્દોષ આનંદો માણવા અને મલિન, અશુદ્ધ, દુષ્ટ વાસનાઓની તૃપ્તિમાંથી મળતા હલકા આનંદોનો ત્યાગ કરવો એ બેઉ જરૂરી છે.

આમ, આ ચારેય બાબતોનો સમન્વય કરતી સહજ પ્રસન્નતા અથવા સાચા સુખનો અનુભવ એ પ્લેટોને મન મનુષ્યના જીવનનું પરમ ધ્યેય છે.

આપણે આગળ જોઈ ગયા તેમ, પ્લેટોએ 'દાર્શનિક સદ્‌ગુણ' અને 'રૂઢિગત સદ્‌ગુણ' એવો ભેદ પાડયો છે અને દાર્શનિક સદ્‌ગુણને રૂઢિગત સદ્‌ગુણ કરતાં ચઢિયાતો અને ઇષ્ટ ગણ્યો છે. એનો અર્થ એવો થતો નથી કે તે 'રૂઢિગત સદ્‌ગુણ'નું મહત્ત્વ સ્વીકારતો નથી. 'રૂઢિગત સદ્‌ગુણ'નું મૂલ્ય સાપેક્ષ છે; જેટલા પ્રમાણમાં સાચા 'દાર્શનિક સદ્‌ગુણ'ના વિકાસનું તે સાધન બને, તેટલા પ્રમાણમાં તેનું મહત્ત્વ છે. એક જ કૂદકે મનુષ્ય 'દાર્શનિક સદ્‌ગુણ'ને આંબી જાય એવી અપેક્ષા રાખવી વધુ પડતી છે. હજુ જેમનામાં બુદ્ધિ અપકવ અથવા અજાગ્રત અવસ્થામાં હોય તેમનામાં સારી ટેવો અને પરંપરાઓ દાખલ કરવી જોઈએ. જ્યારે બુદ્ધિ પરિપકવ બને અથવા જાગ્રત બને ત્યારે દાર્શનિક સદ્‌ગુણના વિકાસ માટે ભૂમિકા પ્રાપ્ત થાય.

*

સદ્‌ગુણના પ્રશ્ને પ્લેટો સૉક્રેટિસથી જુદો પડે છે. સૉક્રેટિસ એક જ સદ્‌ગુણ શાણપણ—ન્યાય—ને માને છે, અને વિવિધ સંજોગોમાં તેના વિનિયોગને જુદા જુદા સદ્‌ગુણો તરીકે ઓળખાવે છે, એમ તે કહે છે. પ્લેટો સદ્‌ગુણોને આત્માની સાથે સાંકળતો હોઈને તેનું વધુ ઝીણવટપૂર્વક વિવરણ કરે છે. 'સહચારી સદ્‌ગુણ' જેવા ત્રીજા પ્રકારનો ઉલ્લેખ કરીને, તેમાંથી તે 'ન્યાય'ના સિદ્ધાંત પર પહોંચે છે.

*જ્યારે શાણપણ (wisdom), હિંમત (courage) અને મિતત્વ (temperance) આ ત્રણે સદ્‌ગુણો સંવાદિતાપૂર્વક પોતપોતાની કામગીરી બજાવતા હોય અને બુદ્ધિ દ્વારા વ્યવસ્થિત અને શાસિત થતા હોય ત્યારે ન્યાય (justice) એક 'સહચારી સદ્‌ગુણ' તરીકે ઉદ્‌ભવે છે. તે મુજબ અંતે તો, "જે કાર્ય કરવા **માટે મનુષ્યનો સ્વભાવ સૌથી વધુ અનુકૂળ હોય તે કાર્ય જ મનુષ્યે કરવું જોઈએ. બીજાના કાર્યમાં દખલગીરી કર્યા સિવાય માણસે પોતાનું કાર્ય કરવું, પોતાનો સ્વધર્મ બજાવવો, એ જ ન્યાયનો સિદ્ધાંત છે."**

ટૂંકમાં, જેનું દરેક અંગ પોતાનું કાર્ય ઉત્કૃષ્ટ રીતે બજાવે અને બીજા સાથે પરસ્પર સહકાર અને સંવાદિતાથી વર્તે તે એકીસાથે ન્યાયી, શાણપણયુક્ત અને સંપૂર્ણ (perfect) હોય છે. આ વિધાન જેમ વ્યક્તિને લાગુ પડે છે, તેમ સમાજ અને રાજ્યને પણ લાગુ પડે છે. 'ન્યાય'માં વ્યક્તિ અને સમષ્ટિ ઉભયનું શ્રેય સિદ્ધ થાય છે. (આને અંગેની વિચારણા એ 'રિપબ્લિક'નો મુખ્ય વિષય છે.)

હવે, આ નીતિશાસ્ત્રના સંદર્ભમાં જ આપણે સમાજ અને રાજ્યમાં ન્યાયની સ્થાપના અંગેના પ્લેટોના તત્ત્વચિંતનની ચર્ચા હાથ ધરીશું.

## સામાજિક-રાજકીય તત્ત્વચિંતન

પોતાના વૈયક્તિક તેમજ સામાજિક જીવનમાં માણસે કેવી રીતે વર્તવું જેથી પોતાનું અને સમગ્ર સમાજનું ભલું થાય, એ નીતિશાસ્ત્રનો પ્રથમ સિદ્ધાંત છે. તેમાં બે બાબતો સ્પષ્ટપણે અભિપ્રેત છે :

(૧) નીતિનો આધાર સ્વલક્ષી નહિ પણ વસ્તુલક્ષી હોવો જોઈએ; અને (૨) નીતિ વૈયક્તિક તરંગો કે લાગણીઓ પર નહિ પણ તર્કસંગત (reasonable) બુદ્ધિ પર આધારિત હોવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, જે નૈતિક મૂલ્યોથી આપણાં વૈયક્તિક તેમજ સામાજિક જીવન દોરવાતાં હોય તે વસ્તુલક્ષી અને બુદ્ધિસંગત એટલે વાસ્તવિક (real) હોવાં જોઈએ અને તેમના થકી આપણા વર્તન-વ્યવહારનું મૂલ્યાંકન કરવાનાં ધોરણો આપણને પ્રાપ્ત થવાં જોઈએ.

પ્લેટોનું 'રિપબ્લિક' નગરરાજ્ય અથવા સમુદાયનો એવો એક આદર્શ રજૂ કરે છે, જેને આધારે આપણે પ્રચલિત રાજ્યો અથવા સમુદાયોનું મૂલ્યાંકન કરી શકીએ.

**પ્લેટોનો આદર્શ સમુદાય એ સંપૂર્ણ, બત્રીસ લક્ષણા મનુષ્યોનો બનેલ સમુદાય નથી. સ્વર્ગમાં વસતા સંતોનો સમુદાય એ અર્થમાં કોઈ આદર્શ સમુદાય નથી. તેના સમુદાયમાં સ્વભાવથી મનુષ્યો જેવા છે તેવાનો સ્વીકાર છે. આવા મનુષ્યો સ્વભાવ, રુચિ, બુદ્ધિમત્તા, શક્તિઓ વગેરેમાં એકસરખા નહિ બલ્કે ભિન્ન ભિન્ન છે, એનોય એમાં સ્વીકાર છે. આવી ઉપલબ્ધ માનવસામગ્રીનું ઉત્તમ શિક્ષણ અને સંગઠનના સિદ્ધાંતોની મદદથી આદર્શ સમુદાયમાં કેવી રીતે રૂપાંતર કરવું એ પ્લેટોનો મુખ્ય વિચારણીય મુદ્દો છે. આમ, પ્લેટોનું 'રિપબ્લિક' એ કોઈ કાલ્પનિક, અવાસ્તવિક માનવસમુદાયનું રેખાચિત્ર નથી. રાજ્યનો 'વિચાર' રજૂ કરીને વિચારોના સિદ્ધાંત પર રાજકારણની પ્રતિષ્ઠા કરવાનો તેનો ઉદ્દેશ છે. તેના મતે એ જ માત્ર વાસ્તવિક, સાચું રાજ્ય છે, જેના આધારે પ્રવર્તમાન રાજ્યોનું મૂલ્યાંકન થવું જોઈએ.**

પ્લેટોનો રાજ્ય અથવા સમાજ પ્રત્યેનો સમગ્ર અભિગમ બૌદ્ધિક છે. તેનો રસ રાજ્ય ક્યાંથી અને કેવી રીતે ઉદ્ભવ્યું તે જાણવાનો નથી, પણ રાજ્ય કયા ઉદ્દેશ ખાતર, હેતુ ખાતર, અસ્તિત્વમાં આવ્યું છે, તે જાણવાનો છે. ટૂંકમાં, તેને રાજ્યના કારણ(cause)માં નહિ પણ પ્રયોજન (reason) અથવા હેતુ(end)માં રસ છે.

પ્લેટોની દૃષ્ટિએ જીવનનો હેતુ શાણપણ, સદ્ગુણ અને જ્ઞાનની સાધના થકી સુખ પ્રાપ્ત કરવાનો છે. આ હેતુનું સ્વરૂપ જ એવું છે કે વ્યક્તિ એકલે હાથે, રાજ્ય અથવા સમુદાયની મદદ વિના, તેને હાંસલ કરી શકે તેમ નથી. આથી, નાગરિકો સદ્ગુણી બને, ભર્યાભર્યા જીવનમાંથી સાહજિક રીતે પ્રગટતી પ્રસન્નતા અનુભવે, તે જોવાનું અને તે માટેના પ્રબંધો કરવાનું કાર્ય રાજ્યનું છે.

*પરસ્પરાવલંબન અને કાર્યવિભાજન એ બે બૌદ્ધિક સિદ્ધાંતો પર રાજ્ય અથવા સમુદાયની રચના થઈ છે. કોઈ પણ રાજ્ય અથવા સમુદાયનું શ્રેય તથા તેની રચના કરતા તેના સભ્યોનું શ્રેય પરસ્પર વિરોધી નહિ પણ પરસ્પર પૂરક હોવું જોઈએ. પ્લેટો કહે છે કે વ્યક્તિ અને સમષ્ટિ ઉભયનું ભલું થાય તે માટે મુખ્ય ત્રણ કાર્યો કોઈ પણ રાજ્યમાં કરવાં પડે છે : (૧) શાસન અથવા સંચાલન; (૨) રક્ષણ અને (૩) ઉત્પાદન. અનુક્રમે બુદ્ધિ, બળ અથવા દંડશક્તિ અને શ્રમ એ આ ત્રણ કાર્યો પાછળ કામ કરતા સિદ્ધાંતો છે. આ ત્રણ કાર્યોના આધારે પ્લેટો સમાજનું ત્રણ વર્ગો(ત્રણ વિભાગો)માં વિભાજન કરે છે. બુદ્ધિ રાજ્યના શાસકોમાં, બળ અથવા દંડશક્તિ રાજ્યના રક્ષકો અથવા લડવૈયાઓમાં, અને શ્રમ બાકીના સામાન્ય જનસમુદાયમાં પ્રતિબિંબિત થાય છે. રાજ્યનાં આ ત્રણ કાર્યો, તેમની પાછળના

સિદ્ધાંતો અને તેમને પ્રતિબિંબિત કરતા ત્રણ વર્ગો વચ્ચે સંવાદિતા સ્થપાય, ત્રણે અરસપરસ સાથ, સહકાર અને સંપથી કામગીરી બજાવે તો રાજ્યમાં ન્યાય( Justice )ની સ્થાપના થાય.

પ્લેટો વ્યવહારનો સવાલ વિચારતાં કહે છે કે શાસન અથવા રાજ્યનું સંચાલન એ સૌથી મુશ્કેલ અને સૌથી મહત્ત્વનું કાર્ય છે. જેમનામાં બુદ્ધિતત્ત્વ સવિશેષ હોય, જેમને સદ્-અસદ્નું જ્ઞાન હોય, જેમનામાં ડહાપણ અને સદ્દ્ગુણો હોય; ટૂંકમાં, જેમની પાસે શ્રેયનું જ્ઞાન (Knowledge of Good) અને તેમાં પણ શ્રેયના વિચારનું જ્ઞાન હોય, ઉપરાંત જેમને આ કામ માટે પૂરતો સમય આપવાની સગવડ–ત્રેવડ હોય, તેવા તત્ત્વચિંતકોને શાસન-સંચાલન સુપરત કરવું જોઈએ. આ સંદર્ભમાં પ્લેટો 'તત્ત્વચિંતક-શાસકો'-(philosopher rulers)ના હાથમાં રાજ્યની શાસનધુરા સોંપવાની હિમાયત કરે છે; એટલું જ નહિ, એમ કરવામાં જ સૌનું શ્રેય રહેલું છે એમ કહે છે. પ્લેટોની દૃષ્ટિએ, આ તત્ત્વચિંતક-શાસકોની ખરેખરી કસોટી ઉચ્ચ નૈતિક ધોરણ સ્થાપિત કરવામાં છે.

'અધોળનું આચરણ, મણના ઉપદેશથી કયાંય વધુ ચઢિયાતું છે', એ કહેવત અનુસાર પ્લેટો શાસક વર્ગ('ગાર્ડિયન ક્લાસ')ના શિક્ષણના ભાગ રૂપે તત્ત્વચિંતક-શાસકો માટે અત્યંત કઠોર અને સાદી, સંયમી અને સંપૂર્ણપણે અપરિગ્રહી એવી સામુદાયિક જીવનપદ્ધતિની હિમાયત કરે છે.

વળી, શાસનધુરા સંભાળતા શાસકો તત્ત્વચિંતકો મટી ન જાય, તેમ તત્ત્વચિંતન કરતાં કરતાં શાસનકાર્ય પ્રત્યે અણગમો કે ઉપેક્ષા સેવતા થઈ ન જાય, તેની તકેદારી માટે પ્લેટોએ આદર્શ અને વ્યવહાર વચ્ચેની પરસ્પર પૂરકતા અને સંવાદિતા પર ભાર મૂકયો છે.

*

નગરરાજ્ય અથવા સમુદાયમાં ન્યાયની સ્થાપના અને જતનનો આધાર મુખ્ય ત્રણ વર્ગો વચ્ચેની સંવાદિતા અને પરસ્પરાવલંબન પર હોવાથી 'સંચાલક', 'રક્ષક' અને 'ઉત્પાદક'–આ ત્રણે વર્ગોની સંખ્યાનું નિયમન કરવાનું પ્લેટોએ અત્યંત જરૂરી માન્યું છે. તે બે સૂચનો કરે છે : (૧) વ્યક્તિનાં વૃત્તિ, વલણ, સ્વભાવ, શક્તિ, ક્ષમતા વગેરે તપાસવાં; (૨) બાળકોની જન્મસંખ્યાનું નિયમન કરવું; ઉપરાંત, ઉત્તમ બાળકો જન્મે અને જીવે તેવી વ્યવસ્થા કરવી.

પ્લેટોનું એક મહત્ત્વનું સૂચન એ છે કે જીવનનાં ઉત્તમ વર્ષો (૩૫થી ૫૦ વર્ષ સુધી) રાજ્યની શાસનધુરા સંભાળ્યા બાદ આ તત્ત્વચિંતક-શાસકો રોજબરોજની શાસન અથવા કારોબારની ફરજોમાંથી મુક્ત થાય અને શાશ્વત સત્યોની સાધના તથા ચિંતનમાં વધુ સમય ગાળે; ઉપરાંત, શાસનકાર્ય પર સામાન્ય દેખરેખ રાખે, શાસકોને સલાહ આપે અને તત્ત્વચિંતક-શાસકોની નવી પેઢીને તાલીમ આપે.

**ટૂંકમાં, વાનપ્રસ્થ ભોગવતાં આ તત્ત્વચિંતકો રાજ્યની સર્વોચ્ચ સત્તાધારી સંસ્થા તરીકે પ્રેરણા અને માર્ગદર્શનનું કામ કરતા રહે.**

આ બધું છતાં રાજ્યની સત્તાનો દુરુપયોગ નહિ જ થાય તેની ખાતરી શી ? ખામીરહિત પસંદગી અને ઉત્તમ તાલીમને પૂરક બની રહે તે માટે પ્લેટોએ શાસકોનાં જીવનનાં તમામ પાસાંઓને આવરી લે એવી એક જડબે-સલાખ જીવનવ્યવસ્થાની હિમાયત કરી છે.

શાસકોનાં કુટુંબજીવન, રહેણીકરણી, આર્થિક વ્યવહારો–આ બધાં માટે પ્લેટો એક પ્રકારની 'સંપૂર્ણ સામ્યવાદી' સામૂહિક જીવનવ્યવસ્થાની ભલામણ કરે છે. શાસકોમાં મારા-તારાનો ભેદ સંપૂર્ણપણે નાશ પામે અને તેઓ કશાય અંગત લાભ, રાગ, આસક્તિથી પર થઈને સમગ્ર રાજ્યના જ શ્રેયનો વિચાર કરતા થાય તે માટે સાદાં સામૂહિક રહેઠાણોમાં નિવાસ, સામૂહિક રસોડે સાદું ભોજન, તદ્દન અનિવાર્ય

હોય તેવી અંગત વસ્તુઓ સિવાય કશી ખાનગી મિલકતનો અભાવ આ બધાંનો—બલ્કે સંપૂર્ણ અપરિગ્રહનો પ્લેટો આગ્રહ રાખે છે.

પ્લેટોનો સામ્યવાદ—શાસકવર્ગ પૂરતો ખાસ—સ્ત્રી, બાળકો અને કુટુંબ સુધી લંબાય છે. તે કહે છે કે 'મિત્રો વચ્ચે તો સ્ત્રી, બાળકો સહિત બધી જ વસ્તુઓ સહિયારી હોવી જોઈએ.' પારકા પ્રત્યેના દ્વેષના મૂળમાં સ્વજનો પરની આસક્તિ હોય છે. આથી પ્લેટો 'સહિયારી લગ્નપ્રથા' અને 'સામૂહિક જીવન' પર સૌથી વિશેષ ભાર મૂકે છે અને (જેમાં પિતા-માતા, પુત્ર, પુત્રી વગેરે સાથે રહેતાં હોય તેવી) કુટુંબ-પ્રથાનો નાશ કરવાની જોરદાર હિમાયત કરે છે.

પ્લેટોની આ યોજનામાં સ્ત્રી-પુરુષ વચ્ચે કોઈ ભેદ રાખવામાં આવેલ નથી: છોકરાઓના જેવી જ તાલીમ છોકરીઓને પણ આપવામાં આવશે. સંગીત, વ્યાયામ અને યુદ્ધકળા છોકરાઓની પડખે રહીને છોકરીઓ પણ શીખશે. શાસક તાલીમાર્થીઓ તરીકે પસંદ થયેલાં યુવક-યુવતીઓ અમુક ઉંમરે પહોંચે ત્યારે શ્રેષ્ઠ ગુણવત્તાવાળા યુવકો સાથે વધુ ને વધુ પ્રમાણમાં તેવી જ યુવતીઓનો સમાગમ થાય એવી વ્યવસ્થા કરવામાં આવશે, જેથી ઉત્તમ ઓલાદ પેદા થઈ શકે. પરંતુ, બાળકોનો જન્મ થતાં જ તેમનાં માબાપ પાસેથી તેમને ખસેડી લેવામાં આવશે. પોતાનાં સંતાનો ક્યાં તે ન તો માબાપ જાણી શકે અને પોતાનાં માબાપ કોણ તે ન તો સંતાનો જાણી શકે તે માટે ખૂબ જ દરકાર લેવામાં આવશે. ઊતરતી કોટિનાં માબાપનાં સંતાનો, વિકલાંગ સંતાનો, રાજ્યની મંજૂરી વગર પેદા થયેલાં સંતાનો વગેરેનો રાજ્ય ઇચ્છાનુસાર નિકાલ કરી શકશે.

***પ્લેટોના આ આદર્શ રાજ્યનું એક મુખ્ય લક્ષણ એ હશે કે કોણે શાસન કરવું અને કોણે શાસન હેઠળ રહેવું એ વિષે બધા વર્ગોમાં એક પ્રકારની સહમતી સધાયેલી હશે.** તેમના શાસકો કેવા પ્રકારના તત્ત્વચિંતક-શાસકો છે, તેની પ્રતીતિ જો બાકીના લોકોને થશે તો જ તેઓ બધા તેમનું માર્ગદર્શન અને શાસન સ્વીકારી લેવા તત્પર થશે. સામાન્ય લોકોમાં પણ એટલી તો નૈતિક પ્રબુદ્ધતા હોય છે એમ પ્લેટો માને છે, તે તેના આ વિચારથી સ્પષ્ટ બને છે. પ્લેટોનું એવું મંતવ્ય છે કે આદર્શ રાજ્યમાં સૌ પોતપોતાનું કામ સ્વધર્મ સમજીને બજાવતા હશે તો ફરજિયાત બળજબરી વાપરીને કામ કરાવવાનો કે દમન, શોષણ કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત નહિ થાય. આ સંદર્ભમાં તે સૂચવે છે કે આ રાજ્ય ભલે 'લોકશાહી' ન હોય પણ તે બળ અને શોષણ પર આધારિત જુલમી શાસન પણ નહિ હોય. મતલબ કે સમાજ એવા નિષ્ક્રિય બિનનૈતિક પ્રાણીઓનો બનેલો નહિ હોય, જેમની પર સારા-ખોટાના પ્રાથમિક અને સાદા વિચારો લાદવા પડે.

પસંદગી, શિક્ષણ અને તાલીમની આકરી કસોટીઓમાંથી પસાર થયેલા તથા અંગત સ્વાર્થ તેમજ રાગદ્વેષ પ્રવેશી જ ન શકે તે રીતે ઘડાયેલા આ શાસકોના, એટલે કે શીલવંતોના, હાથમાં પ્લેટો રાજ્યની અમર્યાદ સત્તા મૂકે છે.

પ્લેટોના મતે, આમાં સૌથી ઓછું જોખમ છે, કેમ કે તેમનામાં આવશ્યક સંસ્કાર—ઘડતર—શિસ્ત તો હશે જ. ઉપરાંત, આ તત્ત્વચિંતકોને શાસનકાર્યમાં ખરેખર કોઈ મોહ નહિ હોય. જો તેમને પસંદગી કરવાની હોય તો તેઓ ખુશીથી તત્ત્વચિંતનનું જીવન પસંદ કરે એવા હશે.

*

આ રીતે, તત્ત્વચિંતક-શાસકોના અમર્યાદ, નિરંકુશ અને મનસ્વી શાસનની હિમાયત કરીને પ્લેટો રાજ્યસત્તાને અથવા રાજકીય આજ્ઞાધીનત્વ(political obligation)નો એક મહત્ત્વનો અને ખૂબ જ વિવાદાસ્પદ સિદ્ધાંત સ્થાપિત કરે છે; અને તે એ કે **રાજ્યની શાસનધુરા સાચા જ્ઞાની અને સાચા**

શીલવંતને હસ્તક હોવી જોઈએ. કાયદા અને શાસિતની સંમતિને તે રાજ્યની સત્તા માટેના અંતિમ વાજબી દાવા તરીકે સ્વીકારતો નથી.

પ્લેટોના સમગ્ર ચિંતન સાથે તાર્કિક રીતે આ માળખું સુસંગત છે. જેઓ માત્ર સૌના શ્રેયને જાણે છે, એટલું જ નહિ પણ શ્રેય તત્ત્વના વિચારનું જ્ઞાન ધરાવે છે, અને શ્રેયનું જ્ઞાન ધરાવતા હોવાથી જેઓ શ્રેયથી અન્યથા વર્તી શકતા નથી, તેવાઓને કાયદાના નિયમો કે ધારાધોરણોને અધીન બનાવવા એ તેમની બુદ્ધિમત્તા અને જ્ઞાનનું જ અપમાન કહેવાય. બીજી બાજુ, જેઓ બુદ્ધિ(reason)થી નહિ પણ વાસનાઓ અને આવેગોથી મુખ્યત્વે દોરવાય છે, અને તેથી જેમને પોતાનું ભલું શેમાં રહેલું છે તેની સમજણ નથી, તેમની સંમતિ લઈને જો તત્ત્વચિંતક-શાસકે શાસન કરવાનું હોય, તો તો વાસના અને આવેગોની સંમતિ લઈને બુદ્ધિએ તેમના પર શાસન કરવા જેવું ગણાય. બલ્કે, આત્માએ મન અને શરીરના આધિપત્ય હેઠળ રહેવું પડે.

આવા આદર્શ રાજ્યનો વિચાર કંઈ પ્લેટોની તરંગી મનસ્વિતાનું પરિણામ નથી, પણ તેના તત્ત્વજ્ઞાનની તાર્કિક નીપજ છે. કાયદાનાં શાસન અને સંમતિ દ્વારા શાસન (rule of law and rule by consent)ના 'લોકશાહી સિદ્ધાંત'ને સ્થાને પ્લેટો **'વૈજ્ઞાનિક જ્ઞાન'** (શાસન કરવું એ વિશિષ્ટ-special કાર્ય હોવાથી, તેનું જ્ઞાન એ વિશિષ્ટ જ્ઞાન ગણાય એ અર્થમાં) અને **નીતિમત્તા**(જેઓ અંગત સ્વાર્થનો નહિ પણ સૌના શ્રેયનો વિચાર કરીને તે પ્રમાણે આચરણ કરે તે અર્થમાં)ના **'આપખુદશાહી શાસન'**ના સિદ્ધાંતની સ્થાપના કરે છે. આ તેના રાજકીય સિદ્ધાંતની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના સૂચિતાર્થો છે.

**તત્કાલીન સમસ્યા**

કોઈ પણ સારા અને કાર્યક્ષમ સમુદાયમાં વૈવિધ્ય અને એકતાના તકાદાઓ વચ્ચે સમન્વય થયેલો હોવો જોઈએ. એ કસોટીને આધારે પ્લેટો તત્કાલીન નગરરાજ્યોની સમીક્ષા હાથ ધરે છે. પોતાના સમયનાં બધાં જ નગરોમાં તેને કુસંપ, ફાટફૂટ, ઝઘડા, વિખવાદો, આંતરકલહો જોવા મળે છે. નગરનું હિત વિચાર્યા સિવાય સૌને પોતપોતાના અંગત કે જૂથગત સ્વાર્થ સાધવામાં રચ્યાપચ્યા રહેલા જોઈ તે એકતાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂકે છે. એકતા માટેની તેની ચિંતા કદાચ અતિશયોક્તિ ભરી હશે અને તે બાબતમાં તેની સારા એવા પ્રમાણમાં ટીકાઓ પણ થઈ છે; પરંતુ સમુદાયમાં મતવૈવિધ્ય, વિચારભેદ, મતફેર ન જ હોવાં જોઈએ એમ કહેવાનું પ્લેટોનું તાત્પર્ય નથી. તેનું કહેવાનું એટલું જ છે કે આ બધું અમુક મર્યાદામાં હોય તો જ ખપનું છે. ન પૂરી શકાય તેવા મતભેદો અને ન મિટાવી શકાય તેવા આંતરકલહોમાં નગર-સમુદાયો ડૂબેલા રહેતા હોય તે કોઈ તંદુરસ્ત અવસ્થા તો ન જ કહેવાય. છેવટે આવા સમુદાયોનું અસ્તિત્વ જોખમાવાનું જ. અસ્તિત્વનો લોપ અથવા સ્થિરતાનો અભાવ એ જો વૈવિધ્ય માટે ચૂકવવાની કિંમત હોય તો પ્લેટોને એવો સોદો કરવામાં રસ નથી.

પ્લેટોની દૃષ્ટિએ સમાજમાં પ્રભાવિક વલણ કોને મૂલ્ય તરીકે સ્વીકારે છે, તે પર સરકારનું સ્વરૂપ એકંદરે નક્કી થતું હોય છે. સમાજમાં સંપત્તિ જો મનુષ્ય-પ્રયત્નનું મુખ્ય ધ્યેય (મૂલ્ય) મનાતું હોય તો સરકારનું સ્વરૂપ **'ધનિકશાહી'** હોવાનું અને રાજકીય સત્તાનું કેન્દ્રીકરણ મુઠ્ઠીભર દોલતમંદોના હાથમાં થવાનું. વળી, જો શારીરિક બાહુબળ, શૌર્ય, માન અને ગૌરવ સમાજમાં સૌથી મોટાં મૂલ્યો ગણાતાં હોય તો લશ્કરી સિદ્ધિઓ એ જ સમુદાયનું પરમ લક્ષ્ય હોવાનું; તેથી સરકારનું સ્વરૂપ લશ્કરી હોવાનું, જે મુઠ્ઠીભર સેનાપતિઓના હાથમાં કેન્દ્રિત થયા વિના રહે નહિ.

પ્લેટો કહે છે કે આવા સંકીર્ણ વર્ગીય આધાર પર જો રાજ્યની રચના થઈ હોય તો તે આદર્શ વ્યવસ્થા કહેવાય નહિ. આવા સમાજમાં તો પ્રજાજનો તેના આશ્રિત ગુલામ બનવાના; અને જે સમાજના

શાસનનો આધાર પરસ્પર સહકાર ન હોય પણ બળજબરી હોય તેમાં કુસંપ અને વિસંવાદિતા પેદા થયા વિના રહેવાનાં નહિ તથા તે રાજ્ય અથવા સમાજની એકતાને ખંડિત કર્યા વિના રહેવાનાં નહિ. આમ, પ્લેટોની દૃષ્ટિએ બળના આધાર પરનું લડવૈયાઓનું શાસન અથવા સંપત્તિ પર આધારિત અલ્પસંખ્ય શાસન બન્ને સારા સમાજના મૂળભૂત સિદ્ધાંત પર કુઠારાઘાત કરે છે. આવા સંકીર્ણ પાયા પર આધારિત શાસનનો પાયો અસ્થિર હોવાથી તેમાં ક્રાંતિ અથવા બળવા થવાની શક્યતા વિશેષ રહે છે.

પ્લેટો અહીં એક બહુ મહત્ત્વનું નિરીક્ષણ રજૂ કરે છે, તે એ કે જેઓ સંપૂર્ણપણે કંગાળ છે તેઓ નહિ પણ એક વાર ખાધેપીધે સુખી હતા તેઓ જ્યારે નિર્ધનતા અને વંચિતતાની ખાઈમાં સરકી પડે છે, ત્યારે તેઓ ક્રાંતિ કરવા તૈયાર થઈ જાય છે.

મૂળ વાત એ છે કે દોલતમંદોના શાસન સામે અથવા ધનિકશાહીનાં અનિષ્ટો સામે બહુજન સમાજની ક્રાંતિમાં પ્લેટોને શ્રદ્ધા નથી; કારણ કે તેના મતે, આવી ક્રાંતિ તો ધનિકશાહી કરતાં પણ વધુ ઊતરતી કક્ષાના શાસન–ટોળાંશાહી–તરફ લઈ જનાર નીવડવાની. શાસનતંત્રોમાં 'ટોળાંશાહી-લોકશાહી' પ્લેટોની દૃષ્ટિએ ઘણું ઊતરતું, ખરાબ તંત્ર છે.

પ્લેટોનો 'લોકશાહી' સામેનો વિરોધ બહુજન સમાજ કદી પણ પોતાનું હિત સમજી ન શકે, સાચવી ન શકે; એ ટોળાંશાહીમાં જ પરિણમે; એવા સૈદ્ધાંતિક કારણ ઉપરાંત વ્યવહારુ કારણે પણ છે.

## ભારતીય અને પશ્ચિમી તત્ત્વચિંતન

*પાશ્ચાત્ય તત્ત્વચિંતન ધર્મદૃષ્ટિથી નિરપેક્ષપણે શરૂ થયેલું; જ્યારે ભારતીય તત્ત્વચિંતન પહેલેથી ધર્મદૃષ્ટિ સાથે સંકળાયેલું રહ્યું છે. કારણ, યુરોપમાં ખ્રિસ્તી ધર્મ એશિયામાંથી આવ્યો, જ્યારે તેની ફિલસૂફી ગ્રીક (યુરોપીય) પરંપરામાંથી આવી.

પરંતુ ભારતમાં ફિલસૂફી ધર્મ-દર્શન અંતર્ગત હોવાથી એવા વિભાગ ન પડયા. ભારતીય ઋષિઓ જીવનભર અવિભાજ્ય એવા શ્રદ્ધા અને મેધા એ બે અંશો ઉપર યથાયોગ્ય ભાર મૂકતા રહ્યા.

ભારતમાં જે તત્ત્વજ્ઞાન પવિત્ર રહ્યું તે ધર્મ-સંપ્રદાયના આશ્રયને લઈને જ. જેનો કોઈ ધર્મસંપ્રદાય અસ્તિત્વમાં ન આવ્યો અથવા ટકી ન શકયો તે તત્ત્વજ્ઞાન નામશેષ થઈ ગયું. દા. ત.; ચાર્વાક, આજીવક (મહાવીરના પ્રતિસ્પર્ધી ગોશાલકનો સંપ્રદાય).

# ૨૧ : એરિસ્ટોટલ [ઈ. પૂ. ૩૮૨ થી ઈ. પૂ. ૩૨૨]

એરિસ્ટોટલ પશ્ચિમમાં વિકાસ પામેલી અનેક વિદ્યાશાખાઓનો આદ્યપિતા ગણાય છે. 'વૈજ્ઞાનિક' અભ્યાસપદ્ધતિ તરીકે ઓળખાવવામાં આવતી પદ્ધતિને વિકસાવવામાં તેના જેટલો ફાળો ભાગ્યે જ બીજા કોઈ ચિંતકનો હશે. તર્કશાસ્ત્ર અને જીવશાસ્ત્ર(પ્રાણીશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર)નો તો તેણે પાયો નાખ્યો છે; રાજ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, ભાષણવિદ્યા, ખગોળવિદ્યા, હવામાનશાસ્ત્ર વગેરે વિદ્યાશાખાઓમાં પણ તેણે આરંભિક ખેડાણો કર્યાં છે. આ કારણે, પ્રાચીન જગતના સૌથી મોટા સર્વ-વિદ્યાવિશારદ (encyclopaedist) તરીકે તેની ગણના થાય છે.

૧૬મી, ૧૭મી સદી સુધી, એટલે કે લગભગ બસો વર્ષ સુધી, ઘણી વિદ્યાશાખાઓમાં તેનું પ્રમુખ-સ્થાન ટકી રહ્યું હતું. તર્કશાસ્ત્રમાં તો છેક ૧૯મી સદીના આરંભ સુધી તેને કોઈ પડકારી શક્યું નહોતું. આધુનિક જીવશાસ્ત્રના સ્થાપક ચાર્લ્સ ડાર્વિને પણ જીવશાસ્ત્રના આદ્યસ્થાપક સમા એરિસ્ટોટલનાં ભારોભાર પ્રશંસા અને ઋણસ્વીકાર કર્યાં છે.

## એરિસ્ટોટલની તત્ત્વમીમાંસા

સામાન્યતઃ એરિસ્ટોટલના ચિંતનને મુખ્યત્વે પાંચ ભાગમાં વહેંચવામાં આવે છે : તત્ત્વમીમાંસા, ભૌતિકશાસ્ત્ર અથવા પ્રકૃતિનું તત્ત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર (અને રાજ્યશાસ્ત્ર), તર્કશાસ્ત્ર તથા સૌંદર્યશાસ્ત્ર અથવા કાવ્યશાસ્ત્ર.

'मेटाफिज़िक्स' ('તત્ત્વમીમાંસા')ને નામે જાણીતા બનેલ ગ્રંથનું મૂળ નામ એરિસ્ટોટલે 'પ્રથમ તત્ત્વજ્ઞાન' (First Philosophy) આપ્યું હતું, કેમ કે 'સત્‌તત્ત્વ'નાં અમુક-તમુક પાસાં સાથે નહિ પણ ખુદ સત્‌તત્ત્વ સાથે, તેના સ્વરૂપ સાથે, તેના સર્વવ્યાપી સિદ્ધાંતો સાથે તત્ત્વમીમાંસાને સંબંધ છે. આ અર્થમાં એ તમામ જ્ઞાનશાખાઓમાં સૌથી પ્રથમ અને સૌથી વ્યાપક સ્થાન અને મહત્ત્વ ધરાવે છે.

એરિસ્ટોટલની તત્ત્વમીમાંસાનો મુખ્ય ઉદ્દેશ પ્લેટોના વિચારોના સિદ્ધાંતમાં રહેલી કચાશ અથવા ખામીઓને દૂર કરી એક શુદ્ધ અને ટકાઉ સિદ્ધાંતમાં તેનો વિકાસ કરવાનો હતો. આથી, પ્રથમ તેના મુખ્ય મુદ્દાઓ પર નજર નાખી લઈએ :

પ્લેટોના 'વિચારો' વસ્તુઓના અસ્તિત્વનો કોઈ ખુલાસો આપતા નથી. શા માટે અને કઈ રીતે 'વિચારો' વસ્તુઓને પેદા કરે છે, તેની કોઈ સમજૂતી આપણને તેના વિચારોના સિદ્ધાંતમાંથી મળતી નથી. 'વિચારો'નો વસ્તુઓ સાથેનો ખરેખર સંબંધ કેવો છે તે પણ પ્લેટો સમજાવતો નથી. તેના મતે વસ્તુઓ 'વિચારો'ની 'પ્રતિકૃતિ' હોવાથી 'વિચારો'માં હિસ્સેદાર (participate) થાય છે; પરંતુ તેમાંનાં ગતિ અથવા પરિવર્તનનો ખુલાસો મળતો નથી. પ્લેટો 'વિચારોને'ને અવિકારી, અનાદિ, અવિનાશી, વગેરે કહે છે; તો પછી તેમની 'નકલ' સમું સમગ્ર જગત પણ અવિકારી અને અપરિવર્તનશીલ જ હોય ને! પણ જગત ગતિશીલ અથવા વિકારી (becoming) છે તે આપણો અનુભવ છે. જગતમાં સર્જન, વિકાસ અને વિનાશ સતત ચાલ્યાં કરે છે; પણ તેનો કોઈ ખુલાસો આપણને પ્લેટોના સિદ્ધાંતમાંથી મળતો નથી. ઉપરાંત, તેના સિદ્ધાંતમાંથી વસ્તુઓ શા માટે અનેક છે તેનોય ખુલાસો મળતો નથી. પ્લેટો જગતમાં દશ્યમાન અનેકતાને સમજાવવામાં 'વિચારો'ની અનેકતા ધારી લે છે. પણ આમ કરીને તે અનેકતાને

સમજાવવાને બદલે તેને બેવડાવે છે એટલું જ. વળી, ઇન્દ્રિય-અગમ્ય(non-sensuous)ની મદદથી જ ઇન્દ્રિયગમ્યને સમજાવી શકાય એમ તે માનતો હોવાથી ઇન્દ્રિયગમ્ય વસ્તુઓને સમજાવવા માટે 'વિચારો'ને ઇન્દ્રિય-અગમ્ય ધારી લે છે. પરંતુ પ્લેટોના વિચારોના સિદ્ધાંત સામે સૌથી મોટો વાંધો એ છે કે પ્લેટો 'વિચારો'ને વસ્તુનું સારતત્ત્વ (essence) ગણે છે, પણ તેમને વસ્તુઓથી પર યા ભિન્ન કલ્પે છે. આ રીતે, તે વિચારોને અમુક પ્રકારનું 'ગૂઢવાદી કવચ' ચઢાવે છે. 'વિચાર' જો સાર્વત્રિક અથવા સર્વદેશીય (universal) હોય તો તે એકદેશીય(particular)માં જ અસ્તિત્વ ધરાવતો હોવો જોઈએ. જો બધા મનુષ્યોમાં સમાન (common) અને સાર રૂપ તત્ત્વને આપણે મનુષ્યનો 'વિચાર' કહેતા હોઈએ તો તેનું અસ્તિત્વ વૈયક્તિક મનુષ્યોથી ભિન્ન અને બહાર કેવી રીતે હોઈ શકે? વૈયક્તિક મનુષ્યથી ભિન્ન અને તેની બહાર એક સર્વસામાન્ય મનુષ્ય(man-in-general)ના 'વિચાર'નું અસ્તિત્વ કલ્પવું એ સાવ બેહૂદું છે. એરિસ્ટોટલના મતે પ્લેટોનો વિચારોનો સિદ્ધાંત એક મોટા વિરોધાભાસની કળણમાં ફસાય છે. કારણ કે પ્રથમ આપણે 'સાર્વત્રિક'ને સત્ય (real) કહીએ, અને પછી તેને જ 'વિશિષ્ટ' તરીકે અસ્તિત્વ ધરાવતું કલ્પીએ તો તે અસત્ય (unreal) જ ઠરે.

*એરિસ્ટોટલના કહેવાનું તાત્પર્ય એ છે કે 'સાર્વત્રિક' એ ખરેખર 'નિરપેક્ષ તત્ત્વ' (absolute reality) છે, પણ તે માત્ર 'વિશિષ્ટ'માં જ અસ્તિત્વ ધરાવે છે. 'સાર્વત્રિક' અને 'વિશિષ્ટ'નો આ અવિભાજ્ય સંબંધ એ એરિસ્ટોટલની તત્ત્વમીમાંસાનો પાયો છે. આ સંબંધની સાચી સમજણ મેળવવા માટે એરિસ્ટોટલ દ્રવ્ય (substance) કોને કહેવાય, સાર્વત્રિકને દ્રવ્ય કહેવું કે વિશિષ્ટને દ્રવ્ય કહેવું, એ પ્રશ્નોની ચર્ચા હાથ ધરે છે. આ ચર્ચા આપણને એરિસ્ટોટલની તત્ત્વમીમાંસાના હાર્દમાં લઈ જાય છે.

જેને પોતાનું આગવું અસ્તિત્વ હોય, જેને 'હોવા' (being) માટે બીજા કશા પર આધાર રાખવો પડતો ન હોય, તે અર્થમાં જે 'નિરાલંબ' હોય તે **દ્રવ્ય** કહેવાય. તેનું બીજું લક્ષણ એ છે કે દ્રવ્ય કદાપિ કોઈનું 'વિધેય' (અધીન ગુણધર્મ) હોતું નથી; બધાં વિધેયો તેને લાગુ પડે છે. દાખલા તરીકે, સાકર ગળી છે, સાકર દ્રવ્ય છે, અને ગળપણ તેનું વિધેય છે. ગળપણ પોતાના અસ્તિત્વ માટે સાકર પર અવલંબિત છે; સાકર પોતાના અસ્તિત્વ માટે ગળપણ પર અવલંબિત નથી.

હવે, ઉપર મુજબ, દ્રવ્યનાં બે લક્ષણો ધ્યાનમાં રાખીએ તો શું આપણે 'સાર્વત્રિકો' (એટલે કે 'વિચારો')ને દ્રવ્ય કહી શકીએ ખરા? ખરેખર તો સાર્વત્રિક એક સામાન્ય વિધેય જ છે, જે એક વર્ગની ઘણી બધી વસ્તુઓને લાગુ પડે છે. દાખલા તરીકે, ગળપણ. અનેક ગળી વસ્તુઓનો એક સામાન્ય વિધેય અથવા ગુણધર્મ તે ગળપણ છે. બીજું, તે વિધેય હોવાથી નિરાલંબ નથી. ગળપણને અસ્તિત્વ ધરાવવા માટે કોઈ ને કોઈ ગળી વસ્તુની જરૂર પડે જ; પછી તે સાકર હોય, ખજૂર હોય કે કોઈ મિષ્ટ ફળ હોય. આમ, 'સાર્વત્રિકો'ને આપણે દ્રવ્ય કહી શકીએ નહિ.

'સાર્વત્રિક' દ્રવ્ય નથી તો શું 'વિશિષ્ટ' દ્રવ્ય કહેવાય? આનો જવાબ મેળવવા આપણે આ પ્રશ્ન પૂછવો જોઈએ: જેમાં કશું જ 'સાર્વત્રિક' ન હોય (એટલે જગતની બીજી કોઈ વસ્તુ સાથે કશું જ સામાન્ય ન હોય), જે સંપૂર્ણપણે વિશિષ્ટ હોય, સંપૂર્ણપણે વિખૂટું હોય, એવું કશું હોઈ શકે ખરું? ગળપણ વિનાની સાકર હોઈ શકે નહિ. પોતાના તમામ ગુણધર્મોથી વિખૂટું પડેલ લોખંડ હોઈ શકે નહિ. વસ્તુને આપણે તેના તમામ ગુણધર્મોથી વંચિત કરીએ (વ્યવહારમાં એ શક્ય જ નથી; વૈચારિક રીતે એમ કરીએ) તો તે વસ્તુ રહેશે ખરી?

**ટૂંકમાં, વસ્તુ અથવા પદાર્થ (વિશિષ્ટ) તેમજ તેના ગુણધર્મો (સાર્વત્રિક) એમાંથી એકેયને આપણે, તેમની ભિન્નતામાં, એકબીજાથી વિખૂટાં દ્રવ્ય તરીકે ઘટાવી શકીએ નહિ.**

આમ હોવાથી એરિસ્ટોટલ એવા તારણ પર આવે છે કે દ્રવ્ય એ 'સાર્વત્રિક' (ગુણધર્મ) અને 'વિશિષ્ટ' (પદાર્થ અથવા વસ્તુ)નું મિશ્રણ હોવું જોઈએ.

## કારણમીમાંસા

એરિસ્ટોટલની તત્ત્વમીમાંસાનો બીજો મહત્ત્વનો મુદ્દો તેની કારણમીમાંસા છે. તેની કારણમીમાંસામાં કારણનો ખ્યાલ વધુ વ્યાપક અને વિસ્તૃત છે. સામાન્ય રીતે આપણે **કારણ** ( cause ) અને **પ્રયોજન** (reason) વચ્ચે ભેદ પાડીએ છીએ. કારણ 'કેવી રીતે' સમજાવે છે; પ્રયોજન 'શા માટે'ની સમજૂતી આપે છે. પણ કારણ જાણવાથી પ્રયોજનનો ખુલાસો મળતો નથી. દાખલા તરીકે કોઈ રોગ કે અકસ્માતથી માણસનું મરણ થયું એ (કારણ) જાણવાથી માણસના મરણનું પ્રયોજન શું તેનો કશો ખુલાસો મળતો નથી. એરિસ્ટોટલની કારણમીમાંસામાં કારણ અને પ્રયોજન બેઉનો સમાવેશ થાય છે.

એરિસ્ટોટલની દૃષ્ટિએ કારણો ચાર પ્રકારનાં છે: ઉપાદાન કારણ (material cause), નિમિત્ત કારણ (efficient cause), રૂપલક્ષી કારણ (formal cause) અને અંતિમ કારણ (final cause). તે કહે છે કે કોઈ પણ પ્રાકૃતિક અથવા માનવીય અસ્તિત્વ અથવા સર્જનનો ખુલાસો એકીસાથે આ ચારેય કારણોની સહાયથી જ આપી શકાય તેમ છે.

જે પદાર્થમાંથી વસ્તુનું સર્જન થતું હોય તે વસ્તુ તેનું **ઉપાદાન કારણ** છે. દાખલા તરીકે, ટેબલનું ઉપાદાન કારણ લાકડું છે. આરસની મૂર્તિનું ઉપાદાન કારણ આરસપહાણ છે. પણ વસ્તુનું સર્જન ઉપાદાન( matter )માંથી આપોઆપ થતું નથી. હવે, ઉપાદાનમાંથી વસ્તુનું સર્જન કરવા જે ક્રિયા અથવા ગતિનો ઉપયોગ થાય છે, તેને એરિસ્ટોટલ **નિમિત્ત કારણ** કહે છે. દા. ત., લાકડામાંથી ટેબલ બનાવવું, માટીના ગારામાંથી ઘડો બનાવવો, નદીનું વહેવું, પાણીનો ધોધ પડવો વગેરે. આ બધાં પાછળ નિમિત્ત કારણ કામ કરે છે. ટૂંકમાં, એરિસ્ટોટલ તમામ ગતિ અથવા પરિવર્તનને – પછી તે કુદરતી પરિબળો દ્વારા થતું હોય કે મનુષ્યસર્જિત હોય – નિમિત્ત કારણ તરીકે ઘટાવે છે.

વસ્તુના સારતત્ત્વ, હાર્દ અથવા દ્રવ્યને એરિસ્ટોટલ **રૂપલક્ષી કારણ** ( formal cause ) કહે છે. પ્લેટો જેને વિચારતત્ત્વ ( Idea ) કહે છે, તેને મળતું એરિસ્ટોટલનું રૂપલક્ષી કારણ છે. પરંતુ બંને વચ્ચે મહત્ત્વનો તફાવત એ છે કે એરિસ્ટોટલનું રૂપલક્ષી કારણ આ જગતની અંદર, મતલબ કે આ જગતના પદાર્થોની અંદર જ છે. પ્લેટોનાં વિચારતત્ત્વોની જેમ તે આ જગતની વસ્તુઓની બહાર કે તેમનાથી પર અસ્તિત્વ ધરાવતું નથી.

'**અંતિમ કારણ**' એ વસ્તુનું પ્રયોજન, ધ્યેય અથવા ઉદ્દેશ દર્શાવે છે, જે તરફ વસ્તુની સમગ્ર ગતિ અથવા વસ્તુનું પરિવર્તન (becoming) તકાયેલું હોય છે. બલ્કે, વસ્તુમાત્રનું પરિપૂર્ણ સર્જન એ તેનું અંતિમ કારણ છે. તમામ કારણોનું ધ્યેય વસ્તુનો પરિપૂર્ણ વિકાસ હોવાથી, બધાં કારણોનું ધ્યેય તેનું આ અંતિમ કારણ છે.

એરિસ્ટોટલની કારણમીમાંસાની વધુ વીગતે ચર્ચા કરીએ તે પહેલાં કાર્યકારણની આધુનિક વિભાવના કરતાં તેની કારણમીમાંસા કઈ રીતે જુદી પડે છે, તેનો ખ્યાલ મેળવી લઈએ.

આ દૃષ્ટિએ તપાસતાં રૂપલક્ષી કારણ અને અંતિમ કારણ બેઉ વસ્તુનું હાર્દ અથવા સારતત્ત્વ છે; અને વસ્તુનું હાર્દ રૂપતત્ત્વ, વસ્તુ અથવા બનાવની બહાર હોઈ શકે નહિ. આધુનિક વ્યાખ્યા પ્રમાણે કારણ એ વસ્તુ કે ઘટનાની અનિવાર્ય પૂર્વવર્તી ઘટના હોઈને તે વસ્તુ કે ઘટનાની બહાર હોય છે. આથી, તેમના મતે, રૂપલક્ષી અને અંતિમ કારણને વસ્તુ કે ઘટનાનું કારણ ગણી શકાય નહિ. આ રીતે, એરિસ્ટોટલે

આપેલાં ચાર કારણોમાંથી બે કારણો – રૂપલક્ષી અને અંતિમ–નો સમાવેશ કાર્યકારણની આધુનિક વિભાવનામાં થતો નથી.

એરિસ્ટોટલની અને આધુનિક કારણવિભાવના વચ્ચેનો આ ભેદ સમજવા જેવો છે. વસ્તુમાં થતા પરિવર્તનનો ખુલાસો એરિસ્ટોટલે **નિમિત્ત કારણ** થકી આપવાનો પ્રયાસ કર્યો છે; જ્યારે આધુનિક વિભાવના તેને ઊર્જા તરીકે ઘટાવે છે. અહીં, બંને વચ્ચે મહત્ત્વનો તફાવત એ છે કે ગતિ અથવા પરિવર્તનપ્રેરક ઊર્જાને આધુનિક વિજ્ઞાન માત્ર 'યાંત્રિક બળ' તરીકે સ્વીકારે છે, જ્યારે એરિસ્ટોટલ તેને એક 'રૂપલક્ષી (formal) બળ' વા 'વૈચારિક (ideal) બળ' ગણે છે. મૂર્તિને પરિપૂર્ણ (અંતિમ કારણ) કરવાના 'રૂપ-વિચાર'થી શિલ્પીની ક્રિયા-ગતિ પ્રેરિત થયેલી હોઈ તે કોઈ યાંત્રિક, હેતુવિહીન હલનચલન માત્ર નથી.

ટૂંકમાં, આધુનિક વિજ્ઞાની રૂપલક્ષી અને અંતિમ કારણોને પોતાના કાર્યક્ષેત્રના ભાગ રૂપ ગણતો નથી, જ્યારે એરિસ્ટોટલ તત્ત્વચિંતક હોવાથી તત્ત્વોની પાછળનાં પ્રયોજનોની વિચારણા કરવાનો ધર્મ સ્વીકારે છે.

જગતમાં થતાં પરિવર્તન(becoming)નો ખુલાસો આપ્યા પછી એરિસ્ટોટલ તમામ પરિવર્તનનો હેતુલક્ષી ખુલાસો આપવા તરફ વળે છે. પરિવર્તનનો હેતુલક્ષી ખુલાસો અથવા **અંતિમ હેતુવાદ** એ એરિસ્ટોટલની તત્ત્વમીમાંસાનો સૌથી મહત્ત્વનો મુદ્દો છે. એરિસ્ટોટલ કહે છે કે બધું પરિવર્તન સહેતુક છે. પોતાના અંતિમ હેતુ અથવા ધ્યેય ભણી તમામ પરિવર્તન યા તમામ ગતિ તકાયેલી છે. પરિવર્તન જો સહેતુક નથી, તો તેનો કશો અર્થ નથી. વ્યક્ત થવું, પોતાના રૂપને પામવું, તેનો સાક્ષાત્કાર થવો, એ પ્રત્યેક વસ્તુનું અંતિમ ધ્યેય છે. એરિસ્ટોટલ આ અંતિમ ધ્યેયને ચાલક સિદ્ધાંત(operative principle) તરીકે ઘટાવે છે. જેવી રીતે લોહચુંબક લોખંડના ટુકડાને પોતાના તરફ આકર્ષે છે, તેવી રીતે અંતિમ ધ્યેય વસ્તુને પોતાના તરફ આકર્ષે છે, જે ગતિ અથવા પરિવર્તનનું કારણ છે. સમયની દૃષ્ટિએ ધ્યેય અથવા હેતુ આપણને છેલ્લે જણાય છે, પણ વૈચારિક અને તાર્કિક બેઉ રીતે તે આરંભ અથવા શરૂઆતમાં જ હોય છે; એટલું જ નહિ, પૂર્વવર્તી હોય છે. આમ, ધ્યેય એ ગતિનું કારણ છે અને કારણ હમેશાં પરિણામનું પૂર્વવર્તી જ હોય.

* અર્થાત્ એરિસ્ટોટલની દૃષ્ટિએ અંતિમ ધ્યેય અથવા રૂપનો સિદ્ધાંત એ જ અંતિમ સત્-તા છે અને વિશ્વનો પ્રથમ સિદ્ધાંત છે, જેના થકી આપણે વિશ્વની સમજૂતી આપી શકીએ.

વિચારવાદી તત્ત્વજ્ઞાન 'સમય'(time)ને આભાસ (unreal-appearance) ગણે છે અને નિરપેક્ષ સત્તત્ત્વનો જગત સાથેનો સંબંધ એ 'સમય'નો સંબંધ નથી, પણ તાર્કિક સંબંધ છે, એમ માને છે. એરિસ્ટોટલે આ નિરપેક્ષ સત્તત્ત્વ (Absolute Being) માટે ઈશ્વર શબ્દનો પ્રયોગ કર્યો છે, અને આ ઈશ્વરનો જગત સાથે શું સંબંધ છે, તેની ચર્ચા કરી છે.

## ઈશ્વર સંબંધી ખ્યાલ

સામાન્ય રીતે આપણે ઈશ્વરને પ્રથમ સિદ્ધાંત તરીકે ગણીએ છીએ અને જગત ઉત્પન્ન થયું તે પૂર્વે ઈશ્વરનું અસ્તિત્વ હોવું જોઈએ એમ ઘટાવીએ છીએ. લાખો, કરોડો બલ્કે અબજો વર્ષો અગાઉ કશુંક એવું બન્યું હોવું જોઈએ, જેને કારણે ઈશ્વરમાંથી જગતની ઉત્પત્તિ થઈ હોવી જોઈએ. આવી માન્યતાને પરિણામે આપણે નિરપેક્ષ સત્તત્ત્વ(ઈશ્વર)ને પુરોગામી કારણ તરીકે અને જગતને તેના પરિણામ તરીકે માનીએ છીએ.

એરિસ્ટોટલ ઈશ્વર અને જગત વચ્ચેના સંબંધને કારણ-પરિણામના સંબંધ તરીકે જોતો નથી. તેની દૃષ્ટિએ આ સંબંધ 'સમય'નો પણ નથી. ઈશ્વર અને જગત વચ્ચેનો સંબંધ તાર્કિક છે. **ઈશ્વરને એક**

આધાર-વિધાન(assumption) તરીકે સ્વીકારીએ તો તેના તાર્કિક તારણ અથવા 'નિગમન' તરીકે આપણે જગતને સમજાવી શકીએ.

બલ્કે, જગત ઈશ્વરમાંથી સર્જાયું છે, એ અર્થમાં ઈશ્વર જગતનું કારણ (cause) નથી; પણ જગત ઈશ્વર માટે છે, જગત માટે તે પ્રયોજન (reason) રૂપ છે, ધ્યેય છે, એમ કહીએ તો જગતનો ખુલાસો મળે છે. આ તર્કમાં પણ આધારવિધાન પ્રથમ આવે છે અને તેમાંથી તારણ અથવા નિગમન (deduction) ફલિત થાય છે, પણ તે '**સમય**'માં નહિ, '**વિચાર**'માં. આગળ કહ્યું તેમ, ઈશ્વર-જગત વચ્ચેનો સંબંધ 'એક પછી બીજું' એવી સામયિક ઘટનાનો નથી, પણ તાર્કિક નિષ્પત્તિનો છે. આમ છતાં, વિવિધ કક્ષાએ રહેલી વસ્તુઓ તેમનાં પોતપોતાનાં મર્યાદિત સાપેક્ષ ધ્યેય ભણી ગતિ કરે છે; પણ તેમનાથી નિરપેક્ષ ધ્યેય (નિરપેક્ષ રૂપ—સત્તત્ત્વ અથવા ઈશ્વર) સુધી કદાપિ પહોંચાતું નથી. હવે જો એમ માનીએ કે ક્યારેક આ નિરપેક્ષ ધ્યેયે જગત પહોંચશે, તો એમ પણ સ્વીકારવું પડશે કે તે નિરપેક્ષ સત્તત્ત્વ અથવા ઈશ્વર 'સમય'માં અસ્તિત્વ ધરાવે છે; એટલે કે નિરપેક્ષ તત્ત્વ સાપેક્ષ અસ્તિત્વ ધરાવે છે! **આમ, એરિસ્ટોટલની દૃષ્ટિએ, સમયને લાગેવળગે છે ત્યાં સુધી, ઈશ્વર અને જગત અનાદિ અને અનંત છે.**

આ નિરપેક્ષ રૂપ ઈશ્વરની વ્યાખ્યા અને તેનાં લક્ષણો તેના નિરપેક્ષ રૂપ વિષેના ખ્યાલમાંથી ફલિત થાય છે. આ ખ્યાલને સમજાવવા એરિસ્ટોટલ સૃષ્ટિની ઉત્પત્તિનો ખુલાસો આપતાં જણાવે છે કે અવ્યક્ત-(ઉપાદાન)માંથી વ્યક્ત (રૂપ) તરફ સતત ઊઘડતી, સતત વિકાસ પામતી પ્રક્રિયા સોપાનિક ક્રમરચનાગત (hierarchical) છે. તેમાં છેક નીચે અથવા તળિયે સંપૂર્ણપણે નિર્ભેળ **રૂપવિહીન ઉપાદાન** (અવ્યક્ત) છે; અને તેની ટોચ ઉપર સંપૂર્ણપણે, નિર્ભેળ ઉપાદાનવિહીન રૂપ (વ્યક્ત) છે. હા, આ બન્ને અંતિમ છેડાઓ વૈચારિક-તાર્કિક અમૂર્તીકરણો છે, કારણ કે વાસ્તવમાં તો ઉપાદાન અને રૂપને કદાપિ અલગ પાડી શકાતાં નથી. હકીકતમાં તો ઉપાદાન અને રૂપનું મિશ્રણ જ અસ્તિત્વ ધરાવે છે.

ઉપાદાન અને રૂપની આ ચઢતી ભાંજણીની નિસરણી પર જેમ જેમ આપણે ઉપર ચઢતા જઈએ તેમ તેમ આપણે સત્યની એટલે કે ઈશ્વરની વધુ ને વધુ નજીક જતા જઈએ છીએ, કેમ કે આપણે એવી વસ્તુઓની નજીક જતા જઈએ છીએ જેમાં રૂપતત્ત્વની માત્રા ઉત્તરોત્તર વધતી જતી હોય.

*આ સોપાનિક વિકાસની ચરમસીમા તે ઈશ્વર છે. તે માત્ર નિરપેક્ષપણે અથવા સંપૂર્ણપણે વ્યક્ત છે અને એ જ સત્ય (real) છે. તેનાથી નિમ્ન કોટિએ અસ્તિત્વ ધરાવતી તમામ વસ્તુઓ વધતે-ઓછે અંશે અસત્ય (unreal) છે.

એરિસ્ટોટલના આ ઈશ્વરતત્ત્વને વધુ સમજીએ : તેની કારણમીમાંસામાં આપણે ચાર કારણો—'ઉપાદાન કારણ', 'નિમિત્ત કારણ', 'રૂપલક્ષી કારણ' અને 'અંતિમ કારણ'ની આલોચના જોઈ ગયા. તેમાંના પ્રથમ કારણને બાદ કરીને, અન્ય ત્રણ કારણો(નિમિત્ત, રૂપ અને અંતિમ)નું સારતત્ત્વ ઈશ્વર ધરાવે છે. આ વાત વીગતે જોતાં, નિમિત્ત કારણ તરીકે ઈશ્વર તમામ ગતિ, તમામ પરિવર્તન (becoming) પાછળનું બળ છે. ઈશ્વર પોતે અચલ (unmoved) છે પણ તે **પ્રથમ ચાલક** (first mover) છે. પ્રથમ ચાલક પોતે તો અચલ હોવો જ જોઈએ. ઈશ્વરને નિરપેક્ષ ધ્યેય માનીએ તો ઈશ્વરને માટે પોતાનાથી બીજું કે આગળ કશું ધ્યેય હોઈ ન શકે, તેથી તેને ગતિમાન કરનાર અન્ય કોઈ હોઈ જ ન શકે. ટૂંકમાં, ઈશ્વર-જગત વચ્ચેના સંબંધમાં એરિસ્ટોટલ સમયના સંદર્ભમાં અને યાંત્રિક અર્થમાં ઈશ્વરને જગતના સર્જક અથવા ચાલક તરીકે ગણતો નથી; તે ઈશ્વરને જગતનો **અંતિમ હેતુ** (અથવા કારણ) ગણે છે. અને હેતુ **હમેશાં** વસ્તુના આરંભમાં હોય, તેથી ઈશ્વર જગતના આરંભે છે તેમ જ તે સૌથી વ્યક્ત રૂપે છે.

# પ્લેટો અને ઍરિસ્ટોટલ : સામ્ય અને વૈષમ્ય

એક સામાન્ય વિધાન ઘણીવાર આપણા સાંભળવામાં આવે છે કે "કાં તો તમે પ્લેટોવાદી હો અથવા ઍરિસ્ટોટલવાદી," જાણે પ્લેટો અને ઍરિસ્ટોટલ બે વિરોધી છાવણીઓના નેતા ન હોય! પણ એ બન્નેના વિચારોનો તલસ્પર્શી અભ્યાસ કરનાર કહેશે કે બધા પ્લેટોવાદીઓમાં ઍરિસ્ટોટલ સૌથી મોટો પ્લેટોવાદી છે. પ્લેટોની જેમ એની સમગ્ર વિચારપ્રથાનો પાયો પણ વિચારતત્ત્વ છે, જેને તે રૂપ (form) કહે છે. ખરેખર તો, તેના વિચારવાદમાં જે ઊણપો અને કચાશ છે, તેમને દૂર કરવાનો અને વિચારવાદને શુદ્ધ અને ટકાઉ તત્ત્વજ્ઞાન તરીકે સ્થાપિત કરવાનો તેનો પ્રયાસ છે.

ઘણી બાબતોમાં તેમના વિચારો એકબીજાથી ભિન્ન છે, છતાં તેમનું વિચારસામ્ય ઓછું નથી. પ્લેટોથી ઍરિસ્ટોટલના વિચારો જુદા જ નહિ પણ વિરોધી છે એવી છાપ ઊભી થવાનું કારણ પ્લેટોના વિચારોની સમીક્ષા કરવાની તેની વિશેષ પદ્ધતિ છે. આમ છતાં, એ બેઉના માનસિક બંધારણ વચ્ચે કેટલોક મૂળભૂત તફાવત છે, એ ધ્યાનમાં રાખવા જેવું છે :

ઍરિસ્ટોટલ આયોનિયન હતો, અને આયોનિયન ચિંતકો ભૌતિકવાદી ચિંતન માટે જાણીતા છે. ઉપરાંત, એના પિતા ડૉક્ટર હતા. રોગનિદાન અને ચિકિત્સા માટે શરીરનાં અંગો અને રોગનાં લક્ષણોનું નિરીક્ષણ કરી, તારણ પર આવવું એ એને ગળથૂથીમાંથી મળ્યું હતું. વિષયનું ચોક્કસ જ્ઞાન મેળવવા હકીકતોનું એકત્રીકરણ, વિશ્લેષણ, વર્ગીકરણ વગેરે બાબતો પર ઍરિસ્ટોટલ ભાર મૂકતો; જ્યારે પ્લેટોને હકીકતોના જ્ઞાન પ્રત્યે જરાય આકર્ષણ ન હતું. હકીકતોના જ્ઞાનના વાહનસમી ઇન્દ્રિયો અને એ થકી મળતા જ્ઞાનને એ સાચું જ્ઞાન જ ગણતો નહિ! એથી ઊલટું, ઍરિસ્ટોટલ હકીકતોને જાણવાના કાર્યને કોઈ પણ વિષયના અભ્યાસ માટે પાયાની બાબત ગણે છે. એને મન સિદ્ધાંત એ હકીકતો સમજાવતી વૈચારિક આકૃતિ છે, જો તેનો મેળ હકીકતો સાથે બેસતો ન હોય તો સિદ્ધાંત વિષે ફેરવિચારણા કરવી જોઈએ. પ્લેટોને મન સિદ્ધાંત ખોટો હોઈ શકે જ નહિ. જો હકીકતોનો મેળ સિદ્ધાંત સાથે બેસતો ન હોય તો હકીકતોને ખોટી માનવી રહી. હકીકતોને જ્ઞાનની યથાર્થતાની કસોટી તરીકે લેખવાનું ઍરિસ્ટોટલનું વલણ તેના કુદરતવાદી અને અંતિમહેતુવાદી તત્ત્વજ્ઞાન સાથે પણ પૂરું બંધબેસતું આવે છે.

પણ એનો અર્થ એ નથી કે ઍરિસ્ટોટલ ભૌતિકવાદી છે અને ચેતનાવાદી નથી. પ્લેટોને ચેતનાવાદ વિષે તે ક્યારેય પડકારતો નથી. માત્ર ચેતનાવાદી ઉત્સાહના અતિરેકમાં વાસ્તવિક અથવા દૃષ્ટજગતની જે ઉપેક્ષા કરે છે, પરિણામે જ્ઞાનસાધનામાં વિક્ષેપ પડે છે અને એકાંગિતા આવે છે, તેની તે ટીકા કરે છે. એની દૃષ્ટિએ વાસ્તવિક અથવા દૃષ્ટજગત (પ્રકૃતિ) એ પણ વિશ્વચેતનાની જ અભિવ્યક્તિ છે. દૃષ્ટજગતની એકે એક પ્રક્રિયા અને તેના એકે એક તત્ત્વ પાછળ એ ચેતના જ કાર્ય કરે છે. આપણા ઇન્દ્રિયજન્ય અનુભવો પણ એ જ ચેતનાની અભિવ્યક્તિ ગણાય. આથી, એમના થકી આપણને જે જ્ઞાન થાય એને કેવી રીતે ભ્રામક અને ફોગટ ગણી ફેંકી દઈ શકીએ? જો કુદરત કશું પણ ફોગટ કે વ્યર્થ બનાવતી ન હોય, તો તેણે આપણને જે ઇન્દ્રિય આપી છે, તે પણ નિર્હેતુક તો નહિ જ હોય! ચેતના પદાર્થ મારફતે અભિવ્યક્તિ પામતી હોવાથી પદાર્થના જ્ઞાનની અવગણના, એટલે કે ઇન્દ્રિયો દ્વારા મળતા જ્ઞાનની અવગણના, છેવટે તો આપણી ચેતનાની જ્ઞાનસાધનામાં બાધક નીવડે તેમ છે.

પ્લેટો અને ઍરિસ્ટોટલ વચ્ચે એક બીજો તફાવત એમની અભિવ્યક્તિ સંબંધે છે. પ્લેટોના વિચારો અને અભિવ્યક્તિમાં કલ્પનો (myths), આલંકારિક ભાષા અને શબ્દપ્રયોગો તથા

કવિતાનો ફાળો ઘણો મોટો છે. કેટલેક સ્થળે તો અમુક પ્રકારના ગૂઢવાદની અસર પણ દેખાય છે; જ્યારે ઍરિસ્ટોટલ ચોક્કસ 'વૈજ્ઞાનિક' પરિભાષાનો આગ્રહી છે. દાર્શનિક વિચારો અને વિભાવનાઓને બને તેટલી સ્પષ્ટ અને અસંદિગ્ધપણે રજૂ કરવામાં ભાષાની ચોકસાઈનો તે પ્રખર હિમાયતી છે. કોઈ વિચાર કે વિભાવના વ્યક્ત કરવામાં ભાષાનો કોઈ ચલણી શબ્દ અપૂરતો લાગે તો નવો શબ્દ પ્રયોજીને તેને વ્યક્ત કરવાનો તે પ્રયાસ કરે છે. એમ કરીને એણે અનેક નવા પારિભાષિક શબ્દો પ્રયોજ્યા પણ છે. આ અર્થમાં તેને દાર્શનિક ભાષાનો સ્થાપક અને દાર્શનિક પરિભાષાનો મહાન સર્જક ગણવામાં આવે છે.

ઍરિસ્ટોટલે બને તેટલી શુદ્ધ, ચોક્કસ અને વૈજ્ઞાનિક પરિભાષામાં પોતાના વિચારો રજૂ કર્યા છે, એનો અર્થ રખે કોઈ એવો તારવે કે તે શુષ્ક તત્ત્વજ્ઞાની હતો અને એનામાં કોઈ સૌંદર્યદૃષ્ટિ કે સૂઝ ન હતી. હકીકતમાં તો એ પ્રાચીન સમયનો સૌથી મોટો કળાવિવેચક અને સૌંદર્યશાસ્ત્રી હતો. કળાતત્ત્વ, સૌંદર્યમીમાંસા એ ક્ષેત્રોમાં તે પ્લેટો કરતાં ચઢિયાતો છે. પ્લેટો તો કલાકૃતિઓને 'પ્રતિકૃતિઓ (પદાર્થો)ની પણ પ્રતિકૃતિઓ' કહી વખોડી કાઢે છે અને પોતાના 'આદર્શનગર'માં કળાકારો, સાહિત્યકારો, કવિઓ પર પ્રતિબંધ ફરમાવે છે!

ઍરિસ્ટોટલ સ્પષ્ટપણે માને છે કે કળા અને વિજ્ઞાન બન્નેનાં ક્ષેત્ર એકબીજાથી તદ્દન જુદાં છે. તેથી બંનેને ગૂંચવવાં ન જોઈએ. કવિતા દ્વારા તત્ત્વજ્ઞાનની અભિવ્યક્તિ કરવા જઈએ અને તત્ત્વજ્ઞાનની ચર્ચામાં કવિતા કરવા બેસીએ તો 'બાવાનાં બેઉ બગડે' એવું એ માનતો. સૌંદર્યોપાસના માટે કળા અને સત્યોપાસના માટે વિજ્ઞાન, એમ બન્નેનાં કાર્યક્ષેત્રો અલગ છે અને એમાં જો ભેળસેળ કરવામાં આવે તો એકેયમાં બરકત ન આવે એવો તેનો સ્પષ્ટ મત હતો.

પ્લેટો માટે અત્યંત ભારે આદર અને માન હોવા છતાં ઍરિસ્ટોટલ એનો સૌથી મોટો વિવેચક છે. એણે એક જગ્યાએ કહ્યું છે કે, "હું પ્લેટોનો મિત્ર છું એ કબૂલ, પણ સત્યનો તો એથીય વધુ મોટો મિત્ર છું."

હવે, રૂપલક્ષી કારણ તરીકે વિચારીએ, તો નિરપેક્ષ રૂપ તરીકે ઈશ્વર વિચારમય અથવા પ્રજ્ઞામય છે. આથી એરિસ્ટોટલ કહે છે કે ઈશ્વર જ વિચાર છે. પણ તે શેનો વિચાર છે? અંતિમ વિચારતત્ત્વ અથવા રૂપતત્ત્વ પોતાના સિવાય અન્ય કશાનો વિચાર કરી શકે નહિ; તેથી એરિસ્ટોટલની વ્યાખ્યા અનુસાર 'ઈશ્વર એ વિચારનો વિચાર છે'. ઈશ્વર પોતે વિચારક અને વિચાર બેઉ છે. તે માત્ર પોતાનો, એટલે કે વિચારનો જ વિચાર કરે છે. એ સિવાય તે અન્યનો વિચાર કરી શકે નહિ.

આ પછી અંતિમ કારણ તરીકે (અંતિમ ધ્યેય તરીકે) સૌ અસ્તિત્વોની ઊર્ધ્વ ગતિ જેના તરફ છે, એવા ઈશ્વરની અંતિમ કોટિનો સ્વીકાર સહજ બને છે. ટૂંકમાં, પોતાનાથી નિમ્ન તમામ કક્ષાઓ અને ધ્યેયોને સમાવી લેનાર ઈશ્વર એકમાત્ર સંપૂર્ણતા છે.

ઈશ્વરની વ્યાખ્યા અને લક્ષણોનાં આ વર્ણન પરથી એ વિવાદ ઊભો થાય કે ઈશ્વર એ કોઈ વ્યક્તિ (person) છે? આ પ્રશ્નની ચર્ચા ન તો એરિસ્ટોટલે કરી છે કે ન તો પ્લેટોએ. એરિસ્ટોટલે જે ભાષાનો ઉપયોગ કર્યો છે તેમાંથી આ વિવાદ ઊભો થઈ શકે. તેણે નિરપેક્ષ( Absolute )ને બદલે ઈશ્વર (God) એ શબ્દપ્રયોગ કર્યો છે. વળી, તેણે એમ પણ કહ્યું છે કે ઈશ્વર શાશ્વત પવિત્રતાની અવસ્થામાં 'रहे छै.' 'ઈશ્વર' અને 'रहे छे' એ પ્રકારની અભિવ્યક્તિ, અમુક પ્રકારના વ્યક્તિત્વ( personality )નું સૂચન કરે છે. હવે એરિસ્ટોટલે આલંકારિક ભાષાનો ઉપયોગ કર્યો છે, એમ માનીએ તો તે આત્મવિસંગતિનો દોષી ઠરે, જે માટે તેણે પ્લેટોની આકરી ટીકા કરી છે. અને ઈશ્વરને વ્યક્તિ (person) ગણીએ તો તેણે ઈશ્વરની આપેલ વ્યાખ્યા અને લક્ષણોનો નિષેધ થાય. આ વિવાદનું સમાધાન કરનારા છેવટે એવો ખુલાસો કરે છે કે ઈશ્વર શબ્દનો ઉપયોગ કરીને એરિસ્ટોટલે વિસંગતિ-દોષ તો કર્યો છે, પણ તે 'વૈચારિક' નહિ, 'ભાષાકીય' વિસંગતિ છે. તત્ત્વજ્ઞાનના કેટલાક વિષયો એટલા તો ગહન અને અમૂર્ત હોય છે કે જ્યારે તેમને ભાષા દ્વારા વ્યક્ત કરવા જઈએ ત્યારે અમુક અંશે આવું બને છે.

## પ્રકૃતિનું તત્ત્વજ્ઞાન : ભૌતિકથી ચૈતસિક

નિર્ભેળ શુદ્ધ ઉપાદાન અને નિર્ભેળ શુદ્ધ રૂપ એ બે આત્યંતિક છેડાઓનું ખરેખર તો અસ્તિત્વ જ નથી. તેઓ તો માત્ર અમૂર્ત વિચારપ્રક્રિયા છે. આ બે છેડા વચ્ચે સમગ્ર પ્રકૃતિ આવેલી છે, એમ સામાન્ય સિદ્ધાંત રજૂ કરીને એરિસ્ટોટલ અટકી જતો નથી. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં એરિસ્ટોટલનું ખરું અને કાયમી પ્રદાન તો આ પ્રકૃતિનું તત્ત્વજ્ઞાન રજૂ કરવામાં રહેલું છે. ઉપાદાનનું રૂપમાં, અવ્યક્તનું વ્યક્તમાં કેવી રીતે પ્રગટીકરણ થાય છે, એ દર્શાવવું એ તેના ભૌતિકશાસ્ત્ર અથવા પ્રકૃતિના તત્ત્વજ્ઞાનનો ઉદ્દેશ છે.

સૌથી પ્રથમ તો એરિસ્ટોટલ પ્રકૃતિનો શો અર્થ કરે છે, તે સમજવું જરૂરી છે. આપણે તેની 'તત્ત્વમીમાંસા'ની ચર્ચામાં જોઈ ગયા છીએ કે સમગ્ર વૈશ્વિક પ્રક્રિયા જે આપણને પ્રકૃતિ તરીકે દૃષ્ટિગોચર થાય છે, તે ઉપાદાનમાંથી રૂપ તરફની ગતિ હોવાથી, આખરે તો ધ્યેય તરફની જ ગતિ છે. અને ધ્યેય તરફની ગતિમાં વૃદ્ધિ અભિપ્રેત છે. ગોટલાનો આંબામાં વિકાસ થાય છે, તેમાં ગતિ વૃદ્ધિ તરીકે છે. પણ તે વૃદ્ધિના પરિણામ તરીકે આંબા પર જે કેરી બેસે છે, તે તેનું ધ્યેય થયું.

આમ, પ્રકૃતિમાં દરેકને કંઈ ને કંઈ ધ્યેય અથવા કર્તવ્ય હોય છે અને તેને માટે જ તે અસ્તિત્વ ધરાવે છે. એરિસ્ટોટલ કહે છે કે પ્રકૃતિમાં કશું નિરર્થક નથી કે હેતુવિહીન નથી. પ્રકૃતિમાં કશીક યોજના, કશીક બૌદ્ધિક વ્યવસ્થા રહેલી છે. આમ, તેનું પ્રકૃતિનું તત્ત્વજ્ઞાન અંતિમ હેતુવાદી (teleological) છે. પરંતુ પ્રકૃતિમાં જે કંઈ છે, તે બધું મનુષ્ય માટે અસ્તિત્વ ધરાવે છે, એવો અર્થ નથી. જોકે, એક અર્થમાં જોઈએ તો, પ્રકૃતિની નિસરણીમાં મનુષ્ય એકંદરે ઘણા ઊંચા સ્તરે આવે છે; અને અંતિમ હેતુવાદી

અર્થઘટન અનુસાર તેનાથી નીચેના પગથિયે આવેલ બધી વસ્તુઓનું તે ધ્યેય છે અને તે બધી વસ્તુઓ તેને માટે અસ્તિત્વ ધરાવે છે. આમ છતાં, આપણે એ ન ભૂલવું જોઈએ કે તેનાથી નિમ્ન સ્તરની સમગ્ર સૃષ્ટિ—નિર્જીવ અને સજીવ—બેઉને પોતાનું આગવું ધ્યેય છે, અને એટલા પ્રમાણમાં તેઓ ખુદ પોતાના માટે અસ્તિત્વ ધરાવે છે.

વળી, પ્રકૃતિમાં અમુક પ્રકારની યોજના અથવા બૌદ્ધિક વ્યવસ્થા છે, તેનો અર્થ એવો પણ નથી કે તે પોતે તે વિષે સભાન છે. વનસ્પતિ કે પશુજગત પોતાનાં ધ્યેયો કયાં છે તેને અંગે સભાન નથી. દા. ત., કીડી, મંકોડા રાફડા બાંધે છે, ખોરાકનો સંગ્રહ કરે છે, ઈંડાં મૂકે છે; પંખીઓ માળા બાંધે છે; પશુઓ સમૂહમાં રહે છે—આ બધું તેઓ **સહજ વૃત્તિથી** કરે છે. પરંતુ, જંતુઓ અને પ્રાણીઓમાં જોવા મળતી આ સહજ વૃત્તિ અથવા **ગુરુત્વાકર્ષણ જેવું યાંત્રિક** બળ તત્ત્વત: તો બુદ્ધિ(reason)નું કાર્ય છે, પણ એ બુદ્ધિ પોતા વિષે સભાન નથી. માત્ર મનુષ્ય જ એવું પ્રાણી છે, જે પોતાનાં ધ્યેયો વિશે જ નહિ પણ પ્રકૃતિની આવી યોજના વિશે પણ સભાન છે.

*ટૂંકમાં, એરિસ્ટોટલનું કહેવાનું તાત્પર્ય એ છે કે સમગ્ર પ્રકૃતિ એ સભાન વા અભાન એવી બુદ્ધિની લીલા છે. નિર્જીવ જડ પદાર્થોથી માંડીને પૂર્ણચેતનમય નિરપેક્ષ રૂપ સુધી સર્વત્ર બુદ્ધિની સત્તા દષ્ટિગોચર થાય છે.

જો સમગ્ર પ્રકૃતિ એ બુદ્ધિની લીલા હોય, તો પછી ક્યારેક પ્રકૃતિમાં ભારે મોટી વિચિત્રતાઓ અને બેહૂદાપણું જોવા મળે છે, તેનો ખુલાસો શો? જીવસૃષ્ટિની ઉત્પત્તિના આરંભકાળે, આજથી કરોડો વર્ષ પહેલાં, વિચિત્ર આકાર અને ઉટપટાંગ અંગોવાળાં ડાયનેસોર પ્રાણીઓ કેવી રીતે ઉદ્ભવ્યાં હશે? શું ક્યારેક પ્રકૃતિ અબૌદ્ધિક રીતે વર્તતી હશે? એરિસ્ટોટલે એનો રસપ્રદ ખુલાસો આપ્યો છે :

સમગ્ર વિશ્વ-પ્રક્રિયા એ ઉપાદાનને ઢાળવાની, તેને ઘાટ આપવા માટેની સતત ચાલતી રૂપની મથામણ છે. આ પ્રક્રિયામાં ઉપાદાન અને રૂપ વચ્ચે એક પ્રકારની કશમકશ ચાલે છે. રૂપ ઘાટ આપવા આગળ ધપે છે, ઉપાદાન તેનો પ્રતિકાર કરે છે, તેને અવરોધે છે.

ઉપાદાનની આ અવરોધક પ્રવૃત્તિ પર રૂપ હંમેશાં કાબૂ ધરાવી શકતું નથી, તેથી ઉપાદાનને રૂપમાં સંપૂર્ણપણે કદાપિ ઘાટ આપી શકાતો નથી. પ્રકૃતિમાં આપણને જે વિચિત્રતાઓ જોવા મળે છે તે આ કારણે. અહીં કહેવું જોઈએ કે, પ્રકૃતિ પોતાનાં ધ્યેય સંપૂર્ણપણે હાંસલ કરવામાં નિષ્ફળ જાય છે! પરંતુ સોપાનિક પ્રક્રિયા સ્વયંપર્યાપ્ત હોઈ તેનો અંતિમ વિકાસ ઈશ્વરતત્ત્વમાં પરિણમે છે.

પ્રકૃતિની બાબતમાં એરિસ્ટોટલ જણાવે છે કે જ્યાં રૂપ ઉપાદાનને ઘાટ આપવામાં સફળ થાય તે સર્વસામાન્ય(normal) અને પ્રાકૃતિક (natural) છે, તેનો વિજ્ઞાને અભ્યાસ કરવો જોઈએ, કારણ કે તેમની મારફતે જ પ્રકૃતિ જે ધ્યેયો હાંસલ કરવા માગે છે, તે આપણે સમજી શકીએ.

હવે આપણે સચેતન પ્રાણી—મનુષ્યના વિકાસની કક્ષાઓ અંગેના એરિસ્ટોટલના વિચારો સમજીએ. પ્રથમ કક્ષા છે: **ઇન્દ્રિયસંવેદન.** જેમ કે, લોખંડનો ટુકડો ભારે, રાખોડી રંગનો છે, તેનું ભાન આપણને ઇન્દ્રિયો થકી થાય છે. પરંતુ આ ગુણધર્મોને આધાર પૂરો પાડનાર મૂળભૂત અવ્યક્ત ઉપાદાનને આપણે જાણી શકતા નથી. બલ્કે, જ્યાં સુધી ઉપાદાનમાં જરા સરખું પણ રૂપ ભળતું નથી, ત્યાં સુધી આપણે વસ્તુને જાણી શકતા નથી. એનો અર્થ એ થયો કે ઉપાદાન અજ્ઞેય છે, રૂપ જ્ઞેય છે. એટલે વસ્તુમાં જેમ જેમ ઉપાદાન ઓછું અને રૂપ વધુ તેમ તેમ તે વધુ જ્ઞેય. દેખીતું છે કે બુદ્ધિ કરતાં વધુ જ્ઞેય બીજું શું હોઈ શકે?

બીજી કક્ષા છે : 'સામાન્ય–બોધ' (common sense). આ શક્તિ ઇન્દ્રિય-સંવેદનની શક્તિથી ઉચ્ચ સ્તરે છે, કેમ કે તે જુદી જુદી ઇન્દ્રિયોથી થયેલ સંવેદનોનું એકીકરણ અને તુલના કરે છે. આમ, સામ્ય અને વૈષમ્યની જાણકારીમાંથી જે જ્ઞાન થાય છે તે માત્ર ઇન્દ્રિય-સંવેદનોથી થતા જ્ઞાન કરતાં ચઢિયાતું હોય છે.

ત્રીજી કક્ષા છે **કલ્પનાશક્તિ.** ઇન્દ્રિયવિષયક સીધી અસર ઇન્દ્રિય પર થતી અટકી જાય, ત્યાર બાદ પણ તેની ઉત્તેજના થોડો સમય ચાલુ રહે છે. આ કારણે મનુષ્યો જે તે વસ્તુનાં માનસિક ચિત્રો અને છબીઓ રચવા શક્તિમાન થાય છે. એરિસ્ટોટલ આને જ 'કલ્પનાશક્તિ' કહે છે.

ચોથી કક્ષાએ **સંસ્મૃતિ** આવે છે. જ્યારે ભૂતકાળનાં ચિત્રો હેતુવિહીન આમતેમ આપણા માનસપટ પર ભટકે, ત્યારે તેને આપણે સાધારણ 'સ્મૃતિ' (memory) કહીએ છીએ; પણ જ્યારે આપણે સભાનપણે અમુક ચિત્રોને જ માનસપટ ઉપર લાવવાનો પ્રયાસ કરીએ છીએ, ત્યારે તે સાધારણ 'સ્મૃતિ' કરતાં કંઈક વિશેષ ચઢિયાતી શક્તિ બને છે. આનું નામ એરિસ્ટોટલે સંસ્મૃતિ (recollection) આપ્યું છે.

આ ચારે શક્તિઓની ઉપર આવે છે, **બુદ્ધિ** (reason). બુદ્ધિની પણ બે કક્ષાઓ છે : એક છે નિમ્ન કક્ષા, જેને એરિસ્ટોટલ 'નિષ્ક્રિય' (passive) બુદ્ધિ કહે છે. બીજી છે ઉચ્ચ, જેને તે 'સક્રિય' (active) બુદ્ધિ કહે છે. વિચારવાની ગર્ભિત અથવા પ્રચ્છન્ન શક્તિ તે 'નિષ્ક્રિય બુદ્ધિ' છે. મનુષ્યનું મન જ્યારે ખરેખર વિચારની પ્રવૃત્તિ આદરે છે, ત્યારે તેની 'સક્રિય બુદ્ધિ' કામ લાગે છે.

## આત્મા અને શરીર

હવે આપણે એરિસ્ટોટલની દૃષ્ટિએ 'આત્મા'ના સ્વરૂપ અને શરીર સાથેના તેના સંબંધ અંગે વિચારીએ. વાસ્તવમાં ઉપર ગણાવી તે બધી શક્તિઓ(ઇન્દ્રિય-સંવેદનાથી શરૂ કરી સક્રિય બુદ્ધિ)નો સરવાળો તે મનુષ્યનો આત્મા. આત્મા મનુષ્યના શરીરની સંઘટના (organisation) અથવા રૂપ છે. અને જેમ રૂપ ઉપાદાનથી અવિભાજ્ય છે, તેમ આત્મા પણ શરીરથી અવિભાજ્ય છે. આથી શરીર સિવાય આત્મા અસ્તિત્વ ન ધરાવી શકે, તેમ આત્મા સિવાયનું શરીર નિરર્થક, હેતુ વગરનું છે. પરંતુ ઉપર જોઈ તે મુજબની શક્તિ-વિકાસની શ્રેણીની દૃષ્ટિએ શરીર નિમ્નતર, અવ્યક્ત, ઉપાદાન છે, તો આત્મા તેનું ઉચ્ચતર વ્યક્ત રૂપ છે. આથી કરીને, આત્મા શરીરનું ધ્યેય, શરીરનું કાર્ય, શરીરનો હેતુ છે. પરંતુ, એકનો એક આત્મા નવાં નવાં શરીરોમાં જન્મ ધારણ કરે છે, એવા પ્લેટો અને પાયથાગોરસના 'આત્માની અમરતા' અને 'જન્મ-પુનર્જન્મ'ના ખ્યાલનો એરિસ્ટોટલ અસ્વીકાર કરે છે. તેની દૃષ્ટિએ એક શરીરનો આત્મા બીજાનો બની શકે નહિ. જે એકનું કાર્ય છે અથવા ધ્યેય છે, તે કદાપિ બીજાનું બની શકે નહિ. "વાંસળીનું સંગીત એ વાંસળી સિવાય બીજા કોઈ વાજિંત્રનું સંગીત બની શકે નહિ."

આમ છતાં, એ સ્વીકારે છે કે 'આત્મા' અને 'શરીર' વચ્ચેનો સંબંધ યાંત્રિક નથી. એટલે કે ખાલી શરીરમાં આત્મા મૂકવામાં આવે અને અમુક સમય બાદ તેમાંથી કાઢી લેવામાં આવે એવો તે યાંત્રિક સંબંધ નથી. તેમની વચ્ચેનો સંબંધ જીવંત આંગિક (organic) છે. આત્મા એ કોઈ અંગ કે વસ્તુ નથી, બલકે શરીરનું કાર્ય છે.

**આત્મા સંબંધી તેના આ ખ્યાલમાં એરિસ્ટોટલ એક મહત્ત્વનો અપવાદ કરે છે. આત્મામાં રહેલી 'નિષ્ક્રિય બુદ્ધિ' સહિત તમામ 'નિમ્ન' શક્તિઓ શરીર સાથે લુપ્ત થાય છે, પણ 'સક્રિય બુદ્ધિ' અવિનાશી અને શાશ્વત છે. તે શરીરમાં બહારથી આવે છે અને શરીર સાથેનું તેનું કાર્ય પૂર્ણ થતાં મૃત્યુ સાથે તે શરીરથી છૂટી પડે છે. નિરપેક્ષ બુદ્ધિ અથવા પ્રજ્ઞાતત્ત્વ ઈશ્વર એ આ સક્રિય બુદ્ધિનો સ્રોત છે, અને અંતે તે તેમાં જઈ મળે છે.**

*બીજા શબ્દોમાં કહીએ તો, આત્મા અમર અને અવિનાશી છે, એવો તેનો અર્થ થયો. પણ આત્માની અમરતા અથવા શાશ્વતતા એ સમયના સંદર્ભમાં નહિ, પણ ઈશ્વરની બાબતમાં—જેમ આપણે કહ્યું તેમ—તાર્કિક અર્થમાં. મનુષ્યના આત્માનું આ લક્ષણ જ તેને અન્ય પ્રાણીઓથી ગુણાત્મક રીતે જુદો પાડે છે.

સત્‌તત્ત્વની આ નિસરણી મનુષ્ય આગળ અટકી જતી નથી. એરિસ્ટોટલના મતે, મનુષ્યથી ઉપર અવકાશી પદાર્થો, ગ્રહો અને તારા જેવા 'અવકાશી' 'દૈવી' પદાર્થો, આવેલા છે. અને તેમનામાં 'શાશ્વત બુદ્ધિ'નો સાક્ષાત્કાર થયેલો હોવાથી તેમનું જીવન શાશ્વત છે. તેમની ગતિ વર્તુળાકારે હોવાથી તેમનો ન કોઈ આરંભ છે કે ન કોઈ અંત.

સત્‌તત્ત્વની નિસરણીમાં ઉપાદાનની ઓછામાં ઓછી માત્રા ધરાવતા આ શાશ્વત ગતિમાન અવકાશી પદાર્થોની ઉપર છેલ્લે આવે છે ઈશ્વર, જે ઉપાદાન વગરનું સંપૂર્ણપણે શુદ્ધ રૂપ હોવાથી તેનું કોઈ વિશિષ્ટ અસ્તિત્વ નથી; છતાં તે સર્વત્ર, સર્વવ્યાપી અને વસ્તુમાત્રનું હાર્દ છે. આનું વિવરણ અગાઉ કરી ગયા છીએ.

## એરિસ્ટોટલનું નીતિશાસ્ત્ર

એરિસ્ટૉટલના નીતિશાસ્ત્રનો પ્રભાવશાળી સૂર વ્યવહારુ મિતત્વનો છે. વ્યવહારમાં કદાપિ હાંસલ થઈ શકે તેમ ન હોય તેવા આદર્શોમાં એરિસ્ટોટલને ઝાઝો રસ નથી. બધા સંજોગોમાં, મોટા ભાગના માણસો માટે જે સિદ્ધ કરવું શક્ય હોય અને યોગ્ય હોય, તેવું શ્રેષ્ઠ શ્રેય કયું એ શોધી કાઢવાનો પ્રયાસ એરિસ્ટોટલ તેના 'एथिक्स' ગ્રંથમાં આદરે છે.

એરિસ્ટોટલનું નીતિશાસ્ત્ર એ વિશાળતયા 'આનંદ' અથવા 'સુખ'નું તત્ત્વજ્ઞાન છે. પરંતુ માત્ર ઇન્દ્રિય-સુખ અથવા ઇન્દ્રિયોપભોગમાંથી મળતાં સુખ-આનંદ એવો અહીં અર્થ નથી. એરિસ્ટોટલ માટે અમુક પ્રવૃત્તિ શ્રેયકારક છે માટે તે આનંદદાયી છે; નીતિપૂર્ણ આચારનું પરિણામ આનંદ છે. આનંદ પડે છે માટે નીતિપૂર્ણ આચરણ કરવું જોઈએ એમ નથી. પ્રાચીન ગ્રીકો માટે, અને એરિસ્ટોટલ માટેય, સુખ અથવા આનંદ એ નીતિપૂર્ણ આચારમાંથી ઉદ્‌ભવતી લાગણીનું અર્થસૂચન ધરાવે છે.

એરિસ્ટોટલ કહે છે કે જીવનનું સર્વોચ્ચ શ્રેય (highest good) સુખ છે. પણ તેના આ સિદ્ધાંત મુજબ સુખ એટલે શું? તેનું સ્વરૂપ શું? અને સર્વોચ્ચ શ્રેય તરીકે સુખને આપણે કેવી રીતે ઘટાવી શકીએ? આ પ્રશ્નોના જવાબો માટે તો આપણે વળી તેના 'તત્ત્વજ્ઞાન' તરફ વળવું પડશે.

આપણે જોઈ ગયા છીએ કે એરિસ્ટોટલનું સમગ્ર તત્ત્વજ્ઞાન સંપૂર્ણપણે અંતિમ હેતુવાદી છે. વનસ્પતિ, પશુ અને મનુષ્ય એમ સમગ્ર જીવસૃષ્ટિ સહિત સમગ્ર પ્રકૃતિની પ્રવૃત્તિ સહેતુક અને સપ્રયોજન છે. દરેક કક્ષાના સત્‌તત્ત્વને તેનું યોગ્ય કાર્ય અથવા ધ્યેય છે, અને તે હાંસલ કરવું એ જ ઇષ્ટ છે. દા. ત., માત્ર પોષણ કરવું અને વંશવૃદ્ધિ કરવી એ વનસ્પતિનું ધ્યેય અથવા કાર્ય છે; તેનાથી આગળ વધી પોષણ અને વંશવૃદ્ધિ ઉપરાંત ઇન્દ્રિય-સંવેદન અને તે દ્વારા આત્મરક્ષણ એ પશુઓનું કાર્ય છે.

નિમ્ન કક્ષાનાં પોષણ-વંશવૃદ્ધિ તથા ઇન્દ્રિય-સંવેદન અને આત્મરક્ષણનાં કાર્યો ઉપરાંત મનુષ્ય માટે ખાસ કાર્ય તે બુદ્ધિની યોગ્ય પ્રવૃત્તિ છે. આમ, બુદ્ધિમય જીવન જીવવામાં જ મનુષ્ય જીવનની ઇષ્ટતા અથવા સાર્થકતા છે.

હવે, જે હેતુ અથવા ઉદ્દેશ માટે મનુષ્યનું સર્જન થયું છે, તે છે શ્રેય(good)ની પ્રાપ્તિ. આથી શ્રેયનો સાક્ષાત્કાર એ મનુષ્યજીવનનું અંતિમ લક્ષ્ય બને છે. શ્રેયની વ્યાખ્યા એરિસ્ટોટલ આમ આપે છે: "પોતાના સદ્‌ગુણ(virtue) મુજબની આત્માની પ્રવૃત્તિ" (activity of the soul

in accord with virtue). તે કહે છે : શ્રેય, મનુષ્યનું સર્વોચ્ચ ધ્યેય, સુખમાં પરિણમે છે; એટલું જ નહિ, એ ખુદ સુખ અથવા પ્રસાદની અવસ્થા છે.

સૉક્રેટિસે કહ્યું છે : સદ્‌ગુણ એ જ્ઞાન છે, અને સદ્‌ગુણી જીવન એ સુખી જીવન છે; જ્ઞાનમય જીવન એ જ સુખમય જીવન છે. ઍરિસ્ટૉટલ આ રીતે સૉક્રેટિસ સાથે સહમત થાય છે; પરંતુ બે વચ્ચે ભેદ એ છે કે સૉક્રેટિસ જ્યારે સદ્‌ગુણ એ જ જ્ઞાન છે એમ કહે છે, ત્યારે તેનો અર્થ એ છે કે મનુષ્યને જ્યારે સદ્‌નું જ્ઞાન થાય છે ત્યારે તે 'સદ્' આચર્યા વિના રહી શકતો નથી. જો તે 'સદ્'નું આચરણ ન કરે, અથવા 'અસદ્' આચરે તો તે અજ્ઞાનને કારણે કરે છે. એટલે 'સદ્-અસદ્' આચરવાની મનુષ્યની કોઈ સ્વતંત્ર ઇચ્છાશક્તિનો સૉક્રેટિસ સ્વીકાર કરતો નથી.

ઍરિસ્ટૉટલ સૉક્રેટિસથી આ બાબતમાં જુદો પડે છે. તે એમ માને છે કે વ્યક્તિ 'સદ્-અસદ્' વચ્ચે પસંદગી કરી શકે છે, કારણ કે નૈતિક અવસ્થાઓ ઐચ્છિક છે. તે કહે છે કે "સદ્‌ગુણ અને દુર્ગુણ બેઉ સરખા પ્રમાણમાં આપણા વશમાં છે, આપણી શક્તિની આણમાં છે. જ્યાં અમુક રીતે વર્તવું એ આપણા વશમાં હોય ત્યાં અમુક રીતે વર્તવાનું ટાળવું એ પણ આપણા વશમાં હોય છે."

અહીં, ઍરિસ્ટૉટલ એક મહત્ત્વની વાત એ રજૂ કરે છે કે **પ્રવૃત્તિ** અથવા **કર્મણ્યતા** એ સુખ અથવા આનંદ પ્રાપ્ત કરવાની 'પૂર્વશરત' છે. પરંતુ ઍરિસ્ટૉટલ પ્રવૃત્તિમાં પણ ક્રમિક શ્રેણી સૂચવે છે. દા. ત., રમવું, તરવું, દોડવું, ચાલવું વગેરે શારીરિક પ્રવૃત્તિઓ આનંદ તો આપે છે, અને એ જરૂરી પણ છે; છતાં તેમાંથી મળતો આનંદ **નિમ્ન** પ્રકારનો છે. વળી, ઇન્દ્રિયોના વિષયો તૃપ્ત થવાથી આપણને આનંદ થાય છે; પણ તે **મધ્યમ** પ્રકારનો છે. પરંતુ આપણે આપણા સર્વોચ્ચ સ્વભાવ (બુદ્ધિ) દ્વારા જે આનંદ પ્રાપ્ત કરીએ છીએ તે આ સૌમાં શ્રેષ્ઠ છે. કારણ, બુદ્ધિ માત્ર મનુષ્ય જ ધરાવે છે અને જ્યારે બૌદ્ધિકતા તેની વૈજ્ઞાનિક શક્તિઓમાં અને સંગીત, કળા, સાહિત્ય, તત્ત્વચિંતન વગેરે સર્જકતામાં પૂર્ણ વિકાસ પામે ત્યારે મનુષ્ય સર્વશ્રેષ્ઠ આનંદ અથવા સુખ પ્રાપ્ત કરે છે. બલ્કે, ચિંતનાત્મક જીવનમાંથી શ્રેષ્ઠ સુખ અથવા મનનો શ્રેષ્ઠ પ્રસાદ પ્રાપ્ત થાય છે. ઍરિસ્ટૉટલ કહે છે કે "સત્યની શોધમાં પરોવાયેલું જીવન નહિ, પરંતુ પ્રાપ્ત કરેલા સત્યના અહોનિશ ચિંતનમાં પરોવાયેલું જીવન સૌથી સુખી જીવન છે. અંતે તો ઈશ્વરનું ચિંતન કરતું જીવન એ સૌથી સુખપ્રદ જીવન છે.

મનુષ્યની વિશિષ્ટ લાક્ષણિકતા(સ્વ-ભાવ) બુદ્ધિ(reason)એ એકીસાથે બેવડી ભૂમિકા ભજવવાની રહે છે : એક છે સત્ય, ઈશ્વર, સાહિત્ય, કળા વગેરેની સૌંદર્યાનુભૂતિ; અથવા બીજા શબ્દોમાં કહીએ તો આ સૌના જ્ઞાનની સાધના; અને બીજી કામગીરી છે શારીરિક અને ભાવનાત્મક જીવનનું નિયમન કરવાની.

બુદ્ધિ અથવા વિવેકની આ બેવડી ભૂમિકાને આધારે ઍરિસ્ટૉટલ સદ્‌ગુણોનાય બે પ્રકાર પાડે છે : બૌદ્ધિક સદ્‌ગુણો (dianoetic virtues) અને નૈતિક સદ્‌ગુણો (moral virtues). બુદ્ધિમય જીવન અથવા વિચારમય જીવન જીવવામાં જે મદદરૂપ થાય તે બૌદ્ધિક સદ્‌ગુણો છે. દા. ત., વિજ્ઞાન, કળા, તત્ત્વચિંતન, વ્યવહારુ શાણપણ વગેરે. નૈતિક સદ્‌ગુણો સંકલ્પ અથવા ઇચ્છાશક્તિના ક્ષેત્રમાં આવે છે, પણ તેય બુદ્ધિ દ્વારા નિયંત્રિત થાય છે. વાસનાઓ, આવેગો, વૃત્તિઓ વગેરેને બેકાબૂ બનતાં અટકાવી બુદ્ધિની આણ હેઠળ રાખવાનું કામ નૈતિક સદ્‌ગુણોનું છે.

આ રીતે બૌદ્ધિક સદ્‌ગુણો નૈતિક સદ્‌ગુણો કરતાં ચઢિયાતા છે. ઍરિસ્ટૉટલના મતે વિચાર કરતો માણસ, ચિંતનમાં ડૂબેલો માણસ ઈશ્વરને સૌથી વધુ મળતો આવે છે; કેમ કે "ઈશ્વરનું જીવન શુદ્ધ વિચારમય, પ્રજ્ઞામય જીવન છે." વધુમાં જેને આપણે વ્યવહારુ બુદ્ધિ(ડહાપણ) કહીએ છીએ તે

હકીકતમાં નૈતિક સદ્ગુણોનું નિયમન કરે છે, જ્યારે વિવેકબુદ્ધિ(reason) આપણા બૌદ્ધિક સદ્ગુણોનું નિયમન કરે છે. આ અર્થમાં પણ બૌદ્ધિક સદ્ગુણો નૈતિક સદ્ગુણો કરતાં ચઢિયાતા છે.

અંતે તો, એરિસ્ટોટલ મિતત્વ સમન્વયવાદી છે. તે કહે છે જીવનનું સર્વોત્તમ સુખ આ બન્ને પ્રકારના સદ્ગુણોના સમન્વયમાં રહેલું છે. બંને પ્રકારના સદ્ગુણોનો સમન્વય કરતું જીવન જ શ્રેષ્ઠ છે; તેમાં જ જીવનનું સર્વોત્તમ શ્રેય રહેલું છે. બૌદ્ધિક સદ્ગુણો ચઢિયાતા ખરા, પણ નૈતિક સદ્ગુણોનું મૂલ્ય ઓછું ન આંકવું જોઈએ. ઊણપ અથવા અભાવના દુર્ગુણ તેમજ અતિરેક અથવા અતિશયતાના દુર્ગુણ વચ્ચેના વ્યવહારુ મિતત્વ અથવા **મધ્યમાન(Principle of mean or moderation)**માં નૈતિક સદ્ગુણ પ્રતિષ્ઠિત થયેલ હોવાથી સર્વોત્તમ સુખની પ્રાપ્તિમાં તેનું મહત્ત્વ નાનુંસૂનું નથી. બાહ્ય વસ્તુઓ અને સંજોગોની પ્રમાણસરની માત્રાનો બોધ નૈતિક સદ્ગુણો દ્વારા થતો હોવાથી તેમની સુખ ઉપર ઘણી મોટી અસર થાય છે. આ બધાની અવગણના કરી શકાય નહિ.

વાસનાઓની સંપૂર્ણ નાબૂદીમાં સદ્ગુણ નથી તેમ વાસનાઓને નિરંકુશ વર્તવા દેવામાં પણ સદ્ગુણ નથી. આ બન્ને આત્યંતિક છેડાઓ છે. તે બન્નેની વચ્ચેનો **મધ્યમ માર્ગ** તે 'સદ્ગુણ' કહેવાય. આવેગો અને વાસનાઓ બુદ્ધિ પર અંકુશ જમાવી બેસે એ જેમ દુર્ગુણ કહેવાય, તેમ તેમનો સંપૂર્ણપણે ઉચ્છેદ કરવો એ પણ 'દુર્ગુણ' જ કહેવાય. **મધ્યમમાર્ગી વર્તનને આપણે સદ્ગુણ કહી શકીએ.**

મધ્યમ માર્ગનો નિર્ણય કેવી રીતે કરવો? તેની કસોટી કઈ? જવાબમાં એરિસ્ટોટલ કહે છે કે આ અંગે કોઈ ચોક્કસ નિયમ આપવો મુશ્કેલ છે. સ્થળ, સમય, સંજોગ અને વ્યક્તિ એ સૌને આધારે દરેક

| ઊણપનો દુર્ગુણ | | મિતત્વનો સદ્ગુણ | | અતિરેક દુર્ગુણ |
|---|---|---|---|---|
| કાયરતા | → | હિંમત | ← | આંધળિયાપણું |
| ભાવનાશૂન્ય અસંવેદનશીલતા | → | સંયમ | ← | લંપટતા, સ્વચ્છંદતા |
| કૃપણતા | → | ઔદાર્ય | ← | ઉડાઉપણું |
| દીનતા | → | ઉદાર હૃદયી, વિશાળ હૃદયી | ← | મિથ્યાભિમાન |
| મહત્ત્વાકાંક્ષાનો સદંતર અભાવ | → | પરિમિત આકાંક્ષા | ← | આંધળી મહત્ત્વાકાંક્ષા |
| સ્વ-અવમૂલ્યન (self-depreciation) | → | સત્યકથન | ← | બડાઈ, શેખી |
| નિર્માલ્યતા | → | નમ્રતા | ← | ક્રોધ |
| ગમારપણું | → | બુદ્ધિયુક્ત હાજરજવાબીપણું | ← | વિદૂષકવેડા |
| કજિયાખોરી | → | સ્વમાનપૂર્ણ મૈત્રી | ← | ભાટાઈ |
| બેશરમી | → | વિનય | ← | અત્યંત શરમાળપણું |
| વાંકદેખાપણું | → | વાજબી પુણ્યપ્રકોપ | ← | દ્વેષબુદ્ધિ, ઈર્ષા |
| અન્યાય | → | ન્યાય | ← | અન્યાય |

બધા દુર્ગુણો(ઊણપ અને અતિરેક બેઉ)નો સરવાળો તે અન્યાય અને બધા સદ્ગુણોનો સરવાળો તે ન્યાય; 'ન્યાય' એ સંપૂર્ણ સદ્ગુણ છે, જ્યારે તેનો વિરોધી 'અન્યાય' એ સંપૂર્ણપણે દુર્ગુણ છે.

વખતે મધ્યમ માર્ગ ખોળવો જ રહ્યો. એક વ્યક્તિ માટે અમુક સ્થળે, અમુક સમયે અને અમુક સંજોગ અનુસાર જે મધ્યમ માર્ગ એટલે સદ્‌ગુણ હોય તે બીજી વ્યક્તિ માટે ન પણ હોય. આથી, એ નક્કી કરવાનો પ્રશ્ન વ્યક્તિની નિર્ણયશક્તિ પર છોડવો રહ્યો. પરંતુ આ પ્રક્રિયા આગળ વધતી રહે તો મધ્યમ માર્ગ નક્કી કરવાનું તેને માટે વધુ સરળ બનતું જવાનું અને પછી તો મધ્યમ માર્ગ અનુસાર વર્તવું તેને માટે સહજ થઈ જવાનું.

ઍરિસ્ટૉટલે પ્લેટોની જેમ સદ્‌ગુણોનું વ્યવસ્થિત વર્ગીકરણ કર્યું નથી. જીવનને અત્યંત સંકુલ ગણનાર અને સદ્‌ગુણને સાપેક્ષ ગણનાર ઍરિસ્ટૉટલ પાસેથી આપણે સદ્‌ગુણોના વ્યવસ્થિત, વીગતવાર વર્ગીકરણની અપેક્ષા પણ રાખી ન શકીએ. ઍરિસ્ટૉટલે કેટલાંક દૃષ્ટાંત આપીને મધ્યમમાર્ગના સિદ્ધાંતને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. (જુઓ પૃ. ૧૯૮ પરનું નીચેનું ચોકઠું)

ઍરિસ્ટૉટલ કબૂલે છે કે વર્તુળનું મધ્યબિંદુ શોધવું જેમ અતિ મુશ્કેલ છે, તેમ આ **મધ્યમાન** શોધવો એ અત્યંત કપરું કામ છે. 'મધ્યમાન' શોધવો અથવા સદ્‌ગુણ અનુસાર વર્તવું એટલે યોગ્ય સમયે, યોગ્ય રીતે, યોગ્ય વ્યક્તિ પ્રતિ યોગ્ય હેતુ માટે, યોગ્ય વસ્તુ, યોગ્ય પ્રમાણમાં કરવી.

પરિસ્થિતિ અત્યંત મુશ્કેલ જણાય ત્યારે ઍરિસ્ટૉટલ વ્યવહારુ માર્ગ સૂચવે છે: એવા સંજોગોમાં બીજો ઉત્તમ માર્ગ (second best course) અખત્યાર કરવો હિતાવહ છે. 'ન મામા કરતાં કહેણો મામો સારો' એ ન્યાયે બે આત્યંતિકોમાંથી ઓછો અનિષ્ટકારી માર્ગ સ્વીકારવો જોઈએ.

## ઍરિસ્ટૉટલનું સમાજ/રાજ્યશાસ્ત્ર

મનુષ્ય સામાજિક અથવા રાજકીય પ્રાણી હોઈ અન્ય મનુષ્યો સાથે તેણે કેવી રીતે વર્તવું, જેથી સૌનો ઉત્કર્ષ થાય, તેનો અભ્યાસ કરતું શાસ્ત્ર તે 'રાજ્યશાસ્ત્ર' છે. ઍરિસ્ટૉટલ રાજ્યશાસ્ત્રને નીતિશાસ્ત્રના ભાગ તરીકે નિહાળે છે. તે દૃઢપણે માને છે કે મનુષ્યની નીતિમત્તા તત્ત્વતઃ સામાજિક છે. સમાજ કે રાજ્યની બહાર કે તેનાથી અળગા રહીને વ્યક્તિ માટે નૈતિક થવું કે રહેવું શક્ય નથી. **"રાજ્યવિહોણી વ્યક્તિ કાં તો પશુ હોય, કાં તો દેવ હોય; મનુષ્ય તો હોઈ જ ન શકે."** મનુષ્ય રાજ્યમાં જ પોતાનું સર્વોચ્ચ શ્રેય પામી શકે, પોતાનો સર્વતોમુખી વિકાસ સાધી શકે. ઍરિસ્ટૉટલ કહે છે: "મનુષ્ય જીવન ગુજારે તે માટે નહિ પણ સારું જીવન (good life) ગાળે તે માટે રાજ્યનું અસ્તિત્વ છે. આમ, રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જીવન માટેની જરૂરી પરિસ્થિતિઓનાં સર્જન અને સંગોપનની જાણકારી મેળવવાનાં માત્ર વ્યવહારુ કારણોસર જ નહિ, બલકે નૈતિક કારણોસર પણ કરવો જોઈએ.

રાજ્યમાં જ વ્યક્તિ પોતાનું પૂર્ણત્વ પામી શકે, તેની સમજૂતી તેની તત્ત્વમીમાંસાને આધારે પણ આપી શકાય. રાજ્ય એ 'રૂપ' વા વિચારતત્ત્વ છે, વ્યક્તિ 'ઉપાદાન' છે. રૂપમાં ઉપાદાનનો સમાવેશ થઈ જાય છે, તેમ રાજ્યમાં વ્યક્તિ પોતાની પૂર્ણતાને પામે છે. પણ તેથી વ્યક્તિ મિથ્યા છે, તેનું પોતાનું આગવું કશું મૂલ્ય કે મહત્ત્વ નથી, અને રાજ્ય જ સર્વ છે, એમ ઍરિસ્ટૉટલ માનતો નથી. ઊલટું, તેણે આ અંગે પ્લેટોની આકરી ટીકા કરી છે.

ઍરિસ્ટૉટલે રાજ્યનાં ઉદ્‌ભવ અને સાતત્યનો અંતિમ હેતુવાદી—ઉત્ક્રાંતિવાદી ખુલાસો આપ્યો છે. સ્ત્રી-પુરુષ સંબંધ અને માલિક-ગુલામ સંબંધ — એ બે થકી કુટુંબ ઉદ્‌ભવે છે. તે કેટલીક જરૂરિયાતો સંતોષે છે, પણ તે સ્વાવલંબી નથી. કેટલાંક કુટુંબો સંગઠિત થઈને જ્યારે ગ્રામ રચાય છે, ત્યારે કેટલીક વિશેષ જરૂરિયાતો સંતોષાય છે, છતાં તે પૂર્ણ સ્વાવલંબી બનતું નથી. જ્યારે પૂર્ણપણે સ્વાવલંબી કહી શકાય એટલા વિશાળ પણ એક જ સમુદાયમાં અનેક ગ્રામ સંગઠિત થાય છે, ત્યારે **રાજ્ય**

અસ્તિત્વમાં આવે છે. બધાં સામાજિક સ્વરૂપોને અંતે તે આવે છે અને 'સ્વાવલંબન' એ અંતિમ ધ્યેય હોઈ, તેમાં તે ધ્યેય પરિપૂર્ણ થાય છે. જીવનનિર્વાહ અને સંતાનોના ઉછેર માટે કુટુંબ, ભૌતિક જરૂરિયાતો માટે ગુલામી અને મિલકત, અને છેલ્લે સંસ્કારી, સ્વાવલંબી નીતિપૂર્ણ બુદ્ધિમય જીવન માટે રાજ્ય એમ વિવિધ સંસ્થાઓ અસ્તિત્વમાં આવે છે. અને દરેકનું પોતપોતાનું આગવું મૂલ્ય–મહત્ત્વ છે; એટલું જ નહિ, અંતિમ ધ્યેયની સિદ્ધિમાં પણ તે દરેકનો મહત્ત્વનો ફાળો હોઈ કશું ફોગટ કે નિરર્થક નથી. આથી જ ઍરિસ્ટોટલ કુટુંબ, મિલકત વગેરે સંસ્થાઓ નાબૂદ કરીને સહિયારી, સામ્યવાદી વ્યવસ્થાની હિમાયત કરવા માટે પ્લેટોની આકરી ટીકા કરે છે.

ઍરિસ્ટોટલે ગુલામી અને ખાનગી મિલકતનો બચાવ સૈદ્ધાંતિક અને વ્યવહારુ બેઉ કારણોસર કર્યો છે. સ્વભાવથી જ કેટલાક લોકો સ્વતંત્રપણે વિચાર અને નિર્ણય કરવાની શક્તિ ધરાવે છે, તે 'માલિકો' છે; અને જેઓ તેમ કરવાની શક્તિ કુદરતી રીતે ધરાવતા નથી તે 'ગુલામો' છે. આમ હોવાથી, માલિકોનું ગુલામો પરનું શાસન બેઉ માટે ઇચ્છનીય અને સલાહભર્યું છે. ગુલામ શારીરિક શ્રમનાં કાર્યો ઉપાડી લેતો હોવાથી માલિકને જરૂરી નવરાશ મળે છે; તે સમયનો ઉપયોગ તે તત્ત્વચિંતન અને રાજકારણમાં કરી શકે છે. આનાથી માલિકનું વ્યક્તિત્વ સમૃદ્ધ બને છે, જેનો લાભ માલિકની સાથે રહેવાથી ગુલામોનેય મળે છે. આમ, માલિક અને ગુલામ પરસ્પર પૂરક છે. દમન, બળજબરી કે શોષણ પર આધારિત ગુલામી-પ્રથાનો તેણે બચાવ કર્યો નથી. માત્ર 'સ્વભાવજન્ય ગુલામી'નો તેણે બચાવ કર્યો છે.

કુટુંબ અથવા રાજ્યતંત્ર બેઉનાં જીવન ટકાવવાના સાધન તરીકે મિલકત ઉપયોગી છે, એમ ઍરિસ્ટોટલનું પ્રતિપાદન છે. સાધન તરીકે મિલકતની સૌથી મોટી મર્યાદા છે તેનું સાધ્ય. એટલે કે કુટુંબ અથવા રાજ્યના સમુચિત નિર્વહન માટેની જરૂરિયાતથી વધારે મિલકત ન હોવી જોઈએ, ન તેનાથી ઓછી હોવી જોઈએ, બલકે ઇષ્ટતમ હોવી જોઈએ.

ખાનગી મિલકતના લાભ અને ગેરલાભ બેઉ વિષે સમતોલ વિચાર કરીને તેણે મિલકતની સમસ્યાનો ઉકેલ આ રીતે આપ્યો છે : સામાન્ય નિયમ તરીકે મિલકત 'ખાનગી' હોવી જોઈએ; પણ તેના ઉપયોગની બાબતમાં સહિયારી હોવી જોઈએ. **માલિકી વૈયક્તિક પણ ઉપયોગ સહિયારો.** આમ થતાં કેટલાક વૈયક્તિક તથા સામાજિક ગુણોના વિકાસમાં સહાય થશે; જેમ કે 'વૈયક્તિક માલિકી'થી મહેનત કરવાની વૃત્તિ, અભિક્રમ માટેની કાર્યક્ષમતા, ચીવટ વગેરે વિકસશે; તો 'સહિયારા ઉપયોગ'થી ભલમનસાઈ, મૈત્રી, ઉદારતા, નિર્દોષ આનંદ વૃદ્ધિ પામશે.

ઍરિસ્ટોટલના રાજકીય વિચારો પ્લેટોના રાજકીય વિચારોથી ઘણા જુદા પડે છે. તત્ત્વચિંતક-શાસકનું શાસન આદર્શમાં ભલે શ્રેષ્ઠ હોય, પણ તે અવ્યવહારુ હોવાથી ઍરિસ્ટોટલ બંધારણીય શાસનને ઉત્તમ ગણે છે. એનું આ અંગેનું ચિંતન આધુનિક રાજકીય સિદ્ધાંતની દૃષ્ટિએ મહત્ત્વનું પ્રદાન છે. તેના મતે, કોઈ પણ સારા રાજ્યમાં કાનૂન સર્વોપરી હોવો જોઈએ, કોઈ વ્યક્તિ નહિ; ભલેને તે વ્યક્તિ ગમે તેટલી મહાન કે સદ્ગુણી કેમ ન હોય! "ઇચ્છાઓ અથવા તૃષ્ણાઓથી અસ્પૃષ્ટ એવા બૌદ્ધિક વિવેક" સમા કાયદાને હસ્તક રાજ્યની સર્વોપરી સત્તા હોવી જોઈએ. કાયદાનું શાસન અથવા બંધારણીય શાસન એ સ્વયં સારા અથવા આદર્શ રાજ્યતંત્રનું અંગભૂત લક્ષણ છે, કારણ કે આ શાસન હેઠળ નાગરિકો બંધારણ અનુસાર વારાફરતી શાસકો અને શાસિતો બનતા રહે છે; આથી બેઉની સ્વતંત્રતા અને બેઉ વચ્ચેની સ્વતંત્રતા તથા સમાનતા અકબંધ જળવાય છે, જે બીજા કોઈ પણ પ્રકારના શાસન હેઠળ શક્ય નથી.

* ઉપરાંત, બંધારણીય શાસન એ શાસિતોની સંમતિ પર આધારિત છે, તેમને માથે લાદવામાં આવેલ શાસન નથી.

એરિસ્ટોટલે તેના સમયનાં જાણીતાં દોઢસો જેટલાં બંધારણોનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો અને મહત્ત્વના સ્મૃતિકારોના વિચારોની સમીક્ષા કરી હતી. આ અભ્યાસને અંતે તે એવા તારણ પર આવ્યો હતો કે, **રાજ્ય અને નાગરિક** એ સાપેક્ષ પદો છે. સારો માણસ તથા સારો નાગરિક બંને એક જ હોય તે આદર્શ રાજ્ય સિવાય શક્ય નથી. નાગરિકનો ગુણ એણે જે સરકાર અથવા બંધારણ હેઠળ રહેવાનું છે, તેની સાથે સાપેક્ષ છે. બંધારણીય શાસનનો નાગરિક ધર્મ, અલ્પજનશાહી કે જુલમગારશાહીના નાગરિક ધર્મ કરતાં સાવ જુદો અને ક્યારેક તો સાવ વિપરીત હોય તેમ બને!

*

એરિસ્ટોટલે સરકારોનું છ પ્રકારોમાં વર્ગીકરણ કર્યું છે: (અ) કાયદાની સર્વોપરિતાને સ્વીકારીને સૌના ભલામાં શાસન કરતા આ ત્રણ પ્રકારો–'રાજાશાહી' (monarchy), 'કુલીનશાહી' (aristocracy) અને 'બંધારણીય લોકશાહી' (constitutional democracy) સરકારનાં સાચાં અથવા શુદ્ધ સ્વરૂપો છે. એથી ઊલટું, (બ) આપખુદીથી ચાલતાં અને માત્ર શાસક-વર્ગના હિતમાં શાસન કરતાં સરકારનાં ત્રણ સ્વરૂપો–'આપખુદશાહી' (autocracy), 'અલ્પજનશાહી' (oligarchy) અને 'ટોળાંશાહી' (mobism) સરકારનાં વિકૃત અથવા અશુદ્ધ સ્વરૂપો છે.

એરિસ્ટોટલ કહે છે કે માત્ર સંખ્યાને આધારે સરકારોનું વર્ગીકરણ કરનારા વસ્તુસ્થિતિની સંકુલતા ધ્યાનમાં લેતા નથી. સત્તાના બે વિરોધી દાવા પર આધારિત વર્ગીકરણ વધુ વાસ્તવિક છે. પહેલો દાવો છે ધનસંપત્તિ અથવા મિલકત ધરાવનારાઓનો; તો સામે પક્ષે બીજો દાવો છે વધુ મોટી સંખ્યામાં લોકોના કલ્યાણનો. પ્લેટોની દૃષ્ટિએ સદ્‌ગુણ, જ્ઞાન અને શાણપણનો દાવો સૌથી ચઢિયાતો છે, અને તેથી તે તત્ત્વચિંતક-શાસકની હિમાયત કરે છે. સિદ્ધાંતમાં તો એરિસ્ટોટલ પણ આ દાવા સાથે સહમત થાય છે. પણ વ્યવહારમાં શાણપણ અને જ્ઞાનના હાથમાં સત્તા કેવી રીતે મૂકવી તે જ ખરી સમસ્યા છે.

એરિસ્ટોટલ આ બન્ને દાવાઓ વચ્ચે સમાધાન અને સમન્વય સાધવાનો પ્રયાસ કરે છે અને લોકશાહી તથા અલ્પજનશાહીની આત્યંતિકતાઓ ટાળીને બન્નેનાં સારાં તત્ત્વોનો **વિવેકપૂર્ણ સમન્વય** કરતા 'મિશ્ર રાજ્યતંત્ર'ની હિમાયત કરે છે. રાજ્યતંત્રના આવા મિશ્ર સ્વરૂપનો સામાજિક પાયો વિશાળ મધ્યમ વર્ગનો બનેલો હોવાથી, તેમાં 'ક્રાંતિ' અથવા બળવો થવાની સંભાવના ઓછી રહે. આ મિશ્ર રાજ્યતંત્રની રચના માટે તેનું સૂચન છે કે રાજ્યના વિશાળ પ્રશ્નોની ચર્ચાવિચારણા કરવાના કાર્યમાં અને **સત્તાધારકો પર નિયંત્રણ રાખવાના કાર્યમાં સૌને સંમિલિત કરી શકાય**; તે માટે કોઈ ખાસ લાયકાત ન રખાય અથવા મામૂલી લાયકાત રખાય. પરંતુ રાજ્યના જવાબદાર હોદ્દાઓ માટે ખાસ જરૂરી લાયકાતની–દા. ત., ધનસંપત્તિ, શિક્ષણ, જ્ઞાન, તાલીમ વગેરેની–અપેક્ષા રાખવામાં આવે.

આમ, સમન્વયવાદી અને વ્યવહારાભિમુખ એરિસ્ટોટલ સંખ્યા તથા ગુણવત્તા અને લોકમત તથા કાર્યક્ષમતા બેઉનો સમન્વય સાધતા રાજ્યતંત્રની હિમાયત કરે છે. જેટલા પ્રમાણમાં આમાં સફળતા મળે, તેટલા પ્રમાણમાં સરકારની સ્થિરતા જળવાવાની.

## એરિસ્ટોટલનું સૌંદર્યશાસ્ત્ર

એરિસ્ટોટલ મહાન તત્ત્વજ્ઞાની હતો પણ શુષ્ક પોથીપંડિત ન હતો. તેના સમયનો તે મોટો સૌંદર્યમીમાંસક અને કળાપારખુ હતો. કળા, સૌંદર્ય અથવા કાવ્ય જેવી પ્રવૃત્તિઓનું વિવેચન કેવી રીતે કરી શકાય, તેના કેટલાક સામાન્ય સિદ્ધાંતો રજૂ કરવાનું માન તેને ફાળે જાય છે.

કળાનુ સ્વરૂપ શું છે, તેની સમજૂતી આપતાં પહેલાં તે શું નથી એ સ્પષ્ટ કરે છે : તે કહે છે કે કળા અને નીતિમત્તા વચ્ચે તફાવત છે. નીતિને ક્રિયા સાથે લેવાદેવા છે; નીતિ ક્રિયામાં સમાવિષ્ટ છે. જ્યારે કળાને સર્જન સાથે સંબંધ છે; ક્રિયા જેનું સર્જન કરે છે, તેની સાથે કળાને સંબંધ છે. નીતિ ક્રિયા સાથે સંબંધિત હોવાથી ક્રિયા કરનાર વ્યક્તિ તેમાં મહત્ત્વની ઘટક છે અને વ્યક્તિની મનોસ્થિતિ–તેની ઈચ્છાઓ, આકાંક્ષાઓ, લાગણીઓ વગેરે–તેની ક્રિયાને પ્રભાવિત કરતી હોવાથી નીતિશાસ્ત્રે તેને ગણતરીમાં લેવી પડે છે. કળાકારની બાબતમાં તેની મનોસ્થિતિ એટલી મહત્ત્વની નથી. ક્રિયાને અંતે થતી કળાકૃતિ સુંદર છે કે કેમ, તેની સાથે કળાના શાસ્ત્ર કે સૌંદર્યશાસ્ત્રને લેવાદેવા છે.

કળા અને પ્રકૃતિ વચ્ચે પણ ભેદ છે. પ્રકૃતિમાં સજીવો પ્રજનન દ્વારા સર્જન કરે છે, તેમ કળાકાર પણ સર્જન કરે છે. પણ તેમની વચ્ચે ભેદ એ છે કે સજીવો પોતાના જેવા જ સજીવને પેદા કરે છે, જ્યારે કળાકાર પોતાના જેવાનું ઉપરાંત પોતાનાથી તદ્દન ભિન્ન પ્રકારની વસ્તુઓનું પણ સર્જન કરે છે. કાવ્ય, નાટક, ચિત્ર, મૂર્તિ, સ્થાપત્ય વગેરેનું તે સર્જન કરે છે.

ઍરિસ્ટોટલ કળાના બે પ્રકાર પાડે છે : એક, જેમાં પ્રકૃતિના કાર્યની ઊણપ અથવા અધૂરપ પૂર્ણ કરવામાં આવતી હોય. દા. ત., વ્યાયામવિદ્યા અથવા તબીબીવિદ્યા. તંદુરસ્ત, નીરોગી શરીર પેદા કરવામાં પ્રકૃતિ ઊણી ઊતરે ત્યારે તબીબ અથવા વ્યાયામશાસ્ત્રી કુદરતને મદદરૂપ થઈને તે ઊણપ પૂરી કરવાનો પ્રયાસ કરે છે. બીજા પ્રકારની કળામાં કળાકાર પોતાની કલ્પનાશક્તિની મદદથી કશુંક નવું સર્જવાની પ્રવૃત્તિ કરતો હોય છે. તેમાં લલિતકળાઓ( fine arts ) અથવા અનુકરણાત્મક( imitative ) કળાઓનો સમાવેશ થાય છે. દા. ત., ચિત્રકળા, શિલ્પકળા, વગેરે.

બીજા પ્રકારની કળાઓની બાબતમાં પ્લેટો અને ઍરિસ્ટોટલના અભિપ્રાયોમાં તફાવત છે. પ્લેટો કળાને અનુકરણનું અનુકરણ કહે છે. ઇન્દ્રિયગ્રાહ્ય વિષયો એ વિચારોનું અનુકરણ છે અને કળા એ તો એ વિષયોનું અનુકરણ છે. આમ, કળા વિચારની, જે અંતિમ સત્-તત્ત્વ છે તેની, વિકૃતિનીય વિકૃતિ છે. આથી તે પોતાના આદર્શ રાજ્યમાંથી કળાને દેશવટો આપવાની ભલામણ કરે છે.

ઍરિસ્ટોટલ કહે છે કે કળા મૂળ વસ્તુની અનુકૃતિ છે. તેનો વિષય આ કે તે વિશિષ્ટ વસ્તુની નકલ રજૂ કરવાનો નથી પણ વિશિષ્ટ વસ્તુઓમાં જે સાર્વત્રિક અભિવ્યક્ત થાય છે, તેની અનુકૃતિ રજૂ કરવાનો છે. આમ, તેની દૃષ્ટિએ કળા પ્રકૃતિને વિચારીકૃત ( idealise ) કરી, તેમાં રહેલ વિચાર અથવા સાર્વત્રિકને પોતાની કળાકૃતિ દ્વારા વ્યક્ત કરવાનો પ્રયાસ કરે છે. આ અર્થમાં કળા ઈતિહાસ કરતાં સત્યની વધુ નજીક છે અને તેથી તે વધુ 'ફિલોસોફિકલ' છે. ઈતિહાસ હકીકતો રજૂ કરે છે; એટલે કે વિશેષને વિશેષ તરીકે જ જોઈને રજૂ કરવાનો પ્રયાસ કરે છે; જ્યારે કળા વિશેષ પાછળના સાર્વત્રિકને વ્યક્ત કરવાનો પ્રયાસ કરે છે અને વિચાર અથવા સાર્વત્રિકનું ચિંતન તત્ત્વજ્ઞાન કરે છે. આમ, તત્ત્વજ્ઞાનનું સ્થાન પહેલું, ત્યાર બાદ કળા અને છેલ્લે ઈતિહાસ આવે છે. એ ત્રણે પોતપોતાની રીતે ઉપયોગી અને ખપનાં હોવાથી એકને ખાતર બીજાને કચડવાનો પ્રયાસ ન કરવો જોઈએ એમ તે ભારપૂર્વક જણાવે છે.

કરુણાપ્રધાન નાટકોનું સમાજજીવનમાં મહત્ત્વનું સ્થાન છે, એવો તેનો અભિપ્રાય છે. મહાન પુરુષોની યાતનાઓનું નિરૂપણ આપણાં હૃદયમાં દયા અને ભયની લાગણીઓ ઉત્તેજિત કરે છે, જેનાથી આપણા આત્મા શુદ્ધ થતાં એક પ્રકારની ગાઢ શાંતિની આપણને અનુભૂતિ થાય છે. આવાં નાટકો આપણા હૃદય અથવા આત્માનો મેલ દૂર કરે છે, તેથી તે ઉપયોગી છે.

●

# ગ્રીક (પ્લેટો) અને ભારતીય (ઉપનિષદ) ચિંતન

સ્થાપિત થયેલી હકીકત છે કે ઍલેક્ઝાન્ડરે ભારતની ધરતી પર પગ મૂક્યો એ પહેલાં ગ્રીસ અને ભારત વચ્ચે સંપર્કો અસ્તિત્વ ધરાવતા હતા અને સાહિત્ય, વિજ્ઞાન, ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રોમાં બંને વચ્ચે ઠીક ઠીક આદાનપ્રદાન પણ થયેલું. ભારતના કેટલાક વિદ્વાન પુરુષોએ ઍથેન્સની મુલાકાત લીધેલી અને સૉક્રેટિસ સાથે ચર્ચાઓ પણ કરેલી એવા ઉલ્લેખો પણ મળે છે. આજની જેમ એ વખતે જગત પૂર્વ–પશ્ચિમ કે એશિયા–યુરોપ એ રીતે વહેંચાયેલું ન હતું. માનવઈતિહાસના ઉષ:કાળે હેલેનિક માનવવાદ અને ભારતના અધ્યાત્મ વચ્ચે થયેલ આ આદાનપ્રદાનને શુભસંકેત ગણવો જોઈએ.

પશ્ચિમી તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનનો પાયો નાખનાર આયોનિયન ચિંતકો અને વેદો–ઉપનિષદોના ઋષિઓના વિચારોમાં આશ્ચર્યજનક સામ્ય જોવા મળે છે. 'જેને જાણવાથી બધું જાણી શકાય', એવી તત્ત્વમીમાંસાનું ચિંતન કરનારા ઉપનિષદોના ઋષિઓની શોધ તથા એલિયાના વિચારસંપ્રદાયના વિવિધ ચિંતકોની જગતના અંતિમ કારણરૂપ તત્ત્વની શોધમાં ઘણું બધું સરખાપણું છે. ત્યાં સૉક્રેટિસ કહે છે, 'તારી જાતને ઓળખ' ('know thyself'); અહીં ભારતના ઋષિઓ પડઘો પાડે છે: 'आत्मानम् विद्धि'.

ગ્રીક અને પશ્ચિમી તત્ત્વજ્ઞાનમાં પ્લેટોનું, તે રીતે ભારતીય તત્ત્વજ્ઞાનમાં ઉપનિષદોનું સ્થાન અદ્વિતીય છે. બન્નેના ચિંતન વચ્ચે અદ્ભુત સામ્ય જોવા મળે છે. બન્નેમાં તત્ત્વજ્ઞાનના મુદ્દાઓની ચર્ચા સંવાદ-પદ્ધતિ દ્વારા કરવામાં આવી છે અને તેમની સમજણ આપવા કાવ્યમય ભાષા, પ્રતીકો અને ઉપમાઓનો ઠીક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્ઞાન મેળવવાની વાદવિવાદની પદ્ધતિ ગ્રીસમાં વધુ બૌદ્ધિક છે, જ્યારે ભારતમાં તે વધુ ગૂઢવાદી છે. પ્લેટોના સંવાદોમાં સૉક્રેટિસ મુખ્ય વક્તા છે, જ્યારે ઉપનિષદોમાં આરુણિ (છાંદોગ્ય), યાજ્ઞવલ્કય (બૃહદારણ્યક), મૈત્રેયી (મૈત્રેયી), નચિકેતા (કઠ) મુખ્ય વ્યક્તિઓ છે.

બન્ને બાહ્યજગત અથવા ઈન્દ્રિયજગતના જ્ઞાનને મિથ્યા ગણે છે; જ્યારે જગતના અંતિમ કારણરૂપ તત્ત્વરૂપ (Form) અથવા વિચાર નું જ્ઞાન (પ્લેટો) તેમજ બ્રહ્મ (ઉપનિષદો)નું જ્ઞાન એ જ સાચું જ્ઞાન છે, એમ માને છે. આ માટે બન્ને 'સ્વ' અથવા આત્માના જ્ઞાન પર ભાર મૂકે છે. ચિંતનમય મન (પ્લેટો) અથવા પ્રબુદ્ધ આત્મા (ઉપનિષદો) જ આ અંતિમ કારણરૂપ તત્ત્વને જાણી શકે, પામી શકે. બન્ને 'સ્વ' અથવા આત્મા અને પરમતત્ત્વ એક જ છે, અવિદ્યાને કારણે 'સ્વ' પોતાનું સાચું સ્વરૂપ પારખી શકતો નથી પણ તેનો મોક્ષ તો પરમતત્ત્વ સાથેના સાયુજ્યમાં જ રહેલો છે, એમ માને છે.

અંતિમ પરમતત્ત્વ સંબંધી બન્નેની વિભાવનામાં પણ ઘણું સામ્ય છે. નિર્ગુણ, નિરાકાર, અનાદિ, અનંત, શાશ્વત, અશારીરી એવા પરમતત્ત્વની વિભાવના બન્નેમાં જોવા મળે છે. વળી એ પરમતત્ત્વ 'બહુ' નહિ પણ एक જ છે, એમ બન્નેનો ઝોક અદ્વૈત પર છે. ઈન્દ્રિયજગતને પ્લેટો નિરપેક્ષ પરમતત્ત્વની 'છાયા' અથવા 'અનુકૃતિ' કહે છે; જ્યારે ઉપનિષદોમાં તેને 'માયા' તરીકે અથવા પરમતત્ત્વની 'લીલા' તરીકે વર્ણવી છે. ઉપરાંત, એ પરમતત્ત્વનું જ્ઞાન ઈન્દ્રિયોથી નહિ પણ વિચાર અથવા ચિંતનથી જ મેળવી શકાય એમ પણ તેઓ બંને માને છે. તેમ છતાં, ઈન્દ્રિયો થકી થતું ભાન સાચા જ્ઞાન તરફનું આરંભ-બિંદુ બની શકે તેમ બંને સ્વીકારે છે. એ પરમતત્ત્વ અવર્ણનીય હોઈ માત્ર તેનો અનુભવ જ થઈ શકે, તેમ તેઓ માને છે. અલબત્ત, તેનું વર્ણન નકારથી જ કરી શકાય એવી રજૂઆત બન્નેમાં છે. મૌનમાં, જ્યાં વિચાર અને વિચારક, કર્તા અને વિધેય એવાં દ્વંદ્વોનો સંપૂર્ણ વિલય થાય છે એવી પ્રગાઢ શાન્તિમાં, સ્વ અને બ્રહ્મ વચ્ચે અદ્વૈત સધાય છે, એમ તેઓ માને છે.

અવિનાશી આત્મા અને નાશવંત શરીર વચ્ચેના સંબંધની બાબતમાં પણ પ્લેટો અને ઉપનિષદો વચ્ચે સારું એવું સામ્ય છે : શરીર એ આત્માનું સ્થાનક છે, શરીર મર્ત્ય છે, આત્મા અમર છે. શરીર સાથેના તાદાત્મ્યને કારણે આનંદ-પીડાનો અનુભવ થાય છે. આપણે ('સ્વ') શરીર નહિ આત્મા છીએ, એનું જ્ઞાન થતાં જ શરીર પ્રત્યેની આસક્તિ છૂટી જાય છે, અને પરમતત્ત્વ સાથેના સાયુજ્યનો માર્ગ મોકળો થાય છે.

ઇન્દ્રિયપ્રત્યક્ષથી નિરપેક્ષ પરમતત્ત્વના જ્ઞાન સુધીની અભિજ્ઞાની ત્રણ આનુક્રમિક કક્ષાઓ વિષેના ચિંતનમાં પ્લેટો અને ઉપનિષદો વચ્ચે આશ્ચર્યજનક સામ્ય છે. પુનર્જન્મ અને જીવનચક્ર વિષેના વિચારોમાં પણ ઠીક ઠીક પ્રમાણમાં સામ્ય જોવા મળે છે. નકારાત્મક તેમજ વિધેયાત્મક બેઉ પાસાં સહિતનો મોક્ષનો ખ્યાલ બન્નેમાં જોવા મળે છે. આત્મા ત્રિગુણાત્મક છે, અને તેને આધારે સમાજના ત્રણ વર્ગો અથવા વર્ણો પોતપોતાનો સ્વધર્મ બજાવે, એકબીજાના ક્ષેત્રમાં દખલગીરી ન કરે, એ થયો 'ધર્મ' અથવા પ્લેટોના શબ્દમાં 'ન્યાય' (Justice); એ અનુસારનું વર્તન એ થયો સદ્‌ગુણનો સિદ્ધાંત; અને એની પ્રતીતિ હોવી એ થયું સત્યનું જ્ઞાન. આમ, ધર્મ અને સદ્‌ગુણ (સ્વધર્માચરણ) સંબંધી બંનેના વિચારોમાં ઠીક ઠીક સામ્ય જોવા મળે છે.

*　　　*　　　*

પરંતુ પ્રાચીન ગ્રીક ચિંતન અને ભારતીય ચિંતનનો **સમગ્રતયા** વિચાર કરતાં બન્નેની કેટલીક આગવી લાક્ષણિકતા ધ્યાન ખેંચે છે : (૧) તત્ત્વજ્ઞાન અને ધર્મ વચ્ચે ગાઢ સંબંધ એ ભારતીય ચિંતનની ખાસિયત છે, જે ગ્રીક તત્ત્વચિંતનમાં એટલી માત્રામાં નથી. (૨) બાહ્ય ઇન્દ્રિયજગતનો સ્વીકાર અને બૌદ્ધિક અભિગમ એ ગ્રીક તત્ત્વચિંતનની લાક્ષણિક ખાસિયત ગણાય, જે ભારતીય ચિંતનમાં જોવા મળતી નથી.

(વાસિલિસ જી. વિત્સાક્સિસ કૃત 'પ્લેટો એન્ડ ઉપનિષદ્સ' ગ્રંથના આધારે)

# સૂચિ – ૧ (વ્યક્તિ)


અગ્નિવેશ ૫૮
અજિત કેસ કંબલી ૫૩
અદિતિ ૭
અર્જુન ૩૫–૬, ૪૦
અશોક ૮૫
અંગુલિમાલ ૭૯
આત્રેય ૫૮
આમ્રપાલી ૭૯
આર્યદેવ ૮૯
આલાર કાલામ ૫૭
ઇન્દ્રભૂતિ ૬૮
ઈશ્વરકૃષ્ણ ૫, ૩૭, ૫૮, ૬૧
ઉદ્દાલક આરુણિ ૧૫
ઉદ્યોતકર ૯૦
ઉશનસ (શુક્રાચાર્ય) ૫૧
ઋષભદેવ ૬૮
એકનાથ ૨૫
એનિટસ ૧૬૬
એનેકસીમેનેસ ૧૪૯, ૧૫૬
એનેકસીમેન્ડર ૧૪૮–૯
એનેકસેગોરાસ ૧૬૧
એન્ટિસ્પેનીઝ ૧૭૩
એમ્પેડોકલીઝ ૧૫૫–૧૫૯, ૧૬૧
એરિસ્ટોટલ ૧૩૨, ૧૪૭, ૧૫૬, ૧૬૪, ૧૬૮, ૧૭૪, ૧૮૯–૧૯૯, ૨૦૦–૨૦૨
એરિસ્ટિયસ ૧૭૩
કણાદમુનિ ૬, ૪૪
કન્ફ્યુશિયસ–વાદ, વાદી ૯૬–૯૮, ૧૦૩–૧૦૫, ૧૦૮–૧૧૭, ૧૨૯–૧૩૭, ૧૪૦–૪૧, ૧૪૩
કપિલમુનિ ૫, ૩૭, ૪૪
કબીર ૨૫
કાત્યાયન ૪૮
કાન્ટ ૪૬
કાર્તિકેય ૨૩
કાલિદાસ ૨૫
કુઓ હ્સિયેગ ૧૧૯, ૧૨૫, ૧૩૮
કુંગ-સુન લુંગ ૧૩૪
કૃષ્ણ ૩૫–૪૦
કૌટિલ્ય ૫૧
ક્રાઈસ્ટ જિસસ ૩૪
ગાંધીજી ૧૧૭, ૧૪૬
ગોર્જિયાસ ૧૬૨
ગોશાલક ૧૮૭
ગોસાલ ૫૩–૪
ગૌડપાદાચાર્ય ૧૫, ૧૭, ૧૯
ગૌતમ મુનિ ૫, ૪૪, ૬૮
ગૌસ્વામી ૨૫
ચંડીદાસ ૨૫
ચંદ્રકીર્તિ ૮૯, ૯૦
ચાર્વાક ૫, ૪૭–૮, ૫૧–૫૨
ચુંગહ્સી ૧૪૪
ચૈતન્ય ૨૫
ચ્યાંગ-ત્સુ ૧૧૯–૨૦, ૧૨૨–૧૨૬
જયરાશિ ભટ્ટ ૪૬, ૫૦
જાબાલિ ૫૨
જૈમિની ૧૪૪
ઝેનો ૧૫૧–૧૫૩, ૧૫૯
ઝેનોફેનીઝ ૧૫૧–૧૫૩, ૧૭૮
ઝેનોફોન ૧૬૫, ૧૬૮
ડિમોક્રિટસ ૧૫૯–૧૬૧
ડૉજેન ૩૧૯
તુકારામ ૨૫
તુલસીદાસ ૨૫
તુંગ-ચુંગ-શુ ૧૩૭
થેલ્સ ૧૪૮–૪૯
દક્ષ ૭

દિઙ્નાગ ૮૯–૯૦
દુર્યોધન ૧૭૦
ધર્મકીર્તિ ૮૯–૯૦
નરસિંહ ૨૫, ૧૬૫
નાગાર્જુન ૨૦, ૮૯
નિમ્બકાચાર્ય ૭, ૨૫
પતંજલિ ૫, ૪૪
પરમેષ્ઠી પ્રજાપતિ ૧૨
પરશુરામ ૨૭
પાર્મેન્ડિઝ ૧૫૧–૫૨, ૧૫૫–૫૬, ૧૫૯
પાયથાગોરસ ૧૫૦–૫૧
પાર્શ્વનાથ ૬૮, ૮૮
પાંડુ ૩
પુરંદર ૪૮, ૫૦
પૂરણ કસ્સપ ૫૩, ૫૬
પ્લેટો ૧૪૭, ૧૫૬, ૧૬૩, ૧૬૫–૬૬, ૧૭૧, ૧૭૩–૧૮૮, ૨૦૦–૦૨
પ્રવાહણ જૈવલિ ૨૨
પ્રોટેગોરાસ ૧૬૨–૬૪
બાદરાયણ ૬, ૧૫, ૪૪
બુદ્ધ (ગૌતમ) ૫૫, ૫૭, ૭૭–૮, ૮૧, ૮૪–૫, ૮૭
બુદ્ધઘોષ ૫૦
બેલટ્ઠિપુત્ત સંજય ૫૫
બોઈથિયસ ૨૦૩
બ્રહ્મા ૧૨–૧૪, ૩૨
બૃહસ્પતિ ૮, ૪૮, ૫૧
ભર્તૃહરિ ૩૩
ભાગુરિ ૪૮
ભાસ્કરાચાર્ય ૨૦
મધ્વાચાર્ય ૭, ૨૫, ૩૩
મનુ ૩, ૪, ૨૧, ૨૩, ૨૭
મહાપ્રજાપતિ ગૌતમી ૭૯
મહાવીર સ્વામી ૫૩, ૫૫, ૫૭, ૬૮
મહેન્દ્ર ૮૫
મહેશ્વર ૩૨
માઠર ૫૯
માયાદેવી ૭૮, ૮૫, ૮૭
મીરાં ૨૫
મેન્શિયસ (મેન્ગ-ત્સુ) ૧૧૭, ૧૨૮–૩૩, ૧૪૧, ૧૪૩–૪૪
મેરિટસ ૧૬૬
મોત્સુ ૧૧૭–૧૮,
યશોમિત્ર ૮૯
યાઓ ૯૫, ૧૪૪
યાકોબી ૫૭, ૫૮
યાજ્ઞવલ્ક્ય ૩, ૨૧, ૫૨
યાંગ ૯૫, ૧૦૦, ૧૦૩, ૧૩૭, ૧૪૪, ૧૪૬
યિન ૯૫, ૧૦૦, ૧૦૩, ૧૩૭, ૧૪૪, ૧૪૬
યુકિલડીઝ ૧૭૩
રાધાકૃષ્ણન ૬૬
રામચંદ્ર ૩
રામાનુજાચાર્ય ૭, ૧૮, ૨૦, ૨૫, ૩૩
રુદ્ર ૩૨
રુદ્રક રામપુત્ર ૭૮
લાઓ-ત્સે ૯૬–૯૯, ૧૦૧–૦૫, ૧૦૭, ૧૦૯, ૧૧૯, ૧૨૩, ૧૨૭
લાયકોન ૧૬૬
લિન યુતાંગ ૧૦૪, ૧૧૨, ૧૧૪, ૧૧૬
લુઈપાદ ૮૭
લુ-હ્સિયંગ–શુન ૧૪૦
લ્યુસિયસ ૧૫૯
વરુણ ૨, ૧૪, ૨૪
વલ્લભાચાર્ય ૭, ૨૦, ૩૩
વસુબંધુ ૮૮–૮૯
વાચસ્પતિ મિશ્ર ૫૯, ૯૦
વાત્સીપુત્ર ૮૪
વાત્સ્યાયન ૯૦
વાન્ગ ચુંગ ૧૩૭
વાન્ગ યાન્ગ મિંગ ૧૪૩
વાલ્મીકિ ૩
વિજ્ઞાનભિક્ષુ ૩૩, ૬૪, ૬૭
વિમલપુત્ર ૮૮
વિવેકાનંદ ૩૬
વિષ્ણુ ૨૩, ૩૨–૩૩

વિશ્વામિત્ર ૨૭
વૈશંપાયન ૧
વ્યાસ ૧, ૩
શંકરાચાર્ય ૬, ૭, ૧૫–૨૦, ૨૨, ૨૪–૫, ૩૩, ૫૫, ૫૯
શિવ ૨૩, ૨૫
શીલાંક ૫૪
શુક્રાચાર્ય ૫૨
શુદ્ધોદન ૭૮
શુન ૧૪૪
શ્વેતકેતુ ૧૦—૧૫
શ્રીકંઠ ૩૩
શ્રીધર ૫૨
સદાશિવ ૩૨
સરહપાદ ૮૭
સાનાતનિ ૫૦
સિકંદર ૬૬
સુધર્મા ૬૮
સુમન્તુ ૧
સૂરદાસ ૨૫
સૉક્રેટિસ ૧૦૮, ૧૪૩, ૧૪૭—૪૮, ૧૫૯, ૧૬૬–૧૭૩, ૧૭૮, ૧૮૨, ૧૯૭
સ્પીનોઝા ૧૨૩
હરિભદ્ર સૂરિ ૪૯
હસ્ટન સ્મિથ ૧૦૪, ૧૧૧
હીન ફેઈત્સુ ૧૩૫
હિપ્પીયાસ ૧૬૨
હુ શિહ ૧૪૧
હુઆન ત્સુ ૧૨૮
હુઈ શિહ ૧૪૧
હેરાકલીટસ ૧૫૩—૫૬,
હ્સૂન-ત્સુ ૧૩૫, ૧૪૪


★

## સૂચિ–૨ (સંજ્ઞા)


અક્રિયાવાદ ૫૩, ૫૬
અત્તદ વ્યાવૃત્તિ ૧૩
અથર્વવેદ ૧, ૧૦
અદ્વૈત ૧૭
અધ્યાસવાદ ૧૬
અનેકતત્ત્વવાદ ૧૫૫
અનેકાન્તવાદ ૭૪, ૧૨૪
અન્તઃકરણ ૧૫, ૬૪
અર્થશાસ્ત્ર ૫૧
અષ્ટાંગયોગ ૫, ૬૩
અંગુત્તરનિકાય ૪૮, ૫૩
અંશાશિભાવ ૧૮
આરણ્યક ૨, ૨૪
ઈશાવસ્ય ઉપનિષદ ૧૩
ઉચ્છેદવાદ ૫૩
ઉત્તરમીમાંસા ૫, ૬, ૧૨, ૩૯, ૪૭, ૫૬
ઉપનિષદ ૨, ૬, ૯, ૧૨, ૧૫, ૨૨, ૩૫–૬, ૪૩, ૫૬–૭, ૬૦, ૭૮
ઋત ૧૪
ઋગ્વેદ ૧, ૨, ૭–૯, ૨૭, ૫૬
કઠોપનિષદ ૧૩, ૪૩, ૫૨, ૫૬
કેવલાદ્વૈત ૭, ૧૫–૧૭
કૈવલ્ય ૪૩
કૌલાચાર ૪
ગૃહ્યસૂત્ર ૨, ૩
ચુંગ યુગ (મધ્યમાર્ગ) ૧૧૩, ૧૩૦
ચુંગ-શુ (Chung-Shu) ૧૧૧, ૧૧૪
જ્ઞાનકર્મ સમુચ્ચયવાદ ૧૮
છંદ ૨
છાંદોગ્ય ઉપનિષદ ૯, ૧૫, ૨૨, ૫૨, ૫૭
જયમંગલા ૫૯
જેન-યિ (jen-yi) ૧૧૧, ૧૧૪
જૈન ૫, ૨૨, ૪૭, ૫૪, ૫૬–૭, ૬૮–૭૭
તત્ત્વસાક્ષાત્કાર ૧૫
તત્ત્વોપપ્લવસિંહ ૪૬, ૫૦
તર્કમૂલક સિદ્ધાંત ૧૫

તંત્રો ૪, ૮૭
તાઓ ૯૭–૧૦૧, ૧૨૦–૧૨૧
ત્રિસ્વભાવવાદ ૧૭
તે (Te) ૧૧૧, ૧૧૪
તૈત્તરીય ઉપનિષદ ૧૦, ૧૨, ૧૬
દક્ષિણમાર્ગ ૪
દિવ્યાવદાન ૪૮
દીઘનિકાય ૪૮, ૫૩
દ્વૈત ૭, ૧૬
દ્વૈતાદ્વૈત ૬
ધર્મસૂત્ર ૨, ૩
નાસદીય સૂક્ત ૮, ૯, ૫૬
નિરુક્ત ૨
નેતિનેતિ ૧૩
નૈષ્કર્મ્યસિદ્ધિ ૧૮
ન્યાય ૫, ૧૧, ૪૭
પરમાણુવાદ ૧૫૫, ૧૫૯
પરિણામવાદ ૬૦
પાંચરાત્ર સંહિતા ૪
પુરુષસૂક્ત ૭, ૨૭
પૂર્વમીમાંસા ૫, ૬, ૧૨, ૩૯, ૪૭
પ્રતીત્ય સમુત્પાદ ૮૨–૩, ૮૮–૯
પ્રસ્થાનત્રયી ૬, ૧૫
બાહ-કુઆ (Bah-Kua) ૧૦૦
બૌદ્ધ ૫, ૧૭, ૨૦, ૨૨, ૪૭–૪૮, ૫૩, ૫૭, ૫૮–૬૭, ૧૪૬
બ્રહ્મજગત્કારણવાદ ૬
બ્રહ્મવિદ્યા ૩૫–૬
બ્રહ્મસૂત્ર ૬, ૧૫, ૩૫–૬
બ્રાહ્મણગ્રંથો ૨, ૪, ૯, ૨૩
બ્રાહ્મીસ્થિતિ ૧૮
બૃહદારણ્યક ઉપનિષદ ૧૦, ૧૭, ૨૨, ૫૨
ભક્તિસૂત્ર (નારદ) ૨૫
ભગવદ્‌ગીતા ૪, ૬, ૧૫, ૨૨, ૨૪, ૨૭, ૩૫–૪૧, ૫૨, ૧૬૫
ભર્તૃપ્રપંચ ૧૮, ૩૩
મનુસ્મૃતિ ૩, ૨૧, ૨૬–૩૨
મહાભારત ૩, ૪, ૫૨, ૫૮
માઠરવૃત્તિ ૫૯
માયા માયાવાદ ૧૫
મુંડકોપનિષદ ૧૬, ૪૩
મૂલમધ્યમ કારિકા ૨૦
મૈત્રાયણી ઉપનિષદ ૫૧, ૫૨, ૫૭
યજુર્વેદ ૧
યાજ્ઞવલ્કય સ્મૃતિ ૩
યુક્તિદીપિકા ૫૯, ૬૪
યોગ ૫, ૧૧, ૨૪, ૩૭, ૪૭, ૫૧, ૫૭
રજ્જુસર્પન્યાય ૧૬
રામાયણ ૩, ૫૨
લિ (Li) ૧૧૧, ૧૧૪
લિઉ-વુ-ચિ ૧૦૯
લુન યુ ૧૧૦–૧૧૩, ૧૧૫
લોકાયત ૫, ૪૭–૮, ૫૫
વામમાર્ગ ૪
વિચારવાદ (Idealism) ૧૪૮, ૧૫૨
વિવર્તવાદ ૧૫–૧૮
વિવિદિષા ૧૮
વિશ્વમીમાંસા (Cosmology) ૧૦૦
વિશિષ્ટાદ્વૈત ૭
વુ (wu) ૯૬
વુ વેઈ (નૈષ્કર્મ્ય) ૧૦૪, ૧૩૬
વેન (Wen) ૯૬, ૧૧૧, ૧૧૪
વૈશેષિક ૫, ૬, ૧૧, ૪૭
શતપથ બ્રાહ્મણ ૯, ૧૦
શલ્વસૂત્ર ૨
શાસ્ત્રમૂલક સિદ્ધાંત ૧૫
શુદ્ધાદ્વૈત ૭
શૂન્યવાદ ૧૭, ૨૦, ૮૯
શ્રુતિ ૧, ૩
શ્રીમદ્ ભાગવત ૨૫
શ્રૌતસૂત્ર ૨, ૩
શ્વેતાશ્વતર ઉપનિષદ ૧૦, ૧૧, ૨૪, ૪૩, ૫૭
સત્કાર્યવાદ ૬૦
સત્ત્વદર્શન (ontology) ૯૯
સમયાચાર ૪
સંજ્ઞા સંપ્રદાય (School of Names) ૯૯
સંયુત્તનિકાય ૫૩
સંહિતા ૧
સામવેદ ૧
સાંખ્ય ૫
સાંખ્યકારિકા ૫, ૩૭, ૬૦–૬૨, ૬૪
સાંખ્યતત્ત્વકૌમુદી ૫૯, ૬૩

# મહત્ત્વની અશુદ્ધિઓ

| ક્રમ | પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧. | ૧૧ | નીચેથી ૪ | વૈશિષિકો | વૈશેષિકો |
| ૨. | ૧૬ | ૩ | अव्रणम् | अवर्णम् |
| ૩. | ૧૬ | ૫ | विमुं | विभुं |
| ૪. | ૧૬ | ૨૦ | સ્પુરે | સ્ફૂરે |
| ૫. | ૨૨ | ૧૬ | કયૂપ | કપૂય |
| ૬. | ૨૫ | ૮ | અને તથા રૂપ | અને તથારૂપ |
| ૭. | ૩૩ | ૬ | હાલ તુપ્ત છે | હાલ લુપ્ત છે |
| ૮. | ૪૧ | ૨ | गोविन्दं | गोविन्द |
| ૯. | ૪૧ | ૯ | ब्रह्माणा | ब्रह्मणा |
| ૧૦. | ૪૧ | ૨૬ | सिद्धसंघाः । | सिद्धसंघाः । |
| ૧૧. | ૪૧ | ૨૯ | साक्ष्म्यादाकाशं | सौक्ष्म्यादाकाशं |
| ૧૨. | ૪૧ | ૩૬ | पुनधर्नम् | पुनर्घनम् |
| ૧૩. | ૪૨ | ૪થો શ્લોક | परतस्त सः ॥ | परतस्तु सः ॥ |
| ૧૪. | ૪૨ | ૭મો શ્લોક | गुणमोक्तृ च ॥ | गुणभोक्तृ च ॥ |
| ૧૫. | ૪૩ | ૧લો શ્લોક | हतच्येन्मन्यते | हतश्चन्मन्यते |
| ૧૬. | ૪૩ | ૩જો શ્લોક | आश्चर्यो | आश्चर्यो |
| ૧૭. | ૪૪ | છેલ્લું કોલમ ૭ | સૂતક | સૂક્ત |
| ૧૮. | ૪૬ | ૧૩ | પ્રમાણન. | પ્રમાણના |
| ૧૯. | ૫૦ | છેલ્લી લીટી | सदोपायैर्मोगाननुभवेद् | सदोपायैर्भोगाननुभवेद् |
| ૨૦. | ૬૫ | નીચેથી ૧૨ | અને ૧૦ 'વિષયો' | અને ૧૦ 'વિષયો'— |
| ૨૧. | ૭૭ | ૩ | આબાધિત | અબાધિત |
| ૨૨. | ૮૯ | નીચેથી ૧૦ | विग्रहव्यावर्त्तनी | विग्रहव्यावर्तनी |
| ૨૩. | ૯૩ | નીચેથી ૬ | સ્વેતાપન્ન | સ્રોતાપન્ન |
| ૨૪. | ૧૧૨ | નીચેથી ૧૯ | altraism | altruism |
| ૨૫. | ૧૩૭ | ,, ૧૨ | વાગ ચુંગ | વાન્ગ ચુંગ |
| ૨૬. | ૧૩૯ | ૧ | સંબોધી | સંબોધિ |
| ૨૭. | ૧૪૫ | ૪ | અસંભવનાનો | અસંભવતાનો |
| ૨૮. | ૧૪૭ | ૧૪ | ગ્રીક ચિંતકોએ | ગ્રીક ચિંતકો દ્વારા |
| ૨૯. | ૧૫૯ | ૭ | ધ્યેયહીન, અરાજક | બુદ્ધિતત્ત્વ, ધ્યેયહીન, અરાજક |
| ૩૦. | ૧૬૩ | ૬ | પાછું વાળીને...બનાવવું | પાછાં વાળીને....બનાવવાં |
| ૩૧. | ૧૬૪ | ૮ | નીતિમત્તાને | નીતિમત્તાનો |
| ૩૨. | ૧૬૪ | ૧૦ | તેનો બચાવ કરે છે. | બચાવ કરે છે. |
| ૩૩. | ૧૮૮ | ૭ | બસો વર્ષ | બે હજાર વર્ષ |

# જ્ઞાનગંગોત્રી

## માનવવિદ્યા શાખા

માનવકુલ દર્શન [ વિશ્વ ઇતિહાસ સોપાન ]
વિશ્વદર્શન [ ક્રાંતિઓ અને વૈચારિક વિકાસ ]
ભારતદર્શન [ આદિયુગથી અદ્યતન વિકાસ ]
ગુજરાત દર્શન [ સાહિત્ય અને સમાજ ]
સાહિત્ય દર્શન [ વિશ્વસાહિત્ય : ભારતીય સાહિત્ય ]
લલિતકલા દર્શન [ વિવિધ કલાઓ : સિદ્ધાન્ત અને પરિચય ]
વિચાર દર્શન [ વિચારસરણીઓ અને તત્ત્વચિંતનો ]

## વિજ્ઞાનવિદ્યા શાખા

બ્રહ્માંડ દર્શન
પૃથ્વી દર્શન
સ્વાસ્થ્ય દર્શન
રસાયણ દર્શન
ગણિત દર્શન
કૃષિ દર્શન
ઇજનેરી દર્શન
જીવ દર્શન
વિજ્ઞાન : માનવી અને મૂલ્ય

કુલ **30** ગ્રંથો

આખા સેટની કિંમત રૂ. ૧૦૦૦ [ વિદેશ રૂ. ૧૨૫૦ ] છૂટક એક ગ્રંથ રૂ. ૪૦

---

: પ્રાપ્તિસ્થાન :
બાલગોવિંદ બુકસેલર્સ, બાલા હનુમાન, અમદાવાદ

# આવકાર

જ્ઞાનનું પવિત્ર જળ ઘેર ઘેર અને અધિકારી વ્યક્તિ-વ્યક્તિને પહોંચતું કરવાની ઉદાત્ત ભાવનામાંથી જ આ ગંગોત્રી ગ્રંથમાળાનો જન્મ થયો છે, જે યુગાનુરૂપ છે અને ગુજરાતની શક્તિ અને જ્ઞાનપિપાસાની વૃદ્ધિનો સૂચક છે.

**પં. સુખલાલજી**

આ જ્ઞાનગંગોત્રી આપણા જમાનાના વિશાળ આદર્શને પહોંચી વળતી 'વિદ્યાપીઠ' સમી એક ગ્રંથમાળા થવાની છે.

**કાકા કાલેલકર**

આપણી પ્રાદેશિક ભાષામાં જ્ઞાનવિજ્ઞાનનો વિકાસ થાય એ જરૂરનું છે. આ શ્રેણી એ ખોટ પૂરશે એવી મને ખાતરી છે.... યોજના ઘણી આવકારપાત્ર છે.

**કનૈયાલાલ મુનશી**

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી ગુજરાતી વાચકો માટે ગૃહ-વિદ્યાપીઠની ગરજ સારશે એમ એનાં પુસ્તકો પરથી નિઃશંક કહી શકાય.

**ઉમાશંકર જોશી**

ગુજરાતમાં જ્ઞાનગંગોત્રીનો જન્મ એ મૂંગી મૂંગી રીતે બની ગયેલી, તેમ જ બની રહેલી, ગુજરાતના જીવનની એક મહાન ઘટના છે.

**સુન્દરમ**

## પ્રકાશિત ગ્રંથો

૧ બ્રહ્માંડ દર્શન ૨ પૃથ્વી દર્શન ૩ સ્વાસ્થ્ય દર્શન ૪ રસાયણ દર્શન ૫ સ્વરાજ્ય દર્શન ૬ ગણિત દર્શન ૭ સાહિત્ય દર્શન (ભારતીય-૧) ૮ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય-૧) ૯ કૃષિ દર્શન ૧૦ ગુજરાત દર્શન (સાહિત્ય-૧) ૧૧ ગુજરાત દર્શન (સાહિત્ય-૨) ૧૨ વિશ્વ દર્શન-૧ (ક્રાન્તિ) ૧૩ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય-૨) ૧૪ ઇજનેરી દર્શન ૧૫ વિશ્વ દર્શન-૨ (અદ્યતન ઇતિહાસ) ૧૬ જીવ દર્શન ૧૭ સાહિત્ય દર્શન (ભારતીય-૨) ૧૮ લલિતકલા દર્શન-૧ (અભિનય-શ્રાવ્ય) ૧૯ વિચાર દર્શન-૧ (લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ) ૨૦ વિશ્વ દર્શન-૩ [ઇતિહાસ : મધ્યયુગ (યુરોપ, અરબ, ચીન) ] ૨૧ ભારત દર્શન-૨ (મધ્યકાલીન ઇતિહાસ) ૨૨ ભારત દર્શન-૧ (ઇતિહાસ : આદિયુગ) ૨૩ વિચાર દર્શન-૨ (વિશ્વ તત્ત્વચિંતન-રૂપરેખા-૧)